Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમ-પૂજ્યનાં—

વિન્ધ્યપુર (વિંધ્યપુર)

પૂર્વવૃત્તાંત

સંકલન—

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા—ગ્રન્થાંક ૧૦૨

ગુજરાત વિજાપુર

(વિદ્યાપુર) બૃહદ્વૃત્તાંત.

લેખક—સદ્ગતશાસ્ત્રવિશારદ,

જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી.

શેઠ ભગનલાલ કંકુચંદના સ્મરણાર્થે; તેઓથી ઉપકૃત થયેલ એક વ્યક્તિની દ્રવ્યસહાયવડે,

પ્રસિદ્ધકર્ત્તા—

શ્રીઅધ્યાત્મજ્ઞાનપ્રસારકમંડળ—મુંબઈ.

હા. વકીલ મોહનલાલ હીમચંદ.

પ્રત ૫૦૦

વીર સં. ૨૪૫૨. વિક્રમ સં. ૧૯૮૨

બુદ્ધિ સં. ૧ ઈસ્વીસન ૧૯૨૫

કિં. રૂા. ૧-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળમાં પેટ્રન અથવા લાઇફ્ મેમ્બર થઈ પ્રગટ થતા ગ્રન્થોનો લાભ મેળવો.

અને તે માટે

પત્રવ્યવહાર નીચેના શીરનામે કરો—

શ્રીઅધ્યાત્મજ્ઞાનપ્રસારકમંડળ.

હેડ ઓફીસ—શ્રી મુંબઈ ઠે૦ ત્રાંબાકાંટા

બ્રાન્ચ ઓફીસ—શ્રી પાદરા (ગુજરાત.)

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવેદન

જન્મભૂમિ તરફ માન ઉત્પન્ન કરાવનાર, સ્વકુરજની જાગૃતી કરાવનાર, પ્રાચીન જાહોજલાલી અને હાલની પડતી દશાની સરખામણી કરવાનું સાધન આપનાર, દેશના જુદા જુદા ધર્મો અને સ્વધર્મનું ભાન કરાવનાર, સ્વદેશ અને સ્વગામની ઉન્નતિમાં ભાગ અર્પવાને પ્રેરણા કરનાર, ઐતિહાસિક પૂરાવા માટે તામ્રપત્રો અને શીલાલેખો કેટલા ઉપયોગી થઇ પડે છે તે બતાવી આપનાર, જૈનોની મંદિર સમૃદ્ધિ અને જ્ઞાન સમૃદ્ધિ તરફ અગાધરૂચિની સાક્ષા આપનાર આ ગ્રન્થ શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરિ ગ્રન્થમાળાના ગ્રંથાંક ૧૦૨ મા રૂપે બહાર પાડતાં આ મંડળને હર્ષ ઉત્પન્ન થાય છે.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના અને આ આવૃત્તિના વક્તવ્ય તરફ ધ્યાન આપી પ્રાચીન અને અર્વાચીન સ્થીતિની તુલના કરી ઉન્નતિક્રમમાં આગળ વધવા માટે પ્રાસંગિક વિવેચનો અને સૂચનાઓ કરી છે તે ઉપર ધ્યાન આપવા વિનંતિ છે.

પ્રથમાવૃત્તિ–બુ૦સા૦ગ્રન્થમાળાના ૩૬મા ગ્રન્થ તરીકે **વીજાપુર** (વિદ્યાપુર) **વૃત્તાંત** એ નામે લઘુરૂપે–બહાર પડી હતી જ્યારે આ ગ્રન્થનો વિસ્તાર મોટો થવા સાથે વિશેષ હકીકતોનો સમાવેશ થતાં તેને **ભારત ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદ્ વૃત્તાંત** એ નામ આપવામાં આવ્યું છે.

ગુરૂશ્રીએ પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં આ ગ્રંથલેખનનું નિમિત્ત–વિજ્જ દેવ પરમારનો લેખ–ધાંટુ સંધપુરના દેરાસરવાળો લેખ છે એમ જણાવ્યું છે. તે લેખો ઉપરાંત અન્ય લેખો અને ગ્રન્થો વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરી **રહ્યા** છે તેમ આ ગ્રન્થ પૂરો વાંચવાથી ખાત્રી થશે.

હાલનું વિજાપુર તેજ સ્થાને ત્રીજીવાર વસ્યાનું ઐતિહાસિક રીતે સાબીત થાય છે. ચાવડા રત્નાદિત્યના સમયનો કુંડ જે હાલ હયાત છે ને તેમાં જે લેખ છે તેથી સં૦ ૮૦૨ પૂર્વે વિજાપુર ઉપર ચાવડા રાજાઓના સત્તા હતી અને તે ઉપરથી તે પૂર્વેનું વિજાપુર હોવું જોઇએ તેમ સમજી શકાય છે.

સુધર્મગચ્છ પટ્ટાવલીથી વિ૦ સં૦ ૯૨૭માં વિજાપુર વસ્યું અને સંધપુરના લેખથી વિ૦ સં૦ ૧૨૫૬ માં ફરી વસ્યાનું સમજી શકાય છે.

ધાંટુગામ સં૦ ૧૮૦૦ ના સૈકામાં હયાત હોવું જોઇએ અને વિજાપુર થયેલા મુસલમાન આક્રમણ સમયે વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરનાર લેખનાં ૪ પાટીયાં વિજાપુરના પ્રાચીન દેરાસરમાંથી બચાવી લેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યાં હોય અને તેમાંના બે ત્રાંકુ અને પશ્ચાત્ સંઘપુરમાં રક્ષણ પામ્યાં હોય તેમ જણાય છે. તેમાં પ્રથમનું પાટીકું શ્લોક ૧ થી ૬૫ સુધીનું તથા ચોથું અથવા છેલ્લું પાટીકું શ્લોક ૧૧૫ પછીનું મળ્યું નથી. તે જો મલ્યું હોત તો વિજાપુરના ઇતિહાસને સંપૂર્ણ અજવાળું પાડત.

રા. રા. વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ તરફથી આ નિવેદન લખવા સમયે ખબર મળી છે કે લીંબડીના ભંડારમાં વિજાપુર સંબંધી લખાણવાળો ગ્રન્થ છે. જો તેવો કોઈ ગ્રન્થ ત્યાં હશે તો ત્રીજી આવૃત્તિ સમયે તે મેળવી વધુ પ્રકાશ પાડી શકાશે.

આ વૃત્તાંત જે સ્થળનું છે ત્યાંના એક ધર્મિષ્ટ પરોપકારી અને સ્વબળે આગળ વધી પોતાની શક્તિનો સર્વ પ્રકારે પોતાના હસ્તે સદુપયોગ કરનાર ગ્રહસ્થ તે સદ્‌ગત શેઠ મગનલાલ કંકુચંદનું જીવનવૃત્તાંત પ્રથમાવૃત્તિમાં આલેખાયું છે; તે જ થોડી પુરવણી સાથે આ આવૃત્તિમાં રાખવામાં આવ્યું છે અને તે પ્રાસંગીક જ છે.

પ્રથમાવૃત્તિમાં તેઓશ્રી તરફથી દ્રવ્યસહાય મળી હતી; તેમજ આ આવૃત્તિમાં તેઓશ્રીના ઉપકારથી ઉપકૃત થયેલ આ મંડળના એક સભ્ય તરફથી રૂા. ૫૦૦)ની આર્થીક સહાય મળી છે આ ભાઇના ધર્મેચ્છા મુજબ આ ગ્રંથ સદ્‌ગત શેઠના સ્મરણાર્થે પ્રગટ થાય છે. અને ગુરૂશ્રીની પણ તથાપ્રકારની જ આજ્ઞા હતી.

આ ગ્રન્થ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડની સુવર્ણ જ્યુબીલી પ્રસંગે જ બહાર પડતો હોવા સાથે આ વૃત્તાંતવાળા સ્થળના તેઓ અધિપતી–રાજવી હોવાથી તેઓશ્રીના સુંદર છબી આ ગ્રન્થમાં આપવી યોગ્ય ધારી છે, તેમજ શ્રીમદ્ ગુરૂવર્યની દીવ્ય મૂર્ત્તિ, આ વૃત્તાંતવાળા સ્થળે તેઓશ્રીના સમાધિસ્થાને સમાધિ-મંદીરમાં પ્રતિષ્ઠીત થવાના દિવસેજ બહાર પડતી હોઇ તેઓશ્રીની પણ આમેહુબ છબી આ ગ્રન્થમાં આપવી યોગ્ય જણાઇ છે. વિજાપુર તાલુકાનો નકશો પણ આ ગ્રન્થમાં પ્રગટ કર્યો છે તે પણ યોગ્ય જ ગણાશે.

વિદ્યાપુરમાં–ગુજરાતમાં વિદ્યાના પારંગત એવા ગુરૂશ્રી જેવા વિદ્વાનો વિદ્યાના પૂરની માફક અનેક થાઓ તથા :સર્વત્ર ઉચ્ચ વર્તનવાળા, માનનીય, દાની, ધર્મિષ્ટ પુરૂષો વધે અને સ્વકોમ–સ્વભૂમિની ખ્યાતિ વિસ્તારે એવી ભાવનાપૂર્વક વિરમીએ છીએ.

બુદ્ધિ સં૰ ૧
વિક્રમ સં૰ ૧૯૮૨

લી૰
શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

संतवाणी–गुरुस्मरण.

જેના ગુણોની ગણના જનથી ન થાયે,
ના શેષનાગ જીભથી ગણતાં ગણાયે,
જોડી બે હસ્ત શુભ આશિષ નિત્ય યાચું;
શ્રી બુદ્ધિસાગર સૂરિ શરણું જ સાચું.

૧–કોણ જાણતું હતું કે—આ ગ્રન્થની પ્રથમાવૃત્તિના દ્રવ્ય સહાયક શેઠ મગનલાલનો દેહ તે આવૃત્તિ પ્રગટ થયાબાદ માત્ર બે માસમાં જ આ દુનિયા છોડી જશે ?

૨–કોણ જાણતું હતું કે—આ ગ્રન્થની દ્વિતીયાવૃત્તિ પ્રથમ કરતાં મોટા પ્રમાણમાં–વધુ અજવાળું પાડે તેવા સ્વરૂપમાં આટલા ટુંકા સમયમાં બહાર પડશે.

૩–કોણ જાણતું હતું કે—ગુરૂશ્રીની સતત તાકીદ છતાં તેઓશ્રાના દેહવિલય પૂર્વે બધું મેટર છપાઈ ગયા છતાં માત્ર પ્રસ્તાવનાદિ માટે મ્હારા પ્રમાદવશે આ ગ્રન્થ વાચકોની સમક્ષ ગુરૂશ્રીની હયાતીમાં રજુ નહી થાય ?

૪ કોણ જાણતું હતું કે—આ ગ્રન્થના લેખક મહાત્માશ્રીનું આપણી વચ્ચેથી અતિ વેગે ઉચ્ચ ગતિ તરફ પ્રયાણ થશે ? અને તે પણ સં. ૧૯૮૧ ના જેઠ વદ ૩ ની પ્રભાતેજ.

૫ કોણ જાણતું હતું કે—વેગે મુસાફરી પુરી થનાર હોવાની ચેતવણી છતાં સેવક તેઓશ્રીથી અંત સમયેજ વધુ દૂર હશે ?

૬ કોણ જાણતું હતું કે—મ્હારા ઉપગારી સદ્‌ગત શેઠશ્રીના શુભ દ્રવ્યવડે લેવાયેલી ભૂમિમાં વિજાપુરની કીર્તિમાં વધારો કરનાર અનેક શુભ કાર્યો થશે ?

૭ કોણ જાણતું હતું કે—સદ્‌ગત ગુરૂશ્રીનો નિર્વાણ મહોત્સવ અપૂર્વ રૂપમાં જે સ્થળે થયો તે સ્થળે થવાનો હતો ?

આ અને બીજું ઘણું—સં. ૧૯૪૬ થી મ્હારા બાળસ્નેહી અને સન્મિત્ર રૂપે અને સં. ૧૯૫૭ થી સાચા સંત અને સદ્‌ગુરૂ રૂપે નિર્મળ જ્ઞાન અને સત્સંગનો અપૂર્વ અનુભવ ચખાડનાર તથા '**સાધ્વમતી ગુણશિક્ષણ**' કાવ્ય ની અમુક લીંટીઓ તરફ માત્ર ઇશારો કરી મ્હારામાં જાગૃતિ લાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હારા તે યોગીશ્વર ગુરૂશ્રી જાણુતા હતા. અને તેમજ થયું તે જગતે જોયું, મને પણ પ્રભુ શ્રી મહાવીર અને ગૌતમના વિરહની કંઈ ઝાંખી થઇ. ગુરૂશ્રીના અનેક પ્રાસંગીક વચનોની સત્યતા તેઓના સંબંધમાં આવનારાઓને વખતો વખત અનુભવાતી હતી અને વખત જશે તેમ વધુ અનુભવાશે.

સંતવાણી.

તેઓશ્રીની પ્રેમભાવે અપૂર્વ સેવા–વૈયાવચ્ચ કરનાર શાન્તમૂર્તિ શ્રી વૃદ્ધિસાગરજીને અંત સમયે ગુરૂશ્રીએ બોધ આપતાં આપતાં સં. ૧૯૮૧ ના ચૈત્ર સુદ ૫ ની રાત્રે કહ્યું કે " આત્મ સ્વરૂપ ચૂકીશ નહીં " " ફીકર ન કર, જા તારી પાછલ આવું છું–તૈયારી છે. " ઇત્યાદિ બોલાયેલ સમસ્યાસૂચક વચનો તે સંત પુરૂષે સાચાં કરી બતાવ્યાં અને તે માત્ર અઠી માસની અંદરજ.

જે સ્થળે મુનિ શ્રી વૃદ્ધિસાગરજીનો અગ્નિસંસ્કાર થયો તે જ સ્થાનમાં આચાર્યશ્રીના દેહનો અગ્નિસંસ્કાર થયો.–એકજ સ્થાને બન્ને પુદ્ગલોની રાખ થઇ અને ત્યાં ગુરૂશ્રીનું સમાધી મંદીર થયું અને ભાવીએ નિર્માણ કર્યું હોય તેમ ગુરૂ શિષ્યના પ્રેમનું દશ્ય મૂર્ત્તિ રૂપે–સાક્ષાત ખડું થયું.

સંતોની સત્યતા જણાવતું–ગુરૂ શિષ્યનું સ્મારક દ્રશ્ય વિજાપુરમાં જયવંતુ વર્તો. ॐ શાન્તિઃ ૩

ગુણદૃષ્ટિવડે ગુણાનુરાગ પ્રગટે તથા પ્રભુ મહાવીરના શાસનની નિસ્પૃહ ભાવે વિશેષ સેવા થાય અને શુભાશુભ કર્મની નિર્જરા જલ્દી થાઓ એવું ઇચ્છતો અને ભાવપૂર્વક વંદન કરતો

શ્રી મુંબાઇ ચંપાગલ્લી.
સં. ૧૯૮૨ માહ શુદ ૩
(ગુરૂ વિરહની પંદરમી
પાક્ષિક તીથી)

લલ્લુ કરમચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री १०८ महाग्रंथ प्रणेता योगनिष्ठ शास्त्रविशारद् जैनाचार्य

श्रीमद् बुद्धिसागर सूरिश्वरजी.

जन्म सं. १९३० महा वदी १४ (विजापुर).

दीक्षा सं. १९५७ (पालनपुर).

देहोत्सर्ग सं. १९८१ ज्येष्ठ वदी ३ (विजापुर).

आचार्य पदवी सं. १९७० (पेथापुर).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વિતીયાવૃત્તિનું વક્તવ્ય.

જૈન દર્શનની ગ્રન્થ સમૃદ્ધિ માટે જૈનેતર વિદ્વાનોને પણ મુક્તકંઠે કહેવું પડે છે કે ગુર્જર સાહિત્યમાં બહોળો હીસ્સો જૈન ધર્મગુરૂઓનો જ છે.

સર્વ દિશા અને સર્વ વિષયોમાં જૈનાચાર્યોએજ પોતાની લેખિની અવિચ્છિન્નપણે ચલાવી છે અને ચલાવી રહ્યા છે. આ હકિકતનો સચોટ પૂરાવો વર્તમાનકાલે શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરે પૂરો પાડયો છે. માત્ર ૨૪ વર્ષના દિક્ષાકાલમાં સેંકડો ગ્રન્થો સ્વબળે–આત્મસ્વરૂપમાં રહીને–એકાંતહિતના જ કરનારા લખ્યા છે.

× × × ×

" જેના નિર્મળ સંયમે જગતમાં જ્યોતિ અને કીર્તિ પ્રસરેલી છે, જેની લેખિનીવડે સેંકડો તત્વામૃતના ગ્રંથો સુભાષિત શબ્દોથી ઉત્તમજ્ઞાન આપી રહ્યા છે, જેઓનું ષડ્દર્શનજ્ઞાન જૈન અને જૈનેતરોને આકર્ષી રહ્યું છે તેવા પ્રખર જ્ઞાની સદ્ગુરૂરાજ–સાગરગચ્છાધિપતિ, ધર્મધુરંધર અધ્યાત્મ જ્ઞાની–કવિ અને વૈરાગી યોગીરાજ જગતમાં જયવંતા વર્તો. " તથા પ્રકારે ગુરૂશ્રીનું કીર્તન કરી આ આવૃત્તિ સંબંધી વક્તવ્ય લખવા પ્રેરાઉં છું.

× × × ×

જન્મભૂમિ તરફ પ્રેમભાવે–સેવા ભાવે સ્વફરજ બજાવનાર વીરલા પુરૂષો હોય છે તેઓ પૈકી આ ગ્રંથના રચયિતા સદ્ગત ગુરૂશ્રી પણ એક છે એમ આ ગ્રંથ યથાસ્થિત વાંચવાથી ખાત્રી થશે.

જન્મભૂમિની અને સ્વદેશ ભાષાની સ્વાર્પણ ભાવે સેવા કરવા, શક્તિ–ખીલવવા, અન્યોને બોધ કરી પોતે તે ફરજ બજાવવા આ ગ્રંથ લેખનનો હેતુ સ્પષ્ટ કરતાં આત્મભાવે સંપથી વર્તી સ્વર્ગવાડી કરતાં જન્મભૂમિની ઉત્તમતા જણાવતાં " જન્મભૂમિની ઝુંપડી નંદનવનથી બેશ " એ બાકીયો વડે ગુરૂશ્રીએ ગરીબ કે દાનેશ્વરી–શ્રીમાન કે વિદ્વાને કયા ભાવે પોતાનો હિસ્સો જન્મભૂમિના ઉત્કર્ષ માટે અર્પવો તે બતાવીને વિજાપુર વૃતાંતની શરૂઆત કરી છે.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં, પોતાની જન્મભૂમિ હોવાથી અને વિજાપુર એક પ્રાચિનનગર હોવા સાથે ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકન કરવાયોગ્ય હોવાથી અને તે માટે બીજાં કારણો સાથે તે પ્રસ્તાવનાના પૃષ્ટ ૨ થી ૮ માં પ્રગટ કરેલા શ્લોક ૬૭ થી ૧૧૪ (૬૬ થી ૧૧૫) નો લેખ મુખ્ય નિમિત્તભૂત છે અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે ટોડ રાજસ્થાન, ફાર્બસરાસમાળા, સુધર્મગચ્છ પટ્ટાવલિ તથા અન્ય પટ્ટાવલિઓ અને વિજ્જલદેવ પરમારનો લેખ સાક્ષીભૂત છે એમ ગુરૂશ્રીએ જણાવ્યું છે. મજકુર લેખ અધૂરો છે. પહેલું અને છેલ્લું પાટીઉં મલ્યું નથી. તે જો મલ્યું હોત તો વિજ્જપુર અને તે સંબંધી ઐતિહાસિક વિષયમાં વધુ અજવાળું પડત. એક હાથ પહોળાં અને બે હાથ લાંબા પાટીયાં (શિલાલેખ) ઘણીજ થોડી જગે જણાય છે. આમાં ૬૬ મા શ્લોકની માત્ર એક જ છેલ્લી લીટીથી શરૂઆત છે જ્યારે ૧૧૫ મા શ્લોકની બે લીટીથી તે બાકી રહે છે. આ ઉપરથી સાબીત થાય છે કે તેવા ચાર અથવા પાંચ પાટીઆમાં તે લેખ હોવો જોઇએ. મજકુર શ્લોકોમાં ૭૯ થી ૯૦ શ્લોકના ભાવાર્થ ઉપરથી જણાય છે કે–આહડદેવે પોતાના પિતા વિજ્જલદેવનો યશ ફેલાવવા વિજ્જપુરનો ઉદ્ધાર કર્યો અથવા વસાવ્યું; પણ આ શ્લોકમાં યશોધવળ, અંબડ, જેહડ, સોમદેવ, દેવધર, દેહડ વિગેરે શ્રાવકોનાં નામ આવે છે તે કોણ અને ક્યારે થયા ? તથા તેમનાં શું કાર્યો હશે તે હકીકત જાણવાને અન્ય ગ્રંથો જોવાની જરૂર જણાય છે.

ગામની શોભા, મંદિરોની ભવ્યતા, મંત્રીઓની ન્યાયપરાયણતા, ધનવંતોનો પાત્રાપાત્રની પરિક્ષા કરી ધનનો વ્યય કરવાનો વિવેક અને બીજનો ઉદ્ધાર કરવાની ઉત્સુકતા, ગૃહસ્થોનાં ઘરો, બજારો, કેવાં હતાં અને પ્રતિદિન મહોત્સવોવડે નગર કેવું શોભતું હતું તે જણાવી શ્રાવકો કેવા હોય અને તે સમયે કેવા હતા તે હકીકત માટે નીચેના ભાવાર્થવાળા શ્લોકો કોઇપણ શ્રાવકે ભૂલવા જેવા નથી.

" જે નગરમાં શ્રાવકોનો સમુદાય રફુરાયમાન વિધિપથમાં પ્રસ્થાન કરે છે અને રાત્રિ દિવસ સઘળા પદાર્થોને વિનશ્વર જાણે છે, તથા પાપરહિત સંસાર સાગરને તરી જવા ઇચ્છા ધરાવનારો હોઇ તીર્થંકર–પરમાત્માના ધર્મરૂપ વહાણનો આશ્રિતજની નિત્યાનંદ સ્વરૂપવાળી મુકિતરૂપી વનિતાને પ્રાપ્ત કરવા સદા ઉદ્યમ કરે છે " (૮૮)

" જેને હંમેશાં ચારિત્ર લેવાની ઇચ્છા છે તથા જે વિષવૃક્ષની પેઠે કડવા ફળવાળા સંસારનો ત્યાગ કરવા ઇચ્છે છે તથા મુકિતરૂપી સ્ત્રીના હૃદય ઉપર રમવાની ઇચ્છા ધરાવે છે અને સમ્યગ પ્રકારે ધારેલી દેશ વિરતિ જેના હાથમાં અનેક પ્રકારની આનંદશ્રેણિને આપે છે " (૯૧) (જુઓ પૃષ્ટ ૯)

તે પછી ગુરૂશ્રીએ—સાબ્રમતી નદી સંબંધી, બ્રહ્માવર્ત્ત અને આવર્ત તથા વિદેશી હૂણ અને ગુર્જરો સંબંધી તથા ગુજરાતની પ્રથમ ગણના સૌરાષ્ટ્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતી હતી અને હાલના ગુજરાતની હદ કેટલી છે તે જણાવી, વિજાપુરનું સ્થાન અને ત્યાંના કયા કયા પુરૂષો પોતાને આલંબન આપનાર થઇ પડ્યા તે જણાવ્યું છે,

ગુરૂશ્રીએ ગ્રન્થની શરૂઆત કરતાં પૃષ્ટ ૨ થી ૭ સુધી વિજાપુર ક્યાં છે, તેના ઉપર કયા કયા રાજાઓની સત્તા હતી, હાલ કોની સત્તા છે, મરાઠા રાજ્યની સત્તામાં કયારે આવ્યું, કેટલી વખત ભાંગ્યું અને પુનઃ સ્થાપિત થયું, હાલ કઈ સ્થિતિમાં છે. જૈન અને જૈનેતર દેવાલયો, મસ્જીદો, સ્કૂલો, પાઠશાળાઓ, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, કોર્ટો, દવાખાનું, બોર્ડીંગ જ્ઞાનમંદિર વિગેરે સ્થાનો છે તે સંબંધી તથા વિજાપુરમાં કવિઓ, પંડિતો, શરાઓ પ્રગટે છે તથા તેની આબો હવા આરોગ્ય માટે અને ગુરૂકુળ માટે અનુકૂળ છે તે જણાવી અન્ય વિદ્વાનો અને ગ્રન્થો વિજાપુરના ઇતિહાસ માટે શું કહે છે તે જણાવ્યું છે.

પૃષ્ટ ૮ થી ૩૨ વિજાપુરની આસપાસના ગામોની જાણવાજોગ હકીકત આપી છે ને તેમાં પુરાણા અને જાણવા યોગ્ય શહેરો અને ગામોની પ્રાચીન તથા અર્વાચીન હકીકત જણાવી છે.

ધાંટુ, પ્રાંતિજ, લોદરા, વરસોડા, માણસા, ખડાયત, (ષડાયતન અથવા ત્રંબાવતી) મહુડી, સંઘપુર, પેથાપુર, લીંબોદરા, આજોલ, દેલવાડા, વેડા, પીલવાઇ, રીદરોલ, કુકરવાડા, ચરાડા, ગવાડા, કોલવડા, ગેરીતા, સમૌ, પામોલ, મેઉ, ડાભલા, વશાઇ, ગોઝારીયા, લાંધણજ, ખીલોદરા, લાડોલ, (લાટા પલ્લિ), વીશનગર, મહેસાણા, વડનગર, ખેરાલુ, તારંગા, ઇડર, વાધપુર, આગલોડ, મગરવાડીયા, સોજા વગેરે ગામો સંબંધી બાદશાહી વખતમાં થયેલા ફેરફારો અને જાણવા યોગ્ય હકીકત તથા મણીભદ્ર તીર્થનો ઇતિહાસ આપ્યો છે તથા પ્રાંતિજ, મહુડીના દેરાસર વગેરેના લેખો પ્રગટ કર્યા છે.

પૃષ્ટ ૩૩ થી ૪૦ વિજાપુરની થોડાં વર્ષો પૂર્વેની વ્યવહારિક સ્થિતિ અને હાલની સ્થિતિ, બનેલા બનાવો, જૈનોને લગતી જાણવાજોગ હકીકતો અને પ્રાસંગિક વિવેચન છે.

પૃષ્ટ ૪૧ થી ૭૦ સુધી વિજાપુરના હાલના જૈન મંદિરો અને તેને લગતા લેખો અને વિગત લખાઇ છે.

પૃષ્ટ ૭૦ થી ૧૦૫ સુધી જૈન સંસ્થાઓની હકીકત–ઇતિહાસ વિગેરે છે. જેમાં અણસૂર અને દેવસૂર ગચ્છ સંબંધી–વર્જેસીંગ સંબંધી, વડી પોશાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને લહુડી પોશાળ સંબંધી વિજાપુરને લગતો ઐતિહાસિક પ્રકાશ પાડ્યો છે. આમાં ધર્મઘોષસૂરિ અને પ્રખ્યાત થઇ ગયેલ પેથડશાહ શ્રાવકનો વિજાપુર સાથેનો સંબંધ બતાવ્યો છે. તે વિજાપુરની કીર્તિમાં વધારો કરનાર જણાય છે. તે પછી વિજાપુરમાં થયેલા કવિઓ–વિદ્વાનો વગેરે સંબંધી જાણવા યોગ્ય હકીકતો જણાવી જ્ઞાનમંદિર–મગનભાઇની વાડી વગેરેના લેખો પ્રગટ કર્યા છે.

પૃષ્ટ ૧૦૬ થી ૧૨૩ વિજાપુર મધ્યેના જૈનેતર મંદિરો, સાર્વજનિક સંસ્થાઓ, તેઓના સ્થાપકો, રક્ષકો અને તેને સંબંધકર્તા ગૃહસ્થો, કવિઓ અને વિદ્વાનોની જાણવા યોગ્ય હકીકતો પ્રગટ કરી છે.

પૃષ્ટ ૧૨૪ થી ૧૩૨ જુનાં નવા વિજાપુરની મિશ્રતા અને પ્રાચીનતાના ઐતિહાસિક લેખોના ઉતારા આપ્યા છે.

પૃષ્ટ ૧૩૩ થી ૧૫૦ વિજાપુરમાં થયેલા પ્રાચીન આચાર્યો અને વિજાપુરમાં રચાયેલા ગ્રન્થો સંબંધી તથા પ્રાચિન મહાવીરસ્વામી વગેરેનાં દેરાસરો જે હાલ હયાત નથી. તે સંબંધી વિશેષ હકીકત જણાવનારી પ્રશસ્તિ આપી છે અને પૃષ્ટ ૧૫૧ થી ૧૫૪ સુધી સાગરશાખાની પટ્ટાવલી આપી છે.

પૃષ્ટ ૧૫૫ થી ૧૬૪ મુસલમાન પ્રકરણ છે. જેમાં તેઓ સંબંધી જાણવા યોગ્ય હકીકત સાથે તેઓની મસ્જીદો, કબ્રો અને તેઓની પોતાના ધર્મ સંબંધી માન્યતા વિષે વિવેચન છે.

પૃષ્ટ ૧૬૪ થી ૧૭૧ વૈદિક–પૌરાણિક હિંદુઓ અને તેનો ધર્મ તથા સિદ્ધાંત–માન્યતા અને તેઓમાંના વિદ્વાનો–શ્રીમાનો સંબંધી હકીકત અને વિવેચન છે.

પૃષ્ટ ૧૭૨ થી ૧૭૪ માં જૈનો અને જૈન જ્ઞાતિઓ, જૈનધર્મ, ક્ષત્રીય વંશ અને તેની શરવીરતા સંબંધી ટુંકમાં ઇશારો કર્યો છે.

પૃષ્ટ ૧૭૫ થી ૨૧૨ 'જૈનધર્મ–વિશ્વધર્મ' ના મથાળા નીચે ૩૮ પૃષ્ટનો સ્યાદ્વાદ ધર્મની ખૂબી–અર્થાત મહત્વતા દર્શાવનારો એક મોટો મુદ્દાસરનો લેખ લખાયો છે. આમાં જૈન ધર્મ–જૈન ધર્મનાં તત્ત્વો, માન્યતા, જૈનવ્રતો, તીર્થંકરો, કેવલીઓ, સાધુઓ, આચાર્યો, પન્યાસો, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ, કાળ, આરા, આયુષ, તીર્થંકર મહાવીર પ્રભુ ઇત્યાદિનો બોધ, સિદ્ધાન્ત, કર્મનું સ્વરૂપ, સપ્તનયો, ષડ્દ્રવ્ય, નવતત્ત્વો, અષ્ટકર્મો, દ્વાદશાંગી, અગીયાર અંગ, બાર ઉપાંગ, ચૌદ પૂર્વ અને આગમો સંબંધી એવું તો સરસ રીતે દિગ્દર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યું છે કે જૈન અને જૈનેતરોને જૈન ધર્મ સંબંધી ઘણાં પુસ્તકો જોવાના અભાવે રહી જતી અજ્ઞાનતા આ વિવેચન વાંચવાથી દૂર થાય.

પૂર્વે તથા જુદા જુદા સમયે, શ્વેતામ્બર–દિગમ્બર જૈનોની માન્યતા, મતભેદ, જૈનોની વસ્તિ, સ્થિતિ, જૈન સંખ્યા કેમ ઘટી, કેમ વધે, જૈનશાસ્ત્ર-રચનારાઓની હૃદય વિશાળતા, ન્યાય પરાયણતા, જૈન રાજાઓ વગેરે સંબંધી વિગતો છે. તથા જૈન ધર્મની–જૈનતત્વોની અર્વાચીન જૈનેતરોથી થયેલી પ્રશંસા સંબંધી ઉલ્લેખ કરી અજ્ઞાન કે અજાણપણે કેટલાક લેખકો તરફથી થયેલી ટીકાઓનો વિવેકસર–વ્યાજબી જવાબ આપી તેઓની શંકાઓનું સમાધાન કર્યું છે. તથા બૌદ્ધધર્મ સંબંધી જાણવાયોગ્ય હકીકત સાથે તે ધર્મ અને જૈન ધર્મની ભિન્નતા સમજાવી આપી છે. છેવટે જૈન તીર્થો સંબંધી લખી, જૈનોને જૈન ધર્મના વિશેષ જ્ઞાન માટે, ધર્મક્રિયા અને પોતાની ફરજ બજાવવા માટે યોગ્ય ઉપદેશ આપી–જૈનો એટલે જીતનારા (નહીં કે જીતાયેલા) થવા સચોટ ઉપદેશ કર્યો છે.

પૃષ્ટ ૨૧૨ થી ૨૧૬ વિજાપુરમાં વૈદિક હિંદુ સંસ્કૃત પાઠશાળા ખોલવાના પ્રસંગે ગુરૂશ્રીએ હાજર રહી ભાષણ કરેલું તે પ્રગટ કર્યું છે. આ ભાષણમાં તેઓશ્રીનો સંસ્કૃત ભાષાના ઉદ્ધાર માટેનો પ્રેમ, હૃદયની વિશાળતા, અને જન્મભૂમિના ઉત્કર્ષની મનોભાવના તરી આવે છે.

પૃષ્ટ ૨૧૭ થી ગાયકવાડ સરકારના હાકેમો, દીવાનદારો, રાજ્યકર્તાઓ, વિજાપુર તાલુકાના ગામો ઔરંગજેબના સમયનું વિજાપુર, તે વખતના વિજાપુર તાલુકાનાં ગામોનાં નામો આપ્યાં છે અને પ્રાચીન ઇતિહાસની ઝાંખી થાય તે માટે જરૂર પુરતી ગુજરાતના અર્વાચીન ઇતિહાસના મથાળે વચલા સમયની હકીકત રજુ કરી છે. જેમાં ચાવડા, સોલંકી. વાઘેલ, મોગલ, મરાઠા, પેશ્વા વગેરે રાજ્યની ટુંક માહિતી અને બનાવો આપ્યા છે અને છેવટે ભારત ઐતિહાસિક પ્રકીર્ણક આપી મુખે યાદ રાખવા યોગ્ય હિંદુસ્થાન સંબંધી સાલવાર બનેલા બનાવો લખ્યા છે. જેમાં દક્ષિણ દેશના રાજાઓ અને ક્ષત્રપ, ગુપ્ત, મૌર્ય, વલ્લભી, ચૌલુક્ય, રાષ્ટ્રકુટ, મૈત્રક, વગેરે રાજ્યવંશની હકીકતો આપી ગ્રન્થને પૂરો કર્યો છે.

સમયે સમયે સ્થાનનું, મનુષ્યોનું અને વસ્તુમાત્રનું પરિવર્તન કેટલું થાય છે તે આ ગ્રંથથી સહેજે સમજી શકાય છે. ખુદ આ ગ્રન્થમાં જે પુરૂષનું જીવનચરિત્ર આપ્યું છે તેઓનું મૂળ સ્થાન કયાં? જ્ઞાતિ–વંશ કયો? જૈન ધર્મમાં ક્ષત્રિઓની મુખ્યતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને વર્ત્તમાન સમયની સંકુચિતતા સંબંધી ખ્યાલ કરવા યોગ્ય બાબતો છે. ક્યાં ભિન્નમાલ અને ક્યાં વિજાપુર ? કેટલા ફેરફારો ? આ જાણવાનું સાધન શું ? તેની જરૂર છે કે કેમ એ પ્રશ્નો ઉપર વિવેચન કરતાં ઘણાં પૃષ્ઠો ભરાય તેમ;હોવાથી માત્ર એટલુંજ કહેવું ઠીક જણાય છે કે તેવા ફેરફારો અને મૂળ સ્થિતિને જણાવનારી નોંધો, વહિવંચાના નામે ગ્રહસ્થ યતિઓ રાખતા હતા તે પ્રથા લગભગ નાબુદ થવા આવી છે તેના પુનરોદ્ધારની જરૂર છે.

વિજાપુરની પ્રાચીનતા અને પ્રાચીન સમયમાં વિજાપુરમાં બનેલા બનાવો, થઇ ગયેલા આચાર્યો, વિદ્વાનો અને શ્રીમાનોની હકિકત ઉપરાંત ગ્રન્થ ગૌરવમાં નીચલી હકીકતોએ વધારો કર્યો છે.

(૧) ગ્રન્થકર્ત્તાની જન્મભૂમિ અને નિર્વાણસ્થાન (૨) ચારિત્ર નાયકની જન્મભૂમિ (૩) સહાયકનું સ્થાન (૪) શ્રીમંત ગાયકવાડ સર સયાજીરાવની હયાતિ અને સુવર્ણ જ્યુબીલીના સમયે ગ્રન્થનું પ્રગટ થવું.

(૪) વિજાપુરમાં તપાગચ્છની ઉત્પત્તિ અથવા સ્થાપના ક્યારે થઇ, ક્યા આચાર્યોએ કરી, કોણે ઉદ્ધાર કર્યો અને વીર પ્રભુની ૪૪ મી પાટે થયેલ જગચ્ચંદ્રસૂરિને ચિત્તોડના રાજાએ **તપા**નું બિરૂદ કેમ આપ્યું, તથા **હિરલા** બિરૂદ કેમ મલ્યું.

(૫) વિજાપુર મધ્યે વર્ત્તમાન સમયે એટલે છેલ્લા ત્રણ ચાર દશકામાં નીચે જણાવેલા મુનિરાજોએ પોતાનો પાદ સ્પર્શ કર્યો છે–સ્થિરતા કરી ગયા છે, ચાતુર્માસ કર્યાં છે.

મુનિ શ્રી રવિસાગરજી, મુનિ શ્રી ભાવસાગરજી, મુનિ શ્રી સુખસાગરજી, આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી, આચાર્ય શ્રી અજીતસાગરજી, પન્યાસજી દયાવિમલજી, હીમતવિમળજી, અમૃતવિમળજી, સુમતિવિમળજી, સૌભાગ્યવિમળજી, મુક્તિવિમળજી, રંગવિમળજી, આચાર્ય શ્રી કમળવિજયજી, પન્યાસજી કમળવિજયજી, કેશરવિજયજી, દેવવિજયજી, મોહનવિજયજી (બે) મુનિશ્રી હંસવિજયજી, પન્યાસ સંપતવિજયજી, પંન્યાસ લલિતવિજયજી, પંન્યાસ ગુલાબવિજયજી, આચાર્ય ધર્મવિજયજી, આચાર્ય નીતિવિજયજી, કર્પુરવિજયજી, હર્ષવિજયજી વગેરે.

(૬) ઉકત સમયમાં વિજાપુરના કેટલાક પુરૂષોએ સાધુપદ ગ્રહણ કર્યું છે. કલ્યાણવિજયજી (છગનલાલ) બુદ્ધિસાગરજી (બહેચરદાસ) દાનવિજયજી (ડાહ્યાભાઇ) વીરવિજયજી (વાડીલાલ) ગુણવિજયજી (ધેલાભાઇ) તિલકસાગરજી (નાનાલાલ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વ્યક્તવ્ય પુરૂં કરતાં જણાવી દેવાની જરૂર છે કે મારા લખાણમાં જે કંઇ ખામી જણાય તે માટે વાચકો ક્ષમા કરશે. કારણ હું નહી જેવા અભ્યાસ છતાં માત્ર ગુરૂ કૃપા અને તેઓની સૂચનાવડે લખવા ભાગ્યશાળી થયો છું.

વિજાપુર સંબંધી લખતાં ગાયકવાડ રાજ્ય અને કડી પ્રાંત સંબંધી ઘણું લખાય તેમ છે. પણ રા. રા. મહાસુખભાઇ સુનીલાલ કે જેઓ વડોદરા રાજ્યના અનુભવી–ઉત્સાહી દેશનેતા અને વિસનગરના એક જૈન શહેરી છે, તેઓએ પ્રગટ કરેલ વિસનગર વૃતાંત આ વક્તવ્ય લખવાના વિચાર સમયે મારા જોવામાં આવ્યું, તેમાં વિસનગરની હકીકતો સાથે કડી પ્રાંત અને રાજ્યની વિસ્તારપૂર્વક હકીકતો આંકડા સાથે તથા કાયદા સંબંધી વિવેચન કર્યું છે. તે ગ્રંથના પૃષ્ટ ૧ થી ૮૬ સુધીનાં પૃષ્ટો ગાયકવાડ રાજ્યની વધુ હકીકત જાણવાની ઇચ્છા રાખનારાઓને વાંચવા આગ્રહ કરી રા. મહાસુખભાઇના નીચેના શબ્દો ટાંકી મારૂં વક્તવ્ય પુરૂં કરૂં છું. કારણકે તેવી ટીકાથી ગુરૂશ્રી અને રા. મહાસુખભાઇ બચી શકયા છે. અર્થાત્ તેઓએ સ્વદેશ અને જન્મભૂમિ તરફની ફરજ બજાવવામાં પોતાનો સારામાં સારો ભાગ અર્પણ કર્યો છે.

" પરદેશની ઝીણામાં ઝીણી વાત કરીએ–આંકડા સાથે, પણ સ્વદેશ માટે કંઇ જાણીએ નહી, બીજા દેશના બીજા શહેરોનાં વખાણ કરીએ પણ પોતાના ગામની પ્રાચીનતા શું હતી ? કેમ મંદ પડી ને કેમ વધે તે માટે કંઈ નહી."

ખરેખર જે દેશમાં જન્મ થયો તેના તરફ જોઇતો પ્રેમ જે ન દાખવે અને બહુ દૂર નજર કરે તે તો પગતળે ન જોતાં માત્ર પારકી પંચાત કરવા જેવું ગણાય.

આવા દોષથી સર્વે મુકત થાઓ તેમ ઇચ્છતો

મુંબઇ
સંવત ૧૯૮૨
માહ શુદ અષ્ટમી

સેવક
લલ્લુભાઇ કરમચંદ દલાલ

સુધારો–પૃષ્ઠ ૨૧૭ થી ૨૨૪ સુધીનાં પાનાનાં નંબરો ડબ્બલ છપાઇ ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

शुद्धिपत्रक.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૧	૩	ગુ૦ વિ૦ વૃ૦	ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદ્ વૃત્તાંત
૨૬	૧૬	નીચે પ્રમાણે	નીચે આ પ્રમાણે
૩૯	૨૨	શાસ્ત્રીનો	શાસ્ત્રોનો
૪૦	૭	પાછો ફરી સંપીલો	પાછા ફરી સંપીલા
૭૬	૬	લોઢાં આદિનાથ	લોઢા આદિના
૧૮૦	૯	અસત્ય	અસ્તેય
,,	૧૭	સ્તેય	,,
૨૦૨	૧૭	અરિહંતને	અરિહંતે
૨૧૨	૬	વિ૦ બ્રા૦ જૈન	વિજાપુર બ્રાહ્મણ વર્ગમાં વૈદિક
૨૩૪	૮	૯૬૧	૯૪૨
,,	૯	૯૪૨	૯૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

વિજાપુર અમારી જન્મભૂમિ હોવાથી તેનું વૃત્તાંત લખવાના કેટલાંક કારણોથી ફરજ અદા કરવા સ્ફુરણા થઇ. વિજાપુરના પ્રાચીન કાળમાં કયા દેશમાં ગણના થતી હતી તે ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકવાના આવશ્યકતા છે. ટૉડરાજસ્થાન, ફાર્બસરાસમાળા, સુધર્મગચ્છપટ્ટાવલિ, તથા જૈનાચાર્યોકૃત કેટલીક પટ્ટાવલિયોમાં વિજયપુર (વિદ્યાપુર) વિજાપુરનો નામોલ્લેખ વગેરે હકીકત મળી આવતાં વિજાપુરના આસપાસના પ્રદેશને લગતા ઇતિહાસનું જેટલું બને તેટલું અવલોકન કર્યું; વિજાપુર સંબંધી એક લેખ બારોટના ઘરમાંથી મળી આવ્યો. તે વિજલદેવ પરમાર સંબંધી હતો. તેને વૃત્તાંતમાં દાખલ કરવામાં આવ્યો છે. ફાબસ રાસમાળામાં વિજયપુર (વિજાપુર) વસાવવા સંબંધી જે વૃત્તાંત હતું તેને પણ વિજાપુર વૃત્તાંત સાક્ષ્યર્થે ઉદ્ધૃત કર્યું છે. વિજાપુરના પૂર્વદિશાથી કંઇક અગ્નિખૂણા તરફ સાબરમતીના કાંઠાપર આવેલ જૂના સંધપુર ગામમાં શ્રીચંદ્રપ્રભુના દેરાસરની ભીંતમાં બબ્બે હાથ લાંબાં તથા એકેક હાથ પહોળાં બે પાટીયાં પર એક લેખ છે તે વાંચવા તરફ લક્ષ ગયું. સં. ૧૯૨૪ ના રેલમાં તે તણાયું ત્યારે જૂનું સંધપુર ભાંગ્યું અને નવું સંધપુર વસ્યું—જૂના સંધપુરના દેરાસરમાં જે લેખ છે તે પૂર્વે ધાંટુના દેરાસરમાં હતો. ધાંટુમાં એ શિલાલેખ વિજાપુરથી ગયો હોય એમ કલ્પના થાય છે. ધાંટુના દેરાસરનું ખંડીયેર હજી વિદ્યમાન છે. વિજાપુરના દેરાસરનો મુસલ્માનોના વખતમાં ભંગ થયો. તે વખતે પ્રાયઃ તે શિલાલેખને ધાંટુને સુરક્ષિત જાણી ત્યાં લેઇ જવામાં આવ્યો હોય અને પશ્ચાત્ સં. ૧૮૧૫ લગભગમાં ધાંટુનો ભંગ થયો ત્યારે તે શિલાલેખને જૂના સંધપુરના દેરાસરમાં મૂકવામાં આવ્યો હોય એમ કેટલીક વૃદ્ધ કિંવદન્તીથી અનુમાન કરાય છે. જૂના સંધપુરમાં જે શિલાલેખ છે તે વાંચતાં વિજલદેવ પરમારે ત્રીજી વારનું વિજાપુર મૂળસ્થાને વસાવ્યું એમ વિજાપુર વૃત્તાંતમાં લખવામાં આવ્યું છે. તેને ટેકો મળે છે. તેમાં વિશેષ એટલું છે કે **વિજલદેવના પુત્ર બાહુડે વિજાપુર વસાવ્યું** એમ શિલાલેખથી સિદ્ધ થાય છે. સંધપુરના દેરાસરમાં ચાર શિલાના પાટીયાપર શિલાલેખ હતો તેમાંથી બે પાટીયાં વિજાપુરમાં આવેલાં સંભવે છે. હાલ ત્યાં બે પાટીયાં છે તેથી તથા તેમાંની અધુરી હકીકતથી કેટલીક બાબતોનો ચોક્કસ નિર્ણય થઇ શકતો નથી. વિજાપુરમાં પદ્માવતીના દેરાસરમાં તથા શ્રી ચિંતામણિ દેરાસરમાં બે શિલાલેખના પાટીયાનો તપાસ કરાવ્યો પરંતુ તેની પ્રાપ્તિ થઇ શકી નથી. વિજાપુર સંબંધી શિલાલેખમાં જે શ્લોકો છે તેમાંથી કેટલાક અક્ષરો તથા લીટીયો સ્પષ્ટ રીતે વંચાતી નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાને લીધે સ્પષ્ટ-પૂર્ણ હકીકતનો બોધ થવામાં અન્તરાય થયો છે. ઐતિહાસિક વિષય જીજ્ઞાસુ સાક્ષરોને આ સંબંધીની હકીકત જણાવવા માટે સંધપુરના જૂના દેરાસરના બન્ને પાટીયાના શિલાલેખને અત્ર ઉતારવામાં આવે છે અને પશ્ચાત્ તેમાંથી વિજ્જપુર સંબંધી હકીકતના ઉપયોગી શ્લોકોનો ગુજરાતીમાં તરજુમો આપ્યો છે.

महता वतार्लो राजस्य लीलां ललितां दधाति ॥ ६६ ॥ निः शेष सूनुनिवहस्य शिरोवतंसो यस्यास्ति **विरधवलो** ससुधाधिनाथः । यस्मिन् जगत्त्रितयविस्मयनीयवृत्ते शौर्येण साधुविनयः समुपैति मंत्री ॥६७॥ यस्याग्रे प्रतिपक्षवीरपटली दोर्दंडसंप्रेरितप्रेंखत्खड्गमुखा स्रजक्षततते रुद्राकिणाली शुभा । कस्तुरीतिलकाकृतिः सुरभयंत्यस्युन्नतं विस्तृतं बूते कीर्त्तिलतावलिप्रसविनं शौडीर्यकल्पद्रुमं ॥ ६८ ॥ वाग् यस्य सूनृततमामृतसारणीव सामंतमंत्रीजनताहृदयामरद्रून् । संसिंचति विविधकामफलप्रसूत्या बाढं चिराय रचयत्युदयर्धिकामान् ॥ ६९ ॥ तारुण्ये परिणतशेमुखीकमौलिः पुष्पेशोर्निशितशरेषु दत्तकौंढ्यः । सद्धर्मप्रणयिषु पक्षपातशाली यः पृथ्वीमवति तपःसुतायमानः ॥ ७० ॥ यस्य **वीसलदेवाद्या** जगद्विजयिनोऽगजाः । चित्रमिंदिरया योगं नयंति पुरुषोत्तमान् ॥ ७१ ॥ तादृक् पितामहपितृप्रभवेषु येषु स्फारस्फुरत् सुकृतविक्रमवैभवेषु । हव्यात्कणेष्विव हिरण्यविभास्वरेषु स्वप्नेऽपि ना क्रमधियं तमुतेऽरिवर्गः ॥ ७२ ॥ सूर्याचंद्रमसाविव स्वमहसा निर्धूतदिक्तामसौ लेखाचार्यकवी इव प्रतिभया ज्ञातत्रिलोकीतलौ । वाणीश्रीतनयाविवार्थपरमौ **श्रीवस्तुपालो**ऽनुजस्तेजःपाल इमौ च यस्य सचिवौ राज्यं विधत्तो महत् ॥ ७३ ॥ श्रीभीमदेवे नृपतौ कुतोऽपि साम्राज्य संभारधुरापरारि । श्रीकोलकेलिर्लवणप्रसादो विश्वंभराभारमयं बिभर्ति ॥७४॥ क्षोणीभृत् स्वयमुत्कटैः स्वकटकैः संवर्मितः सर्वतो दो....द्दामरचंद्र चौरचरटे....पत्रस्नुराटाव्यत । यस्मिन् राजनि तेषु वर्त्मसु वधूरे क्वकिमी कांचनेर्गोलैः कंदुककेलिकौतुकवती स्वैरं परिभ्राम्यति ॥७५॥ यस्यपूशालक्षर्तिप्रसृतमहिमया पद्मयाऽस्तादशाशा पातुं भक्तामलजा (?)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

....मटतितरां दूरतः कीर्तिकांता। सोऽयं शेषावतारः क्षितिधृतिविधये सत्प्रतापैकमित्रः पुत्रस्तस्यापरोपि प्रमदयति कुलं वीरमः क्षत्रमौलिः ॥ ७६ ॥ यद्वन्मत्त मतंगजा मृगपतेर्यद्वदि .... हरणाश्च....द्वत्रसन्मानसाः। संख्ये तद्वदसंख्यतामपि गताः प्रोद्दामशौर्योद्धता यस्माद्विस्मयनीयविक्रमभृतो न....त्यवश्यं द्विषः ॥ ७७ ॥

आशापल्लीं विमलविपुलां खेटकांतारदेश
आ .... संपद् परिलसत्कंदरां मंदिराभां।
यत्रा ... मदभरसमारूढदर्पास्यकल्पे
गर्ज्जत्यूर्ज्जत्यरिनृपमृगाः प्राणपाता वसंति ॥ ७८ ॥

× × × ×

तस्तमोलिं द्युजयिविभवां तस्य चालंकरिष्णो—
रास्ते वीजापुरमुरु पुरं सप्त (?) दिक्षु प्रकाशं।
यस्मिन् दिव्ये दिवसितशिर (?) मुल्लसंत्यः पताकाः
स्वर्गगोद्यल्ललितलहरीविभ्रमं प्रोद्वहन्ति ॥ ७९ ॥

यच्छ्रीवीजलदेवस्य जनकस्य यशोऽर्थिना।
चक्रे बाहडदेवेन परमारकुलेंदुना ॥ ८० ॥

यशोधवलितावनीतलतया यथा.....
.....यशोधवलमभिंगधद्वति स्वीकारिकः।
नयप्रियशिरोमणिर्मतिमदुत्तमो यो बुधान्
....महोद्भवमयानयं वितनुते.....॥ ८१ ॥

तत्कुलस्वाम्यनुमंत्री यस्य व्यापारभारमुद्वहति।
शिष्टेषु पक्षपाती दुष्टेष्वपि तादृशश्चित्रं ॥ ८२ ॥

यस्मिन्.....भाधिवासमधुरा तुंगा निकेतावली
साढ्यो हंत जनश्च दानविधिनोपात्तस्वलक्ष्मीफलः।
पात्रापात्रविवेचनात् तदनघं पात्रेषु वैशिष्ट्यवत्
पात्रायागमशास्त्रसंनिगदितैरिद्धा (?) निपुण्याग्रणीः ॥८३॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विप्रक्षत्रियवैश्यशूद्रनिवहः स्वे स्वे सदा कर्मणि
प्रोद्यच्छल्लपमत्सरः सरभसं निर्वर्ण्य कंचिन्नरं ।
यत्रापत्पतितं समुन्नतमनाः सर्वैः प्रकारैः क्षणात्
प्रोद्धृत्यैव सुखीभवन् कृतमहासत्पौरुषेयायते ॥ ८४ ॥

यत्र व्रजंति सुमनःप्रकरप्रकार–
सौरभ्यभंगिभरवासितदिक्तटानि ।
त्रैलोक्यदक्कुवलयावलिचंद्रवक्त्र–
दिव्यांगनानि भवनानि विमानलीलां ॥ ८९ ॥

यस्मिन्नीश्वरमंदिरेष्वनुदिनं भूयो महीयो महः
प्रारंभाद्भुतविभ्रमेषु विलसन्मंगल्यतूर्यस्वनैः
आधत्ते सुरसद्मधूपसमयातोद्यानवद्यध्वनि–
र्नीतः स्फूर्तिभरं प्रनर्तितशिखी विश्वस्य शब्दात्मतां ॥८६॥

विभाति यस्मिन् रुचिरा सुवस्त्रैः
प्रसाधिता रत्नसुवर्णभंग्या ।
श्रीखंडकर्पूरकुरंगनाभी–
ह्वया पणाली पणभामिनीव ॥ ८७ ॥

यत्र श्राद्धगणः स्फुरद्विधिपथप्रस्थास्नुपरस्थास्नुता
गाढालिंगितमर्थजातमखिलं नक्तंदिवं भावयन् ।
निष्पारं भवसागरं तितरिषुस्तीर्थेशपोतं श्रितो
नित्यानंदमयीं विमुक्तिवनितामाप्तुं सदोद्यच्छते ॥ ८८ ॥

तत्रांबडजेहडसोमदेवदेवधरदेहडादीनां ।
श्राद्धानां समुदायो निवसति वसतिः शुभगुणानां ॥ ८९ ॥

सुदर्शनधराधराधिपतिधीरताजित्वरं
सुदर्शनसहोदरं विबुधशात्रवोत्सादने ।
सुदर्शनमिवाखिलप्रवरतत्त्वसंवीक्षणे
सुदर्शनरथिं दधद्हृदयरेव (?) य उद्योतते ॥ ९० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

यस्याहर्निशमेव सर्व्वचरणश्रीयोगमाकांक्षतः
संसारं विषवृक्षवत् कटुफलं दूरेण तित्यक्षतः ।
श्रीमन्मुक्तिनितंबिनीकुचतटक्रोडे रिरंसास्पृशः
पाणौ न्यस्यति साधुदेशविरतिर्निस्तंद्रभद्रावलीं ॥ ९१ ॥

× × × ×

इतश्च । दोषायोगमनोरमकुमुदिनीक्षीरोदवेलासुहृत्
कीर्तिस्फूर्तिविसृत्वराप्रतिहतप्रोद्दामगोवैभवं ।
प्रेयः सौम्यमपास्ततापममृतेच्छूनां भृशं वल्लभं
चित्रं नित्यमुदित्वरं हततमो जागर्ति चांद्रं कुलं ॥ ९२ ॥

सूरिस्तस्मिन् सुरपथ इव व्यातते वर्धमानः
प्राद्योतिष्ट प्रहततमसा ज्योतिषा वर्धमानः ।
यस्त्रैलोक्ये शुभगुणगणैर्नापनै (?) र्वर्धमानः
ख्यातिस्फार्तिं प्रभुरिव जिनो देवता वर्धमानः ॥ ९३ ॥

मोहांधतमसव्यामत्सम (?) व्यामर्शदर्शनान ।
तत्क्षणात् सुदृशश्चक्रे यद्भारत्यमृतांजनं ॥ ९४ ॥

शिष्यस्तस्य जिनेश्वरः प्रभुरभात् पट्टेपि सामान्यके
यो मन्ये निजसूरिवक्त्रशशभृत्ज्योत्स्नाभरस्फारिते ।
श्रीमद्दुर्लभराजराट्परिषदि व्यामज्य्य वैयढिधकान् (?)
वाक्याब्धौ कृतिनां शिवाय परमं प्राकाशयत् सत्पथं ॥९५॥

वाग्वैभवं सुकवितां स्वपरश्रुतार्थ–
तत्त्वज्ञतां परमनिर्वृतिसत्वरत्वं ।
तर्काध्वपांथमणितां प्रतिबोधशक्तिं
यस्यापरैरसदृशं निपुणा गृणंति ॥ ९६ ॥

अंतेवासिकदंबकैकतिलकस्तस्यावभासत् तत–
स्तीर्थं श्रीजिनचंद्रसूरिरसमप्रज्ञास्तवाचस्पतिः ।
श्रीकांतो नरकं निराकृततरां धर्मोद्धुरो गोभर–
न्यासैर्यः समितौ हठात् सुमनसां प्रत्यर्थिनः प्रामथीत् ॥९७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

संवेगरंगशाला सुरभिः सुरविटपि कुसुममालेव ।
शुचिसरसामरसरिदिव यस्य कृतिर्जयति कीर्तिरिव ॥९८॥
गुरुभ्राता तस्य प्रभुरभयदेवो यतिपतिः
पदंज्योतिर्धामद्रुमणिरिव नाकं न्यविशत ।
यदीयं गोचक्रं विरचितनवांगीविवरणं
प्रसूते कामांश्च क्षपयति च कामं त्रिजगतः ॥ ९९ ॥
स्वे शिष्याः स्वगुरुं युगप्रवर इत्युद्भासयंत्युद्भुना
यं त्वन्येपि गुणावलीविलसितैरानंदिता निर्भरं ।
यस्य स्तंभनभूषणं जिनपतिर्नीलोत्पलश्यामलः
सद्धामा कुमुदेंदुकुंदविशदं विश्वे यशस्तायते ॥ १०० ॥
अषमलगुणग्रामोऽद्भुष्मादधितजिनागमः
प्रवचनधुराधौरेयोऽभूद् गुरुर्जिनवल्लभः
सकलविलसद्विद्यावल्लीफलावलिविभ्रमं
प्रकरणगणो यस्यास्येंदोः सुधा बिभृतेतराम् ॥ १०१ ॥
सम्यक्त्वबोधचरणैस्त्रिजगज्जनौघ–
चेतोहरैर्वरगुणैः परिरब्धगात्रं ।
यं वीक्ष्य निस्पृहशिखामणिमार्यलोकः
सस्मार सप्रमदमार्यमहागिरीणां ॥ १०२ ॥
तस्मिन् महात्मनि समेयुषि नाकलोकं
तीर्थं बभार भगवान् जिनदत्तसूरिः ।
नामापि यस्य बत पार्श्वविभोरिवाशु
सर्वं भयं हरति मंगलमातनोति ॥ १०३ ॥
यस्मिन्नंजनभृंगमासितरुणांभोभृत्ककुत्कुंजर–
श्रीलुंटाकगभीरधीरमधुरध्वाने वृषं जल्पति ।
पीयूषैरिव पूर्यमाणमनसो भव्या प्रजह्लादिरे
विश्वे वादिगजा गलन्मदभरा द्राक् कांदिशीक्यं दधुः ॥१०४॥
सौभाग्यैकनिधिस्ततो जिनमतस्योत्तंसलीलां दधे
सूरिः श्रीजिनचंद्र आर्द्रहृदयो दुःखार्त्तजंतून्प्रति ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

यं लोकोत्तरया श्रिया श्रिततनुं संसारपाथोनिधे-
रुन्मंथप्रथितं निरीक्ष्य जिन इत्यंहूचोर्निपेतुर्बुधाः ॥१०५॥
यो लावण्यगभीरिमातिशयवान् वार्धिं विजिग्येतरां
वाचोयुक्तिविचक्षणत्वधिषणाप्राग्भारभाग् गीःपतिं ।
यस्मिन् पुण्यपरंपरापरिणतेरेकत्र पात्रे विभौ
संघः सर्वविपद्युतः प्रमुदितो मुक्तिं प्रति प्रास्थित ॥१०६॥
ततो जिनपतिः प्रभुर्गुरुवतंसचूडामणि-
र्जिनाधिपतिशासनं समुदनीनमत् सन्मनाः ।
समग्रगुणमालिकासमतियातस्तर्यावले-
र्व्यलोक्यततरामहो किमपि वैशिष्ट्यभृत् ॥ १०७ ॥
यस्मिन् परीषहचमूभरसंसहिष्णौ
नानोपसर्गपटलीं विकटां विजिष्णौ ।
ऊर्जत्तपःश्रियि परोपकृतिप्रवीणे
श्रीवीरनाथजिनतां प्रथयंति धन्याः ॥ १०८ ॥
तस्याथ भूषति जिनेश्वरसूरिरिद्ध-
मृद्धं गुणैः पदमिदं कुमुदावदातैः ।
यो वादिकुंजरघटामदशोषलीला-
लब्धप्रसिद्धिरपि जातु मदं न धत्ते ॥ १०९ ॥
यस्मिन् व्याख्याति धर्मं जिन इव जनता निर्विदं नो जिहीते
निर्वेदं वांछति द्राक् परिणतविरसा सारसं मांररूपा ।
आचार्यीया गुणानामनुपममहिमा साधु षट्त्रिंशतो यो
बिभ्राणः प्राणभाजाममृतमय इवानंदयुं संतनोति ॥११०॥
कदाचिदथ स क्षमां चरणलीलया लालयन्
दिशन् विधिपथक्रियां जिनमतोन्नतिप्राणितः ।
सुगोभिरिवैं बोधयन् सपदि भव्यकजा-
करानुपैत्प्रशमयंस्तमो रविरिवेष वीजापुरं ॥ १११ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इतश्च । क्ष्माभृद्धामसमृज्ज्वलः सुसरलः प्रोत्तुंगिमोर्ज्जस्वलः
सन्मार्गस्थितिनिश्चलः शुचिबलः प्रोच्चैर्दलत्कंदलः ।
उद्यन्मंगलमंडलः क्षतमलः पर्वावलीपेशलः
श्रेयानस्ति परिस्खलत्खलजलः श्रीमालवेशः क्षितौ ॥११२॥
तदलंकृतिकृतिनिर्मल–मुक्ताफलसंनिभः स्फुटप्रतिभः ।
हम्मीरपुरनरेश्वर–मंत्रीश्वरोऽभूद् विजयपालः ॥ ११३ ॥
तस्य पुत्रो गुणग्रामरामणीयककेलिभूः ।
हम्मीरपत्तनामात्यः समभूट्टेटकाभिधः ॥ ११४ ॥
छायावितान इव संश्रितलोकताप–
सर्वंकषो नयनमानसदत्ततोषः ।
प्रह्लादनः सदनमद्भुतसद्गुणानां
तस्यात्मजः समजनिष्ट यथार्थनामा ॥ ११५ ॥
जनकमदृशतापराहिंस्तनो स्त्रिजग.....

એ શિલાલેખમાંથી વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરનારા શ્લોકોનો ભાવાર્થ નીચે મુજબ પ્રગટ કરવામાં આવે છે.

ભાવાર્થ.

સ્વર્ગને જીતી લેનાર વૈભવવાળા તેજસ્વી તાજને અલંકૃત કરનારા તે રાજાને સર્વ દિશાઓમાં ભૂષણરૂપ **વીજાપુર** નામનું શ્રેષ્ઠ નગર છે, જે દિવ્ય નગરમાં મંદિરોના ઉંચા શિખર ઉપર ફરકતી પતાકાઓ સ્વર્ગલોકની મનોહર લહરીઓના વિભ્રમને વહન કરે છે. ૭૯

જે નગરને પરમારકુલમાં ચંદ્રસરખા બાહુડદેવે પોતાના પિતા વીજલદેવનો યશ ફેલાવવાની ઇચ્છાથી કર્યું (વસાવ્યું) હતું. ૮૦

એકાશીમાં શ્લોકમાં યશોધવલનું વર્ણન જણાય છે કે જેણે પોતાના યશવડે અવનીતળને શુભ્ર કર્યું હતું, અને જે નયપ્રિય પુરૂષોમાં શિરોમણિ તથા મતિમાન્ મનુષ્યોમાં ઉત્તમ હતા. ૮૧

શિષ્ટ પુરૂષો પર પ્રેમ ધારણ કરનાર, તેવોજ દુષ્ટ મનુષ્યો તરફ પણ સ્નેહ ધારણ કરનાર કુલમંત્રી જેના કાર્યભારને ધારણ કરે છે. ૮૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે નગરમાં નિવાસ યોગ્ય ઊંચી ગૃહપંક્તિ વિદ્યમાન છે અને જ્યાં ધનવંત મનુષ્ય નિપુણ હોઇને પાત્રાપાત્રની પરીક્ષા કરી **આગમશાસ્ત્ર** કથિત ગુણોવડે વિશિષ્ટ શ્રેષ્ઠ પાત્રોને દાન આપી પોતે મેળવેલી લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. ૮૩

જ્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર જનસમુદાય હમેશાં પોતપોતાના કાર્યમાં ઉદ્યમવાન્ છે. તથા મત્સર રહિત ચને પ્રશસ્ત ઉંચા મનવાળો છે. અને કોઇપણ મનુષ્યને આફતમાં આવેલો જોઇ, સર્વ પ્રકારોવડે ક્ષણવારમાં તેનો ઉદ્ધાર કરીનેજ સુખી થાય છે. તેથી મહાન્ સત્પુરૂષોનું બરાબર આચરણ કરે છે. ૮૪

જ્યાં સુગંધિત પુષ્પોના સમુહની અનેક પ્રકારની સુગંધદ્વારા દિશાઓ બહેકી રહે છે. તથા જ્યાં સ્વર્ગ–મૃત્યુ–પાતાળના–પ્રાણીઓની દૃષ્ટિ રૂપ કુમુદની પંકિતને પ્રફુલ્લિત કરવામાં ચંદ્રમુખી દિવ્ય અંગનાઓ વસે છે. તેથી જે નગરનાં ગૃહો ખરેખર વિમાનની શોભાને ધારણ કરે છે, ૮૫

જે નગરમાં લક્ષ્મીવંત શ્રેઠીઓની હવેલીઓમાં પ્રતિદિવસ વારંવાર શરૂ કરાતા પવિત્ર મહોત્સવો અને અદ્ભુત વિભ્રમોને વિષે વાગતાં માંગલિક વાજાંના શબ્દો વડે દેવલોકના દેવદુંદુભિના નિર્દોષ ધ્વનિને સ્ફુર્ત્તિમાં લાવવા પૂર્વક મયુરોને નચાવતા છતાં જગતને શબ્દસ્વરૂપી કરે છે. ૮૬

જે નગરમાં સારાં વસ્ત્રો વડે સુશોભિત થએલી અને રત્ન–સુવર્ણાદિની રચના વડે અલંકૃત થએલી, તથા ચંદન–કપૂર–કસ્તૂરી વડે હૃદયને આકર્ષિત કરનારી બજાર, વેશ્યાની જેવી શોભે છે. ૮૭

જે નગરમાં શ્રાવકોનો સમુદાયસ્ફુરાયમાન વિધિપથમાં પ્રસ્થાન કરે છે. અને રાત્રિદિવસ સઘળા પદાર્થોને વિનશ્વર જાણે છે, તથા પારરહિત સંસારસાગરને તરી જવા ઇચ્છા ધરાવનારો હોઇ તીર્થંકર–પરમાત્માના ધર્મરૂપ વહાણનો આશ્રિત બના નિત્યાનંદ સ્વરૂપવાળી મુકિતરૂપી વનિતાને પ્રાપ્ત કરવા સદા ઉદ્યમ કરે છે. ૮૮

તે નગરમાં શ્રેષ્ઠ ગુણોને ધારણ કરનારા **અંબડ, જેહુડ, સોમદેવ, દેવધર, દેહુડ,** વિગેરે શ્રાવકોનો સમુદાય વસે છે. ૮૯

જે સમ્યકત્વને ધારણ કરનારો છે. ૯૦

જેને હમેશાં ચારિત્ર લેવાની ઇચ્છા છે તથા જે વિષવૃક્ષની પેઠે કડવા ફલવાળા સંસારનો ત્યાગ કરવા ઇચ્છે છે. તથા જે મુકિતરૂપી સ્ત્રીના હૃદય ઉપર રમવાની ઇચ્છા ધરાવે છે અને સમ્યગ્પ્રકારે ધારેલી દેશવિરતિ જેના હાથમાં અનેક પ્રકારની આનંદ–શ્રેણીને આપે છે. ૯૧

૯૦ મા શ્લોકમાં તથા બીજા શ્લોકોમાં પણ અક્ષરો બરાબર વંચાયા નહિ હોવાને લીધે તથા વંચાતા અક્ષરોથી અર્થ સંગત થતો નહિ હોવાથી સ્પષ્ટ ભાવ દર્શાવી શકાયો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુર સંબંધી હકીકતમાં **સંધપુરના શીલા લેખથી** કઇક અજવાળું ઉપર પ્રમાણે પાડયું. હવે વિજાપુરની કયા દેશમાં ગણના કરવી તેનો ઉહાપોહ કરવામાં આવે છે. વિજાપુર–વડનગર–પાટણ મહેસાણા વિગેરે શહેરોની પૂર્વે કયા દેશમાં ગણના થતી હતી તેનો પ્રાચીન ઐતિહાસિક પુસ્તકોથી નિર્ણય થઇ શકે તેમ છે. મનુસ્મૃતિમાં **સરસ્વતી** અને **દૃષદ્વતી** એ બે નદીઓના મધ્ય પ્રદેશને **બ્રહ્માવર્ત** દેશ કહેવામાં આવે છે એમ જણાવ્યું છે. અંબાજી કુંભારીયાથી એક ગાઉ છેટેથી સરસ્વતી નદી નીકળે છે અને તે કચ્છના રણમાં સમાઇ જાય છે. હવે બીજી દૃષદ્વતી નદીનો વિચાર કરીએ. સાબરમતી સાંબર સરોવરમાંથા નીકળે છે. તેના ઉપર સદા વાદળાં રહેવાથી તેને **સાભ્રમતી** પણ કથવામાં આવે છે. વલ્લભીપુરમાં શીલાદિત્ય રાજાના સમયમાં થએલ **શ્રીધનેશ્વરસૂરિ** કે જેમણે શત્રુંજય મહાત્મ્ય નામનો ગ્રંથ રચ્યો છે તેમાં સાભ્રમતી (સાબરમતી) નો ઉલ્લેખ છે. મનુસ્મૃતિમાં લખેલી દૃષદ્વતી નદી કઇ ? તેનો વિચાર કરવો ઘટે છે. પત્થરા વાળી નદીને દૃષદ્વતિ એવું ગુણ નિષ્પન્ન નામ આપવામાં આવ્યું છે. મેવાડના પર્વતોને ભેદીને સાબરમતી નદી ખંભાતના અખાતને મળે છે. મેવાડથી ઠેઠ એકલારા ગામ સુધી સાબરમતીને અવલોકવામાં આવે છે તો તેમાં મોટા મોટા પત્થરો પડેલા જણાય છે સાબરમતીના પટ્ટપર અને તેમાં ઘણા પત્થરો હોવાથી તેને દૃષદ્વતી કહેવામાં આવી હોય એમ જણાય છે તથા તેના પર ચોમાસા શિયાળામાં ઘણા વાદળાં હોવાથી શ્રી ધનેશ્વરસૂરિએ તેને સાભ્રમતી તરીકે તે વખતની પ્રસિદ્ધિથી લખી હોય એમ જણાય છે આબુજી પાંસે ખારી કરીને એક નદી વહે છે પણ તે સામાન્ય છે. તેમાં તે પત્થરો પણ પણ નથી માટે સાભ્રમતીને દૃષદ્વતી પૂર્વે મનુના સમયમાં કહેવામાં આવતી હોય એવા અનુમાન ઉપર આવીયે છીએ.

મનુસ્મૃતિ દ્વિતીયોધ્યાય.

सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदन्तरम् ।
तं देवनिर्मितं देशं ब्रह्मावर्तं प्रचक्षते ॥
तस्मिन् देशे य आचारः पारम्पर्यक्रमागतः ।
वर्णानां सान्तरालानां स सदाचार उच्यते ॥

સરસ્વતી અને દૃષદ્વતી એ બે દેવનદીઓની વચ્ચમાં જે દેવનિર્મિત દેશ છે તેને **બ્રહ્માવર્ત** દેશ કહે છે. સરસ્વતી અને સાબરની વચ્ચે આવેલો દેશ હાલ જે છે તેને બ્રહ્માવર્ત દેશ કહેવામાં આવે છે. હિંદુઓ સાભર નદીને દેવનદી માને છે. કલિમાં ગંગાની પેઠે સાબરનો મહિમા વધશે એમ કેટલાક વેદાન્તી બ્રાહ્મણો કહે છે. એવા નિર્ણયપર આવ્યાથી ગુજરાતને પૂર્વે બ્રહ્માવર્ત દેશ કથવામાં આવતો હતો એમ મનુસ્મૃતિના શ્લોકથી સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્માવર્ત દેશ પશ્ચાત્ તેને **આનર્ત દેશ** કહેવામાં આવતો હોય એમ કેટલાક ઐતિહાસિક પુરાવાના (કૂર્મ ક્ષત્રિય પાટીદારોના ઐતિહાસિક પુસ્તક) આધારે કહેવામાં આવે છે. **શિલાદિત્ય** રાજાના સમયમાં તેની સૌરાષ્ટ્ર દેશમાં ગણના થતી હોય એમ કેટલાંક અનુમાનોથી પ્રાયઃ અવબોધાય છે. પશ્ચાત્ **વિદેશી હુણ અને ગુર્જરોની સ્વારીઓ સૌરાષ્ટ્ર પર આવી** અને તેઓએ સૌરાષ્ટ્રને જીતી લીધો. તે ગુર્જરોના નામે **ગુર્જરત્રા**, (ગુજરાત) દેશના પ્રસિદ્ધિ થઇ. **સૌરાષ્ટ્ર, લાટદેશ**, વગેરે ઘણા દેશો મળીને હાલનો ગુજરાત દેશ ગણાય છે. ઐતિહાસિક પુસ્તકો, શિલાલેખો વગેરેનો જાહેરમાં પ્રકાશ થતાં આ વિષયપર ખરેખર વિશેષ પ્રકાશ ભવિષ્યમાં પડશે. **કાનમ, ચરોત્તર, ઢંઢાવ્ય, ધંધાર, લાટ**, વગેરે ઘણા દેશોનો હાલના ગુજરાતમાં સમાવેશ થાય છે. ઐતિહાસિક ગ્રન્થોમાં ગુર્જર દેશ એ પ્રમાણે દેશની કયા સૈકાથી ખ્યાતિ થઈ તે સંબંધી હાલ ઐતિહાસિક સાક્ષરો પ્રયત્ન કરી રહ્યા છે. રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, વગેરે સાક્ષરો ગુર્જરાતના ઇતિહાસ સંબંધી અપૂર્વ શોધખોળની પ્રવૃત્તિમાં લીન થયા છે. વિજાપુર વગેરે પ્રદેશ હાલ, ગુજરાત દેશના નામે ઓળખાય છે. **વિજાપુરનો ગુજરાત દેશમાં સમાવેશ થાય છે.** વિદેશી ગુર્જરો પોતાની પાછળ ગુજરાત એવા દેશથી પોતાના નામને અમર કરી ગયા છે તથા ગુજ્જર વણિક નામની જાતિને પણ પોતાના નામથી પ્રસિદ્ધ કરી ગયા છે.

વિજાપુરનો ગુજરાતમાં સમાવેશ થાય છે એમ ઉહાપોહથી નિર્ણય કરીને હવે મૂળ વિષયપર આવીએ છીએ. વિજાપુરની ઐતિહાસિક બીના તપાસવાને માટે અમોએ વિજાપુરના પ્રાચીન રહીશોને તેના લેખો સંબંધી ઘણું પૂછ્યું અને તેઓના મુખથી કિંવદંતીઓ સાંભળીને તે ઉપરથી કેટલીક અનુમાન કલ્પના ચિતરી છે. તેથી વાંચકો અમારાપર ઉદારભાવથી કેટલીક બાબતોમાં ક્ષંતવ્ય બુદ્ધિ ધારણ કરશે એવી આશા રાખવામાં આવે છે.

અમારી જન્મભૂમિ સ્થળ **વિજાપુર** હોવાની શરીર પોષવામાં, કેળવણી લેવામાં અને **આત્મોન્નતિના સર્વ ઉપાયો પ્રાપ્ત કરવામાં, તેનો ઉપકાર અવબોધી** વ્યાવહારિક **ફરજદૃષ્ટિએ** વિદ્યાપુરામ્ જનોને **સ્વજન્મભૂમિ** સ્થળના **ઐતિહાસિકજ્ઞાનથી** ચઢતી પડતીનો પૂર્ણ **વિવેક** પ્રાપ્ત થાય અને ચઢતીના હેતુઓને અવલંબે એ **ઉદ્દેશના** કર્તવ્યની પ્રાધાન્ય દૃષ્ટિએ **વિજાપુર વૃત્તાંત લખવાની પ્રવૃત્તિ થયેલી છે** તે સુજ્ઞજનો સહેજે અવબોધી સકશે. ગૃહવાસમાં માતાપિતાનો પુત્રોપર મહાન્ ઉપકાર થાય છે, તેવોજ જન્મ ભૂમિનો ઉપકાર પણ હોય છે, નિષ્કામીદશાએ ત્યાગી થઈને પણ **મહાત્મા** ઓને એ સ્વફરજદૃષ્ટિએ તથા **પરસ્પરોપગ્રહો જીવાનામ્** એ સત્ય દૃષ્ટિએ નિષ્કામપણે જન્મભૂમિ–દેશીય–મનુષ્યોને અનેક રીતે બોધ આપવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઇએ કે જેથી તેઓ જન્મભૂમિના ઉપકાર—ઋણમાંથી ઉપદેશ ફરજ અદા કરી છૂટી શકે. મહાત્માઓની વસુધા-કુટુંબ દૃષ્ટિ હોય છે. સર્વ ભૂમિ-પર સમાનભાવ હોય છે તો પણ જગતના વ્યવહારની દૃષ્ટિએ સંસારી મનુષ્યોને સ્વજન્મભૂમિ પ્રેમ ઉત્પન્ન થાય અને તેઓ વિવેક પ્રાપ્ત કરીને વ્યાપક દૃષ્ટિવાળા બને તેવી દૃષ્ટિનાં પગથીયે ચઢાવવાની મુખ્ય ફરજ તેઓની હોય છે. **महाजनो येन गतः स पन्थाः, यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः** એ સૂત્ર પ્રમાણે બાળજીવોને સ્વભૂમિપ્રેમ પ્રગટે, દેશપ્રેમ પ્રગટે, સ્વકર્તવ્ય કર્મ સુઝે, સ્વોન્નતિના ઉપાય સુઝે એવી દૃષ્ટિએ મહાત્માઓને બાળજીવોના વિચારોને પોતાના ઉપર આરોપ કરી પ્રવૃતિ કરવી પડે છે અને અન્તરથી સાક્ષીરૂપ પાત્ર બની કર્તવ્ય બજાવી નિર્લેપ રહેવું પડે છે એ નિયમને અનુસરી વિદ્યાપુર વૃત્તાંત લખવામાં પ્રવૃતિ થઇ છે-સર્વને પરસ્પર એક બીજાનો ઉપકાર છે. જન્મભૂમિના ઉપગૃહ (ઉપકાર) ને ગ્રહ્યા વિના કોઇ પણ જીવી શકતો નથી. નિષ્કામદૃષ્ટિએ ગમે તે રીતે સ્વફરજથી જન્મભૂમિનો ઉપકાર પાછો વાળવો જોઇએ, નિષ્કામદશાએ ત્યાગી મનુષ્યો લેખો, ગ્રંથો અને ઉપદેશ આપીને સ્વફરજ અદા કરી સ્વજન્મ ભૂમિનો ઉપકાર વાળી શકે છે. માતા-પિતાનો ઉપકાર, શિક્ષકોનો ઉપકાર, આજુબાજુના સંબંધીઓનો ઉપગ્રહ, પાંચ ભૂતનો ઉપકાર, ધર્મ-વિદ્યા દાતાઓનો ઉપકાર વગેરે અનેક જાતના ઉપકાર તળે આ લેખકનો આત્મા આવેલ છે તેથી તે સ્વજન્મભૂમિને ઉપગ્રહ કરવા સ્વફરજ અદા કરે છે. **માતાપિતા**, કુટુંબ, પશ્ચાત્ **શિક્ષકોના** ઉપકાર, પશ્ચાત્ જૈનદેાશી શેઠ **નથુભાઇ** મંછાચંદના ઉપકારથી ઉપગૃહીત થવું પડયું. સં. ૧૯૪૭ ની સાલથી વિદ્યાશાળામાં ધાર્મિક શિક્ષણ લેવા માંડયું, ત્યારથી દેાશી નથુભાઈ મંછાચંદના સંબંધમાં આવવું પડયું. દેાશી નથુભાઇ મંછાચંદના અનેક ગુણોની અસર અમારા આત્માપર થઇ. વિજાપુર વિદ્યાશાળાના વહીવટમાં શેઠ નથુભાઇ મંછાચંદ સં. ૧૯૨૪ ની સાલથી શેઠ મંછારામ લવજીની સાથે જોડાયા. શ્રીમાન્ પરમગુરૂ મુનિરાજ શ્રી **રવિસાગરજી** મહારાજના પ્રતિબોધથી **નથુભાઇએ સમ્યક્**ત્વની પ્રાપ્તિ કરી. દેાશી નથુભાઇ ઘરના સુખી હતા. તેમ-નામાં પ્રમાણિકપણું **સારૂં** હતું, તેથી વિદ્યાશાળાનો સારી રીતે વહીવટ કરી શકયા. શ્રી **રવિસાગરજી** મહારાજ, શ્રી **ધર્મસાગરજી** મહારાજ આદિ મુનિરાજોના સમાગમમાં આવી શ્રાવકનાં વ્રત અંગીકાર કરવા સમર્થ થયા. ચિંતામણિ આદિ સંઘના દેરાસરોનો તેમણે સારી રીતે વહીવટ કર્યો. વિજા-પુરમા સર્વે લોકોમાં તેમની સારી સાખ પડી. ધાર્મિક કાર્યો કરવામાં તેમણે સારી રીતે આત્મભોગ આપ્યો. વ્યાપાર કરતાં તેમણે ધર્મકાર્ય કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાં વિશેષ પ્રવૃત્તિ કરી હતી. વિજાપુર તાલુકામાં તેમના જેવા જૈન કર્મ-યોગીની ખોટ પડી છે તે પૂર્ણ થવી મુશ્કેલ છે.

સં. ૧૯૭૧ માં તેમનું મૃત્યુ થયું. તેમના મૃત્યુથી જૈન કોમને એક જૈન રત્નની ખોટ પડી છે. શેઠ નથુભાઇ મંછાચંદે ધાર્મિક અભ્યાસ કરવામાં અમને સ્વાત્મવત્ ગણી પરલોકકાર્ય કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. તેમનાં પત્ની જડાવે પણ સ્વકરજથી અમને સાહાય્ય આપી છે. વિજાપુરના વિચાર વાતાવરણથી અમને પ્રગતિમાં વિશેષ લાભ મળ્યો છે. શ્રીમાન્ સેનાખાસખેલ સમશેર બહાદુર મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડની સરકારી ગુજરાતી શાળામાં અભ્યાસ કરવાથી વિદ્યાભિવૃદ્ધિમાં શુભ લાભ પ્રાપ્ત થયો છે. તેથી વિજાપુર વૃત્તાંત લખી વિજાપુરના લોકોને સ્વભાન કરાવવા પ્રવૃત્તિ થઇ છે.

વિજાપુર ગાયકવાડ સરકારના તાબામાં છે, વિજાપુર તાલુકાના તાબે આશરે સો (૮૭) ગામ છે. વિજાપુર તાલુકાની ત્રણ લાખના આશરે (૪૪૭૦૦૦) ઉપજ છે. મહેવાસી તાલુકા તરીકે વિજાપુર તાલુકા પ્રખ્યાત છે. ગાયકવાડી રાજ્યમાં શરવીરપણા માટે વિજાપુર પ્રખ્યાત છે, શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યમાં એકવીશ લાખ મનુષ્યની વસ્તિ છે લગભગ ૩૬૦૦ ગામોમાં એકવીસ લાખની વસ્તિ વહેંચાયેલી છે. ગાયકવાડી રાજ્યનું ક્ષેત્રફળ સવાઆઠ હજાર (૮૧૨૭) ચોરસ માઇલ જેટલું છે પરંતુ તેનો વિસ્તાર અન્ય રાજ્યો સાથે મુલક સેળભેળ હોવાથી બહોળો છે, ગાયકવાડી રાજ્યમાં એક ધર્મ પાળનારી વા એક ભાષા બોલનારી વસ્તિ નથી. હિંદુ, મુસલમાન, પારસી, જૈન ખ્રીસ્તિ વિગેરે ધર્મો પાળનારાની ગાયકવાડી રાજ્યમાં વસ્તિ છે. ગુજરાતી, મરાઠી અને ઉર્દુ એ ત્રણ ભાષા બોલાય છે. સાંસારિક રીવાજો પણ એક સરખા નથી. શ્રીમાન્ સયાજીરાવ ગાયકવાડ સરકાર તખ્તનશીન થયા તે પૂર્વે કેળવણીનો ખર્ચ ગાયકવાડી રાજ્યમાં પંદર હજાર કરતાં પ્રાયઃ વધારે નહોતો. પાંત્રીશ વર્ષ થયાં એટલામાં તો ચૌદ લાખનું કેળવણી ખાતામાં ખર્ચ વધ્યું, હાલ કેળવણી ખાતાનું બજેટ વીશલાખ રૂપીયાનું થયું છે. ગાયકવાડી રાજ્યમાં ગામોગામ ફરજીયાત સરકારી શાળાઓ ખોલવામાં આવી છે. ગાયકવાડી રાજ્યમાં કેળવણીની સંસ્થાઓ ૩૬૪૧ છે. જેમાંના ૬૫ અંગ્રેજીશિક્ષણ આપે છે. આ સંસ્થાઓમાં કુલ ૨૫૮૨૪૮ વિદ્યાર્થીઓ ભણે છે, જેમાં દોઢ લાખ છોકરા છે અને એક લાખ કન્યાઓ છે. આ પ્રમાણે ફરજીયાત શાળાઓ જો વીશ વર્ષ પર્યંત ચાલશે તો વડોદરા ગાયકવાડી રાજ્યમાં કોઇ અભણ રહેશે નહિ. ગાયકવાડના અન્ય તાલુકાઓ કરતાં અને ચઢીઉતર કરતાં તો વિજાપુર તાલુકા ઘણો પાછળ છે. વિજાપુરમાં પહેલ વહેલા અમારી ગૃહસ્થાવાસના મિત્ર દેશાઇ છોટાલાલ ધોળાભાઇ ગ્રેજ્યુએટ થએલ છે અને પરદેશમાં આફ્રિકા ખાતે પહેલવહેલા જનાર અમારા શ્રાવક શિષ્ય વાડીલાલ ચુનીલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે જેઓ હાલમાં ત્યાં મૃત્યુ પામ્યા છે. વિજાપુરમાં પહેલવહેલા શાસ્ત્રી ગિરજાશંકરભાઇ વૈયાકરણાચાર્ય થયા. સંસ્કૃત–ઇંગ્લીશ ભાષા વિગેરેમાં અન્ય તાલુકાઓ કરતાં વિજાપુર ઘણું પાછળ છે. વિજાપુરના લોકોને પોતાની સ્થિતિનું ભાન થયા વિના તેઓ પ્રગતિ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થનાર નથી. **સ્વજનગરના ઐતિહાસિક જ્ઞાનથી પોતાની ભુમિ માટે માન પ્રગટે છે અને અન્યો કરતાં સ્પર્ધામાં આગળ ચઢાયું કે પાછળ રહેવાયું તેનું ભાન થાય છે. તથા સંપપૂર્વક અન્ય દેશોની સાથે સ્પર્ધા કરવામાં જાગ્રદ્દશા પ્રાપ્ત થાય છે** અતએવ–સર્વ દેશના ચડતી પડતીના ઇતિહાસોનું ખાસ અવલોકન કરવું જોઇએ. **"જાગ્યા ત્યાંથી ઉઠા. ભુલ્યા ત્યાંથી ફરી ગણો"** આ શિખ હૃદયમાં ધારીને વિજાપુરના લોકોના સ્થિતિનું ભાન કરાવવા કંઇક અમારી પ્રવૃત્તિ થઇ છે.

વિજાપુરનું વૃત્તાંત લખવામાં જે કાંઇ લેખ બાકી રહ્યો હોય વા કંઇ સુધારવા જેવું હોય તેની સૂચનાઓ સજ્જનો કરશે તો દ્વિતીયાવૃત્તિમાં તેનો સુધારો વધારો કરવામાં આવશે. વિજાપુરના કુંડનો લેખ દ્વિતીયાવૃત્તિમાં દાખલ કરવામાં આવશે. તેમજ અન્ય ઉપયોગી બાબતોને સજ્જનો સૂચવશે તો તેને ગ્રહવામાં આવશે. ગમન કરતાં સ્ખલન થાય છે તે પ્રમાણે કેટલીક ઐતિહાસિક બાબતોમાં કલ્પના કરીને અનુમાનપર આવતાં કંઇ સ્ખલન થાય એ સ્વાભાવિક છે તેથી સ્ખલન થયું અન્ય સુજ્ઞોને લાગે તો તેઓએ અમને સૂચના કરવી–સર્વના ઇચ્છા પ્રમાણે લખાય એવું તો કયાંથી બની શકે? સંક્ષેપથી અત્ર બીના લેખવામાં આવી છે તેથી કાંઇ વાત ન લેવાઇ હોય તો સજ્જનોએ ક્ષમા કરવી. શ્રીમાન્ મહારાજશ્રી સયાજીરાવ ગાયકવાડ સરકારે વિજાપુરની પડતી દેખી છે તેથી તેઓ વિજાપુરની ચડતી થાય એવા ઉપાયો લેવા ખાસ લક્ષ્ય રાખશે એવો લેખકનો આન્તર અભિપ્રાય છે. ભાટોની પૂર્વે ચડતી હતી હાલ પડતી છે. જૈનોની પૂર્વે ચડતી હતી હાલ પડતી છે. બ્રાહ્મણો અને વહોરાઓની પૂર્વે પડતી હતી અને હાલ ચડતી છે. સથવારાની ચડતી છે. સંખ્યામાં, બળમાં, વ્યાપારમાં અને સત્તામાં જૈનો પાછળ પડવા લાગ્યા છે. બાળલગ્ન, કેળવણીમાં ખામી–કુસંપ વગેરે કારણોથી જૈનોની પડતી થઇ છે. કણબી પાટીદારોમાં કેળવણીની ઘણી ખામી છે. મુસલમાનોમાં એકંદર રીતે અવલોકતાં સમાનતા છે પણ કંઇક ચડતી છે. વિજાપુરના લોકોમાં પરસ્પર દૃષ્ટિથી અવલોકતાં ચડતી પડતીનો ખ્યાલ કર્યો; પરંતુ અન્ય તાલુકાઓ કરતાં તો વિજાપુર હાલ પશ્ચાત્ છે. આત્મા પોતાનો ઉદ્ધાર કરે છે વા પોતાનો નાશ કરે છે. વિજાપુરની પડતીમાં વિજાપુરના લોકોનું અજ્ઞાન તથા દુર્ગુણો કારણભૂત છે માટે હવે વિજાપુરના લોકોએ સ્પર્ધાના જમાનામાં આલસ્યની ઘેનમાં ન ઘોરવું જોઇએ; અમારીસામાં પોતાનું પ્રતિબંબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપેહુબ પડે છે તદ્વત્ વિજાપુર વૃત્તાંત રૂપ આરીસાને અવલોકી વિજાપુરના જનો પોતાનું સ્વરૂપ જાણી શુભપ્રગતિપથના પન્થી બનો. અમારાથી જેટલી બના તેટલી હકીકત પહેલવહેલી આ પુસ્તકમાં દાખલ કરી છે. **જેને પોતાની જન્મભૂમિ માટે સ્વાર્પણની પ્રવૃત્તિ છે તે જન્મીને આ વિશ્વમાં સ્વપરનું શ્રેયઃ કરવા સમર્થ થાયછે.** આગળ ફત્તેહ છે એવો નિશ્ચય કરી જેઓ વિવેકથી સાહસ કરે છે તેઓ કંઇક શુભ કરવાને સમર્થ થાય છે. **બાલલગ્નના મહાપાપી યજ્ઞથી વિજાપુરના જૈનોમાં બાળરંડાઓની સંખ્યા વધી છે અને નિર્માલ્ય પ્રજા ઉત્પન્ન થવા લાગી છે માટે તે દુષ્ટ રીવાજનો નાશ કરવા પ્લેગના રોગના નિવારણનાં પેઠે ચાંપતા ઉપાયો લેવાની જરૂર છે.** મહાત્માઓ–ગુરૂઓ શિખામણ આપી શકે છે. શુભ અશુભ માર્ગ દેખાડે છે પરંતુ વિવેકથી પ્રવૃત્તિ, નિવૃત્તિ કરવી તે તો સર્વના સ્વતંત્ર વિચાર પર છે. જેનો ઉદય થવાનો હોય છે તેને સાચી શિખામણ વ્હાલી લાગે છે અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. **જેઓને સવળું પણ અવળું પરિણમે છે એવાઓને શિખામણ ખરેખર ત્રિદોષની પેઠે શુભ પરિણમતી નથી.** સત્ય સ્વાતંત્ર્ય, ઉદ્યોગ, શુદ્ધપ્રેમ, પરસ્પરોપકાર વગેરે ગુણો ખીલ્યાથી દેશના વા સમાજના ઉન્નતિ થાય છે. સત્ય ગુરૂઓની શિક્ષાને જેઓ પ્રાણાર્પણ કરીને આદરે છે તેઓનું કલ્યાણ થાય છે. અને અણુમાંથી તેઓ મહાન્ બને છે. ગુરૂભક્તો ગુરૂની શિક્ષા માનીને નીચના ઉચ્ચ બને છે અને ઉચ્ચ લોકો પ્રમાદથી પતત પામી નીચ બને છે. પોતાના હાથમાં પોતાનું કલ્યાણ છે. **પરસ્પર એક બીજાની સાથે સાંકળના અંકોડાની પેઠે જોડાઈ એક બીજાનું ભલું કરી અનંત સુખમય જીવન પ્રાપ્ત કરો!!!**

શ્રીમાન્ મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ સરકારે સ્થાપન કરેલી સરકારી ગુજરાતી શાળામાં ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરી ઉત્તાર્ણ થવાથી ગુણાનુરાગદૃષ્ટિએ તેમનું કાવ્ય રચવામાં આવ્યું છે. **परगुणपरमाणुं पर्वतीकृत्य नित्यं निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः** શ્રીમાન્ મહારાજા શ્રીસયાજીરાવ ગાયકવાડ સરકારના ગુણોથી આકર્ષાઇને અમોએ તેમના ગુણોનું કાવ્ય લખી તેમનામાં વિજાપુર વગેરેના ઉન્નતિ કરવાના ભાવનાનો હાર્દિક સંદેશ, સ્વહૃદય દ્વારા પ્રેર્યો છે. શ્રીમાન્ સુબા સાહેબ સંપતરાવ ગાયકવાડ સરકાર સં. ૧૯૭૨ ના ફાલ્ગુનમાસમાં વિજાપુરમાં આવ્યા હતા ત્યારે તેમને, વિદ્યાપુર–વિદ્યાશાળામાં ચાતુર્વર્ણિક પ્રજાના ઉન્નતિ સંબંધી જાહેર બોધ આપ્યો હતો તેથી તેમના હૃદયમાં ઉંડી છાપ પડી હતી. તેમજ કડીપ્રાંતના સુબા સાહેબ રા. રા. ગોવિંદભાઇ હાથીભાઇ જ્યારે સં. ૧૯૭૦ માં અમને મહેસાણામાં મળ્યા ત્યારે તેમને અનેક બાબતો સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશ આપ્યો હતો તથા તેમને લાડોલમાં પણ સમાગમદ્વારા ઉપદેશ આપ્યો હતો એ પ્રમાણે ગાયકવાડ સરકાર શ્રીમાન મહારાજા શ્રી સયાજીરાવના રાજ્યમાં શાંતિ-ઉન્નતિ પ્રસરે એમ સત્તાધિકારીયો વગેરેને પ્રસંગોપાત્ત ઉપદેશ આપવામાં આવે છે એમાં કંઈ ફરજ કરતાં વિશેષ કરવામાં આવતું નથી. પૂર્વ કાલમાં મુનિયો પોતાની ફરજ અદા કરવા માટે રાજાઓ અને પ્રજાને વારંવાર પ્રસંગોપાત ઉપદેશ આપી તેઓનું જીવન સુધારતા હતા. એવા મુનિવરો પ્રગટો અને વિશ્વ-સમાજની પ્રગતિ કરવામાં આત્મ સામર્થ્ય વાપરો અને સર્વનું કલ્યાણ કરો !!!

इत्येवं ॐ शान्तिः ३

श्रीवीरप्रभु पट्टपरंपर जैनश्वेतांबर जगद्गुरु श्रीहीरविजय-सूरि पारंपर्यपदधारक श्रीसुखसागरजी शिष्य बुद्धि-सागरसूरिणा रचित विद्यापुर वृत्तांतः संपूर्णः ॥

श्रीमन्त सरकार सयाजीराव गायकवाडना-गुणोनी स्तुति.

श्रेयःसंततिभूषितः श्रुतकलावारांनिधेः पारगः,
शौटीर्यं कलयन् भुजेन विमलं रक्षाकरं प्राणिनाम् ।
आजन्मोर्जितशुद्धचित्रचरितः संचारकीर्तिव्रजो,
जीयाद् गुर्जरदेशपालक-सयाजीरावभूपः सदा ॥ १ ॥

उन्मार्गस्थजनान् सुमार्गगमनान् संपादयन् नीतितो,
मित्रामित्रसमानदण्डविभवः शिष्टानुरक्षाकरः ।
दानं भूरि ससत्क्रियं प्रतिदिनं संराजतेऽस्य प्रभो-
र्जीयाद् गुर्जरदेशपालक-सयाजीरावभूपः सदा ॥ २ ॥

यस्यानिन्द्यतमप्रतापनिचयः संशोभते सर्वदा,
यातीवास्तमिति प्रचण्डकिरणः संक्षुभ्यमानो हृदि ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બૃહદ્ વિજાપુર વૃત્તાન્ત

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ

ભારતભૂષણ વિદ્યાવિલાસી ગુર્જર નરેશ

જેમના રાજ્યમાં વિજાપુરમાં સુરીશ્વરજી જન્મ્યા અને નિર્વાણ પામ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पीयूषोज्ज्वलयद्यो विजयते क्षीणस्ततोऽन्यो नु किं ?
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ३ ॥

सज्यं येन कृतं कदापि न धनुः कोपाकुलं चाननं,
शौर्यौदार्यविशेषभूषितवपुर्यष्ट्या क्षमोदन्वता ।
यस्याज्ञां शिरसा वहन्ति तदपि प्रेम्णा प्रजापालका,
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ४ ॥

कान्ता यस्य गुणाः सदा स्फुटतरा राजन्ति भूवर्तिनो,
भीमा भूरिभयप्रदाश्च नितरां विद्वेषिणां भूपतेः ।
गम्यस्तेन भवत्ययं जनवरैर्धृष्यो न चान्यैर्जनै–
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ५ ॥

यद्राष्ट्रे नितरां फलन्ति शुभदाः सामाद्युपाया इव,
सम्यग्योग–सुसत्क्रिया–शुभपदे संप्रापिताः संपदः ।
संघर्षं समुपेत्य बृंहिततरो दर्का यका आर्थिका
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ६ ॥

स्वायत्तीकृतशात्रवेण पदवीं श्रीमानवीं पित्सुना,
सम्यग् भागतया विविच्य विधिना रात्रिंदिवं पौरुषम् ।
नष्टालस्यविमोहमाररुचिना तंतन्यते न्यायतो,
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ७ ॥

यद्राष्ट्रीयजनेषु चौर्यवचनं संश्रूयते शास्त्रगं,
दीप्रेणोत्तमशासनेन च सदा नीतिप्रवादः परः ।
वैरत्रासविवाददूषणगणो वैराग्यतां संगतो,
जीयाद् गुर्जरदेशपालक–सयाजीरावभूपः सदा ॥ ८ ॥

वर्णाः सदा ब्राह्मण शस्त्रपाणि–
वैश्यास्तथा शूद्रमुखादयोऽन्ये ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्वधर्मनिष्ठा अवदीयशासनाद्,
विद्वेषभावं परित्यजन्ति ॥ ९ ॥

क्रियाकलापा निजधर्मकल्पाः,
समस्तभावेन सुसिद्धिभाजः ।
तन्मूलहेतुर्भवतः प्रतापः,
समस्ति कामाद्यरिधूमकेतुः ॥ १० ॥

देशान्तरे भ्रमणोत्सुकोऽन्यः,
कस्ते तुलां लब्धुमनल्पधैर्यः ।
योग्यो भवेद्धंसविविक्तबुद्धे-
र्गृहीतदुग्धोज्ज्वलतत्वराशेः ॥ ११ ॥

फलानुमेयानि भवन्ति लोके,
कार्याणि ते धातुरिवोत्तमानि ।
विवेकविज्ञानविवर्धकानि,
प्रजाप्रमोदैकसमृद्धिभाञ्जि ॥ १२ ॥

विद्यालया एव समस्तदेश-
माश्रित्य ते शासनतो विभान्ति ।
स्थानं न किञ्चित् प्रतिभाति तादृग्,
नो यत्र बालाः प्रपठन्ति विद्याम् ॥ १३ ॥

विद्योष्णरश्मिस्तव मानसस्थः,
प्रकाशयत्येव सदा धरित्रीम् ।
चित्रं तदस्त्येव नभःस्थितोऽयं,
न तत्तुलां प्राप सहस्ररश्मिः ॥ १४ ॥

कलानिधानः स्वयमेव भासि,
सर्वार्थसंसाधनमुख्यबीजम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तेनैष शीतांशुरनुक्रमेण,
विश्रामहेतोः क्षयतां प्रयाति ॥ १५ ॥

कौमारके न्यस्तसमस्तविद्यः,
सुयौवनं प्राप्य सुनीतिरीत्या ।
धृतः प्रजापालनकार्यभारः,
चकाँस्सि सर्वत्र जयानुमेयः ॥ १६ ॥

प्रतिपुरं त्वया वाचनालया,
अपि निरूपिता ह्युग्रबुद्धयः ।
विविधदेशगं येषु भावुकं,
श्रुतिपथं सदा कुर्वते स्थिताः ॥ १७ ॥

रचितवानहो ! ज्ञानवृद्धये,
प्रचुरसाधनाः शर्मसेवधीन् ।
परिषदो भवान् विश्वगोपका,
जनहितैकसाधनोद्यतः सदा ॥ १८ ॥

नवमवोत्थितां देशनोपमां,
वचनसन्ततिं भव्यजन्तवः ।
भवमहोदधौ सार्थकं जना,
विदधते भवत्प्रेमदृष्टितः ॥ १९ ॥

तव कलाशशी भूषयत्यहो !,
विषयशर्वरीं शर्मसेविनीम् ।
प्रतिदिनं विभोऽभ्युन्नतिक्रम-
शरणतत्परां नित्यराजिनीम् ॥ २० ॥

कुमुमतोऽधिकानन्ददायिनीं,
मुदितमानसास्तावकीं धियम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गुणगणान्वितां जानते जनाः,
शिवफलप्रदामायतिक्षमाम् ॥ २१ ॥

कलिकला न ते राष्ट्रगामिनी,
श्रवणगोचरा भारतीतले ।
अभवदित्यलं सत्सु शोभना,
गुणविवर्त्तना शोभतेतराम् ॥ २२ ॥

को[1] भात्यंबरगो विभूषयति कं[2] भूमिं सदा धर्मिषु,
कौ[3] मुख्यः सरसि प्रभाति किं[4]मलं रक्षाकरः कः स्मृतः ।
यानं किं[5] नृपतेर्विभाति शशिना कां[6] निःस्पृहः को भुवि
मत्प्रश्नोत्तरमध्यमाक्षरपदैर्भूयात् तवाशीर्वचः ॥ २३ ॥

(उत्तर—हे सयाजीराव जय)

श्रीमत्सयाजीरावस्य, गौर्जरीयमहीपतेः ।
महत्ताकीर्त्तनं काव्यं, सद्गुणैः पूर्णशोभकम् ॥ २४ ॥

शुभं गुणानुरागेण, लाटापल्ल्यां विनिर्मितम् ।
गुणोन्नतेः प्रसिद्धयर्थं, बुद्धिसागरसूरिणा ॥ २५ ॥

---

१ प्रदेशः २ सुसती. ३ दयालुः ४ राजीवम् ५ सुराजा. ६ जवनः ७ रजनी. ८ संयतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ મગનલાલ કંકુચંદનું જીવન ચરિત્ર.

શેઠ કંકુચંદ બહેચરના વડવાઓનો ઇતિહાસ.

જૈન શેઠ કંકુચંદ બહેચરના વડવાઓ અસલ મારવાડમાં ભિન્નમાલ નગરમાં રહેતા હતા. લાડોલના મહાત્મા વહીવંચા (ચૈત્યવાસમાંથી ગૃહસ્થ કુલગુરૂ તરીકે ઉતરી આવેલા)પ્રખ્યાત છે, તેમની ગાદી પર મણિલાલ હીરાચંદ તથા હાથીચંદ હીરાચંદ છે. મણિલાલની પ્રાચીનવહીમાંથી નીચે પ્રમાણે પેઢીઓ ઉતારી છે.

૧ રાજા જશવંતસિંઘ	૯ રાજા કલ્યાણસિંહ
૨ રાજા અભયસિંહ	૧૦ રાજા મદનસિંહ
૩ રાજા કરણસિંહ	૧૧ રાજા જુવાનસિંહ
૪ રાજા મદનસિંહ	૧૨ રાજા પ્રતાપસિંહ
૫ રાજા અર્જુનસિંહ	૧૩ રાજા બદેસિંહજી
૬ રાજા ભભુતસિંહ	૧૪ રાજા મદારસિંહજી
૭ રાજા અજમલ્લસિંહ	૧૫ રાજા અદ્‌ભુતસિંહજી
૮ રાજા રાજમલ્લસિંહ	૧૬ રાજા પંચબાણજી

સોળમી પેઢીએ આવેલ પંચબાણજીથી તેમના પેઢીનો વિશેષ ઇતિહાસ માલુમ પડે છે. ઉપરના રાજાઓનું ગૌતમ ગોત્ર–સૂર્યવંશ અને ગોત્રદેવી અંબિકા હતી. રાજા પંચબાણજીના ગુરૂશ્રી પૂર્ણિમાગચ્છીય શ્રીપદ્મદેવ સૂરિ હતા. સં. ૧૧૯૧ માં પંચબાણજી જન્મ્યા હોય વા રાજ્ય યોગ્ય થયા હોય એમ પેઢીનામાથી અનુમાન થાય છે. પદ્મદેવસૂરિના બોધથી શ્રી પંચબાણે શ્રાવકનાં વ્રત ઉચ્ચર્યાં હતાં. અને તેમને વીશાશ્રીમાલી તરીકે ક્ષત્રીયવર્ગમાંથી દાખલ કર્યા–અગિયારમા સૈકામાં. (બારસેંની સાલમાં) શ્રી માનતંગસૂરિના એક શિષ્ય પદ્મદેવસૂરિ નામના થયા તથા એક નરચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂરિના શિષ્ય અને શ્રા તિલકસૂરના શિષ્ય પદ્મદેવસૂરિ થયા–પદ્મદેવસૂરએ સિદ્ધસેન–દિવાકરના રચેલ લબ્ધિપ્રપંચ ગ્રન્થ પર લબ્ધિપ્રપંચ પ્રબોધિકા નામની લઘુ ટીકા રચી છે. તથા યોગરહસ્ય નામનો ગ્રન્થ તેમણે રચ્યો છે. પૂર્ણિમાગચ્છીય પટ્ટાવલિની પ્રાપ્તિ થતાં તેનો વિશેષ નિર્ણય થાય તેમ છે. રાજા પંચબાણજીને અગિયાર રાણીઓ હતી. દશ મહેતા હતા. રાજા પંચબાણે ભિન્નમાળમાં વસનાર બાર હજાર બસેં પાંત્રીશ જૈનોના ઘેર લહાણું કર્યું. તેમાં પ્રતિ ગૃહે એક સુવર્ણ મહોર, એક પાંચ શેરની થાળી અને એક લાડવો એ પ્રમાણે લ્હાણી કરી. તેણે જૈનધર્મની સારી રીતે પ્રભાવના કરી.

રાજા પંચબાણની પદ્માવતી રાણીના ઉદરથી પદ્મસિંહનો જન્મ થયો, રાજા પદ્મસિંહની ભાર્યા પ્રેમલાદેવીથી ખેતાક પુત્રનો જન્મ થયો. ખેતાકના વખતમાં ભિન્નમાલમાં યુદ્ધ થયું હોય તેમ જણાય છે. કારણકે ખેતાકે ભિન્નમાલનો ત્યાગ કર્યો અને તે વટપદ્ર (વડોદરા) માં આવ્યા. વડોદરામાં ખેતાકસિંહે પાવન જીનાલયવાળું મહાવીર પ્રભુનું દેરાસર બંધાવ્યું અને તેણે આગમોને લખાવવામાં પાંચ લાખ રૂપીયા ખર્ચ્યા, ખેતાની ભાર્યા મનેવરીના પુત્ર સોમરાજ થયા. વડોદરામાં રાજ્યવિરોધ થવાથી તેઓ ત્યાંથી નાકળ્યા અને વિસનગરમાં આવી વસ્યા. સોમરાજના પુત્ર ભીમા અને મુના એ બે થયા. તેમાં મુનાએ સંતતીના કારણે જૈન ગૃહસ્થ કુલગુરૂના વચન પ્રમાણે દેવીના આદેશથી દશાશ્રીમાલીનાં કન્યા પરણ્યા ત્યારથી તેમનો વંશ દશાશ્રીમાલી તરીકે ઓળખાવા લાગ્યો. સં. ૧૨૮૦ લગભગમાં વસ્તુપાલ તેજપાલ પાટણમાં ચોરાશી જાતના વાણીયાની ન્યાત કરી. તેમાં વસ્તુપાલ અને તેજપાલના પક્ષમાં રહી જેઓ ન્યાતમાં જમ્યા તે દશા કહેવાણા. અને જે ન જમ્યા તે વીશા કહેવાણા. વાણીયાની બીજી પણ નાતોમાં આવા અનેક કારણથી દશા અને વીશાના ભેદ પડ્યા છે.

શેઠ મુનાના પુત્ર દેવો, રાણો, સાલિંગ, વીકા અને નાના એ પાંચ થયા. દેવાના પુત્ર જોટા સોમલ થયા. જોટાના પુત્ર સરવણ, સાંડા અને વિક્રમ એ ત્રણ થયા. સરવણના પુત્ર માંડક અને ભોટુ થયા.

સં. ૧૩૮૫ ના સાલમાં વિસનગરમાં જોટાના પુત્રોએ શ્રી પાર્શ્વનાથનું દેરાસર બંધાવી સાત લાખ રૂપીયા ખર્ચ્યા. શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાના ગુરૂ શ્રી દેવસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ માંડુકના પુત્ર ભીમા.

શેઠ ભીમા	નાથા–પુત્ર રૂપા	કંકુચંદના પુત્રો
શેઠ હાપા	રાજુવા	૧ રવચંદભાઇ
શેઠ કરમશી	જગમાલ	૨ ધહેલાભાઇ
શેઠ નાનંગ	મંગલજી	૩ મગનલાલ
શેઠ પાસા	પ્રતાપ	૪ બાદરભાઇ
શેઠ નાથા	કીશોર	૫ ઉમેદભાઇ
	કરમચંદ	રવચંદભાઇના જેશંગ-
	અહેચર	ભાઇ અને ધેલાભાઇના
	કંકુચંદ	બાલચંદ

હાપા વા તેના પછીના વંશજો વીસનગરમાંથી સાબરમતીના કાંઠાપર આવેલા ધાંટુ ગામમાં આવીને વસ્યા. ધાંટુનો સં. ૧૮૪૨ ની લડાઈમાં નાશ થયો ત્યારે રાજુવાશેઠ ધાંટુનો ત્યાગ કરીને જૂના સંધપુરમાં આવીને વસ્યા. માંડુકના વંશમાંના કેટલાક કલોલ પાસેના ઉંગુચા ગામમાં જઈ વસ્યા છે તે હાલ વિદ્યમાન છે. સં. ૧૮૫૫ ચૈત્ર વદિ બીજે કીશોર શેઠે સંધપુરથી સંઘદ્વારા સિદ્ધાચલના યાત્રા કરી. સં. ૧૮૭૩ માં કીશોર શેઠે તારંગાજીનો સંઘ કહાડ્યો. સં, ૧૮૭૪ માં ચૈત્ર શુદિ ચૌદશે મૂલનાયક ચંદ્રપ્રભુને શેઠ કીશોરે ગાદીએ બેસાડ્યા, તે વખતે મલુકચંદ કીશોરે રૂા. ૧૦૧ નો ચડાવો લીધો હતો. હાલ સંધપુરના કેટલાક વૃદ્ધ પુરૂષો કહે છે કે ચંદ્રપ્રભુની પ્રતિમા ધાંટુથી લાવવામાં આવી હતી અને હાલ જૂના સંધપુરના દેરાસરમાં જૂના લેખનાં બે પાટીયાં છે તે પણ ધાંટુથી લાવવામાં આવ્યા હતા. અને ધાંટુમાંથી બે લેખોનાં પાટીયાં વિજાપુરમાં ચિંતામણિના દેરાસરમાં લાવવામાં આવ્યાં હતાં. પણ તેનો તપાસ કરતાં પત્તો લાગતો નથી. ધાંટુથી શ્રીસંભવાથનની પ્રતિમાને લાવવામાં આવી છે. સં. ૧૯૨૪ લગભગમાં જુનું સંધપુર પાણીની રેલમાં તણાયું, પછી નવું સંધપુર વસ્યું. જૂના સંધપુરમાંથી ચંદ્રપ્રભુની પ્રતિમાને નવા સંધપુરમાં લાવવામાં આવી. હાલ જુના સંધપુરના દેરાસરામાં ૬૬ શ્લોકથી ૧૧૫ શ્લોક સુધીનાં બે પાટીયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે લેખનો ઉતારો પ્રસ્તાવનામાં કરવામાં આવ્યો છે, શેઠ કીશોર પ્રતાપે વિજાપુરના ચિંતામણીના દેરાસરમાં શાંતિનાથની પ્રતિમા પધરાવી, તથા બે નવકારશીઓ કરી. સં. ૧૮૬૨ માં વૈશાખ શુદિ ત્રીજના રોજ શેઠ કીશોરનો વસ્તાર વિજાપુરમાં આવી વસ્યો. સં. ૧૮૮૮ ના ફાલ્ગુણ શુદિ બીજના રોજ કરમચંદભાઇએ દીક્ષા લીધી, તેમનું નામ કીર્તિવિમલ પડયું. તે વખતે બે નવકારશી થઇ તેમાં એકેક નવકારશીમાં બેતાલીશ મણ ઘીનો શીરો વર્યો. બે માસનું તપ કરીને કીર્તિવિમલજી સ્વર્ગ માં ગયા. શેઠ કરમચંદ કીશોરના પુત્ર શેઠ બહેચર થયા અને તેના પુત્ર કંકુચંદ થયા. શ્રીમાલીવાડામાં કીશોર શેઠનો વસ્તાર સં. ૧૮૬૨ થી આવ્યો, તેને હાલ સો વર્ષ અને ઉપર બાર વર્ષ થયાં છે.

શેઠ મગનલાલનો જન્મ.

વિજાપુરમાં શ્રીમાલીવાડામાં શેઠ કંકુચંદ બહેચરનું ઘર છે. કંકુચંદ શેઠની પત્નીનું ખુશાલબાઇ નામ હતું. તેની કુખથી રવચંદ, ઘહેલાભાઇ મગનલાલભાઇ, બાદરભાઇ અને ઉમેદભાઇ એ પાંચ પુત્રોનો જન્મ થયો. કંકુચંદ અને ખુશાલબાઇની જૈનધર્મપર પૂર્ણશ્રદ્ધા હતી. તેઓ બન્ને ઇષ્ટદેવ ગુરૂ અને ધર્મનું આરાધન કરવામાં સદા તત્પર રહેતાં હતાં, સાધુઓનું વ્યાખ્યાન શ્રવણ કરવા માટે કંકુચંદભાઇ દરરોજ જતા હતા. જૈનધર્મની તે બંનેમાં હાડોહાડ શ્રદ્ધા હતી. કુદેવ, કુગુરૂ અને કુધર્મની માન્યતાથી સદા દૂર રહેતાં હતાં. શુભકર્મથી સુખ અને અશુભ કર્મથી દુઃખ થાય છે એવી શ્રીવીરપ્રભુની વાણીની શ્રદ્ધાથી તેઓ રંગાયા હતાં. તેમણે જગતના અનેક અનુભવ લીધા હતા. દુઃખ અને સુખના દિવસોની દશામાંથી તેઓ પસાર થયાં હતાં. સર્વ જીવોના દયા પાળવામાં તેઓ બંને સદા તત્પર રહેતાં હતાં શ્રી જિનેન્દ્રપ્રભુની ભક્તિ કરવામાં તેઓ ઘણો સમય વ્યતીત કરતાં હતાં. સં. ૧૯૧૮ ની સાલમાં શેઠ મગનલાલનો જન્મ થયો. ' પુત્રનાં લક્ષણ પારણામાં ' એ કહેવતના અનુસારે મગનલાલના ગુણોનો આભાસ થવા લાગ્યો. માતાના વાત્સલ્ય પ્રેમામૃતના પાનથી મગનલાલ દરરોજ વધવા લાગ્યા. બાલ્યાવસ્થામાં માતા અને પિતાનો પુત્રપર જે પ્રેમ હોય છે તેનું વર્ણન થઈ શકતું નથી. **માતા સ્વર સમાન છે અને પિતા વ્યંજન સમાન છે. પિતા આકાશ સમાન છે તો માતા પૃથ્વી સમાન છે.** માતાની પૂર્ણ પ્રેમદૃષ્ટિથી અને પિતાના સ્નેહથી બાલ્યાવસ્થાથી સુખમય જીંદગીનો ખ્યાલ ખરેખર ગમે તેવી અવસ્થામાં કોઇને આવ્યા વિના રહેતો નથી. કલ્પવૃક્ષની શીતળછાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાન માતાના ખોળામાં તેઓ લાડથી ઉછર્યા. ખુશાલમાતાનાં કોડ પૂર્ણ થયા. બાલ્યાવસ્થામાં તેમણે રમતગમતથી પોતાના શરીરને પુષ્ટ કર્યું. તેઓ પાંચ છ વર્ષના થયા બાદ માતપિતાએ નિશાળમાં મૂકવાનો વિચાર કર્યો. શ્રીમાલીવાડામાં ધનેશ્વર મહેતાની નિશાળમાં તેમને નિશાળગરણાપૂર્વક બેસાડવામાં આવ્યા. હાલના કરતાં તે વખતની ગામઠી શાળાઓ જૂદા પ્રકારની હતી. ગામઠી શાળાઓનું ભણામણ બધું ૩-૪-૫ રૂપૈયામાં સમાઇ જતું હતું. તેમણે બે ત્રણ વરસ પર્યંત ગુજરાતી શાળામાં અભ્યાસ કર્યો અને તે વખતે ભણનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. પશ્ચાત્ મુંબઇમાં અંગ્રેજી માસ્તરનો યોગ મળ્યાથી તેમણે અંગ્રેજી એક બુકનો અભ્યાસ કર્યો. પશ્ચાત્ પંદર સોળ વરસની ઉમર થતાં તેઓ નોકરીએ લાગ્યા. તેમનામાં સારા સદ્‌ગુણો અને પ્રમાણિકપણું ખીલ્યું હતું, તેથી લોકોમાં તેમની પ્રતિષ્ઠા વધવા લાગી. તેમના પિતા તેમને વારંવાર પરદેશ વેપાર કરવા જવા માટે શિખામણ આપતા હતા. શેઠ રવચંદ કંકુચંદ કે જે તેઓના મોટા ભાઇ હતા તેમની સાથે તેઓ મુંબાઇ ગયા હતા; ત્યાં તેઓ અનેક જાતના વેપારનો અનુભવ કરવા લાગ્યા. પોતાની પ્રમાણિકવૃત્તિથી અને અન્યોને આકર્ષણ કરવાની શકિતથી મોટા મોટા જૈન વેપારી શેઠીયાઓને પ્રિય થયા. સંવત્ ૧૯૪૪ ની સાલમાં તેમણે મુંબાઇમાં પોતાના નામની કમીશન એજન્ટની દુકાન શરૂ કરી. તે નામ અને ધંધો હાલ સુધી કાયમ છે. પોતાનાં પુણ્યના પ્રતાપે કાપડ વગેરેની દલાલીમાં સારી રીતે ફાવવા લાગ્યા અને તેથી લક્ષ્મી વધવા લાગી.

સંવત ૧૯૩૬ ની સાલમાં તેમનું અહમદનગરની જૈન કન્યા બાઇ મેનાબાઇની સાથે પ્રથમ લગ્ન થયું. બાઇ મેનામાં સતીના ગુણો હતા તેથી તે બાઇ મગનલાલને સંસાર વહેવારમાં ચઢતીની કળામાં એક કારણ રૂપ થયાં. બાઇમેનાનો સ્વર્ગવાસ સંવત્ ૧૯૪૮ ની સાલમાં થયો, અને તેજ સાલમાં સંઘપુરની શ્રાવિકા ચંદનની સાથે તેમનું લગ્ન થયું. ચંદન એક સારા કુળમાં જન્મેલી જૈન કન્યા હતી. બાઇ મેનાના ભાઇ લલ્લુભાઇ કરમચંદ કે જેઓ સં. ૧૯૪૬ થી મગનલાલ શેઠની પાસે છે તેમની સાથે બાઇ ચંદનનો ભાઇ કરતાં પણ વિશેષ સંબંધ હતો. તેઓ બાઇ ચંદનના ગુણોની ઘણી પ્રશંસા કરે છે અને કહે છે કે કુટુંબને જાળવવા માટે અને પતિની સેવા ચાકરી કરવા માટે ચંદનના જેવા ગુણો બીજામાં મેં ભાગ્યે જ જોયા હશે. વિજાપુર અને આસપાસના જે જે સગાસંબંધીઓ મુંબાઇમાં આવતા તેઓની સેવા ચાકરી કરવા માટે તે કચાશ રાખતી નહોતી. પોતાના કુટુંબને તે પ્રસંગોપાત સારી સલાહ આપ્યા કરતી હતી. શેઠ મગનલાલ કંકુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદને પણ તેની સલાહ ઘણી ઉપયોગી થઇ પડતી હતી. પોતાના પતિ જ્યારે કોઇ કોઇ વખતે ચિંતામગ્ન થતા ત્યારે તેમને ઘણી ધીરજ આપતી હતી, અને સંસારના સાથી તરીકે પોતાની નેક ટેક સદા અદા કરતી હતી. તેનામાં ગંભીરતા, માયાળુ સ્વભાવ, અતિથિસત્કાર, પરોપકારવૃત્તિ, સર્વના સારામાં ભાગ, સહનશીલતા, નમ્રતા, વિવેક વિગેરે ઘણા ગુણો ખીલ્યા હતા. શેઠ મગનલાલ કંકુચંદને જરા માત્ર પણ ઓછું આવવા દેતી નહોતી. કુંકામાં સુશીલ પત્ની તરીકેની ખ્યાતિ તેણે મેળવી હતી. તેઓ મુંબઇ જૈન મહિલા સમાજમાં પેટ્રન હોવાનું માન ધરાવતાં હતાં. બાઇ ચંદનને પુણ્યયોગે એક પુત્ર થયો હતો પણ તે ગુજરી ગયો. બાઇ ચંદનના કુંકુમ પગલાંથી કુટુંબમાં લક્ષ્મી વધવા લાગી અને જ્યાં ત્યાં તેમના કુટુંબની પ્રતિષ્ઠામાં વધારો થવા લાગ્યો. બાઇ ચંદને પોતાના પતિ સાથે ઘણી યાત્રાઓ કરી, સાધુ સાધ્વીઓને દાન આપ્યાં અને ઘણા મુનિઓનાં વ્યાખ્યાન સાંભળ્યાં. સં. ૧૯૬૮ ની સાલમાં તેમનો સ્વર્ગવાસ થયો.

સંવત્ ૧૯૬૮ ની સાલમાં ગઢોડાની બાઇ મંગુની સાથે શેઠ મગનલાલ કંકુચંદનું ત્રીજી વખત લગ્ન થયું. તે બાઇ હાલ હયાત છે; અને તે બાઇ પણ સારા સદ્‌ગુણો ખીલવી પૂર્વની સ્ત્રીઓની પેઠે પ્રખ્યાત થાય એવી ઇચ્છા રાખવામાં આવે છે.

શેઠ મગનલાલ કંકુચંદના મોટા ભાઇ રવચંદભાઇ ગુણીયલ હતા. તેમનામાં ગંભીરતા અને શાંતતા હતી. પોતાના કુટુંબનું પ્રતિપાલન કરવામાં તેઓ દક્ષ હતા. તેઓ પોતાની પાછળ જેશંગભાઇ નામના સુશીલ પુત્ર મુકીને સંવત્ ૧૯૪૯ ની સાલમાં સ્વર્ગવાસી થયા. શેઠ મગનલાલના પિતા કંકુચંદભાઈ સં. ૧૯૫૨ માં સ્વર્ગવાસ થયા. શેઠ બાદરભાઇ કંકુચંદ સંવત્ ૧૯૫૮ માં સ્વર્ગવાસી થયા. સંવત્ ૧૯૬૩ માં ધેલાભાઇ કંકુચંદ પોતાની પાછળ બાલચંદ નામના પુત્રને મુકી સ્વર્ગવાસી થયા. તેમના સૌથી લઘુ બંધુનું નામ ઉમેદભાઇ છે, તેઓ ઘણા બાહોશ છે અને અત્યંત માયાળુ છે.

શેઠ બાદરભાઇ કંકુચંદની પાછળ તેમની મીલકતમાંથી રૂપીઆ દશ હજાર ખરચી બાદરભાઇના નામથી દોશીવાડામાં **બાદરવાડી** બંધાવી છે. સં. ૧૯૬૬ ની સાલમાં પંડિત રવિદત્ત લક્ષ્મીશંકરને પગાર આપી બાદરવાડીમાં જૈન શ્રાવિકાઓને ભણાવવા માટે પાઠશાળા સ્થાપી છે. તે પાઠશાળા હાલ પણ ચાલે છે. અનેક પાઠશાળાઓને શેઠ મગનલાલ કંકુચંદે મદદ કરી છે.

તેમનામાં દયા ગુણ પ્રતિદિન ખીલતો જાય છે. સંવત્ ૧૯૫૬ ની સાલમાં ગુજરાત મારવાડ વગેરેમાં ભયંકર દુકાળ પડયો ત્યારે શેઠ મગન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાલ કંકુચંદે મુંબઇમાં ઘણા ગરીબોની તથા પાંજરાપોળોની ટીપોમાં મદદ કરી હતી, અને ઘણી ટીપો શેઠીઆઓ પાસે જતે જઈ ભરાવી હતી. વિજાપુરમાં સંવત્ ૧૯૫૬ ની સાલમાં પશુઓને ઘણું દુઃખ પડ્યું ત્યારે મુંબાઇમાં પાંજરાપોળની ટીપ કરાવી રૂપીઆ દશહજારને આશરે ભરાવી આપ્યા તથા મુંબાઇ મોતીના કાંટેથી વિજાપુરની પાંજરાપોળ માટે રૂા. ૨૦૦) નું વર્ષાસન બાંધી આપવામાં મદદ કરી તથા સંવત્ ૧૯૫૬ ની સાલમાં દુષ્કાળીઆઓને નવ મહીના સુધી ખમરા ચણા આપી મદદ કરી હતી.

શેઠ મગનલાલ કંકુચંદે અનેક મનુષ્યોને ગુપ્તદાન આપ્યાં છે. તે અત્ર નોંધમાં લાવવા જેવાં નથી.—ગુપ્તદાન આપવાથી અનંત પુણ્ય ઉત્પન્ન થાય છે. ઘણી શ્રાવિકાઓને તેમણે ગુપ્તદાન આપી મદદ કરી છે અને અનેક શ્રાવકોને પણ બાનગીમાં મદદ કરી છે. માત્ર જૈનોને દાન આપી સહાય કરે છે એટલું જ નહીં પણ સર્વ સાધારણ મનુષ્યોને મદદ કરે છે. અમદાવાદની જૈન બોર્ડીંગમાં બે વિદ્યાર્થીઓને રૂકોલરશીપ તરીકે માસીક દશ રૂપીઆ કેટલાક વરસ આપવામાં આવ્યા છે. રાજકોટની જૈન બોર્ડીંગમાં તેમણે રૂપીઆ સો બક્ષીસ આપેલા છે. મુંબઇમાં સ્થપાએલા મહાવીર જૈન વિદ્યાલયમાં તેમણે દરવર્ષે રૂપીઆ પચ્યાસ દશ વરસ સુધી આપવા કબૂલ્યું છે. પાલીતાણાના જૈન બાલાશ્રમ વગેરે અનેક ખાતાંઓમાં વખતો વખત તેમણે ઘણી મદદ કરેલી છે અને કરે છે.

જીવદયા—સંઘપુર, ધસાયતા, રામપુરા, મહુડી, હીરપુરા વગેરે સાબરકાંઠાના તેર ગામોમાં દશેરાને દીવસે પશુવધ થતો હતો તે બંધ કરાવ્યો છે. હાલ પણ તેમની પશુવધ બંધ કરાવવામાં પ્રવૃત્તિ છે. આગલોડમાં દશેરાને દીવસે એક ભેંસ મરાતી હતી તેનો અટકાવ કરવા માટે અમલદાર વર્ગને કહી આજ સાલમાં સારી સહાય આપી છે—બંધ થયો છે.

સંવત્ ૧૯૬૭ ની સાલમાં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો ત્યારે વિજાપુરની પાંજરાપોળમાં અનેક પશુ આવવા લાગ્યાં. તેમના માટે તેમણે સારો બંદોબસ્ત કર્યો છે. સંવત્ ૧૯૭૧ ના દુષ્કાળમાં તેમણે ગાય ભેંસોના ચારામાં ઘાસની સારી મદદ આપી છે.

દક્ષિણુમાં નેપાણી ગામમાં સં. ૧૯૪૯ ની સાલમાં જીનેશ્વર ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમણે મોટો આગેવાની ભર્યો ભાગ લીધો હતો. નેપાણી તરફની એક શ્રાવિકાએ રૂપીઆ ત્રીસ હજાર ખરચી આસપાસના જૈનોને તેડાવ્યા હતા. દરરોજ સત્તર હજાર માણસો જમતાં હતાં. આઠ દિવસ સુધી સત્તર હજાર જૈનોને જમાડવાની તે બાબ તરફથી સર્વે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવસ્થા શેઠ મગનલાલ કંકુચંદે કરી હતી. રથ, ટોળી, વાજાં વિગેરે સાહિત્ય તેઓ મુંબાઇથી લઇ ગયા હતા. તે જીલ્લામાં પાંજરાપોળ નહીં હોવાથી ત્યાંના જૈનોને ઉપદેશ કરી એક મોટી ટીપ કરાવી ગૌરક્ષાખાતું સ્થાપન કર્યું હતું.

જૈન અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળને મદદ—સંવત્ ૧૯૬૪ ની સાલમાં માણસામાં મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજીએ ચોમાસું કરી જૈન અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળની સ્થાપના કરી. તે વખતે ત્રણ ચાર હજાર જૈન ભેગા થયા હતા; અને ત્રણ દિવસ સુધી ગુરૂ મહારાજ તરફથી જાહેર વ્યાખ્યાન આપવામાં આવ્યાં હતાં શેઠ **વીર**ચંદ કૃષ્ણાજીએ તથા માણસાના સંઘે ત્યાં પધારેલા સંઘની ભક્તિ કરવામાં ખામી રાખી નહોતી. શેઠ **વીર**ચંદ કૃષ્ણાજી, શેઠ **મ**ગનલાલ કંકુચંદ, શાહ **લલ્લુ**ભાઇ ક**ર**મચંદ, પાદરાવાળા વકીલ શાહ **મો**હનલાલ **હી**મચંદભાઇ, સૂરતના ઝવેરી શાહ **જી**વણભાઇ ધ**ર**મચંદ તથા અમદાવાદના પ્રખ્યાત શેઠ જ**ગા**ભાઇ દલપતભાઇ વગેરેએ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળમાં આગેવાની ભર્યો ભાગ લીધો હતો. તે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મારફતે હાલ છત્રીસ–સાડત્રીસ પુસ્તકો છપાવી બહાર પાડવામાં આવ્યાં છે. શેઠ મગનલાલ કંકુચંદે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મારફત કુમારપાળ ચરિત્ર છપાવી બહાર પાડયું છે તથા ગહુંલીસંગ્રહ પુસ્તક છપાવીને બહાર પાડયું છે. તથા **આ**નંદઘનપદસંગ્રહ ભાવાર્થ નામના પુસ્તકમાં ઘણી સારી મદદ કરી છે. તથા આરોગ્ય દર્પણ નામના વૈદકીય પુસ્તક છપાવવાના કામમાં પણ સારી સહાય આપી છે. તથા ઐતિહાસિક **વિદ્યાપુર** વૃતાંત નામનું આ પુસ્તક પણ પોતાના ખર્ચે છપાવી બહાર પાડયું છે.

શેઠ મગનલાલ કંકુચંદ બોર્ડીંગ–વિજાપુરમાં તા. ૨૫–૩–૧૯૧૨ સંવત્ ૧૯૬૭ ની સાલથી દર વર્ષે રૂપીઆ દોઢસોની સહાય આપી સાર્વજનિક પરદેશી વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગ સ્થાપન કરી છે. તે બોર્ડીંગમાં હાલ વીસથી પચીસને આશરે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તે બોર્ડીંગના નિયમો અંગ્રેજી શાળાના પ્રસિદ્ધ પરમાર્થી માસ્તર કાળીદાસ ચુનીલાલ કીનખાબવાળા તરફથી ઘડાવી તઇયાર કરવામાં આવેલા છે. શેઠ મગનલાલે હાલ તે બોર્ડીંગમાં રૂપીઆ ત્રણ હજારનો વ્યાજની વાર્ષિક મદદ–આશરે રૂા. ૧૮૦ અંક એકસોએંશીની કરી છે.

શેઠ મગનલાલ કંકુચંદની આવી સાર્વજનિક પરોપકારિક દાનવૃત્તિથી વિજાપુરના સજ્જનોને ઘણો જ આનંદ થયો છે, ઉપર કહેલી રૂપીઆ ત્રણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હજારની રકમની ઉદાર દાનવૃત્તિ માટે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી તેમને ધન્યવાદ આપવામાં આવે છે. હાલના ઉજમણા પ્રસંગે આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી બોર્ડીંગને ઉપર પ્રમાણે ત્રણહજાર રૂપીઆના વ્યાજની વાર્ષિક મદદ તથા વિજાપુરના તથા તેમની દશાશ્રીમાળીની જ્ઞાતના જૈન વિદ્યાર્થીઓને મદદ કરવામાં રૂપીઆ એક હજારના વ્યાજની વાર્ષિક મદદ આપવા કબૂલ્યું છે; અને શેઠે તે વાતને જાહેર કરી છે.

વિજાપુરનાં આગેવાનો તરફથી શેઠને ઉજમણા પ્રસંગે માનપત્ર આપવામાં આવ્યું છે.

શેઠ મગનલાલ કંકુચંદનું ઉજમણું:—જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિના ઉપદેશથી અને પોતાના ભાવથી શેઠ મગનલાલ કંકુચંદના મનમાં ઉદ્યાપન (ઉજમણું) કરવાનો વિચાર થયો. દોશીવાડામાં બાદર કંકુચંદના નામની બંધાવેલી **બાદરવાડીમાં** ઉજમણું બાંધવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને સર્વ જાતની સગવડ કરવામાં આવી છે. શેઠ મગનલાલના મનમાં એવા પ્રકારનો વિચાર થયો કે મારા ઉજમણા પ્રસંગે મારી સત્તાવીશ (દશા શ્રીમાલીની ન્યાત–પંચ) ના જૈનો મારે ઘેર પધારે તો તેમની સારી રીતે ભક્તિ કરી શકાય. ત્રણ ચાર વરસથી તેમની સત્તાવીશમાં બે તડ પડ્યાં હતાં તેથી કોઇ રીતે ભેગી થઈ શકે તેમ નહોતી તો પણ તેમના મનમાં સત્તાવીશ ભેગી કરવાનો વિચાર થયો. જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ પાસે તે વાત તેમણે કહી અને તેમની સલાહથી સત્તાવીશના આગેવાનોને તેમના ઘેર બોલાવ્યા અને ગુરૂ મહારાજ પાસે તેમની સત્તાવીસના આગેવાનોને ઉપદેશ અપાવ્યો તેથી તે લોકો વિજાપુરના દોશી મોહનલાલ જેઠાભાઇને પંચાયતનામું લખી આપવાનું કબુલ કર્યું. સં. ૧૯૭૨ ના આસો વદિ ૧ ને દિવસે સત્તાવીના જૈનો વિજાપુરમાં એકઠા થયા અને આસો વદિ ૪ ને દિવસે સત્તાવીશના શેઠીઆઓ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી પાસે આવ્યા. તેમને ભેગા થવા–સંપ કરવા અને કલેશ ટાળવા ઘણી સરસ રીતે ઉપદેશ આપ્યો. તેથી મોહનલાલ જેઠાભાઇએ બન્ને પક્ષની તકરારોને લખાવી લઇ તેનો ફેંસલો કરી આપ્યો. આથી શેઠ મગનલાલ કંકુચંદને ત્યાં ઉજમણાની શોભામાં ઓર જાતનો વધારો થયો છે. સત્તાવીસ ગામના જૈનોને ઉતારો કરવા સર્વે જાતની સવડતા કરવામાં આવી છે. સંવત્ ૧૯૭૩ ના કાર્તિક વદિ ૫ થી ઉજમણાની શરૂઆત કરવામાં આવી છે. સત્તાવીશ ગામનાં જૈનો તથા આસપાસના ગામના જૈનો તથા મુંબાઇ વિગેરેથી પોતાના સંબંધી મિત્રો અને આડતીયાઓ વગેરેએ ઉજમણામાં સારી રીતે ભાગ લીધો છે. ઉજમણામાં આશરે છસેં સાતસેં રૂપિયાનાં (જૈન) પુસ્તકો મૂકવામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યાં છે, એકંદર રીતે જોતાં શેઠ મગનલાલ કુંકુચંદે જ્ઞાનખાતામાં ને વિદ્યા-ખાતામાં આશરે પાંચ હજાર રૂપીઆ ખરચ્યા છે. તેથી ઉજમણામાં જ્ઞાનની મહત્તામાં સારો વધારો થયો છે. આવી રીતે હાલના જમાનામાં ઉઝમણું કરવામાં શેઠે પોતાને મળેલા ગુરૂના ઉપદેશનો સારો ઉપયોગ કર્યો છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે. શેઠની સંઘભક્તિની ઉદાર ભાવનાથી ઉદ્યાપનની શોભામાં વૃદ્ધિ થઇ છે. આ પ્રમાણે શેઠ મગનલાલ કંકુચંદના હસ્તે અનેક શુભકાર્યો બને એવું ઇચ્છવામાં આવે છે.

યાત્રાઓ:—શેઠ મગનલાલે શત્રુંજયની નવાણું યાત્રા સહકુટુંબ સં. ૧૯૬૭ માં કરી છે. તથા બાર ગાઉનો અને છ ગાઉનો સંઘ કઢાવ્યો હતો. તેજ વર્ષમાં વૈશાખ વદિ ૬ ને દિવસે તીર્થની વર્ષગાંઠ હોવાથી તેઓએ નવે ટુંકમાં ભારે આંગી રચાવી હતી તથા નવકારશી કરી હતી. જેમાં આશરે દશ હજાર સાધર્મિક બંધુઓએ લાભ લીધો હતો. ગિરનાર, સંખેશ્વર, અંતરિક્ષ, આબુ, તારંગા, ભોંયણી, કેશરીયા વગેરે અનેક તીર્થોની ચંદનબાઈ વગેરે પરિવાર સહિત યાત્રાઓ કરી છે અને તીર્થોમાં દેવભક્તિ, ગુરૂભક્તિ વડે પોતાના આત્માની ઉજ્જ્વલતા કરવા પ્રયત્ન કર્યો છે.

ગુરૂભક્તિ:—શેઠ ગુરૂભક્તિમાં આસક્ત છે. શ્રી બુદ્ધિસાગરસૂરિએ સં. ૧૯૬૭ ની સાલમાં મુંબાઇ ચોમાસું કર્યું ત્યારે ગુરૂભક્તિ કરવામાં બાકી રાખી નહોતી. વિજાપુરના ચોમાસામાં પણ તેમણે આગેવાની ભર્યો ભાગ લીધો છે. શ્રીમન્ મોહનલાલજી મહારાજ, પન્યાસ કમલવિજયજી, મુનિરાજ શ્રી વલ્લભ વિજયજી, મુનિરાજ શ્રી લલિત વિજયજી, મુનિ શ્રી પન્યાસ શ્રી હર્ષમુનિજી વગેરે અનેક મુનિરાજોની તેમણે યથાશક્તિ સેવા ભક્તિ કરી છે.

ધર્મશ્રદ્ધા—શેઠ મગનલાલના હૃદયમાં જૈનધર્મની પૂર્ણશ્રદ્ધા છે. જૈનશાસનનો ઉદ્યોત કરવામાં પોતાની શક્તિ પ્રમાણે જૈન શાસન કાર્યોમાં આત્મભોગ આપે છે. સાધુનો યોગ મળતાં તેઓ વ્યાખ્યાન શ્રવણ કરવામાં તત્પર રહે છે. વિજાપુરમાં મુનિરાજોનાં ચોમાસાં કરાવવામાં તેઓ અગ્રગણ્ય ભાગ લે છે. વિજાપુરમાં ચિંતામણના દેરાસરની પેઢીમાં તેઓ મેમ્બરનો હોદ્દો ધરાવે છે.

સદ્વર્તન—શેઠમાં અનેક ગુણોએ વાસ કર્યો છે, કોઇના ભલામાં યથાશક્તિ ભાગ લેવાને ચુકતા નથી. વ્યાપારી તરીકેનો પોતાની પેઢીનો વ્યવહાર આજ સુધી તેમણે પ્રમાણિકપણાથી ચલાવ્યો છે. એક હિંદુ વૈષ્ણવે તેમને કેટલાક રૂપૈયા મહાદેવ વગેરેમાં ખર્ચવા માટે સોંપ્યા હતા, તે રૂપૈયા શેઠે વિજાપુરમાં મસીયા મહાદેવ, મહાલક્ષ્મીમાતાનું દેરાસર કરાવવામાં તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓડીયાર માતાનું સ્થાન સુધરાવવામાં તે ધર્મના લેકિાની મારફત ખર્ચાવ્યા છે અને પોતાની પ્રમાણિકતાને સારી રીતે જાળવી છે. શેઠ મગનલાલ કંકુચંદમાં પરસ્ત્રી–સહોદરતાનો ગુણ ખીલ્યો છે તથા દાક્ષિણ્યતાનો ગુણ ખીલ્યો છે. સાર્વજનિક શુભ કાર્યો કરવામાં તેઓ યથાશક્તિ આત્મભોગ આપે છે.– સર્વગુણી પરમાત્મા હોય છે. મનુષ્યમાં સર્વ પ્રકારના ગુણો હોય એવો પ્રાયઃનિયમ નથી. શેઠ મગનલાલ એક ઉત્તમ ગૃહસ્થ છે. તેથી તેમનામાં જે જે ધોળી બાજુ તરીકે ગુણો ખીલ્યા હોય તેનો ગુણાનુરાગદૃષ્ટિએ ઉતારો કરવામાં આવ્યો છે. હાલ તેઓની ૫૪ ચોપન્ન વર્ષ આશરેના ઉમર છે. તેમના કુટુંબને તેઓ સારી રીને ચલાવે છે, તેમણે દુઃખ સુખના અનેક અનુભવ લીધા છે તેથા ગરીબોને સાહાય્ય કરવામાં સારૂં લક્ષ્ય રાખે છે. તેમના નિરંતરના સહવાસથી શા. લલ્લુભાઈ કરમચંદમાં જૈનોન્નતિમાં ભાગ લેવાનો ગુણ ખીલ્યો છે, તેથી તેઓ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડલના સંપૂર્ણ કાર્યમાં તથા અન્ય અનેક ધાર્મિક કાર્યોમાં યથાશક્તિ ભાગ લે છે.

અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના વ્યવસ્થાપક લલ્લુભાઇના સુઘટિત ઉચ્ચ વિચારોની શેઠ મગનલાલ પર અસર થઇ છે. શેઠ મગનલાલની સાથે લલ્લુભાઇનો પુત્રવત્ સંબંધ છે. તેમની પ્રીતિથી લલ્લુભાઇના વ્યાવહારિક બાબતમાં ઉચ્ચ સ્થિતિ થઇ છે. વિજાપુરમાં આવનાર અમલદાર વર્ગના સાથે શેઠ મગનલાલનો માયાળુપણાનો સંબંધ વધતો જાય છે. વિજાપુરમાં ચાલતાં ધાર્મિક કેળવણીખાતાઓને યથાશક્તિ સાહાય્ય કરે છે. કેળવણીના સંસ્કારોથી જે હૃદયનું ઉચ્ચ ચારિત્ર ખીલવું જોઇએ તે શેઠમાં કેળવણી પામેલાના સંસર્ગથી ખીલ્યું છે. મુંબાઇમાં વસનાર વણથલીવાળા શેઠ **દ્વેચકરણ મૂળજી**ના મિત્ર તરીકે મગનલાલભાઇ પ્રસિદ્ધ છે. અને શેઠ દ્વેવકરણભાઇ પોતાના લક્ષ્મીનો સદુપયોગ કરે છે, તેમ મગનલાલભાઇ પણ કુલ નહીં તો કુલની પાંખડીના પેઠે લક્ષ્મીનો સદુપયોગ કરે છે. **નામ રહ્યું તાં ઠક્કરે., નાણાં નહીં રહ્યું ત; કીર્તિ કેરાં કોટડાં, પાડયાં નહી પડંત.** એ કહેવતના અનુસારે શેઠની દાનાઇથી તેમની કીર્તિ સદા અવિચલ રહેશે.

લક્ષ્મી પામીને લક્ષાપતિ વા કરોડાધિપતિ ગણાવા માત્રથી કંઇ સ્વપરનું કલ્યાણ થતું નથી પણ લક્ષ્મીનો ધાર્મિક કાર્યોમાં સદુપયોગ કરવાથી લક્ષ્મીની સફલતા થાય છે. દશાશ્રીમાલીની કોમમાં ઘણા ગૃહસ્થો છે; પરંતુ જે લક્ષ્મીનો જ્ઞાન અને ઉદ્યાપન વગેરેમાં સદુપયોગ કરે છે, તેનું નામ સર્વત્ર પ્રસિદ્ધ થાય છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જીર્ણોદ્ધાર જ્ઞાન અને ચૈત્ય એ સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચવાથી સ્વર્ગસિદ્ધિના; પ્રાપ્તિ થાય છે. પાપની પ્રવૃત્તિમાં લક્ષ્મી ખર્ચનારા મનુષ્યો અનેક છે; પરંતુ શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણ્ય ધર્મમાર્ગમાં લક્ષ્મી ખર્ચનારા મનુષ્યો વિરલા છે. કીર્તિની પાછળ કરોડો રૂપૈયા ખર્ચનારાઓનો પાર નથી, પરંતુ ધાર્મિક પારમાર્થિક કાર્યોમાં લક્ષ્મી ખર્ચનારા નિષ્કામી મનુષ્યો થોડા હોય છે. ભવિષ્યમાં શેઠના હસ્તે અનેક શુભ ધાર્મિક ખાતાઓમાં લક્ષ્મી ખર્ચાઓ અને તેમના આત્માની ઉન્નતિ થાઓ એમ ઇચ્છવામાં આવે છે. ॐ शान्तिः

સં. ૧૯૭૩ કાર્તિક
વિજાપુર.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.
મુંબાઇ.

(૨)

આ પુરૂષ પોતાની શરીર સંપત્તિ નરમ પડતાં સ્વદ્રવ્યને શુભ કામમાં વાપરવા ઉદ્યમી હતા અને ઉપર જણાવેલ ઉજમણાનો શુભ પ્રસંગ તે લગભગ છેલ્લોજ પ્રસંગ છે તેમ ગુરૂશ્રા જાણી ગયા હતા અને ભાઇ લલ્લુભાઇના કંઇ વિચારભેદથી વિલંબ થતો હતો. તેથી તેમને જાગ્રત કરીને ત્વરાએ તે કામ થવા દેવા પ્રેર્યો હતો. ખરેખર તે કાર્યને ૨ મહીનાજ પૂરા ન થયા તેજ દિવસે એટલે કારતક વદ ૧૩ સે ઉજમણું પુરૂ થયું ને પોષ વદી ૩ ના દીવસે પ્રભુદર્શન કરી આવ્યા બાદ અનેક જનોથી વાતો કરતાં, બોલતા ચાલતા હૃદયના બંધ થવાથી શેઠશ્રી સદ્‌ગત થયા.

તેઓની પાછળ તેમના સ્મર્ણાર્થે વીજાપુરમાં સ્ટેશનની નજીક એક વિશાળ ખેતર ધાર્મીક અને શુભ કાર્યો થવા માટે ખરીદ કરવામાં આવ્યું છે અને તેમાં મકાનો બંધાવ્યાં છે તથા કુવો હવાડો કર્યાં છે. કાર્તીક પૂર્ણિમાએ ત્યાં સિદ્ધાચળજીના પટ્ટો બંધાય છે, મુનિરાજો અને ગૃહસ્થો ત્યાં વિશ્રામ લઇ શકે છે. મનુષ્યો અને પશુઓ પાણી પી શકે છે. તેઓશ્રીની વિધવા પત્ની બેન મંગુ બેને શેઠ ઉમેદભાઇની સમ્મતીથી તે માટે રૂા. ૧૮ થી ૨૦ હજાર ખર્ચ્યા છે. ઉપરાંત તેઓશ્રીએ ઉજમણા પ્રસંગે બોર્ડીંગ હાઉસને માટે ૨૩૦૦૦ આપેલ તેમાં રૂા. ૩૦૦૦) ત્રણ હજારનો વધારો કરવામાં આવ્યો છે અને ૬૦૦૦) ના વ્યાજમાં બોર્ડીંગ હાઉસ ચાલે છે. તેઓ હયાત હોત તો ગુજરાતમાં ગુરૂકુળ કરવાની ગુરૂશ્રીની ભાવના અમલ મુકાવા સંભવ હતો.

મર્હુમ શેઠનું દ્રવ્ય જાત મહેનતનું તથા ન્યાયોપાર્જીત વિશેષ હોવાથી તેમના શુભ કામમાં વધારો થતો રહ્યો છે અને તેઓનું નામ વિજાપુરની સાથે અમર થતું જાય છે.

મજકુર ખેતરવાળી જગ્યાનો વપરાસ જૈન કોમ વિના સંકોચે કરી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. ઉપરાંત કોઈ પણ શુભ કામ નિમિત્તે કોઇ પણ જૈન ગ્રહસ્થને અથવા શ્રી સંઘને કંઇપણ બાંધકામ કરવા જરૂર જણાય તો જોઇતી જમીન કંઇપણ લીધા વિના બાંધકામ માટે આપવામાં આવે છે.

એક ગ્રહસ્થે તે જગ્યામાં દેવ–ગુરૂના પગલાંના નિયમીત દર્શને લોકો આવી શકે તે માટે એક દેરી બંધાવી છે. એક સાધ્વી અને એક સાધુ (શ્રી વૃદ્ધિસાગરજી) નો ત્યાં અગ્નિ સંસ્કાર થયો છે, અને પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી–ગુરૂ મહારાજનો અંતિમ સંસ્કાર–નિર્વાણ મહોત્સવ પણ ત્યાં થયો છે. અને તેથી અગ્નિ સંસ્કારના સ્થળે એક સુંદર ગુરૂ મંદિર થાય છે. સંભવ છે કે ત્યાં જેઠ વદ ૩ નો દિવસ એક વાર્ષીક ઉત્સવ રૂપ થઇ પડશે. પ્રફુલ્લીત મનવાલા તે દાનેશ્વરીની હયાતી બાદ તેઓની લક્ષ્મી વડે લેવાયલી જમીનનો આવો સદુપયોગ થશે તે કોણ જાણતું હતું ?) માત્ર ગુરૂશ્રી જ જાણતા હતા) મર્હુમના સદ્‌ગત થવાથી મંડળને મોટી ખોટ પડી છે. તેઓના આત્માને શાંતિ ઇચ્છી વીરમીએ છીએ.

મુંબાઇ ચંપાગલ્લી.
સંવત ૧૯૮૨ પોશ વદ ૧૩
(મર્હુમ શેઠની નવમી સમચ્છરી)

લી૦
અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अनुक्रमणिका.

૧	જન્મભૂમિ (કાવ્ય)...	૧
૨	વિજાપુર	૨
૩	વિજાપુરની પ્રાચીનતા માટે તામ્રપત્ર લેખ...	૩
૪	વિજાપુરની આસપાસના ગામો અને જાણવાજોગ હકીકત ...	૮
૫	પ્રાંતિજ, ખડાયત, મહુડી સંબંધી જાણવાજોગ હકીકત ...	૧૭
૬	વિજાપુરની હાલની અને આગલી સ્થિતિ...	૩૨
૭	વિજાપુરની વસ્તી ૧૯૧૧–૨૧...	૩૬
૮	વિજાપુરના જૈનો	૩૬
૯	વિજાપુરના જૈનમંદિરો અને તેમાંના લેખો	૪૧
૧૦	વિજાપુરની જૈન સંસ્થાઓ અને ઉપયોગી માહીતી–લેખો ...	૭૦
૧૧	વિજાપુર મધ્યે જૈનેતર મંદિરો તથા સાર્વજનિક સંસ્થાઓ ...	૧૦૬
૧૨	વિજાપુરમાં થયેલા બારોટ કવિઓ	૧૨૦
૧૩	જુના નવા વિજાપુરની મિશ્રતા અને પ્રાચિનતાના ઐતિહાસિક પુરાવા–પટ્ટાવલિ અને જૈન પ્રશસ્તિઓ	૧૨૪
૧૪	વિજાપુરમાં થયેલા આચાર્યો તથા રચાયેલા ગ્રન્થો	૧૩૩
૧૫	વિજાપુરના પ્રાચિન જૈન દેરાસર વગેરેની માહીતી આપનારી અભયકુમાર ચરિત્રની પ્રશસ્તિ...	૧૩૬
૧૬	વિજાપુરીય આચાર્ય અને દેરાસર વગેરેને જણાવનારી અભયકુમાર ચરિત્રના મુળ પ્રશસ્તિ અને તેનો સાર	૧૪૧
૧૭	તપાગચ્છીય સાગરશાખાના પટ્ટાવલિ	૧૫૧
૧૮	મુસલમાન પ્રકરણ	૧૫૫
૧૯	મુસલમાન કોમ અને મુસલમાન ધર્મ	૧૬૧
૨૦	વૈદિક પૌરાણિક હિંદુઓ અને વૈદિક પૌરાણિક હિંદુ ધર્મ ...	૧૬૪
૨૧	જૈનો અને જૈન કોમ...	૧૭૨
૨૨	જૈનધર્મ–વિશ્વધર્મ	૧૭૫
૨૩	જમીનનો દસ્તાવેજ	૨૧૭
૨૪	ગાયકવાડ સરકારના હકિકો	૨૧૯
૨૫	ઔરંગજેબના સમયનું વિજાપુર...	૨૨૧
૨૬	ગાયકવાડી રાજ્યના રાજ્યકર્તાઓ	૨૧૭
૨૭	ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ...	૨૧૯
૨૮	ભારત ઐતિહાસિક ઉપયોગી પ્રકીર્ણક	૨૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીગ્રન્થમાળામાં પ્રગટ થયેલા ગ્રન્થો.

	ગ્રથાંક	પૃષ્ઠ	કિંમત.
×	૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦–૪–૦
×	૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો.	૩૩૬	૦–૮–૦
×	૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો.	૨૧૫	૦–૮–૦
×	૪ સમાધિશતકમૂ.	૬૧૨	૦–૮–૦
×	૫ અનુભવપચ્ચિશી.	૨૪૮	૦–૮–૦
×	૬ આત્મપ્રદીપ.	૩૧૫	૦–૮–૦
×	૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦–૮–૦
	૮ પરમાત્મદર્શન.	૪૦૦	૦-૧૨-૦
×	૯ પરમાત્મજ્યોતિ.	૫૦૦	૦-૧૨-૦
×	૧૦ તત્ત્વબિંદુ.	૨૩૦	૦–૪–૦
×	૧૧ ગુણાનુરાગ. (આવૃત્તિ બીજી)	૨૪	૦–૧–૦
×	૧૨–૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા.	૧૯૦	૦–૬–૦
	૧૪ તીર્થયાત્રાનું વિમાન (આ. બીજી)	૬૪	૦–૨–૦
×	૧૫ અધ્યાત્મભજનસંગ્રહ.	૧૯૦	૦–૬–૦
×	૧૬ ગુરૂબોધ.	૧૭૪	૦–૪–૦
×	૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા.	૧૨૪	૦–૬–૦
×	૧૮ ગહુંલીસંગ્રહ ભા. ૧	૧૧૨	૦–૩–૦
×	૧૯–૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧–૨ (આવૃત્તિ બીજી)	૪૦	૦–૧–૦
×	૨૧ ભજનપદસંગ્રહ ભાગ ૬ ઠો.	૨૦૮	૦-૧૨-૦
×	૨૨ વચનામૃત.	૮૩૦	૦-૧૪-૦
	૨૩ યોગદીપક.	૩૦૮	૦-૧૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	૨૪ જૈન ઐતિહાસિક રાસમાળા.	૪૦૮	૧–૦–૦
×	૨૫ આનન્દઘનપદ (૧૦૮) ભાવાર્થ સંગ્રહ.	૮૦૮	૨–૦–૦
×	૨૬ અધ્યાત્મશાન્તિ (આવૃત્તિ બીજી)	૧૩૨	૦–૩–૦
	૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો.	૧૫૬	૦–૮–૦
×	–૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ.	૯૬	૦–૨–૦
×	૨૯ કુમારપાલ (હિંદી)	૨૮૭	૦–૬–૦
	૩૦ થી ૩૪ સુખસાગર ગુરૂગીતા.	૩૦૦	૦–૪–૦
×	૩૫ ષડ્દ્રવ્યવિચાર.	૨૪૦	૦–૪–૦
×	–૩૬ વિજાપુરવૃત્તાંત.	૯૦	૦–૪–૦
	૩૭ સાબરમતીકાવ્ય.	૧૯૬	૦–૬–૦
	૩૮ પ્રતિજ્ઞાપાલન.	૧૧૦	૦–૫–૦
×	૩૯–૪૦–૪૧ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા.	૩૦૪	૧–૦–૦
	૪૨ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧	૩૨૫	૧–૦–૦
×	૪૩ મિત્રમૈત્રી.	૧૭૦	૦–૮–૦
×	૪૪ શિષ્યોપનિષદ્.	૪૮	૦–૨–૦
	૪૫ જૈનોપનિષદ્.	૪૮	૦–૨–૦
	૪૬–૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા સદુપદેશ ભાગ ૧ લો.	૯૭૬	૩–૦–૦
	૪૮ ભજનસંગ્રહ ભા. ૮	૯૭૬	૩–૦–૦
×	૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧	૧૦૨૮	૨–૦–૦
	૫૦ કર્મયોગ.	૧૦૧૨	૩–૦–૦
×	૫૧ આત્મતત્ત્વદર્શન.	૧૧૨	૦-૧૦-૦
	૫૨ ભારતસહકારશિક્ષણ કાવ્ય.	૧૬૮	૦-૧૦-૦
×	૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૨	૧૨૦૦	૩–૮–૦
	૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૨	૧૩૦	૦–૪–૦
×	૫૫ કર્મપ્રકૃતિટીકા–ભાષાંતર.	૮૦૦	૩–૦–૦
	૫૬ ગુરૂગીત ગહુંલીસંગ્રહ.	૧૯૦	૦-૧૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૭–૫૮	આગમસાર અને અધ્યાત્મગીતા.	૪૭૦	૦–૬–૦
૫૯	દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ.	૧૭૫	૦–૪–૦
૬૦	પૂજાસંગ્રહ ભા. ૧ લો.	૪૧૬	૧–૦–૦
૬૧	ભજનપદસંગ્રહ ભા. ૯	૫૮૦	૧–૮–૦
૬૨	ભજનપદસંગ્રહ ભા. ૧૦	૨૦૦	૧–૦–૦
૬૩	પત્રસદુપદેશ ભા. ૨	૫૭૫	૧–૮–૦
૬૪	ધાતુપ્રતિમાલેખ સંગ્રહ ભાગ ૨	૨૪૭	૧–૦–૦
૬૫	જૈનદૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ્.	૩૬૦	૧–૦–૦
૬૬	પૂજાસંગ્રહ ભાગ ૧–૨	૪૧૫	૨–૦–૦
૬૭	સ્નાત્રપૂજા.	૨૪	૦–૨–૦
૬૮	શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરિત્ર.	૩૬	૦–૪–૦
૬૯ થી ૭૨	શુદ્ધોપયોગ વિગેરે સંસ્કૃત ગ્રંથ.	૪	૧૮૦ ૦–૧૨–૦
૭૩ થી ૭૭	સંઘકર્તવ્યાદિ સંસ્કૃતગ્રંથ.	૫	૧૬૮ ૦–૧૨–૦
૭૮	લાલા લાજપતરાય અને જૈનધર્મ		૧૦૦ ૦–૪–૦
૭૯	ચિન્તામણિ.		૧૨૦ ૦–૪–૦
૮૦–૮૧	જૈનધર્મ અને ખ્રીસ્તીધર્મનો મુકાબલો અને જૈન ખ્રીસ્તિ સંવાદ.		૨૨૦ ૧–૦–૦
૮૨	સત્યસ્વરૂપ.		૨૦૦ ૦–૬–૦
૮૩	ધ્યાનવિચાર.		૭૪ ૦–૮–૦
૮૪	આત્મશક્તિપ્રકાશ.		૧૪૦ ૦–૪–૦
૮૫	સાંવત્સરિક ક્ષમાપના.		૮૦ ૦–૩–૦
૮૬	આત્મદર્શન [મણિચંદ્રજીકૃત (૨૧) સજ્જનોનો ભાવાર્થ]		૧૫૦ ૦–૪–૦
૮૭	જૈન ધાર્મિક શંકા સમાધાન.		૫૫ ૦–૨–૦
૮૮	કન્યાવિક્રયનિષેધ.		૨૨૦ ૦–૮–૦
૮૯	આત્મશિક્ષા ભાવના પ્રકાશ.		૧૧૫ ૦–૭–૦
૯૦	આત્મપ્રકાશ.		૫૬૫ ૧–૮–૦
૯૧	શોક વિનાશક ગ્રંથ.		૮૦ ૦–૧–૦
૯૨	તત્ત્વવિચાર.		૧૨૫ ૦–૬–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯૩ થી ૯૭	અધ્યાત્મ ગીતા વગેરે સંસ્કૃત ગ્રંથો ૫.	૨૦૫	૧–૦–૦
૯૮	જૈન સૂત્રમાં મૂર્તિપૂજા.	૫૬	૦–૩–૦
૯૯	શ્રીમદ્ યશોવિજયજી જીવનચરિત્ર.	૨૧૦	૦–૮–૦
૧૦૦	ભજન સંગ્રહ ભાગ ૧૧	૨૧૫	૦-૧૨-૦
×૧૦૧	ભજન સંગ્રહ ભાગ ૧ (આ. ૪)	૨૧૦	૦–૮–૦
૧૦૨	ગુજરાત બૃહદ્ વિજાપૂર વૃત્તાંત.	૩૪૪	૧–૪–૦
૧૦૩–૧૦૪	શ્રીમદ્ દેવચન્દ્રજી વિસ્તૃત જીવન-ચરિત્ર તથા દેવવિલાસ		૧–૦–૦
૧૦૫	મુદ્રિત જૈન શ્વેતાંબર ગ્રંથ ગાઇડ.		
૧૦૬	કક્કાવલિ સુબોધ		૧–૪–૦
૧૦૭	સ્તવન સંગ્રહ (દેવવંદનસહિત)		
૧૦૮	પત્રસદુપદેશ. ભા. ૩.		

× આ નિશાનીવાળા ગ્રંથો સિલીકમાં નથી.

આ ગ્રંથો મળવાનું ઠેકાણું.

૧ વકીલ મોહનલાલ હીમચંદ પાદરા. ગુજરાત
૨ શા. આત્મારામ ખેમચંદ. સાણંદ.
૩ શા. મોહનલાલ નગીનદાસ ભાંખરીઆ.
૧૯૨–૯૪ બજારગેટ–કોટ મુંબઇ.
૪ શા. નગીનદાસ રાયચંદ ભાંખરીઆ. મહેસાણા.
૫ શા. ચંદુલાલ ગોકળદાસ જ્ઞાનમન્દિર વિજાપુર.
૬ બુકસેલર મેઘજી હીરજી પાયધુની, મુંબઇ.
૭ શ્રી બુદ્ધિસાગર સૂરિસમાજ પેથાપુર.
૮ શા. ભીમશી માણેક ધનજી સ્ટ્રીટ મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गुजरात विजापुर (विद्यापुर)

बृहद् वृत्तांत.

(આવૃત્તિ બીજી)

[જન્મભૂમિ અને સ્વદેશના ઉત્કર્ષ માટે
ઉત્સાહ પ્રેરતો અપૂર્વ ગ્રન્થ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારત

ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) વૃત્તાંત.

[ગુજરાતમાં વિજાપુરનું સ્થાન !]

-ᔓᔕᔓᔕᔓᔕ-

જન્મભૂમિ.

जननी जन्मभूमिश्च, स्वर्गादपि गरीयसी
तयोरुद्धारणार्थाय, प्राणानपि परित्यजेत् (१)

જન્મભૂમિનું વ્હાલ–ધરે છે જગમાંહી નરનાર
વ્હાલી લાગે જયકાર–સ્વર્ગથી મોટી રસીલીધાર.....
ફરી ફરી જગ સહુ ફરે–આવે નહીં જગપાર
ધરતી છેડો આવતો–જન્મભૂમિ લહે પાર.....
સ્વર્ગવાડી સુખકાર–ગમે તેવી જન્મભૂમિ રૂચિકાર. જન્મ–૧
તાનસેનના તાનમાં–તાનો સર્વ સમાય;
કેવલજ્ઞાનમાં જ્ઞાન સહુ–સહેજે સમાઈ જાય.
સર્વભૂમિયો સમાય–સ્વાભાવિક પ્રેમ ઘણો પ્રગટાય. જન્મ–૨
જનની જન્મની ભૂમિને–જન્મભાષાની ભક્તિ;
કરવી સૌની ફરજ છે–યથામતિ નિજશક્તિ.
પ્રાણ સકલ કુરબાન, તેનાપર સર્વથકી બહુમાન. જન્મ–૩
જન્મભૂમિ સેવાથકી–ફરજ અદા સહુ થાય;
જન્મભૂમિના દ્રોહ સમ–પાપ ન અન્ય ગણાય.
જન્મભૂમિતણાં બાળ–હૃદયમાંહિ. કરશો તેનો ખ્યાલ. જન્મ–૪
જન્મભૂમિની ઝુંપડી–નંદનવનથી બેશ
સ્વાર્પણ હો સઘળું મળ્યું–ટાળે સઘળા ક્લેશ
શક્તિ ખીલવવા સાર–અમારો જન્મ થયો નિર્ધાર. જન્મ–૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મભૂમિના માનવો, સંપી વર્તો સાર
અરસપરસમાં આત્મતા-દેખો બની ઉદાર
નયને હસી ધરી પ્યાર-પરસ્પર સાહાય્ય કરો નિર્ધાર. જન્મ-૬
જન્મભૂમિનાં વારણાં, લેવાં અસંખ્યવાર
વારી જાઉં સર્વને, તુજપર વાર હજાર
બુદ્ધિસાગર ઉપકાર-વદો સહુ જન્મભૂમિ જયકાર. જન્મ-૭

વિજાપુર.

ભારત વર્ષના ગુજરાતપ્રાંતમાં સાબરમતીથી ઉગમણી દિશાએ દોઢ-બે ગાઉ ઉપર વિજાપુર નગર આવ્યું છે. પૂર્વે સૂર્યવંશી ક્ષત્રિય રાજાઓના તાબામાં વિજાપુર તથા વડનગર હતું. પશ્ચાત્ હુણ, ગુર્જર, ચૌલુકય રાજાઓના તાબામાં આવ્યું. પશ્ચાત્ ચાવડા રાજાઓના તાબામાં આવ્યું. પશ્ચાત્ સોલંકી રાજાઓના, અને તે પછી વાઘેલા રાજાઓના તાબામાં આવ્યું. કરણઘેલા વાઘેલારાજાને હરાવીને દિલ્હીના સુલ્તાનના સેનાધિપતિ અલફખાને અલ્લાઉદ્દીન બાદશાહના તાબે કર્યું. પશ્ચાત્ ગુજરાત અમદાવાદના પ્રથમ સુલ્તાન અહમદશાના હાથમાં આવ્યું, પશ્ચાત્ દિલ્હીના બાદશાહ અકબરની સત્તા નીચે આવ્યું. પશ્ચાત્ દિલ્હીના મોગલ બાદશાહના હાથમાંથી સરી પડયું અને વિક્રમ સં.૧૮૨૧માં મરાઠા-ગાયકવાડ રાજ્યની સત્તા નીચે આવ્યું. હાલમાં શ્રીમાન્ સયાજીરાવ ગાયકવાડની રાજ્યસત્તામાં છે. વિજાપુરમાં બે વખત પ્રાયઃ જૈન અને હિંદુ દેવળોને મુસલમાનોએ ભાંગ્યા. મરાઠા ગાયકવાડના રાજ્યકાળથી હાલનાં વિજાપુરનાં જૈન હિંદુ દેવળો બંધાવવા લાગ્યાં છે, અને કેટલીક મસ્જીદો તથા ઈદગા મુસલમાની રાજ્યકાળ વખતની છે, સરકારી કચેરીઓ, જૈન ઉપાશ્રયો, જૈન દેવળો, હિંદુ દેવળો, બોર્ડીંગ, ગુજરાતી શાળા, ઈંગ્લીશ શાળા, જ્ઞાનમંદિર, અંત્યજશાળા, સાર્વજનિક લાયબ્રેરી, હિંદુ તથા જૈન પાઠશાળા, દવાખાનું, વણાટશાળા, ધર્મશાળાઓ, અનેજ્ઞાતિવાડીઓથી વિજાપુર પ્રગતિશીલ છે. વિજાપુર પોતાની આજુબાજુના સુંદર આમ્રાદિ વૃક્ષોના બાગમાં મહેલ જેવું શોભી રહ્યું છે. વિજાપુરમાં કવિયો, પંડિતો અને શૂરાઓ વખતોવખત પ્રગટે છે. ગુજરાતમાં ચરોત્તર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુર, દેહગામ અને પ્રાંતિજનો પ્રદેશ આખા ભરતખંડમાં હવા, ધર્મ, વૃક્ષશોભા અને રસાલ પ્રદેશથી પ્રથમ નંબરે આવે છે. આવા પ્રદેશમાં ગુરૂકુલ વગેરે વિદ્યાશ્રમો સારાં શોભી શકે તેમ છે. વિજાપુરમાં હિંદુ મુસલમાન બન્ને કોમ સંપીને રહે છે.

વિજાપુરની પ્રાચીનતા માટે તામ્રપત્ર લેખ.

[દક્ષિણનો પૂર્વ સમયનો ઈતિહાસ. ડાક્તર ભાંડારકરકૃત-પત્ર ૯૩]

વિક્રમાદિત્ય પહેલાના રાજ્યમાં ચાલુક્યવંશની એક શાખ દક્ષિણ ગુજરાત-લાટ દેશપર સ્થપાઇ. વિક્રમાદિત્યે તે દેશ પોતાના નાના ભાઈ પુલકેશીના પુત્ર જયસિંહવર્માને આપ્યો. ખેડામાં મળી આવેલું ગુજરાતના ચાલુક્યોનું તામ્રલેખનું દાનપત્ર કે જેનું ભાષાંતર પ્રો૦ કીલહોર્ન સાહેબે કર્યું છે તેમાં ત્રણ રાજાઓના નામ આવે છે. જયસિંહરાજ, બુદ્ધવર્મારાજ અને વિજયરાજ. વિદ્વાનો તથા પ્રાચીન તત્ત્વવેત્તાઓ એમ સમજે છે કે આમાંનો પહેલો જયસિંહરાજ તે તથા દક્ષિણમાંના ચાલુક્યવંશનો સ્થાપન કરનાર જયસિંહ તે એકજ છે. બીજા ધારે છે કે તે ગુજરાત વંશની ગાદી સ્થાપનાર જયસિંહવર્મા છે.

રા. રા. ગોવિંદજીભાઇ હાથીભાઈકૃત ગુજરાતના પ્રાચીન ઈતિહાસ પત્ર ૯૮ માં નીચે પ્રમાણે લખ્યું છે:—ખેડામાંથી બુદ્ધવર્માના પુત્ર વિજયરાજનું તામ્રપત્ર મળી આવ્યું છે, તેમાં વિજયપુરથી જંબુસરના બ્રાહ્મણોને દાન આપ્યાની હકીકત છે અને તે વિજયપુરમાં (વિજાપુરમાં) તામ્રપત્ર લખી આપ્યું છે.(ગુપ્ત સં. ૩૯૪) ચૌલુક્ય જયસિંહવર્માનો પુત્ર બુદ્ધવર્મા અને બુદ્ધવર્માનો પુત્ર વિજયરાજ એ પ્રમાણે વંશાવલિ છે. જયસિંહવર્મા પછી તેનો બીજો પુત્ર ગાદીએ બેઠો. (ઇ. સ. ૭૩૧) વિજયરાજનો સમય ઇ. સ. ૭૧૩ લગભગ આવે છે.

ડૉ. ભાંડારકર વિજયપુર તેજ વિજાપુર છે એમ માને છે. તેમાટે વાદવિવાદ કરતા નથી. ફક્ત તે ચૌલુક્ય રાજ્યવંશને છેડે રાજ શબ્દ માટે વાંધો ઉઠાવે છે. દક્ષિણની પદ્ધતિથી લાટ દેશની પદ્ધતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ શબ્દ ઉમેરવાની પ્રથા હોય તથા દાનપત્ર ખાસ લેખકો લખે છે તે કંઇ એક સરખી ધર્મદેવની રીતિવાળા હોતા નથી તેથી, તેમાં દેવાદિનામ ન હોવાથી તથા તેટલા સમયનાં પૂર્વ તામ્રપત્રને માટે શંકા લેવાનું સ્થાન ન હોવાથી તે તામ્રપત્રમાં દર્શાવેલા રાજાઓ લાટ દેશના રીવાજને અનુસરી તામ્રપત્ર લખવાવાળા હતા, એવો મારો મત છે. રા. રા. ગોવિંદજીભાઈ કહે છે કે, ખેડા પાસે વિજયપુર હોવું જોઈએ, પણ ખેડાની પાસે કરતાં ત્યાંથી ત્રીસ ગાઉ દૂર વિજયપુરને વિજાપુર માનતાં કંઇ ક્ષતિ આવતી નથી. (હાલના વિજયપુરને મૂકી ખેડા પાસે વિજાપુરની મિથ્યા કલ્પના કરવી તે અયોગ્ય છે) ફાર્બસ સાહેબ વગેરે સાહેબો પણ આજ વિજાપુરને વિજયપુર જણાવે છે, તેથી વિજાપુર વિક્રમ સં. આઠમા સૈકા પૂર્વનું તો આ લેખથી સિદ્ધ થાય છે. કારણકે આ લેખની પૂર્વે તે હોવું જોઈએ એટલે તે વિક્રમની સાલ પહેલાંનું હોય એમ લાગે છે.

[ફાર્બસ રાસમાળામાં વિજયપુર પ્રાચીન છે એવો નીચે પ્રમાણે ઉલ્લેખ છે.]

કર્નલ ટોડના લખવા પ્રમાણે અયોધ્યામાં પહેલા રાજા મનુનો શ્રીઋષભદેવનો પુત્ર ભરત ઇક્ષ્વાકુ વંશનો પહેલો રાજા થયો તેની ૫૭ સત્તાવનમી પેઢીયે રામચંદ્ર થયા. (જૈન શાસ્ત્ર પ્રમાણે અનેક પેઢી પછી) રામચંદ્ર થયા. તેની પાટે ત્રેસઠમો કનકસેન રાજા થયો તે કોશલનું રાજ્ય છોડી વિરાટ જઇ વસ્યો. કનકસેને પરમાર વંશના રાજા પાસેથી રાજ્ય ખુંચાવી લીધું અને વડનગરની સ્થાપના કરી. કનકસેનનો મહા મદનસેન પુત્ર થયો, તેનો પુત્ર સુદંત રાજા થયો, તેનો પુત્ર વિજયસેન થયો. તેણે વિજયપુર (વિજાપુર), વિદર્ભ અને વલ્લભીપુર વસાવ્યાં. વિજયપુરનું વિજલદેવના પછી તેરમા સૈકામાં સંસ્કૃતમાં વિદ્યાપુર એવું નામ પડયું. ભાષામાં વિજાપુર નામ થયું. તેરમા સૈકાના મધ્યકાલ પછી જૈનાચાર્યે વિજયપુરને વિદ્યાપુર એવું નામ સંસ્કૃત ભાષામાં આપ્યું. કવિ દીપવિજય બહાદુરે સુધર્મગચ્છ પટ્ટાવલીગ્રન્થમાં વિ. ૯૨૭ માં વિજાપુર વસ્યું એમ જે લખ્યું છે તે ચાવડા રત્નાદિત્ય રાજાના લગભગના વખતમાં વિજાપુરનો જીર્ણો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્ધાર કર્યો તેથી તે વસ્યું એમ સમજવું. રત્નાદિત્ય રાજાએ વિજાપુરનો કુંડ કરાવ્યો એવો અમે કુંડમાં લેખ, વિ. ૧૯૪૭ માં ખાસ વાંચ્યો છે.

સુધર્મગચ્છપટ્ટાવલીરાસમાં વિ. સં. ૯૨૭ નવસે સત્તાવીશમાં વિજાપુર વસ્યું એમ લખ્યું છે. **સંધપુરના શિલાલેખ**માંના અગ્ન્યાએંશી અને એંશીમા શ્લોકથી એમ સિદ્ધ થાય છે કે પરમાર કુલેન્દુ બાહડદેવે પોતાના પિતા વિજલદેવનો યશ ફેલાવવાની ઈચ્છાથી વિજાપુર કર્યું, અર્થાત્ **વિજાપુરનો જીર્ણોદ્ધાર કર્યો** કેટલાક વૃદ્ધોની કિંવદન્તી પ્રમાણે વિ. સં. ૧૨૫૬ વૈશાખ સુદિ ત્રીજે વિજલદેવે વિજાપુર વસાવ્યું. **સંધપુરના શિલાલેખમાં** બાહડદેવે પોતાના પિતા વિજલદેવના યશમાટે વિજાપુર કર્યું તેને તે કિંવદન્તી મદદ કરે છે. બાહડદેવે વિ. સં. ૧૨૫૬ માં વિજાપુરનો જીર્ણોદ્ધાર કર્યો તે બાહડદેવ ૧૩૦૧ લગભગ વા તે પછીની સાલ સુધી જીવતો હોવો જોઇએ. કારણ કે તેના સમયમાં વા તે પછી ખરતર ગચ્છના **સૂરિશ્રી જિનેશ્વરસૂરિએ વિજાપુરમાં** પ્રવેશ કર્યો, તેવો ઇતિહાસ શિલાલેખમાંથી નીકળે છે. (વિજલદેવ વા વિજલદેવના પુત્ર બાહડદેવે વિજાપુરનો જીર્ણોદ્ધાર કર્યો.) વસતિથી છિન્ન ભિન્ન થવા આવેલી નગરીને પુનઃ કોટ વગેરે કરાવી રક્ષણ આપીને સ્થાપવી તે,–જીર્ણોદ્ધાર કર્યો એવો તેનો અર્થ નીકળે છે.

મુસલમાનોના રાજ્યકાળમાં જૂના વિજાપુરની ઠેઠ પાસે કોટને કાંગરે આથમણી દિશાએ પાસેજ નવું વિજાપુર વસ્યું, તેવી રીતે પૂર્વના ત્રીજી વખતના વિજાપુરના જીર્ણોદ્ધારમાં સમજી લેવું. વડનગર પણ તેવી રીતે ત્યાંનું ત્યાં વારંવાર જીર્ણોદ્ધારના સંસ્કારને પામી ત્રણવાર વસેલું છે. પણ જીર્ણોદ્ધાર કરાવનારનાં નામ નથી. કુમારપાલના વખતમાં ત્યાં કોટ કરાવવામાં આવ્યો છે. સ્વદેશી પરદેશી રાજાઓના આક્રમણથી નગરોનાં મનુષ્યો નાસી જતાં અને પાછાં ત્યાં રાજા વગેરેનો સારો આશ્રય પામી પાછાં ત્યાં વસતાં, કોટ સમરાવે અને પ્રજાને બોલાવી બીજી વખત ત્યાં વસાવે તે રાજા તેનો જીર્ણોદ્ધાર કરનાર વા નગરપુરનો કરનાર ગણાતો, એવા અર્થમાં બાહડદેવે વિજાપુર કરાવ્યું એમ સમજાય છે. કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે તેની પૂર્વેના લેખોથી તેવો અર્થ કરવાની જરૂર પડે છે. વિ. સં. ૮૦૨ થી વિજાપુરમાં પાટણમાંના ચાવડા રાજાઓની સત્તા પ્રવર્તતી હતી. ચાવડાઓના રાજ્ય પછી મૂળરાજ, દુર્લભરાજ, ભીમ, કર્ણરાજ, સિદ્ધરાજ, કુમારપાળ વગેરે રાજાઓની સત્તા વર્તતી હતી. વિ. સ. ૧૨૭૦ લગભગથી વિજાપુરમાં વાઘેલા વંશના વીરધવલ રાજાની સત્તા પ્રવર્તતી હતી. મુંબઇમાંથી પ્રગટ થતા જૈન ક્રોન્ફરન્સ હેરેલ્ડ માસિકના વિ. ૧૯૭૦ ના દિવાળીના ખાસ અંકમાં એક જૈનાચાર્યકૃત પ્રાચીન જૈન પટ્ટાવલી રા. મો. દ. દેસાઈ મારફત છપાવવામાં આવી છે તેમાં લખ્યું છે કે—વસ્તુપાલે અને તેજપાલે વિજાપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો છે. (વિ. ૧૨૮૦ માં) એ લેખ ઉપરથી સિદ્ધ થાય છે કે જૂના વિજાપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર હતું તે લગભગ પાંચસે સાતસે અથવા હજારવર્ષ પૂર્વનું હોય ત્યારે તે જીર્ણ થાય, તે લેખ પરથી પણ વિજલદેવના પૂર્વકાલનું અને વિજયરાજે વિજાપુરમાં ખેડાવાળું તામ્રપત્ર કરી આપ્યું તે પૂર્વનું વિજાપુર છે એમ સિદ્ધ થાય છે. વસ્તુપાલ અને તેજપાલના લગભગ સમકાલીન પરમાર વિજલદેવ અને આહડદેવ હોય એમ કલ્પના થાય છે. વિજલદેવપરમારના લગભગ સમયમાં ચિંતામણિપાર્શ્વનાથના દેરાનો જીર્ણોદ્ધાર કર્યો, તેથી વિજાપુરની તેમજ ચિંતામણિ દેરાસરની ઘણી પ્રાચીનતા સિદ્ધ થાય છે.

બ્રહ્મર્ષિ નામના આચાર્યરચિત સૌધર્મગચ્છ વ્યાખ્યાનમાં લખે છે કે—વિજ્ઞાઉર નયરંમિ ય, તવામગં દેવભદ્દાઓ, ॥ વિદ્યાપુરનગરે ચ તપામતં દેવભદ્રાત્ દેવભદ્રસૂરિથી વિજાપુરમાં તપાગચ્છ થયો. ગુજરાતના પ્રધાન વસ્તુપાલ અને તેજપાલના ગુરૂ શ્રી ભુવનચંદ્રસૂરિ વિજાપુરમાં પધાર્યા હતા. ચૈત્ર વાલગચ્છના આચાર્ય શ્રી ભુવનચંદ્રસૂરિ હતા, તથા દેવભદ્રસૂરિ હતા. ભુવનચંદ્રસૂરિની સાહાય્યથી શ્રી દેવચંદ્રસૂરિ પાસે શ્રી જગચ્ચંદ્રસૂરિએ વિજાપુરમાં ક્રિયોદ્ધાર કર્યો. (વિ. સં. ૧૨૮૫ માં) જગચ્ચંદ્રસૂરિએ વિજાપુરમાં ક્રિયોદ્ધાર કરી જૈન કોમમાં તથા ઈતિહાસના પાને વિજાપુરનું અમર નામ કર્યું છે, શ્રી જગચ્ચંદ્રસૂરિએ ઘોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપશ્ચર્યા અનેક અભિગ્રહપૂર્વક કરી, તેથી તેમને ચિત્તોડના રાજાએ તપા એવું બિરૂદ આપ્યું. જગચ્ચંદ્રસૂરિએ વિજાપુરમાં ક્રિયોદ્ધાર કર્યો અને ચિત્તોડમાં તેમને તપાબિરૂદ મળ્યું અને મેવાડના આઘાટપુરમાં દિગંબર બત્રીશ આચાર્યોને વાદમાં જીત્યા અને હીરાની પેઠે અભેદ્ય રહ્યા તેથી ત્યાંના રાજાએ હીરલા એવું બિરૂદ આપ્યું. આવા મહાન્ આચાર્યે વિજાપુરમાં ક્રિયોદ્ધાર કર્યો તેથી વિજાપુરના જૈન સંઘને સ્વનગર માટે ઘણો હર્ષ થાય, તેમજ સમગ્ર વિજાપુરના લોકોને પોતાના નગર માટે હર્ષ થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. શ્રી વીરપ્રભુની ૪૪ ચૌમાલીશમી પાટે જગચ્ચંદ્રસૂરિ થયા.

વિ. સં. ૧૨૯૫ માં વિજાપુરમાં અજિતપ્રભ ગણિ વિદ્યમાન હતા, તેમણે 'ધર્મરત્ન શ્રાવકાચાર' નામનો ગ્રન્થ રચ્યો છે એમ જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસમાં પં. હીરાલાલ હંસરાજે લખ્યું છે.

વિજાપુર તાલુકામાં લગભગ દરેક ગામે ગાયકવાડ સરકારની નિશાળો છે. લાડોલ, ખરોડ, વસાઇ, પીલવાઇ, ચરાડા તથા ગોઝારીઆ વિગેરે ગામડાઓમાં સરકારી લાઇબ્રેરીઓ છે. વિજાપુરની ઉગમણી દિશાએ આશરે બે ગાઉ ઉપર સાબરમતી નદી વહે છે. આ નદીની પાસે પહેલાં જૂનું ગામ પહાડા હતું. હાલ ત્યાં નદી વહે છે. (હાલ તે ગામ ઉજજડ છે અને ત્યાંના વતની વાણીયાઓ કે જે પાઢેચીઆ કહેવાય છે તેઓ હાલ અત્ર વિજાપુરમાં રહે છે) પહાડાથી દક્ષિણ દિશાએ એક ગાઉ પર સાબરમતીના કાંઠા ઉપર ઘાંટું ગામ હતું. તે વિક્રમ સંવત ૧૯૨૫ માં ભાંગ્યું. એની પાસે તેનાથી દક્ષિણ દિશાએ જૂનું સંઘપુર ગામ હતું તે સંવત્ ૧૯૨૫ ની રેલમાં તણાવાથી ભાંગી ગયું છે. ત્યાં હાલ એક ચંદ્રપ્રભુજીનું જૈન દેરાસર છે. તેની પાસે નવું સંઘપુર વસ્યું છે. સંઘપુરની પાસે જૂનું ઘસાયતા ગામ છે. તે પાંચશો છશો વર્ષનું જૂનું છે. વિજાપુરની આસપાસના પ્રદેશને દંડાવ્ય કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે ત્યાં સાબરમતી આસપાસના પ્રદેશમાં ભિલ્લ અને રજપુતોની ઘણી વસ્તી છે, તેઓ ગુજરાતના રાજાઓને અને બાદશાહો વગેરેને અમુક વાર્ષિક દંડ આપતા હતા પણ તે પ્રદેશનું માલિકીપણું પોતે ધરાવતા હતા. ફક્ત તેઓની સત્તા સ્વીકારતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતા, અને દંડ આપતા હતા, તે પ્રદેશના ખરેખરા ઉપરી પોતે રહેતા તેથી તે પ્રદેશ દંડાવ્યપ્રદેશ તરીકે પ્રસિદ્ધ છે.

વિજાપુરની આસપાસના ગામો અને જાણવા જોગ હકીકત.

વિજાપુરથી અગ્નિ ખુણામાં **સાબરમતી** ઉપર ખડાયતા ગામ એક હજાર વરસ લગભગનું વા તે પૂર્વનું જૂનું ગણાય છે. મુસલમાનોના હુમલાથી તે ગામ ભાંગી ગયું હતું. ખડાયતમાં હાલ કોઈ ઘર નથી પણ તેની પાસે નવું ખડાયત, ઠાકરડાઓએ વસાવ્યું છે. ખડાયત ગામ સંસ્કૃતમાં **ષડાયતન નગર** કહેવાતું હતું. જૂના ખડાયતમાંથી હાલમાં ખોદતાં પાંચ વરસ ઉપર એક અજીતનાથની ચાર હાથની મોટી મૂર્તિ નીકળી છે, ત્યાં પ્રાચીન જૈન દેરાસર હતું. જેનાં અવશેષો ત્યાં પડેલાં દેખાય છે. ખડાયતના વણિકોએ જૈન **તીર્થંકરો**ની પ્રતિમા ભરાવી હતી; એવું **ધાતુ પ્રતિમાલેખસંગ્રહ** ભાગ ૧ માં લેખો લીધેલા છે તે પરથી જણાય છે. ખડાયત પાસે કોટ્યર્કનું મંદિર છે, તે ખડાયત ગામ જેટલું પ્રાચીન છે. ત્યાં ખડાયતા વણિકો કોટેશ્વરનાં દર્શન કરવા આવે છે. ખડાયતના કેટલાક ઠાકરડાઓએ ખડાયતની પાસે એક મહુડીના ઝાડ તળે પરૂ વસાવ્યું તેથી તે **મહુડી** ગામ ગણાય છે. **મહુડી**ને વસે પાંચસો સાતસો વરસ થયાં લાગે છે. ખડાયત અને મહુડીથી સાતસો વરસ ઉપર એક ગાઉ છેટે સાબરમતી નદી વહેતી હતી. એમ નદીના વહેળા ઉપરથી તેમજ લોકશ્રુતિથી જણાય છે. કોટેશ્વર અને ખડાયતના આરે નદીમાં એક જૂની વાવનો છેલ્લો કોઠો છે, તે વિ. સં. ૧૯૬૩ માં રેલ આવી હતી ત્યારે દેખાયો હતો તે ઉપરથી કહી શકાય છે કે તેથી પૂર્વે સૂરજકુંડની પેલી તરફ નદી વહેતી હોવી જોઈએ. મહુડીના આરે નદીના પ્રવાહમાં એક કુવો છે તેથી પણ ત્યાંથી પહેલાં સાબરમતી એક ગાઉ દૂર વહેતી હતી એમ સિદ્ધ થાય છે. હાલના વઝોડાંની ઝાડીમાં તે પહેલાં વહેતી હતી. કોટ્યર્કની પાસે એક જૂનું મહાદેવનું દહેરૂં છે. જૂના મહુડી ગામમાં એક જૈન દેરાસર હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૯૭૧ માં જૂની મહુડીમાં ઠેઠ, નદી પાસે આવવાથી તથા કોતરાં પડી જવાથી જૂની મહુડીથી આથમણી દિશાએ બે ચાર ખેતર દૂર નવું મહુડી ગામ વસ્યું. નવી મહુડીને મધુપુરી નામ અમોએ આપ્યું છે. અમોએ ત્યાં ઉપદેશ આપીને શ્રીપદ્મપ્રભુનું નવું દેરાસર બંધાવ્યું છે. તેમાં જૂની મહુડીના દેરાસરમાંથી શ્રી પદ્મપ્રભુની પ્રતિમા લાવી પધરાવી છે વિ. સં. ૧૯૭૫ માં દેરાસરની પાસે શ્રી ઘંટાકર્ણવીરની દેરી બંધાવીને તેમાં ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૮૦ માં અમોએ કરી છે. પદ્મપ્રભુના દેરાસરમાં શ્રીમદ્ રવિસાગર ગુરૂની અને શ્રી સુખસાગર ગુરૂની મૂર્તિની પ્રતિષ્ઠા અમોએ કરી છે, અને ત્યાં સ્થાપી છે. શ્રી પદ્મપ્રભુના દેરાસરની ત્રણ ખેતર પાછળ વૈદિક હિંદુઓના કોટેશ્વરનું નવું દેરાસર તૈયાર થયું છે. વિજાપુરથી અઢી ગાઉપર અગ્નિખુણમાં નવું સંઘપુર વિ. સં. ૧૯૩૫ લગભગમાં વસ્યું છે, તેમાં અમારા ઉપદેશથી જૈન દેરાસર તૈયાર થયું છે. વિ. સં. ૧૯૭૫ માં તેની પ્રતિષ્ઠા અમોએ કરી છે. વિ. સં. ૧૯૭૫ માં મહુડીમાં શ્રીપદ્મપ્રભુની અમોએ પ્રતિષ્ઠા કરી છે. વિજાપુરથી દક્ષિણ દિશાએ રણાસણ અને પુંધરા ગામ છે તે બેમાં એકેક જૈન દેરાસર છે. લોદરા ગામ પાંચસે વર્ષનું જૂનું ગામ છે, તેમાં એક જૈન દેરાસર છે. લોદરાથી બે ગાઉ ઉપર વરસોડા ગામ છે, તે છસેં સાતસેં વર્ષનું જૂનું ગામ છે. (મેસાણાને મહેસાજી ચાવડાએ વિ. સં. બારમા તેરમા સૈકામાં વસાવ્યું છે. ત્યાંથી એક ભાઇ અંબોડ ગયા, એક ભાઇ વરસોડા આવ્યા તથા એક ભાઇ અંબાસણ આવ્યા.) વરસોડામાં ચાવડાનું રાજ્ય છે. અંબોડ ભાયાતોમાં વહેંચાઇ ગયું તેથી તેનું રાજ્ય નથી. અંબાસણના ચાવડા ભાયાત ત્યાંથી નીકળીને માણસામાં આવ્યા. માણસા ગામ વસ્યું તે પહેલાં ત્યાં વાવ હતી. ત્યાં પહેલા વાઘરીયો વસ્યા હતા. વિ. સં. તેરમા સૈકામાં માણસા વસ્યું. તેમાં એક જૂનું જૈન દેરાસર હતું, તે મુસલમાન બાદશાહ મહમદબેગડાએ તોડયું. વિ. ૧૭૯૮ માં માણસાને અમદાવાદના બાદશાહે કૂટી બાળ્યું હતું. પન્નર અને સોળમા સૈકાના મધ્યમાં ત્યાં અંબાસણની ગાદીવાળા ચાવડા. ઠાકોર આવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તે ત્યાં રાજ્ય કરવા લાગ્યા. હાલમાં માણસામાં રાઓળશ્રી તખ્ત સિંહ દરબાર રાજ્ય કરે છે. વરસોડાના ચાવડા ઠાકોર શ્રી સૂર્યમલ્લ સં.૧૯૭૫માં મરણ પામ્યા; હાલ તેમના કુંવર છે. ગુજરાતમાં વનરાજ ચાવડાના વંશમાં રાજા ઠાકોર તરીકે વરસોડા અને માણસા સ્ટેટના રાઓળ છે. ગુજરાતમાં વાઘેલાના વંશમાં પેથાપુર લીંબોદરા તેમજ ઇડર રાજ્યનું અઢાદપોશીના અને દેરોલ તથા સાણુંદના ઠાકોરો છે. વિજાપુરથી આથમણી દિશાએ આજોલ ગામ છે, તેમાં પહેલાં ચાવડા રજપુતોનું જોર હતું. ત્યાં પ્રાચીન જૈન મંદિર હતું તે તૂટી ગયું છે. હાલમાં આ સૈકામાં નવું જૈન દેરાસર થયું છે આજોલ તથા દેલવાડામાંથી ચોમાસામાં ગદ્દહીયાં નામનું નાણું નીકળે છે. પહેલાં ખડાયતમાં પ્રાચીન ક્ષાત્રવંશી રાજાઓનું રાજ્ય થયું હતું. વેડા તથા પીલવાઇ વગેરે ગામો પ્રાચીન છે, રીદરોલ ગામ ત્રણસે-વર્ષ પહેલાં વસ્યું છે. કુકરવાડા ગામ જૂનું છે. હેમચંદ્રાચાર્યે પાટણમાં અને કુકરવાડામાં પર્યુષણમાં એકીવખતે વ્યાખ્યાન કર્યું હતું એવી કિંવદન્તી છે. ચરાડા ગામ જૂનું છે. વિજાપુરથી આથ-મણી દિશાએ પીલવાઇ, ગવાડા, કોલવડા,ગેરીતા, સમૌ, પામોલ, મેઉ, ડાભલા, વસાઇ, ગોઝારીયા, લાંઘણજ, બીલોદરા વગેરે ગામો છે. તે દરેક ગામમાં જૈન મંદિર તથા ઉપાશ્રયો છે. સમૌ, વસાઇ અને ડાભલા એ ત્રણ ગામ હજાર વર્ષ જેટલાં પ્રાચીન છે. કુકરવાડા પણ હજાર વર્ષ પૂર્વનું છે. વસઇ તથા ડાભલા ગામમાં પ્રાચીન જૈન દેરાસર હતું. મુસલમાન બાદશાહોએ તોડયું હતું. તેના ખંડેરમાંથી એક મૂર્તિ નીકળી હતી. તે કાઉસગ્ગીયાની મૂર્તિ, વિજાપુરની કચેરીમાં મૂકી હતી. તેને વિજાપુરના સંઘે વિ. સં. ૧૯૭૯માં અમારા ઉપદેશથી અરજી કરી કબ્જામાં લીધી છે.ડાભલા માંથી વિ. સં. ૧૯૫૪ની સાલમાં શ્રીમહાવીરપ્રભુની સંપ્રતિ રાજાના વખતની જૂની પ્રતિમા નીકળી હતી, તેને ત્યાં દેરાસરમાં અમારા ઉપદેશથી પ્રતિષ્ઠા કરી પધરાવી છે. વિજાપુરથી ચારગાઉ ઉપર બિલોદરા ગામ છે તે રજપુતોએ વસાવ્યું હતું. સાબરનદીના બન્ને કાંઠા પર પૂર્વે ભિલ્લ ઠાકોરોનું રાજ્ય હતું, તેઓને રજ-પુતોએ હઠાવીને ત્યાં તેઓએ રાજ્ય કરવા માંડયું. વિજાપુરની આથમણી દિશાએ મેસાણા તાલુકો છે. ત્યાં જૈન મહાજનનું ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોર છે. ત્યાં નવ જૈન દેરાસર છે. કડી પ્રાંતને હાલ મેસાણામાં લાવવામાં આવ્યો છે. મેસાણામાં કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર પૂર્વે હતું. મેસાણાના ઉપાશ્રય આગળના કુવા પાસે જૈન દેરાસર હતું. ચૌદમા તથા પન્નરમા સૈકામાં બાદશાહે ભાંગી નાખ્યું, અને મૂલનાયકની કલ્યાણપાર્શ્વનાથની મૂર્તિને વીસનગરમાં લઈ જવામાં આવી અને ત્યાં કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું છે. મેસાણામાં ચૌદમા સૈકાના પહેલાં-વર્ષોસુધી ત્યાં મસાજી ચાવડાના વંશની ગાદી હતી, પછીથી ગાદીના ભાયાતોની વચ્ચે ભાગલા પડ્યા તેથી ચાવડાનું રાજ્ય બેહેંચાઈને નાનું થયું. મેસાણાનાં હાલનાં જૈન તથા હિંદુઓનાં સઘળાં દેરાસરો ગાયકવાડી રાજ્યની સ્થાપના થયા પછીનાં છે. વિસનગરમાં પણ હિંદુનાં તથા જૈનનાં મંદિરો ગાયકવાડી રાજ્યની સ્થાપના થયા પછીનાં પ્રાયઃ છે. વિજાપુરની વાયવ્યદિશાએ વિસનગર તાલુકો છે. વિજાપુર, મેસાણા, વિસનગર વગેરેમાં તેરમાસૈકાથી મસજીદો બાંધવાની પ્રવૃત્તિ શરૂ થઇ હતી. વિજાપુરથી ઉત્તર દિશાએ વડનગર તથા બેરાળુ તાલુકો છે. ગુજરાતમાં વડનગર પ્રાચીનમાં પ્રાચીન નગર છે. *વડનગર, દ્વારિકા, સિદ્ધપુર, બેડબ્રહ્મા, વલ્લભી, અંભાયત, ભરૂચ, જુનાગઢ, રાંદેર વગેરે ઘણાં પ્રાચીન નગરો છે. વડનગરમાં પ્રથમ જૈનાગમો પૈકી કલ્પસૂત્ર કે જે અતિપવિત્ર ગણાય છે તેની ધ્રુવસેન રાજાના પુત્રના મૃત્યુથી ધ્રુવસેનની સભા સમક્ષ પ્રથમ વાચના, વીર સં. ૯૯૩ માં શરૂ થઇ. એટલે વિ. સં. ૫૨૩ માં કલ્પસૂત્રની વાંચના શરૂ થઈ. તે વખતમાં વિ. સં. ૫૧૦ માં વલ્લભીની ગાદીએ શિલાદિત્ય રાજા રાજ્ય કરતો હતો. શત્રુંજય માહાત્મ્ય વગેરે ગ્રન્થોમાં લખ્યું છે કે શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વિ. સં. ૫૧૦ માં વલ્લભીપુરનગરમાં જૈનાચાર્યોને ભેગા કરી આગમ વગેરે શાસ્ત્રોને પુસ્તકારૂઢ કર્યાં. ત્યારબાદ બારવર્ષે વડનગરમાં ધ્રુવસેનરાજાની સમક્ષ, સભામાં કલ્પસૂત્રની વાંચના શરૂ થઇ એમ કલ્પસૂત્રની ટીકા વગેરે ગ્રન્થોમાં હકીકત છે. કુમારપાળ

* વળા પાસે પ્રાચીન વડનગર હતું એમ એપીગ્રાફીયા ઈન્ડીકામાં લખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાએ વડનગરની દુરસ્તી કરી હતી. વડનગરમાં પૂર્વે અનેક જૈન મંદિરો તથા હિંદુ દેવળો હતાં, તેમાંનાં ઘણાં ખરાં તેરમા ચૌદમા સૈકામાં મુસલમાનબાદશાહોએ તોડી પાડ્યાં. હાલ નેમરાજુલની ચૅારીના દેરાસરનો કંઇક બાકીનો ભાગ રહ્યો છે. વડનગરથી પાંચ ગાઉ રેલ્વેના રસ્તે ખેરાળુ છે. તેમાં જૈન મંદિરો છે. વડનગરમાં અને ખેરાળુમાં જૈન વસતિમાં ઘટાડો થયો છે. ખેરાળુથી દશ ગાઉ તારંગાનો પહાડ છે. તારંગા પર્વતપર શ્રી કુમારપાલરાજાએ બંધાવેલું શ્રી અજીતનાથનું મોટું મંદિર છે. રાણકપુરની બાંધણી, આબુજીના દેરાસરોની કોરણી અને તારંગાના દેરાસરની ઉંચાઇ, જૈન વગેરે કોમોમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. વિજાપુરથી ઉત્તર દિશાએ અઢાર ગાઉ ઉપર તારંગા પર્વત છે. ત્યાં બૌદ્ધોની તારણ માતા છે.* વિજાપુરથી ઇશાનકુણમાં વીશ ગાઉ ઉપર ઇડરનો ડુંગર છે. ઇડરગઢને ઇલાદુર્ગ કહેવામાં આવે છે. ઇડરગઢ ઉપર સાસુ વહુનાં સાંભેલાં પાસે શામળીયાની ચોકી પાસે બાવન જિનાલયનું દેરાસર હતું તેનાં હાલ અવશેષ છે. તથા એક દિગંબરી દેરાસર છે. ઇડરના ડુંગર પર ચાર પાંચ ગુફાઓ છે. પહેલાં યોગીઓ ત્યાં રહેતા હતા. તારંગા ગઢપર જોગીડાની બૌદ્ધ ગુફા જોવા લાયક છે. ઇડરપર્વતપર અને તારંગાપર વાઘ–સિંહની વસતિ છે. ઇડર ગામમાં જૈનશ્વેતાંબરનાં તથા દિગંબરનાં દેરાસરો છે. તથા હિંદુ મંદિરો છે. ઇડરગઢપર નવગજા કુવા છે. ઇડરમાં ડુંગરપર એક મોટી ધર્મશાળા છે અને નીચે છ દેરાસરો તથા ચ્યાર ધર્મશાળાઓ છે. એક જૈન પાઠશાળા છે, ચ્યાર ઉપાશ્રય છે. દિગંબરનાં ચાર દેરાસરો છે, અને એક ધર્મશાળા છે. ઇડરમાં રાઠોડ રજપુતોનું રાજ્ય છે. આગલોડથી ઇડર તરફ જતાં જૂનું ગામ દાવડ છે. કુમારપાળ રાજાએ દાવડમાં જૈનમન્દિર બંધાવ્યું છે. વિજાપુરથી આગલોડ

* આ બૌદ્ધની તારાદેવીની મૂર્તિ નથી પણ તેનું સ્થાન તરીકે ઓળખાય છે અને તેમાં જે મૂર્તિયો છે તે તારંગાજીના મોટા દેરાસરને ખંડીત કર્યું તે વખતે તેમાંની બચત મૂર્તિઓ છે ! તેવી બીજી તે દેરાસરના આજુબાજુ અને ખુલ્લા ચોકમાં છે–તેનાં માપ અને સ્વિરૂપ પણ એકસરખાંજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચ ગાઉ થાય છે. આગલોડથી એક ગાઉ ઉપર સોળા ગામ છે. હાલ સોળા ગામની વસતી ઘટી ગઇ છે અને ઘણાખરા લોકો સોળા ગામથી બીજા ગામોમાં રહેવા ગયા છે. વિજાપુરથી સોળા સાત ગાઉ ઉપર આવેલ છે. સોળા ગામમાં શ્રાવકોની વસતી ઘટી તેથી ત્યાં બિરાજતી કલ્યાણકપાર્શ્વનાથની પ્રતિમાને આગલોડમાં બીજું દેરાસર વિ. ૧૮૬૫ માં બંધાવી ત્યાં મૂલનાયક તરીકે સ્થાપવામાં આવી છે. કલ્યાણપાર્શ્વનાથના દેરાસરમાં મેડાપર અરોડા ગામમાંથી પ્રતિમાઓ લાવીને પધરાવી છે તેમાં ગોડીપાર્શ્વનાથની પ્રતિમા મુખ્ય છે. જેમાં સુમતિનાથની મૂર્તિ મૂલનાયક તરીકે છે. તે દેરૂં વિ. ૧૬૭૦ માં બંધાવેલ છે. તે દેરાસરમાં રાયણના વૃક્ષ તળે શ્રી સુમતિનાથની તથા શ્રી પાર્શ્વનાથની પાદુકાની દેરી શા ચુનીલાલ બાદરે વિ. સં. ૧૯૭૬ માં બંધાવી છે. અમો ત્રણ ચાર વખત આગલોડમાં વિહાર કરીને ગયા છીએ. આગલોડ ગામની બહાર નૈઋત્ય ખુણા પર શ્રી માણિભદ્રવીરનું મોટું દેરાસર છે. વિ. ૧૭૩૩ માં આગલોડના રામસિંહ ઠાકોરના સમયમાં શ્રી શાંતિસોમસૂરિ આચાર્ય થયા. તેમણે ગામની બહાર દેરૂં બંધાવીને ત્યાં માણિભદ્રવીરના અંગની સ્થાપના કરી છે. ત્યાં ઓશવાળ જૈનો ખાસ પુત્ર અને પુત્રીને પરણાવતાં પહેલાં માહેત (નૈવેદ્ય) કરવા આવે છે. માણિભદ્રવીરનું ચરિત્ર નીચે પ્રમાણે છે. [શ્રી ચોવીસમા તીર્થંકર વીરભગવાન્‌ની પટ્ટપરમ્પરા વડગચ્છમાંથી જગચ્ચંદ્રસૂરિએ ક્રિયોદ્ધાર કરી તપાગચ્છ સ્થાપન કર્યો. તપાગચ્છમાં ચૌદમાસૈકામાં શ્રી આનંદવિમલસૂરિ થયા. તેમણે યતિયોમાં શિથિલાચાર દેખીને પાંચ હજાર યતિયોની સાથે ક્રિયોદ્ધાર કર્યો. તે વિહાર કરતા કરતા માળવામાં ગયા. ઉજ્જયીનીમાં તે ક્ષિપ્રા નદીના કાંઠે ગંધર્વમસાણમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં માણેકચંદ ઓશવાળ જૈન બારવ્રતધારી શ્રાવક વસતા હતા. તેમની માતાએ વર્ધમાન આંબીલ તપ આદર્યો હતો, યતિઓ શિથિલ થવાથી માણેકચંદ્રની શ્રદ્ધા યતિયોપરથી ઉઠી ગઇ હતી. ગંધર્વ મસાણમાં આનંદવિમલસૂરિ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હતા. ત્યાં તેમણે એક માસોપવાસનો તપ કર્યો હતો. લોકોએ તેમની તારીફ કરી. માણેકચંદ્રની માતાએ પુત્રને કહ્યું કે તું આનંદવિમલસૂરિને વહોરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેડવા જા.' માણેકચંદ્રને શ્રદ્ધા નહોતી પણ માતાના કહેવાથી રાત્રે ત્યાં મસાણમાં પરીક્ષા કરવા ગયા. તેમણે અંધારામાં મશાલ સળગાવી અને આનંદવિમલસૂરિની દાઢીપર ધરી તેથી તેમની દાઢીના વાળ બળી ગયા અને તેમનું મુખ દાઝયું, તોપણ મૌન–શાંત રહ્યા, તેથી માણેકચંદ શેઠને તેમના સાધુત્વની શ્રદ્ધા થઇ અને ગુરૂના પગે પડયો. આનંદવિમલસૂરિએ તેને બોધ આપ્યો. તેથી તે ગુરૂભક્ત બન્યો. માણેકચંદ શેઠની પાલીમાં દુકાન હતી. ત્યાં આનંદવિમલસૂરિ ચોમાસું રહ્યા. ત્યાં આનંદવિમલસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય વાંચ્યું. તેથી સિદ્ધાચલની યાત્રા કરવા માણેકચંદને ઘણો ભાવ થયો અને સિદ્ધાચલનાં દર્શન કર્યા વિના ભોજન નહીં લેવાની પ્રતિજ્ઞા કરી તપ આદર્યું. અને યાત્રા કરવા ચાલ્યા. સાતમાદિવસના ઉપવાસે તે પાલણપુર અને સિદ્ધપુરની વચ્ચેના મગરવાડામાં આવ્યા, ત્યાં તે વખતે ગામ નહોતું. ત્યાં રાત્રીએ તેમને ભિલ્લોએ લુંટી લીધા અને મારી નાંખ્યા. મરતી વખતે તે સિદ્ધાચલના ધ્યાનમાં તથા પંચપરમેષ્ઠિમંત્રના ધ્યાનમાં આરૂઢ થયા હતા, તેથી મરીને વ્યંતર નિકાયમાં માણિભદ્ર વીર તરીકે ઘણા દેવોના ઉપરી થયા. તે સમયમાં ખંભાતમાં ખરતરગચ્છ અને તપાગચ્છના યતિયોમાં મતભેદે ઝઘડો થયો હતો અને ખરતરગચ્છના યતિયોએ તપાગચ્છના યતિયોને ભૈરવની આરાધના કરી મારી નંખાવ્યા. પાંચસે યતિ મરી ગયા તેથી આનંદવિમલસૂરિએ પાલણપુર તરફ વિહાર કર્યો. તે મગરવાડાની ઝાડીમાં આવી ઉતર્યા. ત્યાં રાત્રે આનંદવિમલસૂરિ ધ્યાન ધરતા હતા, તેમની પાસે માણિકચંદ્ર શેઠે આવી દર્શન દીધાં. સૂરિએ તેમને ઓળખ્યા. માણેકચંદે પોતાનું મરણ વૃત્તાંત વગેરે સર્વ હકીકત કહી. માણિભદ્ર વીર તરીકે પોતાની ઉત્પત્તિ કહી, તથા સેવાચાકરી માટે યાચના કરી. આનંદવિમલસૂરિએ કહ્યું કે ખરતરગચ્છના યતિયોએ ભૈરવ આરાધી અમારા ગચ્છના સાધુઓપર મૂકયો છે, તેનું નિવારણ કરો અને તપગચ્છના આચાર્ય સાધુઓ, યતિઓ વગેરેની સહાય કરો. માણિભદ્રવીરે કહ્યું કે હું આપની સેવામાં હાજર રહીશ અને ભૈરવનો ઉપદ્રવ ટાળીશ, પણ મારી માગણી છે કે, તપાગચ્છના ઉપાશ્રયોમાં તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેરાસરોમાં મારી મૂર્તિની સ્થાપના કરવામાં આવે. સૂરિએ કહ્યું કે તમોને **તપાગચ્છના અધિષ્ઠાયક** તરીકે સ્થાપવામાં આવે છે. તેજ જગ્યાએ **માણિભદ્રવીરની** સ્થાપના કરવામાં આવી. મગરવાડા તરીકે તે સ્થાન પ્રસિદ્ધ થયું. માણિભદ્રવીરે ભૈરવને વારી ઉપદ્રવ દૂર કર્યો. માણિભદ્રના કહ્યા પ્રમાણે ભૈરવ પ્રવર્તીને શાંત થયો. તપાગચ્છના આચાર્યો જે નવા પાટપર બેસતા તે ત્યાં પ્રથમ જતા અને મગરવાડામાં રહી **માણિભદ્ર** વીરને અઠ્ઠમ કરી પ્રત્યક્ષ કરતા હતા. તે પ્રમાણે **શાંતિસોમે** મગરવાડામાં રહી **માણિભદ્રનું** આરાધન કર્યું અને તેમના પગનો વા ઢીંચણનો કંઈક અંશ આગલોડ લઈ ગયા અને ત્યાં **માણિભદ્રવીરના** કથન પ્રમાણે દેરૂ બાંધી ત્યાં સ્થાપના કરી. તપાગચ્છના ઉપાશ્રયોમાં તથા દેરાસરોમાં પુર નગર ગામોગામમાં **માણિભદ્રવીરની** સ્થાપનાઓ જ્યાં ત્યાં દેખવામાં આવે છે.] જૈનશાસનમાં અધિષ્ઠાયકદેવતરીકે માણિભદ્રવીર, જૈનસમ્યગ્દૃષ્ટિ દેવ છે. વિ. સં. ૧૭૩૩ માં **માણિભદ્રવીરનું** દેરૂં સંઘે બનાવ્યું. વિ. સં. ૧૮૬૦ માં **આગલોડના** ઠાકોર હરિસિંહના વખતમાં પન્યાસ **મુક્તિવિજયજીના** ઉપદેશથી આગલોડના જૈન સંઘે **માણિભદ્રવીરના** દેરાનો જીર્ણોદ્ધાર કર્યો. તે દેરાસરની પાસે **આદીશ્વર** ભગવાન્‌ની પાદુકાની દેરી છે. બીજી દેરીઓ પણ જૈનોની છે. તે પાસે જૈન શ્રાવક સંઘની બંધાવેલી **ધર્મશાળા** છે, તથા જૈન સંઘે બંધાવેલો કુવો છે. ધર્મશાળાની ઉત્તર બાજુએ હિંદુઓએ હનુમાનની દેરી તથા **મહાદેવની** દેરી બંધાવી છે, તેમાં જૈનોએ પણ મદદ કરી છે. **આગલોડના** જૈન સંઘની માલીકી તથા વહીવટ તળે માણિભદ્રવીરનું દેરૂં દેરીઓ તથા ધર્મશાળા, બાગ, કુવો છે (તેમાં **બ્રાહ્મણો** વગેરેનો હક્ક નથી.) **આગલોડમાં** શ્રાવકોનાં ૧૦૦ સો ઘર છે. બે શિખરબંધ દેરાસર છે. **માણિભદ્ર**, પૂર્વે **માણેકચંદ** શેઠ **વીશા** ઓશવાળ હતા તેથી **અમદાવાદ, સુરત, મુંબઈ, પુના, વિજાપુર** વગેરેના **ઓશવાળો** ત્યાં માહીત કરવા આવે છે. **માણિભદ્રવીરના** દેવળના પ્રાસાદના ગંભારામાં આગળ કોઇ ખરતરગચ્છના યતિએ (હાલથી પચ્ચીશ ત્રીશ વર્ષ પૂર્વે) ભૈરવની સ્થાપના કરી છે, પણ અમારો એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મત છે કે ભૈરવની સ્થાપના ત્યાં ન રાખતાં પાસે દેરી કરી તેમાં કરવી જોઈએ. આગલોડ, ઈલોડ વગેરે ભિલ્લ ઠાકોરે વસાવેલાં ગામો છે. ઇ. સ. ૧૯૨૧ માં માણિભદ્ર તીર્થનું વર્ણન નામનું પુસ્તક બહાર પડયું છે, તેમાં આગલોડને પહેલાં અગસ્થિપુર કહેતા હતા તથા અગસ્થિઋષિએ માણિભદ્રવીરને આરાધી પ્રગટ કર્યા. ઇત્યાદિ કેટલીક બાબતો જૂઠી અને ઇતિહાસપ્રમાણ વિનાની છે. અગસ્થિપુરનું અપભ્રંશ નામ આગલોડ થઇ શકતું જ નથી. તેમજ અગસ્થિ મુનિએ તે ગામ વસાવ્યું નથી, પણ જેના અંતે ડ-લ આવે છે એવાં આગલોડ, ઈલોડ, આજોલ વિગેરે ભિલ્લ ઠાકોરોનાં વસાવેલાં ગામો છે. અગસ્થિઋષિએ માણિભદ્રને આરાધ્યા એવું કોઈ પ્રમાણ પુરાણમાં તથા કોઈ સંસ્કૃત પ્રાચીન ગ્રન્થમાં નથી તેથી એવી પુરાવા વિનાની જોડી કાઢેલી વાતોને ઐતિહાસિક સાક્ષરો માની શકતા નથી. આગલોડમાં શ્રી દોલતરૂચિ યતિ છે તે દેરાસરોની તથા માણિભદ્રના દેરાની સારી સંભાળ રાખે છે અને તેમણે શ્રાવકોને દેવદ્રવ્યમાંથી મુક્ત કર્યા છે, તેથી શ્રાવકો સુખી થયા છે. વિજાપુરીય યતિ શ્રી અમૃતવિજયજી વૃદ્ધ થયા ત્યાં સુધી આગલોડ માણિભદ્રવીરના દર્શનાર્થે વિજાપુરથી દર રવિવારે જતા હતા. વિજાપુરથી ઉત્તરદિશાએ ત્રણ ગાઉ ઉપર લાડોલ ગામ છે, તેને સંસ્કૃતગ્રન્થમાં લાટાપલ્લી કહેવામાં આવે છે. લાટા ભિલ્લે વસાવેલી પલ્લી હતી તેથી લાટાપલ્લી નામ પડયું છે.

વિ. સં. ૧૯૫૭ માં લાડોલમાં એક ઘર પાસે ખોદતાં અઢાર જૈન પ્રતિમાઓ નીકળી હતી, તેમાં એક શ્રી ભદ્રબાહુની મૂર્તિ હતી. લાડોલ એક હજાર વર્ષ ઉપરનું જૂનું ગણાય છે. ત્યાં એક મોટું જૈન દેરાસર છે, લાડોલમાં લાયબ્રેરી છે, જૈનોના ચાલીશ ઘર છે, તેની ઉત્તરદિશાએ ત્રણ ગાઉ ઉપર સરદારપુર ગામ છે. સરદારપુર, અરોડ, જંત્રાલ, પેઢામલી વગેરેમાં જૈન દેરાસર તથા ઉપાશ્રય છે. બામણવા ગામ જૂનું ગણાય છે. આગલોડથી પૂર્વ દિશાએ ત્રણ ગાઉપર ઇલોડ છે. ત્યાં બે જૈન દેરાસર છે ત્યાંથી ત્રણ ગાઉપર ઉગમણી દિશાએ અહમદનગર છે તે અમદાવાદ વસાવનાર અહમદશાહ બાદશાહે વસાવ્યું હતું. ત્યાં હાલ ઈડરના રાઠોડ રાજાની રાજધાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. પ્રતાપસિંહ પછી હાલ ત્યાં દોલતસિંહ રાઠોડ રાજા રાજ્ય કરે છે. ત્યાં એક મોટું જૈન દેરાસર છે બીજું નાનું છે. એક ઉપાશ્રય છે. વિજાપુરની અગ્નિ ખુણામાં છ ગાઉપર પ્રાંતિજ ગામ છે તે અંગ્રેજ સરકારના તાબે છે. ત્યાં એક ધર્મનાથનું જૈન દેરાસર છે. સંધપુર પાસે સાબરમતી અને હાથમતીનો સંગમ થાય છે. સાબરમતી નદીના કાંઠે કોટ ગામ પાસે સાઇજીંગખડીનું એક કારખાનું નીકળ્યું હતું. સાબરમતીમાં બારેમાસ પાણી વહે છે. વિજાપુર પાસે પિલવાઇ ગામ છે, ત્યાંના રજપુતોએ વિ. સં. ૧૯૫૪ માં ગાયકવાડ સરકાર સામે બંડ કર્યું હતું, તેમની સામે લડવા માટે ગાયકવાડ સરકારે ફોજ મોકલી હતી અને પિલવાઇ ગામ કુટી બાળ્યું હતું. પાછું તે ત્યાંજ નવું વસ્યું છે.

પ્રાંતિજ, ખડાયત અને મહુડી સંબંધી વિશેષ હકીકત.

પ્રાંતિજપર પૂર્વે ગુજરાતના ચાવડા રાજાઓએ રાજ્ય કર્યું હતું. પશ્ચાત્ સોલંકી રાજાઓએ પ્રાંતિજપર તથા દેહગામપર રાજ્ય કર્યું હતું. સોલંકી રાજાઓ પછીથી વાઘેલા રાજાઓએ પ્રાંતિજપર રાજ્ય કર્યું હતું. વાઘેલા રાજા કરણઘેલાને દિલ્હીના સુલ્તાન અલ્લાઉદ્દીનના સેનાપતિએ હરાવ્યો અને ગુજરાતનું રાજ્ય વિ. સં. ૧૩૫૬–૫૭ ની લગભગમાં દિલ્લીના બાદશાહ અલ્લાઉદ્દીનના તાબામાં ગયું. પાછળથી અમદાવાદના પ્રથમ સુલ્તાન અહમદશાહના તાબામાં ગયું એટલે અમદાવાદના તાબે પ્રાંતિજ ગયું, પેશ્વાએ પશ્ચાત્ પ્રાંતિજપર પોતાની થોડી સત્તા બેસાડી, પશ્ચાત્ ઇ. સ. ઓગણીશમી સદીમાં બ્રિટીશ સરકારના તાબામાં અમદાવાદની સાથે પ્રાંતિજ ગયું. હાલ બ્રિટીશ સરકારના તાબામાં છે. પ્રાંતિજમાં છ હજાર મનુષ્યોની સંખ્યા છે. વિજાપુર જેવડું પ્રાંતિજ છે. પ્રાંતિજથી આથમણીદિશાએ પહેલાં હાથમતી નદી વહેતી હતી. અમદાવાદના સુલ્તાન અહમદશાહે હાથમતીને સંધપુર પાસે સાબરમતીમાં વાળી દીધી, ત્યારથી હાથમતી તે તરફ વહેવા લાગી છે. હાલમાં પચીશવર્ષ પૂર્વે અહમદનગરથી હાથમતીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેનાલને કાઢી અસલ હાથમતીના પ્રવાહ માર્ગમાં વાળી છે. પ્રાંતિજમાં દશ મસ્જીદો છે. હિંદુઓનાં અને જૈનોનાં જે મંદિરો છે તે અત્રે મરાઠા, પેશ્વા તથા અંગ્રેજ રાજ્યસત્તા આવ્યા પછીથી બંધાયલાં છે. હિંદુ અને જૈન મંદિરો પૂર્વે વિ. સં. ચૌદમાસૈકામાં તૂટયાં. પાછળથી દેરાં બંધાયાં અને તે પછીથી પણ તૂટયાં છે. હાલનાં હિંદુ જૈન મંદિરો ત્રીજી વારનાં થયેલ છે. ગુજરાતી શાળા, અંગ્રેજી શાળા, કન્યાશાળા, ધર્મશાળાઓ, નાતવાડીઓ, દવાખાનું, અને કચેરી આદિથી પ્રાંતિજ શોભાયમાન છે. ખોડાં ઢોરાંની ધર્મશાળા છે. રેલ્વેપર ખ્રીસ્તિ મીશન છે. લાયબ્રેરીઓ અને દિગંબર જૈન બોર્ડીંગથી પ્રાંતિજ પ્રગતિમાં આગળ વધ્યું છે.

પ્રાંતિજમાં સ્વામીનારાયણના બાગ પાસે વાઘરીના વાડાની પાસે દક્ષિણદિશાએ નાળાની પાસે ઉંચુ મેદાન છે. ત્યાં આરસપહાણ નીકળે છે અને પત્થરો નીકળે છે. ત્યાં અસલ જૈનોની વસ્તી હતી અને ત્યાં જૈન દેરાસર હતું.

પ્રાંતિજમાં જુમ્મામસીદ છે તે અસલ જૈન દેરાસર હતું તેને અલ્લાઉદ્દીન બાદશાહના ગુજરાતના સેનાપતિ જફરખાને તોડયું. તે શ્વેતાંબરી દેરાસરને તોડી તેની જુમામસીદ બંધાવી. હાલ પણ દેરાસરનો આકાર અમોએ જાતે દેખ્યો છે.

હાલના દિગંબરી દેરાસરની પાસે દક્ષિણ દિશાએ ટેકરો છે, તે અસલ જૈન દેરાસર હતું, તેને તોડી મસ્જીદ બંધાવી હતી. તે મસ્જીદની જગ્યા વેચી નાખી ત્યારે ત્યાંથી હોજના નીચેથી જૈન પ્રતિમા નીકળી હતી.

વિ. સં. બારમા સૈકામાં પ્રાંતિજ સારી સ્થિતિમાં હતું. ચૌદમા સૈકામાં મુસલમાનોના આક્રમણથી મુસલમાનોના તાબામાં પ્રાંતિજ ગયું. ગુજરાતના સેનાપતિ જફરખાન તથા અમદાવાદના સુલ્તાન અહમદશાહ તથા મહમદ બેગડાના હાથે જૈન દેરાસરો ચૌદમા સૈકામાં તથા અનુક્રમે સોળમા સૈકામાં તૂટયાં લાગે છે. ભાંખરિયા તળાવ પાસે હનુમાન ગણપતિનાં હિંદુ મંદિરો હતાં તે પણ તોડવામાં આવ્યાં અને ત્યાં મસ્જીદો થઇ. વિ. સં. ૧૮૨૧ લગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગમાં પેશ્વાનું રાજ્ય હતું પશ્ચાત્ અંગ્રેજ સરકારનું રાજ્ય થયું. ત્યારપછીથી વિ. ૧૯૧૨ માં હાલનું શ્રી ધર્મનાથનું શ્વેતાંબર મંદિર થયું અને દિગંબર મંદિર પણ વીશમા સૈકાના પ્રારંભમાં થયું છે, તે પહેલાં એક સૈકા પહેલાં ઉપાશ્રય જેવામાં જૈન મૂર્તિયો રાખવામાં આવી હતી. સોળમાં સૈકામાં બીજીવાર દેરાસરો બાંધ્યા હતાં તે પાછાં તૂટ્યાં. હાલનું દેરાસર ત્રીજીવારનું બંધાવેલું છે. હાલનાં હિંદુ દેરાસરો પણ વીશમા સૈકાના પ્રારંભથી બંધાયાં લાગે છે. પ્રાંતિજ અસલ આમરોલી ગામ સુધી હતું. પ્રાંતિજમાં સુમરા જાતના મુસલમાનોની નવસેં નવાણું ડહેલીઓ હતી, તેઓ સ્વામિનારાયણના મંદિરથી દક્ષિણ દિશાએ તથા કબગરોના ઘરોની દક્ષિણ દિશાએ વસતા હતા.

પ્રાંતિજમાં જુમામસીદ પાસે તથા હાલ ઢેડાંના જ્યાં ઘર છે ત્યાં હુંબડ નરસિંહપરાંનાં સાતસે ઘર હતાં. દક્ષિણ કર્ણાટ તેલાંગમાંથી હુંબડ જૈનો, ગુજરાત મેવાડમાં દશમા અગિયારમા સૈકામાં આવ્યા છે એમ કિં વદન્તી છે.

પ્રાંતિજથી આમરોલી સુધી જુનું પ્રાંતીજ હતું, તેમાંથી પોણા મણની જૂની ઈંટો નીકળે છે અને તેમાંની એક ઈંટ રાવબહાદુર શિવલાલ ભાઈએ અમને દેખાડી હતી. વિ. સં. ૧૯૩૬ માં સ્વામીનારાયણનું મંદિર બાંધવામાં આવ્યું છે. ગણપતિનું મંદિર પણ વિક્રમના વીશમા સૈકા લગભગનું છે. બાંકના ઉપર મહાદેવનું દેવળ છે, તે વીશમા સૈકાના પ્રારંભથી બનવા લાગ્યું છે અને હાલ સારી સ્થિતિ પર છે. બાંકેશ્વર મહાદેવની પાસે રામાનુજ રામાનંદીની જગ્યા છે ત્યાં અખાડો મંદિર છે. પ્રાંતિજમાં છસેં વર્ષથી અર્થાત્ વિ. સં. ૧૩૬૦ લગભગથી જુમામસીદ અને સિકંદરી મસ્જીદ બાંધવામાં આવી છે, અને તે જૈન હિંદુદેવળોને મસ્જીદોનો આકાર આપી તેમાં સુધારો વધારો કર્યો છે. કેટલીક મસ્જીદો ચૌદમા સૈકા પછીથી બાંધવામાં આવેલી છે. પ્રાંતિજમાં મુસલમાનોનું જોર ઘણું છે. હિંદુઓની સંખ્યા જોકે વિશેષ છે. વણિકો પૈકી સો ઘર શ્વેતાંબર મૂર્ત્તિપૂજકનાં છે, અને સ્થાનકવાસી જૈનોનાં સો ઘર છે. સ્વામીનારાયણ, મહાદેવિયા વગેરે વૈષ્ણવ વણિકોનાં બસેંના આશરે ઘર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પન્નરમા સૈકામાં તે સર્વે દશાશ્રીમાળી વણિકો જૈનધર્મી હતા અને તે વખતે પ્રાંતિજમાં જૈન ઓશવાળ વણિકોનાં પણ ઘર હતાં. સત્તરમા અને અઢારમા સૈકામાં જૈન વણિકોમાંથી કેટલાક સ્થાનકવાસી જૈનો થવા લાગ્યા, અને કેટલાક વૈષ્ણુવ થવા લાગ્યા. હાલ ત્રણેમાં નાત જમણ અને કન્યા વ્યવહાર લેગેા છે પણ ભવિષ્યમાં શંકા છે.

પ્રાંતિજમાં હુંબડોનાં પાંચસેં ઘર હતાં, પાછળથી સૈકે સૈકે તેઓની વસતી ઘટવા લાગી છે, હાલ હુંબડ જૈનોનાં ત્રણ ઘર છે. હુંબડ જૈનોનું દેરાસર છે તે લોંયરા સહિત છે. તે લોંયરામાં નગ્નમૂર્તિઓ છે. દેરાસરની પાસે દિગંબરનેા ઉપાશ્રય છે. તેમાં હાલ હુંબડ જૈનબોર્ડીંગની સ્થાપના કરેલી છે તેમાં વિદ્યાર્થીઓ રહે છે. સ્થાનકવાસી જૈનેાના બે ઉપાશ્રય છે. સ્થાનકવાસી સાધ્વીના ઉપાશ્રય કરતાં સ્થાનકવાસી સાધુનેા ઉપાશ્રય મેાટેા છે, અને દરિયાપરી સંઘાડાના શ્રાવકેા તે ગણાય છે. શ્વેતાંબર મૂર્ત્તિપૂજકેાનું પહેલાં મહાજન તરીકે ઘણું જોર હતું, અને હાલ પણ મહાજનમાં તેમની મુખ્યતા છે. હાલ શ્વેતાંબર જૈનેાનું એક શ્રી ધર્મનાથ તીર્થંકરનું દેરાસર છે. શ્વેતાંબર જૈનેાના પાંચ ઉપાશ્રય છે. બે શ્રાવિકાઓના ઉપાશ્રય છે, એક મેાટેા ઉપાશ્રય છે તેમાં સાધુઓ ઉતરે છે, તેની પાસે વિદ્યાશાળા છે. તેમાં જૈન પાઠશાળાના વિદ્યાર્થિયેા ભણે છે અને તે સાધુઓના તથા સાધ્વીઓના ઉતરવાના ખપમાં આવે છે, પ્રાંતિજના શ્રાવકેા શ્રી નેમિસાગરજીના સંઘાડાના ગણાય છે. શ્રી નેમિસાગરજી મહારાજે તથા શ્રી રવિસાગરજી મહારાજે, શ્રી કલ્યાણસાગરજીએ તથા શ્રી હીરસાગરજી વગેરે સાગર સંઘાડાના સાધુઓએ અને સાધ્વીઓએ પ્રાંતિજના શ્રાવકેાને શ્રાવક તરીકે ધર્મબોધ આપીને સંરક્ષ્યા છે. પ્રાંતિજના તપગચ્છ શ્રી પૂજ્યના વખતનેા એક ઉપાશ્રય હતેા તે હાલ પડી ગયેા છે. તેમાં માણિભદ્રવીરની સ્થાપના હતી. શેઠ પેાચાલાલ ડુંગરશીએ જૈનેાનેા મેાટેા ઉપાશ્રય કરવામાં સારી સહાય આપી છે. પન્યાસ શ્રી અજિતસાગર ગણિએ પ્રાંતિજમાં સ્વજ્ઞાનભંડારની સ્થાપના કરી છે. પ્રાંતિજમાં વીસમા સૈકાના આદ્યભાગમાં સ્થાપન કરેલી પાંજરાપેાળ છે. એક સરકારી સાર્વજનિક ઈંગ્લીશ શાળા છે, અને ખ્રીસ્તીયેાની મહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દથી ચાલતી ઇંગ્લીશ શાળા તથા એક ધર્મશાળા છે. એક કન્યાશાળા છે. ક્રીસ્તીયેાનું મીશન સ્ટેશનપર છે. એક સાર્વજનિક લાયબ્રેરી છે, અને એક સ્થાનકવાસી જૈનેાની લાયબ્રેરી છે, તથા મુસલમાનેાની એક લાયબ્રેરી છે. પ્રાંતિજની ઉગમણી દિશાએ એક ભાંખરિયા તલાવ છે. પ્રાંતિજની આથમણી દિશાએ પહેલાં હાથમતી નદી હતી, હાલ ત્યાં બેાંક છે, અને અહમદનગર પાસેથી તેમાં હાથમતીની કેનાલ વાળી છે, તેનું પાણી અમદાવાદના ચંડેાળા તળાવમાં જાય છે. પ્રાંતિજ પાસે આમરેાલ ગામ જૂનું છે તે અસલ પ્રાચીન ગામ હેાવું જોઇએ. એમ મનાય છે. પ્રાંતિજપર આક્રમણ કરનારા મુસલમાનેાએ પહેલ વહેલેા માંમરેાલમાં આવીને વાસ કર્યો હતેા. પ્રાંતિજપર વહીવટ કરનારા મુસલમાન હાકેમેા પૂર્વે ત્યાં રહેતા હતા. પ્રાંતિજની બેાકમાં કમલેા પાકે છે, અને અહીંથી પરદેશખાતે જાય છે. હાલમાં પ્રાંતિજમાં મામલતદાર ન્યાયાધીશ વગેરેની કચેરીઓ છે અને મ્યુનિસીપાલટી છે.. પ્રાંતિજ માં હાલ વ્યાપાર મંદ છે. સાબુનું કારખાનું છે, એરડીયું પીલવાનું પ્રેસછે. પ્રાંતિજના બ્રાહ્મણેામાં અહીં સારા મેાટા પંડિતેા નથી. અહીં મેાટા વિદ્વાન મેાલવીઓ પણ નથી. સર્વ લેાકેા પેાતપેાતાનેા ધર્મ પાળે છે.

પ્રાંતિજ શ્રી ધર્મનાથના દેરાસરના લેખેા.

શ્રી આદિનાથભગવાનની પાષાણની પ્રતિમાનો લેખ. વિ. સં. ૧૮૮૮ વર્ષે માઘ સુદિ પંચમી ચન્દ્રે શ્રી પ્રાંતિજનગર વાસ્તવ્ય શ્રીમાલી જ્ઞાતીય લઘુ શાખાયાં શા. લાલચંદ ગલાલચંદ પિતામહ જીવરાજ ભાર્યા–સાંકળીબાઇ (દોરુસાલ !) જવાનદાસ લાલચંદ તેન શ્રી આદિનાથર્બિબં કારાપિતં, પ્રતિષ્ઠિતં ભટ્ટારક વિજયદેવેન્દ્રસૂરિભિઃ શ્રી તપાગચ્છે પ્રતિષ્ઠાપિતમ્ લઘુગચ્છીય.

પાષાણની પ્રતિમા વિ. સં. ૧૮૭૨ માઘ સુદિ ૭ શુક્ર
શ્રી મુનિ સુવ્રત જિનર્બિબં.....ધસાઈ ગયેા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધાતુ પ્રતિમાના લેખો.

વિ. સં ૧૫૫૪ વર્ષે માઘ સુદિ ૩ ગુરુવારે શ્રી શ્રીમાલી જ્ઞાતીય શ્રેષ્ઠી બાગાતરા માંડળા હાથાભ્યાં આત્મશ્રેયોઽર્થે શ્રી વાસુપૂજ્યં બિંબં કારાપિતં પ્રતિષ્ઠિતં બ્રહ્માણગચ્છે શ્રી શીલગુણાસૂરિ તત્પટ્ટે ભટ્ટારક શ્રી જજ્જગસૂરિભિઃ પાટસ દુર્ગે. (?)

વિ. ૧૫૭૨ વર્ષે ફાલ્ગુન સુદિ અષ્ટમી સોમવાસરે શ્રી પ્રલ્હાદપુર વાસ્તવ્ય ડો. શાલીક ભાર્યા ગંગાસુત રાકેન ભાર્યા–દે પ્રમુખ કુટુંબયુતેન શ્રેયોર્થે શીતલનાથબિંબં કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી બ્રહ્માણગચ્છે શ્રી સૂરિભિઃ.....

ધાતુ પ્રતિમા.

વિ. સં. ૧૫૨૨ વ. માઘ સુ. ૬ શનૌ શ્રી હુંબડજ્ઞાતીય સવલજગોત્રે દોસી ધમ્માભાર્યા કપૂરાદે સુત દોશી રાખાકેન ભાર્યા જીવીની ભ્રાતિ? દોશી શાર્લિગભાર્યા લખી કુટુંબ સહિતેન આત્મશ્રેયોઽર્થે શ્રીસુમતિનાથબિંબં કારાપિતં પ્ર૦ શ્રી બૃહદ્તપાગચ્છે શ્રી જિનરત્નસૂરિભિઃ પ્રાંતિજ ॥

વિ. સં૦ ૧૫૦૩ વર્ષે માઘ વદિ બીજ શુક્રે ઉકેશજ્ઞાતીય શિવા ભાર્યા સંસારદે સુત વ્ય૦ હીરાકેન ભાર્યા લીંબાસુત આસધરાદિ સ્વબન્ધુ વિરાધીરાર્બદ પ્રમુખ કુટુમ્બયુતેન સ્વપિતૃશ્રેયસે શ્રી ચન્દ્રપ્રભબિંબં કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી જયચન્દ્રસૂરિભિઃ શ્રી પૂર્ણિમાપક્ષે.

વિ. સં. ૧૪૭૨ વર્ષે ફાલ્ગુન વદિ ૧ શુક્રે હુંબડ જ્ઞાતીય કાશ્યપ ગોત્રે ઠક્કુર રાણાભાર્યા રક્ષણદે સુત જગપાલ ભાર્યા વાગણીસુત દેપાલભાર્યા. સરસ્વતી ગચ્છે શ્રી પદ્માનન્દ ? પટ્ટે શ્રી અનન્તનાથ બિંબં પ્રતિષ્ઠિતમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૫૦૭ વર્ષે વૈશાખ વદિ ૪ સોમે શ્રી શ્રીમાલી પિતૃ આંબા માતૃ આલ્હાદનદેવ સુત મુંધા ભાર્યા હરણુ પિતૃશ્રેયસે આત્મનીય શ્રી વાસુપૂજ્યબિંબં કારાપિતં પિપ્પલગચ્છે પ્રતિષ્ઠિતં શ્રી ગુણરત્નસૂરિભિઃ શ્રી શ્રી સોષડા ॥

ગોખલાનો લેખ.

ગુરુશ્રી રવિસાગરજી ચરણપાદુકા, ગુરુશ્રી સુખસાગરજી ચરણપાદુકા વિ. સં. ૧૯૭૩ માર્ગશીર્ષ શુક્લસપ્તમ્યાં ભૃગુદિને પ્રાંતિજનગરે ધર્મનાથજિનાલયે એતદુભયપાદુકાપ્રતિષ્ઠાપિતા તપાગચ્છીય સાગરસંઘાટકાધિપતિ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરેણ ॥

ધાતુ૦ પ્ર૦ લે૦ સં૦ ભાગ ૧ ઇડર નં. ૧૪૩૫ પત્ર ૨૪૬

સં. ૧૫૫૬ ફાલ્ગુન વદિ ૨ બુધે ૨ શ્રી ભાવડારગચ્છે ઉપકેશ જ્ઞાતીય ખાટડ ગોત્રે મંત્રી ધર્મા ભા૦ સેતુપુત્ર મં૦ વચ્છા ભા૦ પિમ્મુ પુ૦ મીના રામા માકાકેન ભા૦ મલ્હણદેયુતેન સ્વ પુણ્યાર્થે શ્રી વાસપૂજ્યબિંબં કા૦ શ્રીકાલકાચાર્યસંતાને ભ૦ વિજયસિંહસૂરિભિઃ પ્ર૦ પ્રાંતિજ વાસ્તવ્યઃ ॥

ખડાયતા અને મહુડી. (મધુપુરી)

વિજાપુરથી અગ્નિ કોણે સાડાત્રણ ચાર ગાઉપર ખડાયતા અને મહુડી ગામ બન્ને બાજુએ ખેતર પ્રમાણે પાસે પાસે આવેલાં છે. ખડાયતા અને મહુડી ગામ બે જુનાં હતાં, તે હાલ નવાં વસેલાં છે. હાલથી ત્રીશ પાંત્રીશ વર્ષ પહેલાં હાલનું નવું ખડાયતા ગામ વસેલ છે અને તેનાથી ઉત્તર દિશાએ પાંચ ખેતર ઉપર કણબીઓએ હાલથી ખડાયતાપરૂ પન્નરવર્ષ પહેલાં વસાવ્યું છે. જૂનું પ્રાચીન ખડાયતા, હજાર બે હજાર બસ્સે તેથી પણ પ્રાચીન હોવાનો સંભવ છે. જૈનાચાર્ય કાલિકાચાર્યના સમયમાં થએલ ગર્દભલિલ્લ (ગર્દભસેન) અને કાલિકાચાર્ય બન્નેનો ઈતિહાસ, જૈન ઐતિહાસિક ગ્રન્થોમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીકળે છે. ગર્દભસેનનું રાજ્ય માળવામાં હતું, પરંતુ ખડાયતા (ષડાયતન) સુધી તેની છેલ્લી રાજ્યની હદ હતી, એમ ખડાયતા (ત્રાંબાવતી) નગરી અને ગર્દભસેનની જૂની કિંવદન્તી વાતોના આધારે કહ્યી શકાય છે. ગર્દભસેનને માંત્રિક ગર્દભી વિદ્યા સાધ્ય હતી. તેનો સંબંધ ખડાયતા નગરીની સાથે આવે છે. તે બે હજાર વર્ષ પૂર્વનું અર્થાત્ વિક્રમ રાજાના કાકા ગર્દભસેનના વખતનું નગર છે, એમ કંઈક અનુમાન ઉપરથી લાગે છે. ખડાયતમાંથી પ્રાચીન મોટી ઈંટો, હાથ હાથ પ્રમાણવાળી નીકળે છે. અમોએ તે ઈંટો હાલમાં પણ જોઈ છે. દોઢ હજાર બે હજાર વર્ષનાં નગરોનાં ખંડેરની એવી પ્રાચીન ઈંટો નીકળે છે. વિક્રમાદિત્યના રાજ્યકાળનો હજી ઈતિહાસજ્ઞોએ એક નિશ્ચય કર્યો નથી પણ તે વખતમાં આ નગરી વિદ્યમાન હતી. ખડાયતને (ષડાયતન) નગર કહેવામાં આવતું હતું. સાબરમતીના કાંઠે ચાવડારાજાઓના પૂર્વ સમયથી ભિલ્લ ઠાકોરોની વસ્તી વિશેષ પ્રમાણમાં છે અને હાલ પણ સાબરકાંઠે ઠાકોરોની મુખ્યતા છે. ખડાયતથી પૂર્વે નદી એક ગાઉ દૂર વહેતી હતી. હજાર બારસેં વર્ષ પર અડધો ગાઉ દૂર વહેતી હોવી જોઈએ. કારણકે હાલનું જૂનું ખડાયત છે તેની ઉગમણી દિશાએ જ્યાં નદીનો પ્રવાહ વહે છે તે નદીમાં એક જૂની વાવ (વાપિકા) છે અને તે વિ. સં. ૧૯૬૩ માં સાબરમતીમાં પૂર આવ્યું હતું ત્યારે તે વાવને કોટાર્કના ખળદેવ મુખીયા વગેરેએ તથા મહાજનના આગેવાનોએ દીઠી હતી. તે વાવનો છેલ્લો કોઠો છે, અને તે પત્થરનો બનેલો છે. હાલ તે નદીમાં છે, તે ઉપરથી અનુમાન થાય છે કે નદીની પાસે વા નદીમાં તો કોઈ વાવ કરાવે નહીં પણ નદી ત્યાંથી માઈલ દૂર હોયતો વાવ કરાવવાની જરૂર પડે. તેમજ મહુડીના આરે કોટાર્ક મંદિરના ચઢવાના માર્ગે નદીમાં એક કુવો છે તે પણ એમ જણાવે છે કે સાબરમતી પોણો માઈલ દૂર પહેલાં વહેતી હોવી જોઈએ. કોટાર્કના સામે કાંઠે વઝોડાની ઝાડી છે અને ત્યાં સૂર્યકુંડ છે, તે વાઘપુરના ઠાકોરના કબજામાં છે. તે વઝોડાની ઝાડીની પેલી તરફ નદી વહેતી હતી એમ વૃદ્ધોની કિંવદન્તી છે. નદીઓ વારંવાર સ્થાન બદલ્યા કરે છે. સંધપુર, ઘસાયતા પાસેનાં નદીનાં વહેણ જોતાં અસલ વઝોડાની પાસે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી પૂર્વે તેની ઉગમણી દિશાએ સાબરમતી વહેતી હોવી જોઈએ. ખડાયતા જૂની નગરી હતી પણ તે સંબંધી તેની પ્રાચીનતાના ઘણા પ્રાચીન લેખો મળી આવ્યા નથી, પણ ભવિષ્યમાં લેખો મળે તેવો સંભવ છે. ફ્રાર્બસ રાસમાળામાં ખડાયતનું નામ આવે છે. વિજલદેવ પરમારે જ્યારે વિજાપુર પાસેનું તથા મસીયા મહાદેવ પાસેનું કોટડા ગામ માર્યું ત્યારે તેણે ખડાયતાના ભિલ્લ ઠાકોરોની મદદ લીધી હતી. વિ. સં. તેરમા સૈકામાં વિજલદેવપરમારે વિજાપુરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. તે વખતે ખડાયત જૂનું હયાત હતું પણ ત્યાં ભિલ્લ ઠાકોરોની રાજ્યસત્તા હોવાનું સિદ્ધ થાય છે.

વિ. સં. ૧૩૫૬–૫૭ માં દિલ્હીના અલ્લાઉદ્દીન બાદશાહના ગુજરાતના સેનાપતિ જફરખાને પાટણ જીત્યું અને તેણે સિદ્ધપુર, વડનગર, વિજાપુર, વીસનગર અને ખડાયતનાં મંદિરો તોડ્યાં, વિ. સં. ૧૩૩૩ લગભગમાં તો ખડાયતમાં ખડાયતા વાણિયાઓએ જૈન પ્રતિમા ભરાવી (કરાવી) હતી, તેવો ધાતુ પ્રતિમાનો લેખ છે. જે આ ગ્રન્થમાં છે. ખડાયતમાં જે વાણિયાઓ વસતા હતા તે વિ. સં. ૧૩૫૬ માં જફરખાનની ચડાઈથી અને પન્નરમા સોળમા સૈકામાં અમદાવાદના સુલ્તાન અહમદશાહ તથા મહમદ બેગડાની દેરાસર તોડવા વગેરેની ચડાઈથી કંટાળીને અહીંથી તેઓ નડિયાદ, મોહાસા, હલદરવાસ, ઉમરેઠ વગેરે તરફ રહેવા ગયા. ખડાયતા વાણિયાઓ પહેલાં જૈન શ્રાવકો હતા ને પાછળથી તેઓ વૈષ્ણવો થયા એમ જૈન ધાતુ પ્રતિમાઓના લેખો ઉપરથી માલુમ પડે છે. ગુજરાતના સેનાપતિ જફરખાન તથા ગુજરાતના સુલ્તાન અહમદશાહ વગેરેના વખતમાં ખડાયત ભાંગ્યું અને મંદિરો તૂટ્યાં. કોટાર્કનું મંદિર પણ તે વખતે તૂટેલું અને પાછળથી પન્નરમા–સોળમા સૈકામાં નવું બંધાયલું લાગે છે. તેનું કારણ એ છે કે–હાલના કોટાર્કમંદિરમાં પન્નરમા સોળમા સૈકાની ઈંટો, ભીંતો વગેરેમાં ચણાએલી છે. જે હાલ છે તે કોટાર્કમંદિર પ્રાચીન મંદિર હોત તો તેના પાયામાં ભીંતોમાં એકેકહાથની ઈંટો હોત પણ તે નથી–તેથી તે પન્નરમા સોળમા સૈકાનું નાના ઘાટનું બંધાવેલું લાગે છે અને મૂર્તિ તે પૂર્વની વાતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછીની તેમાં બેસાડેલી હોય એમ સંભવે છે. દેરાને ભાંગતી વખતે મૂર્તિને પહેલાંથી સંતાડી દીધી હોય તો પાછળથી નવું દેરું કરી તેમાં બેસાડી શકાય છે. ખડાયત ગામના જૂના આરા પાસે નદીના કાંઠે પહેલાં મહાદેવનું દેરું હતું.

હાલનું જે જૂનું ખડાયતા ગામ છે તેમાં એક બે જૈન દેરાસરો હતાં એમ અનુમાન થાય છે અને તે જૈન ખડાયતાવાણિયાઓએ કરાવેલાં હતાં. હાલમાં નવા ખડાયતા ગામ પાસેથી એક કોતર ઓળંગીને ટેકરાપર ચઢીને ઉપર જતાં જૂનાં ખડાયતનાં ખંડેરો ઈંટો તથા પત્થરવાળાં દેખાય છે. ટેકરાપર એક આરસ પહાણની જૈન અંબિકા દેવીની મૂર્તિ છે તે પર પૈસો ખખડાવતાં ધાતુના જેવો અવાજ થાય છે. તે મૂર્તિની પાસે એક જૈન મૂર્તિનું એક મસ્તક છે તેની પાસે પાષાણની દેવીની મૂર્તિઓ છે. ત્યાં આગળ ઠાકરડાઓ હોમ–હવન કરે છે. ત્યાંથી આગળ જતાંશ્રી અજિતનાથ તીર્થંકરની ક્રાઉસગ્ગિયાની પરિકરવાળી ઉભી ત્રણ ચારહાથ પ્રમાણવાળી મોટી મૂર્તિ છે. તેના પગ નીચે પ્રમાણે લેખ છે.

વિ. ૧૫૪૩ શ્રી મહિકાંઠે! મહિકાવતી! નગરે શ્રીમદ્ સિંહસૂરિણા! ઋષભ! અજિતબિંબં કારાપિતં મોક્ષહેતવે ॥

એવો શિલાલેખ છે. આ કયું નગર છે તે બરાબર વંચાતું નથી. બીજું નગર ભાંગ્યું હોય ત્યારે ત્યાંની મૂર્તિઓ અહીં લાવ્યા હોય અને અહીં નવું દેરાસર બંધાવી તેમાં વા જૂના દેરાસરમાં પ્રતિષ્ઠિત કરી હોવી જોઈએ. સાંકળેશ્વર મહાદેવના દેરાની ઉત્તર દિશાએ પચ્ચાશ હાથ દૂર અમે એક જૈન પ્રતિમાની અડધી પલાઠીવાળી મૂર્તિ, પત્થરની ઢીઢી છે તે ઉપરથી એમ જણાય છે કે પહેલાં શેરીસાની પેઠે અહીં પણ ખારા પત્થરની મૂર્તિઓ હશે અને તે બાદશાહોએ ભાંગી નાખી હશે. સત્તરમા સૈકા પછીથી તો અહીંથી ખડાયતાવણિકોએ સાવ ઉઠાંગીરી કરી બીજે ઠેકાણે ઠાયમનો વસવાટ કરેલો જણાય છે. ખડાયત જૂના ગામમાં બે ત્રણ કોતરાં પડ્યાં છે. તેમાંથી પાણીનાં ઝરણાં નીકળે છે તે અમે ખાસ દેખ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખડાયતના વાણિયાઓને ખડાયતાવણિકો કહે છે અને બ્રાહ્મણોને ખડાયતા બ્રાહ્મણો કહે છે, અને ઠાકોરો ભિલ્લોને ખડાયતા ઠાકોરો કહેવામાં આવે છે, અને તે ખડાયતા અટકથી ઓળખાય છે. ખડાયતા વાણિયાના બે ભેદ છે. વીશા ખડાયતા (વૃદ્ધ ખડાયતા) અને દશા (લઘુ) ખડાયતા. દરેક વણિક જાતિની વસ્તુપાળ અને તેજપાળે પાટણમાં ચોરાશી નાતો જમાડી ત્યારથી વીશા અને દશા એ બે ભેદ પડયા છે. વસ્તુપાલ રાસમાં તે સંબંધી હકીકત જણાવી છે, કોઈએ જ્ઞાતિ વિરૂદ્ધ કાર્ય કર્યું હોય અને તેના પક્ષમાં જે વણિકો હોય તે દશાની સંજ્ઞાને પામ્યા હોય છે અને એમાં પણ પુનર્લગ્નાદિક દોષભેદ પડવાથી પાંચા વાણિયાની અટક પડી હોય એમ સંભવે છે. તે અત્ર પ્રસંગોપાત્ત જણાવવામાં આવ્યું છે. ખડાયતના ઠાકરડાઓ પૈકી કેટલાક ઠાકરડાઓએ ખડાયતની દક્ષિણે ચાર પાંચ ખેતર પર મહુડીના વૃક્ષ તળે ગામ વસાવ્યું તેનું મહુડી નામ પડયું. ચારસે પાંચસે વર્ષ ઉપર મહુડી ગામ વસેલું હોય એમ અનુમાન થાય છે. ક્ષત્રપો, ચાવડા, સોલંકી, વાઘેલા અને ગુજરાતના સુલ્તાનોના વખતમાં સાબરમતીના કાંઠાપર આવેલા ઠાકોરોને તાબે કરી તેમની પાસેથી વાર્ષિક આંકડો દંડતરીકે લેવામાં આવતો હતો, પણ તેમની જમીન અને ગામ ખુંચવી લેવામાં આવતાં નહોતાં. ગાયકવાડી રાજ્યના સ્થાપન કાળમાં પણ સાબરકાંઠાના ખડાયત, ઘસાયતા, મહુડી, વાઘપુર, અનોડિયા, ઘાંટુ, આગલોડ, રણશીંગપુર વિગેરે ભિલ્લ ઠાકોરો આંકડિયા તરીકે કાયમ રહ્યા છે. મહુડીના ઠાકોરો પણ ગાયકવાડ સરકારને અમુક આંકડો ભરે છે પણ તે આંકડાને ગાયકવાડે વધારી દીધો છે, તેથી ઠાકોરો સાંકડી દશામાં આવી પડયા છે. જૂના મહુડી ગામમાં વીશ જૈનશ્રાવકવણિકનાં ઘર અને એક જૈનદેરાસર હતું. ત્યાં મોટાં કોતર પડવાથી અમારા ઉપદેશથી વિ. સં. ૧૯૭૧ ની સાલમાં મહાજને નવું મહુડી ગામ વસાવવાનો ઠરાવ કર્યો અને અમારા ઉપદેશથી નવા મહુડી (મધુપુરી) માં શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પદ્મપ્રભુનું જૈન દેરાસર તથા એક ઉપાશ્રય તથા શ્રી ઘંટાકર્ણ મહાવીરનું મંદિર બંધાવ્યું છે.

દેરાસર, ઉપાશ્રય તથા શ્રીઘંટાકર્ણમહાવીરના પ્રશસ્તિ લેખને અત્ર દાખલ કરવામાં આવ્યા છે. વિ. સં. ૧૯૧૪ ની સાલમાં મહુડી પાસેના અનોડિયાના સાતવાસના ઠાકોરોએ અંગ્રેજ સરકારને હથિયાર નહીં આપવા સંબંધે લડાઇ કરી હતી. અંગ્રેજ સરકારે વાઘપુરના કાંઠે આવી તોપોથી અનોડિયાના સાતવાસ બાળી મૂકયા હતા, પણ ઠાકોરોએ કોતરોમાં ઉતરીને પોતાનો બચાવ કર્યો હતો, પણ હથિયારો આપ્યાં નહોતાં. ખડાયત મહુડીમાં કોટારકનું વૈષ્ણવદેવનું મંદિર છે, અને ત્યાં વિષ્ણુની મૂર્ત્તિ છે. ત્યાં કારતક સુદિ ૧૧ થી પુનમ સુધી મેળો ભરાય છે. જૂનું કોટારકનું મંદિર છે તે સાબરમતીના ઠેઠ કાંઠા પર પડી જાય તેવી હાલતમાં આવેલું છે. તેનાથી પશ્ચિમ દિશાએ સાંકળેશ્વર મહાદેવનું દેવળ છે. હવે કોટારકનું મંદિર, કાંઠાના તુટવાથી જોખમમાં આવે એવું લાગવાથી ખડાયતા વણિકોએ શ્રીઘંટાકર્ણ મહાવીરના મંદિરની પાછળ ત્રણ ચાર ખેતર પર ટેકરાપર વિ. સં. ૧૯૭૭ થી નવુ કોટારકનું મંદિર બાંધવા માંડયું છે, તે હવે તૈયાર થઇ ગયું છે. ખડાયતા અને મહુડીની હવા સારી છે. આંબાઓ અને મહુડાઓનાં ઘણાં વૃક્ષો છે. તે ઋષિ ભૂમિ કહેવાય છે. જૂના કોટારકના મંદિર પાસે નદીના કાંઠાંપર બેસીને નદી, ઝાડી અને કોતરોનું નિરીક્ષણ કરનારને આનંદ મળે છે. આવી જગ્યાએ ગુરૂકુલોની આવશ્યકતા સિદ્ધ ઠરે છે. મહુડી અને અનોડિયા વગેરેના ઠાકરડાઓ ખેતીનો ધંધો કરે છે. મહુડીનાં ઠાકરડાઓની રખવાળ તરીકે પ્રતિષ્ઠા સારી છે. મહુડીના મહાજનનું જોર સારૂં છે, અને તેથી મહુડીની તથા ખડાયતાની જમીનમાં શિકાર થતો નથી. કોટારકમાં બળદેવ મુખિયાજી પૂજારી સારા હતા તે મૃત્યુ પામ્યા છે. સાબરકાંઠામાં ખડાયત મહુડીનો કાંઠો ખાસ રમણીય–દર્શનીય ને આનંદદાયક છે. જૂના સંધપુરમાં શ્રીચંદ્રપ્રભુનું દેરાસર હાલ જીર્ણ દશામાં કાયમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[महुडीना उपाश्रयनो लेख.]

(१)

ॐ अर्हं जिनेश्वर श्रीमहावीरदेवायनमः श्री गौतमगुरुभ्यो नमः

संप्रतिश्रीभारतादिदेशविश्रुतधर्ममहिमसाधुवाद जैन जैनेतरसर्वलोकमान्य अनेकजिनमंदिरजिनबिंबादिप्रतिष्ठाकारक, जैनधर्मप्रभावक, अनेकसंस्कृतभाषाग्रन्थप्रणेता, साधितसूरिमंत्र चारित्रादियोगनिष्ठ शास्त्रविशारदकविराज श्री महावीरदेवपट्ट-परंपरागत श्वेतांबरतपोगच्छश्री सागरशाखीयसर्व मुनिवृन्दमान्य परमगुरु महायोगीश्रीसुखसागरशिष्य जैनाचार्य श्री बुद्धि-सागरसूरिगुरुसदुपदेशतः श्री विजापुर निवासी देरोलवाळा, देव-गुरुभक्तिकारक दानी जैन दशाश्रीमाली वणिग् गृहस्थ श्रावक झव्हेरी, शा. मोतिलाल नानचंदे स्वमातृ श्रीसमरतश्राविकाना नामपुण्यस्मरणार्थे प्राचीन जैनतीर्थ नवीनग्राम महुडी (मधुपुरी) मध्ये सूरिजीना सदुपदेशथी बंधावेल श्रीपद्मप्रभुनवीनप्रासाद पासे नवीन उपाश्रय बंधाववामां रुपैया ३००१, त्रण हजार एक आप्या छे ॥ श्रीरस्तु ॥

श्री महुडी महाजनसंघ. वीर सं. २४४८. वि. सं १९७८. चैत्र शुक्ल पूर्णिमा. प्रशस्तिकारक मुनि कीर्तिसागर. खंभातनिवासी मुलचंद उमेदराम सोमपुरा तेन इयं प्रशस्ति उत्कीर्णा. शान्तिः ३

(२)

ॐ अर्हं महावीर जिनेश्वराय नमः

ॐ गौतमगुरुभ्यो नमः ॐ रविसागरगुरुभ्योनमः ॐ सुखसागरगुरुभ्योनमः परब्रह्म परमेश्वरविश्वप्रभुश्रीमहावीर तीर्थंकरजिनेश्वरपट्टपरंपरागत श्रीश्वेतांबरीयतपोगच्छ पट्टालंकार-जगद्गुरु श्रीहीरविजयसूरिवरतपागच्छसागरशाखीय चारित्र-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

चूडामणि महागुरुश्रीनेमिसागरमुनिवर तच्छिष्य मुनीश्वर गुरुश्री रविसागरजी तच्छिष्य महागुरु श्री सुखसागरजी तच्छिष्य पट्टधर ।। सर्वजैन संघगच्छेषु प्रतिष्ठित भारतादिदेश प्रख्यात योगनिष्ठ शास्त्रविशारद भट्टारकजैनाचार्य श्री बुद्धि-सागरसूरिमहाराजसदुपदेशतः कारापित तथा स्वप्रतिष्ठित महुडी (मधुपुरी) नवीन पद्मप्रभु जिनेश्वर प्रासादासन्नवीनो पाश्रय बंधाववामां महुडी वास्तव्य दशाश्रीमाली वहोराशाखीय शा मानचंद मुलचंद तरफथी तेमना पुत्र वणिक् कालीदास तथा मगनलाल तथा वर्धमान तथा ईश्वरनी माता श्राविका का-शीना नामपुण्यस्मरणार्थे रु. १००१ एकहजार ने एक आपवामां आव्या छे. तथा श्री पद्मप्रभुना मंदिरनीभूमि तथा उपाश्रयभूमि, सवा विघाना आशरे आपवामां आवी छे. लेखक वाडीलाल तथा मणीलाल. विशेष. वहोरा शा मानचंद मूळचंदनी तरफथी वि. सं. १९७८ चैत्र वदि तृतीयाथी एकादशी पर्यंतनुं अष्टान्हिका महोत्सवपूर्वक उद्यापन (उजमणुं) करवामां आव्युं छे, तथा चैत्रवदिआठमथी अगियारससुधीनुं विजापुर तथा कांठानी बे जैन वणिक महाजन सत्तावीशनुं चोखळुं करवामां आव्युं छे. तत्प्रसंगे आलेख कर्यो छे. वि. सं. १९७८ चैत्र वदि १० शुक्रवासरे. लेखक महुडी जैनसंघ. खंभातवासी सोमपरा सलाट मूलचंद उमेदेन इयं प्रशस्तिः उत्कीर्णा. शुभं भवतु. ॐ अर्हं महावीर. शान्तिः ३

[महुडीना दहेरासरमां श्रीमद् रविसागरजी महाराजनी मूर्तिनो लेख.]

ॐ अर्हं महावीर प्रभु जैनशासन श्वेतांबर तपागच्छ सागर संघाटक (सागर गच्छ) क्रियोद्धारक श्री नेमिसागरजी तच्छिष्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मुनिराज श्री रविसागरस्य मूर्तिः प्रतिष्ठापिता श्री सागरसंघाऽक जैनाचार्यबुद्धिसागरसूरिणा विद्यापुरासन्न मधुरी (मधुपुरी) जैनसंघेन भक्त्या कारापिता. वि. सं १९७५ वर्षे मागसरमासे सुदि ५ तिथौ.

[श्री सुखसागरजी महाराजनी मूर्तिनो लेख,]

ॐ अर्हं श्री जैनधर्मतीर्थेश श्री वीरप्रभुजैनशासन प्रवर्तक श्वेतांबर तपागच्छ पट्टालंकार सागर गच्छीय क्रियोद्धारक श्री नेमिसागरमुनिवरस्तच्छिष्य भारतप्रसिद्ध श्री रविसागर मुनिवरस्तच्छिष्य शान्तमूर्तिः क्रियापात्र श्री सुखसागरमुनिवर मूर्तिः श्री मधुटी (महुडी) (मधुपुरी) ग्रामे मधुटीजैनसंघेन कारापिता च प्रतिष्ठिता सागरगच्छ पट्टालंकृत जैनाचार्य बुद्धि-सागरसूरिणा लि. पं. अजितसागर गणिना. वि. सं. १९७४ वर्षे मागसर मासे ५ तिथौ.

[महुडी मध्ये श्री घंटाकर्ण महावीरनी मूर्तिनो लेख.]

ॐ अर्हं महावीरजिनेश्वराय नमः

भारते गुर्जरे देशे, शुभे विद्यापुराऽन्तिके। मधुपुर्यां (महुडी) दयाभूम्यां, घंटाकर्णस्य मन्दिरम् ॥ १ ॥ कृतं श्रीजैनसंघेन, संघायत्तं शुभंकरम् । घंटाकर्णो महावीरो, जैनधर्मप्रभावकः ॥२॥ जैनशासनदेवोऽस्ति, सम्यग्दृष्टिः सुरक्षकः । पूर्वाचार्यैर्हि संघस्य। जैनधर्मस्य वृद्धये ॥ ३ ॥ स्थापितोऽस्ति महावीरो, घंटाकर्णो महाबली । चतुर्विधमहासंघ--वृद्धयेऽस्तु स सर्वदा ॥४॥ खसिद्धि-ग्रहचंद्राङ्कैर्मिते वैक्रमवत्सरे । मार्गशुक्लद्वितीयायां जैनसंघस्यर-क्षिणः ॥ ५ ॥ घंटाकर्णस्य वीरस्य, प्रतिमा सुप्रतिष्ठा । भारतादि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सुविख्यात–बुद्धिसागरसूरिणा ॥६॥ सानंदवास्तव्य जैन श्रावक चमनलाल छगनलालेन रुप्यक सहस्रं तथा सानंद वास्तव्य जैन श्रावक मोहनलाल शकरचन्द्रेण रूप्यकसहस्रं श्री घंटाकर्ण महावीरमन्दिरविधापनार्थंदत्तम् ॥ ॐ अर्हं महावीर शान्तिः २

વિજાપુરની આથમણી દિશાએ ઉત્તર, દક્ષિણ, પૂર્વ દિશાએ ચારે તરફ આંબાની પુષ્કળ ઝાડી છે. તેમજ મહુડા, રાયણ, લીંબડા આંબલી, જાંબવા, વડ, પીંપળા, વગેરે વૃક્ષોની પુષ્કળ ઝાડી છે. તેથી સ્વર્ગમાંનાં નંદનવન બાગનો એક ટુકડો પડીને હેઠળ આવી વિજાપુરની ભૂમિમાં જાણે પડ્યો હોય એવું ભાદરવા માસની કુદરતની શોભા જોતાં, કવિયેાને–કુદરતભકતોને લાગે છે. વિજાપુરમાં આંબા મહુડાનાં હજારો વૃક્ષો છે. વિ. સં. ૧૯૫૬ ના મહાદુષ્કાળમાં આંબા વગેરેનાં હજારો વૃક્ષો નાબુદ થયાં, તેમજ પન્નર વીશ વર્ષથી દર વર્ષે હજારો વૃક્ષો કપાય છે અને પરદેશ ખાતે ચડે છે, તેથી બાગની શોભામાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે તેથી વિજાપુર તાલુકામાં વરસાદ ઓછો (ન્યૂન) પડે છે. વિજાપુરના ખેતરોમાં વૃક્ષોપર–વડ આંબલીયોપર, પહેલાં હજારો ભોરો સાંજરે આરતી ઝાલર નગારાના શબ્દો સાથે ટહુકાર કરી મૂકતાં હતાં તેમાંનાં ઘણા ખરાંને હિંસક લોકોએ મારી ખાધાં છે. હરણાંના ટોળાં પણ ઘણાં ઘટી ગયાં છે. તેથી વિજાપુરના નંદનબાગની શોભામાં ઘટાડો થતોથાય છે. દહેગામ કરતાં વિજાપુરમાં આંબાનાં ઘણાં વૃક્ષો છે. ગરીબ લોકોનો આંબા, મહુડી રાયણ, આંબલી તથા બોર ઉપર ઘણો ગુજારો થાય છે. મહુડાં ઉપર કાયદો કરવાથી ગરીબ લોકોને ઘણી અડચણ પડે છે અને તેથી લોકો મહુડાના વૃક્ષોને કાપીને વેચી નાખે છે અને મહુડાનાં વૃક્ષોને લોકો ઉછેરતા પણ નથી, તેથી સરકારે તે સંબંધી ધ્યાન દેવું જોઇએ. વિજાપુરની આસપાસ સેંકડો કુવા છે પણ પૂર્વના જેવી ખેતીનો પાક હાલ થતો નથી. કણબી લોકોને ખેતીમાં લાભ ન થવાથી અને દેવું વધી જવાથી વિજાપુરના કણબીઓ પૈકી તથા આજુબાજુના ગામડાના કણબીઓ અમદાવાદની મીલોમાં નોકરી કરવા ગયા છે. વિજાપુરથી માલ પરદેશ ખાતે ચઢે છે. વિજાપુરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પચ્ચીશ ત્રીશ વર્ષ પર જેટલી ગાયો, ભેંસો, બળદ, બકરીઓ વગેરે હતી તેમાંથી અડધા ભાગની પણ હાલ નથી.

વિજાપુરમાં પહેલાં અફીણનો સારો વ્યાપાર ચાલતો હતો; હાલમાં વ્યાપાર મંદ પડી ગયો છે. બ્રાહ્મણો અને વહોરાઓ વ્યાપારમાં સુખી થવા લાગ્યા છે અને વાણિયા, ભાટ, અને મુસલમાનો હાલ જરા નરમ સ્થિતિમાં આવી પડ્યા છે. સુતાર, કડિયા, સથવારા અને દરજી લોકો સારો પગાર મેળવે છે. એક વણિકનો પુત્ર દર માસે પન્નર રૂપીયાનો પગાર લાવે છે તો એક કુડિયાને દર માસે પિસ્તાલીશ રૂપીયા મળે છે ! એક સુતાર એક માસમાં પંચોતેર રૂપીયા મેળવી શકે છે તો એક ગ્રેજ્યુએટ દર માસે સાઠ રૂપીયા મેળવી શકે છે. વહોરો દરેક જાતના વ્યાપાર કરવામાં સાહસ રાખે છે. વાણિયાને તેમ કરતાં શરમ તથા પાપ–દોષ નડે છે. પચ્ચીશ ત્રીશ વર્ષ પહેલાં વિજાપુરમાં ચાહ હોટલની એક પણ દુકાન નહોતી, તેમજ પાન બીડી વેચવાની એકજ દુકાન હતી. તેના ઠેકાણે હાલ દશબાર દુકાનો નીકળી છે. બીડીયોની પણ દુકાનો ઘણી વધી છે. સરકારી કાયદો છતાં દશબાર વર્ષની ઉપરનાં બાળકો બીડીઓ પીવે છે. ગામમાં કજીયાદલ્લાલોની દુકાનો વધી પડી છે. વિજાપુરમાં વ્યાપારમાં લાભ નહીં મળવાથી વિજાપુરના જૈનો અમદાવાદ, મુંબઈ, પુના, વડોદરા, સુરત, અને દક્ષિણનાં ગામો વગેરેમાં ગયા છે. વિજાપુર અને વિજાપુર તાલુકાના જૈનોની વીશાશ્રીમાલીની નાતનો સત્તાવીશનો વિ. સં. ૧૯૦૭ લગભગમાં ગોળ બંધાયો છે. વિજાપુરમાં કંસારાનાં ઘણાં ઘર હતાં. તેમાંથી ઘણાંખરાં વિસનગર વગેરે સ્થળે જતાં રહ્યાં છે, દશાપોરવાડ દેશાઈઓની પણ નબળી સ્થિતિ થઇ છે. ભાટ–બારોટોની હવેલીઓ જોતાં તેઓ ઠાકોરો જેવી દશાવાળા દેખાય છે. પણ હાલમાં તેઓ ધનની સ્થિતિમાં નબળા છે તેથી કેટલાક બારોટો વ્યાપાર કરવા લાગ્યા છે, કેટલાક પરદેશ ગયા છે. પહેલાંના જેવા મનુષ્યો હવે શકત (બળવાન) થતા નથી. કદમાં નીચા થાય છે. ગાય ભેંસો બળદોનાં કદ અને તેઓની શક્તિ ઘટવા લાગી છે. ગાય ભેંસોની સંખ્યા ઘટવાથી તથા બળદોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંખ્યા ઘટવાથી લોકોને દુધ દહીં છાશ જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં મળતાં નથી. હિંદમાં ચૌદ કરોડ ગાયો અને પન્નર કરોડ બેંસો છે, તથા ઘેટાં બકરાં વીશ વીશ કરોડ પ્રમાણ છે. શત વર્ષ પૂર્વે હિંદમાં સાઠ સિત્તેર ક્રોડ ગાયો હતી. હજારો કત્લખાનાં થવાથી અને સૈન્ય વગેરેમાં દર વર્ષે બાવન લાખ ગાયોનું માંસ ખાવાનો વહીવટ હોવાથી ભવિષ્યમાં ગાયો, બેંસો બકરાં વગેરેની સંખ્યા (જો આ પ્રમાણે ચાલશે તો) ઘણી ઘટી જવાની. મુસલમાની રાજ્યના સમય કરતાં પણ હાલ ગાયો વગેરેની સંખ્યા ઘણી ઘટે છે, પચ્ચાશ વર્ષ પૂર્વના મનુષ્યોનાં શરીરનું જેટલું કદ હતું તે પ્રમાણમાં હાલમાં તેનાં સંતાનોનું થતું નથી અને તેટલું બળ પણ નથી ! હાલમાં પૂર્વના જેવા યોદ્ધાઓ, કવિયો, વ્યાપારીઓ, હજી અહીં પ્રગટ્યા નથી. આજીવિકાદિકારણોથી મનુષ્યોની ચિંતા વધતીજ જાય છે. ગરીબ ભિક્ષુ વગેરે લોકોમાં દારૂનો પ્રચાર વધતો જાય છે. ઉચ્ચ કોમમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ ભાર બોજો ઉપાડવાના કાર્ય કરવામાં હાલમાં શક્તિમંત છે. પુરૂષના શ્વેત વાળ વહેલા થાય છે અને સ્ત્રીના તેઓના કરતાં ઘણા વર્ષ પશ્ચાત્ થાય છે. પાશ્ચાત્ય કેળવણીથી સર્વ બાબતોમાં લાભ કરતાં હાનિ વિશેષ દેખાય છે. વણિગ્વર્ગની અને બારોટ વર્ગની સ્ત્રીઓ છે તે અન્યવર્ણની સ્ત્રીઓ માફક ધન પ્રાપ્ત કરવાના ધંધા (વણવા સીવવા વગેરે કાર્યો) કરી શકતી નથી. મુસલમાનો ચેતી ગયા છે. વિજાપુરમાં પચ્ચીશ વર્ષ પહેલાં મુસલમાનો, બારોટો અને બ્રાહ્મણો દુકાનો કરવામાં નહીં સરખી પ્રવૃત્તિવાળા હતા, હવે તેઓ દુકાનો કરવા લાગ્યા છે, વણિગ્વર્ગ, તેઓની હરિફાઈમાં પાછો હઠી પરદેશ ખાતે જવા લાગ્યો છે. વિજાપુરમાં બી. એ. સુધી અભ્યાસી દેશાઇ. છોટાલાલ ધોળા તથા ચુનીલાલ દુર્લભ બે છે. પન્નર વર્ષથી બાળકોને આજીવિકાની ચિંતાથી ધંધા વગેરેમાં ભળવાનું થાય છે. વિજાપુરમાં થોડાક જૈન ગૃહસ્થો કે જે આંગળીના ટેરવે ગણાય તેઓને બાદ કરીએ તો બાકીના ભાગને આવક કરતાં ખર્ચ વધારે છે. મુસલમાન વર્ગમાં બે ત્રણ ઘર ધનાઢ્ય છે. વહોરામાં પાંચ છ આસામી ધનવડે સારી સ્થિતિમાં છે. બારોટ વર્ગમાં ત્રિકમલાલ વાઘજીનું ઘર પ્રખ્યાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રાહ્મણવર્ગમાં શેઠ લલ્લુભાઇ ગિરધર હવે, તથા વિઠ્ઠલભાઇ તથા પુરૂષોત્તમ લલ્લાભાઇ વગેરે સુખી સ્થિતિમાં છે. દેશાઇ વર્ગ હાલ મધ્યમ સ્થિતિમાં છે. માણસાના જેટલો વિજાપુરમાં વ્યાપાર નથી ખેતરોથી અને વૃક્ષોથી વિજાપુરના લોકોની આજીવિકા નભે છે. કારીગરવર્ગ પહેલાં કરતાં હવે ધન સારી રીતે કમાય છે. પરદેશમાં વ્યાપારાર્થે ગયેલા લોકોમાંથી ઝવેરી મોતિલાલ તાનચંદ, શેઠ લલ્લુભાઇ કરમચંદ, શેઠ ઉમેદ કંકુચંદ, શેઠ લલ્લુભાઇ ગીરધર તથા વિઠ્ઠલભાઇ વગેરે સુખી સ્થિતિમાં છે. સારી સ્થિતિમાં છે. ખેડુઓની સારી સ્થિતિ નથી, કારણ કે તેઓના ખેતરમાં વર્ષાદના અભાવે તથા પોતાના ખેતરના અભાવે સારી ખેતી થતી નથી. કોઇવાર પાકે છે અને કોઇવાર પાકતી નથી, તેથી દેવા વગેરેના બોજાથી દુઃખી–અભણસ્થિતિમાં છે. તે લોકોને ઉત્સાહી બનાવી સારી સ્થિતિમાં લાવનાર રાજનેતાઓની જરૂર છે. વ્યાપાર હુન્નરકળામાં વિજાપુર પછાત છે. નાકના પર ચાકું હોવાથી જેમ મુખ શોભતું નથી તેમ વિજાપુરમાં સ્ટેશનથી પ્રવેશ કરતાં પહેલી દારૂના પીઠાની હવેલી આવે છે તેથી વિજાપુરની શોભા ઘટી જાય છે.

વિજાપુરની આબોહવા એકંદર સારી છે. શહેરો કરતાં તાલુકામાં અને તાલુકા કરતાં ગામડાઓના લોકોમાં અસલનું આર્યત્વ વિશેષ પ્રમાણમાં છે. આ તાલુકામાં ત્રણ ઋતુઓમાં પાક થાય છે. (ખરોડ, જંત્રાલ વગેરે ગામોમાં પહેલાં ઉન્હાળામાં પૃથ્વીથી બે હાથ ખોદતાં પાણી નીકળતું હતું. પહેલાં જંત્રાલ વગેરેમાં શેલડી પાકતી હતી અને અખાત્રીજના દિવસે કુવા માંથી બહાર ખેતરોમાં પાણી ઉભરાઇ જતું હતું તેમાંનું હાલ કશું નથી !)

વિજાપુરમાં સરાણીયા, લખવારા વગેરેની જે વસતિ હતી તેમાંથી હાલ ઘણી ઘટી ગઈ છે. ઘાંચીઓની વસતિ ઘટી ગઈ છે. વિજાપુરમાં જૂનો કિલ્લો હતો તેનો કંઇક ભાગ હજી કાયમ છે. સને ૧૮૮૭ના અકટોબરની તા. ૧૮ મીએ રાતના નવ અને દશ વચ્ચે વિજાપુર અને બેરાળુમાં ધરતીકંપનો આંચકો લાગ્યો હતો. તથા સને ૧૮૯૯ના મે માસની ૨૩ મી તારીખે સાંજના ચાર વાગતાં વિજાપુરમાં જોસલેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પવન સાથે સખ્ત વાવાઝોડું એક કલાક સુધી રહ્યું હતું, તેથી કેટલાંક ઝાડ પડી ગયાં હતાં. સને ૧૮૯૦માં એપ્રીલની ૧૬ મી તારીખે સાંજના પાંચ વાગતાં વિજાપુર, પાટણ અને સિદ્ધપુરમાં પવનના તોફાન સાથે એકદમ આંધી ચડી આવી હતી અને આકાશ ધુળથી છવાઇ ગયું હતું. એક કલાક સુધી ધુળ, કાંકરાં ને રેતી ઉડવાનું તોફાન થયું હતું–વિજાપુરમાં વિ. સં. ૧૯૨૫માં રેલ આવી હતી. તથા ૧૯૩૨ બત્રીસમાં રેલ આવી હતી. વિ. ૧૮૬૮માં મોટો દુષ્કાળ પડયો હતો. સને ૧૮૯૦ માં તીડ આવ્યાં હતાં. વિજાપુર તાલુકાની કુલ વસ્તી સને ૧૯૧૧ માં ૧૧૦૯૧૩ ની હતી, જ્યારે વિજાપુર ગામની વસ્તી ૬૪૦૮ ની હતી. તેમાં ૩૧૯૬ પુરૂષ અને ૩૨૧૨ સ્ત્રીઓ. તે પછી થોડો વધારો થવા પામ્યો છે. એટલે સને ૧૯૨૧ માં તાલુકાની કુલ વસ્તી ૧૧૭૪૮૨ ની નોંધાઇ છે જ્યારે વિ૦ ગામની ૭૩૧૯ ની છે. વિ૦ તાલુકાની જૈન વસ્તી ૪૪૦૨ ની છે ને વિજાપુર ગામની જૈન વસ્તી ૮૩૬ ની છે, (પુ૦ ૩૮૧ અને સ્ત્રી ૪૫૫) આ તાલુકાની ઉપજ કુલ રૂા. ૪૪૭૦૦૦ ની છે. વિ૦ તા૦ નાં એકંદર ગામ ૮૭ છે, તે પૈકી ૮૨ સરકારી અને ૫ પરભાર્યા વહીવટનાં છે. (પેટા પરાં સાથે ૧૧૦ થાય છે.)

વિજાપુરના જૈનો—વિજાપુરમાં વીશાશ્રીમાળી જૈનોનાં એંશી વર્ષ પૂર્વે અઢીસેં ઘર હતાં, હાલ ઓછાં થયાં છે. આજુબાજુના સત્તાવીશ ગામના જૈનવીશાશ્રીમાળીઓનો વિ. સં. ૧૯૦૭ લગભગમાં ગોળ બંધાયો હતો, તેમાં વિજાપુરના શેઠ ઓધવજી ગણેશના ઘેર શેઠાઇ છે. તેમની તરફથી હાલ શેઠ કચરાભાઇ ઘેલાભાઇ શેઠાઇ કરે છે તથા બીજા શેઠ મનઃસુખભાઇ લલ્લુભાઇ સ્વરૂપચંદ છે. ઓશવાળ જૈનોમાં પોણોસો વર્ષ પહેલાં ગોળ નહોતો. પચ્ચાસ વર્ષ ઉપર ગોળ થયો છે. ઓશવાળી નાતમાં પાંચ શેઠ છે. દશાશ્રીમાળી નાતની શેઠાઇ અહીંના દશા શ્રીમાળીઓને ત્યાં નથી. તેમજ દશા પોરવાડ જૈનો વગેરેમાં પણ અહીંની શેઠાઇ નથી. વિજાપુરમાં જૈનમહાજનની મહત્તા છે. વિજાપુરમાં ગાયકવાડ સરકાર વગેરે આવે છે તો પહેલાં મહાજનનો થાળ તથા પાનસોપારી લે છે. પશ્ચાત આજુબાજુના ગામોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠાકોરોની પાનસોપારી લે છે, વિજાપુરમાં શેઠ બહેચર સીરચંદ તથા કુબા દોશી વગેરે મોટા શેઠો થયા છે. શેઠ સુરચંદ સરૂપચંદ તથા શા. દલસુખ સરૂપચંદ જૈન વીશાશ્રીમાળી શ્રાવક હતા, તેમણે શ્રીમદ્ હુકમમુનિજી પાસે અભ્યાસ કર્યો હતો, પાછળથી અમારી પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. વિ. સં. ૧૯૭૪ માં સુરચંદભાઈ મરણ પામ્યા. તેમણે 'જ્ઞાનશીતલ વિલાસ' વગેરે સારા આધ્યાત્મિક ગ્રન્થોની ભાષામાં રચના કરી છે. વિજાપુરમાં દોશી નથુભાઈ મંછાચંદ જૈન બારવ્રતધારી શ્રાવક હતા. તે અમારા ઉપકારી સહાયક–ધર્મપિતા–તરીકે હતા. તેમણે જૈન દેરાસરોના વહીવટના સુધારા માટે ચિંતામણિ પાર્શ્વનાથના નામની પેઢી સ્થાપી. તેમણે પિસ્તાલીશ વર્ષ સુધી વિદ્યાશાળાનો વહીવટ કર્યો. કચેરીમાં પણ સાક્ષીતરીકે તેમને મુન્સફ વગેરે સોગન ખાવા દેતા નહોતા. એ તેમના સાચપણની સાક્ષીરૂપે બળ કહેવાય છે. વિજાપુરમાં ગુલાબચંદ કપૂરચંદ તથા બેચર કપૂરચંદ તથા ભગુભાઇ મૂલચંદ, પિત્તાંબર દેશાઈ, દયાલજી દેવકરણ–જીવરાજ વખતચંદ તથા કંકુચંદ બહેચર, હાથીભાઇ કોટડિયા, ડુંગરશી ધનજી, ડુંગરશી નગરશેઠ, કુલા બાદર, જનાશા પિતાંબર, શેઠ મગનલાલ કંકુચંદ, શેઠ છગનલાલ બેચર, સીરચંદ વખારિયા, છગનલાલ વખારિયા, પાનાચંદ મોતીચંદ–કેવલ ભોળા વગેરે ખાનદાન ગૃહસ્થો હાલમાં પચ્ચીસ પચ્ચાસ વર્ષ લગભગમાં થઈ ગયા. હાલમાં આર્થિકસ્થતિએ ગૃહસ્થતરીકે શેઠ ભીખાભાઈ લલ્લુભાઈ. શેઠ લલ્લુભાઈ કરમચંદ, શેઠ મોહનલાલ જેઠા, વકીલ નગીનદાસ જેઠા, શેઠ નાનચંદ નગીનદાસ તથા ભોગીલાલ નગીનદાસ, ઝવેરી મોતીલાલ નાનચંદ, શેઠ રીખવદાસ ચુનીલાલ, શેઠ વાડીલાલ હરિચંદ, શેઠ લલ્લુભાઈ છગનલાલ પાડેચિયા. શેઠ બેચરદાસ પુરૂષોત્તમ, શેઠ કેવલ જેઠા, દેશાઈ ડાહ્યાભાઈ નથુભાઇ, શેઠ મોહનલાલ જેશીંગ વગેરે છે. વિદ્યાશાળાનો વહીવટ દોશી લલ્લુભાઈ કાળીદાસ કરે છે. દોશીવાડાના સંવેગી ઉપાશ્રયનો વહીવટ શેઠ મોહનલાલ જેઠાભાઈ કરે છે. શ્રી ગોડીપાર્શ્વનાથજીના દેરાસરનો વહીવટ પહેલાં શેઠ જેસીંગભાઇ જનાશા કરતા હતા. હાલ શેઠ ગોકળભાઈ મલકચંદ કરે છે કુબા દોશીના દેરાનો વહીવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલાં કુલા બાદરવાળા કરતા હતા. હાલ શા મણિલાલ ડાહ્યાભાઇ કરે છે. મણિલાલ ડાહ્યાભાઇને અમારી સમક્ષ વિ. સં. ૧૯૭૬ માં વહીવટ સોંપવામાં આવ્યો ત્યારે તેમણે દેરાસરનું દેવું ચુકવવા પોતાનાં ખેતર દુકાન વગેરે દેરાસરને આપ્યાં છે તે સંબંધીનો લેખ તે દેરાસરના ચોપડામાં દશ બાર શેઠીયાની સહી સહિત થયો છે. દેરાસરમાં આવેલ ખેતરો, દુકાનો વગેરેનો તે વહીવટ કરે છે, ને તે તેમના નામ ઉપર છે પણ તે ફક્ત દેરાસર તરફથી વહીવટ કરનારા છે એમ સંઘે નક્કી કર્યું છે. એ પ્રમાણે માન્ય કરીને તેમને તથા શેઠ કચરાભાઇ અમીચંદને સંઘે દેરાસરનો વહીવટ અમારી સમક્ષ સોંપ્યો છે. શ્રી અરનાથના દેરાસરનો વહીવટ શા બબલ દીપચંદ કરે છે. શ્રી કુંથુનાથના દેરાસરનો વહીવટ પહેલાં શેઠ ઘેલાભાઇ ન્હાલચંદ કરતા હતા. હાલમાં ચિંતામણની પેઢી ખાતે વહીવટ પડ્યો છે. પાઠશાલાનો વહીવટ શ્રી ચિંતામણની પેઢીના ત્રસ્ટીઓ કરે છે. પોસાતી ખાતાનો વહીવટ શા વાડીલાલ હરીચંદ કરે છે. તેમના ઘેર ચોપડી છે. સંવત્સરીના પૌષધજમણનો વહીવટ શા. કેવલભાઇ જેઠાભાઇ કરે છે, તેમની પાસે તેનું નામું વગેરે રહે છે. શ્રી શાંતિનાથના દેરાસરનો વહીવટ પહેલાં શેઠ છગનલાલ બેચર તથા ઘટાભાઇ પરશોત્તમ કરતા હતા, હાલમાં તેનો વહીવટ ચિંતામણની પેઢી ખાતામાં છે અને શેઠ વાડીલાલ હરિચંદ તથા શા નાથાલાલ કાલીદાસ એ બે વહીવટ કરે છે. શ્રી મહાવીરસ્વામીના દેરાસરનો વહીવટ હાલમાં શેઠ દયાલજી દેવકરણવાળા તરફથી થાય છે. શ્રી ચિંતામણિ દેરાસર તથા શ્રી પદ્માવતી દેરાસર તથા શ્રી વાસુપૂજ્યના દેરાસરનો વહીવટ હાલમાં ત્રીશ વર્ષ લગભગથી ચિંતામણિની પેઢી તરફથી થાય છે. અણુસુરગચ્છના ઉપાશ્રય બેનો વહીવટ શેઠ વાડીલાલ હરિચંદ કરે છે. વડીપોશાલનો વહીવટ શ્રી ચિંતામણની પેઢી ખાતે છે. વિજયદેવસૂરગચ્છનો વહીવટ પહેલાં મગનલાલ તથા પિતાંબર દેશાઇ કરતા હતા. પછીથી દેશાઇ નથુભાઇ કરતા હતા. હાલમાં વિજયદેવસૂરિના ગચ્છ તરફથી શેઠ બેચરદાસ પુરૂષોત્તમ વગેરે કરે છે. શ્રી બાદરવાડીનો વહીવટ શેઠ ઉમેદચંદ કંકુચંદ તથા શેઠાણી મંગુબેન વગેરે કરે છે. શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હઠીશંગની ધર્મશાળાનો વહીવટ દોશી ચોપટલાલ દલસુખભાઇ કરે છે. પાંજરાપોળના વહીવટની દોશીવાડાની કમિટી નીમાઇ છે, તે તરફથી પાંજરાપોળનો વહીવટ થાય છે. શેઠ લલ્લુભાઇ કરમચંદ હાલમાં ચાલતી જૈન" શેઠ મગનલાલ કંકુચંદની બોર્ડીંગ તથા પટ્ટની જગ્યાનો વહીવટ કરે છે. તથા પાલીતાણા ગુરૂકુલના સેક્રેટરી થઇને તેનો વહીવટ કરે છે અને અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળતરફના વહીવટમાં ભાગ લે છે, તથા મુંબાઇ વગેરેમાં અન્યધાર્મિક કાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લે છે. શેઠ ભીખાભાઇ લલ્લુભાઇ મ્યુનિસીપાલીટી વગેરે સરકારી–પ્રજાકીય કાર્યોમાં ભાગ લે છે, તથા જૈન સંઘમાં આગેવાનીભર્યો ભાગ લે છે. ઝવેરી. શા મોતિલાલ નાનચંદ એક ગૃહસ્થ. જૈન છે, તેમના મનમાં ધાર્મિક કેળવણી વગેરે સત્કાર્યોમાં સહાય કરવાની ઘણી હોંશ છે, તથા ટીપોમાં મદદ કરે છે. ચિંતામણની પેઢી સ્થાપવામાં વકીલ ફીખવદાસ અમુલખે તથા શેઠ હરિચંદ દીપચંદે સારો ભાગ લીધો હતો. જ્ઞાનમંદિરની દેખરેખ શા. મોહનલાલ જેશીંગભાઇ કરતા હતા.

વિજાપુરમાં બારવ્રતધારી તથા જૈનધર્મતત્વજ્ઞ સુશ્રાવક શેઠ મોહનલાલ જેશીંગભાઇ વિજાપુરના સર્વવિદ્યમાન શ્રાવકોમાં તે પ્રથમ નંબરે વ્રતગુણધારી શ્રાવક છે. તેમનામાં ભક્તિ, સેવા, વૈરાગ્ય, નીતિ, પ્રમાણિકતા, ગંભીરતા, પરોપકાર, સાધુભક્તિ, દેવગુરૂની સેવાભક્તિ, શાંતિ, સરલતા વગેરે અનેક સદ્‌ગુણો જોવામાં આવે છે. અમારી પાસે તેમણે ધાર્મિક શાસ્ત્રોનો સારો અભ્યાસ કરીને શ્રાવકનાં બારવ્રત અંગીકાર કર્યા છે. દશ વર્ષથી જૈન મિત્ર મંડળના સેક્રેટરી તરીકે તમણે સેવા બજાવી છે. અમારી સેવાભક્તિમાં વિજાપુરમાં તે પ્રથમનંબરે છે. તેમણે તેમની જીંદગીમાં આજસુધી કોઇની સાથે ઉંચ્ચા સ્વરે તકરાર પણ કરી નથી. કોઇના બૂરામાં તેમણે કદી પ્રવૃત્તિ કરી નથી. તે દરરોજ સામાયિક પૂજા વગેરે ધાર્મિક કરણી કરે છે. તે પ્રમાણિકપણે પારેખની દુકાન ચલાવે છે. વિજાપુરના સર્વવર્ણના લોકો, તેમની શાંત ગૃહસ્થધર્મી તરીકે એકી અવાજે પ્રશંસા કરે છે. મારા પરિચયમાં આવનારા શ્રાવકોમાં સદ્‌ગુણી સદાચારીતરીકે તે પ્રથમ નંબરે છે, *તેમની તરફથી

* મોહનલાલ ૧૯૮૦ માઘ શુદિ ૪ મૃત્યુ પામ્યા છે. તેમનું જીવનચરિત્ર ઉપાસકદશાંગોપનિષદ્‌માં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલમાં શા. ચંદુલાલ ગોકળ જ્ઞાનમંદિર મિત્રમંડળ વગેરે ધાર્મિક કાર્યોમાં સારો ભાગ લે છે. વિજાપુરમાં શેઠ પોપટલાલ કચરાભાઇ એક સત્યવાદી તરીકે પ્રસિદ્ધ છે. વિજાપુરના જૈનો અન્ય શહેરોના જૈનોની વ્યવહારિક કેળવણીની અપેક્ષાએ પશ્ચાત્ છે તથા ધાર્મિક કેળવણીમાં પણ પશ્ચાત્ છે. કુસંપ, અદેખાઈ વગેરે દુર્ગુણોથી તે પાછોહરી સંપીલો બને તો તે સર્વ બાબતોમાં ચડતીને પામી શકે. હાલમાં ધાર્મિક પાઠશાળા કે જે ચાર વર્ષથી બંધ પડી હતી તેને પાછી ચલાવવા માટે ઉપદેશ આપીને વિ. ૧૯૮૦ માં અમોએ ફંડ કરાવ્યું છે. તેના પ્રમુખ તરીકે દેશાઇ ડાહ્યાભાઇ નથુભાઇ તથા ઉપપ્રમુખ તરીકે શા. વાડીલાલ હરિચંદ છે. તથા સેક્રેટરી તરીકે શા ભોગીલાલ અમથાલાલને નીમ્યા છે. વિજાપુરમાં વ્યાપારમાં જૈનો મધ્યમ સ્થિતિવાળા તથા મંદ સ્થિતિવાળા છે. પરદેશમાં વ્યાપારાર્થે જનારા જૈનો કંઇક આર્થિક સ્થિતિમાં સુખી થવા લાગ્યા છે. વિજાપુરના જૈન વણિકો દક્ષિણ વગેરેમાં ગયા છે અને ત્યાં જાથુકનો વાસ કરી રહ્યા છે. જૈનધર્મી વણિકોમાં જૈન તત્ત્વજ્ઞાન બિલકુલ કમી હોવાથી તેઓ ધાર્મિકનીતિમય જીવનને સારી રીતે પ્રાપ્ત કરી શકતા નથી. લક્ષ્મીમંત વણિકો તથા વ્યાપારી વણિકોમાં ધાર્મિક નીતિમય પ્રવૃત્તિ જીવનનો જુસ્સો સદા જવલંત રહે છે તો તેમાં દુર્ગુણથી પડતીનો પ્રવેશ થતો નથી. બાલલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રયથી વિજાપુરની જૈન કોમને વારંવાર સદુપદેશ આપ્યા છતાં હજી સર્વથા મુક્ત થઇ નથી. જૈનો તેથી પડતીના માર્ગ તરફ ઘસડાવા લાગ્યા છે. માટે જૈનકોમ, સવેળા ચેતશે તો ચડતીના માર્ગ તરફ વળશે. વિજાપુરના જૈનોએ દરરોજ બાતાં પહેલાં કોઇપણ ધાર્મિક પુસ્તકનું વાંચન કરવું જોઇએ. વિજાપુરનો જૈન યુવક સમુદાય પણ જો ચેતીને ઉન્નતિના માર્ગે વળશે તો સારૂં થશે. જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાનપૂર્વક જૈનધર્મની આરાધના કરશે તો તેઓ વ્યવહારમાં પણ ચડતી પામશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विजापुरनां जैन मंदिरो.

[विजापुरमां श्वेतांबर जैनोनां ९ मंदिरो छे अने
१ हुंबड-दिगम्बर मंदिर छे]

१ श्री चिंतामणि पार्श्वनाथनुं देरासर—जैन कोन्फरन्स हॅरल्डमां देशाई मोहनलाल दलीचंदे हिवाणीना अंकमां एक जूनी पट्टावलि छपावी हती, तेमां लख्युं छे के—गुजरातना वाघेला वीरधवलराजाना मंत्री वस्तुपाल, तेजपाले वि. सं. १२८५मां विजापुरमां चिंतामणि पार्श्वनाथना मन्दिरनो जीर्णोद्धार कराव्यो हतो. विजापुरमां वि. सं. १२८५ पहेलां पांचसे सातसें वर्ष उपर बंधावेलुं वा ते पूर्वेनुं चिंतामणिपार्श्वनाथनुं देरासर होय एम ते उपरथी अनुमान थइ शके छे. जुना विजापुरमां चिंतामणिपार्श्वनाथनुं देरासर हतुं. दिल्लीना बादशाह अल्लाउद्दीनना समयमां वा अमदावादना सुल्तान अहमदशाह तथा महमद बेगडाना वखतमां जैनोनां अने हिंदुओनां देरासरो तोडवामां आव्यां अने तेनीज तथा तेना पत्थरोनी मसीदो बांधवामां आवी, ते वखते श्री चिंतामणि पार्श्वनाथनुं देरासर तोडवामां आवेलुं अने चिंतामणि पार्श्वनाथनी प्रतिमाने भाटवाडामां एक ब्रह्मभट्टना त्यां बे त्रण सैका सुधी गुप्तरीते भोंयरामां भणवामां आवी अने त्यांज पूजवामां आवी. ते काले बारोट भाविक प्रभुभक्त अने घणी वगसगवाळा तथा प्रतिष्ठित हता. वि. सं. १८३१ सुधी मंगलजी जशकरणना वहीवट-देखरेख नीचे श्री चिंतामणि पार्श्वनाथनी प्रतिमा हती. तेमना त्यां जूदी-अलग ओरडीमां प्रतिमाजी राखवामां आव्यां हतां, बारोट छोटालाल कालीदास कहे छे के अमारा वडवाओ ज्यारे गायकवाडी-हिंदुराज्यनी स्थापना थइ. अने जैनसंघे भाटवाडामां पार्श्वनाथनुं देरासर बांधवा मांडयुं त्यारे बारोट मंगलजी जशकरणे श्री संघने पार्श्वनाथनी प्रतिमा वि. सं. १८३१ मां सोंपी. वि. सं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૫૦માં દોશી શેઠ હઠીશંગ નાનાભાઈએ ચિંતામણિપાર્શ્વનાથની પ્રતિમાને ગાદીએ બેસાડી. તે પછી કેટલાક વર્ષ પશ્ચાત્ શેઠ હાથીભાઈ રામચંદે દેરાસરનો વહીવટ કર્યો. બાદ ઉમેદભાઈએ, પશ્ચાત્ મુલચંદ ઉમેદ શેઠે પશ્ચાત્ દોશી નથુભાઇ મંછારામે વહીવટ કર્યો. હાલ ચિંતામણુની પેઢીના ટ્રસ્ટીઓ દેરાસરનો વહીવટ કરેછે.

હાલસુધી દેરાસર બંધાવતાં સુધરાવતાં લગભગ લાખ રૂપીયા ખર્ચાયા છે. વિજાપુરનાં સર્વ જૈન મંદિરોમાં સર્વથી મોટું જૈનમંદિર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું છે. મંડપ વિશાલ છે. કુંભીઓ મોટી છે. મંડપની બહારનો ચોક મોટો છે, ભાટવાડાના નાકે તપોધનના માઢ તરફ જતાં લહુડી પોશાળ પાસે ચિંતામણિપાર્શ્વનાથનું મંદિર છે. ચિંતામણિપાર્શ્વનાથના મંદિર પાસે પૂજાર્થે સ્નાન કરવા માટે એક ઓરડીમાં કુવો કરવામાં આવ્યો છે, તથા ત્યાં નોકર ઉષ્ણજલ કરે છે અને પૂજા કરવામાટે આવેલા જૈનો ત્યાં સ્નાન કરી પવિત્ર થઇ પ્રભુની પૂજા કરવામાટે જાય છે. દોશી નથુભાઈ મંછારામે ઓરડી અને કુવા વગેરેની (પૂજા કરવા માટે) શ્રાવકોને સગવડ કરી આપી છે. દોશી નથુભાઇની ઘણા વર્ષસુધી યાદી રહેશે. દેરાસરમાં પાષાણની પ્રતિમાઓ પર લેખો છે પણ તે બરાબર વાંચવાની સગવડના અભાવે વંચાઈ શકાતા નથી. કેટલાક ઘસાઈ ગયા છે.

એક પાષાણની પ્રતિમાપર **વિ. સં. ૧૭૦૬ વ–જ્યે૦ વ. ૩ गुरौविद्यापुरीयसंघेन श्री कुन्थुनाथ**.....વગેરે શબ્દો છે,

એક પ્રતિમાપર—**વિ. સં. ૧૭૦૬ વ. જ્યેષ્ઠ વદિ ૩ गुरौ-विद्यापुरीयसंघेन श्री अरनाथबिंबं प्रतिष्ठापितं तपागच्छे श्रीविजयानन्दसूरिभिः ॥**

એક પાષાણુ પ્રતિમાપર વિ. સં. ૧૫૨૭ નો લેખ છે. એક ચોવીશીના પટ્ટપર વિ. સં. ૧૩૨૪ નો લેખ છે.

આ દેરાસરમાં વિ. સ. ૧૯૭૪ માં સૂરિમંત્રનો ધાતુપટ્ટ એક, શ્રી બુદ્ધિસાગરસૂરિ પ્રતિષ્ઠિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ધાતુની ચોવીશીના પટ્ટપર વિ. સં. ૧૬૫૬ મૃગશીર્ષ શુક્લપંચમી બુધે તપા૦ હીરવિજયસૂરિપટ્ટે શ્રીવિજયસેનસૂરિ તત્પટ્ટે વિજયદેવસૂરિણામુપદેશેન વિજાપુરવાસ્તવ્ય દોશી મેઘજી, દોશી પ્રમુખૈઃ પટ્ટઃકારિતઃ એવો લેખ છે.

દેરાસરના બીજે માળે પાદુકાપર વિ. સં. ૧૮૨૩ વૈશાખ સુદિ ૧૦ શુક્રવાસરે પં. શ્રી અમરવિજયજીપાદુકા પ્રતિષ્ઠિતં તપાગચ્છે.....

ઇત્યાદિ શબ્દો છે. એક પાદુકાપર વિ. સં. ૧૮૨૧ વિજયરત્નગણિપાદુકા નો લેખ છે. ત્રીજા માલપર એક નાની પ્રતિમાપર વિ. ૧૮૭૩ નો લેખ છે.

ચિંતામણિના દેરાસરમાં લેાંયરૂં છે. દેરાસરમાં પહેલાં પાસેના બ્રહ્મભટ્ટની ખડકીમાં થઈ જવાતું હતું. હાલ દેરાસરનું મુખ રાજમાર્ગ તરફ પડે છે અને શ્રી પાર્શ્વનાથનું મુખ પણ ઉગમણી દિશાએ રાજમાર્ગ તરફ પડે છે,

દેરાસરમાં બે આરસપાષાણના પ્રતિમા પટ્ટો છે, તેમાં એક પટ્ટપર વિ. સં. ૧૩૪૩ વર્ષે માઘસુદિ નો લેખ છે, તે જૂના વિજાપુરમાં બનાવેલો પટ્ટ જણાય છે. બીજા પટ્ટપર વિ. સં. ૧૩૧૪ વર્ષે વૈશાખ સુદિ ૪.....પ્રતિષ્ઠિતં પ્રદ્યુમ્નસૂરિસંતાને.....તુસડિસુત વિગેરે શબ્દો છે, પણ ઘસાઇ ગયેલા હોવાથી બરાબર–બે પટ્ટના અક્ષર વંચાતા નથી. જૂના વિજાપુરમાં તે પટ્ટ બનેલા હોવા જોઈએ.

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથના દેરાના લેખો.

સં. ૧૪૬૫ વર્ષે માઘ શુ. ૩ શનૌ શ્રી શ્રીમાલ જ્ઞા૦ સંઘ૦ ગેલા સુતેન સં. રામાકેન શ્રી શાન્તિનાથ ચતુર્વિંશતિ પટ્ટઃ કા૦ આગમિક શ્રી અમરસિંહસૂરિણામુપદેશેન પ્ર૦ વિધિના.

સં. ૧૪૮૫ વર્ષે જેષ્ઠ માસે ઉદલપુરે શ્રી શ્રીમાલ જ્ઞા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रे० वरदे भा० रूषी सु० डुंगर भ्रा० हीरा वीसा भा० जसमादे आत्मश्रेयसे श्री सुविधिनाथचतुर्विंशति पट्टः का० श्री आगम गच्छेश श्री अमरसिंहसूरिपट्टे श्री हेमरत्नसूरिणामुपदेशेन का० प्रति० विधिना ॥

सं. १४८८ वर्षे ज्येष्ठ व. ९ प्राग्वाट ज्ञा० श्रे० नोडा भा० रूदी पुत्र शिवाकेन भा० तेजू भ्रा० अर्जनादि कुटुंब युतेन स्व पितृश्रेयोर्थं श्रीसुपार्श्वबिंबं का० प्र० श्री सूरिभिः ॥

नानी पंचतीर्थी.

सं. १५०७ वर्षे ज्येष्ठ शु. ६ गुरौ श्री श्रीमाल ज्ञा० श्रे० षाषा सु० सिंघा भा० सुहवदे सु० श्रे० कीता भा० सुहूली सु० श्रे० देवाकेन वृद्ध पितृ श्रे० अर्जनश्रेयोर्थं श्री संभवनाथादि चतुर्विंशति पट्टः पूर्णिमापक्षे श्री गुणसमुद्रसुरीणामुपदेशेन का० प्र० विधिना ॥

चोवीशी.

सं. १५११ वर्षे पोष शु. १३ दिने श्री श्रीमाल ज्ञा० श्रे० जसा भा० जसमादे सु० डुंगरकेन पितृमातृश्रेयोर्थं आत्म श्रेयसे श्री सुविधिनाथबिंबं का० प्र० ब्रह्माणगच्छे श्री मुनि चंद्रसूरिभिः महिसाणवास्तव्य ॥

पंचतीर्थी.

सं. १५४१ वर्षे प्राग्वाट ज्ञा० व्य० राजा भा० नीणू सु. कला भा० बाई रत्निमिणि सु० वलाप्रमुख युतेन श्री आदिनाथ बिंबं का० प्र० तपागच्छे श्री हेमविमलसूरिभिः ॥

नानी पंचतीर्थीनो लेख.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सं. १५४७ वर्षे माघ व० १३ रवौ श्री मंडपे श्रीमाल ज्ञा० सं. नोल्हा भा० सामा पु० सं. मेघा पु० सं० राजा भा० भांगु पु० सं० तावकेन भा० ४ बाई जीवादे सुहागदे सक्रादे धनाई सु० सं० हीरा भा० रमाई सं. भोलादि कुटुंब युतेन १०४ बिंब कारयित्रा निज श्रेयसे श्री शान्तिनाथ बिंबं का० प्रति० तपागच्छे श्री सुमति साधुसूरिभिः ॥

પંચતીર્થી

सं. १५७२ वर्षे वैशाख शु. ५ सोमे वृद्ध उपकेश ज्ञा० श्रे० भोजा भा० लषभाई सु० लषरभा कुतिगदे सु० लहुआ स्वपितृ मातृश्रेयसे श्रीश्रेयांसनाथबिंब का० प्र० श्री साधुपूर्णिमा पक्षे श्री उदयचंद्रसूरिभिः तत्पट्टे श्री मुनिराजसूरिभिः विधिना कटीवास्तव्यः शुभंभवतु.

પંચતીર્થી.

सं. १५७६ वर्षे वैशाख सुदि६ सोमे विद्यापुरवास्तव्य श्री श्रीमाली ज्ञा० मं० देवा भा० अमरी सु० माकाकेन भा० रूपाई सु० चांगा आनन्द धर्मसी रत्नसी कमलसी प्रमुख कुटुंब युतेन स्वश्रेयसे श्री आदिनाथ बिंबं० का० प्रति० पिप्पलगच्छे भ० श्री विनयसागरसूरिभिः कल्याणमस्तु. श्रीरस्तु.

પંચતીર્થી.

संवत् १६०३ वर्षे ज्येष्ठ शुदि ४ गुरौ श्री मूल संघे भ० श्री शुभचन्द्रोपदेशात् ज्ञा० टीडगोत्रे सा० लडुआ भा० प्रेमी सु० सं. भाणा सं. राणा भा० रामत्ती सु० सं० खाभा० रजादे भ्रा० जुठा रणधा खीमारं.....एते श्री सुविधिनाथ बिंबं प्रणमंति.

ચોવીશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) શ્રી પદ્માવતીજીનું જૈન દેરાસર.

જૈન દેરાસરોમાંથી સર્વથી જૂનું વિજાપુરમાં પદ્માવતીના નામે પ્રસિદ્ધ જૈન દેરાસર છે. જૂના વિજાપુરમાં પદ્માવતીનું દેરાસર હતું, એમ વૃદ્ધો કહે છે. જૂના પદ્માવતીના દેરાસરની પૂર્વદિશાએ ટેકરાપર તથા તેની આજુબાજુની જગ્યામાં જૈન ઝવેરીઓની વસ્તી હતી અને તે જગ્યાની પાસે પેથડશાહ શેઠની માતાનું ઘર હતું, ત્યાં પેથડકુમાર જન્મ્યા હતા; અને વિજાપુરમાં પેથડકુમાર પરણ્યા બાદ માંડવગઢ ગયા હતા. પદ્માવતી દેરાસર અને તેની પૂર્વ દિશાનો ટેકરો તથા તે પાસેનાં દક્ષિણ દિશાનાં ઘરો છે તે જૂના વિજાપુરનાં અસલની જગ્યાનાં છે. પૂર્વે પદ્માવતી માતાની અને શ્રી સરસ્વતી દેવીની મૂર્તિયો લોંયરામાં હતી તેમ વૃદ્ધો કહે છે, હાલમાં દેરાસરમાં મૂલનાયકની પ્રતિમા તરીકે શ્રી આદીશ્વર ભગવાન્‌ની પ્રતિમા છે. ભગવાન્‌ની જમણી બાજુએ શ્રી પદ્માવતીની મૂર્તિ, રંગ મંડપમાં છે. અને ભગવાન્‌ની ડાબી બાજુએ શ્રી સરસ્વતીમાતાની મૂર્તિ છે. મારૂં અનુમાન એવું છે કે—આ દેરાસરમાં પૂર્વે શ્રી પાર્શ્વનાથ મૂલનાયક તરીકે હોય અથવા જૂના વિજાપુરની જગ્યામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર કે જેનો વસ્તુપાળ તેજપાલે ઉદ્ધાર કર્યો હતો તે દેરાસરની અધિષ્ઠાત્રી તરીકે શ્રી પદ્માવતીની મૂર્તિ હોય અને મુસલમાન બાદશાહોના સમયમાં તે પાર્શ્વનાથનું દેરાસર તુટ્યા બાદ પદ્માવતીની મૂર્તિને આ દેરાસરમાં લાવવામાં આવી હોય. જૂના વિજાપુરમાં વસ્તુપાલે તથા તેજપાલે ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો તે નષ્ટ થયું અને બીજું મહાવીર સ્વામીનું દેરાસર, રત્નાકરગચ્છના આચાર્યશ્રી હેમચંદ્રના શિષ્ય શ્રી જિનતિલકજીએ ગુજરાતી ભાષામાં ચૈત્ય પરિપાટી લખી છે તેના આધારે સિદ્ધ થાય છે. રચ્યાની સાલ આપી નથી, પણ તે લખેલી પ્રતિની ભાષાથી જણાયું છે કે, અમદાવાદ વસ્યા પૂર્વે તે ચૈત્યપરિપાટી રચાયલી છે, તેમાં સર્વ મળીને સાડત્રીશ પદ્યો છે. તેમાં પ્રારંભનાં સત્તાવીશ પદ્યોમાં જે તીર્થો વિદ્યમાન હતાં તેમાંથી તેમણે જે તીર્થની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યાત્રા કરી તેનાં નામો આવે છે. જૈન આત્માનંદ પ્રકાશ માસિકના સં. ૧૯૭૨ ના શ્રાવણ માસના અંકમાં સાક્ષર મુનિશ્રી જિનવિજયજીએ ચૈત્ય પરિપાટી છપાવી છે. તેમાંથી કેટલાંક પદ્યો નીચે પ્રમાણે લખવામાં આવે છે—

ડહડહ સંતિ ધવલકે પાસરંમ—વીણો આદીશ્વર હાથીદ્રમ,
ખેસરંડી અસાઊલી રિસુહતાય, સેરીસે પાસ છે ઉદ્ધકાય. ૧૪
પંચાસરિ કલોલિ વીર, નેમિ સંખેસરિ પાસ પાડલેનેમિ,
કડી કપડવણજે નમું પાસ, સલખણપુરિ વંદુ સંતિ પાસ. ૧૫
વણરાય નિવેસિય બહુમતિ—પંચાસરે પાટણ નમુંય ઝતિ,
ચઉવીસવિ તિદેવાલેનિતુવિહાણ,વાંદુ જિણભત્તિહિ ચિત્તઠાણ. ૧૬
સિદ્ધપુર ચઉબારે સિહવિહાર—વીર નેમિસર તારિ,
વાયવડઉયરે જિયવંતસામી, ભલડીય પાલણપુર પાસસામિ. ૧૭
વિજાપુર વિસલપુર બ્રહ્માણિ—થિરોડ ઉવેસિતુ રહિયઠાણિ,
સાચઉર મોઢેરા પ્રમુખ ઠામિ, લીણો છું તાહરે વીરનામિ. ૧૮

શ્રી જિનતિલકજીએ વિજાપુર, વિસલપુર, બ્રાહ્મણ (બ્રાહ્મણવાડા) થિરોડ, સાચોર, મોઢેરા પ્રમુખ ઠામે વીરપ્રભુની પ્રતિમાનાં દર્શન કર્યાં છે. તેથી જૂના વિજાપુરમાં વીરપ્રભુનું મોટું દેરાસર સિદ્ધ થાય છે. શ્રી ચિંતામણિપ્રભુનું દેરાસર જૂના વિજાપુરમાં હતું. વૃદ્ધ લોકો કહે છે કે શેખુપીરની કબ્ર અને મેણાવાડની વચ્ચમાં ઉંચા ટેકરાપર મહાવીરપ્રભુનું ભાવન જીનાલયનું દેરાસર હતું. તે દેરાસર ભાંગ્યા બાદ તે પડી રહ્યું, તેના પત્થરનો કાલિકા માતાનું મંદિર બાંધવામાં તથા શ્રી ઋષભદેવનું મંદિર બાંધવામાં ઉપયોગ થયો. જૂની મસજીદોમાં પણ તેના ભાંગેલા-તૂટેલા અવશેષો જ્યાં ત્યાં હાલ જોવામાં આવે છે. પદ્માવતીના દેરાસરની મૂલનાયકની પ્રતિમાઓ બે ત્રણ વખત બદલાઈ હોય એમ લાગે છે. શેઠ બહેચર શીરચંદે પદ્માવતીના દેરાસરના મૂલનાયકની વિ. સં. ૧૮૬૫ લગભગમાં પ્રતિષ્ઠા કરાવી હતી. તે પહેલાં પણ પ્રતિષ્ઠા થઈ હતી. વિ. સં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્તરસેં છની સાલમાં તે દેરાસરમાં મૂલ નાયકની પ્રતિષ્ઠા થએલી હોય એમ જણાય છે. વિ. સં. ૧૯૫૧ માં શા નથુભાઇ કુબેરે પુનઃ મૂલનાયકની પ્રતિષ્ઠા કરાવી હતી. પૂર્વે પદ્માવતીના દેરાસરમાં બેસાયરૂં હતું. દોશી નથુભાઇ મંછાચંદે ૧૯૪૫ ની સાલમાં પૂરી નંખાવ્યું. પૂર્વે દેરાસરનું બારણું ઉગમણી દિશાએ પણ હતું. એમ વૃદ્ધો કહે છે. દેરાસરમાં રંગમંડપનાં ગોખલામાં દેવીઓની મૂર્તિઓ છે. દેરાસરમાં પ્રવેશતાં જમણી બાજુના પહેલા ગોખલામાં એક દેવીની મૂર્તિ છે તેના પર પૈસો ખખડાવતાં ધાતુના જેવો રણકાર થાય છે (એવી એક દેવીની મુર્ત્તિ વરાહ સ્વરૂપના મંદિરમાં પણ છે. અને એક ખડાયત ગામના જૂના ટેકરાપર શ્રીઅજિતનાથની કાઉસગ્ગીયાની મૂર્તિની પાસે દેવી છે ત્યાં પણ તેવો રણકાર થાય છે.

દેરાસરમાં મૂલનાયક શ્રીઆદીશ્વર ભગવાનની પ્રતિમા છે તેના પર નીચે પ્રમાણે લેખ છે.

વિ. સં. ૧૭૦૬ વર્ષે જ્યેષ્ઠવદિતૃતીયાયાં ગુરુવાસરે વિદ્યાપુરીય સંઘેન શ્રીઆદિનાથબિંબં કારાપિતમ્ પ્રતિષ્ઠિતં તપાગચ્છે વિજયાનન્દસૂરિભિઃ શ્રીવિજયરાજસૂરિરાજ્યે.

વિ. સં. ૧૭૦૬ જ્યેષ્ઠ વદિ ૩ ગુરુવારે વિદ્યાપુરીય સંઘેન શ્રી સુવિધિનાથબિંબં કારાપિતમ્ પ્રતિષ્ઠિતં તપાગચ્છે શ્રીવિજયાનન્દસૂરિભિઃ એવો સુવિધિનાથની પ્રતિમાનો લેખ છે.

શ્રી અનંતનાથની પાષાણની પ્રતિમાપર નીચે પ્રમાણે લેખ છે.

વિ. સં. ૧૭૦૬ જ્યે. વ. ૩ ગુરુવારે વિદ્યાપુરીયસંઘેન શ્રીઅનંતનાથબિંબં કારાપિતમ્ પ્ર. ચ. તપાગચ્છે શ્રીવિજયાનન્દસૂરિભિઃ

વિ. સં. ૧૭૦૬ જ્યે. વ. ૩ ગુ. વિદ્યાપુરીયસંઘેન શ્રી અજિતનાથ બિંબં કારાપિતમ્ પ્ર. ચ તપાગચ્છે. શ્રીવિજયાનન્દસૂરિભિઃ શ્રીવિજયરાજસૂરિરાજ્યે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂલનાયકની ડાબી બાજુએ પરધરવાળી પાષાણ મૂર્તિપર વિ. ૧૭૮૬ તપાગચ્છનો લેખ છે.

શ્રી વિજાપુરે પદ્માવતી મંદિરે જૈનાચાર્ય પાદુકા લેખ

પદ્માવતીના દેરાસરમાં બહાર ચોકમાં સાધુ સૂરિ વગેરેની પાદુકાવાળી દેરી છે, તેમાં નીચે પ્રમાણે લેખ છે.

વિ. સં. ૧૮૭૨ માધવદિ ૩ તૃતીયાયાં ગુરુવાસરે શ્રીવિજયાનન્દસૂરિગચ્છે સકલભટ્ટારક શ્રીવિજયમહેન્દ્રસૂરિ પાદુકા શ્રીસમસ્ત સંઘેન કારાપિતા. શિષ્ય પં૦ ધર્મવિજયગણિના પૂજિતાऽસ્તિ વિજાપુરે સકલ ભટ્ટારક પુરંદર ભ૦ શ્રીવિજયસૂરીન્દ્રસૂરીશ્વરરાજ્યે ॥ ૧ ॥ વિ. સં. ૧૮૫૬ શાકે ૧૭૨૮ પ્રવર્તમાને ઉત્તરાયન ગત સૂર્યે જ્યેષ્ઠમાસે શુક્લપક્ષે એકાદશી તિથૌ ॥

કલ્યાણવિજયગણિ અન્વયે પં૦ શ્રી ૫ દર્શનવિજયગણિ તત્ શિષ્ય શ્રી ૧૦૩ પં. શ્રીપ્રેમવિજયગણિ તત્ શિષ્ય પં શ્રી સર્વવિજયગણિ જિત્સત્કસ્ય પાદુકેયં શ્રીવિજાપુરે નગરે ॥ ૧ ॥

ભટ્ટારક પુરંદર ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રીહીરવિજયસૂરિ... રેણાસેવીમાં એક પાદુકાપર વિ. સં. ૧૮૬૦ શાકે ૧૭૨૬ જ્યેષ્ઠ ઇત્યાદિ છે.

વિ. સં. ૧૭૬૧ ચૈત્ર વદિ સપ્તમી શુક્ર વાસરે શ્રીવિજાપુરે શ્રીરત્નસાગરગણિ પાદુકા શ્રીવિજાપુરસંઘેન કારાપિતા ચ પ્ર. શ્રીજિનસાગરસૂરિભિઃ

વિ. સં. ૧૮૮૬ વર્ષે વૈશાખ સુદિ સપ્તમી ગુરુવાસરે શ્રીવૃદ્ધતપાપક્ષે શ્રી પં. ફત્તેહસુન્દર પાદુકા કારાપિતા

વિ. સં. ૧૮૮૬ વૈશાખ શુદિ સપ્તમી ગુરુવાસરે વૃદ્ધતપાપક્ષે પં. શ્રીહિતસુન્દરપાદુકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૮૬૦ વર્ષે શ્રીરુપવિજયગણિપાદુકા એવો લેખ છે પણ તે લેખ વાંચન સામગ્રીના અભાવે બરાબર વંચાતો નથી. ગુરૂદેરીના લેખો જેવા જોઇએ તેવા સ્પષ્ટ વંચાતા નથી. કેટલા! અક્ષરો ઘસાઇ ગયા છે, તથા કેટલાક પર ચીમટ લાગેલી છે, એવુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં પણ પાદુકા વગેરેનાં લેખોમાં થયું છે.

યતિ શ્રી રૂપસુંદરે દેરાસરના ચોકમાં ગુરૂ પાદુકાની ઓરડી કરાવી હતી. સુરજમલ્લ શેઠે રૂપસુંદરજીને દેખ્યા હતા. શ્રીનયસુંદરજીએ રૂપકુમારનો રાસ તથા શ્રી નળ દમયંતીનો રાસ બનાવ્યો છે.

સંવત્ ૧૯૧૦ ચૈત્ર વદિ ૧ સુક્રે શ્રી વિજાપુરે શ્રીસંઘ સમસ્ત મિલિને પાદુકાની સ્થાપના કરાવી, શ્રીજીનસાગરસૂરિપ્રતિષ્ઠિતમ્

રત્નસાગરજી પાદુકા આદિનાથજીની પાદુકા મહાવીર સ્વામી શ્રી.....સ્વામિજીની પાદુકા

સંવત્ ૧૭૧૦ વર્ષે શ્રાવણ શુદિ અષ્ટમી ....

... ...

ગોરાદેવીના ખેતરની પાસે તથા કુંડની પાળથી નૈરૂત્ય ખુણામાં એક પન્યાસના સ્વર્ગવાસ નો નીચે પ્રમાણે લેખ છે.

શ્રી તપાગચ્છે પન્ન્યાસજી પ્રેમવિજયજીના ચેલા શ્રીરુપવિજયજી પાદુકાઃ

પદ્માવતી દેવીના દેરાસરની ધાતુપ્રતિમાઓના લેખો.

સં. ૧૩૩૦ વર્ષે ચૈત્ર વદિ ૭ શનૌ માતા સોખૂ શ્રેયસે સુતખેલાકેન આદિનાથ બિંબં કા. પ્ર. શ્રીપાસડસૂરિભિઃ ॥

પંચતીર્થી.

સં. ૧૪૭૧ વર્ષે માઘ શુ. ૧૦ રવૌ શ્રીમાલજ્ઞાતીય સે૦ સામલ ભા૦ માઘલદે । સં૦ ગોઆ ભા૦ રણાદે સુત તજીવ ઉહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्र० परवत श्रेयसे सुत पांचाकेन पितृव्य–पितृ–मातृ–भ्रातृ निमित्तं श्री संभवनाथ बिंबं का० प्र० श्री ब्रह्माणगच्छे श्री मुनिचंद्रसूरिपट्टे श्री वीरसूरिभिः ॥

ચોવીશી.

सं. १५१३ वर्षे माघ शु. ६ रवौ इलदुर्गे वास्तव्य श्रीमाल ज्ञा. श्रे. विरु सुत चांपाकेन भा. चांपूसूतनाथा नारदादि कुटुंब युतेन श्री नमिनाथ बिंबं का० प्र० आसापुरे....सूरिभिः ॥

પંચતીર્થી.

सं. १५२७ वर्षे माघ शु. १३ ओसवाल ज्ञा० मं० पतापण भा० पासू सु० मणोर भा० अमरादे० शार्लिग भा० अहिवदे० कामा भा० कमलादे कोकाभा० समाइ० कामापु० देवदास कुटुंब युतेन कामाकेन पितृश्रेयोर्थं स्वश्रेयसे श्री नमिनाथबिंबं का० प्र० श्रीसूरिभिः ॥

પંચતીર્થી.

सं. १६७६ वर्षे माघ वदि ५ गुरौ श्री श्रीमाल ज्ञा० श्रे० वीसल भा० मेघू सुत सा० भाभा सेतू सु० मना गणपति महिपति लटूया माणिक डाहाया रहीया श्रे० लटूया भा० लखभादे भा० राजलदे सुत मांगा युतेन श्री पद्मप्रभस्वामि चतुर्विंशति पट्टः का० श्री आगम गच्छे श्री मुनिरत्नसूरिपट्टे श्री आनन्दरत्नसूरिभिः प्र० श्री षडायत अधुना वीजापुर वास्तव्य.

ચોવીશી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) **શ્રી મહાવીરસ્વામી પ્રભુનું દેરાસર**—ચોથી આન કોટમાં શ્રી મહાવીરપ્રભુનું દેરાસર છે અને તે બે માળનું છે. ઉપર નીચે બન્ને ઠેકાણે પ્રતિમા છે. દક્ષિણ દિશાએ રાજમાર્ગ છે અને આથમણી દિશાએ દોશી નથુભાઈ મંછારામનું ઘર છે. ઉત્તર દિશાએ શ્રાવકોનાં ઘર છે. ઉગમણી દિશાએ રાજમાર્ગ છે અને શેઠ બેચર શીરચંદનું કહેલું છે (તે કહેલું અમદાવાદવાળા ઝવેરી વાડીલાલ વખતચંદે વેચાતું લઈને ઓશવાળ જ્ઞાતિના જૈનોને ધર્મશાળા વિગેરે ધર્મકાર્યમાંજ ખપમાં આવે તે માટે સોંપ્યું છે.) તેના આગેવાન તરીકે શાહ લલ્લુભાઈ કાળીદાસ તથા શેઠ બેચરદાસ પરસોતમ તથા દયાળજી દેવકરણવાળા છે. અમદાવાદના ઝવેરી વખતચંદ દોલતચંદ વિગેરે શ્રી મહાવીરસ્વામીનું દેરાસર વિ. સં ૧૯૦૩ ની સાલમાં બંધાવ્યું છે. તેમના વડવા મૂળ રહેવાસી વિજાપુરના હતા એમ કહેવાય છે. દેરાસર ભવ્ય છે તથા દર્શનીય છે. દેરાસર આગળ ચોક છે. પૂજા ભણાવવામાં અનુકુળતાવાળું અને સ્વચ્છ છે. અમદાવાદના શેઠ વાડીલાલ વખતચંદ તરફથી ચાલીસ પચાસ વરસ લગભગથી શેઠ દયાળજી દેવકરણવાળા વહીવટ કરે છે. દેરાસરની પાષાણની પ્રતિમા ઉપર નીચે પ્રમાણે લેખ છે.

શ્રી મૂળ નાયક મહાવીર સ્વામીની પ્રતિમા ઉપર

વિક્રમ સંવત ૧૭૦૬ વિદ્યાપુરીયસંઘેન શ્રી મહાવીરજિન બિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી વિજયાનંદસૂરિભિઃ

એ પ્રમાણે લેખ છે.

વિક્રમ સંવત્ ૧૭૦૬ જ્યેષ્ઠ વદિ ૩ ગુરુવાસરે વિદ્યાપુર સંઘેન સુપાર્શ્વ બિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં ચ વિજયાનંદસૂરિભિઃ ॥

વિક્રમ સંવત ૧૭૦૬ જ્યેષ્ઠ વદિ ૩ ગુરુવાસરે વિદ્યાપુર સંઘેન શ્રી શાન્તિનાથબિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છ ભટ્ટારક શ્રી વિજયાનંદ સૂરિભિઃ ॥

વિક્રમ સંવત્ ૧૯૨૧ મલ્લિનાથ બિમ્બં કારાપિતં ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિક્રમ સંવત ૧૬૦૩ માઘ વદિ ૫ શુક્રવાસરે સંભવનાથ બિમ્બં કારાપિતં ઓશવાલ જ્ઞાતિ વૃદ્ધશાખાયામ્ આગળનો લેખ ઘસાઇ ગયેા છે. અને તે અમદાવાદમાં હઠીસીંઘ શેઠે ૧૯૦૩ માં અંજન શલાકા કરાવી તે પ્રતિષ્ઠા વખતનેા છે.

એક પ્રતિમા ઉપર સંવત્ ૧૯૦૩ શાકે ૧૭૬૮નેા લેખ છે અને તેનેા મેાટેા ભાગ સીમેન્ટથી દબાઇ ગયેા છે એટલે વંચાતેા નથી. હઠીભાઇની પ્રતિષ્ઠાકાલનેા લેખ છે.

વિક્રમ સંવત્ ૧૭૦૬ જ્યેષ્ટ વદિ ૩ વિદ્યાપુરીય સંઘેન શ્રી વાસુપૂજ્ય બિમ્બં કારાપિતં પ્રતિષ્ટિતં ચ તપાગચ્છે શ્રી વિજયાનંદ સૂરિભિઃ

શ્રી મહાવીર સ્વામીના દેરાસરના બીજા માળની પાષાણની પ્રતિમા ઉપરનેા લેખ.

વિક્રમ સંવત્ ૧૬૨૧ શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારિ માઘમાસે શુક્લપક્ષે સપ્તમી તિથૌ ગુરુવાસરે શ્રી રાજનગરે વાસ્તવ્ય ઓશવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયામ્ ઝવેરી દેવીદાસ તત્ પુત્ર તલકચંદ સુત ઝવેરચંદ તત્ ભાર્યા ધનકોરબાઇ તત્ પુત્ર વખતચંદ્રેણ શ્રી પદ્મપ્રભૂ જિન બિમ્બં કારાપિતં શ્રી તપાગચ્છ ભટ્ટારક શ્રી શાન્તિસાગરસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ કલ્યાણમસ્તુ શુભમસ્તુ ॥

વિક્રમ સંવત ૧૬૨૧ શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારી માઘમાસે શુક્લપક્ષે સપ્તમી તિથૌ શ્રી ગુરુવાસરે શ્રી રાજનગરે ઓશવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં ઝવેરી દેવીદાસ સુત તલકચંદ તત્સુત ઝવેરચંદ ભાર્યા ધનકોરબાઇ તત્ પુત્ર દોલતચંદ શ્રી મહાવીરસ્વામિ જિનબિમ્બં કારાપિતં શ્રી શાન્તિસાગર સૂરિભિઃ

વિ. સંવત ૧૯૨૧ શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારિ માઘ માસે શુક્લપક્ષે ૭ ગુરુવાસરે ઓશવાલ વૃદ્ધ શાખાયામ્ ઝવેરી દેવીદાસ તત્પુત્ર તલકચંદ તત્પુત્ર ઝવેરચંદ ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળનો લેખ સીમેન્ટથી પુરાઇ ગએલો છે. પણ ઉપરનો મોટો લેખ છે.

ધાતુની મૂર્તિ—भावडार गच्छे भावदेवसूरिभिः प्रतिष्ठितं शीतलनाथ प्रतिमा श्री वडलीग्रामवासी.... ....

શ્રીમહાવીરસ્વામીના દેરાસરની ધાતુપ્રતિમાઓના લેખો.

वि. संवत् १५५३ वर्षे ज्येष्ट सुदि २ दिने ओसवाल ज्ञा० सा० जिणदे भा० राणी पु० धना भा० कुअरि पहिराज भा० प्रेमलदे भ्रातृवनानिमित्तं स्वश्रेयसे श्री आदिनाथ बिंबं कारापितं प्रतिष्ठितं श्री वृ० बोकडीयाव टंके भ० मुनिचंद्रसूरिभिः इंद्रीग्रामे ॥

પંચતીર્થી.

वि. संवत् १५७३ वर्षे फागणसुदि २ रवौ श्री श्रीमाल-ज्ञातिय सं० आसा सुत्त सं० रंगा भा० रंगादे सुत डुंगर सं० ठाकर प्रमुख कुटुंब युतेन आत्मश्रेयसे श्री श्रेयांसनाथ चतुर्विंशतिपट्टः श्री आगमगच्छे श्री अमररत्नसूरि तत्पट्टे श्री सोमरत्नसूरिगुरूप-देशेन कारापितं प्रतिष्ठितम् च विधिना. विजापुरवास्तव्य.

ચોવીશી.

सं. १५८४ वर्षे चेत्र व० ६ गुरौ श्री हर्षपुरवास्तव्य. श्री श्रीमाल ज्ञातीय सं० हांसा भाहांसा सुत सं० अर्जुन भा० अमरादे नाडपा स्वश्रेयसे श्री आदिनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्री वृद्धतपापक्षे श्रीधनरत्नसूरि श्री सौभाग्यसागर सूरिभिः ॥

ચોવીશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં. ૧....વર્ષે વૈશાખ સુદિ ૧૦ દિને શ્રી શ્રીમાલી વ્ય૦ વવા૦ ભા૦ સારૂ સુતેન.....પિહિરાજ દેવા ગોપીયુતેન વ્ય૦ પ્રથમાકેન ભા૦ હે....ત્ર નર્બદ પ્રમુખ કુટુંબ સહિતેન શ્રી શીતલનાથ વિંબં કા૦ પ્ર૦ શ્રી ભાવડાર ગચ્છે શ્રી ભાવદેવસૂરિભિઃ બડલી વાસ્તવ્યઃ ॥

ઉપરની ખંડિત પંચતીર્થી.

(૪) શ્રી વાસુપૂજ્યસ્વામીનું દેરાસર.

વખારીયા શેઠ શીરચંદ રૂપચંદે વિ. સંવત ૧૯૩૦–૩૨ માં બંધાવ્યું છે. અને તે વખતે પ્રતિષ્ઠા કરી છે. શેઠ બેચર શીરચંદના ગુમાસ્તા તરીકે વખારીયા શીરચંદ હતા. દેરાસર નાનું છે, તેનો વહીવટ વિ. સં. ૧૯૫૨ ની સાલમાં પ્રેમચંદ સ્વરૂપચંદ કરતા હતા. પશ્ચાત્ દોશી નથુભાઇ મંછારામના કબજામાં આવ્યું. તેમણે આગળ ઓટલો કરાવી સુધરાવ્યું. પશ્ચાત્ સંવત ૧૯૭૨ માં દોશી નથુભાઈ મંછારામ મરણ પામ્યા પછી તે દેરાસર ચિન્તામણિ દેરાસરના ટ્રસ્ટીઓના કબજામાં આવ્યું છે. હાલ તેની દેખરેખ સારી રીતે ચાલે છે. વાસુપૂજ્ય પ્રભુનું મુખ ઉત્તર દિશા બરફ છે, અને સામે રાજમાર્ગ છે, આથમણી દિશાએ માળીનાં ઘર છે, દક્ષિણ દિશાએ દોશી બાદરચંદ માણેકચંદનું ઘર છે, અને ઉગમણી દિશાએ લગોલગ શ્રી શાન્તિનાથનું દેરાસર છે.

(૫) શ્રી શાન્તિનાથનું દેરાસર.

વિજાપુરમાં પ્રખ્યાત વીશાશ્રીમાળી શેઠ બેચરદાસ સીરચંદ વિક્રમ સંવત ૧૮૧૫ લગભગમાં જન્મ્યા હતા, અને વિક્રમ સંવત ૧૮૯૬ માં મરણ પામ્યા, તેમને બે પત્નિઓ હતી. ગાયકવાડના કાઠીયાવાડના દિવાનજીના તે મોટી હતા. ભાગ્યવશાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ અઢાર લાખ રૂપીયાના આસામી થયા હતા. તેમણે વિક્રમ સંવત્ ૧૮૭૨ ની સાલમાં ચોથીયાના કોટમાં શ્રી શાન્તિનાથજીનું શીખરબંધી દેરાસર બંધાવ્યું. તેમાં એક ભોંયરૂં છે. મૂળનાયક શ્રી શાન્તિનાથનું મુખ ઉત્તર દિશાએ છે. દેરાસરની પશ્ચિમે તેમના ગુમાસ્તા શીરચંદ વખારીઆએ બંધાવેલું શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૌમુખજીનું દેરાસર છે. ઉત્તર દિશાએ રાજમાર્ગ છે. ઉગમણી દિશાએ આણંદસૂરિ ગચ્છનો ઉપાશ્રય છે, તથા ઉપાશ્રયનો ચોક છે, તથા લીંબડો છે, દક્ષિણ દિશાએ શ્રાવકનાં ઘર છે, શ્રી શાન્તિનાથના દેરાસરમાં થઇને શ્રી વાસુપૂજ્યના દેરાસરમાં જવાય છે. શેઠ *એચર શીરચંદના મરણ પછી નહાલ-

---

* શેઠ બહેચર સીરચંદ—વિજાપુરમાં વીશાશ્રીમાળી જૈન વણિક શેઠ બહેચરદાસ સીરચંદ ગાયકવાડી રાજ્યમાં પ્રસિદ્ધ માન્ય શેઠ થયા. શેઠ બહેચર સીરચંદ પ્રથમ લોદરે પરણ્યા હતા, બીજીવાર શેઠ ગલાબચંદ કપુરચંદની બેન નહાલકોર સાથે પરણ્યા હતા, તેમનો જન્મ આશરે સં. ૧૮૧૫ લગભગમાં થયો હતો. અને વિ. સં. ૧૮૬૯ માં મરણ પામ્યા હતા. વિ. સં. ૧૮૭૧–૭૨ માં શાંતિનાથના દેરાસરની પ્રતિષ્ઠા થઇ છે. તેમની સ્ત્રી શ્રાવિકા નહાલકોર બાઇ, વિ. સં. ૧૯૨૮ આશોવદિ પાંચમે મરણ પામ્યાં–શેઠ બેચરદાસ સીરચંદને લોદરાવાળી પત્નીથી વાડીલાલ નામનો પાંચ વર્ષનો પુત્ર થયો હતો, અને તે પાંચ વર્ષનો થઇ મરણ પામ્યો. બેચર સીરચંદની પુત્રી સુરજબા હતાં. સુરજનો પુત્ર મોતિલાલ અને પુત્રી વીજી હતી. બહેચર શેઠના ગાદીએ મોતિલાલ આવ્યા. વિ. સં. ૧૯૧૦ જેઠ માસમાં કોલેરાથી મોતિલાલ શેઠ મરણ પામ્યા. પછી વીજીબા ગાદીએ આવ્યાં. વિ. સં. ૧૯૨૨ માં વીજીબા મરણ પામ્યાં. નહાલકોર બાઇએ સં. ૧૯૨૫ માં પુરૂષોત્તમ ઝવેર અને શેઠ છગનલાલ વખતચંદને ગાદીએ લીધા. નહાલકોરની બેનના પુત્ર પુરૂષોત્તમદાસ હતા. નહાલકોરની બ્હેનના પુત્ર છગનલાલ વખતચંદ હતા. શેઠ બહેચર બાઇની દુકાનો કોડીનાર, અમરેલી, વડોદરા, અમદાવાદ અને વિજાપુર એ પાંચ ઠેકાણે હતી. ગાયકવાડ તરફથી નિમાયેલા કાઠિયાવાડના દિવાન વાચનાથ સાથે કાઠિયાવાડમાં મોટી તરીકે ગયા હતા, પશ્ચાત્ તે અઢાર લાખ રૂપીયાના આસામા થયા. શેઠે શાંતિનાથજીનું મોટું દેરાસર શિખરબંધી કરાવ્યું છે. તેમણે વિજાપુર ગામ સરણી કરી હતી. પદ્માવતીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. નહાલકોર શેઠાણીએ સં. ૧૯૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોર શેઠાણી દેરાસરનો વહીવટ કરતાં હતાં. પશ્ચાત્ પરશોતમ ઝવેર અને બીજા શેઠ છગનલાલ બેચર વહીવટ કરતા હતા. વિક્રમ સંવત્ ૧૯૭૮ ની સાલમાં બન્ને પક્ષ તરફનો વહીવટ શ્રી ચિન્તામણીની પેઢીને સોંપવામાં આવ્યો છે. શેઠ પરશોતમદાસ ઝવેરના વહીવટમાં રૂા ૧૬૦૦ દેરાસરના દેવા હતા, તે પેટે તેમણે પટવા પોળનું બેચર શીરચંદની હવેલીની સામેનું ડેહલું તથા દેસાઈ મગનલાલના માઢમાં ઉર્દુ નિશાળનું મકાન છે તે બે મકાન પરશોતમદાસના વહીવટના ચોપડામાં સંવત્ ૧૯૬૧ માં વહીવટ કરનારાઓ તરફથી સાનમાં લખી આપ્યાં છે. પાઢેચીયા વાડીલાલ હરાચંદ તથા શાહ નાથાલાલ કાળીદાસ હાલ શ્રી શાન્તિનાથના દેરાસરનો વહીવટ કરે છે. દેરાસરમાં કેટલીક મરામત કરવામાં આવી છે. દેરાસર દેખાવમાં ભવ્ય શોભાયમાન છે, દેરાસરમાં પાષાણની પ્રતિમા ઉપર જે લેખો છે તે નીચે પ્રમાણે ઉતારવામાં આવ્યા છે.

મૂળનાયક શ્રી શાન્તિનાથની પ્રતિમા છે અને તે વિજાપુરના

માં વિજાપુરથી પાલીતાણાનો સંઘ કાઢયો હતો. તથા સં. ૧૯૨૬ માં વિદ્યાશાળામાં ઉજમણું કર્યું હતું. વિદ્યાશાળામાં શેઠ સરૂપચંદ હાથીએ પ્રથમ ઉજમણું સં. ૧૯૨૫ માં કર્યું—શેઠાણી નહાલકોરબાઇએ વિદ્યાશાળા બંધાવવામાં દશ હજાર રૂપીયા આપ્યા હતા. બે હજાર પૌષધખાતામાં આપ્યા હતા. સં ૧૯૨૯ માં સંખેશ્વરનો તથા સં ૧૯૩૧ માં ભોંયણીનો સંઘ શેઠાણીના નામનો વિદ્યાશાળા તરફથી સંઘ શેઠ રવચંદ ગુલાબચંદે તથા પુરૂષોત્તમ ઝવેર વગેરેએ કાઢયો હતો. શેઠાણી નહાલકોરબાઇએ ગોરાદેવીનો કુવો કરાવ્યો. તથા હનુમાનવાળો ઓટલો તેમણે કરાવ્યો અને તે કુત્રાવાળું બેતર કુતરાં ખાતે મૂકયું વગેરે ઘણાં ધર્મદાન કર્યાં છે.

શેઠ બહેચર શીરચંદે અણસુરગચ્છનો શ્રી શાંતિનાથ દેરાસર પાસેનો ઉપાશ્રય કરાવ્યો હતો. તેમાં શ્રાવકો ધર્મક્રિયા કરતા હતા તથા ડેહલીનો ઉપાશ્રય પણ બેચર શીરચંદે કરાવ્યો હતો. ગાયકવાડ સરકાર તરફથી શેઠ બહેચર શીરચંદ તથા શેઠ છગનલાલ બહેચર સુધી છત્રીમશાલ મળતાં હતાં. શ્રી શાંતિનાથના દેરાસરમાં રંગમંડપના ગોખલામાં શેઠ બહેચર શીરચંદ તથા તેમની બે પત્નીની મૂર્તિ ચિતરવામાં આવી છે. તેમાં વિ. સં ૧૮૯૬–૧૮૯૮ ની સાલનો લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘે કરાવી છે. શ્રી વિજયાનંદસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી છે, બીજી એક મોટી પ્રતિમા છે તેના ઉપર નીચે પ્રમાણે લેખ છે.

વિક્રમ સંવત્ ૧૮૬૩ વર્ષે શાકે ૧૭૫૮ પ્રવર્તમાને માઘ શુક્લ દશમી બુધે રાજનગરે ઓશવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયામ્ શાહ નિહાલચંદ્ર તત્પુત્ર ખુશાલચંદ્ર તત્પુત્ર કેશરીસીંઘ તત્ ભાર્યા સૂરજબાઇ તયા સ્વશ્રેયોઽર્થં અરનાથ બિમ્બં નિજ ભર્તૃ ભક્ત્યર્થે શાહ હઠીસીંઘેન કારાપિતં પ્રતિષ્ઠિતં ચ સાગરગચ્છે શ્રી શાન્તિસાગર સૂરિભિઃ

મૂળ નાયકની જમણી બાજુએ મોટી પ્રતિમા છે, તેના ઉપર પણ વિક્રમ સંવત ૧૮૯૩ ની સાલનો ઉપર પ્રમાણે લેખ છે. ભમતીમાં શ્રી પાર્શ્વનાથની ખંડિત પ્રતિમા છે તેના ઉપર વિક્રમ સંવત ૧૭૦૬ વિજાપુર સંઘેન કારિતં પ્રતિષ્ઠિતં ચ વિજયાનંદ સૂરિભિઃ એ પ્રમાણે લેખ છે. રંગમંડપના ગોખલામાં શેઠ એચર શીરચંદ તથા તેમની બે સ્ત્રીઓની છબી ચિતરેલી છે, પણ હાલ ઘસાઈ ગઇ છે. તેના ઉપર સંવત્ ૧૮૯૬-૯૮ નો લેખ છે. તે વખતે છબી ચિતરાયેલી હોય અને તે વખતે શેઠશ્રી જીવતા હોય એમ જણાય છે. દેરાસરની ભમતીમાં પ્રભુની જમણી તરફ પેસતાં લોંયરાનુ બારણું છે અને તે વિક્રમ સંવત્ ૧૮૭૮ માં પૂરી દીધું છે પણ ઉઘાડવું હોય તો ઉઘડે તેમ છે.

શ્રી શાન્તિનાથના દેરાની ધાતુ પ્રતિમાના લેખો.

વિ૦ સંવત્ ૧૪૮૭ માઘ વદિ ૮ સોમે શ્રી શ્રીમાલજ્ઞા૦ વિજાપુર વેડા વાસ્તવ્ય શ્રે૦ ગોવાલ ભા૦ ગુરદે સુ૦ સહદે લઘુ ભ્રાતૃકનાકેન ભ્રાતૃજ મેલા-માંઇયા ભોલાદિ-સહિતેન સ્વ-ભ્રાતૃશ્રેયસે શ્રી ધર્મનાથચતુર્વિંશતિપટ્ટઃ કા૦ પ્ર૦ શ્રી વૃદ્ધતપાગચ્છે શ્રી રત્નસિંહસૂરિભિઃ ॥

ચોવીશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ૦ સંવત્ ૧૫૧૭ વર્ષે માઘ સુદિ ૫ા૦ શ્રે૦ પથા ભા૦ શાણી સુ૦ માલા શ્રેયોર્થં ભ્રાતૃ ભીલાકેન ભ્રાતૃતેજપાલ—મિલાદિ કુટુંબ યુતેન શ્રી પદ્મપ્રભબિંબં કા૦ પ્ર૦ તપાગચ્છે શ્રી રત્નશેખર સૂરિ પટ્ટે શ્રી લક્ષ્મીસાગરસૂરિભિઃ ॥

પંચતીર્થી.

વિ૦ સંવત્ ૧૫૩૧ વર્ષે માઘ વ૦ ૮ ઉકેશ સા૦ સમધર ભા૦ પાદુ પુ૦ હરદાસેન ભ્રાતૃ જૂઠા શાણા ભા૦ ધની જસમાદે રમાઈ પુત્ર હીરા ધીરાદિ કુટુંબ યુતેન શ્રી આદિબિંબં કા૦ પ્ર૦ તપા શ્રી સોમસુંદરસૂરિ સંતાને શ્રીમદ્ લક્ષ્મીસાગર સૂરિભિઃ ॥

પંચતીર્થી.

વિ૦ સંવત્ ૧૫૬૪ વર્ષે ફાગણ વદિ ૫ રવૌ શ્રી શ્રીમાલે જ્ઞા૦ શ્રે૦ ધણસી ભા૦ ગોમતી સુ૦ લાલા પદમા ચાંપાકેન સ્વપિતૃભ્રાતૃ સામલ શ્રેયોર્થં શ્રી શાન્તિનાથ બિંબં કા૦ પ્ર૦ શ્રી આગમગચ્છે શ્રી આણંદસૂરિભિઃ ॥

પંચતીર્થી.

(૬)–શ્રી કુંથુનાથનું દેરાસર

સુરતી વિશાશ્રીમાલી શા. મૂળચંદ હીરાચંદની વિધવા શ્રાવિકા તેજકોર ઉર્ફે નવી કાકીએ શ્રી કુંથુનાથજીનું દેરાસર વિ. સં. ૧૯૨૭ માં બંધાવ્યું છે. મૂલચંદ હીરાચંદ મૂલ સુરતના રહેવાશી હતા, પશ્ચાત્ તેમનું કુટુંબ અહીં આવ્યું હતું. મુંબઈમાં તેમની દુકાન હતી. લક્ષાધિપતિ જૈન ગૃહસ્થ હતા, તેમના મરણ પછી તેજકોર શ્રાવિકાએ વિદ્યાશાળાપાસે દેરાસર બંધાવવાનો નિશ્ચય કર્યો. વિદ્યાશાળાનું મકાન અને દેરાસર બન્ને સાથે તૈયાર થવા લાગ્યાં. શ્રાવિકા તેજકોર નવી કાકીએ દશહજાર રૂપૈયા ખર્ચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેરાસર બંધાવ્યું. દેરાસર ઉપર એક માળ કર્યો. ખંભાતથી શ્રી કુંથુનાથની પ્રતિમાને તેજકોર કાકી લાવ્યાં અને તેમની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા કરી. શ્રી કુંથુનાથની બે બાજુની બે મોટી પ્રતિમાઓને તથા માલ ઉપરની મૂલનાયકની શ્રી સંભવનાથની પ્રતિમાને ધાંટુથી મંગાવી હતી. (ધાંટુ પૂર્વે ધનપરાના ઠાકોરની રાજધાનીનું ગામ હતું. તેમાં શ્રાવકોનાં ચાલીશ પચ્ચાશ ઘર હતાં. કાર્તિક પૂનમ પછી વિજાપુરનો સંઘ શ્રી ધાંટુમાં સંઘ કાઢીને યાત્રાર્થે–દર્શનાર્થે જતો હતો. ધાંટુનું દેરાસર જીર્ણ થવાથી અમદાવાદવાળા શેઠ હઠીશંગ કેશરીસંઘે વિ. સં. ૧૮૯૦ માં ધાંટુમાં લોંયરા સહિત દેરાસર કરાવ્યું હતું. પાછળથી ધાંટુ ગામની પડતી થઈ. લડાઈમાં ધાંટુ ગામ ભાંગ્યું તેથી ધાંટુના ઠાકોરે ધનપરૂં ગામ વસાવી ત્યાં વાસ કર્યો. તેથી શ્રાવકોની વસતિ ઘટી ગઇ. તેથી ધાંટુમાંથી શ્રી સંભવનાથ વગેરેની પ્રતિમાઓને વિ. સં. ૧૯૨૪ માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં પરોણા તરીકે લાવીને મૂકી. પશ્ચાત્ વિ. સં. ૧૯૨૭ શ્રાવણ સુદિ દશમે કુંથુનાથના દેરાસરમાં કુંથુનાથ ભગવાનની પ્રતિમા સાથે પ્રતિષ્ઠા કરીને પધરાવી) તેમનો વહીવટ નવી કાકી તેજકોર બેન કરતાં હતાં. વિ. સં. ૧૯૫૧ માં તેમના મરણ પછી શેઠ ઘહેલાભાઇ નહાલચંદે દેરાસરનો વહીવટ કર્યો. વિ. સં. ૧૯૫૭ માં ઘહેલાભાઇ મરણ પામ્યા, પછીથી ચિંતામણિ પારસનાથ પેઢી ખાતે દેરાસરનો વહીવટ નાખ્યો. સુરતી ચુનીલાલ તેની દેખરેખ રાખે છે અને ચિં. પા. પેઢીના ટ્રસ્ટીઓ તરફથી વહીવટ ચાલે છે. ઘહેલાભાઈના વહીવટમાં બીજા દશ પંદર હજાર રૂપૈયા આ દેરાસરમાં ખર્ચાયા છે. તેજકોરકાકીએ પોતાના મરણ પછી તેમની હવેલી ધર્મક્રિયા કરવા માટે સંઘને સોંપી હતી. કુલ ત્રીશ ચાલીશ હજાર રૂપૈયાના ખર્ચથી દેરાસર તૈયાર થએલું જણાય છે. દેરાસરની આગળ ચોક છે અને તે વિજાપુરની મધ્યમાં છે. પાસે કાપડ બજાર છે. પાસે શ્રાવકોનાં ઘર છે. દેરાસર ભવ્ય દર્શનીય છે. દેરાસર શિખરબંધી નથી. કુંથુનાથના રંગ મંડપમાં પ્રવેશતાં ડાબી બાજુએ ગોખલામાં શ્રી રવિસાગરજી ગુરૂરાજની તથા શ્રી સુખસાગરજી ગુરૂની પાદુકા વિ. સં. ૧૯૭૧ માં સ્થાપવામાં આવી છે. શ્રી સંભવનાથની પ્રતિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૨ વિ. સં. ૧૬૬૩ નો લેખ છે તેની આગળ નાની પ્રતિમા શ્રી શાંતિનાથની છે. તે ઉપર વિ. સં. ૧૬૭૮ ની સાલ નો લેખ છે. તે પર શ્રી વિજયદેવસૂરિનું નામ છે. શ્રી કુંથુનાથની ડાબી બાજુએ પ્રતિમા છે તે પર વિ. સં. ૧૯૨૧ માઘ માસ શુકલ પક્ષ સાતમે ગુરૂવારે રાજનગર અમદાવાદમાં વીશા ઓશવાળ ફત્તેહચંદ્રનું નામ છે. મૂલનાયકની પ્રતિમાની પાછળ લેખછે, પણ તે બરાબર વંચાતો નથી. તે પર વિ. સં. ૧૬૬૧ નો લેખ છે. પહેલાં પાષાણની પ્રતિમાઓને વેંત વેંત ઉંચા ત્રણ ગઢ ઉપર બેસાડવામાં આવતી હતી પણ હાલ તે ઢેકાઓને કાઢી નાખી મૂલ પબાસણ ઉપર બેસાડવામાં આવે છે તેથી તથા પાછળની બાજુઓને ચૂના વગેરેથી સજ્જડ કરવામાં આવે છે તેથી પાછળનો લેખ વંચાતો નથી. હાલ તે પ્રમાણે ગુજરાતમાં પ્રાયઃ સર્વ ગામ નગરોમાં પ્રવૃત્તિ થવાથી પાષાણની પ્રતિમાઓના ઘણાખરા લેખો લેવાતા નથી અને લેતાં ઘણી અડચણ પડે છે. જે લેખો પ્રતિમાની પલાંઠી પર હોય છે અને બરાબર સ્પષ્ટ હોય છે તે ઉતારી શકાય છે. દેરાસરમાં ધાતુની પ્રતિમાઓના લેખ નીચે પ્રમાણે છે.

શ્રી કુંથુનાથના દેરાસરની ધાતુ પ્રતિમાના લેખો.

વિ. સં. ૧૪૮૯ વર્ષે માઘવદિ ૨ શુક્રે ધંધૂકા વાસ્તવ્ય શ્રી શ્રીમાલ જ્ઞાતીય શ્રે૦ મુઠા ભા૦ લીલૂ સુત આસાકેનાગમિક ગચ્છે શ્રી અમરસિંહસૂરિ પટ્ટે શ્રી હેમરત્નસૂરિ ગુરુપદેશેન શ્રી પાર્શ્વનાથાદિ ચતુર્વિંશતિપટ્ટઃ તયોઃ શ્રેયસે કારિતો વિધિના પ્રતિષ્ઠિતઃ ॥

ચોવીશી.

વિ. સંવત્ ૧૫૫૩ વર્ષે આષાઢ શુદિ ૨ રવૌ શ્રી શ્રીમાલી જ્ઞાતીય સા૦ સીધર ભાર્યા સોહી સુ૦ સા૦ જૂઠા ભા૦ જસમાદે સુ૦ સા૦ મહિપત્તિ યા૦ પદમાઈ સુ૦ સા૦ ડાહીઆ–ભાઈઆ–વખા નામકૈઃ શ્રી અજિતનાથ બિંબ કારિતં પ્ર૦ મલધાર ગચ્છે શ્રી સૂરિભિઃ સા૦ ડાહીઆ પૂજનાર્થં ॥

પંચતીર્થી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)—શ્રી ૠષભદેવજી કેશરીયાજીનું દેરાસર

વિજાપુરમાં ભવ્ય શિખરબંધી મોટું દેરાસર શ્રી ૠષભદેવજીનું છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૬ માં થઈ છે. દેરાસરનો રંગમંડપ મોટો છે. એક લાખ રૂપૈયા લગભગ ખર્ચ હાલ સુધી દેરાસરમાં થયું હોય એમ જણાય છે.—(દોશી તેજપાલના પુત્ર વસ્તુપાલ અને વસ્તુપાલના પુત્ર હરખજી અને હરખજીના પુત્ર રાજસી અને રાજસીના પુત્રનું નામ નીલાચંદ અને નીલાચંદના પુત્રનું નામ દોશી ખુબચંદ. ખુબચંદના ગાદીધર ભાણેજ દોશી બાદર અને બાદરના પુત્ર પહેલા રવચંદ, બીજા બેચર. દોશી રવચંદના મહાસુખ અને મગન બે પુત્ર હતા. તેમજ દોશી બહેચરના પુત્ર દલસુખ તેમના પુત્ર ડાહ્યાભાઈ અને ડાહ્યાભાઈના પુત્ર ભગુભાઈ તથા મણિલાલ એ બે છે.) હાલ દોશી મણિલાલ ડાહ્યાભાઈ શ્રી કેશરીયાજીના દેરાસરનો વહીવટ કરે છે. વિજાપુર સંઘ તરફથી તેમને દસ્તાવેજપૂર્વક વહીવટ સોંપાયો છે. શ્રી કેશરીયાના દેરાસરનાં ખેતરાં વગેરેનો વહીવટ કરવો તે પણ શ્રી કેશરીયાજીના દેરાસરના વહીવટ કરનાર તરીકે કરવો એ પ્રમાણે અમારા પ્રમુખપણા નીચે સંઘે ઠરાવ કર્યો છે.

કેશરીયાજીની પાષાણની પ્રતિમાઓ પરના નીચે પ્રમાણે લેખો છે.

૧ મૂલનાયક શ્રી કેશરીયાજી ઋષભદેવની પ્રતિમા પર લેખ છે પણ તે ઘણો ઘસાઈ ગયો છે.

વિ. સં. ૧૮૮૧ વર્ષે શાકે ૧૭૪૭ વૈશાખ શુદિ ૬ રવૌ ઓશવાલ જ્ઞાતીય વૃદ્ધશાખાયાં.....શેઠનું નામ વંચાતું નથી. પ્રતિષ્ઠિતં ભ૦ શ્રી આણંદસોમસૂરિભિઃ

વિ. સં. ૧૯૨૧ વર્ષે શાકે ૧૭૮૬ રાજનગરે ઓશવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં શેઠ ભગુભાઇ તત્પુત્ર દલપત. આગળ અક્ષર રાળથી દટાઇ ગયા છે તેમની તરફથી વા તેમની માતાએ મૂર્તિ કરાવી એમ લખ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वि. सं. १८८१ शाके १७४७ वैशाख सुदि ६ रवौ ओशवाल ज्ञाति वृद्धशाखायां दोशी नीलचंद राजश्रीकेन श्री महावीर बिंबं कारापितं प्रतिष्ठितं च आणंदसोमसूरिभिः

वि. सं. १९२१ शाके १७८६ माघ सुदि ७ दिने गुरुवारे राजनगर वास्तव्य ओशवाल ज्ञातीय वृद्ध शाखायां श्री भगुभाइ तत्पुत्र दलपतभाइ.....
.....राळथी अक्षर दबाई गया छे, दलपतभाई अगर तेमनी माताजीनी करावेली प्रतिमा छे. श्री अजितनाथ बिंबं कारापितं प्र०.....

वि. सं. १८८१ शाके १७४७ वैशाख सुदि ६ रविवारे ओशवाल ज्ञातीय वृद्ध शाखायां दोशी नीलचंद भार्या श्राविका कुशलबाइ श्री शान्तिनाथ बिंबं कारापितम् प्रतिष्ठितं च आणंदसोमसूरिभिः ।

वि. सं. १८८८ माह सुदि ५ दोशी रवचंद बादर तद्भार्या उजमबाइ तया श्री पार्श्वनाथ बिंबं कारापितम् । प्र० श्री आणंदसोमसूरिभिः

दोशी भुखचंदभाइ वि सं. १८८९ सुधी विद्यमान हता. वि सं. १८९० मां ते मरण पाम्या. ते अेंशी वर्षना थया हता. वि सं. १८६६ना वैशाख वदि छठे श्री ऋषभदेवजीनुं देरासर बंधाव्युं तेमां उत्तर दिशाना गोंखलामां नीचे प्रमाणे प्रशस्ति लेख छे.—
स्वस्ति श्री नृप विक्रमार्के समयातीत वि. सं. १८६६ ना वर्षे शाके १७३१ प्रवर्तमाने वैशाख मासे कृष्णपक्षे षष्ठी दिने गुरुवासरे श्री विजापुर नगरे वास्तव्य ओशवंश ज्ञातीय वृद्ध शाखायां दोशी राजसी भार्या देवबाइ तत्पुत्र दोसी नीलाचंद भार्या कुसलबाइ तत्पुत्र कुलोद्योतकारक दोशी खूबचंद भार्या सांकली तस्य धर्मात्मज भा० बादर स्तेन श्री नवीन प्रासाद कारापितः श्री

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ऋषभदेव बिंबं स्थापितं वृद्ध तपागच्छे लघु पौषधशालायां भट्टार्क श्री श्री मुनीन्द्र सोमसूरीश्वर तत्पट्टे भट्टारक श्री राजविमलसोम-सूरीश्वर तत्पट्टे भट्टारक श्री आनन्दसोमसूरीश्वरजी प्रतिष्ठित्तं चिरं भूयात् कल्यामस्तु शुभम् ॥

શેઠ ખૂબચંદભાઈ છ લાખ રૂપૈયાના આસામી હતા. તેમણે દેરાસર બંધાવ્યા પછી વિ. સં. ૧૮૭૦ માં આબુજીની યાત્રાનો સંઘ કાઢ્યો હતો. તેમાં દશ હજાર જૈનો હતા. તેમણે ચોમાસાના ચાર માસમાં ઘાંચીઓની ઘાણીની પાખી પળાવી તથા લુવારની ચોમાસાની સત્રીની પાખી પળાવી, તથા વિજાપુરની ચારે તરફ ભોઇયો, જાળ ન નાખે તથા લોંયનું કામ ચોમાસાનું પાંચ તિથિ ન કરે એવી ભોઇઓ પાસે પાખી પળાવી. તથા વિજાપુર તાલુકાનાં ૧૦૮ એકસો આઠ ગામનાં કુતરાંને એકી દિવસે જમાડ્યાં. કુંભારની ચોમાસાના ચાર માસની અને ચાલુ પંચતિથિઓની પાખી પળાવી. વિજાપુર ગામ સરણી તેમણે કરી. તેમણે આખા અમદાવાદ શહેરના શ્રાવકોની નવકારશી જમાડી અને દરેકને એકેક નવકારવાળી આપી. શ્રી ઋષભદેવજીના દેરાસરખાતે હાલ બે ખાતરવાડા અને એક અડધું નખતરૂ ખેતર છે. અને દેરાસરખાતે ત્રણ દુકાનો છે.

શ્રી ઋષભદેવના દેરાની ધાતુ પ્રતિમાના લેખ

વિ. સંવત્ ૧૫૧૪ વર્ષે મહા સુદિ ૬ બુદ્ધે ઉપકેશ જ્ઞાતીય લઘુસંતાનીય મં૦ સામલ ભા૦ લાડી પુ૦ કલ્હાકેન ભા૦ કલ્હ-ણદે પુત્ર ધીર સહિતેન આત્મશ્રેયસે શ્રી નમિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિત્તં શ્રી ઉપકેશ ગચ્છે શ્રી દ્વિવંદનીક વૃદ્ધ શાખાયામ્ શ્રી સિદ્ધસૂરિભિઃ ॥ ડાભી ગ્રામે । શ્રી.

પંચતીર્થી

સંવત્ ૧૫૬૬ વર્ષે પોષ વદિ ૫ સોમે શ્રી શ્રીમાલ જ્ઞાતીય શ્રે૦ દેવા ભા૦ દેવલદે સુ૦ હાંસા ભા૦ હાંસલદે સુત કામા કોકા વીરા વરદે હાંસાકેન સ્વ પુણ્યાર્થ કુંથુનાથ ચતુર્વિંશતિ બિંબં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कारितम् पिप्पल गच्छे श्री पद्माणंदसूरि पट्टे श्री विनयसागरसूरि प्रतिष्ठितम् वीजापुर वास्तव्य. ॥

ચોવીશી.

संवत् १५१० वर्षे आशाढ शुदि २ वीसलनगरे ऊकेश क० वीरूआ भा० विल्हणादे पु० भुंभवेण भा० भरमादे पु० हेमा भा० हेमादे पु० ईसरादि कुटुंबयुतेन श्री शीतल बिंबं का० प्र० तपागच्छेश श्री सोमसुंदरसूरि शिष्य श्री रत्नशेखरसूरिभिः ॥

પંચતીર્થી

ઉપરની પંચતીર્થી પ્રાચીન છે; પરન્તુ લેખ ઘસાઈ ગયેલ હોવાથી બરાબર વંચાતો નથી.

सं १२६० वर्षे.....

.....

(૮) શ્રી અરનાથનું દેરાસર—દોશી હઠીશંગ નાનાએ તથા હેમચંદ નાનાએ શ્રી ખૂબચંદ દોશીના ઋષભદેવજીના દેરાસર પાસે નાનું શિખર વિનાનું શ્રી અરનાથનું દેરાસર વિ૦ સં૦ ૧૮૭૩ માં કરાવ્યું છે. દેરાસરમાં મૂલનાયક શ્રી અરનાથજી છે અને તેમની દૃષ્ટિ ઉત્તર દિશામાં રાજમાર્ગ તરફ છે.

શ્રી અરનાથની પ્રતિમા પર નીચે પ્રમાણે લેખ છે.—

વિ૦ સં૦ ૧૮૭૩ માઘ સુદિ ૭ શ્રી અરનાથબિંબં વિજાપુરે દોશી હઠીસંઘેન તથા હેમચન્દ્રેણ કારાપિતં પ્ર૦ આણંદસોમસૂરિભિઃ

વિ૦ સં૦ ૧૮૮૮ માઘ સુદિ ૫ ચન્દ્રે દોશી હઠીભાઇ નાનાભાઇ.....કારાપિતં.....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ૦ સં૦ ૧૮૬૨ ના શાકે ૧૭૬૮ માઘ સુદિ ૭ ગુરુવારે રાજનગરે વાસ્તવ્ય રાયચંદ તત્પુત્ર દોલાભાઇ..... ઘસાઈ ગયેા છે. ડાબી બાજુની મેાટી પ્રતિમા પર લેખ નથી.

અરનાથના દેરાની ધાતુ પ્રતિમાના લેખેા—

સંવત્ ૧૫૭૮ વર્ષે માઘ વદિ ૮ રવૌ શ્રીમાલી જ્ઞા. વ્ય. ઓઘરેણ ભા. મહુપુત્રયા પત્તન વાસ્તવ્ય૦ મઘા ભા૦ પોમીપુત્ર ડુંગર ભા૦ મરમી નામ્ન્યા સ્વશ્રેયસે શ્રી પાર્શ્વનાથ બિંબં કા૦ પ્ર૦ તપાગચ્છેશ શ્રી હેમવિમલસૂરિભિઃ ॥ શ્રીરસ્તુ.

પંચતીર્થી.

સંવત્ ૧૫૮૩ વર્ષે જ્યેષ્ઠ શુદિ ૧૩ ઊકેશવંશે કૂકડા ચોપડા ગોત્રે મં૦ ગણીઆ ભાર્યા તારૂ પુત્ર મં૦ પંચાયણેન પત્તન વાસ્તવ્યેન ભા૦ કૂઆરિ પુત્રં મં૦ મંગલાદિસહિતેન પુણ્યાર્થ શ્રી વિમલનાથ બિંબં કા૦ પ્ર૦ શ્રી ખરતરગચ્છે શ્રી જિનહંસસૂરિપટ્ટે શ્રી શ્રી જિન માણિક્યસૂરિભિઃ સ્વશ્રેયોર્થ ॥

સંવત્ ૧૬૩૬ વર્ષે ફાગણ શુદિ ૧૦ ગુરૌ વૃદ્ધનગર વાસ્તવ્ય ઓશવંશીય વુ૦ ધના ભા૦ ભજાઈ પુત્ર દેવિદાસ ભા૦ દેવદલે પ્રભૃતિકુટુંબૈઃ શ્રી શીતલનાથ બિંબં કા૦ પ્ર૦ તપાગચ્છાધિરાજ શ્રી હીરવિજયસૂરિભિઃ ॥

પંચતીર્થી.

(૯) **શ્રી ગેાડીપાર્શ્વનાથનું દેરાસર**—વિજાપુર દેાશીવાડામાં જૂમખા વેલજીના માઢમાં–શ્રી ગેાડીપાર્શ્વનાથનું દેરાસર દેાશીવાડાના શ્રાવકેાએ બંધાવ્યું છે. તેમાં અગ્રગણ્ય ભાગ લેનાર શેઠ જનાશા પિતાંબરદાસ શેઠ જૂમખા વેલજી તથા શેઠ મેાહનલાલ જેઠા, શેઠ લલ્લુભાઇ જીવરાજ, શેઠ દલસુખ નથુ વગેરે છે. શેઠ જૂમખા વેલજી, મૂળથી દેરાસરનેા વહીવટ કરતા હતા. શેઠ ગેાકુળભાઇના મરણ પછી શેઠ ચંદુલાલ ગેાકુળભાઇએ વહીવટ કર્યો, પછીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમણે શેઠ ગોકળભાઈ મહુકચંદને દેરાસરનો વિ૦ ૧૯૭૦ માં વહીવટ સોંપ્યો. શ્રી પદ્માવતીના દેરાસરમાંથી ગોડીપાર્શ્વનાથની મૂર્તિને લેઈને ત્યાં વિ૦ સં૦ ૧૯૪૫ ના માઘસુદિ ત્રયોદશીના રોજ પ્રતિષ્ઠા કરી પધરાવી. ગોડીપાર્શ્વનાથજીના દેરાસરની મૂળ જગ્યાએ પહેલાં દોઢસો વર્ષથી એક ઘર દેરાસર હતું. તે દોશી શેઠ હેમા હાથીની ફઈએ કરાવ્યું હતું. ધવળ કુંગરશીની હવેલી છે ત્યાં પહેલાં ઘર દેરાસર હતું. પહેલાં શેઠ દલસુખભાઇ નથુભાઈના મેડા પર ઘર દેરાસર હતું એમ સુરજમલ્લ શેઠ કહે છે.

મૂળ નાયક શ્રી ગોડીપાર્શ્વનાથની પ્રતિમા પર લેખ નથી. મૂળ નાયકની ડાબી બાજુએ–આદિનાથની પાષાણની પ્રતિમા પર નીચે પ્રમાણે લેખ છે—

વિક્રમ સં૦ ૧૯૪૫ ના માઘ સુદિ ૧૦ શુક્રવાસરે શ્રી આદિનાથ બિંબં કારાપિતં ધનપતસિંહ બહાદુરેણ શ્રી વિજયરાજ-સૂરિરાજ્યે તપાગચ્છે ।

વિક્રમ સં૦ ૧૯૦૨ ના વર્ષે શાકે ૧૭૬૮ માઘ વદિ ૫ અમદાવાદ વાસ્તવ્ય ઓસવાલ જ્ઞાતિ સિસોદિયા વંશે વખતચંદ ખુશાલચંદ ભાર્યા.....

મૂળ નાયકની જમણી બાજુની પાષાણની પ્રતિમા લેખ.

પદ્મપ્રભુની પ્રતિમાનો લેખ.

સંવત્ ૧૯૦૩ વર્ષે શાકે ૧૭૫૮ પદ્મપ્રભ જિનબિંબ પ્રતિ-ષ્ઠિતમ્ અમદાવાદ વાસ્તવ્ય ઓસવાળ જ્ઞાતિ વૃદ્ધ શાખાયામ્ હઠીસિંગ કેશરીસંગ.....તપાપક્ષે પ્રતિષ્ઠાપિતમ્ આ લેખમાં કેટલાક અક્ષરો ચીબેટમાં દબાઈ ગયા છે તથા કેટલાક અક્ષરો વંચાતા નથી,

વિ. સંવત્ ૧૯૨૧ ના વર્ષે શાકે ૧૭૮૬ પ્રવર્તમાને ગુરુવાસરે.....શ્રી પારસનાથબિંબં પ્રતિષ્ઠાપિતમ્ શ્રીરાજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नगरे वास्तव्य ओसवाळ ज्ञाति कुमलोलगोत्रे सिसोदियावंशे वृद्ध शाखायाम् બાકીના અક્ષરો ચીમેટથી દબાઈ ગયા છે.

દેરાસરની ઉપરના મૂળનાયક શ્રી ઋષભદેવજીની પ્રતિમાજીનો લેખ—

વિ સંવત્ ૧૬૦૩ માઘ વદિ ૫ તિથૌ ભૃગુવાસરે ગામ ગેટી વાસ્તવ્ય શ્રીમાલી વૃદ્ધશાખા સમસ્તસંઘેન સ્વશ્રેયોર્થં શ્રીઋષભનાથ-બિંબં કારાપિતમ્.

પીત્તળની પંચતીર્થીનો એક હાથ જેટલો પટ્ટ છે તેના ઉપર નીચે પ્રમાણે લેખ છે.

વિ. સં. ૧૬૮૭ વર્ષે શાકે ૧૫૫૨ પ્રવર્તમાને તપાગચ્છે લઘુ-શાલાયાં પૂજ્ય શ્રીહેમસોમસૂરિ તત્પટ્ટે પૂજ્ય શ્રી વિમલસોમસૂરિભિઃ પ્રતિષ્ઠિતઃ શ્રી વિદ્યાપુરવાસ્તવ્ય દોશી વિમલશી લખમશી દોશી દેવજી વાસિયા દોશી નાથા દોશી વસ્તુપાલ દોશી રતનશી દોશી વજિયા દોશી લહુજી દોશી શિવજી જયચંદ દોશી માણકા રાજપાલ શા. વર્ધમાન મણિ વીરજીના માણકા વારદાસ શા. કુઅ-રીયા રામદાસ ફ૦ કુઅરીયા શા. વાસિયા કીકા પ્રમુખ શ્રી સંઘેન રી રીમયપટ્ટઃ કારિતઃ ત્રયોદશ સેવમાનઃ આચંદ્રાર્કં યાવત્.

શ્રી ગોડીપાર્શ્વનાથના દેરાની ધાતુ પ્રતિમાના લેખો.

સંવત્ ૧૫૦૩ વર્ષે માહ વદિ ૩ શુક્રે શ્રી શ્રીમાલ જ્ઞાતીય મં૦ રતનસૂત મં૦ રાઉક ભાર્યા રમાદેત્તયોઃ સુ૦ મં૦ હરિદાસેન મં૦ લૂંઢાં પાતાયુતેન સ્વશ્રેયસે શ્રી શાંતિનાથબિંબંકારિતં પ્રતિ૦ આગમગચ્છે શ્રી સિંહરત્નસૂરિભિઃ ॥

પંચતીર્થી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

संवत् १५१० वर्षे मागशर शु. १५ दिने प्राग्वाट ज्ञा० व्य० देवराज भा० रत्नसुत हालाकेन भा० कमिणिसु.....
.....कादिकुटुंबयुतेन स्वमातृश्रेयोर्थं श्री आदिनाथ चतुर्विंशतिपट्टः का० प्रति० तपाश्रीरत्नशेखरसूरिभिः सांबोसणवासि ॥

ચોવીશી.

संवत् १५१६ वर्षे आषाढ शुदि ६ शुक्रे वेडा वास्तव्य श्री श्रीमाल ज्ञातीय श्रे० पाता भा० पाल्हणदे सुत सालिगनाम्ना भा० धनी सुत नरपाल रामा प्रमुख कुटुंबयुतेन श्री आदिनाथबिंबं कारितं प्रतिष्ठितं वृद्ध तपापक्षे श्री रत्नसिंह सूरिभिः ॥

પંચતીર્થી.

संवत् १५३० वर्षे माह सुदि १३ रवौ प्राग्वाटज्ञातीय दोसी नुला भा० नामलदे सुत दो० सालिगेन भार्या रमी तथा भार्या जसो भ्रातृपुत्र साधारण सहितेन भ्रातृ सिधरश्रेयोर्थं श्री कुंथुनाथबिंबं का० वृद्ध तपापक्षे भ० श्रीजिनरत्नसूरिभिः प्रतिष्ठितं ॥

ઉપરની પંચતીર્થી.

હુંબડ જૈનનું ઘર દેરાસર.

સુતારવાડામાં અરનાથના દેરાસરની અગ્નિકુણમાં નજીકમાંજ હુંબડ જૈનોનું ઘર દેરાસર છે. તેમાં પાષાણની બે પ્રતિમાઓ છે અને ધાતુની પાંચ-છ પ્રતિમાઓ છે. એક શ્વેતાંબર જૈન ધાતુ પ્રતિમા છે તે પર નીચે પ્રમાણે લેખ છે.

वि. सं. १३३४ ज्येष्ठ सुदि ३ बुधे खडायता ज्ञातीय ठ० सूज भार्या पद्मिनी.....कृ श्री आदिनाथबिंबं कारितं प्रतिष्ठितं च सुमतिप्रभसूरिणा.

વિજાપુરમાં વિ. સં. ૧૭૬૦ થી ૧૮૭૦ લગભગમાં સુતારવાડા તથા માલીવાડામાં હુંબડ જૈન વાણિયાનાં પચાસ સાઠ ઘર હતાં. જૂના વિજાપુરમાંથી વિ. ૧૬૬૦ લગભગમાં તેઓએ નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુરમાં કે જ્યાં પહેલાં મુસલમાનોએજ વાસ કર્યો હતો ત્યાં વસતિ કરી અને જૈન દેરાસર તથા ઉપાશ્રય બંધાવ્યો પણ તે પાછળથી સત્તરસેંની સાલમાં મુસલમાન સુબાઓના વખતમાં દેરાસર ભાંગવામાં આવ્યું. પીવરી યાને પૂરી નામની જૈન હુંબડ શ્રાવિકાને મુસલમાન ધર્મમાં ગમે તે રીતે લીધી અને ત્યાં મસ્જીદ બનાવી. તેના ભોંયરામાં પ્રતિમાઓ હતી એમ વૃદ્ધો કહેતા હતા. હાલ નવી વિશાલમસ્જીદ બનાવવામાં આવી છે. પીવરીની કબ્ર મસ્જીદમાં પેસતાં ડાબા હાથે છે. વિજાપુરમાં વીશ વર્ષ પૂર્વે એક બે હુંબડનાં ઘર હતાં. હવે હુંબડ જૈનનું ઘર નથી. આજુબાજુના ગામડાના હુંબડ જૈનો દર્શનાર્થે આવે છે. હુંબડના દેરાસર ખાતે દુકાન છે. શ્વેતાંબર જૈનોની સંભાળ નીચે ઘર દેરાસર છે. પાસે હુંબડ જૈનોને ઉતરવાની જગ્યા છે.

વિજાપુરની જૈન સંસ્થાઓ.

જૈન સંસ્થાઓ ૧૮ છે તેની વિગત—

(૧) સંવેગીનો ઉપાશ્રય—દોશીવાડામાં સંવેગી જૈન ઉપાશ્રય વિ. સં. ૧૭૬૦ લગભગમાં બનેલો છે એમ વૃદ્ધો કહે છે. જ્યારે યતિઓમાં શિથિલતા આવી ત્યારે પંન્યાસ શ્રી સત્યવિજયજીએ ક્રિયોદ્ધાર કર્યો. શ્રી સત્યવિજયજી પંન્યાસ, અઢારમા સૈકાના મધ્યકાલ સુધી વિદ્યમાન હતા. શ્રી સત્યવિજયજી વગેરેને સંવેગી સાધુઓ કહેવામાં આવતા હતા. વિજાપુરમાં સંવેગી ઉપાશ્રય પૂર્વે યતિઓના ગચ્છ સંબંધી ઉપાશ્રય હતા, વડીપોશાળ, લહુડીપોશાળ, અણસૂરિ અને દેવસૂરિ એ ચાર ગચ્છવાળાની ચાર પોશાળો–પૌષધશાળાઓ હતી. શ્રી સત્યવિજયજીના સાધુઓને એ ચાર પોશાળોમાં પ્રાયઃ ઉતારો મળતો ન હોવાથી સંવેગીનો ઉપાશ્રય થયો. તપાગચ્છીય વિજય, વિમલ, સાગર, સંજ્ઞક સાધુઓ ત્યાં ઉતરતા હતા. વિ. સં ૧૮૬૦ લગભગમાં સંવેગી ઉપાશ્રયનો આગળનો ભાગ બનાવવામાં આવ્યો. તેનો વહીવટ દોશીવાડાના ઓશવાળ જૈનો કરે છે. હાલ દોશી મોહનલાલ જેઠાભાઈ વગેરે સંવેગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાશ્રયના વહીવટ કરનારા આગેવાનો છે. ઉપાશ્રયની આગળ ચોગાન છે. ઉપાશ્રયની દક્ષિણ બાજુએ ખેતર છે. પૂર્વ બાજુએ શેઠ બાદરભાઈ કંકુચંદની વાડી છે. પશ્ચિમે શ્રાવકનાં ઘર છે. ત્રણસેં ચારસેં મનુષ્યો બેશી શકે એટલો મોટો છે. હાલ જીર્ણ થવા લાગ્યો છે. દોશીવાડાનો સંવેગીનો મૂલ નાનો ઉપાશ્રય છે તે હાલમાં હયાત સુરજમલ શેઠના વડવાએ કરાવ્યો હતો.

(૨) બાદરવાડી—સંવેગીના ઉપાશ્રયની પૂર્વે બાદરવાડી કરવામાં આવી છે. જૈન શેઠ કંકુચંદ બેચરના પુત્રો રવચંદભાઇ, ઘેલાભાઇ, મગનલાલ, બાદરભાઈ અને ઉમેદભાઈ એ પાંચ પુત્ર પૈકી બાદરભાઈ વ્યવહારમાં ઘણા કુશળ, દાની અને પ્રભુભક્ત હતા. તેમના મૃત્યુ પછી તેમના સ્મરણાર્થે બાદરવાડી બંધાવવામાં આવી છે, તે જગ્યામાં પૂર્વે નિશાળ હતી. વિ. સં. ૧૯૫૭ માં બાદરવાડી બંધાઇ છે તેમાં જૈન સાધુઓ અને યાત્રાળુ જૈનો ઉતરે છે, તથા શ્રાવિકાઓને ત્યાં ધાર્મિકશાસ્ત્ર ભણાવવામાં આવે છે. નવકારશી, પાખી, નાત વગેરે જમણો કરવા માટે તે બપમાં આવે છે. શેઠ ઉમેદભાઈ કંકુચંદ વગેરે બાદરવાડીનો વહીવટ કરે છે, વિ. સં. ૧૯૭૨ માં બાદરવાડીમાં શેઠ મગનલાલ કંકુચંદે ઉજમણું માંડયું હતું અને કાંઠાની સત્તાવીશનું ચોખડું કર્યું હતું.

(૩) હઠીભાઇની ધર્મશાળા—દોશીવાડામાં છે. તે બંધાવનાર અમદાવાદમાં સં. ૧૯૦૪ લગભગમાં શેઠ હઠીશંગ કેશરીભાઈ વિદ્યમાન હતા. જાતે ઓશવાળ હતા. વ્યાપારમાં કરોડો રૂપૈયા તેમણે મેળવ્યા હતા. અમદાવાદમાં દિલ્લી દરવાજા પાસે હઠીભાઈની વાડી છે અને તેમાં તેમણે બાવન જિનાલયનું મોટું જૈન મંદિર બંધાવ્યું છે. તેમાં મૂલનાયક તરીકે શ્રી ધર્મનાથ તીર્થંકરની પ્રતિમા છે. અનેક યુરોપીયનો ગવર્નરો વગેરે તેને જોવા આવે છે. હઠીશંગ શેઠે પોતાના સગા વ્હાલા વગેરેને બાનગી મદત તરીકે બેશી લાખ રૂપૈયા આપ્યા હતા. પાલીતાણાના માર્ગે જ્યાં જ્યાં સંઘ જાય છે તેવા ગામોમાં તેમણે ધર્મશાળાઓ બંધાવી છે, તેમની પત્ની હરકોર શેઠાણીએ સમ્મેતશિખરનો સંઘ કહાડ્યો હતો, તેમને સરકારની પદવી આપવામાં આવી હતી. તે શેઠ હઠી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંગ તરફથી દોશીવાડામાં જૈન ધર્મશાળા બાંધવામાં આવી છે. સં. ૧૯૦૫ લગભગમાં ધર્મશાળા બાંધવાનું કામ પૂર્ણ થયું હતું. શેઠાણી રૂખમણી તથા મોતિકુંવરના ગુરૂશ્રી નેમિસાગરજી મહારાજ હતા. તે ઉપાશ્રયમાં ઉતરતા નહોતા પણ ધર્મશાળામાં ઉતરતા હતા; તેથી ધર્મશાળા બંધાવવાની લાગણી શેઠાણીના મનમાં પ્રગટી હતી. શ્રી નેમિસાગરજી મહારાજ જ્યારે વિજાપુરમાં પધારતા હતા ત્યારે ઘણી વખત તેમાં ઉતરતા હતા, તેમાં તેમનાં ધર્મશાસ્ત્રો મૂકવામાં આવ્યાં હતાં અને ત્યાં કુલા બાદર વગેરે તે પુસ્તકોની જાળવણી કરતા હતા. વિ. સં. ૧૯૬૨ ની સાલમાં મોહનભાઈ તારાચંદે શ્રી નેમિસાગરજીનો ભંડાર અમને સોંપ્યો હતો. દોશી દલસુખભાઇ નથુભાઇ પહેલાં અમદાવાદવાળા તરફથી દેખરેખ રાખતા હતા. હાલમાં દોશી પોપટલાલ દલસુખભાઈ દેખરેખ રાખે છે તથા વહીવટ કરે છે. જૈન યાત્રાળુઓને તેમાં ઉતરવા દેવામાં આવે છે. જૈન સાધુઓ અને સાધ્વીઓ પણ ત્યાં ઉતરે છે. જૈનો નવકારશી નાત વિગેરે તેમાં કરીને જમે છે. તેની પાસે એક કુઇ છે તેથી જલની સગવડ છે. શેઠ હઠીશંગભાઇએ અમદાવાદ મધ્યે બહારની વાડીના દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવી હતી તે વખતે શ્રી નેમિસાગરજી ત્યાં ભાવનગરથી એકદમ વિહાર કરીને પાંચ દિવસમાં આવ્યા હતા અને મુહૂર્ત બદલવા જણાવ્યું હતું; પણ મુહૂર્ત ન બદલ્યું અને પ્રતિષ્ઠા કરી તે વખતે વીશ હજાર જૈનો ભેગા થયા હતા અને એકદમ કોલેરા ફાટી નીકળ્યો તેથી એક હજાર જૈનો કોલેરાનો ભોગ થઈ પડ્યા હતા, તેમાંથી ઘણા મરી ગયા કેટલાક બચ્યા. જ્યાં ઘણા મનુષ્યો ભેગા થાય છે અને કુવા વગેરેનાં પાણી બગડેલાં, દૂષિત, કોલેરાના જંતુવાળા હોય છે તો તેના પાનથી કોલેરા ફાટી નીકળે છે. હઠીશંગ શેઠે આબુજી વગેરેનો સંઘ કાઢીને પંચતીર્થીની યાત્રા કરી હતી. તેમણે તારંગાજીની યાત્રા કરવા તથા કુંભારીયાની યાત્રા કરવા સંઘ કાઢ્યો હતો. વડનગરના એક યાચક યદુરામ બ્રાહ્મણે હઠીશંગ સંઘવી પાસે ઘણા રૂપીયાની દામ દક્ષિણા માગી તેથી હઠીશંગ સંઘવીએ ના પાડી તેથી તેને સંઘવીપર ગુસ્સો આવ્યો, દૈવયોગે તારંગાથી કુંભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીયાજી જતાં કોલેરા ફાટી નીકળ્યો, તેનું કારણ દૂષિત જલ અને ખરાબ હવા હતી, કોલેરા ફાટી નીકળતાં સંઘમાંથી કેટલાંક મનુષ્યો મરણ પામ્યાં તેથી તેઓ અમદાવાદ તરફ પાછા ફર્યા, ત્યારે પેલા ક્રોધી થએલા બ્રાહ્મણે ગપ્પ મારી કે અંબાજી માતાએ સંઘમાં કોલેરા મૂકયો અને તે જતિયોને ખાઇ ગઇ. "રત્નચિંતામણિ અથવા દેવી મહાત્મ્ય" નામનું પુસ્તક સિદ્ધપુર જ્ઞાન વર્ધક સભાએ સને ૧૮૦૮ વિ. ૧૯૬૪ માં છપાવ્યું છે. કિ. ૦-૮-૦ છે. તેમાં યદુરામ બ્રાહ્મણે દ્વેષથી જૈનોને હલકા પાડવા માટે પૃષ્ઠ ૬૬ થી બહુચરાજીની ગરબી જોડી છે. તેમાં તેણે પોતાને સંઘવી તરફથી દક્ષિણા ન મળી તેથી પેટનો ભૂખ્યો ગામ બાળે તે ન્યાયે તેમાં નીચે પ્રમાણે કડવાશની લાગણી પ્રગટાવે એવા શબ્દો જોડ્યા છે.

ગુણકાઓ માંહે નાચતી હો બહુચરી ॥ જતિએ ગતિ મતિ ફેરવી હો બહુચરી ॥ એક મતિના શ્રાવક હો બહુચરી, શક્તિ જતીઓને ખાઇ ગઇ હો બહુચરી ॥ શ્રાવકનું સંગી જે થશે હો બહુચરી ॥ તેના કરમના ભોગ ॥ પૃષ્ઠ ૭૨ બીજી ગરબી બળ્યો દુંઢીયા તારો ઢંગ, દેવી તેંતો રાખ્યો રંગ " હેમો કહે છે હઠીને હવે, કદી ન કાઢું સંઘ " હેમે ઓઢી ચુંદડીને; હઠીએ પહેરી ચૂડી, એમ કરીને ઘેર ગઇ છે હેમા હઠીની જોડી ॥ ઇત્યાદિ વાકયોથી જૈનોમાં કડવાશની-ગુસ્સાની લાગણી ફેલાય છે. વિજાપુરમાં બે ઠેકાણે માંડવી વગેરેમાં ગરબા ગવાય છે. જગત્માં માતા દેવી તે માતા છે, તે પોતાના પુત્રોને મારી નાખતી નથી. જૈનો અંબિકાને રક્ષિકા માને છે, તે જૈનધર્મની રખવાળી કરે છે તે જતિયોને મારી નાંખેજ નહિ. સંઘમાં સાધુ અગર જતિને કોલેરા થયો નહતો. અંબિકાની મૂર્તિ તથા દેરી વિમળશા જૈને કરાવી છે ત્યાંથી મૂર્તિ ગુમ થઈ છે. અંબિકા માતાની આગળ બકરા પાડાઓનો વધ થતો હતો. જૈનો વગેરે હિંદુઓના પ્રયાસથી દાંતાના રાણાએ પાડાનો તથા બકરાઓનો વધ થતો અટકાવ્યો છે. (વિ. ૧૯૭૯ માં) શ્રી બાવીશમા તીર્થંકર નેમિનાથના શાસનની અધિષ્ઠાયિકા દેવી અંબિકા છે. જૈનો જૈન શાસનની વિધિ પ્રમાણે અંબિકાને માને-પૂજે છે; છતાં જૈન સંઘની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદા થાય એવી કેટલાક હિંદુઓ આ બે ગરબીઓ ગાય છે, આથી બંને કોમની સુલેહનો ભંગ થવાનો પ્રસંગ પેદા થાય છે. જૈન સંઘની હલકાઈ કરવાને માટે ફકત દ્વેષથી બે ગરબીઓ ગવાય છે, તેમાં અંબિકા દેવીને કાંઇ લેવા દેવા નથી. વિજાપુરમાં સુજ્ઞ ગંભીર એવા બ્રાહ્મણો અને બારોટો વગેરે છે. તેઓએ આ બે ગરબી કોઈ ગાય નહિ એવો ઠરાવ કરવો જોઇએ. જાહેરમાં ગરબીઓ ગાવાથી અન્ય કોમની કડવાશ વ્હોરી લેવાથી હિંદુ બ્રાહ્મણો વગેરેને ફાયદો થવાનો નથી. ખુદ અંબાજીમાં પણ કોલેરા પ્લેગ ચાલે છે તેથી એવા વ્હેમોને સુધરેલો સમાજ માનતો નથી અને જૂઠો મહિમા ગાવાથી, તેની જૈનકોમપર કંઈ અસર થવાની નથી, માટે વિજાપુરના હિંદુઓને પ્રેમ પૂર્વક જણાવું છું કે તેઓએ બન્ને કોમની સુલેહ શાંતિ, પ્રેમ મેળ જાળવવા ખાતર આ બે ગરબીઓ ગાવી બંધ કરવી. જૈનોએ અને હિંદુઓએ પરસ્પર મેળ રહે તેમ જાહેરમાં વર્તવું, તેમજ મુસલમાનોની સાથે હિંદુઓએ સુલેહસંપથી વર્તવું તથા મુસલમાનોએ પણ હિંદુઓની સાથે સુલેહ શાંતિ, પ્રેમભાવથી વર્તવું અને પરસ્પર એકબીજાના ધર્મની નિંદા થાય એવું જાહેરમાં કંઈ ન કરવું. એમ સ્વકીય જન્મભૂમિના લોકોને કહેવામાં આવે છે. ધર્માભિમાનના વશ થઇને અન્યધર્મીઓની નિંદા ન કરવી. આત્માની શુદ્ધિ કરવી અને સર્વ જીવોને આત્મા સમાન–પ્રભુના બાળક સમાન માનીને હિંદુઓએ–જૈનોએ તથા મુસલમાનોએ વર્તવું એવું મારૂં પ્રેમપૂર્વક કથન છે.

દેવી કોઈને મારતી નથી. અંબાજી વગેરે દેવીઓ સાત્વિક ગુણી છે, તે કોઇને મારતી નથી. બકરા પાડા વગેરેનો ભોગ લેતી નથી. કોઈનું માંસ ખાતી નથી, અને રક્ત પીતી નથી. તમોગુણી દેવીભક્તો, ફકત પોતાની જીભની લાલચે દેવીઓને બકરા પાડા ખાનારી કલ્પીને ભોળા લોકોને હિંસાના પાપમાર્ગે ચઢાવે છે. અંબિકા માતા છે. તે કોઇને રોગથી મારતી નથી, કોઇનું રક્ત માંસ ખાતી નથી; જૈનો અંબિકા વગેરે જૈનશાસન દેવીઓને માને છે, પૂજે છે અને કુંભારીયાનો સંઘ કાઢતાં તે ત્યાંની શ્રી નેમિનાથના શાસનની અંબિકા દેવીને સંઘવી ચુંદડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરે ચઢાવે છે; જે દેવી આગળ બકરાં પાડા કાપવામાં આવે છે, ત્યાં જૈનો જતા નથી, અને તેને માનતા નથી. જૈન શાસ્ત્રોમાં જૈનાચાર્યોએ અંબિકા વગેરે શાસનદેવીઓને સાત્વક દેવી તરીકે માનેલી છે, અંબિકા દેવીની સ્તુતિ જૈનાચાર્યે નીચે પ્રમાણે કરી છે-

स्वर्णालंकारवलगन्मणिकिरणगण,—ध्वस्तनित्यांधकारा, हुंकारारावदूरीकृतसुकृतजन,—व्रातविघ्नप्रचारा, देवी श्री अंबिकाख्या जिनवरचरणांभोजभृंगीसमाना, पञ्चम्यद्यस्तपोऽर्थं वितरतु कुशलं धीमतां सावधाना ॥ १ ॥ ज्ञानपञ्चमी स्तुति ॥४॥

એ પ્રમાણે જૈનો ઋષભાદિ તીર્થંકરોની ચોવીશ શાસન દેવીઓ, સોળ મહાદેવીઓ વગેરેને માને છે, પણ તે વામમાર્ગીઓની-શાક્તોની દેવીઓની પૂજા રીતિને મિથ્યાત્વ કર્મમાં ગણે છે. જ્યારે, વિ. સં. ૧૦૭૦ની સાલમાં થનાર આબુના દંડનાયક સેનાપતિ વિમળશાહે આબુજી ઉપર દેરાં કરાવ્યાં, ત્યારે તેમનાપર અંબાજી પ્રસન્ન થયાં હતાં અને તેમણે આરાસણ નગરી કે જે આરાસુરી પહાડપર હતી ત્યાં અંબિકાના આદેશથી શ્રી નેમિનાથ વિગેરેનાં પાંચ મંદિર કરાવ્યાં, અને જૈનશાસન દેવી તરીકે અંબિકાનું દેરૂં કરાવ્યું. તેમાં અંબિકાની મૂર્ત્તિ બેસાડી, પણ મુસલમાન બાદશાહોની ચઢાઇના વખતમાં તે મૂર્ત્તિને ભાંગી નાંખવામાં આવી, અથવા ગુપ્ત સ્થાનમાં સંતાડી દેવામાં આવી. તે સંબંધી બન્ને કિંવદન્તીઓથી એકનો પણ નિશ્ચય થતો નથી. કેટલાકોના કહેવા પ્રમાણે મૂર્ત્તિ ગુપ્ત ભોંયરામાં સંતાડી છે. જ્યારે સારો વખત આવશે ત્યારે પ્રગટ કરવામાં આવશે. વિમલશાહે કુંભારીયામાં પાંચ દેરાસર કરાવ્યાં હતાં. કેટલાક જૈનોના દ્વેષી લોકો કહે છે કે અંબિકાએ વિમળશાહને કહ્યું કે તેં મારા પ્રતાપથી દેરાં બંધાવ્યાં કે ગુરૂ પ્રતાપે ? ત્યારે વિમળશાહે ગુરૂ પ્રતાપે કહ્યું તેથી દેવીએ ગુસ્સો કર્યો અને એકસો પાંચ દેરાં બાળી નાંખ્યાં, અને પાંચ બાકી રાખ્યાં, અને બળી ગએલા દેરાંના કાટયડા હાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડેલા છે એમ જૈનોના દ્વેષી અજ્ઞલોકો જૂઠો પોકાર કરે છે. અમો (વિ. સં. ૧૯૭૧ માં) ઇડર, વડાલી, ખેડબ્રહ્મા, હડાદ થઈને કુંભારીયા ગયા હતા, ત્યાંના દેરાસરોનાં દર્શન કર્યાં, જે કાટચડા પડ્યા છે તેતો ધમણુગરાલોકોએ ધાતુઓ ગાળવા ભઠ્ઠીઓ કરી લોઢું વગેરે ધાતુઓને ગાળી છે, તેમાંના લોઢા આદિનાથ મિશ્ર કાટચડા છે તે મારી નજરે જોયા છે; એવા કાટચડા ઉદેપુર રાજ્યમાં સલુંબરના પહાડમાં જ્યાં ધમણુ ગરા લોકોએ લોઢું ગાળ્યું છે તેના ત્યાં પણ પડ્યા છે. દેરાસરમાં પત્થર ઈંટ હોય છે તેવા કુંભારિયામાં કાટચડા નથી, સર્વ વિદ્વાનોનો તેવો મત છે. પરસ્પર ધર્મના દ્વેષથી જૂઠી કહેવતો જોડીને અન્યના ધર્મને હલકો પાડવામાં કલ્પિત જૂઠી વાતો બનાવનારાની ખોટ નથી. પાટણમાં હેમાખાડની વાત જોડીને લોકોની આગળ જૈનધર્મના નિંદા કરવામાં આવી છે. એવી વાતાને વિદ્વાનો તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે. અંબાજીના મંદિરમાં ગોંખલો છે, તેને દેવીના આકારતરીકે શણુગારોથી શણુગારવામાં આવે છે, પણ મૂર્ત્તિ નથી. હાલમાં હજી નવરાત્રી વિગેરે દિવસોમાં અંબિકાની આગળ પાડા બકરાંઓને મારી નાંખવામાં આવે છે. તેથી સભ્યજ્ઞાની હિંદુઓને શરમાવું પડે છે. ઉચ્ચ દયાવંત પંડિત હિંદુઓ તરફથી દેવીની આગળ પાડા બકરાં નહીં મારવાની હીલચાલ ચાલે છે. વિ. ૧૯૭૯ માં ત્યાં થતા પશુહિંસા હોમને દાંતાના રાણાએ અટકાવ્યો છે. પ્રસંગોપાત્ત હઠીશંગની ધર્મશાળા પ્રસંગે એટલું પ્રસંગ પડતું વિવેચન કરવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે વામમાર્ગીઓની પેઠે દેવીબકતોની જૂઠી પૂર્વોકત ગરબીથી આપણો આર્ય હિંદુ વર્ગ ન છેતરાય. અંબિકા વગેરે દેવીઓના સ્થાને પણ કોલેરા, પ્લેગ, ઈન્ફ્લ્યુએન્ઝા વગેરે રોગો ફાટી નીકળે છે માટે વ્હેમમાં ફસાઈને વ્હેમી–જૂઠી વાતો ન માનવી.

શેઠ હઠીસંગે, ગરીબ અનાથ લૂલાં અંધ મનુષ્યોને અન્ન, દાન વગેરેની સહાય કરી છે. પેથાપુર, પાલીતાણા, જૂનાગઢ વગેરે સ્થાનોમાં હઠીસંગના નામની ધર્મશાળાઓ હાલ ચાલે છે. શેઠ ઉમાભાઈ હઠીસંગ તથા જેશંગભાઈ વગેરે તેમના વારસોની વસ્તી હાલ વિદ્યમાન છે; મોતિકુંવરે તથા રૂખમણી શેઠાણીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદમાં પાંજરાપોળના નામે ઓળખાતો એક ભવ્ય ઉપાશ્રય બંધાવ્યો છે. શ્રી નેમિસાગરજી ગુરૂની ભક્તિથી એ બાંધવામાં આવ્યો છે. શેઠ હઠીસંગે જૈન તથા હિંદુ વગેરે સર્વ ગરીબ લોકોને સહાય કરી હતી. "નામ રહંતાં ઠક્કરાં નાણાં નહીં રહંત" એ કહેવત પ્રમાણે તેમનો કીર્તિમય અક્ષરદેહ હાલ જીવતો રહ્યો છે, હઠીભાઇની ધર્મશાળામાં નેમિસાગરજી વગેરે મુનિયોએ ચોમાસાં કર્યાં છે, હઠીશંગ શેઠે ગાયકવાડની પાસેથી વિજાપુર તાલુકાનો કેટલાંક વર્ષ સુધી ઈજારો રાખ્યો હતો. હરકોર શેઠાણીને વિજાપુરના ગોરાદેવીના કુવાનું પાણી માફક આવતું હતું. તેથી તે અમદાવાદથી મંગાવતા હતાં. શેઠ હઠીભાઈની પેઠે હેમાભાઈ શેઠે પણ ધર્મશાળાઓ બંધાવી હતી, અમદાવાદમાં હેમાભાઈ હોલ જાહેર છે. બન્ને દયાળુ દાતાર જૈન શેઠીઆઓ થયા.

(૪) શ્રાવિકાનો ઉપાશ્રય—બાદરવાડી અને હઠીશંગ ભાઇની ધર્મશાળા પાસે એક સાધ્વી અને શ્રાવિકાઓને ધર્મક્રિયા કરવા માટે ઉપાશ્રય બાંધવામાં આવ્યો છે. વિ. સં. ૧૯૦૫ લગભગમાં તે બંધાવેલો છે. હાલ પણ સાધ્વીઓ અને શ્રાવિકાઓ તેમાં પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ કરે છે. હઠીશંગની ધર્મશાળા હાલ છે ત્યાં પૂર્વે ઉકરડાના ખાડા હતા. કારણકે ત્યાં સુરખા કણબીઓનાં ઘર હતાં. હાલમાં ત્યાંથી કણબીઓ નીકળીને સંધપુર જતાં વચમાં એક ગોવિંદપરૂં વસાવીને ત્યાં રહ્યા છે. તેથી દોશીવાડામાં કણબીઓની વસતિ નથી. અમારી બાલ્યાવસ્થામાં ત્યાં કણબીઓનાં ઘર હતાં તે નજરે દેખ્યાં હતાં. વિ. ૧૯૬૦ લગભગમાં ગોવિંદપરૂં વસ્યું. દોશીવાડામાં પહેલાં સંવેગી સાધુઓ ઉતરતા હતા તેથી ત્યાં સાધ્વીનો ઉપાશ્રય પણ બનાવેલો છે.

(૫) સાધ્વીનો ઉપાશ્રય—સુતારવાડામાં શ્રી અરનાથ ના દેરાસરની સામે સાધ્વીનો ઉપાશ્રય છે. વિ. સં. ૧૯૦૫ લગભગ નો અગર તે પૂર્વનો પણ હોય એમ જણાય છે. ત્યાં જૈન સાધ્વીઓ ઉતરે છે અને ચોમાસું કરે છે. ત્યાં શ્રાવિકાઓ પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ કરે છે તેનો વહીવટ સુતારવાડાના શ્રાવકો કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૬) **જૈનવિદ્યાશાળા**—વિ. સં. ૧૯૨૫ માં જૈનસંઘે ફંડ કરી વિદ્યાશાળા બંધાવી. પ્રથમ શેઠ મંછારામ લવજી તથા શા. રત્નચંદ ગુલાબચંદ વહીવટ કરતા હતા પછીથી વિ. સં. ૧૯૩૫ લગભગથી દોશી નથુભાઇ મંછાચંદે વહીવટ શરૂ કર્યો અને વિ. સં. ૧૯૭૧ સુધી વહીવટ કર્યો. વિ. સં. ૧૯૭૧ માં દોશી નથુભાઇ મંછાચંદે દેહત્યાગ કર્યો અને સ્વર્ગસ્થ થયા. ગુરૂ શ્રી રવિસાગરજી, શ્રી ધર્મસાગરજી, મણિસાગરજી, કલ્યાણસાગરજી, ગુરૂ શ્રી સુખસાગરજી વગેરેએ વિદ્યાશાળામાં ચોમાસાં કર્યાં છે. વિ. સં. ૧૯૩૬ ની સાલમાં વિદ્યાશાળામાં સમવસરણની રચના થઇ અને શ્રી રવિસાગરજી મહારાજે ઉપધાન કરાવ્યાં. વિ. ૧૯૪૫ ની સાલમાં ગુરૂ મહારાજ શ્રી રાવસાગરજીએ ચોમાસું કર્યું હતું, ત્યારે વિદ્યાશાળામાં પંડિત રાખી જૈન બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવા જૈન પાઠશાળાની સ્થાપના થઇ હતી અને વિ. ૧૯૪૬ ની સાલમાં અમારૂં તે પાઠશાળામાં પ્રતિક્રમણ ભણવાનું પ્રારંભિક અધ્યયન શરૂ થયું હતું. ૧૯૪૫ ના ચોમાસામાં વડસમાના શ્રાવક ગગલભાઈએ બે માસના ઉપવાસ કર્યા હતા. ઝવેરી જેશીંગભાઇ કંકુચંદે વિદ્યાશાળામાં ઉજમણું કર્યું. તથા શેઠ છનાલાલ પુંજીરામે ઉજમણું કર્યું. દોશી નથુભાઈ મંછાચંદ બાર વ્રતધારી શ્રાવક હતા. શા. રવિસાગરજીના ભક્ત શ્રાવક હતા. તેમનામાં નીતિમય ધાર્મિક જીવન હતું. અમારી ધાર્મિક જીંદગીમાં શાસ્ત્રાભ્યાસમાં સહાયક હતા. સાધુઓની ભક્તિ કરવામાં તથા સંઘનાં ધાર્મક કાર્યો કરવામાં હાલમાં તેમની ખોટ પડી છે, હજુ સુધી તેમની ખોટ પૂરાઈ નથી, વિ. સં. ૧૯૫૬ માં તેમણે સર્વથા બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું હતું, તે ઘણો વખત વિદ્યાશાળામાં ગાળતા હતા. વકીલ રીખવદાસ અમુલેખ તથા શેઠ ઘેલાભાઇ નહાલચંદ તથા મૂલચંદ સરૂપચંદ, કુલાબાદરવાળા, તથા સીરચંદભાઇ વગેરે તેમના સાથી હતા. તેમણે અમદાવાદ વિદ્યાશાળાના સ્થાપક રત્નચંદ સુબાની પાસે બાલ્યાવસ્થામાં ધાર્મિક શિક્ષણ ગ્રહ્યું હતું. તેથી અમદાવાદની વિદ્યાશાળા સાથે તે સારો સંબંધ ધરાવતા હતા. વિદ્યાશાળામાં નથુભાઇ સૂઇ રહેતા હતા અને પરગામથી આવનાર શ્રાવકોની સારી સેવા બજાવતા હતા. લગભગ ચાલીશ વર્ષ સુધી તેમણે વિદ્યાશાળાનો વહીવટ કર્યો. હાલમાં વિદ્યાશાળામાં પ્રાયઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણાખરા સાધુઓ ઉતરે છે. વિદ્યાશાળાની જગ્યામાં પૂર્વે વખારો હતી તથા તેમાં દક્ષિણ બાજુએ વહોરાનાં ઘર હતાં, તેથી હાલ વિદ્યાશાળામાં ટાંકાં છે, ત્યાં ચોમાસામાં ભેજ આવે છે. વિદ્યાશાળાની ઉત્તરે શ્રી કુંથુનાથનું દેરાસર છે. આથમણી દિશાએ શ્રાવકોનાં ઘરો છે. તથા વિ. સં. ૧૯૭૬ માં જૈન જ્ઞાનમંદિર બાંધવામાં આવ્યું છે. દક્ષિણ દિશાએ રંગરેજનું ઘર છે. દક્ષિણ દિશાએ વિદ્યાશાળા અને રંગરેજના ઘર વચ્ચે ખાલી સરકારી જગ્યાનો ચોક છે. વિદ્યાશાળામાં લગભગ હજાર મનુષ્યો બેસી શકે છે. જૈન ધર્મનાં મોટા વ્યાખ્યાનો વિદ્યાશાળામાં થાય છે તથા શ્રીમાન સયાજીરાવ ગાયકવાડ અને તેમના દિવાન, સુબાઓ, વગેરેની સભાઓ વિદ્યાશાળામાં થાય છે, ગામ વચ્ચોવચ્ચ વિદ્યાશાળાનું સ્થાન છે તેથી દોશીવાડા અને માળીવાડાના મધ્યમાં આવવાથી બન્ને તેનો લાભ લે છે, હાલમાં ચિંતામણિ પાર્શ્વનાથની પેઢીના વહીવટ કરનારાઓ તથા દોશી લલ્લુભાઇ કાળીદાસ, ભીખાભાઇ કાલીદાસ તથા વાડીલાલ હરિભાઇ વિગેરે વિદ્યાશાળાનો વહીવટ કરે છે. ચિંતામણિ પાર્શ્વનાથની પેઢીના ચોપડા જોગો વિદ્યાશાળાનો વહીવટ લખાય છે. ચૌદસ્વપ્ન, સિંહાસન, નાંદ, ચંદરવા પૂંઠીયાં, પૂંખણાં, વગેરે સામાન વિદ્યાશાળાના અંગે છે. સર્વે મિલકત પેઢીની દુકાનમાં રહે છે. વિ. સં. ૧૯૪૫ માં વેરાવાસણમાં રહેનાર દેશાયણ દિવાળી શ્રાવિકાએ વિદ્યાશાળામાં જૈન પાઠશાળા સ્થાપી. તે વિ. સં. ૧૯૬૯ સુધી ચાલી, પછીથી જૈન મિત્રમંડળ તરફથી જૈન પાઠશાળા ભણાવવાની વ્યવસ્થા થઇ તે ૧૯૭૫ સુધી ચાલી. હાલ પણ ફરી ફંડ કરી શરૂ કરી છે. પંડિત રવિદત્ત તથા પંડિત સદારામ જોશી તથા યતિ શ્રી અમૃતવિજયજી વગેરે પંડિતોએ પાઠશાળામાં અધ્યયન કરાવ્યું છે. વિદ્યાશાળામાં શા. વાડીલાલ હરિચંદે તથા શેઠ મહાસુખ માનચંદે તથા શેઠ ઘેલા નહાલચંદે ઉજમણાં માંડયાં હતાં.

(૭) જૈન પાઠશાળા—દોશી નથુભાઇ મંછાચંદે વિદ્યાશાળા નજીક ચોટામાં શ્રી કુંથુનાથના દેરાસર નજીક પાઠશાળાનું મકાન બંધાવ્યું છે. પાઠશાળામાં ઉપર નીચે આશરે હજાર મનુષ્યો માઇ શકે તેમ છે. પાઠશાળામાં દેસાયણ દિવાળી બાઇએ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામનો પાઠશાળાનો ઓરડો માળવાળો બંધાવ્યો છે. તેમાં જૈન બાળકોને જૈનધર્મશાસ્ત્ર ભણાવવાનો ઉદ્દેશ છે તથા તેમાં તેમના ગચ્છની શ્રાવિકાઓ પર્યુષણમાં પ્રતિક્રમણ કરે છે. પાઠશાળામાં એક બરકતી અટકવાલા શ્રાવકનો માળવાળો હોલ છે, તેમાં પરગામથી આવેલાં જૈન શ્રાવક શ્રાવિકાઓ ઉતરે છે. નેમચંદ બરકતી વીશાશ્રીમાળી શ્રાવક હતા. તે મૂળ વિજાપુરના અને દક્ષિણમાં કોલાપુર જીલ્લામાં એનાડી ગામમાં વ્યાપારાર્થે ગયા હતા, તેમના રૂપૈયાથી દોશી નથુભાઈ મંછાચંદે બરકતી હોલ બાંધ્યો. નેમચંદ બરકતીએ સં. ૧૯૪૪ માં વિજાપુરથી કેશરીયાજીનો સંઘ કહાડ્યો હતો. વીશા શ્રી૦ શા. ડુંગરજી ધનજીના પન્નરસે રૂપૈયા પાઠશાલામાં આગળના ઉપરના હોલમાં ખર્ચાયા છે. વિ. સં. ૧૯૬૩ લગભગમાં પાઠશાળાનું મકાન બાંધવામાં આવ્યું છે. તેની બે આગલી દુકાનો પાઠશાલાની છે. શ્રી ચિંતામણિ દેરાસરના ત્રસ્ટીઓ તથા વિદ્યાશાળાના વહીવટ કરનારાઓ તેનો વહીવટ કરે છે.

(૮) **જૈન મિત્રમંડળ**—પાઠશાળામાં વિ. સં. ૧૯૭૦ માં પન્યાસ અજિતસાગરગણિના ઉપદેશથી જૈનમિત્રમંડળની સ્થાપના થઈ છે. મિત્રમંડળમાં પોણોસો લગભગ મેંબરો છે. મિત્રમંડળના પ્રમુખ શેઠ પોપટલાલ કચરાભાઈ છે અને બારવ્રત ધારક શેઠ મોહનલાલ જેશીંગભાઈ સેક્રેટરી છે. મંડળ તરફથી વિ. સં. ૧૯૭૪-૭૫ સુધી જૈન બાળકોને મિત્રમંડળના હોલમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું હતું. મંડળના મેંબરો નવકારશી જમાડવામાં તથા ધાર્મિક પારમાર્થિક કાર્યોમાં સેવાધર્મી તરીકે કાર્ય કરે છે. મંડળના અંગે એક લાયબ્રેરી છે તથા મંડળની પાસે રૂા. ૧૪૦૦-૧૫૦૦ ચૌદશે પન્નરસે રૂપૈયાનું ફંડ છે. મંડળના સેક્રેટરી શા. મોહનલાલ જેશીંગભાઈ ઉત્તમ શ્રાવક હતા તે વિ. સં. ૧૯૮૦ માઘ સુદિ ચોથે દેવલોક પામ્યા. હાલ મંડળના સેક્રેટરી ભોગીલાલ અમથાલાલ છે.

(૯) **જૈનજ્ઞાનમંદિર**—જૈન વિદ્યાશાળાની પશ્ચિમ દિશાએ વિદ્યાશાળાની લગોલગ જૈનજ્ઞાનમંદિર વિ. સં. ૧૯૭૬ માં તૈયાર થયું છે. વિ. ૧૯૭૬ ના વૈશાખ શુદિ ત્રીજે વાસ્તુ કરવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતું. હાલ તેમાં વીશ કબાટ મૂકવામાં આવ્યાં છે. જ્ઞાનમંદિરમાં પ્રવેશતાં સહામે દક્ષિણ ભીંતપર મધ્યમાં આરસના પાટિયાપર નીચે પ્રમાણે લેખ કોતરવામાં આવ્યો છે.

तद्यथा—

ॐ अर्हंनमः नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः
श्री परमेश्वर महावीर जिनेश्वराय नमः

ॐ ज्ञानायनमः

शास्त्रविशारदयोगनिष्ठजैनाचार्यश्रीबुद्धिसागरसूरिमहारा-
जोपदेशतः स्थापितम्

विजापुरजैनज्ञानमन्दिरम्.

विक्रमसंवत् १९७४ आश्विनसुदि ५ पंचमीदिवसे ज्ञानमंदिरनुं खातमुहूर्त कर्युं सं. १९७६ ना वैशाखसुदि ५ पंचमीना दिने वासमुहूर्त थयुं. सं. १९७६ आश्विनसुदिपंचमीदिने पूर्ण थयुं. ज्ञानमन्दिर बन्धावतां रूपैया वीश हजार थया. ज्ञानमंदिरमां प्राचीन अर्वाचीन लेखित मुद्राङ्कित जैनधर्म संबंधी सर्व पुस्तकोनो तथा जैनेतरपुस्तकोनो संग्रह करवानो उद्देश छे. ज्ञानमंदिर बंधाववा जे गृहस्थोए रूपैया आप्या, कबाट, पुस्तको वगेरेमां रूपैया आप्या अने आपशे तेओने धन्यवाद पुण्यलाभ घटे छे अने घटशे. अत्र जैनगृह पांचसे छे. नव जैन देरासर, नव उपाश्रय, बे जैन धर्मशाळा, एक पांजरापोल आदि धर्मस्थान छे.

काव्य.

अर्हंनमः—विद्यापुरे प्रजाप्रेमी, संप्रति सर्वशक्तिमान् ॥
सयाजीरावभूपोऽस्ति, गुर्जरत्राप्रशासकः ॥१॥
यत्र चतुर्विधेसंघे, सर्वजातीयशिक्षणम् ॥
ऐक्यं श्रद्धा च सद्बोधः, सेवा तत्रोन्नति ध्रुवा ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

परस्परसहायेन, जैनानां यत्र वर्तनम् ॥
जैनानां देववद् भक्ति–स्तत्र संघोन्नतिर्भवेत् ॥३॥
विद्यापुरीयसंघस्य,–लक्ष्मीविद्याप्रकाशकम् ॥
सर्वशक्तिप्रदं श्रेष्ठं, जयतु ज्ञानमंदिरम् ॥४॥
ज्ञानानन्दप्रदं नृणां, धर्मशास्त्रनिकेतनम् ॥
शान्तितुष्टिकरं भव्यं, जयतु ज्ञानमन्दिरम् ॥५॥
विश्वखण्डेषु देशेषु, महीचंद्रार्कवत् सदा ॥
महावीरप्रभोः पूर्णं, जयताज्जैनशासनम् ॥६॥

लेखकः—**विजापुरजैनमहाजनसंघ.**

विक्रम सं. १९७७ मृगशीर्षशुक्लद्वितीया

ॐ अर्हं शान्तिः ३

ॐ अर्हं ज्ञानमन्दिरनाद्वारपरलखेललेख.

श्रीजैनज्ञानमन्दिरम्

ज्ञानक्रियाभ्यां मोक्षः ॥

पढमं नाणं तओ दया ॥

जयतु श्रीमहावीरः, परब्रह्मजिनेश्वरः ॥
अनंतशक्तिसंपूर्णो, ज्ञानानन्दमयः प्रभुः ॥ १ ॥
अनाद्यनन्तकालीनः, सर्वविश्वस्यशासकः ॥
ज्ञानानन्दमयः सत्यो, जैनधर्मः सनातनः ॥ २ ॥
नास्ति ज्ञानसमाशक्ति–र्नास्ति ज्ञानसमं धनम् ॥
नास्ति ज्ञानसमं मित्रं, नास्ति ज्ञानसमं सुखम् ॥ ३ ॥
पूर्णानन्दकरं श्रेष्ठं, ज्ञानं विश्वप्रकाशकम् ॥
नास्ति ज्ञानसमं सत्यं, पवित्रमिह भूतले ॥ ४ ॥
शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ॥
दोषाः प्रयान्तु नाशं–सर्वत्र सुखी भवन्तु लोकाः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનમંદિરમાં બાકીનું કામ કરતાં હાલમાં છવીશ હજાર રૂપીયાનો ખર્ચ થયો છે. જ્ઞાનમંદિરના બારણા પર માણસાવાળા શેઠ વીરચંદભાઈ કૃષ્ણાજીએ રૂપીયા પાંચ હજાર જ્ઞાનમંદિર બાંધવામાં આપ્યા છે, એમ મોટા લાલ અક્ષરથી લખવામાં આવ્યું છે. જ્ઞાનમંદિર કરાવવામાં જેઓએ ટીપમાં રૂપીયા ભર્યા છે તેઓનાં મુબારક નામો જ્ઞાનમંદિરમાં ટાંગેલા બે નકશાઓમાં લખવામાં આવ્યાં છે. તથા જે શ્રાવકોએ પોતાના નામથી કબાટોના માટે રૂપીયા બસે બસે આપ્યા છે, તેઓનાં નામો કબાટો પર લખવામાં આવ્યાં છે. જ્ઞાનમંદિરમાં વીશ કબાટ છે અને લખેલા તથા છાપેલા ગ્રન્થાકારે તથા ચોપડી આકારે ૪૭૦૦ લગભગ હાલ નાનાં મોટાં પુસ્તકો છે. અમારી તરફથી વિ. ૧૯૮૦ કાર્તિક પૂર્ણિમા સુધીમાં શ્રી બુદ્ધિસાગરપુસ્તકાલયમાં ૪૭૦૦ સુડતાલીસો પુસ્તકો મૂકયાં છે, તથા મુનિ વૃદ્ધિસાગરજી તથા કીર્તિસાગરજીએ પોતાનાં સ્વાયત્ત પુસ્તક મૂકયાં છે. વિદ્યાશાળામાં સંઘનો જ્ઞાનભંડાર છે તેમાં લખેલાં તથા છાપેલાં પુસ્તકો સત્તરસે ૧૭૦૦ આશરે છે. જ્ઞાનમંદિરમાં બે ભોંયરાં છે. એક ભોંયરામાં દશ માણસો બેસી શકે છે અને બીજા મોટા ભોંયરામાં પન્નર માણસો બેસી શકે તેમ છે. બીજા માળમાં કબાટો હજી ગોઠવવામાં આવ્યાં નથી. બીજા માળપર દશ બાર કબાટો રહી શકે તેમ છે. ત્રીજા માળે અગાશી છે તે પર ચઢીને દેખતાં આખું ગામ તથા વનનાં ખેતરોનો દેખાવ નજરે પડે છે. જ્ઞાનમંદિરની ત્રણ બાજુએ કોટ છે અને વચમાં લાદી પાથરેલી છે. પડાળીઓ અને ઓરડીઓ ભવિષ્યમાં ઉતરી શકે તેમ છે. જ્ઞાનમંદિરમાં મોટું મેજ છે અને મેજની ચારે તરફ બાંકડા છે તેથી ભવિષ્યમાં વાચકોને સારી સગવડ મળી શકે તેવી વ્યવસ્થા થશે. જ્ઞાનમંદિરની દક્ષિણ તથા પશ્ચિમ દિશાએ મુસલમાનોનાં ઘરો છે. ઉત્તર દિશાએ શ્રાવકોની ખડકી છે અને ઉગમણી દિશાએ વિદ્યાશાળા છે. અમોએ મેસાણાથી સં. ૧૯૭૪ ના જેઠ સુદિ એકમે મેસાણામાં શ્રી સુખસાગરલાયબ્રેરીની સ્થાપના કરીને ખેરવા તરફ વિહાર કર્યો. ત્યાંથી વિ. સં. ૧૯૭૪ નું ચોમાસું વિજાપુરમાં કરવા માટે વિહાર કર્યો. સંઘની આગળ જ્ઞાનમંદિરનો ઉપદેશ દીધો. ફંડ કરવામાં આવ્યું. શેઠ લલ્લુભાઈ કરમચંદ તથા માણસાવાળા શા વીરચંદ કૃષ્ણાજી, પાદરાવાળા વકીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા મોહનલાલ હિમચંદ તથા શા વાડીલાલ હરિચંદ, શેઠ ભીખાભાઈ લલ્લુભાઇ, શેઠ કાલીદાસ મંછારામ, શેઠ મોહનલાલ જેશીંગ, શેઠ કચરાભાઈ ધહેલાભાઇ, શેઠ ખેચરદાસ પુરૂષોતમ, શેઠ ભીખાભાઈ કાલીદાસ, શેઠ મોહનલાલ જેઠાભાઇ વગેરે મળી સંઘ ભેગો કરી શેઠ જેઠાભાઇ અવચળની જગ્યામાં જ્ઞાનમંદિર બાંધવાનો ઠરાવ કર્યો. શા વાડીલાલ હરિચંદ પાડેચિયા તથા શેઠ મોહનલાલ જેશીંગ એ બેને આગેવાન નીમ્યા. બે વર્ષમાં જ્ઞાનમંદિર પૂર્ણ થયું. જ્ઞાનમંદિરની અનેક જૈન શેઠીયાઓએ મુલાકાત લીધી છે. શેઠ મણિભાઈ દલપતભાઇ, શેઠ જગાભાઇ દલપતભાઇ, શેઠ જીવણચંદ ધરમચંદ વગેરે તથા વડોદરા રાજ્યના દિવાન શ્રીયુત મનુભાઈ તથા સુબા નિબાલકર તથા સરસુબા ગોવિંદજીભાઇ હાથીભાઇ તથા સુબા રામલાલભાઇ તથા નાયક સુબા ગોખલે વગેરે અનેક રાજ્ય સત્તાધિકારીઓએ મુલાકાત લેઇને જ્ઞાનમંદિરની ઝાહોજલાલી થવા માટે સદીચ્છા દર્શાવી છે.

જ્ઞાનમંદિરમાં દશ પંદર હજાર ઉપયોગી પુસ્તકો ભેગાં થાય અને તેનો સંગ્રહ વિજાપુર વગેરે આજુબાજુના ગામો વગેરેને ઉપયોગી થઇ પડે અને જૈનેતરો પણ તેનો લાભ પામી શકે તે માટે રૂપૈયા પચીશપચાશહજારનું ફંડ એકઠું થાય તો તેમાંથી પુસ્તકો વગેરે ખરીદાય અને નોકરો રાખી અન્યોને વાંચનનો લાભ આપી શકાય અને યોગ્ય વ્યવસ્થા માટે કમિટી નીમી કાયદાપૂર્વક સર્વ લોકોને લાભ મળે એવી રીતે જ્ઞાનમંદિર ખુલ્લું મૂકી શકાય. જૈનોનાં છપાતાં સર્વ પુસ્તકોની એકેક નકલ જ્ઞાનમંદિરમાં રાખવામાં આવે છે તે ભવિષ્યની પ્રજાને ઘણી ઉપયોગી થઇ પડશે. હાલમાં છપાતાં કેટલાંક પુસ્તકો દશબાર–પચીશ વર્ષ પછી મળી શકતાં નથી તો પછીથી તો ક્યાંથી મળી શકે, માટે જ્ઞાનમંદિરમાં સર્વ ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ કરવાનો ઉદ્દેશ રાખેલો છે. જેનો ચતુર્વિધ જૈન સંઘ લાભ મેળવી શકે અને જૈનેતરોનાં પુસ્તકોનો પણ વાંચન લાભ મેળવી શકે એજ મુખ્ય ઉદ્દેશ ભવિષ્યનો જૈનસંઘ સંરક્ષી પ્રવર્તે એમ શાસનદેવોને પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનમંદિરના સ્થાને પૂર્વે શા જેઠાભાઇ અવચળનું મોટુ ડહેલું હતું. જેઠાભાઇ અવચળ લાખો રૂપીયાના માલીક હતા. તે મોટા અફીણના વેપારી તથા શરાફ હતા. તેમના ડહેલામાં દરરોજ સેંકડો વેપારીઓની ઠઠ જામતી હતી. તેમને ત્યાં હાથી બંધાતા હતા એમ કહેવાય છે. તે દાતાર તથા દયાળુ જૈનધર્મી વીશાશ્રીમાલી શ્રાવક હતા. અઢાર લાખ રૂપીયાની આસામી અને ગાયકવાડી રાજ્યમાં માન્ય એવા શેઠ બહેચર સીરચંદ એક વખત તેમના ગુમાસ્તા હતા, જેઠાભાઇ અવચળે, હજારો ગરીબોને સહાય કરી હતી. હજારો ગરીબજનોની, પશુપંખીઓની રક્ષા કરી હતી. નિરાશ્રિતોને સહાય કરનારા હતા. તેમના કુટુંબમાં મગનલાલ બહેચર તથા લીલાચંદ વિગેરે છે. હાલ તેમના સ્થાનમાં જ્ઞાનમંદિર શોભી રહ્યું છે.

(૧૦) **ચિંતામણિ પાર્શ્વનાથ-દેરાસરની પેઢી**-વિ. સં ૧૯૫૦ માં ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરની પેઢીની સ્થાપના થઇ પેઢીના સ્થાપક મુખ્ય આગેવાન દોશી નથુભાઇ મંચ્છાચંદ હતા. વિ. ૧૮૬૦-૭૦ લગભગથી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરના વહીવટ કરનાર વિશાશ્રીમાલી શેઠ હાથીભાઇ રામચંદ હતા. તે અફીણના વેપારી લક્ષાધિપતિ હતા. સર્વત્ર તેમની આબરૂ પ્રતિષ્ઠા સારી હતી. તેમનું મરણ વિ ૧૮૯૫ લગભગમાં થયું. તેમની પાછળ તત્પુત્ર શેઠ ઉમેદ હાથીએ દેરાસરનો વહીવટ કર્યો. શેઠ ઉમેદ હાથી વિ. ૧૯૩૦ લગભગમાં મરણ પામ્યા. તેમની પાછળ તેમના પુત્ર મૂલચંદભાઇએ દેરાસરનો વહીવટ કરવા માંડયો. અફીણનો વ્યાપાર બંધ પડવાથી તે નિર્ધનદશામાં આવી પડયા અને તેમણે ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની આંગી મુકુટ ગળાવવા માંડયો અને તે પકડાયો. તેથી તુર્ત દોશી નથુભાઇ મંછારામે સંઘ ભેગો કરી દેરાસરનો વહીવટ સંભાળ્યો. ત્રણ આના મૂલચંદના વહીવટમાં બાકી રહેલા નીકળ્યા. નથુભાઇએ સંઘની સલાહ પૂર્વક દેરાસરની માલીવાડાના ચોટામાં કાપડ બજારમાં પેઢી સ્થાપી અને ત્રસ્તીઓ-મેંબરો નીમ્યા. બાવીશ વર્ષના વહીવટમાં તો દેરાસરની પેઢી સારી સ્થિતિમાં આવી. ચિંતામણિ દેરાસરની પેઢીમાં પદ્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વતી દેરાસરનો વહીવટ તથા શ્રી વાસુપૂજ્યના દેરાસરનો વહીવટ તથા શ્રી કુંથુનાથના દેરાસરનો વહીવટ ભેળવ્યો અને વિ. સં. ૧૯૭૮ માં શ્રી શાંતિનાથના દેરાસરનો વહીવટ ભેળવવામાં આવ્યો. શ્રા શાંતિનાથના દેરાસરનો વહીવટ શેઠ છગનલાલ બેચર અને શેઠ પુરૂષોત્તમ ઝવેર બે તરફથી કરવામાં આવતો હતો, તે વહીવટને પણ શેઠ છગનલાલના મરણ પછી પેઢીમાં સોંપવામાં આવ્યો. શેઠ નથુભાઇ મંછારામના મરણ પછી હાલ પેઢીનો વહીવટ કરનાર શેઠ બેચરદાસ પુરૂષોત્તમ, શેઠ વાડીલાલ હરિચંદ, શેઠ ભીખાભાઈ લલ્લુ ભાઇ, શેઠ દલસુખ મોતીચંદ, શેઠ કેવલભાઇ જેઠાભાઇ મુંડા, શેઠ વાડીલાલ વનમાલી, શેઠ કાલીદાસ ભગુભાઈ, વકીલ હીરાલાલ લલ્લુભાઇ વિગેરે છે. શેઠ નથુભાઇ મંછાચંદ શેઠ મગનલાલ કંકુચંદ શેઠ દલસુખભાઈ દયાલ તથા કાલીદાસ મંછારામના ઠેકાણે અન્ય ટ્રસ્ટીઓ નીમવાની જરૂર છે.

(૧૧) **અણસુર ગચ્છનો ઉપાશ્રય**—શેઠ બહેચરદાસ શીરચંદે વિ. સં. ૧૮૬૦–૭૦ લગભગમાં **શ્રી અણસુરગચ્છનો** ઉપાશ્રય પોતાની લક્ષ્મીના વ્યયથી કરાવ્યો (વિ. સં. ૧૬૭૨માં તપાગચ્છની ગાદીપર શ્રી વિજયદેવસૂરિ હતા. તેમની સાથે શ્રી વિજયસેનસૂરિનો વિચાર–મત થવાથી **શ્રી** વિજયસેનસૂરિએ ખંભાતમાં દેહોત્સર્ગ સમય પૂર્વે આઠ ઉપાધ્યાયોને બીજા આચાર્ય સ્થાપવા આજ્ઞા કરી. તેથી આઠ ઉપાધ્યાય વગેરે ચતુર્વિધ સંઘે શ્રી વિજયઆનંદસૂરિ નામના આચાર્ય સ્થાપ્યા. તેથી તપાગચ્છના સંઘમાં બે આચાર્યો થવાથી તપાગચ્છીય જૈનસંઘ, બે ભાગમાં વહેંચાઇ ગયો. શ્રીવિજયદેવસૂરિના પક્ષમાં જે સંઘ–ગચ્છ આવ્યો તે શ્રીવિજયદેવસૂરિ (દેવસૂર) ગચ્છના નામે પ્રસિદ્ધ થયો અને જે સંઘ, ગચ્છ, શ્રીઆનંદસૂરિના પક્ષમાં આવ્યો તે વિજયઆનંદસૂરિ (અણસુર) નામથી ગચ્છ પ્રસિદ્ધ થયો. અમદાવાદ, પાટણ, મેસાણા, સુરત, વડોદરા વગેરે ગામોમાં દેવસૂરિ ગચ્છ અને આનંદસૂરિ ગચ્છ નામના ઉપાશ્રયો બંધાયા. દેવસૂરિગચ્છના સાધુઓ દેવસૂરિ ગચ્છ ના ઉપાશ્રયમાં ઉતરવા લાગ્યા અને દેવસૂરિ ગચ્છના શ્રાવકો પોતા ના ગચ્છના ઉપાશ્રયમાં ધર્મક્રિયા કરવા લાગ્યા. તથા પોતાના ગચ્છ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના નામથી પાખી કરી જમવા લાગ્યા. બંને પક્ષમાં પોત પોતાના પક્ષમાં શ્રાવકોને લેવાની ખેંચતાણ થઈ. દેવસૂરિગચ્છ અને આનંદસૂરિ ગચ્છના શ્રાવકો જૂદી પાખી કરી જમવા લાગ્યા. હાલ પર્યુષણમાં વિજાપુરમાં વડીપોશાલ, લહુડીપોશાલ, દેવસૂરિ અને આણંદસૂરિ ગચ્છના શ્રાવકો પર્યુષણમાં જૂદી જૂદી પાખીઓ કરી જમે છે, પણ તે ચારે ગચ્છની ખેંચતાણ હાલ નથી, પણ ગચ્છના નામે ખેંચતાણ કરી ગાડરિયા પ્રવાહે શ્રાવકો વર્તે છે.

અણસુર ગચ્છના ઉપાશ્રયમાં શ્રી ચંદ્રપ્રભુની નાની દેરી હતી. ચંદ્રપ્રભુની પ્રતિમાને સં. ૧૯૪૦ લગભગમાં શ્રી શાંતિનાથના દેરાસરમાં પધરાવી છે અણસુરગચ્છમાં હાલ કોઈ યતિ તથા શ્રીપૂજ્ય નથી. વિ. સં. ૧૯૨૫ લગભગથી શ્રીઆનંદસૂરિના ઉપાશ્રયમાં શ્રાવિકાઓ પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાઓને કરે છે. વિ. સં. ૧૯૫૭ માં શેઠ વાડીલાલ હરિચંદે અણસૂરગચ્છના ઉપાશ્રયને ફંડના પાંચ હજાર રૂપીયા ખર્ચીને સુધરાવ્યો, તેમાં હાલ સાધ્વીઓ ઉતરે છે. અણસુરગચ્છના શ્રાવક અને શ્રાવિકા નામના બે ઉપાશ્રય છે. તેની પાસે મા લીવાડો છે. બારે માસ સાધ્વીઓ ત્યાં ઉતરે છે. આનંદસૂરિ ગચ્છના ઉપાશ્રયમાં વિ. સં. ૧૯૧૦ સુધી શ્રી તીર્થવિજયનામના ચમત્કારી પંડિત યતિ રહેતા હતા. તેમના ચમત્કારની અનેક વાર્તાઓ ચાલે છે. તેમના ઉપાશ્રયનું કેટલુંક પુસ્તક પાછળથી વિદ્યાશાળામાં આવ્યું છે. ત્રણસેં ચારસેં મનુષ્યો માય એટલો મોટો ઉપાશ્રય છે. તેના આગળના ભાગમાં મેડી છે; તેમજ ઉપાશ્રયની આગળ ચોક અને લીંબડાનું વૃક્ષ છે. પાછળ વહોરાઓની વસતિ છે. અણસૂરગચ્છના બન્ને ઉપાશ્રય, એક લાઇનમાં પાસે છે. તેમાં શ્રાવિકાઓ પૌષધ વગેરે કરણી બંને ઉપાશ્રયમાં કરે છે.

(૧૨) શ્રી દેવસૂરિગચ્છનો ઉપાશ્રય—શ્રી મહાવીર પ્રભુના દેરાસરની પાસે શ્રાવક અને શ્રાવિકાના બે ઉપાશ્રય લગોલગ આવેલા છે; દેવસૂરિ ગચ્છના બે ઉપાશ્રયનું બારણું આથમણી દિશાએ છે, (શ્રી દેવસૂરિ ગચ્છના ઉપાશ્રયની ઉગમણી દિશાએ પૂર્વે અણસૂર ગચ્છનો ઉપાશ્રય હતો. એમ દેવસૂર ગચ્છના ઉપાશ્રયના ખતથી જણાય છે.) દેશાઈ વજેસિંહ (વિજયસિંહ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરચંદની પત્ની એક વખત લહુડી પોશાળના ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા ગયાં હતાં અને મોડાં આવ્યાં હતાં; છતાં આગળ બેસવા ગયાં. તેથી એક શ્રાવિકાએ પરસ્પર બોલતાં મહેણું માર્યું કે એવાં મોટાં છો તો પોતાનો ઉપાશ્રય કરાવો. તેથી દેશાઇ વજેસિંગે વિ. સં. ૧૭૨૦ માં દેવસૂરિગચ્છના પુરૂષ તથા સ્ત્રી વર્ગ એમ બેના બે ઉપાશ્રય કરાવ્યા અને વિજયદેવસૂરિનામનો વિજાપુરમાં ગચ્છ સ્થાપન કરવામાં આગેવાનીભર્યો ભાગ લીધો. તે પૂર્વે ત્યાંજ અણસૂરગચ્છનો ઉપાશ્રય બંધાઈ ગયો હતો. વિજયદેવસૂરિ ગચ્છના ઉપાશ્રયમાં વિજયદેવસૂરિ ગચ્છના આચાર્યો તથા યતિયો ઉતરવા લાગ્યા. શ્રી વિજયદેવસૂરિની પાટે શ્રી વિજયસેનસૂરિ થયા. તેમની પાટે શ્રી વિજયપ્રભસૂરિ થયા. પરંપરાએ તેમની પાટે શ્રી મુનિચંદ્રસૂરિ હતા તેઓ બે ત્રણ વર્ષ પૂર્વે સ્વર્ગગત થવાથી હાલ તેમનીપાટે કમળચંદ્રસૂરિ છે, પણ તેમના છતાં આચાર્યને પાટે લેવા હાલ તપાગચ્છના યતિયો પ્રવૃત્તિ કરે છે અને એક બાળકને લેવા નક્કી વિચાર કર્યો છે.

દેશાઇ વજેસિંગની વંશાવલી નીચે મુજબ છે.—

વિજાપુરનો જીર્ણોદ્ધારકારક રાજા વિજલદેવ પરમારની સાથે ઈડરથી દેશાઇ કોકાશા આવ્યા. વિજલદેવ પરમારના મંત્રી કોકાશા દેશાઇ હતા, તેમના વંશમાં દેશાઇ રાયમલ્લ થયા. રાયમલ્લ દેશાઇના પુત્ર ટોકર થયા, ટોકર દેશાઇના પુત્ર સોમજી થયા, સોમજીના પુત્ર દેશાઇ વીરચંદ થયા, દેશાઇ વીરચંદના પુત્ર વજેસિંગ (વિજયસિંહ) થયા, દેશાઇ વજેસિંગના પુત્ર દેશાઇ વાછડા થયા, દેશાઇ વાછડાના પુત્ર અમરચંદ થયા, દેશાઇ અમરચંદના પુત્ર દેશાઇ રંગજી થયા. દેશાઇ રંગજીના પુત્ર જોઇતારામ થયા, દેશાઇ જોઇતારામના પુત્ર દેશાઇ પિત્તાંબર થયા, દેશાઇ પિત્તાંબરના પુત્ર નથુભાઇ તથા કાલીદાસ થયા, નથુભાઇના પુત્ર ડાહ્યાભાઇ અને તત્પુત્ર અમૃતલાલ તથા ચંદ્રકાંત છે. દેશાઇ કાલીદાસના બાપાલાલ, પોપટ વગેરે પુત્ર છે. દેવસૂરિગચ્છ ઉપાશ્રય પૂર્વે દેશાઇ હાથી જોઇતારામ જાળવતા હતા. પછીથી દેશાઇ મગનલાલ પુરશોતમ જાળવતા હતા–વહીવટ કરતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછીથી દેશાઇ નથુભાઇ પિતાંબર વહીવટ કરવા લાગ્યા. પશ્ચાત્ વિ. સં. ૧૯૭૦ માં તેમને અને દેવસૂરિ ગચ્છના શ્રાવકોને માલિકીપણા માટે તકરાર ચાલી અને સરકારમાં કેશ ચાલ્યો. છેવટે વિ. સં. ૧૯૭૭ માં અમારા ઉપદેશથી દેશાઇ અને ગચ્છના શ્રાવકો વચ્ચે સમાધાન થયું અને ગચ્છના શ્રાવકોને વહીવટ કરવા ઉપાશ્રય સોંપવામાં આવ્યો. વિજયદેવસૂરિ ગચ્છ તરફથી હાલ શેઠ લલ્લુભાઇ કાલીદાસ, શેઠ બહેચરદાસ પુરૂષોત્તમ, શેઠ વાડીલાલ જોઇતારામ તથા શેઠ મણિલાલ ચુનીલાલ વગેરેની કમિટી તરફથી વહીવટ થાય છે. હાલ ઉપાશ્રયને સુધારવામાં આવ્યો છે. તેમાં આંબીલની ઓળી જમે છે, તથા દેવસૂરિગચ્છની પાખી તથા નવકારશી નાતો વગેરે જમણ થાય છે. દેશાઇના કુટુંબને બાદશાહ તરફથી નીચે પ્રમાણે સનંદ મળી હતી.



વિજાપુરના દેશાઇ પિતાંબરદાસ જોઇતાના ઘરડાઓને ઔરંગજેબ બાદશાહે આપેલી સનંદ જે ફારસી ભાષામાં લખા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચેલી છે તેનો તરજુમો નીચે પ્રમાણે ગુજરાતી ભાષામાં આપવામાં આવે છે.

" જ્યારે મોટી પાક અરજમાં પહોંચ્યું કે–મોટા ફરમાનથી શીર જૂકાવા જેવું તે મુજબ દેશાઈગીરીની ખીજમત મહાલ વિજાપુર કદીમ મળેલો એકસો બેગામ. તેમાંથી હાલ ગામ દશ મજકુર પરગણાથી રસુલ નગર ઉર્ફે વીસલનગરના પરગણામાં દાખલ, બાકી માહાલ મજકુરના તાબામાં ૯૨ ગામ, તમામ દામ, ૧૩૧, ૩૬, ૫૬૫, દામ પરગણા સુદ્ધાંત હજુર ખીલાફલ વ જહાંબાનીનાં રૂબરૂથી વહાલચંદ તથા વીરચંદ જ્ઞાતે ઓશવાળ નામથી લખ્યા પ્રમાણે મુકરર થાય કે ખીજમત મજકુરની રસમો તથા લવાજમોથી સારી રીતે બજાવે કે હાકેમો તથા જાગીરદાર તથા દિવાની કામના મુત્સદ્દીઓ તથા બાદશાહી મામલા ચલાવનાર વગેરે આમ તથા ખાસથી મહાલ મજકુરના રહેનારા તથા પરગણા મજકુરના રહેવાશીઓ હાલના તથા આવનારાઓએ તેમને તે જગાના દેશાઈ બીજાના સઈઆરા વિના મજબુત મુકરર જાણી સખતિનો હાથ પાછો રાખવો તથા દેશાઈગીરીની દસ્તુર.....ના વખતમાં પાક હુકમ પ્રમાણે રાજા ટોડરમલે પ્રત સોએ માલવા જબ રૂ. ૨–૮–૦ અઢી રૈયત ઉપર મુકરર.....આજમ મીરજા અઝીજ કોકલ તોરાના સુબેદારીના દિવસોમાં અડધો દસ્તુર જમ કર્યું ને અડધો બહાલ રાખ્યો તે મધ્યેથી બીજો અડધો દસ્તુર જમ કર્યું રૂ. ૦–૧૦–૯ પેશ કશીને રીતે સરકારી ખજાનામાં દાખલ કરવું ને બાકીના દશ આના દેશાઇઓને માફ ને દસ્તુર ઉપજ મહાલથી ને પ્રગણા મજકુરથી તેમના ખર્ચમાં ફરજંદો તથા કુટુંબ સુદ્ધાંત વંશપરંપરા છોડવું ને અસલ તથા મુતલબ ફેરબદલીનો રસ્તો નહીં આપવો તથા તમામ રીતો તથા હરકતો બાદશાહી કુલ માગણું તથા દિવાની ઈલ્મોએ માફ તથા બંધ જાણવી તથા હરવરસ નવી સનંદ ન માગવી અગર બીજાને ત્યાં રાખ્યો હોય તો તેનો ઈતબાર ન કરવો. તા. ૧૧ રબીઉલ આખર વરસ ચોથો જલુસવાલાએ લખ્યું. "

આ સનંદથી દેશાઈના પૂર્વજોની ચડતીનો ખ્યાલ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૮૫૫ માં દેશાઈ રંગજી અમરચંદે સિદ્ધાચલ યાત્રાનો સંઘ કહાડ્યો હતો અને સિદ્ધાચલમાં આત્મ ભાવનામાં સ્થિર રહી તેમણે દેહનો ત્યાગ કર્યો હતો. દેશાઈ પુરૂષોત્તમ જેઇતાદાસે ધાર્મિક પ્રકરણોનો સારો અભ્યાસ કર્યો હતો. સ્વહસ્તે ધર્મગ્રન્થોને લખ્યા છે તે અમે દેખ્યા છે. વિજલદેવ પરમાર રાણાથી આરંભી ગુજરાતના તથા દિલ્લીના બાદશાહો અને મરાઠા રાજ્યમાં પણ વિજાપુર તાલુકાની દેશાઈગીરી તેમના વંશને કરતા હતા. વિ. સં. ૧૮૫૫ માં રંગજી અમરચંદ ગુજરી ગયા પછી જેઇતારામ છ વર્ષના હતા, ત્યારથી સનંદ પ્રમાણેનું તેમનું વતન બંધ પડયું. પશ્ચાત્ હળવે હળવે વર્ષોવર્ષ હક્કો નાબુદ થતા ગયા. તેવી રીતે દેશાઇ અમુલેખ જમનાદાસને સંવત્ ૧૯૧૯ માં શ્રીમંત બંડેરાવ મહારાજાએ છત્રી મસાલના માન માટે અને વતન માટે રકમ રૂ. ૨૩૬ આપવા દરસાલ હુકમ કર્યો હતો અને તે પ્રમાણે તેમના સંવત ૧૯૨૨ ની સાલમાં મરણ થયા પછી દેશાઈ દુર્લભરામ જમનાદાસ તથા મોહનલાલ જમનાદાસને સંવત્ ૧૯૨૪ સુધી તે વતન મળ્યું. પશ્ચાત્ વતન આશરે સંવત્ ૧૯૩૭ સુધી જપ્તીમાં રહ્યું અને તે પછી કુટુંબના માણસોએ દરકાર નહીં કરવાથી બંધ થયું. દેશાઈ અમુલખદાસ સરકારના કામકાજમાં ઉપયોગી હતા. ઉપરાંત દેશાઈ વસ્તાદાસ પરમજીના વખતનું ઉતરી આવેલું વતન હાલના તેમના વંશને દેશાઇ છગનલાલ મોહનલાલ તથા દેશાઇ ચકુભાઈ દુર્લભદાસ વિગેરેને મળે છે.

(૧૩) **શેઠ છગનલાલ બહેચરનું ડહેલું**—હાલમાં અમદાવાદવાળા લસણિયા બડકવાળા શેઠ **વાડીલાલ વખતચંદની જૈનધર્મશાળા**—શ્રી દેવસૂરિગચ્છની લગોલગ ઉત્તરદિશાએ ડહેલું હતું તેને અમદાવાદવાળા શેઠ વાડીલાલ વખતચંદે વેચાતું લીધું છે અને જૈન ધર્મીભાઈઓને ઉતારો કરવા વગેરે ધર્મકાર્યમાં ખપમાં આવે તે માટે રાખ્યું છે. સો માણસો માઇ શકે તેટલું મોટું છે. પહેલાં તેમાં શેઠ છગનલાલ બહેચર તથા શેઠ મોહનલાલ વખતચંદ બેસતા હતા. શેઠ છગનલાલના મરણ પછી હાલમાં તે વેચી દેવામાં આવ્યું છે. શ્રી મહાવીર પ્રભુના દેરાસરની ઉગમણે લગોલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યું છે, તેથી ભવિષ્યમાં દેરાસર સંબંધી ધર્મકાર્યના બદલામાં પણ આવી શકે. અમદાવાદવાળા શેઠ તરફથી દોશી લલ્લુભાઈ કાલીદાસ હાલ તેનો વહીવટ કરે છે. હાલ તેનો જીર્ણોદ્ધાર કરીને તેપર પતરાં નાંખવામાં આવ્યાં છે. તે મકાનને કોઈ ધાર્મિક કાર્યમાં નિયત કરી તેની વ્યવસ્થા કરવાની જરૂર છે.

(૧૪) **શ્રી ભગવાન્‌વિજયજીનો બંગલો**—શ્રી દેવસૂરિ ગચ્છના ઉપાશ્રયમાં વિ. સં. ૧૯૦૫ સુધીમાં વિદ્યમાન શ્રી ભગવાન્ વિજયજી મહાપંડિત હતા. તે શ્રી નેમિસાગરજી મહારાજ ઉપર પણ અત્યંતધર્મપ્રેમ ધારણ કરતા હતા અને શ્રી નેમિસાગરજીને સંવેગી-સાધુ શિરોમણિ તથા શાગર શાખામાં ક્રિયોદ્ધારક ઉત્તમ મુનિતરીકે માનતા હતા. ભગવાન્ વિજયજી યતિ હતા. તેમને રહેવા માટે દેવસૂરિ ગચ્છના શ્રાવકોએ એક ઉપાશ્રયની જગ્યા બંધાવી આપી હતી, તેને ભગવાન્ વિજયજીનો બંગલો કહેવામાં આવે છે. ભગવાન્ વિજયજીના સમકાલીન શ્રી અણસૂર ગચ્છના ઉપાશ્રયમાં પંડિત તીર્થવિજયજી વિદ્યમાન હતા. ભગવાન્ વિજયજીના નામના બંગલાનો વહીવટ હાલ તપાગચ્છના શ્રીપૂજ્ય કરે છે અને શ્રાવકોની મેદરકારીથી હાલ તે શ્રીપૂજ્યના તાબામાં છે. તે જૈન ધર્મનો ઉપાશ્રય છે, તેનો આસ્રવ કાર્યોથી દુરૂપયોગ ન થાય તે માટે ગચ્છવાળાએ લક્ષ્ય રાખવું અને ધર્મ વિના સાંસારિક કાર્યોમાં વપરાય એવી રીતે તે ન વેચાય તે સંબંધી સાવધાન રહેવું.

(૧૫) **શ્રી લઘુપૌષધશાલા (લહુડી ગચ્છની પૌષધશાલા.)**

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર ભાટવાડામાં રામજી મંદિર પાસે છે, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરથી એક વિઘા પ્રમાણમાં દક્ષિણ તરફ રાજમાર્ગ સન્મુખ દ્વારવાળો શ્રી લઘુ પૌષધશાલા ઉપાશ્રય છે. લઘુપૌષધશાળા અને વડી પૌષધશાલા થવાનું કારણ નીચે પ્રમાણે છે.

શ્રી મહાવીર પરમેશ્વરની પટ્ટ પરંપરાએ ચાલીશમી પાટે શ્રી મુનિચંદ્રસૂરિ થયા. તેમની એકતાલીસમી પાટે શ્રી અજિતદેવસૂરિ થયા. તેમના વખતમાં વિ. સં. ૧૨૦૪ માં ખરતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગચ્છની ઉત્પત્તિ થઈ. વિ. સં. ૧૨૫૦ માં **આગમિયા** ગચ્છની ઉત્પત્તિ થઈ.–શ્રી વીરથકી–૧૬૯૨ મા વર્ષે બાહડે **શત્રુંજય**નો **ઉદ્ધાર** કર્યો. બેંતાલીસમી પાટે શ્રી **વિજયસિંહસૂરિ** થયા. જેમના પ્રથમ શિષ્ય **સોમપ્રભસૂરિ** કે જે એક શ્લોકના શત અર્થ કરવામાં પ્રસિદ્ધ થયા હતા. બીજા **મણિરત્નસૂરિ** હતા. **શ્રી વિજયસિંહસૂરિ**ની પાટે તેંતાલીસમા પટ્ટપર **સોમપ્રભસૂરિ** અને **મણિરત્નસૂરિ** થયા. **ચૌમાલીસમી**પાટે શ્રી **જગચ્ચંદ્રસૂરિ** થયા. જેમણે શિથિલ મુનિયોનો સમુદાય દેખીને જેણે **ચૈત્રગચ્છીય** દેવભદ્રસૂરિ ઉપાધ્યાયની **સહાય** ગ્રહીને **શ્રી ગુજરાત વિજાપુરમાં ક્રિયોદ્ધાર કર્યો** અને **ચિત્તોડના** રાણાએ જેને **હીરલાજગચ્ચંદ્રસૂરિ** એવું બિરૂદ આપ્યું. તેમણે **ઉદેપુર**ની પાસે આવેલા **આઘાટપુર**માં **બત્રીશ દિગંબરી આચાર્યો**ને વાદમાં જીત્યા, તેમણે **જાવજીવ આંબિલ તપ** કર્યો, અને બારમા વર્ષે **તપા** એવું **ચિત્તોડ**ના રાણાએ બિરૂદ આપ્યું–(વિ. સં. ૧૨૮૫ માં) તેથી **ત્યાંથી તપાગચ્છ પ્રસિદ્ધ થયો.** ૧ **નિર્ગ્રન્થ**, ૨ **કોટિ**, ૩ **ચંદ્ર** ૪ **વનવાસી**, ૫ **વડગચ્છ** અથવા **બૃહદ્ગચ્છ** અને ૬ **તપા** એ છ નામપ્રસિદ્ધ થયાં. તે ક્રમ વડે ૧ શ્રી**સુધર્માસ્વામી**, ૨ **સુસ્થિત**, ૩ **ચંદ્ર** ૪ **શ્રી સામંતભદ્ર** ૫ **શ્રી સર્વદેવ** ૬ શ્રી **જગચ્ચંદ્ર** એ છથી છ બિરૂદો પ્રસિદ્ધ થયાં. શ્રી **જગચ્ચંદ્રસૂરિ** પછી **પિસ્તાલીશમી પાટે** શ્રી **દેવેન્દ્રસૂરિ** થયા. **માલવાદેશ**માં ઉજ્જયિની નગરીમાં શ્રી **જિનચંદ્ર** શેઠના પુત્ર **વીરધવલ** હતા. વીરધવલનો **લગ્ન** મહોત્સવ હતો. તેમને આચાર્યે ઉપદેશ દીધો અને વિ. સં. ૧૩૦૨ માં **દીક્ષા** આપી. તેમના ભાઇને પણ પ્રતિબોધી **દીક્ષા** આપી. શ્રી **દેવેન્દ્રસૂરિ** ગુજરાતમાં આવ્યા. પ્રથમ **ખંભાત**માં શ્રી **વિજયચંદ્રસૂરિ** રહેતા હતા, તે પૂર્વે શ્રી **વસ્તુપાલ** મંત્રીના **ખાનગી કારભારી** હતા. તેમણે દીક્ષા અંગીકાર કરી અને તે બહુ શ્રુતપંડિત થયા. શ્રી **જગચ્ચંદ્રસૂરિ**એ **દેવભદ્ર** ઉપાધ્યાયના અનુરોધથી દેવેન્દ્રસૂરિના સહાયક થશે એમ જાણી સૂરિ પદવી આપી. બહુ કાલ પર્યંત **શ્રી** દેવેન્દ્રસૂરિ પર વિનયી રહ્યા. માલવ દેશથી શ્રી દેવેન્દ્રસૂરિ ખંભાતમાં આવ્યા પણ તેમને વાંદવા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન આવ્યા. શ્રી વિજયચંદ્રસૂરિએ અગિયાર આચાર બાબતમાં મતભેદ જાહેર કર્યો. તે વિસ્તાર ભયથી અત્રે લખવામાં આવ્યો નથી. બાર વર્ષ સુધી તે ખંભાતમાં રહ્યા. તેથી દેવેન્દ્રસૂરિ જૂદા ઉતર્યા.

પટ્ટાવલ્યાં–

શ્રી દેવેન્દ્રસૂરયસ્તુ પૂર્વમનેકસંવિગ્નસાધુપરિકરિતા ઉપાશ્રય એવસ્થિતવંતઃ લોકૈસ્તુ વૃદ્ધશાલાયાં સ્થિતત્વાત્ શ્રી વિજયચંદ્રસમુદાયસ્ય વૃદ્ધશાલિક વૃદ્ધપૌષધશાલિક ઇત્યુક્તં તદ્વશાત્ શ્રી દેવેન્દ્રસૂરિનિશ્રિત સમુદાયસ્ય લઘુપૌષધશાલિક ઇતિખ્યાતિઃ

શ્રી દેવેન્દ્રસૂરિ ઉપાશ્રયમાં રહ્યા હતા. શ્રી વિજયચંદ્રસૂરિ વૃદ્ધ પૌષધશાળામાં રહેતા હતા, તેથી તેમના સમુદાયનું લોકોએ વૃદ્ધ પૌષધશાલિક–(વડી પોશાળ) અને શ્રી દેવેન્દ્રસૂરિના સમુદાયને **લઘુપૌષધશાલિક** (લહુડી પોશાળ) ના નામથી પ્રસિદ્ધ કર્યા. શ્રી દેવેન્દ્રસૂરિએ વીરધવળનું **વિદ્યાનન્દ** નામ પાડયું હતું. તેમને આચાર્ય પદ શ્રી પાલણપુરમાં પાલણપુરના સંઘના આગ્રહ ભક્તિથી આપીને **શ્રીવિદ્યાનન્દસૂરિ** નામ પાડયું. **વિદ્યાનન્દસૂરિ** ના ભાઈ સિંહને **ધર્મકીર્તિ** નામથી **ઉપાધ્યાયપદ** આપ્યું. શ્રી **માલવામાં** સં. ૧૩૨૭ માં શ્રી દેવેન્દ્રસૂરિ સ્વર્ગમાં ગયા. દૈવયોગે શ્રી **વિજાપુરમાં** શ્રી વિદ્યાનંદસૂરિ પણ તેર દિવસના અંતરે સ્વર્ગમાં ગયા. તેથી સગોત્રીસૂરિએ વિદ્યાનન્દસૂરિના ભાઈ **ધર્મકીર્તિ** ઉપાધ્યાયને આચાર્યપદ આપી **ધર્મઘોષસૂરિ** નામ આપ્યું. શ્રીદેવેન્દ્રસૂરિની પાટે છેંતાલીશમી પાટપર **શ્રીધર્મઘોષસૂરિ** થયા. **શ્રી વિદ્યાનન્દસૂરિએ** વિજાપુરમાં પદ્માવતી જિનમંદિરના લોંયરામાં **સરસ્વતીદેવીની મૂર્ત્તિ** ની સ્થાપના કરી. તથા તેમણે વિજાપુરમાં **વિદ્યાનન્દ** નામના સંસ્કૃત વ્યાકરણની રચના કરી. શ્રી હેમચંદ્રે પંચાંગી પૂર્વક **શ્રી સિદ્ધરાજ** રાજાના સમયમાં **સિદ્ધહેમ** વ્યાકરણની રચના કરી હતી. તે પૂર્વે અગિયારમાં સૈકામાં શ્રી બુદ્ધિસાગરસૂરિએ **બુદ્ધિસાગરસંસ્કૃતવ્યાકરણ** ની રચના કરી હતી, તે ત્રણે વ્યાકરણ હાલ વિદ્યમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિદ્યાનંદસૂરિએ વિદ્યાનન્દ વ્યાકરણ રચ્યું, તે માટે તત્સંબંધી પૂર્વાચાર્યે પટ્ટાવલિમાં નીચે પ્રમાણે સ્તુતિ કરી છે.

विद्यानन्दाभिधं येन, कृतं व्याकरणां नवम्,
भाति सर्वोत्तमं स्वल्प,–सूत्रं बहर्थसंग्रहम् ॥

હવે મૂળ વિષય ઉપર આવીને જણાવવાનું કે શ્રી વિજયચંદ્રસૂરિના પરિવારની વડીપોશાળના નામથી પ્રસિદ્ધિ થઈ અને તેમના સમુદાયના ઉપાશ્રયો, જ્યાં ત્યાં બંધાયા, તે **વડીપોશાળ**ના નામથી પ્રસિદ્ધ થયા અને શ્રી દેવેન્દ્રસૂરિના મુનિયો જે ઉપાશ્રયમાં ઉતરતા હતા, તે નગરપુરગામોમાં **લહુડી પોશાળ**ના નામે પ્રસિદ્ધ થયા. વિજાપુરમાં વડીપોશાળ અને લહુડી પોશાળ એમ બે ઉપાશ્રય છે. શ્રી ધર્મઘોષસૂરિએ માળવા ગુજરાત વગેરે અનેક દેશોમાં વિહાર કર્યો. તે વિહાર કરતા કરતા વિજાપુરમાં આવ્યા. વિજાપુરમાં એક દુષ્ટ શાકિની રહેતી હતી. તે લોકોને ઉપદ્રવ કરતી હતી. શ્રી ધર્મઘોષસૂરિએ તે દુષ્ટ શાકિનીને દૂર કરી લોકો પર થતો ઉપદ્રવ ટાળ્યો.

ધર્મઘોષસૂરિ અને પેથડશાહ—દેદાશાહ નામના એક વણિક શેઠ ગામ નાંદુરીમાં વસતા હતા. ત્યાંથી તે દેવગિરિ ગયા. તે વિજાપુર ગામમાં પરણ્યા હતા, અને પોતાની પત્ની **વિમલશ્રી** સાથે વિજાપુરમાં વસ્યા હતા. તેમને એક પુત્ર થયો તેનું **પેથડકુમાર** નામ પાડયું. તેમના પિતાના મરણ પછી પેથડકુમારની નિર્ધનાવસ્થા થઈ. અત્યંત ગરીબી દશામાં આવી પડ્યા. દેદાશાહે પેથડકુમારનાં વિજાપુરમાં કોઇ શેઠની પદ્મિની પુત્રી સાથે લગ્ન કરાવ્યાં હતાં. વિજાપુરમાં પધારેલા શ્રી ધર્મઘોષસૂરિનું વ્યાખ્યાન સાંભળવા પેથડકુમાર (પૃથ્વીધર) ગયા હતા. ગુરૂનું વ્યાખ્યાન સાંભળીને તેમણે પાંચમું પરિગ્રહ વ્રત લીધું અને તેમાં પાંચલાખનું પરિમાણ કર્યું, તેમની દરિદ્રાવસ્થા દેખી બીજા શેઠીઆઓએ મશ્કરી કરી, પણ તેઓને ધર્મઘોષસૂરિએ વાર્યા અને કહ્યું કે પેથડકુમાર મોટો લક્ષાધિપતિ થશે એમ હસ્તની રેખાઓ જોઇને કહ્યું. પેથડકુમાર વિજાપુરથી ભાગ્યની પરીક્ષા જોવા માળવામાં મંડપાચલમાં (માંડવગઢમાં) ગયા. ત્યાં સારા શુકન થયા. અનુક્રમે વ્યાપાર કરતાં લક્ષાધિપતિ થયા અને છેવટે ત્યાંના રાજા જયસિંહદેવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રધાન થયા. પેથડકુમાર યાને પૃથ્વીધરમંત્રી કુબેર ભંડારી જેવા ધનપતિ થયા. તેમણે ચોરાશી મોટાં જિનદેરાસરો કરાવ્યાં અને સાત મોટા જ્ઞાન ભંડાર કરાવ્યા. શ્રી શત્રુંજય પર્વતપર એકવીશ ઘડી પ્રમાણ સુવર્ણનો વ્યય કરીને શ્રી ઋષભદેવનું સુવર્ણમય દેરાસર કરાવ્યું. તથા છપ્પન સુવર્ણ ઘડીનો વ્યય કરીને ઈન્દ્રમાળા પહેરી, તેમના પુત્ર ઝાંઝણ થયા. તેમણે શત્રુંજય અને ગિરનાર એ બે પર્વતના શિખરપર સુવર્ણ રૂપ્યમય દેવજ ચારોપી, પેથડકુમારે એક લાખ ટંક ખર્ચીને શ્રી ધર્મઘોષસૂરિનો મંડપાચલમાં (માંડવગઢમાં) પ્રવેશ કરાવ્યો. શ્રી વિજાપુરમાં શ્રી ધર્મઘોષસૂરિનું વ્યાખ્યાન અટકાવવા માટે પક્ષાંતરીય સ્ત્રીઓએ સૂરિના ગળામાં મંત્ર પ્રયોગ કરી કંઠ દેશમાં કેશગુચ્છ મૂક્યો, તે વાત તેમણે જાણી અને વ્યાખ્યાનસભામાં મંત્ર પ્રયોગથી તે સ્ત્રીઓને સ્તંભિત કરી દીધી, પણ સ્ત્રીઓએ માફી માગી અને અન્યાચાર્યોને ઉપદ્રવ નહીં કરીએ એવી તેઓને પ્રતિજ્ઞા કરાવી છોડી મૂકી. તેમની પાટે ૪૭ સોમપ્રભસૂરિ. ૪૮ સોમતિલકસૂરિ. ૪૯ દેવસુંદરસૂરિ. ૫૦ સોમસુંદરસૂરિ. ૫૧ મુનિસુંદરસૂરિ. ૫૨ રત્નશેખરસૂરિ. ૫૩ શ્રી લક્ષ્મીસાગરસૂરિ. ૫૪ સુમતિસાધુસૂરિ. ૫૫ શ્રી હેમવિમલસૂરિ. ૫૬ આનંદવિમલસૂર. ૫૭ વિજયદાનસૂરિ. ૫૮ શ્રી હીરવિજયસૂરિ. ૫૯ શ્રી વિજયસેનસૂરિ. ૬૦ વિજયદેવસૂરિ. ૬૧ વિજયસિંહસૂરિ. ૬૨ વિજયપ્રભસૂરિ. વિ. સં. ૧૭૪૯ માં ૬૩ મી પાટે વિજયરત્નસૂરિ. ૬૪ વિજયક્ષમાસૂરિ. ૬૫ વિજયદયાસૂરિ. ૬૬ વિજયધર્મસૂરિ. ૬૭ વિજયજિનેન્દ્રસૂરિ. ૬૮ વિજયદેવેન્દ્રસૂરિ. ૬૯ વિજયધરણેન્દ્રસૂરિ ૭૦..... ૭૧ મુનિચંદ્રસૂરિ. પાટે આચાર્ય તરીકે બેઠા. શ્રી વિજયપ્રભસૂરિ પછી ક્રિયા શિથિલતા વધી તેથી ક્રિયોદ્ધારક શ્રી સત્યવિજય પન્યાસથી સંવેગીઓ ઉપર સંઘની શ્રદ્ધાભક્તિ વધવા લાગી. જ્યારથી વડી પોશાળ અને લહુડી પોશાળ એવા બે પક્ષ થયા. ત્યારપછીથી શ્રી આનંદવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો. પશ્ચાત્ શ્રી વિજયદેવસૂરિ અને શ્રી વિજયાનંદસૂરિના સમયમાં વિ. ૧૬૭૨ માં દેવસૂરિ ગચ્છ અને આનંદસૂરિ ગચ્છ એવા બે પક્ષ પડ્યા, અને બેના નામના ગચ્છના ઉપાશ્રય જૂદા થયા. અઢારમા સૈકાના પ્રારંભમાં શ્રી સત્યવિજયજી પંન્યાસે ક્રિયોદ્ધાર કર્યો; તે ક્રિયોદ્ધાર થયાં હાલ લગભગ અઢીસેં વર્ષ થયાં છે. લહુડી પોશાળમાં અનેક પંડિત યતિયો રહ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૯૨૫ સુધીમાં પંડિત શ્રી રત્નવિજયજી નામના પ્રખ્યાત યતિ થયા તેઓ તેમાં રહેતા હતા. તે લેખક હતા અને વ્રજભાષાના પણ કવિ હતા. બ્રહ્મભટ્ટ કવિ જેઠારામ અને ગિરધર બન્ને વ્રજભાષાના ઉત્તમ કવિવિજાપુરમાં થયા હતા, ત બન્નેએ શ્રી રત્નવિજયજી પાસે અભ્યાસ કર્યો હતો. તેમની પાછળ શ્રી અમૃતવિજય પંડિત યતિ થયા. તે સંસ્કૃત ભાષામાં, પ્રાકૃત ભાષામાં, વ્રજભાષામાં અને ગુજરાતી ભાષામાં કવિતાઓ–કાવ્યો–સ્તુતિયો લખતા હતા. શ્રી અમૃતવિજયજી સારા શીઘ્ર કવિ હતા. તેમની પાસેથી અનેક બ્રહ્મભટ્ટ વિદ્યાર્થીઓએ કવિતા–કાવ્ય શિક્ષણનો લાભ લીધો હતો. તેમણે એક જાંબુના રાજાની પ્રાકૃત વગેરે ભાષામાં સારી સ્તુતિ બનાવી હતી. જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધાવાળા હતા. વૈદ્યતરીકે અમૃતવિજયજી પ્રસિદ્ધ હતા. આંખના કુલાની દવા કરવામાં તે ઘણા કુશળ હતા. તેમણે આંખના કુલાની એક ગોળી બનાવી હતી. તેઓ વૃદ્ધાવસ્થા પૂર્વે દર રવિવારે આગલોડમાં શ્રી માણિભદ્રવીરનાં દર્શન કરવા જતા હતા. તેમણે વૃદ્ધાવસ્થામાં મસેશ્વર મહાદેવના માર્ગે એક ખેતર વેચાતું લઈ માણિભદ્રવીરની દેરી બનાવરાવી, તેમાં તેમણે માણિભદ્રવીરની સ્થાપના કરી છે. જૈનોના શાસન રક્ષક વીર તરીકે માણિભદ્રવીર, જૈનોના તપાગચ્છીય ઉપાશ્રયોમાં ગામોગામમાં તથા શહેરોમાં સર્વત્ર પૂજાય છે. તેમણે માણિભદ્રવીરની પૂજાદિ માટે એક પૂજારી બ્રાહ્મણને રાખ્યો છે. તે જૈન મહાજન તરફથી રહે છે. તે દેરી જૈન મહાજનના તાબે છે. યતિ અમૃતાવજયજીએ લહુડીપોશાળ ઉપાશ્રય નજીક તપોધન બ્રાહ્મણના માઢ પાસે એક સરસ્વતી માતાની દેરી બંધાવી છે. તેમાં સરસ્વતીની મૂર્તિ કરાવી તેની પ્રતિષ્ઠા કરી છે. વૃદ્ધાવસ્થા થવાથી અમૃતવિજયજી વહોરવા જતા નહોતા, તેથી તે એક દિવાળી નામની તપોધની બ્રાહ્મણી પાસે રસોઇ કરાવી જમતા હતા. પર્યુષણના આઠ દિવસમાં તે લહુડીપોશાળના શ્રાવકોની આગળ જ્યારે વિજાપુરમાં સાધુઓ ચોમાસું કરતા નહોતા ત્યારે વ્યાખ્યાન વાંચતા હતા. તેમની કવિતાઓ–કૃતિયો વગેરેને ભેગી-કરી છપાવવાની જરૂર છે. વિ. સં. ૧૯૫૯ માં તેમણે શરીરનો ત્યાગ કર્યો. જૈનસંઘે તેમના શરીરનો અંતિમ સંસ્કાર કર્યો. તેમના મરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી દીવાળી બ્રાહ્મણી ઉપાશ્રયનો ઉપભોગ કરવા લાગી અને લાકડાં, વળીયા, પત્થર, કુંભીઓ, વગેરેને કાઢી વેચી ખાઇ ગઇ. વિ. સં. ૧૯૭૮ માં તે મરણ પામી. ઉપાશ્રયનો વહીવટ, શેઠ ડાહ્યાભાઈ દલસુખ, શેઠ મોહનલાલ જેઠાભાઇ, શેઠ પોપટલાલ દલસુખ વગેરે કરે છે. ઉપરના વહીવટદારોની મરજીથી હાલમાં શાહ વાડીલાલ હરિચંદ પાડેચિયા ઉપાશ્રયની કુંચી જાળવે છે. આ ઉપાશ્રયમાં ત્રણસે ચારસે વર્ષ સુધી અનેક આચાર્ય મુનિયો વિગેરે રહ્યા છે. તેથી તેનો જીર્ણોદ્ધાર કરી ઉપાશ્રય કાયમ રાખી શુભ કાર્યમાં વાપરવો એમ મારી સલાહ છે. ગચ્છવાળાની સલાહ પૂર્વક સકલ સંઘે આ ઉપાશ્રયને સુધારવો જોઇએ.

(૧૬) વડી પોશાળનો ઉપાશ્રય–શ્રી પદ્માવતીના દેરાસરની લગોલગ ભાદાણી-ભાટવાડાના છેડે તળાવ તરફ જતાં **વડી પોશાળનો** ઉપાશ્રય છે. તેમાં પૂર્વે વડગચ્છના આચાર્યો મુનિયો ઉતરતા હતા તથા વડી પોશાળના નામથી પ્રસિદ્ધ થએલ **શ્રી વિજયચંદ્રસૂરિનો** પરિવાર ઉતરતો હતો. પ્રાચીન વિજાપુરનો ભગ્નાવશેષ આ ઉપાશ્રય તથા પદ્માવતીનું દેરાસર હોય એમ કેટલાંક અનુમાનથી જણાય છે. સંઘપુર ગામમાં દેરાસરમાં બે પાટિયામાં–શિલાલેખ–છે તેના આધારે ખરતરગચ્છનો ઉપાશ્રય પણ જૂના વિજાપુરમાં હતો, પાછળથી સોની વાડામાં ખરતરગચ્છનો નાનો ઉપાશ્રય હતો, પણ તે હવે નથી અને ખરતરગચ્છના શ્રાવકો પણ અહીં નથી. પૂર્વે દેરાસર અને ઉપાશ્રય બન્ને સાથે બંધાવવામાં આવતા હતા. વિજાપુરમાં વહેરાવાસણમાં રહેનારા જેટલા દશા પોરવાડ દેશાઇઓ છે તે પહેલાં શ્રાવકો હતા. હાલ તેમાં કેટલાક વૈષ્ણુવ ધર્મ પાળવા લાગ્યા છે. તે દેશાઇઓ મૂળ વડીપોશાળગચ્છના શ્રાવકો હતા અને હાલ તેઓ વડી પોશાળ ગચ્છની પાખીમાં જમે છે. વડગચ્છના શ્રીપૂજ્ય ચંદ્રસિંહસૂરિ અને બુદ્ધિસિંહસૂરિના ગચ્છના તે શ્રાવકો છે. વડી પોશાળમાં પહેલાં એક નયસુંદર કવિ નામના એક પ્રખ્યાત યતિ થયા હતા. તેમણે નળ દમયંતીનો રાસ રચ્યો છે. તે રાસ, સર્વ રાસાઓમાં પહલાલિત્ય વગેરેમાં શ્રેષ્ઠ ગણાય છે. શ્રી નયસુંદરજી પછી શ્રી રૂપસુંદરજી તથા શ્રી બુદ્ધિસુંદરજી વગેરે થયા. શ્રી રૂપસુંદરજી ચમત્કારી મહાપ્રસિદ્ધ મહાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણુતા હતા. વિ. સં. ૧૯૨૦ પછી તે ઉપાશ્રયના યતિયેાનેા અભાવ થવા લાગ્યેા. હાલમાં વડી પેાશાળના શ્રીપૂજ્ય તથા યતિયેા દેખવામાં આવતા નથી. કેાટડિયા, વખારિયા તથા વેરાવાસણુના દેશાઇઓ તથા શેઠ મગનલાલ કંકુચંદ વગેરે દશાશ્રીમાલીઓ વડી પેાશાળના શ્રાવકેા ગણાય છે. લહુડી પેાશાળમાં દેાશી ઓશવાળેા છે, તથા બે ત્રણ ઘર વીશા શ્રીમાલીનાં છે. રૂપસુંદરજી કવિ હતા તથા પ્રસિદ્ધ વૈદ્ય હતા. વડી પેાશાળનેા ઉપાશ્રય જીર્ણ થવાથી તેના વહીવટ કર્તા દેાશી નથુભાઇ મંછારામે સં. ૧૯૬૨ માં સુધરાવ્યેા હતેા. ઉપાશ્રય બીજે લગેાલગ કેાટમાં વાળી દીધેા છે, હાલ તે ઉપયેાગમાં આવતેા નથી. ઉપાશ્રયમાં થઈને દેરાસરમાં જવાય છે. ઉપાશ્રય અને દેરાસર વચ્ચે ચેાક છે, પાસે બ્રહ્મભટ્ટેાનાં ઘરેા આવ્યાં છે. બસેં મનુષ્યેા માઇ શકે તેટલેા ઉપાશ્રય મેાટેા છે.

(૧૭) શેઠ શ્રી મગનલાલ કંકુચંદની વાડી તથા કાર્ત્તિકી પૂર્ણિમા પટ્ટગૃહસ્થાન તથા ધર્મશાલા—વિજાપુરથી આથમણી દિશાએ આંબલીએેા પાસે કેાટડી જતાં પહેલાજ આંબલીવાળા ખેતરમાં શેઠ મગનલાલ કંકુચંદ તરફથી પટ્ટ બાંધવાનું ઉત્તમ ગૃહસ્થાન બંધાવવામાં આવ્યું છે. વિ. સં. ૧૯૭૬ સુધી આંબલીયેામાં આંબલી નીચે પટ્ટ બાંધવામાં આવતેા હતેા. વિ. સં. ૧૯૫૦ સુધી પહેલાં માળીવાડાના શ્રાવકેા ગવાડાના માર્ગે રામબાગ પાસે પટ્ટ બાંધતા હતા, અને દેાશીવાડાના શ્રાવકેા ખલુસા કેાટડીના માર્ગપર આંબલીયેામાં પટ્ટ બાંધતા હતા પશ્ચાત્ વિ. સં. ૧૯૫૦ થી દેાશીવાડા અને માલીવાડાના બે પટ્ટ આંબલીયેામાં બાંધવામાં આવ્યા. વિ. સં. ૧૯૭૭ માં શેઠ જેશીંગભાઈ રવચંદ તથા શેઠ ઉમેદભાઇ કંકુચંદે તથા શેઠાણી મંગુબેને અમને વિનંતિ કરી શેઠ મગનલાલ કંકુચંદની હવેલીમાં કાર્તિકી ચેામાસું બદલાવ્યું તે વખતે અમેાએ અમદાવાદના જૈનેાના પટ્ટની પેઠે સારી જગ્યામાં પટ્ટ બાંધવાનેા ઉપદેશ આપ્યેા. તેથી શેઠ જેશંગભાઇની સલાહથી શેઠાણી મંગુબાઈએ પટ્ટ બાંધવા માટે જગ્યા લેવા નિશ્ચય કર્યો અને આંબલી પાસેનું ખેતર એક મુસલમાન પાસેથી રૂા.૧૮૦૦) અઢારસે આપી પેાતાના તાબામાં લીધું. શેઠ જેશંગભાઈ ખેતર લીધા પછી મરણ પામ્યા, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠાણીની મરજી પ્રમાણે શા, લલ્લુભાઇ કરમચંદે તથા શેઠ ઉમેદભાઇએ તેર હજાર રૂપીયા ખર્ચીને બે ઓરડીઓ સહિત પટ્ટનો હૉલ ત્રણસે મનુષ્યો બેસી શકે એવો કરાવ્યો. વિ. સં. ૧૯૭૬ થી ત્યાં બન્ને પટ્ટ બંધાય છે. શેઠાણી તરફથી કાર્તિકી પુનમના દિવસે પટ્ટનાં દર્શન કરનારાઓને ખાંડ સાકરનું પાણી પાવામાં આવે છે. વિ. સં. ૧૯૭૯ ના ચોમાસામાં દોઢ હજાર રૂપીયા ખર્ચીને પટ્ટની પાસે મંગુ શેઠાણીએ બે ઓરડીઓ સહિત જૈન ધર્મશાળા બંધાવી છે, તથા કુવાની પાસે પોતાના ખેતરની જગ્યામાં કણબીઓ વગેરેના કહેવાથી પશુઓ વગેરેને પાણી પીવા માટે શેઠાણી મંગુબેને એક હવાડો બંધાવ્યો છે. શેઠ મગનલાલ કંકુચંદની પાછળ તેમની પત્ની શ્રાવિકા મંગુબેને એવી રીતે ધર્મમાર્ગમાં લક્ષ્મીને વાપરી છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે. ભવિષ્યમાં પટ્ટના બે ઓરડામાં સાધુઓ તથા સાધ્વીઓ ઉતરશે. યાત્રાળુ પરગામના જૈનો વગેરે જૈન ધર્મશાળાનો સદુપયોગ કરશે. કોઇ સાધુ અગર સાધ્વી ત્યાં મરણ પામશે તો ત્યાં તેમના શરીરનો અગ્નિ સંસ્કાર કરવામાં આવશે. પ્રવચનસારોદ્ધાર વગેરે ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે—

" મરણ પામેલા સાધુઓના અને સાધ્વીઓનાં શરીરનો અગ્નિસંસ્કાર જે ગામ–પુરના નૈરૂત્યકુણામાં કરવામાં આવે છે તો ગામ–પુરની ચઢતી થાય છે અને સંઘની ચડતી થાય છે." તેથી હવે વિજાપુરની નૈરૂત્યકુણે શેઠ મગનલાલની વાડી છે, તેથી ત્યાં સાધુઓ વગેરેના શરીરનો અગ્નિસંસ્કાર કરવો તે શાસ્ત્રસમ્મત હોવાથી સંઘ તે પ્રમાણે કરશે. જલયાત્રાના વરઘોડા વગેરે માટે પટ્ટનું ખેતર ઘણું ઉપયોગી થશે, તથા ગામમાં પ્લેગ ચાલતો હોય ત્યારે પટ્ટની જગ્યાનો હોલ છે, તે સાધુઓ આદિ માટે ઉપયોગી થઇ પડશે. સાધુ સાધ્વીને દીક્ષા આપવામાં તે સ્થાન ઉપયોગી થઇ પડશે. કારણ કે ત્યાં બે આશોપાલવનાં ઝાડ વાવ્યાં છે. પરગામથી વિહાર કરીને સાધુઓને ગામમાં આવતાં પૂર્વે વાડીમાં બે ત્રણ દિવસ રહેવા માટે તથા શ્રાવકોને ઉજાણી માટે તથા ત્યાં આદિશ્વર ભગવાનની દેરી થવાથી પૂજા વગેરે ભણાવવા માટે તથા આનંદ જમણ કરવા માટે તે જગ્યા અત્યંત ઉપયોગી થઇ પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ છે. સાધુઓ વગેરેને શુદ્ધ હવામાટે, શારીરિક આરોગ્ય માટે તેમાં રહેવું ઉપયોગી થઇ પડયું છે. ત્યાં ભવિષ્યમાં જૈન બોર્ડીંગ થશે તો જૈન વિદ્યાર્થીયોને તે સ્થાન આરોગ્યકારક થઇ પડશે. ત્યાં જે સાધુના શરીરનો અગ્નિસંસ્કાર થાય તેમની ત્યાં દેરી બંધાવવી હોય તો અનુકુલ જગ્યા હોવાથી તેનો ઉપયોગ થશે. રવિવારે તથા સાંજરે દેરીનાં દર્શન કરવા જૈનો જાય છે. ઉનાળામાં સાંજની વખતે તથા રાત્રીએ ત્યાં રહેનારાઓને તે ઉપયોગી થઇ પડયું છે. ત્યાં દેરીનાં દર્શન કરવા જૈનો જાય છે. ઇત્યાદિ કારણોથી પટ્ટનું સ્થાન ઘણું ઉપયોગમાં આવશે. શા. મણિલાલ ચુનીલાલે પટ્ટની જગ્યા કરાવવામાં ઘણી દેખરેખ રાખી સારી પ્રવૃત્તિ કરી છે. તેમના પુત્ર લાલભાઇ વગેરે છે તેમને પણ સાધુ સંગસેવાની રૂચિ છે. પટ્ટના ગૃહસ્થાનની નીચે પ્રમાણે પ્રશસ્તિ છે. **तद्यथा.**

शेठ मगनलाल कंकुचंदनी वाडीमां पट्टगृह प्रशस्तिः।

स्याद्वादी परमेश्वरस्त्रिजगतां कल्याणकर्ता जिनः ।
सम्यग्ज्ञानचरित्रदर्शन,–महद्रत्नत्रयीभूषितः ॥
हिंसा येन निराकृताऽथ करुणासंस्थापिता भारते ।
देवोऽसौ चरमः सदा विजयते श्री वीरतीर्थङ्करः ॥ १ ॥
श्रीमद्भारतवर्षवर्तिनि,–दयादेशे शुभे गुर्ज्जरे ।
श्रीमद्गायकवाडभूपति सया–जीरावसंरक्षितम् ॥
जैनानां शतपञ्चकै र्गृहिगृहै रुद्योतितं सर्वतः ।
व्याप्तं श्रीजिनमन्दिरैश्च नवभिर्विद्यापुरं वर्तते ॥ २ ॥
नैऋत्ये च ततोऽस्ति जैनवणिजः श्रीमालसंज्ञावतः ।
कंकुचन्द्रतनूजनुर्मगनला,–लस्यास्ति सद्वाटिका ॥
तत्र श्रेष्ठिवरस्य सन्मगनला,–लस्य स्मृतिप्राप्तये ।
श्रीसिद्धाचलतीर्थकार्तिकभवद्राकीययात्राकृते ॥ ३ ॥
श्रीमच्छ्रेष्ठिवरस्य सन्मगनलालस्य स्वपत्न्याऽनया ।
मङ्गुश्राविकया त्रयोदशसहस्रैः रूप्यकैस्सुन्दरम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीसिद्धाचलपट्टबन्धनगृहस्थानं प्रनिर्मापितं ।
तत्पार्श्वे च सुखप्रदा स्थितिमतां सद्धर्मशाला कृता ॥ ४ ॥
सम्प्रेरकाविह च धर्मविधावभूतां ।
श्री कंकुचन्द्रशुभसूनुरुमेदचन्द्रः ॥
श्रीमान्तथा च रवचन्द्रसुतोदयालुः ।
श्री श्रेष्ठिवर्य्यहितकृज्जयसिंहभाई ॥ ५ ॥
अस्मिन् श्रेष्ठे धर्मसम्बन्धिकार्य्ये ।
नानाकार्य्यैश्शुद्धसाहाय्यकर्ता ॥
जैनश्रेष्ठी वर्तते सद्गृहस्थः ।
लल्लूभाई कर्मचन्द्राभिधेयः ॥ ६ ॥
पशूनां जलपानार्थं, कूपपार्श्वेप्रपाणकः (हवाडिका) ।
कारापिता च पुण्यार्थं, मङ्गुश्राविकया शुभा ॥ ७ ॥
नवर्षिनवचन्द्राङ्के, गतवैक्रमवत्सरे ।
मार्गशीर्षस्य राकायां, समाप्तिमगमद्द्वयम् ॥ ८ ॥
सर्वदेवाधिदेवस्य–,महावीरजिनेशितुः ।
सङ्घश्चतुर्विधो जीया–ज्जैनधर्मश्च भूतले ॥ ९ ॥
अर्हद्भिः स्थापितः श्रेष्ठः पूजितश्च ह्यनादितः ।
संघश्चतुर्विधो जीया–ज्जैनधर्मप्रवाहकः ॥ १० ॥
संघस्य स्वस्तितायां स्या,–ज्जैनधर्मस्य चाऽस्तिता ।
सर्वोपायैरतः सेव्यः पूज्यः स्वार्पणभक्तितः ॥ ११ ॥
स्थाननिर्मापणे बोधो, दत्तो विश्वहितैषिणा ।
सर्वशास्त्रार्थदक्षेन–बुद्धिसागरसूरिणा ॥ १२ ॥

१८ શ્રી આદીશ્વરદાદાની દેરી—વિજાપુરની નૈરૂત્યકોણે શેઠ ભગનલાલ કંકુચંદની વાડીમાં તેમના પટ્ટસ્થાન ગૃહની દક્ષિણ દિશાએ આદીશ્વરદાદાની દેરી વિજાપુરના જૈન વીશાઓશવાળ શેઠ શા નાનચંદ નગીનદાસે પોતાના સહગત પુત્ર શાંતિલાલના સ્મરણાર્થે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વપત્ની મંગુબાઈની સલાહથી, તથા દોશી લલ્લુભાઈ કાલીદાસની સલાહથી અને અમારા ઉપદેશથી વિ. સં, ૧૯૮૦ માં દાદાનો દેરી બંધાવી. વિ. સં. ૧૯૮૦ ના માગશર સુદિ પાંચમે સુમુહૂર્તે શ્રી આદીશ્વરપ્રભુની પાદુકા, તથા શ્રી મહાવીર તીર્થંકર પ્રભુની પાદુકા તથા તપાગચ્છ ધુરંધર જગદ્‌ગુરૂ શ્રી હીરવિજયસૂરિની પાદુકા તથા સંવિગ્ન સાધુ શિરોમણિ દાદા ગુરૂ શ્રી રવિસાગરજી મહારાજની પાદુકા તથા પરમશાંત ક્રિયાદિ ગુણગણમૂર્તિ શ્રી સુખસાગરગુરૂ મહારાજની પાદુકાની પ્રતિષ્ઠા કરી છે. અને તે દિવસે શેઠ નાનચંદ નગીનદાસે નવકારશીનું જમણ કર્યું હતું અને પાદુકા આગળ સત્તરભેદી પૂજા ભણાવીને મહોત્સવ કર્યો હતો. પેથાપુરવાલા જૈન વૈદ્ય શા. ચંદુલાલ મગનલાલે ગૃહસ્થ યોગ્ય પ્રતિષ્ઠાનાં ધાર્મિક કાર્યો કરાવ્યાં હતાં. પાંચ પાદુકાના વચ્ચલા ગોખલામાં શ્રી ચક્રેશ્વરીદેવીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી સ્થાપના કરી છે. શા. જયંતીલાલ લલ્લુભાઈ કરમચંદે ચક્રેશ્વરીદેવીની સ્થાપના કરી છે. શેઠ નાનચંદભાઈ નગીનદાસે તથા શેઠ ભોગીલાલ નગીનદાસ એ બે ભાઇઓએ તથા તેઓની પત્નીઓએ પાદુકાઓની સ્થાપના કરી છે. માગશર વદિ છઠ્ઠના દિવસે પાલીતાણા જૈનગુરૂકુલના સેક્રેટરી શા. લલ્લુભાઈ કરમચંદે દેરી આગળ નવપદની પૂજા ભણાવી ઉત્સવ કર્યો હતો. દેરી બંધાવવા વગેરેનું અઢી હજાર રૂપૈયા લગભગ ખર્ચ થયું છે. આ જગ્યાએ જૈન બોર્ડીંગ જેવી સંસ્થા જો થાય તો દેરીમાં દાદાનાં પગલાંની પૂજા વગેરે થાય તથા વિજાપુર જૈનોની મહત્તા વધે. પટ્ટના સ્થાનની પાસે ઇદગાના ચરામાં સો લગભગ લીંબડા છે. તેની હવાનો લાભ ખરેખર અહીં રહેનારાઓને મળી શકે તેમ છે. વિજાપુરના જૈનોને આ સ્થાન હવા માટે અનુકુલ છે. વિજાપુરમાં ધાર્મિક કાર્યો કરનાર કર્મયોગી પ્રખ્યાત દોશી નથુભાઈ મંછાચંદના ભત્રીજા દોશી લલ્લુભાઇ કાલીદાસે પોતે જાતે આત્મભોગ આપીને દેરી બંધાવવામાં ભાગ લીધો છે. શેઠ મગનલાલ કંકુચંદના પટ્ટના બે ઓરડાઓ છે તે સાધુઓ વગેરેને રહેવા માટે ઘણા ઉપયોગી છે. તથા મગનલાલ કંકુચંદનો બે ઓરડાવાળી જૈન ધર્મશાળા પણ જૈનોમાટે ઘણી ઉપયોગી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री देरीनी प्रशस्तिः

यस्मात् प्राग्ऋषभादयो जिनवरा जातास्त्रयोविंशतिः
वेदा ब्रह्मवदन्ति यं हरिमथो गायन्ति यं वैष्णवाः
शैवा यं शिव मुच्चरन्ति हृदि यं बौद्धाश्च बुद्धं विदुः
तीर्थेश श्वरमः स मे प्रभु महा,—वीरो विधत्तां शिवम् ॥ १ ॥

जैनेरेव दयानिधानमतुलः सारश्चयो भारते
देशो गुर्जरसंज्ञको विजयते धर्मैः परंपूरितः
श्रीमद् गायकवाडभूपतिसयाजीरावसंशासितम्
तत्तश्चापि दयैकधर्मभवनं विद्यापुरं वर्तते ॥ २ ॥

तत्रैश्वर्त्यकोणे, श्रेष्ठि मगनलाल कंकुचन्द्रस्य ।
क्षेत्रस्यवाटिकायां, पट्टस्थानालयोपकण्ठे च ॥ ३ ॥

विद्यापुरश्रेष्ठिगृहस्थजैनो
नगीनदासाऽऽत्मजनानचन्द्रः ।
श्रीशान्तिलालाख्यनिजात्मजस्य,
स्मृत्यै स्वमङ्कुदयितेर्यमाणः ॥ ४ ॥

स बन्धयामास शुभैरुपायै
र्जिनादिनाथायतनं च जैनः
श्री कालिदासात्मजलल्लुभाई
श्रेष्ठी बभूवैहिककार्यकर्त्ता ॥ ५ ॥

खाष्टग्रहेन्दुसम्प्राप्ते वैक्रमे सहसः सिते
पञ्चम्यां वासरे सौम्ये, शुभे प्रहर आदिमे ॥ ६ ॥

बुद्धिसागरसूरीन्द्रजैनाचार्यशिरोमणेः
सद्धार्मिकोपदेशेन चाभवज्जैनमन्दिरम् ॥ ७ ॥

देवः श्रीऋषभेश्वरः प्रभु महावीरो जगद्बोधको
जैनाचार्यवरः स हीरविजयः स्तम्भस्तपागच्छिनाम्

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पूज्यः श्रीरविसागराभिधगुरुर्यः शान्तमूर्तिर्महान्
पूज्यः श्रीसुखसागराभिधगुरुः कल्याणमूर्तिर्महान् ॥ ८ ॥
एतेषां नाम पञ्चानां, पादुकायुग्मपञ्चकम्
सम्प्रतिष्ठापितं प्रेम्णा, बुद्धिसागरसूरिणा ॥ ९ ॥

દેરીની અંદરના લેખો.

वि. सं. १९८० मार्गशीर्षशुक्लपञ्चम्यां बुधवासरे श्री ऋषभदेवतीर्थंकरपादुकायुग्मम्–जैनाचार्यबुद्धिसागरसूरिणा प्रतिष्ठापितं विद्यापुरे.

वि. सं. १९८० मार्गशीर्ष शुक्लपञ्चम्यां बुधवासरे श्री महावीरदेवतीर्थंकरपादुकायुग्मम्–जैनाचार्य बुद्धिसागरसूरिणा प्रतिष्ठापितं विद्यापुरे.

वि. सं. १९८० मार्गशीर्ष शुक्लपञ्चम्यां बुधवासरे तपागच्छीय जगद्गुरुहीरविजयसूरिपादुका युग्मम् प्रतिष्ठापितं जैनाचार्यबुद्धिसागरसूरिणा विद्यापुरे.

वि. सं. १९८० मार्गशीर्ष शुक्लपञ्चम्यां बुधवासरे तपागच्छे श्रीरविसागरगुरुपादुकायुग्मम् प्रतिष्ठापितं–जैनाचार्य बुद्धिसागरसूरिणा विद्यापुरे.

वि. सं. १९८० मार्गशीर्ष शुक्ल पञ्चम्यां बुधवासरे तपागच्छे श्रीसुखसागरगुरुपादुकायुग्मम् प्रतिष्ठापितं–जैनाचार्य बुद्धिसागरसूरिणा विद्यापुरे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુર મધ્યે–જૈનેતર મંદિરો.

તથા

સાર્વજનિક સંસ્થાઓ.

(મંદિરો–ધર્મશાળાઓ–ચબુતરા–પાંજરાપોળ–બાગ–તળાવ–કુંડ–દવાખાનું–સ્કુલો–બોર્ડીંગ–લાઈબ્રેરી–ઈત્યાદિ.)

વિંધ્યવાસિની માતાનું દેરૂં—લોકોની કિંવદન્તી પ્રમાણે કહેવાય છે કે પરમાર વિજલદેવ રાણો જ્યારે વિજાપુરમાં આવ્યો ત્યારે પોતાની કુલદેવી વિન્ધ્યવાસિની દેવીની મૂર્ત્તિ સાથે લાવ્યો હતો. તેણે વિજાપુરમાં દેવીની મૂર્તિ સ્થાપી દેરૂં બાંધ્યું હતું; પણ પાછળથી મુસલમાન બાદશાહોએ ભાંગ્યું હતું તે પછી ત્યાં નાની દેરી મસ્તકપ્રમાણવાળી લોકોએ કરેલી હતી. વિ. સં. ૧૯૪૩ માં તે દેરીને ઠેકાણે મોટું મંદિર કરવામાં આવ્યું છે. તેમાં નીચે મુજબ લેખ છે.

વિ. સં. ૧૯૪૩ વૈશાખ વદિ ૧૧ એકાદશી બુધવારે શ્રી માતાજી વિન્ધ્યવાસિનીનું દેવલ રાજા વિજલદેવ પરમારનું હતું તે જીર્ણ થઇ જવાથી ફરીને દેવલ માતાજીનું તથા ધર્મશાલા બાગ કુવા બંગલો તથા ફરતો વંડો સર્વે નવીન કરાવી શ્રી માતાજી વિંજવાસિણી પ્રતિષ્ઠા કરીને બાવાજી રામદાસજી ભગવાનદાસજીએ બંધાવ્યાં છે, તે સર્વે મકાનોના માલીક બાવા રામદાસજી છે.

વિંજવાસિણી દેવીના દેવલ પાસે વિજાપુરના સોની માણેકલાલે અંબાજીની એક નાની દેરી કરાવી તેમાં અંબિકાની મૂર્તિ સ્થાપન કરી છે. એક બહાર હનુમાનની મૂર્તિ વગેરે છે. દેવળમાં એક મોટો વડ છે તે ઉપર મયુરો રાત્રે બેસી ટહુકા કરી લોકોને આનંદ આપે છે. દેવળ ખાતે, ખેતર વગેરેની ઉપજ છે.

વિંજવાસિણીના મંદિર પાસે મિયાણા લોકોનાં પચાસ સાઠ ઘર છે, અને તે વિ. સં. ૧૮૯૦ માં ત્યાં દોશીવાડાના મહાજને વસાવ્યા છે, તેની પાસે આથમણી દિશાએ સથવારાઓનુ નવું પરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૯૩૦ માં વસ્યું છે. મેણાવાડ અને સથવારાના પરાની જગ્યામાં પહેલાં જૈનો વગેરે શાહુકારોની વસતિ હતી.

નીલકંઠ મહાદેવનું દેવળ—મકરાણી દરવાજા પાસે ઠાકરડાવાસમાં **નીલકંઠ મહાદેવનું** ઉગમણી દિશાનું મંદિર છે. મંદિરની આથમણી દિશાએ નાનકશાહના પંથનો તકિયો છે. આ દેવળ વિ. સં. ૧૯૦૪ માં બનેલું જણાય છે. **મહાદેવના પોઠિયા ઉપર નીચે પ્રમાણે** લેખ છે. **અમદાવાદના શેઠ સોમનાથભાઇ રુપજીભાઇ તરફથી સં. ૧૯૭૪ ચૈત્ર સુદિ ૮ સ્થાપના કરી છે.** પોઠિયો પાછળથી ૧૯૭૪ માં બનેલો છે. મહાદેવના મંદિરમાં પહેલાં કલબની સ્થાપના રાજ્યના સત્તાધિકારી વહીવટદાર વગેરેએ કરી હતી. તે પડાલી વગેરે જગ્યામાં હાલ શેઠ મગનલાલ કંકુચંદ તરફથી ચાલતી બોર્ડીંગના વિદ્યાર્થીઓ રહે છે અને ત્યાંજ તેઓનું રસોડું છે.

કાલિકામાતાનું મંદિર—ગાયકવાડ તરફથી નિમાયલા કાઠિયાવાડ (૧૮૮૫) ના વિઠોબા દિવાનજીએ વિ. સં. ૧૮૮૫ માં કાશીપરાની દક્ષિણ દિશાએ તથા હાલની પાંજરાપોળની ઉત્તર દિશાએ કાલિકામાતાનું મંદિર બંધાવ્યું છે. દેવળમાં કાલિકાની મૂર્તિ છે. તેની દક્ષિણી બ્રાહ્મણ પૂજા કરે છે. નવરાત્રમાં હિંદુ સ્ત્રીઓ ત્યાં ગરબા ગાય છે. મહુડીના રસ્તે જતાં પહેલું ખારા કુવાનું બેતર છે તેના કુવામાંથી અગર બેતરમાંથી કાલિકાની મૂર્તિ તથા વરાહસ્વરૂપની મૂર્તિ વિ. સં. ૧૮૫૦ લગભગમાં નીકળી હતી. દિવાનજીએ દેવળ બંધાવી તેમાં માતાજીની મૂર્ત્તિ સ્થાપી. મેંણાવાડની પાસે એક **શ્રી મહાવીર ભગવાનનું** મોટું દેરાસર હતું. તે ખંડીએર થવાથી તે દેવળના ઘણાખરા પત્થરોનો માતાનું દેવળ બાંધવામાં ઉપયોગ કર્યો. શ્રી કેશરીયાજીના દેવળમાં પણ તે ખંડિએર મંદિરના પત્થરો બપમાં આવ્યા. દેવળમાં રંગ મંડપ અને આગળ છુટી જગ્યા છે. વીશહજાર ઉપર રૂપૈયા બર્ચીને દેવળ બંધાવવામાં આવ્યું હોય એમ જણાય છે. સરકાર તરફથી વાર્ષિક વર્ષાસન રૂા. ૧૭૫ આશરે મળે છે. આ દેવળ પહેલા સયાજીરાવ ગાયકવાડના દિવાન વિઠુબા હતા તેમણે ૧૮૮૫ માં બંધાવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોલતરામ કવિના દાદા ભગવાનદાસજીએ વિઠ્ઠળ દિવાનની તથા કાલીકાની કવિતા રચી છે તે અમને તેમણે બતાવી હતી.

વરાહસ્વરૂપનું મંદિર—શેઠ લલ્લુભાઇ કરમચંદના બંગલા પાસે, લાલ દરવાજાની લગોલગ વરાહ સ્વરૂપની મૂર્તિનું મંદિર છે. એક મૂર્તિમાં વિષ્ણુના દશ અવતારોનું આલેખન છે. આરસપાષાણની મૂર્તિ છે અને તે પૈસા વગેરેથી ખખડાવતાં ધાતુની પેઠે ખખડે છે. વિ. સં. ૧૮૬૦ લગભગમાં તે દેવળ નાનું બાંધવામાં આવ્યું હતું. પાછળથી જીર્ણ થવાથી વિ. સં. ૧૯૭૬ માં વડોદરા ગાયકવાડના દિવાન શ્રીયુત મનુભાઈ તેમની માતાજી સાથે વિજાપુરમાં આવ્યા હતા, ત્યારે તેમણે સરકારના ખર્ચે નવું દેરૂં બાંધવા હુકમ આપ્યો હતો, તે પ્રમાણે હાલ બંધાય છે. આ સાલમાં પ્રાયઃ પ્રતિષ્ઠા થશે. વરાહ સ્વરૂપના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં કંસારા સાકરચંદ નથુભાઈ, આગેવાનોમાંનો ભાગ લે છે.

મહાલક્ષ્મીનું દેવળ—લાલ દરવાજા પાસે શ્રીમાલીવાડામાં પ્રવેશતાં પ્રથમ જમણા હાથે પહેલાં મહાલક્ષ્મીમાતાની નાની દેરી હતી. વિ. સં. ૧૮૯૦ લગભગમાં તે નાની દેરી બાંધી હતી. વિ. સં. ૧૯૭૪ માં કંસારા શેઠ સાકરચંદ નથુભાઈ વગેરેએ ટીપ કરીને મધ્યમ ઘાટનું દેવળ બંધાવ્યું છે. માતાના મંદિરના ફરતી પડાળીઓ છે તે ધર્મશાળા તરીકે ખપમાં આવે છે. પહેલાં અંગ્રેજી શાળા ત્યાં બેસતી હતી. હાલ ત્યાં દુકાનોની ગોઠવણ કરી છે. મંદિર ખાતે બે ખેતર તથા એક દુકાન અને સરકાર તરફથી વાર્ષિક રૂા. ૩૨-૯-૦ વર્ષાસન મળે છે.

ખોડીયાર માતા—શ્રીમાલીવાડામાં–ખોડિયાર દેવીની મૂર્તિ છે. હિંદુઓએ ઓટલાપર તે મૂર્તિ બેસાડી છે.

સ્વામીનારાયણનું મંદિર—નવા કાશીપુરામાં સ્વામીનારાયણનું મંદિર છે. વિ. સં. ૧૯૨૫ લગભગમાં તે બનેલું છે. ત્યાં સ્વામીનારાયણ પંથના સાધુઓ ઉતરે છે. ત્યાં સ્વામીનારાયણની ચિતરેલી મૂર્તિ છે. તેની આગળ તેમના ભકતો સાંજરે આરતી ઉતારે છે. સુતાર વર્ગના ઘણા લોકો તથા બીજી જાતના લોકો સ્વામીનારાયણના પંથમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાધાકૃષ્ણનું મંદિર (રામજી મંદિર)—વિ. સં. ૧૯૦૬ લગભગનું દોશીવાડામાં રાધાકૃષ્ણનું મંદિર બંધાવેલું છે. તેમાં કૃષ્ણ અને રાધાજીની મૂર્તિ છે. ઝીલણા એકાદશી આવે છે ત્યારે ઠાકોરજીને ઉત્સવપૂર્વક ઝીલાવવા માટે વૈષ્ણવો લઈ જાય છે. સોનીઓ તે મંદિરના મુખ્ય આગેવાનો છે.

રણછોડજીનું મંદિર—બારોટ દામોદરદાસ મહોબતસીંગજીએ વિક્રમ સંવત્ ૧૮૫૬ લગભગમાં ભાટવાડામાં હવેલીના આકારે બંધાવ્યું છે. તેમાં ચાર ભુજાવાળી કૃષ્ણની મૂર્તિ છે. મંદિર બંધાવવામાં આશરે રૂા. ૫૦૦૦) ખર્ચ થયા છે. તેની સારવારને માટે દશ બાર ખેતર તથા દશ બાર આંબા વગેરે શામળદાસના વંશવાળાઓએ મૂક્યા છે.

[**બારોટ દામોદરદાસ મહોબતસિંઘ**—નો જન્મ ૧૮૧૦ લગભગમાં થયો હતો. તેઓ વિદ્વાન્ હતા. તેઓ વ્રજભાષામાં કવિતા સારી રીતે કરતા હતા. એમણે ઈડર રાજ્યમાં દીવાનગીરીનું કામ કર્યું હતું અને ઈડર રાજ્ય તરફથી તેમને સુરપૂર નામનું ગામ બક્ષિસ મળ્યું હતું. તેમજ પાલખી તથા હાથી તેમને આપવામાં આવ્યો હતો. દામોદરદાસના પુત્ર મોહનલાલ વ્રજભાષાના સારા કવિ હતા અને તેઓ અપુત્ર હોવાથી વિક્રમ સંવત્ ૧૯૨૭ ની સાલમાં ઈડર નરેશે તે ગામ ખાલસા કર્યું હતું. તે ગાયકવાડ સરકાર તરફથી ખિજાપુર તાલુકાનો ઇજારો પોતાને ઘેર લાવ્યા હતા. દામોદરદાસની હયાતીમાં ઈડરના રાજા તેમને ત્યાં આવતા હતા અને દશ પંદર દિવસ તેમને ત્યાં રહેતા હતા. તેવી તેમની જાહોજલાલી હતી. દામોદર મહોબતસિંગે માલોસણના રસ્તે એક ગાઉ પર એક કુવો બંધાવ્યો છે તે મુસાફરોને પાણી પીવા માટે બંધાવ્યો છે. તેના નિભાવમાટે ગોર રામશંકર વલ્લભને ત્યાં બે ખેતર ધર્માદા મૂક્યાં છે તેની ઉપજમાંથી ઉન્હાળામાં પાણીની પરબ બેસાડવામાં આવે છે.]

ભાદાણિ ભાટવાળાનું મંદિર:—શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના દહેરાસરની પાસે ભાદાણીવાળાનું મંદિર છે. તેમાં રામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લક્ષ્મણ જાનકીની મૂર્તિઓ છે અને માંહે પેસતાં જમણા હાથે મહાદેવની ન્હાની દેરડી છે. તે વિક્રમ સંવત્ ૧૯૨૬ ની સાલમાં બારોટ ડુંગર ભક્તિએ કરાવ્યું છે અને તેના નિભાવાર્થે તેમના તથા તેમના કુટુંબીઓ તરફથી આઠ દશ ખેતર મૂકવામાં આવ્યાં છે, તથા આઠ દશ ઝાડ પણ મૂકવામાં આવ્યાં છે, તેમાં રામાનુજ સંપ્રદાયના સાધુ રહે છે. બારોટ ડુંગર ભક્તિ લાખ રૂપીઆના આશામી હતા, અને તેઓ ધીરધારનો વ્હેપાર કરતા હતા. ભાદાણીવાલા ભાટલોકોની કુળદેવી વિંઝવાસીણી માતા છે. મંદિર પાસે ભાદાણિ ભાટ વર્ગનો એક ચોરો છે, ત્યાં ઘણા લોકો બેસે છે અને પરગામી પરોણા તથા જાનો વગેરે ત્યાં ઉતરે છે. ભાદાણિ ભાટ લોકો ઈડર રાજ્યમાં ડુંગરી ભદ્રેસરમાં રહેતા હતા ત્યાંથી તેઓ વિક્રમ સોળના સૈકામાં વિજાપુર આવ્યા હતા. બારોટ ડુંગર ભક્તિએ વિજાપુરથી સંધપુર જતાં રસ્તામાં ઉનાળામાં પાણી પીવા માટે ક્યિાળી બંધાવી છે.

છબીલા હનુમાનજીનું મંદિર:—બારોટ આરત અમુલેખે વિ. સંવત્ ૧૮૩૦–૪૦ લગભગમાં ભાટવાડામાં બંધાવેલું લાગે છે અને તેની પાસે એક ધર્મશાળા છે, જેનો બારોટ લોકો બેઠક તરીકે ઉપયોગ કરે છે અને સાધુ સંતો ત્યાં ઉતરે છે. વિજાપુરના બ્રાહ્મણોને ચોરાસી જમણ વગેરે કાર્યો કરવાં હોય તો ત્યાંજ બેસીને પંચની રજા લે છે. બારોટ વર્ગ તેનો કારભાર કરે છે તેનો જીર્ણોદ્ધાર પણ બારોટો તરફથી થાય છે.

લક્ષ્મીનારાયણનું મંદિર:—ભાટવાડામાં બારોટ વ્હાલા મોકમજીએ વિ. સંવત્ ૧૮૫૩માં બંધાવ્યું છે. તેની પ્રતિષ્ટા ૧૮૫૬માં થઇ છે. તેના ત્રણ માળ છે. તે બંધાવતાં રૂા. ૧૦૦૦૦) અંકે એકલાખ ખર્ચ થયું જણાય છે. તેમાં લક્ષ્મીનારાયણ તથા મોરલીધરની મૂર્તિઓ છે તથા રામલક્ષ્મણ અને જાનીકીની મૂર્તિઓ છે. ગરૂડ તથા અંબીકાની મૂર્તિઓ પણ તેમાં છે. બારોટ વ્હાલા મ્હોકમ ત્રણ ચાર લાખ રૂપીઆના આશામી હતા. તેમને અહમદનગર તરફથી ડેમઇ તથા મોડાસા રાજ્ય તરફથી ભેરૂંડા ગામ મળ્યાં હતાં. તેમણે લસુંદરાના ઉન્હા કુંડ બંધાવ્યા હતા તેમજ મસીઆ મહાદેવની વાવ બંધાવી હતી, તથા મોરણીની નદીનો ઘાટ બંધાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આખચોકનું મંદિર:—બારોટ ભઈબા ઘેમરસીંઘે વિ. સં. ૧૯૩૦ ના જેઠ શુદિ ૧૦ એ આખચોકના મંદિરની પ્રતિષ્ટા કરી હતી. તેના નિભાવ માટે બીજા બારોટો તરફથી ખેતર અને ઓડા અર્પણ કરવામાં આવેલાં છે. જેની વાર્ષિક પેદાશ આશરે રૂા. ૧૦૦૦) લગભગની છે. મંદિરમાં પૂજાને માટે બાવાઓ રાખેલા છે તેમાં વિદેશી યાત્રાળુઓ તથા નાગા બાવાઓ ઉતરે છે. આખ ચોકમાં મંદિર છે અને તેની પાસે ધર્મશાળા છે તેને ફરતો ચારે તરફ કોટ છે, તેમાં ઇશ્વરદાસજી નામના એક પ્રસિદ્ધ મહાત્મા ઉતરતા હતા અને તેમની સાથે ઘણા નાગા બાવાઓ આવતા હતા. બારોટ ભઈબા ઘેમરસીંગજી જસાજી બે લાખ રૂપીઆના આશામી હતા, તેમને ઇડરના રાવ તરફથી ભેરૂડ તથા ડેમઇ એ બે ગામમાં પાંતી મળી હતી. જોધપુરના રાજા તરફથી ખુડહીઉ તથા શીયાટ–બે ગામ બારોટ ભઈબા ઘેમરજી તથા વાઘજી ઘેમરજીને મળેલાં હતાં. બારોટ *વાઘજી ઘેમરમાં ત્રીકમજી વાઘજીનું કુટુંબ ગણાય છે. હાલ ત્રીકમજીના ચિ. રામપ્રતાપ છે. તેમણે મ્હોટા મંદિરથી ઉગમણો રામાનુજકોટ કરાવ્યો છે તેમાં રામાનુજ પંથના એક સાધુ રહે છે. ત્રીકમજી વાઘજીનું કુટુંબ ત્રણ ચાર લાખ રૂપીઆનું આશામીવાળું ગણાય છે. તેમની જોધપુર રાજ્યમાં સરદાર પંક્તિમાં

---

* બારોટ વાઘસિંહ ઘેમરસિંઘ—વિ. સં. ૧૯૦૮ માં જોધપુરના મહારાજા તખતસિંહે બારોટ વાઘસિંહજીને જોધપુરના રાજ્યમાંનું સિયાટ અને ખુટકિયા એ બે ગામ જાગીરીમાં આપ્યાં. અને તાજમી સરદારો તરીકેના પ્રતિષ્ટા માન આપીને વાઘસિંહજીને તેમના જનાનામાં પગે પહેરવાનું સોનું આપ્યું. નગારૂં નિશાન ચોપદાર પાલખી મહોર શિક્કો અને હાથીની બક્ષીસ આપી. જોધપુરમાં તેમનું મકાન લાખ રૂપૈયાનું છે. તેમની બક્ષીસ વગેરે જોધપુરના રાજ્યમાં કાયમ છે. બારોટ વાઘજીના બે પુત્ર પૈકી મોટા બારોટ ત્રિકમસિંહજી અને બીજા પુત્ર બારોટ વ્રજલાલભાઇ છે. બારોટ ત્રિકમજીભાઇના પુત્ર મોટા રામપ્રતાપ છે અને હામોદરભાઇ ગુજરી ગયા છે. હામોદરભાઇના બે પુત્ર છે. બારોટ વ્રજલાલભાઈના બે પુત્ર છે. મોટા પુત્ર બારોટ બાપુલાલ ભાઈ છે અને લઘુપુત્ર રઘુનાથ છે. આખું કુટુંબ દાતાર અને પ્રતિષ્ટિત છે તથા ગામમાં મોભાદાર તરીકે ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેઠક છે, બાબચેાકની પાસે એક અંબિકા માતાનું દેવળ છે. બારેાટ ત્રિભુવન પ્રલ્હાદજીએ વિ. ૧૯૪૮ માં બંધાવ્યું છે.

શામળાજીનું મંદિર—ભાટવાડામાં શામળાજીનું મંદિર છે. તે બારેાટ લીલાભાઈ જેઠીદાસે વિ. સં. ૧૯૦૨ માં બંધાવ્યું છે.

મેારલીધરનું રાધાકૃષ્ણનું મંદિર અથવા (જગાનું મંદિર)—બારેાટ દામેાદર મહેાબતસિંઘે ભાટવાડામાં આ મંદિર વિ. ૧૮૮૧ માં બંધાવ્યું. જોશી સદારામ નરસિંહે તેનેા સ્વખર્ચથી ઉદ્ધાર કર્યો છે. હાલ તે જોશી સદારામના તાબે છે.

દ્વારકાધીશનું મંદિર—ભાટવાડામાં બ્રાહ્મણ પ્રભુરામ જેઠારામ દવેએ વિ. સં. ૧૯૬૨ (૫૨ ?) માં દ્વારકાધીશની હવેલી બંધાવી તે તેમના તાબે છે.

મસીયાના માર્ગમાં અંબાજીનું મંદિર—બારેાટ ભાઇબા ઘેમરસિંઘે આ મંદિર વિ. સં. ૧૯૨૫ લગભગમાં બંધાવ્યું. દેરી નાની છે અને તેની પાસે વડ છે. બહાર ઓટલેા છે.

રામદેવજીનું મંદિર—કુંડવાળા તળાવ પાસે ભાટવાડાના આરા પાસે રામદેવજીની દેરી છે, અને એક ઓરડી છે તેમાં બાવેા વગેરે આવીને ઉતરે છે. પાસે બાવાની ધુણીની પતરાંવાળી જગ્યા છે. તેમાં ગરીબ ફકીર સાધુ પડી રહે છે.

લાડેાલના રસ્તા પર અંબાજીનું મંદિર—લાડેાલના માર્ગ પર અંબાજીનું મંદિર છે. વિ. સં. ૧૮૯૦ માં નાની દેરી હતી. વિ. સં. ૧૯૨૦ લગભગમાં મેાટું મંદિર બંધાવવામાં આવ્યું છે.

બારેાટેાનેા મેાટેા ચેારેા—વિ. સં. ૧૮૧૩ માં બારેાટ થેાભણજી અમરસિંઘે દરજીઓની પાસેથી જમીન વેચાતી લઇ બંધાવ્યેા છે અને તે શામળાવત, દેવાણી, શેરડી અને માઢ એ ચાર વેાળેાના બારેાટેાને અર્પણ કર્યો છે. તેમાં બસેં–ત્રણસેં માણસેા રહી શકે એમ છે. ત્યાં એક નેાકર રહે છે, અને તે બારેાટેા તરફથી કુતરાં ખાતે ખેતરેા મૂકાયલાં છે તેની વાર્ષિક ઉપજ ચારસેં રૂપૈયાની છે, તેમાંથી અનાજ લઇ રેાટલા કરાવી કુતરાંને નાખે છે. સાંથનેા ઓટલેા છે તેની હકીકતેા બનાવી બારેાટેા તરફથી કુતરાં બાંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ છે. તે એટલો મોટો હતો અને તે બારોટોને કુતરાં ખાતે આપેલો છે. (વિ. ૧૯૭૭) તે એટલા પર દુકાનો થઇ છે. બારોટ શેાભણજીએ બાબચેાક પાસે આવેલી હુંબડ કુઇને બંધાવી છે. તે પચ્ચાસ હજાર રૂપૈયાના આશામી હતા. ભાદાણીવાળા બારોટોનો નાના ચેારો છે તે વિ. સં. સત્તરમા સૈકામાં બન્યેા છે.

રામ લક્ષ્મણનું મંદિર—બારોટોના મેાટા ચેારાની પાસે ઘરમંદિરના આકારે રામજી મંદિર છે. બારોટ જેઠાભાઈ સાંકળાભાઇએ વિ. સં. ૧૮૯૦ લગભગમાં બંધાવ્યું છે અને તેમાં રામ, લક્ષ્મણ, જાનકીની મૂર્તિ છે, તે મંદિર ખાતે બે ખેતર અને એક આંબેા છે.

વેરાવાસણ—અઢારમા સૈકાના મધ્યભાગમાં વેરા અને વાસણ બે પરાં વસ્યાં, હાલ તે બન્ને પરાં એક થયાં છે

યદુરામનું મંદિર—વિ. સં. ૧૯૧૦ લગભગમાં યદુરામનું મંદિર થયું. તેમાં કૃષ્ણની મૂર્તિ છે. ગાયકવાડ સરકાર તરફથી દરસાલે વર્ષાસનના રૂા ૧૨૦) મળે છે. યદુરામ વડનગરના મેાઢ બ્રાહ્મણ કવિ હતા. ને ભજનેા રચતા હતા. તે અહીં ઘણી વખત ભજન કરવા આવતા હતા તેથી તે નામથી યદુરામનું મંદિર પ્રસિદ્ધ થયું છે.

આનંદેશ્વર મહાદેવનું દેવળ—વિ. સં. ૧૮૯૦ લગભગમાં બંધાવ્યું હતું. તે નાનું ઘરદેવળ તરીકે હતું. વિ. સં. ૧૯૭૮માં ભટ્ટ મેવાડાની નાત તરફથી તેનેા જીર્ણોદ્ધાર થયેા. રણછોડ નરસિંહે રૂા ૨૫૦૧) આપ્યા તથા બ્રાહ્મણ શેઠ, લલ્લુભાઈ ગિરધરે રૂા ૩૬૦૦) આપ્યા. બાકીનું નાત તરફથી ખર્ચ થયું હતું.

બ્રાહ્મણ ઝવેરી લલ્લુભાઈ ગિરધરભાઇ—તે મુંબઈમાં ઝવેરાતનેા વેપાર કરે છે, બે ત્રણ લાખ રૂપૈયાની આશામી થયા છે. તેમણે વિ. સં. ૧૯૭૪ ના દુકાળમાં વિજાપુરમાં અનાજની દુકાન કાઢી હતી અને ગરીબોને ઓછા ભાવથી અનાજ આપતા હતા. તેમણે અંગ્રેજીશાળામાં સાત હજાર રૂપીયા આપ્યા છે. તેમણે કન્યાશાળાનું મકાન બંધાવવામાં સાત હજાર રૂપૈયા આપવા કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવિકા દિવાળી બ્હેનનો ચબુતરો—જૈન શ્રાવિકા દેશાયણ દિવાળીબાઇએ વેરાવાસણમાં ચબૂતરો કરાવ્યો છે તે પર નીચે પ્રમાણે લેખ છે. "દેશાઇ અમથાલાલ સાંકળચંદની વિધવા ઓરત દિવાળી બાઇએ એક ચબુતરો બંધાવી, કાયમ રકમ કબુતરોને અનાજ માટે આપી છે તે પાસે એક ઓરડો ચોપાડવાળો બંધાવી સાર્વજનિક ધર્માદા મૂકયો છે." દિવાળી બાઇએ જૈન વિદ્યાશાળામાં જૈન વિદ્યાર્થિઓને ભણાવવા મદદ કરી હતી. પાઠશાળામાં એક ઓરડો માલ સહિત બંધાવ્યો છે. ઇત્યાદિ અનેકધર્મકાર્યમાં સહાય કરી છે.

વેરાવાસણમાં પહેલાં દેશાઇઓનું જોર હતું અને તેઓ ઘણા સુખી હતા—વતનદાર હતા. હાલતો કેટલાક બ્રાહ્મણો વ્યાપારમાં વળગવાથી શેઠ લલ્લુભાઇ ગિરધર તથા વિઠ્ઠલભાઇ તથા પુરૂષોત્તમ લજ્જારામ વગેરે ધનવંત થયા છે. શેઠ, લલ્લુભાઇ ગિરધરભાઇ હાલ સરકારી જાહેર શુભ ખાતામાં ધનની મદત આપી સ્વનામની યાદી ચિરંજીવ કરે છે.

ચૌટાનો ચબુતરો—ચૌટા વચ્ચોવચ્ચ ચબુતરો છે તે પર વિ. સં. ૧૮૯૮નો લેખ છે. તે મહાજને બંધાવ્યો છે. તેનો મહાજન વહીવટ કરે છે. કબુતરોને દાણા નાખવા માટે તે બંધાવેલ છે. તેને કોઇ નુકશાન કરે તેને ગધેડે ગાળ પાળીયાપર લખી છે, હાલમાં તે પર દાણા નાખવાને માટે ચડવાની એક લોઢાની નિસરણી કરાવી છે. દોશી નથુભાઇ મંછાચંદ, મંછારામ લવજી વગેરે તેનો વહીવટ કરતા હતા, તથા મંછારામ મૂલચંદ તેનો વહીવટ કરતા હતા. હાલ માલીવાડાના આગેવાન જૈનો તેનો વહીવટ કરે છે. ચબુતરાખાતે થોડા ઘણા રૂપીયા છે, હાલમાં અમારા ઉપદેશથી તેની મરામત કરાવવામાં આવી છે, વેરાવાસણમાં દીવાળીબાઇએ ચબુતરો કરાવ્યો છે સાથમાં પણ કબુતરોને દાણા નંખાય છે, એ રીતે દોશીવાડાના લીમડે, પાંજરાપોળમાં, અને ભાટવાડામાં અનાજ નખાય છે તથા પાંજરાપોળમાં અને ભાટવાડામાં કુતરાઓને રોટલા નખાય છે.

ખોડાં ઢોરોની પાંજરાપોળ—વિ. સં. ૧૯૪૦ માં શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાથીભાઇ મલુકચંદ, દોશી ભવાન મૂલચંદ, મલુકચંદ વીરચંદ વગેરેએ આગેવાનીભર્યો ભાગ લેઇ ખોડાંઢોરોની પાંજરાપોળ બંધાવી હતી. શેઠ ઉમેદચંદ ઝવેર કાંટાવાળાએ વિ. ૧૯૦૫ થી ૧૯૨૫ સુધી પાંજરાપોળનો કારભાર કર્યો હતો. વિ. સં. ૧૯૨૫થી વિ. ૧૯૭૧ સુધી કોટડિયા શેઠ હાથીભાઇ વખતચંદે પાંજરાપોળનો કારભાર કર્યો હતો. વિ. સં. ૧૯૬૭માં દુષ્કાળ પડવાથી શેઠ મગનલાલ કંકુચંદ તથા કોટડિયા મંગળભાઇએ આ લેખકની પાસે આવી મુંબઇ ટીપ કરવા સદુપદેશની પ્રાર્થના કરી હતી, તેથી ત્યાં લાલબાગમાં તથા ઝવેરીબજારમાં ફંડ એકઠું કર્યું હતું. તેમાંથી પાંજરાપોળમાં મકાન વિગેરેમાં સુધારો કરવામાં આવ્યો છે. સંવત્ ૧૯૭૧ થી તે સં. ૧૯૭૪ સુધી કોટડિયા મંગલભાઇ મગનલાલે પાંજરાપોળનો વહીવટ કર્યો. પાંજરાપોળની જગ્યા અસલ એક દોશી જૈનની હતી. તેણે જગ્યા તથા રૂપૈયા આપ્યા. અને શેઠ હાથીભાઇ મલુકચંદ વગેરેએ બંધાવવા માંડી.

લાલ દરવાજાની પાસે સંગપુર મહુડીના રસ્તાપર પાંજરાપોળનું ભવ્ય મકાન છે. અંદર એક કુવો છે તથા મોટું ચોગાન છે. ચારે તરફ ફરતી પડાલીઓ છે. મંગળભાઇના મૃત્યુ પછી સં. ૧૯૭૪ ની સાલથી જૈનમહાજન કમિટી નીમવામાં આવી છે તેના પ્રમુખ શા. કેશવલાલ ખુશાલદાસ છે. મહેતાજી તરીકે એક બ્રાહ્મણ પગારદાર છે. ખોડાં પશુઓ ગાયો, પંખીઓ, હરણીયાં, સસલાં વગેરેને સારી સહાય મળે છે દોશીવાડાના જૈનો મુખ્યત્વે કમિટી દ્વારા તેનો વહીવટ કરે છે. નોકરોથી કામ લેવામાં આવે છે. પાંજરાપોળના અંગે ખેતરો તથા હુકાનો જૈનો તરફથી આપવામાં આવી છે. વહીવટ એકંદર સારીરીતે ચાલે છે.

જૂની ખોડાં ઢોરાંની ધર્મશાળા—દેવરામ કાશીરામની હવેલીના સામી અઢારમા સૈકાની ખોડાં ઢોરોની ધર્મશાળા હતી. દશા પોરવાડ શ્રાવિકા ઉગરી ભંડારેણે અઢારમા સૈકામાં ખોડાં ઢોરાંની ધર્મશાળા બંધાવી હતી. સંવત્ ૧૮૫૦ લગભગમાં વેરાવાસણમાં પેસતાં ડાબી તરફ જગ્યા પડેલી છે તે જગ્યામાં ઉગરી ભંડારેણ શ્રાવિકાએ ધર્મશાળા બંધાવી હતી. હાલ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગ્યાએ ધર્મશાળા પડી ગઈ છે તે લહુડી પોશાળ ગચ્છના જૈનોના તાબે છે. ઘાંચી કુંભાર ધોબી વગેરેમાં ઉગરી શ્રાવિકાએ પાખીઓ પળાવી હતી તે ઘણીખરી હાલ સુધી પળે છે. જૂની ખોડાંઢોરોની ધર્મશાળાની જગ્યાએ હાલતો લોકોએ ઘરો બંધાવ્યાં છે.

રામબાગ–વિજાપુરથી ગામ ગવાડાના માર્ગે રામબાગ પ્રસિદ્ધ છે. કેટલાક દશા પોરવાડ વૈષ્ણવો અને બારોટોની મદદથી રામબાગનું મંદિર કરવામાં આવ્યું છે. વિ. સં. ૧૯૨૦–૨૫ લગભગમાં તૈયાર થયું છે. જૂનું મંદિર પાડીને વૈષ્ણવોએ નવું મંદિર રાધાકૃષ્ણનું બંધાવ્યું. વિ. ૧૯૬૮માં અને વિ. ૧૯૭૮માં બીજું મંદિર કર્યું છે અને વૈષ્ણવ દેશાઈઓએ ત્યાં રાધાકૃષ્ણની મૂર્તિ જુના મંદિરમાંથી લાવીને પધરાવી છે. રામબાગના મંદિરખાતે આઠ દશ ખેતરો છે. ત્યાં પહેલાં વૈષ્ણવ સાધુ રહેતા હતા. વૈષ્ણવ સાધુ કૃષ્ણદાસજીએ તે મંદિર બંધાવવાનો ઉપદેશ દીધો હતો. તેની પાસેનું ખેતર અમદાવાદના શેઠ હઠીસંગ કેશરીસંગે વેચાતું લઈ મહાજન ખાતે મૂકયું છે. મહાજન તરફથી માળી વાવતો હતો પાછળથી તેણે માલીક બની અન્યને વેચી દીધું.

શંકરાચાર્યનો મઠ—રામબાગની પાસે શંકરાચાર્યનો વિશાળ મઠ છે. હાલ તેનો વહીવટ બ્રાહ્મણ મગનલાલ ખુશાલ કરેછે.

ધર્મશાળાઓ.

જ્ઞાતિની ધર્મશાળાઓ—મકરાણી દરવાજા પાસે ભટ્ટ મેવાડા બ્રાહ્મણોની ધર્મશાળા વિ. સં. ૧૯૨૦ લગભગમાં બંધાવવામાં આવી છે. પંડ્યા રૂગ્નદેવે તે બંધાવી છે. તેં મધ્યે એકલિંગજી મહાદેવનું દેવળ છે. તેમણે મેવાડા જ્ઞાતિને અર્પણ કર્યું છે.

ગોરાદેવીના કુવા પાસે શુકલ બ્રાહ્મણ વર્ગની ધર્મશાળા વિ. સં. ૧૯૪૦ લગભગમાં બંધાવેલી હતી પણ તે પડી ગઈ છે. શ્રીમાળીવાડામાં સુતારોની વાડી છે. વેરાવાસણના નાકે હજામ વર્ગની નાતવાડી છે. તળાવથી આગળ જતાં દેવપરાના માર્ગમાં બારોટાણી સતીની છત્રી છે. ત્યાં બારોટ હાથી ગિરધરની પાછળ તમની સ્ત્રી સતી થયાં હતાં.

મુસાફરો માટે ધર્મશાળા—વિ. સં. ૧૯૬૦ માં શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચુનીલાલ નરશીંહ મણીયારે પોતાના પિતાના સ્મરણાર્થે મુસાફ્રરોને ઉતરવા માટે ધર્મશાળા બંધાવી છે. સ્ટેશનની નજીક હોવાથી આસપાસના ગામોના મુસાફ્રરોને રાતવાસો રહેવા માટે તેનો સારો ઉપયોગ થાય છે,

મહે(મસે)શ્વર મહાદેવ—વિજાપુરથી એક ગાઉપર આગલોડ જતાં મસિયા મહાદેવનું દેવળ છે. ત્રણસેં વર્ષનું જૂનું છે. દેવળ પાસે બારોટ વાલા મહોકમે બંધાવેલી વાવ છે. પાસે ફ્રરતી ધર્મશાળા છે. ગાયકવાડ સરકાર તરફ્થી દેવળ ખાતે વર્ષાસન અપાય છે. પહેલાં ત્યાં સારો ભગીચો હતો. કૃષ્ણ જન્માષ્ટમીના દિવસે ત્યાં આજુબાજુના ગામોના લોકોનો મેળો ભરાય છે. ત્યાં બાવાઓ રહે છે. હાલમાં ત્યાં ગિરનારી નામનો અતીત–બાવો રહે છે.

વાવ, વાવડી:—અમદાવાદની ભાગોળે વાવડી નામનું ક્ષેત્ર છે તેમાં વાવડી છે. હાલ જે ખુલ્લો જણાય છે તે વાવનો સાતમો કોઠો છે, એમ લોકો કહે છે. બાકીના કોઠા ઉત્તર દિશા તરફ્ છે; તે પૂરી દેવામાં આવ્યા છે, તે,–તે તરફ્ના માર્ગને દેખતાં જણાય છે. ચુનીલાલ મણિયારની ધર્મશાળા પાસે એક આંબલી હતી ત્યાં સુધી વાવ લંબાતી હતી ત્યાં તે પૂરી દીધેલી છે. ત્યાં હાલ પત્થરની ચાટ પડેલી છે. સોલંકી રાજાઓ અગર વાઘેલાના વખતની તે વાવ હતી એમ વૃદ્ધ સંપ્રદાયથી સંભળાય છે.

બીજી એક વિજલદેવ પરમારના વખતની વાવ હતી, જે વિજલદેવ પરમારે કરાવી હતી. પહાડાના રસ્તે શેખુશા પીરના કબ્રસ્તાનથી દક્ષિણ દિશાનું ખેતર છે તે ખેતરમાં વાવ છે. અહીંના વૃદ્ધ જીવતા શેઠ સૂરજમલ્લ કહે છે કે મારી પન્નર વર્ષની ઉમરે તે જગો ખોદી હતી ત્યારે ત્યાં વાવ હતી, એમ નજરે જોયું હતું પણ પાછી તે પૂરી દેવામાં આવી હતી. વિજલદેવ પરમાર રાજાની રાણીઓ, તે વાવમાં સ્નાન કરતી હતી એમ વૃદ્ધ લોકો કહે છે; તેના પણ સાત કોઠા હતા.

કુંડ તળાવ—વિજાપુરની ઉગમણી દિશાએ એક મોટું તળાવ છે અને તેની વચ્ચોવચ્ચ એક પ્રાચીન કુંડ છે. તે રત્નાદિત્ય રાજા કે જે ચાવડા વંશનો થયો તેણે બંધાવ્યો હતો એવો કુંડપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખ વિ. સં. ૧૯૪૮ માં (તે કુંડ દટાઇ ગએલો પણ પાછો ઝાલ્યો તે વખતે) અમોએ તથા દેશાઇ ડાહ્યાભાઇ નથુભાઇએ વાંચ્યો હતો. પાછળથી તે લેખ ઘસાઈ ગયો છે. એક વિજલદેવ રાજાના વખતનો લેખ હતો તે પણ ઘસાઈ ગયો છે. કુંડનો ગામના લોકો ઉપયોગ કરે છે.

સરકારી દવાખાનું—કચેરી પાસે બજારમાં સરકારી દવાખાનું સરકારના ખરચથી ચાલે છે. તેનું તથા દવા તથા પગાર-દારોનું વાર્ષિક ખર્ચ આશરે રૂ ૩૦૦૦)નું છે. દવાખાનું વિક્રમ-સંવત્ ૧૯૩૦ લગભગમાં શરૂ થયું છે.

સરકારીકચેરીઓ—વહીવટદાર, મુન્સફ, અને ફોજદારની એમ અનુક્રમે ત્રણ કચેરીઓ છે. તે વિક્રમસંવત્ ૧૯૪૮ માં બાંધવામાં આવેલી છે. પૂર્વે જ્યાં જૂની કચેરીઓ કે જે મરાઠાઓના પહેલાં બાદશાહી વખતની હતી તે પાડી ત્યાં વિ. ૧૯૪૮ માં નવી કચેરીઓ બાંધી છે. (તેમાંથી ઓદતી વખતે જૈનપ્રતિમા એક નીકળી હતી.) તેનું ખર્ચ આશરે નીચે પ્રમાણે છે. મુન્સફ કચેરીનું ખર્ચ રૂ. ૧૮૮૫૮) અને વહીવટદાર તથા ફોજદાર બે કચેરી લેગી છે તેનું ખર્ચ રૂ. ૩૯૮૪૫)

સરકારી શાળાઓ—એક અંગ્રેજી શાળા સરકાર તરફથી વિ. સંવત્ ૧૯૬૬ લગભગમાં સ્થાપવામાં આવી. તે પહેલાં ગુજરાતી શાળાના અંગે એક અંગ્રેજી માસ્તર ઈંગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કરાવતા હતા. હાલ પાંચ ધોરણો છે. સદરહુ અંગ્રેજી નિશાળ શેઠ લલ્લુભાઈ ગીરધરલાલના બાપના નામથી ચાલે છે. કારણકે તેમણે વિક્રમ સંવત્ ૧૯૭૬-૭૭માં પાંચમુ ધોરણ કાયમ કરવા માટે રૂ ૮૦૦૦)ની સખાવત કરી હતી. હાલની અંગ્રેજીશાળા પહેલાં જ્યાં ઢેડવાડો હતો ત્યાં બાંધવામાં આવી છે. તેનું ખર્ચ આશરે રૂ ૧૦૦૦૦) થયા છે, અંગ્રેજી શાળાના અંગે એક સરકારી કસરત માસ્તર છે અને સરકાર તરફથી કસરતના કેટલાંક સાધનો રાખવામાં આવ્યાં છે.

ગુજરાતી શાળા—ગુજરાતી શાળા બાત્રી કુવા પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સથવારાઓના ઘરોથી આથમણી દિશાએ નવેસર ઈ૦ સન. ૧૯૦૭–૮ની સાલમાં બાંધવામાં આવી છે. તેનું ખર્ચ આશરે રૂ ૧૫૦૦૦) થયું છે. પહેલાં છોકરાઓની શાળા પટવાવાડમાં પાડેચીઆના મકાનમાં હતી. તે પૂર્વે મકરાણી દરવાજે કૃષ્ણારામના ડહેલામાં હતી અને તે પૂર્વે ભટ્ટ મેવાડાબ્રાહ્મણોની ધર્મશાળામાં હતી, અને તે પહેલાં હાલમાં જ્યાં બાદરવાડી છે ત્યાં હતી. આશરે સંવત્ ૧૯૩૦–૩૫માં ગુજરાતી સરકારી શાળા સ્થાપવામાં આવી હતી. તે પહેલાં જૂની પદ્ધતિની યા ગામઠી ધનેશ્વર પંડ્યા અને ચકલ પંડ્યાની નિશાળો હતી. હાલમાં અમથારામ બ્રાહ્મણ એક નાના છોકરાઓની ગામઠી નિશાળ ચલાવે છે.

કન્યાશાળા—વિજાપુરમાં કન્યાશાળા વિક્રમ સંવત્ ૧૯૪૦ લગભગમાં સ્થાપવામાં આવી છે. હાલ તે પટવાપોળમાં છે.

ઉર્દુશાળા—સદરહુ શાળા ગુજરાતી છોકરાઓની શાળાની સાથેજ સ્થાપવામાં આવી હતી, હાલ તે મગન દેસાઇના માઢમાં છે. પહેલાં મુસલમાન બાળકોને કાજી લોકો જૂનીપદ્ધતિ પ્રમાણે કેળવણી આપતા.

ઉર્દુ કન્યાશાળા—સદરહુ શાળા વહોરાવાડમાં છે.

અંત્યજશાળા—ઢેડાઓની નિશાળ સ્ટેશન જતાં મુમનવાડામાં છે. સંવત્ ૧૯૬૮ની સાલમાં તે શાળા સ્થાપી હતી. ત્યાં ઢેડ ભંગી વિગેરેનાં બાળકો ભણે છે.

બોર્ડીંગ—શેઠ મગનલાલ કંકુચંદની બોર્ડીંગ સં. ૧૯૭૨ ની સાલમાં સ્થાપવામાં આવી છે. સરકારની સત્તા વિના શેઠ મગનલાલ કંકુચંદ તરફથી સદરહુ સંસ્થા સ્વતંત્ર ચાલે છે. તેમાં આશરે વીસથી પચીસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા રહે છે. તે બોર્ડીંગ અંગ્રેજી શાળાના અંગે છે.

પોષ્ટ ઓફીસ—દોશીવાડામાં એક પોષ્ટ ઓફીસ છે. તે સંવત્ ૧૯૨૫ માં શરૂ કરવામાં આવી છે. તેનું મકાન જૈનદેરાસરનું છે.

સ્ટેશન—અત્ર વિ૦ સંવત્ ૧૯૫૭ માં આગગાડીનું સાધન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરૂ થયું. જેને વિજાપુર કલોલ લાઈન કહે છે. એક સ્ટેશન અને એક તારમાસ્તર ત્યાં રાખવામાં આવ્યા છે.

રેસ્ટ હાઉસ—સરકાર તરફથી સરકારી અમલદારોને ઉતરવા માટે સદરહુ મકાન વિ૦ સંવત્ ૧૯૬૮ માં બાંધવામાં આવ્યું છે. સ્ટેશને જતાં સ્ટેશન નજીક આ મકાન છે.

પોલીસ લાઈન—સ્ટેશન તરફ જતાં અમદાવાદી ભાગોળે પોલીસ લોકોને રહેવા સરકારીમકાન બાંધવામાં આવ્યું છે, ત્યાં ફોજદાર વિગેરે રહે છે અને તે પોલીસ લાઈનની પાસે એક જકાતને માટે નાની ઓરડી છે.

લાઇબ્રેરી—વિજાપુરમાં સાર્વજનિક સરકારી લાઇબ્રેરી છે. તે સન ૧૯૧૩–૧૪ માં સ્થાપવામાં આવી. તેમાં પુસ્તકો આશરે ત્રણ હજારના આશરે છે.

વિજાપુરમાં થઇ ગયેલા બારોટકવિયો.

[વિજાપુરમાં બારોટ કવિયો કે જેઓ વ્રજભાષામાં કવિતા કરતા હતા તેઓમાંના કેટલાક કવિઓની યાદી નીચે પ્રમાણે લખવામાં આવે છે.]

કવિ બહેચર જશાજી—તેમને માલપુર રાજ્ય તરફથી પીપલાણું ગામ ઇનામમાં મળ્યું હતું. તે સારા કવિ હતા. તેમની કવિતાઓ કેટલીક હજુ બારોટ કવિઓ ગાય છે.

કવિ બારોટ ડુંગર નાથજી—વિ. ઓગણીશમા સૈકાના અંતમાં થયા. તેમણે નિર્ગુણી તથા સગુણી કવિતાઓ લખી છે. તે રામસ્નેહી પંથના હતા. તેમની કવિતાની ચોપડી હાલ હયાત છે. બૃહદ્ દોહન કાવ્યના પાંચમા ભાગમાં પત્ર ૭૬૯–૭૦ માં તેમની કવિતાઓ છપાઈ છે.

કવિ બારોટ ભગવાનદાસ લખાભાઇ—વિ. સં. ૧૯૧૯ માં તે મરણ પામ્યા હતા, તેમના પિતા લખાભાઇને ઇડરના રાજાએ વાડોલ ગામ ઇનામમાં આપ્યું હતું–મહીકાંઠા એજન્સીની દોસ્તી બંધાઈ તેમાં સોળકલમી રાજા ઠાકોરોના જામીન થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફૂલમંત્રી સાહેબે રાસમાળા લખી તેમાં ભગવાનદાસે સારી મદદ કરી હતી. દલપત કાવ્યના બીજા ભાગનાં પત્ર ૯૭–૯૮–૯૯ સુધી પ્રશ્નોત્તર ગુજરી કાવ્ય છે તેમાં ભગવાનદાસનું નામ છે. ગવરમેન્ટ ઓફીસોમાં તથા રાજારજવાડાઓમાં ભગવાનદાસને ખુરશીની બેઠકનું માન હતું. દલપત કાવ્ય અં. ૮ પત્ર ૯૯ માં આ હકીકત જણાવી છે; તે ઈડર રાજ્યના કવિ હતા. તેમને ઇડર નરેશ કેશરીસિંહ તરફથી ખુરશીનું માન તા. ૫–૧૦–૧૮૯૫ માં એનાયત કરવામાં આવ્યું હતું. વિજાપુરમાં કાલિકાનું દેવળ બંધાવ્યું હતું તેમાં તેમણે દિવાનજી તથા કાલિકા વગેરેની સ્તુતિ કરી છે. એમના ચિરંજીવી મંગલજી ઇડર રાજ્યમાં રાજકવિ તરીકે હતા. મહારાજા જુવાનસિંહજી, કેસરીસિંહજી તથા પ્રતાપસિંહજી સુધી હયાત હતા–તેમણે વ્રજભાષામાં કેશરીસિંહની કવિતાઓ કરી છે. તેમના પુત્ર કવિરાજ દોલતરામ છે. તે ગુજરાતી ભાષામાં તથા વ્રજભાષામાં કવિતા કરે છે. શ્રી સયાજીરાવ ગાયકવાડે કવિઓની યાદીમાં તેમની યાદી કરી છે. કોરોનેશન બાદશાહી દરબાર નામના પુસ્તકમાં તથા રત્નગ્રંથી વગેરેમાં તેમની કવિતાઓ છપાઈ છે.

બારોટ કવિ જેઠાભાઇ ખુશાલભાઇ—એ સારા પ્રભાવશાળી કવિ ગણાય છે. વિ. સં. ૧૯૪૧ માં તે ૪૧ વર્ષની ઉંમરે મરણ પામ્યા હતા. ગિરધરભાઈ સને ૧૮૭૯ માં જન્મ્યા હતા, અને વિ. સં. ૧૯૪૧ માં મરણ પામ્યા. બંને સારા વ્રજભાષાના કવિ હતા અને તે બંનેની રાજા રજવાડા વિગેરેમાં સારી પ્રતિષ્ઠા હતી. સુથરામપુરના રાણા પ્રતાપસિંહ તરફથી તે બંનેને ગામ તલાદરૂ વિ. સં. ૧૯૩૯ માં ઇનામમાં મળ્યું હતું અને હાથીના સિરપાવ સાથે સોનાનું કડું મળ્યું હતું. પહેલાં કોઈપણ માણસો રાજા રજવાડાઓમાં રાજાની પરવાનગી સિવાય કડું પહેરી શકતા નહોતા—ગિરધર કવિને તથા જેઠા કવિને માલપુરના રાવળ તરફથી ગણેશખાંટનું મુવાડું ઉર્ફે ખુવાણપુરા સંવત્ ૧૯૨૩ માં બક્ષિસ કર્યું હતું. તેના વંશજો હજી સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે બાયા કરે છે; જેઠા કવિના ભાઈ પ્રલ્હાદજી પણ હાલ હયાત છે. અને તેઓ પણ કવિતા બનાવી શકયા છે.

જેઠા કવિ અને ગિરધર કવિ બંને ભેગા મળીને કાવ્યેન્દુ-ચંદ્રિકા તથા પ્રતાપબિન્દુચંદ્રિકા વિ૦ પુસ્તકો તથા બીજી છટક કવિતાઓ રચી છે. કવિ દામોદર અંડોબતસિંગે સંકટવિમોચન નામે ગ્રન્થ લખ્યો છે. યતિશ્રી રત્નવિજયજી પાસે તેમણે તથા જેઠા અને ગિરધર કવિએ અભ્યાસ કર્યો હતો, વ્રજભાષામાં તેમણે કાવ્યો લખ્યાં છે. રત્નવિજય શિષ્ય યતિશ્રી અમૃતવિજયજીએ વ્રજભાષા તથા સંસ્કૃત અને ગુર્જર ભાષામાં કાવ્યો લખ્યાં છે.

બ્રહ્મભટ્ટ વ્રજલાલ કવિ—આ કવિએ ૧ અન્યોક્તિ ઉલ્લાસ તથા ૨ બોધવિલાસ, ૩ ભજનાવલિ, ૪ રસિકાનંદ, ૫ વ્રજભાષામાં નામ માલા છે તેની ટીકા, તથા વ્રજભાષામાં ૬ અનેકાર્થ કોષ છે તેની ટીકા તથા રૂપદીપક પિંગલ ગ્રન્થ કે જેનો ભુજમાં વ્રજભાષાના કવિયો અભ્યાસ કરે છે તેની ટીકા કરી છે. તથા ૭ ચમત્કારચંદ્રિકા કે જે વ્રજભાષામાં સાહિત્ય ગ્રંથ છે તેની ટીકા કરી છે. તથા વજાંગભાવની ઇત્યાદિ ગ્રન્થો રચ્યા છે. વ્રજલાલ કવિની ૭૨ બહોંતેર વર્ષની ઉમર છે. હાલ હયાત છે. તેમણે વિજાપુરના કવિરાજ યતિ શ્રી અમૃતવિજયજી પાસે તથા બારોટ કવિ જેઠાભાઈ ખુશાલભાઇ પાસે તથા કચ્છભુજના પ્રાણલાલ કવિ પાસે અભ્યાસ કર્યો હતો. જેઠાલાલ કવિએ મણિરત્નમાલા તથા પ્રતાપ યશઇન્દુ ચંદ્રિકા તથા ગોપાલસાગર તથા શિવ વિનોદ આદિ ગ્રન્થ રચ્યા છે. દામોદર કવિએ સંકટ વિમોચન તથા રામચંદ્રિકા ગ્રન્થ વ્રજભાષામાં લખ્યા છે.

[બારોટ કવિયોએ પૂર્વે વિજાપુરની ઉન્નતિ વધારી હતી. હાલમાં બારોટોની આજીવિકાનું સાધન એકલી કવિતા રહી નથી. પૂર્વની પેઠે રાજાઓ ઠાકોરો હવે કવિયોનું સન્માન કરતા નથી, તેથી કાવ્યની કિંમત ઘટી છે અને તે ઉપર આજીવિકા નહીં ચાલવાથી ઘણાખરા બારોટોએ વ્યાપાર વગેરે પ્રવૃત્તિયોને આદરી છે. કેટલાકોએ હોટલો ઉઘાડી છે. કેટલાક મુંબઈ, કલકત્તા તરફ નોકરી વ્યાપારાર્થે જવા લાગ્યા છે.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાદાણીવાડાવાલા અચા બારોટે તળાવની આથમણી દિશાએ અચા કુવો નામે મોટો કુવો બંધાવ્યો છે.

ઈડર રાજ તરફથી વિજાપુરના બારોટ હાથી ગિરધરને સં. ૧૮૫૯ માં અહમદનગરના રાજા કર્ણસિંહ તરફથી ગામ સાતોળ ઇનામમાં મળ્યું હતું. વિ. ૧૮૫૧ માં બારોટ ફતેહસિંહ તારાચંદને ઈડરના રાજા ગંભીરસિંહ તરફથી ચિત્રોડી ગામ ઇનામમાં મળ્યું હતું. ફતેહસિંગે લાડોલના રસ્તે ધર્માદી કિયાળી બંધાવી છે. બારોટ જશકરણ મંગલજીને ઈડરના રાજાએ છાપી ગામ બક્ષીસ કર્યું હતું. બાયડના રાજા અમરસિંહ તરફથી વિ. ૧૮૬૫ માં બારોટ અમુલેખ મહોકમને બોરટીમા ગામ બક્ષીસ મળ્યું હતું, ઈડરના રાજા ગંભીરસિંહ તરફથી બારોટ વાસજી ગગલને કંબોઇ ગામ બક્ષીસમાં મળ્યું હતું. અહમદનગરના રાજા તરફથી બારોટ વહાલા ગગલને સેણોલી ગામ બક્ષીસમાં મળ્યુ હતું. ઈડર અને મોડાસા તરફથી બારોટ જેઠા કુલજીને વાસણું અને ગલસુંદરૂં એ બે ગામ બક્ષીસમાં મળ્યાં હતાં. બારોટ અજુભાઇ જેઠાભાઇને મુનપર રાજ્ય તરફથી માલીગામ અને માલપુર રાએાળ તરફથી રાસાપુર ગામ બક્ષીસમાં મળ્યાં હતાં જે હજી કાયમ છે. બારોટ અજુભાઇ જેઠાભાઇએ દેહ ત્યાગ્યો ત્યારે તેમની સ્ત્રી રતિબા તળાવ પર સતી થયાં હતાં. ઓગણીસા સૈકામાં તળાવપર બે છત્રીયો છે તે પૈકી એક અજુબારોટની છત્રી છે અને એક રતિબાની છે. બારોટ જગુભાઇ ગિરધરભાઇને પોળોના રાવજી તરફથી અર્ધુ અળસાંમડા ગામ બક્ષીસમાં મળ્યું છે તે હાલ કાયમ છે. ઈડર–અહમદનગર મોડાસા અને બાયડ તરફથી બારોટોને મળેલાં ઇનામી ગામોને સં. ૧૯૫૯ માં ઈડરના રાજા પ્રતાપસિંહે ખાલસા કર્યાં છે.

ચિંતામણજીના દહેરા પાસે પડી ગયેલ હવેલી છે તે બારોટ આયુસિંહજીની હવેલી કહેવાય છે. તેઓ લક્ષાધિપતિ હતા.

વિજાપુરમાં બારોટ કવિયોમાં હાલ વિદ્યમાન કવિ તરીકે બારોટ દોલતરામ મંગલજી છે. કવિ વ્રજલાલભાઇ રણછોડભાઇ, મંગલદાસ ચતુર્ભુજ, કવિ ઇશ્વરલાલ ગોવર્ધન, કવિ કૃગનાથભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રજલાલભાઇ, બારોટ નથુભાઇ રામદાસ વગેરે કવિયો છે, તેઓએ મોટા ભાગે યતિશ્રી અમૃતવિજયજીની પાસે અભ્યાસ કરેલો છે. બારોટ અમથાલાલ વીરાભાઈ કવિ છે. યતિ શ્રી અમૃતવિજયજી વિજાપુરમાં પ્રખ્યાત કવિ થયા. તેમણે ગોપાલામૃત ગુલ્મિનિકા ગ્રન્થ વ્રજભાષામાં રચ્યો છે. અમૃતવિજયજીએ છ ભાષામાં છુટક કવિતાઓ લખી છે.

બીજા બારોટો પણ વિજાપુરમાં સારા કવિ થઈ ગયા છે.

જૂના નવા વિજાપુરની ભિશ્રતા;
અને
પ્રાચીનતાના ઐતિહાસિક પુરાવા.

(લેખો-પટ્ટાવલિ અને જૈન પ્રશસ્તિયો,)

જૈન દેરી—વિજાપુર કુંડની પાસે આંબા પાસે આથમણી દિશાએ ખેતરમાં એક જૈન દેરી છે. તેમાં નીચે પ્રમાણે લેખ છે. **શ્રી તપાગચ્છે પંડિત શ્રી પ્રેમવિજયજીના ચેલા પણ્ડિત રૂપવિજયજી પાદુકા વિ. સં. ૧૮૮૧** એ લેખ. લાલરંગથી લખવામાં આવ્યો છે. તેને શત વર્ષ થવા આવ્યાં તો પણ હજી કાયમ છે. પત્થર ચુનો અને ઇંટોથી દેરી બાંધવામાં આવી છે. તે ખેતર અસલ મહાજનનું હતું પણ મહાજને માળીને બાગ કરવા આપ્યા પછી તેની સંભાળ ન લેવામાં આવી તેથી પાછળથી માળીના નામે સરકારમાં ચઢી ગયું લાગે છે. વિજાપુર મહાજનની આવી બેદરકારીથી વિજાપુર મહાજન, ભવિષ્યમાં પોતાની સત્તા બળથી મંદ ન થાય તે માટે હાલ મહાજનને જાગૃતિની જરૂર છે. દેરી જીર્ણ થઈ છે, તેથી જૈનસંઘે તેનો જીર્ણોદ્ધાર કરાવવાની જરૂર છે. **યતિશ્રીરૂપવિજયજી** સમર્થ પંડિત અને સંઘમાં પ્રસિદ્ધ-પ્રતિષ્ઠિત સાધુ હતા તેથી તેમના શરીરનો જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો ત્યાં સંઘ તરફથી આ દેરી બંધાવવામાં આવી છે.

ગોરાદે કુવાનો લેખ.

વિજાપુરથી ઉગમણી દિશાએ ગોરાદે કુવો છે.

શ્રી ગણેશાય નમઃ । નૃપવિક્રમાર્ક રાજ્ય સમયાતીત સં. ૧૯૧૭ સાલમધ્યે શ્રી વિજાપુરના પૂર્વદિશાના દરવાજે તળાવે જાતા માર્ગ પર શેઠ બહેચર સીરચંદની ભાર્યા શેઠાણી નહાલ કુંવર જ્ઞાતે વીસાશ્રીમાલી તેમણે કુવો નવો બંધાવ્યો છે. પ્રથમ તે ઠેકાણે ગોરાદેકુઇ હતી તે પડી ગએલી હતી. પડી ગએલી કૂઇ તથા ખેતર નં. ૧ એક કૂઇ થકી પૂર્વ દિશાનું મોરાનુ તથા ખેતર નં. ૧ તથા ઉત્તર દિશાનુ મોરાને જમલે ખેતર નં. ૨ કુઈ સુદ્ધાં અભરામ નંદાવે વેચાણ લઈને કૂઇ તે ઠેકાણે નવો કુવો શાહુકાર લોકોને જલ પીવા સારું બંધાવ્યો છે તથા હવાડો ગાયો વિગેરે ઢોરને જલ પીવા સારુ બંધાવ્યો છે. વિ. સંવત્ ૧૯૧૭ ના અષાઢ સુદિ ૨ વાર બુધ.

શ્રી ગણેશાય નમઃ અથ શ્રી મન્નૃપાધિક વિક્રમાર્ક રાજ્ય સમયાતીત વિ. સં. ૧૯૨૪ વર્ષે શાલિવાહન શાકે ૧૭૯૦ પ્રવર્ત્તમાને આશ્વિન માસ મધ્યે શ્રી વિજાપુરના પૂર્વ દિશાના દરવાજે તલાવ ઉપર જાતાં શેઠશ્રી બેચરભાઇ સીરચંદની ભાર્યા શેઠાણી બાઇ નાલકુંવર જ્ઞાતે વિશાશ્રીમાલી વિશ્રામ સ્થાન પત્થર બન્ધ બંધાવ્યો છે. પ્રથમ અમોએ વિ. સંવત્ ૧૯૧૭ ની સાલ મધ્યે શાહુકાર મહાજન લોકોને જલ પીવા સારું ગોરા દેવીનો કુવો હવાડા સુદ્ધાં બંધાવ્યો છે. તે પાસે પશ્ચિમદિશાની મોરા વિશ્રામસ્થાન બંધાવ્યો છે તે ઉપર શ્રી મારુતી બિરાજ્યા છે. સં. ૧૯૨૪ આસો વદિ ૬ ને ગુરુ.

સૂતારવાડાનો ભાઠ—સૂતારવાડામાં પેસતાં સરદારપુરા મીયાંની હવેલીની જગ્યા કહેવાય છે. તેનો કસાઈ ચોરાની અરજીદઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંથી એક શિલાલેખ મળી આવ્યો છે. તે મહેલ્લો (માઢ) બનાવ્યો તેની તેમાં તારીખ છે. તેથી સત્તરમા સૈકામાં તે મહેલ્લો બનાવ્યો લાગે છે. સૂતારવાડામાં અને પટવાપોળમાં થઈ હુંબડ વાણીયાનાં દોઢસો બસો ઘર હતાં. સૂરજમલ્લ શેઠ કહે છે કે મેં બાળપણમાં હુંબડનાં પન્નર ઘર તો દેખેલાં હતાં. તેમની ઉમર હાલ સીત્તેર વર્ષ ઉપરની છે. સૂતારવાડામાં હુંબડ જૈનોનું એક ઘર દેરાસર છે, તે કુબા દોશીના કેશરીયાજીના દેરાસર પાસે અને અરનાથના દેરાસરની વચ્ચે દક્ષિણ દિશામાં ઠેઠ નજીક આવ્યું છે. હુંબડ દેરાસર ખાતે દુકાનો પણ છે. પીંજારાની મસ્જીદ જે જૂની હતી તે પહેલાં હુંબડ વાણીયાનું દેરાસર તથા પૌષધશાળા હતી. એમ વૃદ્ધ લોકો કહે છે. વહોરા ફકીર મહમદ વગેરે તેને પીળરી શ્રાવિકાની પૌષધશાળા જણાવે છે. હુંબડોનું જૈન દેરાસર ત્યાં કઈ સાલથી હતું અને કયા સુલ્તાનના સમયમાં તુટયું તેનો ચોક્કસ પુરાવો મળતો નથી, પણ ઔરંગજેબના વખતમાં મુસલમાનોએ તોડયું (ભાંગ્યું) હોય એમ અનુમાન ઉપર આવવું પડે છે. સત્તરમા સૈકામાં સુતારવાડો વસ્યો તે પૂર્વે ત્યાં વસતિ નહોતી તેમજ ત્યાં સરદારપુરા વસાવ્યું તેથી ત્યાં પૂર્વે ઘર નહોતાં એમ સિદ્ધ થાય છે. મરાઠાનું રાજ્ય સ્થિર થતાં ત્યાં કુબા દોશીએ સંવત્ ૧૮૬૬માં દેરાસર કરાવ્યું તે પહેલાં ત્યાં દેરાસર નહોતું. સૂરજમલ્લ શેઠ રહે છે તે હવેલી કહેવાય છે અને તેની પાછળ પોષ્ટ ઑફીસની ઉત્તરની જગ્યા હાલ છે તે પણ સરદારપુરના મીંયાની છે. એમ લોકો કહે છે. સરદારપુરાના માઢના શિલાલેખથી સિદ્ધ થાય છે કે ગામની પાસે પુરાં વસાવવાનો પહેલાં રિવાજ હતો. હાલ માણસાના ઠાકોર રાઓલ શ્રી તખ્તસિંહજીએ પોતાના મહેલની નજીક પચ્ચાસ સાઠ ઘરનું તખતપરૂ વસાવ્યું છે તેમ, તે વખતનું આ પરૂં–માઢ વસાવ્યો લાગે છે.

મેંણાવાડો—શેખુશા પીરની કબ્ર પાસે પહાડાના રસ્તા ઉપર વિંજવાસણ માતા પાસે મેંણાવાડ છે તે મેંણાઓને સં. ૧૮૯૦ ની સાલ લગભગમાં ચોકી કરવા માટે મહાજને વસાવ્યા હતા. મેંણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાડ પાસે અને શેખુશા પીરની ઉત્તર દિશાએ લીંમડા પાસે શ્રી મહાવીર ભગવાનનું બાવન જિનાલયનું દેરાસર હતું તથા ગંજીના ખેતર લગભગમાં બીજું એક ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર હતું. અલ્લાઉદ્દીનના સમયમાં બે દહેરાં તોડવામાં આવ્યાં. એમ કિંવદંતી છે. કેટલાક એમ કહે છે કે બાદશાહ અહમદશાહ તથા મહમદ બેગડાના વખતમાં તોડવામાં આવ્યાં. હિન્દુ મંદિરો પણ તેજ વખતમાં તુટેલાં હોય એમ જણાય છે. હિન્દુ તથા જૈન મંદિરોના થાંભલા તથા કુંભીઓનાં કેટલાંક અવશેષો જૂની કચેરીના કોટમાં જણાય છે. તથા શેખુશા પીરની કબ્રની આસપાસની દિવાલમાં તથા કસાઇ ચોરાના બારણાના આગળ તથા મકરાણી દરવાજાના બાળની પાસે તથા જસમા બીબીના રોઝા પાસે તથા પીંજરાની મસ્જીદમાં વિગેરે ઠેકાણે કંઇ કંઇ માલુમ પડે છે. હાલનાં જૈન તથા હિંદુ મંદિરો વિક્રમ સંવત્ ૧૮૫૦ ની સાલ પહેલાનાં નથી. જૂનું વિજાપુર જેમ જેમ તૂટવા લાગ્યુ અને નવું વિજાપુર આબાદ થવા લાગ્યું તેમ તેમ હિંદુઓ, જૈનો વગેરે નવા વિજાપુરમાં વસવા લાગ્યા. નવું વિજાપુર લગભગ વિક્રમ સંવત્ ૧૪૮૦ માં મુસલમાનોથી વસાવા લાગ્યું અને તે પછી હિંદુઓ વિક્રમ સંવત્ ૧૬૧૦ લગભગમાં ત્યાં આવવા લાગ્યા. વિક્રમસંવત્ ૧૬૩૫ લગભગમાં ટોડરમલે નવાવિજાપુરનું બજાર કાઢયું. વિક્રમસંવત્ ૧૭૧૦ લગભગના અરસામાં ભાટવાડો વસ્યો તેથી વીસ વરસ પહેલાં ભાદાણીવાડો વસ્યો હતો. જૈનો વિક્રમસંવત્ ૧૭૧૦ માં નવાવિજાપુરમાં વસવા આવ્યા. કેટલાક જૈનો વિક્રમસંવત્ ૧૭૫૦–૬૦ માં પણ આવ્યા; અને તેઓ મુસલમાનોનાં ઘરો વેચાતાં લઇ સાંથ વિગેરેમાં વસ્યા, અને સંવત્ ૧૭૧૦–૨૦ લગભગમાં નવા ઉપાશ્રય (નવા વિજાપુરમાં) બંધાવા લાગ્યા.

વેરાવાસણ સંવત ૧૭૮૪ લગભગથી વસવા માંડયું તે પરા તરીકે વસ્યું હતું. વખત જતાં વસ્તી વધી. દોશીવાડો તથા શ્રીમાળીવાડો પણ તેજ અરસામાં વસ્યાં. જૂના વિજાપુરમાં દોશી લોકો પાંજરાપોળ પાસે રહેતા હતા તે પણ છેવટે અહીં આવી વસ્યા. નવી પાંજરાપોળની જગ્યાએ નાગરોનાં ઘર હતાં અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૂના વિજાપુરમાં ગણાતું હતું, તથા કાળકા માતાનું મંદિર તથા નીલકંઠ મહાદેવનું મંદિર તથા મકરાણી દરવાજાની પાસેની જગા તથા પદ્માવતીના દહેરાની પાસેની જગા જૂના વિજાપુરમાં ગણાતી હતી. જૂના વિજાપુરનો આથમણી દિશાનો દરવાજો પાંજરાપોળના નાકા પાસે હતો અને હાલ પણ કેટલાંક તેનાં ચિન્હ જણાય છે. તથા મકરાણી દરવાજા પાસે જૂના વિજાપુરનો દરવાજો હતો. કાળકા માતા પાસે સથવારાનું પરૂં સંવત્ ૧૯૩૦ માં વસ્યું છે તે જૂના વિજાપુરની જગામાં વસેલું છે. એંણાવાડ પણ જૂનાવિજાપુરની જગામાં વસેલી છે. પાંજરાપોળ સામે કણબીલોકોનો માઢ સંવત્ ૧૮૮૦ લગભગમાં વસેલો છે. અસલ દોશીવાડામાં સુરખાના કણબીલોકો રહેતા હતા. સૂરખાના કણબીલોકો ગોવિંદપુરા નામનું ગામ ૧૬૬૨ માં સ્થાપીને સંઘપુરના રસ્તે રહેલા છે. અમદાવાદની ભાગોળના કણબીના માઢને પહેલાં દલપરૂ કહેવામાં આવતું હતું. દોશી નથુભાઈ રવચંદના પિતા દલીચંદે તે સંવત્ ૧૮૮૦ ની સાલ લગભગમાં વસાવ્યું હતું. ત્યાં જુદા જુદા ગામના કણબીલોકો આવી વસ્યા છે. ખાત્રી કુવા પાસેનું સથવારાનું પરૂ સંવત્ ૧૯૩૦ માં વસ્યું છે. ભાટવાડામાં પરમારરજપૂતો રહેતા હતા, તે હાલ મહાદેવપુરા નામનું પરૂ વસાવી રહ્યા છે. તે પરૂ વિક્રમસંવત્ ૧૯૪૦ માં વસ્યું. આ પરમાર રજપુતો વિજળદેવ રાજાના વંશના છે અને વિજળદેવ રાજાના વખતના છે. અમદાવાદની ભાગોળે બે કણબી લોકોના માઢ છે તેમાંથી કેટલાક કણબીઓએ સં. ૧૯૪૨ ની સાલમાં મોતીપુરા નામનું ગામ ગવાડાના રસ્તે વસાવ્યું, તેમજ નવઘરીનાકણબીઓએ તથા અમદાવાદની ભાગોળના કણબીઓએ કોલવડાના રસ્તે મણીપરા નામનું પરૂ વિક્રમસંવત્ ૧૯૭૦ની સાલમાં વસાવ્યું, તથા રણાસણને રસ્તે આણંદપરૂ ગામ વસાવીને ત્યાંના કેટલાક કણબીઓ ત્યાં વસ્યા. તે પરૂ સંવત્ ૧૯૭૪ માં વસ્યું. ચોરાવાડ, માળીવાડાનો કેટલોક ભાગ તથા કાજીવાડો, સૈયદવાડો, કસ્બાતી વાડો, જાજનવાડો તથા કચેરી તરફનો કેટલોક ભાગ નવા વિજાપુર વસવામાં સૌથી પહેલાંનો ગણાય છે. ભાટવાડો, ચોરાવાસણ, દોશીવાડો, સૂતારવાડો, શ્રીમાળીવાડો, નવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાશીપરૂ તથા પટવાપોળ એટલો ભાગ તો હિન્દુઓથીજ વસેલો છે. સાંથની અંદર જે જૈન છે તે જૂના વિજાપુરમાંથી તથા બીજા ગામોમાંથી ભીલ તથા ચોરોના ભયથકી મુસલમાનો ભેગા આવીને વસ્યા, તેથી હિન્દુ તથા મુસલમાનોનાં ઘર સેળભેળ થયાં છે. વિક્રમ સંવત્ ૧૮૨૧ની સાલમાં શ્રી દામાજીરાવ ગાયકવાડે જ્યારથી વિજાપુર સર કર્યું ત્યારથી વિજાપુરની વસ્તીની આબાદી થવા લાગી અને હિન્દુદેવળો ત્યારપછી પંદરવરસે બંધાવા લાગ્યાં–(હાલ જેટલાં જૈન હિન્દુ દેવળો છે તે મરાઠી રાજ્યની સ્થાપના પછીનાં છે.) કચેરી પાસે સોંઇનો ટકીયો છે તેને સરકાર તરફથી મદદ મળે છે અને નીલકંઠ મહાદેવ પાસે નાનકસાઇનો ટકીયો છે તેને પહેલાં સરકાર તરફથી મદદ મળતી હતી.

જૂના વિજાપુરમાં કંસારાઓના પાંચસો ઘર હતાં, પાંચસો બ્રાહ્મણોનાં ઘર હતાં, પંદરસો જૈનોનાં ઘર હતાં. પહેલાં વિજાપુરમાં તોપોનું તથા બંદુકોનું ભઠ્ઠીની જગા પાસે કારખાનું હતું. તેથી તે સ્થળે લોઢાના કાટેડા હાલ પણ નીકળે છે. તેનો વૈદ્ય-લોકો મંડુર અને લોહકાટ બનાવવામાં ઉપયોગ કરે છે.

વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરનાર સંઘપુરના ચંદ્ર-પ્રભુના દેરાસરમાં એક શિલાલેખનું પાટીયું છે. તેમાં સડસટથી એકસો પંદર સુધીના શ્લોક છે. બીજું એની સાથેનું પાટીયું વિજા-પુરના કોઈ દેરાસરના ભોંયરામાં અગર કોઇ ગામડામાં ચઢી ગએલું લાગે છે. બે આરસપાણના પાટીયા ઉપર મૂળ આ શ્લોકો હતા. જૂનું વિજાપુર ભાંગ્યુ ત્યારે તે પાટીયુ ઘાંટુંના દેરાસરમાં ગયું, ત્યાંથી જૂના સંઘપુરમાં ગયું. તેમાંથી એક પાટીયું પહેલા સડસટ શ્લોકનું જુદું પડયું તથા ત્રીજું પાટીયું પણ ગેરવલ્લે પડયું હાલ તો એકલું વચલું પાટીયું છે; તેમાં શ્રી ખરતર ગચ્છના આચાર્ય શ્રી જીનેશ્વરસૂરિ જૂના વિજાપુરમાં પધાર્યા હતા તેનું વર્ણન છે. તે કઈ સાલમાં પધાર્યા હતા અને કઇ સાલમાં હયાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતા તે જાણવાને માટે ખરતરગચ્છની પટ્ટાવલીમાંથી કેટલોક ભાગ સાલવાર નીચે પ્રમાણે આપવામાં આવે છે કે જેથી શિલાલેખમાં દર્શાવેલા આચાર્યો કઇ કઇ સાલમાં થયા તે ચોકખી રીતે જણાય તથા જીનેશ્વરસૂરિ કઇ સાલમાં વિજાપુરમાં આવ્યા તે પણ જણાય.

ખરતરગચ્છ પટ્ટાવલીમાંથીઃ—

	આચાર્યપદ.	સ્વર્ગગમન.
૧ શ્રી જીનવલ્લભસૂરિ.	વિ. ૧૧૬૭	૧૧૬૮
	સૂરિપદ	
૨ શ્રી જીનદત્તસૂરિ.	વિ. ૧૧૬૯	૧૨૧૧
૩ શ્રી જીનચંદ્રસૂરિ.	વિ. ૧૨૧૧	૧૨૨૩
૪ શ્રી જિનપતિસૂરિ	વિ. ૧૨૩૩	૧૨૭૭ (પાલણપુરમાં)
૫ શ્રી જિનેશ્વરસૂરિ	વિ. ૧૨૭૮	
	(જાલોરમાં સૂરિપદ) ૧૩૩૧	

આગલ જૈન મંદિરોમાં રહેલી પ્રતિમાઓના લેખો આપ્યા છે, તેમાં સર્વેથી પ્રાચીન પદ્માવતીના દેરાસરમાં શ્રી આદિનાથની મૂર્તિપરનો સં. ૧૩૩૦ ની સાલનો લેખ છે. તેની પ્રતિષ્ઠા શ્રી પાસડસૂરિએ કરી છે.

પાસડસૂરિ મહાન આચાર્ય હતા–મજકુર લેખો ઉપરથી તે સમયે જે જે ગચ્છો પ્રવર્તતા હતા. તેની યાદી.

૧ સં. ૧૪૭૧ બ્રહ્માણગચ્છે મુનિચંદ્રસૂરિપટ્ટે વીરસૂરિ

૨ સં. ૧૫૭૫ આગમગચ્છે મુનિરત્નસૂરિપટ્ટે આનન્દરત્નસૂરિ

૩ સં. ૧૪૬૫ આગમિકગચ્છે અમરસિંહસૂરિ–સં. ૧૪૮૫ આગમગચ્છેશ અમરસિંહસૂરિ પટ્ટે હેમરત્નસૂરિ

૪ સં. ૧૫૦૭ પૂર્ણિમાપક્ષે ગુણરત્નસૂરિ

૫ સં. ૧૫૪૧ તપાગચ્છે હેમવિમલસૂરિ સં. ૧૫૪૭ તપાગચ્છે સુમતિસાધુસૂરિ

૬ સાધુપૂર્ણિમાપક્ષે સં. ૧૫૭૨ માં ઉદયચન્દ્રસૂરિપટ્ટે મુનિ રાજસૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

७ पिप्पलगच्छे सं. १५७६ विनयसागरसूरि
८ बोकडीआगच्छे सं. १५५३ मुनिचंद्रसूरि
९ वृद्धतपापक्षे सं. १५८४ धनरत्नसूरि सौभाग्यसागर
१० भावडारगच्छे भावदेवसूरि
११ मलधारगच्छे सं. १५५३ श्री सूरि
१२ उपकेशगच्छे–द्विवन्दनिक वृद्धशाखायां सं. १५५४ सिद्धसूरि
१३ खरतरगच्छे सं. १५८३ जिनहंससूरिपट्टे जिनमाणिक्यसूरि

पंदरमा सैकामां विजापुरमध्ये प्रतिष्ठित थयेल प्रतिमाओ जे हाल अमदावाद ने इडरमां छे. ते नीचे मुजब.

धातुप्रतिमालेखसंग्रहपत्र.भाग ११४४ नं. ७८२

सोदागरनी पोलना देरासरनी प्रतिमाना लेखमांथी सं. १५७२ वर्षे फा. शुदि ९ सोमे श्री विद्यापुर वा. श्रीमाल ज्ञा. मं. हर्षा भा. सांकू सु. मं हाथीया भा. हीरादे सु. मं. भार्या. मं. भारवा मं. कपा प्रमुखेन–मं. हर्षा रचनेन स्व. श्रीपद्मप्रभबिंबंका० प्र० पूर्णिमापक्षे रालद्रागच्छे ॥

पंचतीर्थी—नं. ७८७.

सं. १५१५ वर्षे मा. शुदि. ७ मु. विजापुर निवासी ओ. ज्ञा. दो. जेसा. मा. जसमादे सु. दी. मावडेन मा. मरमादे सु. राघवयुतेन श्री पद्मप्रभ बिंबंका. प्र. बृ. त. रत्नसिंहसूरिणा ॥

देवसानो पाडो नं. १०५४. पत्र. १८८

सं. १५७३ वर्षे फागुण सुदि. ८ सोमे श्री. श्रीमाल ज्ञा. श्रे. देवाभा. देवलदे सु. नरवद सु. भा. लीलादे. सु. रंगामागा चांदा श्रीवासुपूज्य बिंबंका. प्र. पिप्पलगच्छे श्रीविनय-सागरसूरिभिः प्र. वीजापुरवास्तव्य ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विजापुर लेख—नं २

निशापोलमां नं १२१६ पत्र २१५

सं. १५८७ वर्षे माघवदि ८ गुरौ श्री वीजापुर वास्तव्य श्रीश्रीमाल ज्ञा. मं. तीपा भा. जसाई सु. मं. रीडाकेन भा. सहजलदे प्रमुख स्वयुतेन श्रीविमलनाथ बिंबंका. प्र. श्रीआगमगच्छे श्रीउदयरत्नसूरिभिः ॥

इडर नं. १४७० पत्र २५६

सं. १५६३ वर्षे वैशाखसुदि. ११ गुरौ दिने श्री श्रीमाल ज्ञातीय नाणुटी अमरसिंह भार्या वाल्ही सुत नाणुसोमाकेन भार्या सूवद पुत्र पौत्राणां श्रेयोर्थं श्रीआदिनाथबिंबं तपागच्छ नायक श्री श्रीहेमविमलसूरिभिः प्रतिष्ठितं चतुर्विंशतिपट्टः कारापितः विजापुर वास्तव्यः श्रीरस्तु ॥

नं. १४७७ पत्र २५७

सं. १५८७ वर्षे माघवदि ०)) गुरौ श्रीविजापुर वास्तव्य श्री श्रीमाल ज्ञातीय मं. वस्ता. भा. विजलदे सुत जीवाकेन श्री विमलनाथ बिंबं का. श्री आगमगच्छे श्री उदयरत्नसूरिभिः

प्र. श्रीरस्तु ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુરમાં થએલા આચાર્યો તથા વિજાપુરમાં રચાયેલા ગ્રંથો.

અંચલગચ્છે ૫૧ એકાવનમી પાટપર સિંહપ્રભસૂરિ થયા. તે વિજાપુરમાં અરસિંહ શ્રેષ્ઠીની પ્રીતિમતિ ભાર્યાની કુંખે સંવત ૧૨૮૩માં જન્મ્યા. સં. ૧૨૯૧માં દીક્ષા લીધી. તેઓએ શિષ્યાવસ્થા છતાં ગુરૂ સાથે વાદ કરવા આવનારાઓને બુદ્ધિથી હરાવ્યા. સં. ૧૩૦૯ માં આચાર્યપદ અને ગચ્છનાયક પદ સં. ૧૩૧૩ માં નિર્વાણ પામ્યા.

સં. ૧૭૦૮ માં વિજાપુરમાં વિજયાદશમીએ ઉપાધ્યાય ભાવવિજયજીએ ચંપકમાલા ચરિત્ર રચ્યું.

चंम्पकमाला चरित प्रशस्तिः

तपगणगगनरवीणां, श्री विजयानंदसूरिशक्राणाम् ।
राज्ये कथानक मिदं, भावविजयवाचक स्तेने ॥ १ ॥
सिद्धिगगन मुनिचन्द्र प्रमितेऽब्दे १७०८ विजयदशमिकासु ।
विद्यापुरे वितेने कथाममूं सोऽर्थितः प्राज्ञैः ॥ २ ॥
महासती वृत्तमिदं वितन्वताऽयुक्तं यदुक्तं मयकाल्पबुद्धिना ।
मिथ्याऽस्तु तत्पापमपाग्रहस्यमे सद्भिश्चतच्छोध्यमुदारबुद्धिभिः ॥३॥

इतितपागच्छाधिराजश्रीविजयदानसूरीश्वरशिष्य महोपाध्याय श्री विमलहर्षगणिशिष्यमहोपाध्याय श्री मुनि विमलगांण शिष्योपाध्याय श्री भावविजयगणिविरचितं चंपकमालाचरितम्.

વિદ્યાપુર વાસ્તવ્ય પં. દેવરત્ન ગણિએ વિ. સં. ૧૮૧૫માં શીલ સંબંધે ગજસિંધ કુમારનો રાસ બનાવેલ છે તેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीहवि श्री वीरजिणंद तस राजे, सोहम गणहर छाजे हे; स.
तस परिपाटीइं तपगण इंद्र, लक्ष्मीसागर सूरींद्र हे. स. ४

तेहनि तषतें पाट चौपन्नमि, सुमति साधु सूरि प्रणमि हे; स.
तस पाटि पणपन्नमें सोहिं, हेमविमलसूरि मोहि हे. स. ५

एहथी आगिं पटावलीमांही, जोयो संबंध ए त्यांहि हे; स.
इहा तो लघु पोसालमां आषुं, माहरी क्रमागत दाषु हे. स. ६

हवे श्री लक्ष्मीसागरसूरि तास, शिष्य वाचक पदि खासहे; स.
चंद्ररत्न पाठक तस सीस, अभयभूषण, बुध इश हे; स. ७

तास विवेकी लावण्य भूषण, टाल्युं कुमतिनुं दूषण हे; स.
तस तखते हूआ दोय गुरुभ्राता, सतार्थी बीरुद विख्याता हे. स. ८

हर्षकनक हर्षलावण्य ए बेय, सर्वागमे पटुतेह थहे; स.
तस सीस विजयभूषण अभिरुप, तस पाटि अनुरुप हे. स. ९

विवेकरत्न पंडित तस सीस, श्रीरत्न विबुध जगीस हे; स.
तस विनयी कोविद जयरत्न , शषि शुभमति यत्न हे. स. १०

तस पाटि सर्व शास्त्रप्रमाणी, राजरत्न वाचक नाणी हे; स.
तस शीस वाग्मीजनमां राजि, हेमरत्न बुध छाजि हे. स. ११

तस पाटि विजयरत्न विद्यमान, संप्रति सुरगुरु समान हे; स.
तास शिष्य भुविख्यात कहाया, तिणें ऐ सुगुरु पसाया हे. स. १२

भवि जीवने ए संबंध देखायो, चतुरजन मन भाव्यो हे;
संवत तिथि अष्टभू अद्ध जेह, नभ वसु नृप शाक एह हे. स. १३

मास बहूल जोष्णी सित पक्ष, बाह्मी सुत घस्र प्रत्यक्ष हे, स.
ते दिवसे पूर्यो उल्लास, सहूनि लील विलास हे. स. १४

विद्यापुर वास्तव्य ए कीधो, साहिबथी जस लीधो हे. स.
ढाल एकावन्न उल्लासे च्यार, दूहा त्रीसत इग्यार हे. स. १५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गाथा तिथि सत बिहुत्तर थोक, सार्ध विंशति शत श्लोक हे;
श्रमणसंघने सुख लाहो यो सदाई, दिन बे अधिक वधाइ हे. स. १६
वट साखापरे ए विस्तर्यो, कोविद बुध चित्त धर्यो हे, स.
अव्यक्त पणे जे रह्यो ओछो अधिकी, सूसक्षर कर्यो तिनकोहे. स. १७
इम जाणी जे व्रत आराधे, अति उज्वल पद ए साधे हे. स.
देव कहे हूइ मंगलमाला, लहि सुख लच्छि रसाला हे. स. १८.

इति श्री शीलसंबंधे गजसिंघनृपप्रबंधे गणिदेवरत्नेन विरचिते गजसिंघकुमाररास समाप्तः ॥

विजापुरमां धर्मपरीक्षा रास श्री नेमिविजयजीओ वि. सं. १८२१ मां रच्यो छे तेनी प्रशस्ति नीचे मुजब छे.

संवत् अढार एकवीशमां–मास वैशाख सुद पळ
तिथि पांचम गुरुवासरे–गाया गुणु मेंं शळ. क. ८
विजापुरमां विराजता, वृद्ध तपा पक्षे सनूर;
चंद्र गच्छमां दीपता, श्री जिनसागर सूरि. क. ९
तेनी सानिध्य मेंं सही, गायो रास उल्हास;
ओछो अधिको अक्षर होये, शुद्ध करजो पंडित तास. क. १०
रास कर्या कविये घणु, पणु धर्मपरीक्षानो रास;
ए समोवड को नहीं, जेमां अधिकार छे खास. क. ११
सर्व संख्याओ ग्रन्थ कह्यो, पांच हजार उपर पांच;
ढाळो कही नव खंडनी, एकशो ने दश वांच. क. १२
श्री हीरविजयसूरि तणो, शुभविजय तस शिष्य;
भावविजय कवि दीपता, सिद्धि नमुं निशदिश. क. १३
रूपविजय रंगे करी, कृष्णु नमुं करजोड;
रंगविजय गुरु माहरा, मुज प्रणम्यानो कोड. क. १४
नवमो खंड पूरो थयो, साते ढाले करी सत्य;
नेमविजय कहे नित्य प्रति, राखशो धर्मशुं चित्त. क. १५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૮૨૧ વૈશાખ સુદિ પાંચમ ગુરૂવારે ધર્મપરીક્ષા રાસ ગ્રન્થ પૂર્ણ નેમવિજયજીએ રચ્યો. વિજાપુરમાં વૃદ્ધ તપાગચ્છ પક્ષમાં ચંદ્રગચ્છમાં શ્રીજિનસાગર સૂરિ થયા તેમની સહાયથી મેં રાસ રચ્યો. નવખંડ, એકસોને દશ ઢાળ અને પાંચ હજાર ઉપર પાંચ ગાથાએા વડે રાસ પૂર્ણ કર્યો–અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્‌ગુરૂ શ્રી હીરવિજય સૂરિના શુભવિજય શિષ્ય હતા, તેમના શિષ્ય ભાવવિજય તથા તેમના શિષ્ય સિદ્ધિવિજયને નમું છું. તેમના શિષ્ય રૂપવિજય તથા રૂપવિજજીના શિષ્ય કૃષ્ણવિજય અને કૃષ્ણવિજયના શિષ્ય રંગવિજય તે મારા ગુરૂ થાય એમ ધર્મ પરીક્ષા રાસના કર્તાશ્રી નેમિવિજયજી જણાવે છે.

વિજાપુરને અંગે વિજાપુર જૈન દેરાસર વગેરેની માહીતી આપનારી.

अभयकुमारचरित्रप्रशस्ति.

अस्ति चांद्रं कुलं शीत–लेश्यं तारकसंयुतम् । अमृतस्रा-विगोस्तोमं, सुमनोमार्गसंस्थितम् ॥ १ ॥ सूरिः श्री वर्द्धमा-नोऽत्र । जज्ञे बुध इलाप्रियः ॥ कामजित्वररूपश्रीः, सौरमंडल मध्यगः ॥ २ ॥ विज्ञातवान् यः किल सूरिमंत्रं । माहात्म्यवंतं धरणेंद्रतंत्रम् ॥ विचार्य संत्यज्य च चैत्यवासं । चक्रेतरां यो वसतौ निवासम् ॥ ३ ॥ अजनि जिनेश्वरसूरि–स्तच्छिष्यो येन दुर्लभ नृपस्य ॥ प्ररिषद्यणहिलनगरे । प्रकटीचक्रे वसतिमार्गः ॥ ४ ॥ निर्वाणाध्वरविं कथां नवरसां निर्वाणलीलावतीं । सूत्रं वृत्तियुतं कथानकमहाकोशस्य संवेगकृत् ॥ तर्कन्यायविलासनैकचतुरं सन्नीतिरत्नाकरं । तर्कं यो विदधे धियां जलनिधिः संविग्न चूडामणिः ॥५॥ तस्याभूतां शिष्यौ । तत्प्रथमः सूरिराज जिन-चंद्रः ॥ संवेगरंगशालां । व्यधित कथां यो रसविशालां ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

बृहन्नमस्कारफलं । श्रोतृलोकसुधाप्रपाम् ॥ चक्रे क्षपक-शिक्षां च । यः संवेगविवृद्धये ॥ ७ ॥ अन्यो बभूवा-भयदेवसूरिः । प्रज्ञाप्रकर्षाज्जितदेवसूरिः ॥ योऽर्थस्फुटां भव्यज-नोपकार,–सारां नवांगिविवृतिं चकार ॥ ८ ॥ य औपपातिको-पांग–पंचासकाष्टकोपरि ॥ टीकाश्चक्रे स्तंभनके । पार्श्वमस्थापय-त्प्रभुम् ॥ ९ ॥ श्रीजिनवल्लभसूरि–स्तत्पट्टेऽभूद्विमुक्त बहु भूरिः ॥ भव्यजनप्रबोधकारी–कल्मषहारी सदोद्यतविहारी ॥ १० ॥ तर्कज्योतिरलंकृतीर्निजपरानेकागमाल्लक्षणम् । यो वेत्तिस्म सुनिश्चितं सुविहित–श्चारित्रचूडामणिः ॥ नाना वाग्डमुख्यकान् जनपदान् श्रीचित्रकूटस्थिताम् ॥ चामुंडामपि देवतां गुणनिधि–र्यो बोधयामासिवान् ॥ ११ ॥ ततोऽजनि श्रीजिनदत्तसूरि–र्येनेह कल्याणमदायि भूरि ॥ यः पारतंत्र्यं विषयं विधिं च । प्रकाश-यामास विशेषतोऽपि ॥ १२ ॥ भव्यान् सार्धं कुटुंबैः शतश–उप-कृतौ कर्मठो बोधयद्यो ॥ यस्याज्ञामंत्रदेवा अपि शिरसि दधुर्भक्तिभारेण नम्राः ॥ यन्नामामानधामाधरितमुरवर क्ष्मोणिजन्माभिमानं । स्मर्तुं बद्धादराणां दलयति विपदोऽ-द्यापि दत्ते च भद्रम् ॥ १३ ॥ ततोऽजनि श्री जिनचन्द्रसूरि, र्गुणौघसंतोषितसर्वसूरिः । अपर्वगर्वीकृतसंवरारिः । स्वच्छ-त्वतुच्छीकृतगांगवारिः ॥ १४ ॥ तत्तादृग् गुणगेहतां स्वगुरुभि । र्विज्ञाय सज्ज्ञानिभि, र्यस्मै सूरिपदं ददे नवसरदेश्याय दृष्ट्वा तथा । रूपं दर्पकदर्पहारिहरिरित्युक्त्वापि मिथ्यादृशो ॥ नेमुर्न्याय नदीनलंघनघनप्रज्ञाय यस्मै मुदा ॥ १५ ॥ तत्पट्टे श्रीजिन-पतिसूरिर्जज्ञेऽथ पंचलिंगीं यः । श्रीसंघपट्टकमलं विवृत्य चक्रे बुधाश्चर्यम् ॥ १६ ॥ सिद्धान्तांबुधिकुंभसंभवसमः साहित्यलक्ष्मी प्रियः । पान्थो व्याकरणाटवीषु तिलको यस्तार्किकाणां व्रजे ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वादीन्द्रद्विपभेदपंचवदनः काव्यं महार्थं वरं । यस्मिन् कुर्वति भंगिभिर्जडतया माघोऽपि माघायते ॥ १७ ॥ यश्चाद्यसंहननकाय इवाधिसेहे । गाढोपसर्गभरमस्पृह एव देहे ॥ आदाय शोधिमधिपोऽपि च योऽत्र षट्पण्मासान् परं च विकृतीर्बहुशो मुमोच ॥ १८ ॥ छंदोलक्षणतर्कशास्त्रविविधालंकारवित्कोविदे । पृथ्वीराजसभे कुतूहलगृहे श्रीगुर्जरत्रावनौ ॥ तर्कन्यायवरोपपत्ति सहितैः सिद्धांतवाक्यैस्तथा । तत्त्वं प्रोच्य महीतले विधिपथं प्रोत्सर्पयामास यः ॥ १९ ॥ तत्पट्टपूर्वगिरिशृंगसहस्ररश्मिर्दोषांधकारहरणोऽपिमृदुः प्रकृत्या ॥ श्रीमान् जिनेश्वरगुरुर्गुणवानुदीतो । धत्तेतरां जगति संप्रति तीर्थभारं ॥ २० ॥ यस्यप्रातिभसज्जरज्जुसुपरिभ्राम्यन्मनोमंदर--क्षुभ्यद्वाङ्मयसागरोत्थमनघं तात्कालिकं हेलया ॥ नानालंकृतिवृत्तचारुरसवत्स्तोत्रादिकाव्यामृतं । धन्याः कर्णपुटैः पिबंति विबुधाश्चित्रीयमाणाश्चिरम् ॥ २१ ॥ शिष्यव्याख्यानलब्धि र्जगति निरूपमा भाग्यमेकातपत्रं । रूपं कामानुरूपं वचसि मधुरता कुर्वती तिक्तमिक्षुम् ॥ अक्षामा क्षांतिरक्षै रधरितजलधिः कापि गांभीर्यलक्ष्मी--धैर्यसौंदर्यमद्रेः सुरसरित इव स्वच्छता चास्ति यस्य ॥ २२ ॥ स्थाने स्थाने विहरति सति प्राणिबोधाय यस्मि--स्तुंगैश्चैत्यैर्विविधजिनगृहैर्मंडिताभूद्धरित्री ॥ येनारब्धं विघटितमपिकापि किंचित्कदाचि--ज्ज्यायः पुण्यामृतनिधितया संघटेताचिराच्च ॥ २३ ॥ तद्विनेयै रुपाध्यायैः । श्री चंद्रतिलकाभिधैः ॥ अकारि चरितं रम्य--मिदं, श्रोतृसुखावहम् ॥ २४ ॥ तपोमहानिशीथं यः । साधुवर्गैरवाहयत् ॥ अपिबत्पानकं नाहो । उपवासदिनेषु यः ॥ २५ ॥ तेनोढा शेषयोगेन । द्व्यहांतरोपवासिना ॥ महाक्रिया कृता बाल--वैयावृत्त्यविधायिना ॥ २६ ॥ गणिना नेमिचंद्रेण । सदा स्वाध्यायकारिणा ॥ पालितः पाठितोऽस्मि प्राक् । सामायिकश्रुतादिकम् ॥ २७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पाठितानेकशिष्येण । सुधिया स्फुटभाषिणा ॥ साधुना सिद्ध-सेनेन । वृद्धिमस्मि प्रभाणितः ॥ २८ ॥ युगवरजिनचंद्राचार्य शिष्यो वरिष्ठो । विरुजसुचिरजीवी प्रांजलश्चारुचर्यः ॥ सकल-गुणनिधानं वाचनाचार्यवर्यो । गणिवरगुणभद्रोऽभाणयत्पं-चिकां माम् ॥ २९ ॥ सूरिं जिनेश्वरगुरुं जिनतीर्थयात्रा–भ्यायात संघसहितं समरंजयद्यः ॥ श्रीस्तंभतीर्थनगरे वरजल्पकेलौ । निर्जित्य वादियमदंडदिगंबरेशम् ॥ ३० ॥ स श्री सूरप्रभसमभिधो बुद्धिधामाभिषेको । ज्ञाता नाम स्वमिव निखिला लक्षणाद्याश्च-विद्याः ॥ स्फायज्ज्यायस्त्वरितकवितानिर्मितौ ब्रह्मकल्पो । विद्या-नंदं शिशुमिवभृशं हेलयाभाणयन्माम् ॥३१॥ येन मेधाविना प्राप्ता । स्तोककैरेव वत्सरैः ॥ तर्कलक्षणसाहित्य–सिद्धांतोदन्वतां तटाः ॥३२॥ सम्यक् शब्दज्ञवैयाकरणगणमहावादिसिद्धांतवेदि–ज्यायः साहित्यविद्याप्रवणवरसुधीपूरितायां सभायाम् ॥ यस्मिन् सज्ज-ल्पकेलीं कलयति सकलन्यायतर्काभिरामां । सद्यो वादीश्वराणामपि भृशमुदरे हस्तपादं विवेश ॥ ३३ ॥ स्वगच्छगच्छांतरवासिसाधु–वर्गश्च शास्त्रार्थसुबोधमिच्छन् ॥ यस्यातुलज्ञाननिधेः समीप–मागत्य-संदेहभरं बभंज ॥ ३४ ॥ ग्रंथाननीक्षितचरानपि तर्कमुख्यान् सौवांगशक्तिविरहेऽपिगणोपकृत्यै ॥ व्याख्यातवान् सुभणि तानिव लीलयैव । यः क्षोदकारकविनेयपुरोऽति चित्रम् ॥ ३५ ॥ सोऽयं श्री विजयदेव–सूरिर्गुणमणीश्वरः ॥ मह्यं प्रमाणसाहित्य–कमलां विपुलां ददौ ॥ ३६ ॥ भूयो भूमिभुजंगसंसदि मनोनानंद विप्रं घना,–हंकारोद्धुरकंधरं सुविदुरं पत्रावलंबप्रदम् ॥ जित्वावाद महोत्सवे पुरिबृहद्द्वारे प्रदर्श्योच्चकै–र्युक्तीः संघयुतं गुरुं जिनपतिं यस्तोषयामासिवान् ॥ ३७ ॥ सम्यगध्याप्यनिष्णाद्य । यश्चांते वासिनो बहून् ॥ चक्रेकुंभध्वजारोपं । गच्छप्रासादमूर्द्धनि ॥ ३८ ॥ श्री जिनपालोपाध्याय–मौलेस्तस्यास्य संनिधौ ॥ मयोपादायि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नंद्यादि-मूलागमांगवाचना ॥ ३९ ॥ अन्येषामप्युपकृतिं, ज्ञानदानकृतामहम् ॥ स्मरामि सततं यस्मा-दुपकारी सुदुर्लभः ॥४०॥ श्री जिनपालोपाध्याय-कृतां त्रिःप्रेरणामहम् ॥ चरित्रकरणे प्राप्तं। सरस्वत्युपदेशवत् ॥ ४१ ॥ सुशकुनमिवास्मि त-न्मन्वानो द्रढिमान्वितः ॥ काव्याभ्यासविहीनोऽपि । व्यधां काव्यमिदं ततः ॥ ४२ ॥ वाग्मी तर्कज्ञवैयाकरणगणमणिः पीतसिद्धांतसिंधुः । साहित्याध्वाध्वनीनोनिरुपमकवितानर्त्तकीरंगभूमिः ॥ व्याख्याता-त्राश्रुतद्व्याश्रयविषममहाकाव्ययुग्मस्य नाना-ग्रंथस्रष्टा च लक्ष्मी तिलकगणिमुनिर्वाचनाचार्यवर्यः ॥ ४३ ॥ द्व्याश्रयटीकाकारी । द्विव्याकरणः सुदृष्टसाहित्यः ॥ सुकविरभयतिलकगणि-श्राशोधयतामिदं शास्त्रम् ॥ ४४ ॥ युग्मं ॥ परोपकृतिशीलेन । सुधिया धर्मबंधुना ॥ गणिनाऽशोकचंद्रेण । लिखिता प्रथमा प्रतिः ॥४५॥ श्रीनाभेयजिनेंद्रादि-तुंगप्रासादभूषिते ॥ श्रीवाग्भट्टमेरुपुरे । प्रारंभि चरितं मया ॥ ४६ ॥ श्रीमद्वीशलदेवगुर्जरधराधीशेऽधिपे भूभुजां । पृथ्वीं पालयति प्रतापपनने श्रीस्तंभतीर्थे पुरे ॥ चन्द्रुः शीतकर त्रयोदशमिते (१३१२) संवत्सरे वैक्रमे । काव्यं भव्यतमं समर्थितमिमं दीपोत्सवे वासरे ॥ ४७ ॥ पृथ्वीप्रस्थान संस्थः शिखरिमुखगिरि श्रेष्ठचक्रः प्रतीची-प्राचीपाथोधिमग्नोर्द्धितकरतनिकाकेंदुसन्नंगरश्च ॥ वज्रप्राकारसारोच्छ्रितफलककृतस्तुंगहेमक्षमाभृ-त्कूपस्तंभो द्युगंगाप्रवरसितपटोऽधिष्ठितो देवताभिः ॥ ४८ ॥ सद्वाः कूपोष्ट्रिकाभृत्कनकधरणिभृच्चूलिकापंजराढ्यः । सिध्यंतर्निर्गतोच्चैः सशिखरिहिमवद्दंतसत्कोटिपात्रः ॥ विक्रय क्रेयवस्तु व्रजयुतजनतापूरितो द्वीप आद्यो । यावद्यानस्य लीलां कलयति जयता त्तावदेतच्चरित्रम् ॥ ४९ ॥ प्रत्यक्षरगणनया । चरितेऽस्मिन्ननुष्टुभाम् ॥ संति षट् त्रिंशदूनानि । सहस्राणि नव ध्रुवम् ॥ ५० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજાપુરીય આચાર્ય દેવસર વગેરેને જણાવનારી

अभयकुमारचरितप्रशस्तिः मूळ.

॥ श्रीचंदनाशोकसुबंधुजीव–पुन्नागसंतानकदंबकश्रीः ॥
माकंदकुंदार्जुनजातिराम । ऊकेशनामा वत भाति वंशः ॥ १ ॥
वीरदेववराभक्ति–वीरदेव इहाभवत् ॥ मुक्ताफलमिवश्राद्धः । शुचिः साधुमनोहरः ॥ २ ॥ पार्श्वाभिधः साधुरभूत्तदंगजो । जिष्णुः पटुः सद्गुणाधर्मकर्मणि ॥ प्रद्युम्नलक्ष्मीगुरुरामरागभूः । समुद्र मध्यस्थपरोपकारकृत् ॥ ३ ॥ तत्पुत्रोमानदेवः समजनि धुरि-यस्याख्ययाद्यापिगोत्रं । सर्वं प्राप्नोति सिद्धिं कुलधरबहुदेवौ यशो वर्द्धनश्च ॥ जज्ञुस्तस्यानुजास्ते जगति वरदृशां पूर्णचंद्रप्रकाराः । कीर्त्तिज्योत्स्नाछटाभिर्दिशिदिशि परमं ये प्रकाशं प्रचक्रुः ॥ ४ ॥ याशोवर्द्धनिरुद्यशीलसुधवाभूस्वस्तरुर्नंदने । स्वेपट्टेजिनचंद्रसूरि हरिभिर्बाल्यान्मुदारोपितः ॥ साधुस्कंधविशालपात्रसुमनःश्रेयः फलच्छायको । लोकेमर्त्यगणैर्नकैर्जिनपतिः सूरिः सदोपास्यत ॥ ५ ॥ मानदेवस्य साधोस्त्रयःस्मांगजाः संति धनदेवसाधुस्तदादिः परः ॥ राजदेवस्तदनु साधुनिबाभिधः । स्वकुलकुमुदाकरानंदपर्वे-दवः ॥ ६ ॥ धनदेवस्य धनश्री–र्जिनपालादीन् सुतानसूताष्टौ ॥ जायाद्यागुर्जरीति । परावरायत्सुतानाहुः ॥ ७ ॥

एषु स्मास्ति यशोधरो जिनपतेः सौवात्पितृव्याद्गुरोः । साधु श्रेणिपतेः सुसाधुकमलाभागंसमादाय यः ॥ सद्धर्मव्यवहारकोटिम-कृत श्री सिद्धिहेतोस्तथा । संलेभे नितरामयं मुनिजने साधूत्तमत्वं यथा ॥ ८ ॥ अत्रान्यः सरणश्चसाधुरिदमीयः साहणश्चात्मभू–वीरीजानिरदोंगजो गुरुरुचिः सोमः कलाभूरभूत् ॥ यात्रां तीर्थगणे विधाय निजसद्धर्मर्द्धिकूटं नु यः । प्रीत्या शीतलनाथदेवगृहिकां वीजापुरेऽचीकरत् ॥ ९ ॥ नीस्वदेवस्यगेहिन्या–वासा तां प्रथमा-तयोः ॥ पद्मश्रीः सद्गुणावासा । शीलहंसकृतादरा ॥ १० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तद्भार्यान्याजसहिणि–र्या नमस्कारकोटिकाम् ॥ गुणयित्वो-द्यापनकं चक्रे कोट्यक्षतादिभिः ॥ ११ ॥ पूर्वा जेहडसाधुमंगजवरं तेजःपतिं प्रासव–त्पद्मश्रीः श्रितहर्षमात्रसुमनोमार्गा निशावस्थितिम् ॥ एकामात्मभुवं च संपदभिधां नक्षत्रमालाश्रियं । नित्यैकक्रमचारि-णीं कुलनभोलंकारशीलेंदुगाम् ॥ १२ ॥ साधू लालणखींबडौ-स्मभवतः श्रेयः कलासंगतौ । सोमौ गोऽमृतवर्षिणौ कृतगुरुपास्ती परस्याः सुतौ ॥ वाल्हीत्यस्ति सुता कृतानगुतपाः साध्वी सके-शेव या । नित्यैकांतरभुक्तिकांतरमहो पक्षोपवासादिकृत् ॥ १३ ॥ स्थानेऽस्ति साध्वी वरपुण्यभाजनं । लक्ष्म्यंगभूः खींबडसाधु पुत्रिका ॥ जिनेश्वरैः सूरिभिरर्पितव्रत–श्रीका गुणैर्नामतश्रृद्धि सुंदरी ॥१४॥ आम्रश्रीप्रियसाधुसा(ला?)लणतनूजन्मासको विद्यते । नाम्ना साधु कुमारपाल इति यः पित्रोः सुपुण्यश्रिये ॥ श्री पद्मप्रभ-नाथदेवगृहिकां वीजापुरेऽकारय–त्सौवीपुण्यतरंगिणीं त्रिपथगी-कर्त्तुं वयं मन्महे ॥ १५ ॥ जिनप्रबोधसूरीणां । पार्श्वेचाग्राहयद्व्रतम् ॥ स्वं सुपुत्रं स्थिरकीर्तिं । सत्पुत्रीं केवलप्रभाम् ॥ १६ ॥ युग्मं ॥

जेहडसाधोर्धुतबहुमाये । शीलतपोजलगतमलकाये ॥ षड्पधानमालाप्तिशुभाये । लक्ष्मश्री र्देवश्रीर्जाये ॥ १७ ॥ मोहिणिराद्यायास्तनया–आस्तेप्रत्यतिष्ठिपद्या निजगुरुभिः ॥ सपरिकरौ जिनपार्श्वौ । सुतपः शीलहारिणिरन्या ॥ १८ ॥ देवश्री रात्मभूरत्न–चतुष्कं कांतिबंधुरम् ॥ संपूरितवती लक्ष्म्या । मंगलं स्वगृहागमे ॥ १९॥ तत्राभूद्धुरि नागपाल उरुधीः पुण्योऽथ योऽचीकरत् । सार्द्धं लालणसाधुना, स्वजननी पुण्याय वीरप्रभोः॥ चैत्यं द्वादशदेवदेवगृहिकं सौवर्णकुंभध्वजं । श्री जावालिपुरे तथा द्विरकरो त्तीर्थेषु यात्रां मुदा ॥ २० ॥ वीजापुरे वासुपूज्य-विधिचैत्ये शशिप्रभोः ॥ श्रीदेवगृहिकां यश्च । स्वपुण्याय व्यधापयत् ॥२१॥ जिनेश्वरगुरोःपार्श्वे । महर्द्ध्या यो व्रतं ललौ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

समाज्ञः सुतपःशक्ति–र्विद्याचंद्रमुनिः परः ॥ २२ ॥ तार्त्तीयीकः सचतुरमतिर्बालचंदोऽथवक्रो (भक्तो ?) । यः श्री शत्रुंजयप्रमुख महा,–तीर्थयात्रामकार्षीत् ॥ श्री मद्वीजापुरमधिविभोर्वासुपूज्यस्य चैत्ये । प्रीत्याचाकारयदजितनाथांकितं खत्तकोट्यम् ॥ २३ ॥

अजितसंभवयोरभिनंदन–सुमतितीर्थकृतोर्जिनगेहिकाः ॥ विनिरमापयदत्र च यश्चतु–र्विधसुधर्मरमानिलयानिव ॥ २४ ॥ यश्चैत्येऽत्र च दंडनालममलोद्यद्रुप्यपत्रोद्भटं । सन्मुक्तालिगुणं सहंसकनकश्रीकुंभचक्राश्रितम् ॥ तच्छत्रं वरपद्ममात्मदयिता पुण्याय चाधापय–ल्लोलंती चमरे च ये शुशुभतुर्हंसाविवास्याग्रतः ॥ २५ ॥ यात्रां रैवतकादिषु प्रकृतवांस्तीर्थेषु संघान्वित–श्चैत्यार्चादिककार्यचिंतनमुनीसद्भक्तिवृत्रा(त्र्या?)मलः ॥ श्रेयः श्रीवरकीर्त्ति कांतिलसितैः सत्यां स्वकीयाभिधां । तन्वानः कुलचंद्रसाधु ऋजुधीस्तुर्यः समास्तेऽसकौ ॥२६॥ आदेशाच्च जिनेश्वरस्य सुगुरोः श्रीवासुपूज्यप्रभु–प्रासादे वृषभादिदेवगृहिकाप्रारंभ मारंभयत् यस्तामादिजिनस्य देवगृहिकामाधापयद्वैक्रमे । वर्षेऽष्टद्विशिखींदुमानविदिते (१३२८) माघे नभस्यां सिते ॥ २७॥ एषां सहोदरा भग्नी । कुमारीत्यस्ति या व्यधात् ॥ श्रेयोमालां द्विधा लातुं । तपः षडुपधानकम् ॥ २८ ॥ पद्मलानागपालस्य । नागश्रीश्चप्रिये प्रिये ॥ पुत्रवच्छीलतपसोः ॥ पालने नित्यमादृते ॥ २९ ॥ स्वांश्चश्रूंत्वनुकर्त्तुमत्र चतुरः पुत्रानसूतादिमा । साधुर्मोहन आद्य एषु जनुषा श्रेयो गुणैश्चापरः ॥ पाताख्यः शुभमूर्तिकोऽथ लखमोऽन्यो देवसिंहोलघु–र्यें धर्मेस्वपराभवे कुलगतं गच्छंति तेजोनिजम् ॥३०॥ पद्मलांबाकृते साधु–मोहनः सुविधीशितुः ॥ कारयन् देवगृहिका–मुत्पताकं यशो व्यधात् ॥ ३१ ॥ पाताख्यः श्रीसुपार्श्वस्य स्वाख्यया देवगेहिकाम् ॥ कारयामास यत्सूनुः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पद्मःपाल्हणदेवीभूः ॥ ३२ ॥ नागश्रिया आत्मभुवौ सुपद्मौ । पात्रात्मकौ रम्यगुणाभिरामौ ॥ स्तो मूलदेवो धनसिंह एतौ । सद्धर्मबुद्धिस्तनया च नाटी ॥ ३३ ॥

श्रीवासुपूज्यपूजार्थं । सद्वाटौपित्तलामयौ ॥ प्रदीपप्रवरौप्रादा–न्नागश्रीः सुकृताप्तये ॥ ३४ ॥ जंबूमुनिप्रमुखपूर्व युगप्रधान–श्रीपार्श्वनाथजिनचारुचरित्ररम्या ॥ ज्ञानप्रपाऽत्र-विदधे किल पुस्तिकैका । नागश्रिया शुभधिया तु निजौरसाभ्यां ॥ ३५ ॥ सा बालचंद्रदयिता । घेलाधीदास्ति शीलतूलीं या ॥ अकृतषडुपधानां कां । श्रेयस्तल्पे सुखं ललितुं ॥ ३६ ॥ एतस्या स्तनयौ साधु–नेत्रवत्सरलाकृती ॥ सुव्यापारौ सदालोके । स्तएतौ हेमजैत्रलौ ॥ ३७ ॥ राल्हणसाधुसुतावरवधूटी ॥ श्रेष्ठित्रिभुवन-सिंहसुपुत्री ॥ साधोः कुलचंद्रस्यास्तेऽसौ । जायास्तेतूर्धर्मशुभाशा ॥ ३८ ॥ साक्षादात्मनि वीक्ष्य सत्कुलजनूरूपे सुपत्यादरं । दिव्यालंकृतिवस्त्रगंधकुसुमाभोगं फलं श्रेयसः ॥ तत्सर्वेश्वर-दानशीलसुतपोभावेषु दानास्यतः । श्रेयः प्रीणयितुं विशेष त इयं या तिष्ठमानाध्रुवम् ॥ ३९ ॥

प्रासादे जिनवासुपूज्यसुविभो वींजापुरेऽचीकरत् । श्री वीरप्रतिमांकखत्तकवरं मातुंश्चतुर्विंशतेः ॥ तीर्थेशांचकराजिनेश्वर गुरोस्तासांप्रतिष्ठांमधोः । (१३२६) श्वेतैकादशिकादिने रसक रत्र्येकैर्मिते वत्सरे ॥४०॥ युग्मं ॥ श्रीशत्रुंजयमुख्यतीर्थनिवहे यात्रा मकार्षीच्च या । चैत्यानां निरमीमपच्च कुसुमैर्लक्षेण पूजाघनाः । श्रीश्रेयांस जयाजदेवगृहिके श्रेयोनिधिप्राप्तये–ऽभिज्ञाने धनसिंह नामकलघु भ्रातु स्तथा च स्वयं ॥ ४१ ॥ ज्ञानार्चां कुलचंद्रसाधु रिमकां सत्पुस्तिकादीपिके । पृथ्वीचंद्रचरित्र रत्नघटिते खेतू प्रिया-यां कृते ॥ क्रीत्वा धाप्य(?)त्र? सौ वसमुरुजनेभ्योऽदादियंयेनतै–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्ताभ्यां दर्शितमार्गतः स्खलति न श्रीभव्यसार्थैः समम् ॥ ४२ ॥ श्रीतीर्थेशजयाभुवोऽभयकुमारर्षेश्चरित्रोत्तमे । सत्पुस्तत्रितयेव्यली लिखदियं खेतूः सुवर्णैर्ध्रुवं ॥ ज्ञानश्रीनिधिबीजकंत्रिपदगं साध्व-ध्वसात् प्राकरो–त्तद्येनास्य बलात्क्षणादपि लभे श्रेयोवरां स्वश्रियम् ॥ ४३ ॥

श्रीवासुपूज्यचैत्ये । श्रीपार्श्वसुखत्रकंकवल्यंतः ॥ व्यधाप-यत्कुलचंद्रः । श्रेयोऽर्थं महणदेवीपद्मलयोः ॥ ४४ ॥ आस्तेऽन्या कुलचंद्रस्य । प्रिया कांबलदेविका ॥ भावेन यात्मजं धर्मं । वर्द्धय-त्यात्मपालकम् ॥ ४५ ॥ श्रीमन्महावीरजिनेंद्रबिंबं । कर्पूरखंडस्य च मानपिंडम् ॥ स्वश्रेयसेऽकारि यथास्वकीयं । किंपुरायपुंजं हि भवां-तरीयम् ॥ ४६ ॥ भोः श्लाघ्यो न कथं सतां वृषवरोऽसौ मानदेवा-न्वयो । येनानुत्तरभागदेवगृहिकाभारः स्म निर्वाह्यते ॥ श्रीवीजा-पुर वासुपूज्यभवने सार्द्धं वृषज्यायसा । संघेनोत्तरपक्षदेवगृहिका-प्राग्भार माबिभ्रता ॥ ४७ ॥

यावद्द्यौर्वरवर्णिनीवविमलज्यायोंवरश्रीलस–त्तारातारवि-भूषणा सुरसरिद्धीरोत्तरीयं दधि ॥ उच्चैः खेलति चंद्रनायक श्रुभन्नक्षत्रमालान्विता । तावत्पंचसुपुस्तकी गृहमणीवोद्योतिका-स्तादसौ ॥ ४८ ॥ श्रीजिनेश्वरसूरीणां । विनेयोलब्धिशालिनां ॥ अस्यांप्रशस्तौ शस्तायां । श्रीकुमारगणिः कविः ॥ ४९ ॥

मूळ प्रशस्ति सार—

अभयकुमार चरित्र ग्रन्थ कर्ताની પ્રશસ્તિનો સાર—

(જેમાં શ્રી પ્રાચીન વિજાપુર જૈન દેરાસર અને શ્રાવકોનો ઇતિહાસ સમાયેલ છે). ઉકેશવંશમાં વીરદેવ નામે શ્રાવક હતા તેનો પુત્ર પાર્શ્વ નામે બુદ્ધિમાન્ પરાક્રમી હતો તત્પુત્ર માનદેવ થયા, તેના બન્ધુઓ કુલધર, બહુદેવ, યશોવર્ધન હતા, શ્રી જીનચન્દ્રસૂરિજીએ યશોવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધનના પુત્રને દીક્ષા આપીને કુમારાવસ્થામાં સ્વપટ્ટે સ્થાપી સૂરિ પદવી આપી. જીનપતિ સૂરિ તેઓશ્રીનું નામ હતું.

માનદેવ શ્રાવકને પણ ધનદેવ, રાજદેવ અને સાધુનિમ્બ એ ત્રણ પુત્રો હતા. તથા ધનદેવની પત્ની ધનશ્રીના પુત્રો જીનપાલાદિ આઠ હતા. તેઓ પૈકી યશોધર પુત્રે દેવગુરૂધર્મની સેવા કરવાથી સારી પ્રતિષ્ઠા મેળવી તેમજ અન્ય સરાણ નામે પુત્ર હતા. તેની સ્ત્રી વીરિ નામે હતી. તેણીને સાહણ નામે પુત્ર થયો. આ પુત્ર ધાર્મિક હોવાથી અનેક તીર્થોની યાત્રા કરી અને તેણે આનંદપૂર્વક વિજાપુરમાં શીતલનાથ સ્વામિની દેરી બંધાવી, તેમજ અન્યપુત્ર નીસ્વ. દેવની પદ્મશ્રી તથા જસહિણિ નામે બે ભાર્યાઓ હતી. જસહિણિએ કોટીવાર નવકાર મંત્ર ગણી કોટીઅક્ષતોથી ઉદ્યાપન કર્યું.

પહેલી પદ્મશ્રીને જેહડસાધુ પુત્ર હતો તથા તેણીને સંપત નામની પુત્રી થઈ. તથા જસહિણિને લાલનસાધુ-ખીંબડ સાધુ તથા વાલ્હીનામે અનુક્રમે પુત્રો પુત્રી હતી. વાલ્હી દરરોજ એકવાર ભોજન લેતી અને પક્ષમાસાદિ તપ કરવામાં તત્પર હતી. ખીંબડ સાધુની પુત્રીને જીનેશ્વરસૂરિએ દીક્ષા આપી ઋદ્ધિસુંદરી નામ સ્થાપન કર્યું. આમ્રશ્રી પ્રિયસાધુનો પુત્ર કુમારપાલ નામે પ્રસિદ્ધિમાં આવ્યો. આ કુમારપાલે માતપિતાના પુણ્યાર્થે વિજાપુરમાં પદ્મનાથ પ્રભુની દેરી કરાવી, તથા કુમારપાલે સ્વપુત્ર સ્થિરકીર્તિ તથા સ્વપુત્રી કેવલપ્રભા સાથે જીનપ્રબોધસૂરિપાસે દીક્ષા લીધી. જેહડ સાધુને લક્ષ્મશ્રી તથા દેવશ્રી એ બે પત્નીઓ હતી. પ્રથમ સ્ત્રીની પુત્રી મોહિણીએ પોતાના ગુરૂ પાસે પરિકર સહિત બે પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરાવી. દેવશ્રીને ચાર પુત્ર હતા, તેમાં નાગપાલે લાલન સાધુની સાથે સ્વજનની પુણ્યાર્થે શ્રી જાવાલિપુરમાં વીર પ્રભુનું ચૈત્ય બારદેરી યુકત કરાવ્યું, તથા બે વાર તીર્થની યાત્રા કરી, તથા વિજાપુરમાં સ્વપુણ્યાર્થે વાસુપૂજ્ય દેરાસરમાં ચન્દ્રપ્રભુની દેરી બંધાવી "અને જેણે જીનેશ્વર સૂરિ પાસે દીક્ષા લીધી તે વિદ્યાચંદ્ર મુનિ બીજા પુત્ર હતા" તથા જેણે શ્રી શત્રુંજય પ્રમુખ યાત્રાઓ કરી તથા વિજાપુરમાં વાસુપૂજ્યસ્વામીના ચૈત્યમાં અજીતનાથાંકિત બત્ત કોટયં કરાવ્યું તે બાલચન્દ્ર ત્રીજો પુત્ર હતો. ચોથા પુત્ર કુલચન્દ્રે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસુપૂજ્ય દેરાસરમાં અજીતનાથ, સંભવનાથ, અભિનંદન-સુમતિનાથની દેરીઓ બંધાવી તથા દંડ છત્રાદિ ધારણ કર્યાં તથા રૈવતાચલ પ્રમુખ તીર્થોની સંઘયુકત યાત્રા કરી, તથા જીનેશ્વરસૂરિના આદેશથી વિક્રમ સંવત્ અષ્ટ દ્વિશિખી ઇન્દુ માન વર્ષે (૧૩૨૮) માઘ સુદિ નવમીના દિવસે વાસુપુજ્ય સ્વામીના પ્રાસાદમાં ઋષભાદિ પ્રભુની દેરીઓ કરાવી હતી, રૂપાવાળો ધ્વજાગરો, મોતિનું સૂત્ર, સુવર્ણનો કળશ ચઢાવ્યો તથા સુવર્ણનું કમલ ચઢાવ્યું, તથા સ્ત્રીપુણ્યાર્થે બે ચામર મૂકયાં. આ ચાર ભાઇઓની બેન કુમારી નામે હતી. તેણે ષડ્ ઉપધાન કરી માલા પહેરી હતી. નાગપાલને પદ્મલા નાગશ્રી નામે બે સ્ત્રીઓ હતી. તેમાં પદ્મલાને ચાર પુત્રો હતા. સાધુ મોહણ ૧, સાધુ પાત ૨, સાધુ લખમો ૩, દેવસિંહ ૪.

સાધુ મોહણે સ્વ૦ પદ્મલા માતાના પુણ્યાર્થે સુવિધિનાથની દેરી બંધાવી, તથા સાધુપતિએ સુપાર્શ્વ સ્વામીની દેરી બંધાવી. સાધુ પતિનો પુત્ર પદ્મ નામે પાલ્હણ દેવીનો સૂત હતો. નાગશ્રીને મૂલદેવ તથા ધનસિંહ બે પુત્રો હતા, તથા એક નાટી પુત્રી હતી. નાગશ્રીએ સ્વ પુણ્યાર્થે શ્રી વાસુપૂજ્ય સ્વામીની પૂજા માટે સારી મોટી પિત્તલમય દીવીઓ અપર્ણ કરી હતી, તથા જંબુસ્વામી પ્રમુખ યુગ પ્રધાનોનું ચરિત્ર સ્વપુત્ર પાસે રચાવ્યું, લખાવ્યું, તથા બાલચન્દ્રની ઘેલી સ્ત્રીએ ષડ્ ઉપધાન તપ કર્યું હતું. તેનું નામ ઘેલા હતું તેને હેમ તથા જેત્રલ બે પુત્રો હતા, તથા કુલચંદ્રની સ્ત્રી ખેતૂએ વિજાપુરમાં જીનેશ્વર સૂરિ પાસે શ્રી વીર પ્રતિમાંક ખત્તકવર તથા ચોવીશ તીર્થંકરોની માતાઓની પ્રતિષ્ઠા કરાવી. વિક્રમ વર્ષે રસ કરચ્યેક મિતે (૧૩૨૬) ચૈત્ર માસમાં જીનેશ્વરગુરૂ પાસે પ્રતિષ્ઠા કરાવી તથા શત્રુંજયની યાત્રા કરી તથા લાખપુષ્પોથી ચૈત્યોની પૂજા કરી હતી. તથા કુલચંદ્રે ધનસિંહ લઘુભાઇના સ્મરણાર્થે શ્રેયાંસનાથની દેરી કરાવી, તથા સ્વપ્રિયા ખેતૂના પુણ્યાર્થે પૃથ્વીચન્દ્રનું ચરિત્ર બે વેળા વેચાતું લેઇ પોતાના ગુરૂને અર્પણ કર્યું. તથા ખેતૂ સ્ત્રીએ અભયકુમાર રાજર્ષિના ચરિત્રની ત્રણે પ્રતો સુવર્ણ અક્ષરોએ લખાવી હતી. તથા કુલચંદ્રે મહણ દેવી તથા પદ્મલાના શ્રેયો નિમિત્તં શ્રી વાસુપૂજ્ય સ્વામીના ચૈત્યમાં શ્રી પાર્શ્વનાથનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખત્તકં કરાવ્યું. તેને અન્યા સ્ત્રી કાંબલ દેવી નામે હતી તેણે શ્રેયોર્થ મહાવીર સ્વામીની પ્રતિમા કરાવી જેણે વિજાપુરમાં સંઘની સાથે દેરીઓ બંધાવાદિક કાર્યો કર્યા તે માનદેવનો વંશ સાધુ પુરૂષોને માન્ય છે.

પ્રશસ્તિને અંગે વડોદરાથી પંડિત લાલચંદ ભગવાને લખેલ પત્ર.

વડોદરા. } વીર સં. ૨૪૫૦ કાર્તિક વ. ૨ રાવ.

અનેક ગુણાલંકૃત યોગનિષ્ઠ કવિરાજ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરિજી મહારાજશ્રીની પવિત્ર સેવામાં.

વિજાપુર.

વિ. વિ. આપનો કૃપાપત્ર પહોંચ્યો, વાંચી સમાચાર જાણ્યા. આપે નામસ્મરણ માટે સૂચના કરી, તે આપની ઉત્તમતા સૂચવે છે. મારાથી બનશે તેટલી માહિતી મેળવી આપને સૂચના કરીશ.

અભયકુમાર ચરિત (ચન્દ્રતિલકોપાધ્યાયકૃત) હીરાલાલ હંસરાજ તરફથી છપાઈ બહાર પડેલ છે, પ્રાયઃ આપના સંગ્રહમાં પણ હશે. તેમાં ગ્રંથકારની પ્રશસ્તિ પછી પ્રાંતે ૪૮ વિવિધ છન્દોમાં ગ્રંથ લખાવનારની પ્રશસ્તિ કુમારકવિએ કરેલી છે, કે જે વિ. સં. ૧૩૨૮ પછી બનાવી હોય તેમ તેમાં આપેલી હકિકત ઉપરથી સમજાય છે. એ ચરિત્ર રચાયાનો સં. ૧૩૧૨ છે. ચરિત્ર રચનાર અને ગ્રંથ લેખનની પ્રશસ્તિ રચનાર એ બન્ને જિનેશ્વર સૂરિના શિષ્યો હતા. આ તેજ જિનેશ્વર સૂરિ જણાય છે કે— જેઓનું વીજાપુર પધારવું થયું હતું, એવું સંઘપુરના શિલાલેખથી સાબિત થાય છે, અને જેમના ગુણોનું વર્ણન ૧૦૯, ૧૧૦ અને ૧૧૧ એ શ્લોકોમાં એ શિલાલેખમાં જોવામાં આવે છે. (આ શિલાલેખ વિજાપુર વૃત્તાંતમાં આપે છપાવ્યો છે.)

પૂર્વોક્ત જિનેશ્વર સૂરિના ગુરુ જિનપતિસૂરિ કે જેમનો સ્વર્ગવાસ સં. ૧૨૭૭ માં થયેલ હતો, એવું ખરતર ગચ્છ પટ્ટાવલિ વિગેરે સાધનોથી આપણને માલૂમ પડે છે. તે સૂરિનો જન્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીજાપુરમાં હોવાનું પ્રશસ્તિ ઉપરથી અનુમાન થાય છે. પ્રશસ્તિકારે ઉકેશવંશીય માનદેવ શેઠના અન્વય (કુટુંબ) ને ધન્યવાદ આપ્યો છે અને તેના વંશજોના કાર્યોનો ઉલ્લેખ કર્યો છે કે જે વીજાપુરની સાથે બહુ સંબંધ રાખે છે. વાસુપૂજ્ય સ્વામિનું વિશાલ મંદિર વીજાપુરમાં હોવાનું જણાઈ આવે છે, કે જેના દક્ષિણ ભાગની દેવકુલિકા (દેરીઓ) નો ભાર નિર્વાહ (ખર્ચ, સમારકામ વિ.) ઉપરનું કુટુંબ કરતું હતું અને ઉત્તર ભાગની દેરીઓનો નિર્વાહ વીજાપુરનો સંઘ કરતો હતો; એમ તે પ્રશસ્તિ પરથી જણાય છે. એ સિવાય સંઘપુરના શિલાલેખમાં વીજાપુર વર્ણનના ૮૮મા શ્લોક પછી ૮૯મા શ્લોકમાં જે પાંચ શ્રાવકોના નામો આપીને તેઓને ત્યાંના નિવાસી દર્શાવ્યા છે. તેમાંના જેહડ શેઠ પૂર્વોક્ત માનદેવ શેઠના પૌત્ર હોવાનું પ્રશસ્તિથી જણાય છે. એ વિગેરે બીના વિચારતાં પૂર્વોક્ત કુટુંબ વીજાપુરમાં વસતું હશે એમ સમજાય છે. જિનપતિસૂરિના પિતા યશોવર્ધન શેઠ પૂર્વોક્ત માનદેવ શેઠના લઘુ સહોદર થતા હોવાનું એ પ્રશસ્તિ ઉપરથી જણાય છે. એટલે જિનપતિસૂરિની જન્મભૂમિ વીજાપુર હોવાનું અનુમાન થઈ આવે છે. એટલું જ નહિ, પરંતુ યશોધર (જિનપતિ સૂરિના સાંસારિક ભત્રિજા) એમણે જિનપતિસૂરિ પાસે વિદ્યાચંદ્રમુનિ તથા ઋદ્ધિસુંદરીએ જિનેશ્વરસૂરિ પાસે તથા સ્થિરકીર્ત્તિ અને કેવલપ્રભાએ જિનપ્રબોધ સૂરિ પાસે દીક્ષા લીધી હતી, તે પણ વીજાપુરનાં અને પૂર્વોક્ત માનદેવ શેઠના કુટુંબ હોવાનું પ્રશસ્તિ પરથી સમજાય છે.

સંઘપુરના શિલાલેખ પરથી માત્ર એટલું જ સમજાય છે કે-જિનેશ્વરસૂરિ વીજાપુરમાં પધાર્યા હતા, ત્યારે આ પ્રશસ્તિ પરથી તેઓ વિ. સં. ૧૩૨૬ માં પધાર્યા હોવાનું (અને વિ. સં. ૧૩૨૮ માં પણ ?) સ્પષ્ટ જણાઇ આવે છે, કેમકે તેજ વરસમાં વૈ. શુ. ૧૧ ના દિવસે વાસુપૂજ્ય જિનાલયમાં વીરપ્રભુની પ્રતિમાવાળી દેહરી વિ. ની પ્રતિષ્ઠા તેમના હાથથી થઈ હતી. વીજાપુરના વાસુપૂજ્ય જિનમંદિરમાં શીતલનાથ, પાર્શ્વનાથ, પદ્મપ્રભ, અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિતનાથ, સંભવ, અભિનંદન, સુમતિ, ચન્દ્ર પ્રભુ, આદીશ્વર, વીર જિન એ વિગેરે જિનેશ્વરોની દેરીઓ કરાવનાર અને વાસુપૂજ્ય જિનાલય માટે અનેક વસ્તુઓ ભેટ કરનાર, તીર્થયાત્રા, ઉપધાન, તપસ્યાઓ વિ. અનેક ધાર્મિક કૃત્યો કરનાર અને પુસ્તકો લખાવનાર એજ માનદેવ શેઠના વંશને (સ્ત્રી–પુરૂષો) વીજાપુરનાં વતની જણાય છે.

ખરતર ગચ્છ, કે જેને પહેલાં વિધિપથથી ઓળખવવામાં આવતો હતો, તેના શ્રાવકોની વસતિ વીજાપુરમાં પ્રથમ સારી રીતે હશે, એવું પણ આ ઉપરથી સૂચિત થાય છે.

પ્રશસ્તિવાળું અભયકુમાર ચરિત્ર છપાઈ ગયેલ હોવાથી અને એ આપના સંગ્રહમાં પણ હશે. એમ માની લઈ મોકલ્યું નથી, પરંતુ તેની કાંઇક રૂપરેખા આપને આ લખી મોકલી છે. આશા છે કે–આ ઐતિહાસિક બીના જાણવાથી આપને ઘણો આનંદ થશે.

ભવદીય—

લા. ભ. ગાંધીના

સવિનય ૧૦૦૮ વાર વન્દના સ્વીકારશોજી.



ટિપ્પન—વિજાપુરમાં ખરતર વિધિપક્ષનું દેરાસર વાસુપૂજ્યનું હતું તેમજ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીનાં દેરાસર. એ બે હતાં તે તપાગચ્છી, વડગચ્છી હોવાનું અનુમાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ नमः

विन्नपुर वृत्तांत ग्रन्थ कर्तानी
(जैनश्वेताम्बर.)
तपागच्छीय सागरशाखा पट्टावलि.

चोवीशमा तीर्थंकर श्री महावीरप्रभुदेव.

वि. सं. १९८० थी २४५० वर्ष पूर्वे थया.

१ तेमना पट्टे—श्री सुधर्मास्वामिजी गणधर
२ तत्पट्टे श्री जंबुस्वामिजी
३ ,, श्री प्रभवस्वामिजी
४ ,, श्री शय्यंभवसूरिजी
५ ,, श्री यशोभद्रसूरिजी.
६ ,, श्री संभूतिविजय तथा भद्रबाहुस्वामिजी.
७ ,, श्री स्थूलभद्रजी महाराज.
८ ,, श्री आर्य्यसुहस्तिसूरि.

(संप्रति राजाना प्रति बोधक) अशोकनो पुत्र कुनाल तेनो पुत्र संप्रति राजा थयो.

आठ पाट पर्यंत निर्ग्रन्थगच्छ नाम चाल्युं.

९ तत्पट्टे सुस्थित अने सुप्रतिबद्धसूरि.
१० ,, इन्द्रदिन्नसूरिजी
११ ,, श्री दिन्नसूरिजी.
१२ ,, सिंहगिरिसूरिजी
१३ ,, श्री वज्रस्वामिजी महाराज
१४ ,, श्री वज्रसेनसूरिजी.
१५ ,, चन्द्रसूरिजी.
१६ ,, सामन्तभद्रसूरिजी (वनवासी गच्छ नीकळ्यो.)
१७ ,, वृद्धदेवसूरिजी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮ ,, પ્રદ્યોતનસૂરિજી.
૧૯ ,, માનદેવસૂરિજી.
૨૦ ,, માનતુંગસૂરિજી.
૨૧ ,, શ્રી વીરસૂરિજી.
૨૨ ,, જયદેવસૂરિજી.
૨૩ ,, દેવાનન્દસૂરિજી.
૨૪ ,, શ્રી વિક્રમસૂરિજી.
૨૫ ,, શ્રી નરસિંહસૂરિજી.
૨૬ ,, શ્રી સમુદ્રસૂરિજી
૨૭ ,, શ્રી માનદેવસૂરિજી.
૨૮ ,, શ્રી વિબુધપ્રભસૂરિજી.
૨૯ ,, શ્રી જયાનન્દસૂરિજી.
૩૦ ,, શ્રી રવિપ્રભસૂરિજી.
૩૧ ,, શ્રી યશોદેવસૂરિજી.
૩૨ ,, શ્રી પ્રદ્યુમ્નસૂરિજી.
૩૩ ,, શ્રી માનદેવસૂરિજી.
૩૪ ,, શ્રી વિમલચન્દ્રસૂરિજી.
૩૫ ,, શ્રી ઉદ્યોતન સૂરિજી.
૩૬ ,, શ્રી સર્વદેવસૂરિજી.
૩૭ ,, શ્રી દેવસૂરિજી.
૩૮ ,, શ્રી સર્વદેવસૂરિજી.
૩૯ ,, શ્રી યશોભદ્રસૂરિજી.
૪૦ ,, શ્રી મુનિચન્દ્રસૂરિજી.
૪૧ ,, શ્રી અજિતદેવસૂરિજી.

---

૧ આ આચાર્યના સમયમાં વિ. સંવત ૯૯૫ માં વડગચ્છ આદિ ચોરાશી ગચ્છ નીકળ્યા. તેમણે ચોરાશી શિષ્યોને એક કાલે વડ નીચે આચાર્ય પદ આપ્યું તેથી ગચ્છનું વડગચ્છ નામ પડ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

४२ ,, श्री विजयसिंहसूरिजी.
४३ ,, श्री सोमप्रभसूरिजी.
४४ ,, श्री जगच्चन्द्रसूरिजी.

(वि० संवत् १२८५ માં વિજાપુરમાં શ્રી જગચ્ચંદ્રસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો અને તેમનો મેવાડમાં આઘાટમાં મેવાડના રાણાએ તપા એવું બિરૂદ આપ્યું તેથી ત્યાંથી તપાગચ્છ પ્રસિદ્ધ થયો.

४५ ,, श्री देवेन्द्रसूरिजी.
४६ ,, ,, धर्मघोषसूरिजी.
४७ ,, ,, सोमप्रभसूरिजी.
४८ ,, ,, सोमतिलकसूरिजी.
४९ ,, ,, देवसुंदरसूरिजी.
५० ,, ,, सोमसुंदरसूरिजी.
५१ ,, ,, मुनिसुंदरसूरिजी.
५२ ,, ,, रत्नशेखरसूरि.
५३ ,, ,, लक्ष्मीसागरसूरिजी.
५४ ,, ,, सुमतिसाधुसूरिजी.
५५ ,, ,, हेमविमलसूरिजी.
५६ ,, ,, आनन्दविमलसूरि.
[ક્રિયોદ્ધાર કર્તા]
५७ तत्पट्टे श्री विजयानन्दसूरिजी.
५८ ,, ,, हीरविजयसूरिजी.
[અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ]
५९ तत्पट्टे श्री सहजसागरोपाध्याय.
[તપાગચ્છ સાગર શાખા]
६० ,, ,, जयसागरजी उपाध्याय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૧ ,, ,, જિતસાગરગણિ મહારાજ.
૬૨ ,, ,, માનસાગરજીગણિ મહારાજ.
૬૩ ,, ,, મયગલસાગરજી મહારાજ.
૬૪ ,, ,, પદ્મસાગરજી મહારાજ.

[વિ૦ સંવત્ ૧૮૨૫ અષાડ સુદિ ૧૧ મેડતામાં સ્વર્ગગમન.]

૬૫ તત્પટ્ટે શ્રી સુજ્ઞાનસાગરજી મહારાજ.

[વિ૦ સંવત્ ૧૮૩૮ શ્રાવણ સુદિ ૫ સ્વર્ગગમન ઉદેપુરમાં]

૬૬ તત્પટ્ટે શ્રી સરૂપસાગરજી મહારાજ.

[વિ૦ સંવત્ ૧૮૬૬ પોષ સુદિ બીજે પાલીમાં સ્વર્ગગમન.]

૬૭ તત્પટ્ટે શ્રી નાણસાગરજી (જ્ઞાનસાગરજી) મહારાજ.

[વિ૦ સંવત્ ૧૮૮૭ ભાદરવા વદિ ૧૪ પાક્ષિક પ્રતિક્રમણમાં અજીત શાંતિ કહેતાં સ્વર્ગગમન. ઉદેપુરમાં]

૬૮ તત્પટ્ટે શ્રી મયાસાગરજી મહારાજ.

[સંવત ૧૮૮૭ થી ૧૯૦૭ સુધી પટ્ટધર, અમદાવાદમાં સ્વર્ગગમન.]

૬૯ તત્પટ્ટે શ્રી નેમિસાગરજી મહારાજ.

[સંવત ૧૯૦૭ થી ૧૯૧૩ સુધી પટ્ટધર સ્વ૦ મુજપરમાં]

૭૦ તત્પટ્ટે શ્રીમાન્ રવિસાગરજી મહારાજ.

[સંવત્ ૧૯૧૩ થી ૧૯૫૪ સુધી પટ્ટધર સ્વ૦ મહેસાણા.]

૭૧ તત્પટ્ટે શ્રીમાન્ સુખસાગરજી મહારાજ.

[વિ૦ સંવત્ ૧૯૫૪ થી ૧૯૬૯ સુધી પટ્ટધર સ્વ૦ અમદાવાદમાં

૭૨ તત્પટ્ટે શ્રીશાસ્ત્રવિશારદયોગનિષ્ઠજૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ.

[વિ૦ સંવત્ ૧૯૬૯ થી પટ્ટધર.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુસલમાન પ્રકરણ.

કસાઇવાડાના ચોરાની મસ્જીદમાં એક લેખ છે તેનો ગુજરાતીમાં તરજુમો નીચે પ્રમાણે છે—

૧ ઈશ્વરના નામ સાથે શરૂ કરૂં છું.

૨ ઔરંગશાહ બાદશાહના વખતમાં સુરદારપુર મહેલ્લો વસેલો સદરહુ બાદશાહના વખતમાં.

૩ સૈયદ હાસમ કોતવાલે ઈશ્વર ઇચ્છાથી વસાવેલું.

૪ ખુદાના હુકમથી તૈયાર કરી વસાવ્યું છે.

તારીખ ૧ માહે જમાદી ઉલ અબલ સને ૧૦૧૦ હીજરી.

કસાઇવાડાની મસ્જીદમાં પત્થર ઉપર લેખ છે તે ગુજરાતીમાં–

તખત પાદશાહ ઔરંગશા.

વીજાપુર જાંગીરખાન શ્રીબદર.

મયાન પરસર દર પરવાસ××××

સૈદ ટીશમ કોતવાલ કામદારે.

કર્યું છે સંવત ૧૭૪૦ વરખે વૈશાખ માસે.

ગામની આથમણી દિશાએ સ્ટેશન પાસે ઈદગા છે ત્યાં વચ્ચોવચ્ચ બેઠકની જગાએ અરબીમાં લેખ છે તેનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે.—

૧ આથી પહેલાં અહીં જફરખાં બાબીએ ઇદગાહની પ્રતિષ્ઠા કરેલી.

૨ તે પુરાણી અને ખંડીત થવાથી ઘણી મુદત થઇ ગઇ હતી.

૩ તેથી પછી નવીન પ્રતિષ્ઠા ઈશ્વર ઇચ્છાથી કરવામાં આવી.

૪ મુજા હીદખાં આલીનેક આદતવાલાએ પ્રતિષ્ઠા બીજી વાર નવીન કરી.

૫ જ્યારે આ ઇમારત તૈયાર થઇ તે બીનાનો લેખ લખવામાં આવ્યો.

૬ આકાશી દેવોએ કહ્યું કે આ ઇદગાહ શ્રેષ્ટને ઉત્તમ તૈયાર થઈ છે સને ૧૦૬૩ હીજરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાટણ ગુજરાતની સુબાગીરી ઉપર હીજરી સન ૭૯૪ માં જફરખાન આવ્યા. હીજરી સન ૮૧૦ માં જફરખાન શેરપુરમાં ગુજરાતના સુલતાન થયા અને મુજફરશાહ નામ ધારણ કર્યું. દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનના ગુજરાત પાટણના સેનાધિપતિ જફરખાને વિજાપુરની ઈદગા બનાવી. હીજરી સન ૮૦૧ માં જફરખાને બંધાવેલો ઈદગા જીર્ણ થઈ ગયો ત્યારે પાલણપુરના દિવાન મુજાદખાન કે જે અમદાવાદના સુબા થયા હતા, તે વિજાપુરમાં બંદોબસ્ત કરવા સારૂ વીસ વર્ષ રહ્યા હતા. તેમણે ઈદગા સુધરાવ્યો, હીજરી સન ૧૦૬૩ માં દુરસ્ત કરાવ્યો. વિક્રમ સંવત્ ૧૯૬૨ માં કાગદી વહોરા-ઉસમાન ભાઇએ તથા મીરાં સૈયદમીયાં બાનુમીયાં વિગેરેએ મુસલમાનોના ઈદગાના ફંડમાંથી ઈદગા ત્રીજીવાર સુધરાવ્યો. જફરખાન પછી આશરે ૨૬૨ વરસે ઈદગાનો જીર્ણોદ્ધાર થયો તે પછી હાલનો જીર્ણોદ્ધાર આજથી સત્તર વરસ ઉપર થયો છે.

પીંજરાની મસ્જીદ—પીંજરાની મસજીદની જગ્યાએ પહેલાં હુંબડ જૈનોનું મંદિર અને પૈાષધશાળા હતી. ઔરંગજેબ બાદશાહના આજુબાજુના કાળમાં તે તોડી પાડવામાં આવ્યું અને ત્યાં મસ્જીદ બંધાવવામાં આવી. પુરીબાઈ નામની શ્રાવિકાને મુસલમાન બનાવવામાં આવી; તેની હાલ ત્યાં કબર છે, તે કબર દરવાજામાં પેસતાં ડાબી તરફ છે, અને ઉત્તર દિશાના દરવાજામાં પેસતાં જમણી બાજુએ ભોંયરૂં હતું અને તેમાં પ્રતિમાઓ હતી. હાલ ભોંયરૂં પૂરી નાખવામાં આવ્યું છે. સદરહુ જગા અમે જાતે જોએલી છે.

મસ્જીદ જૂની થવાથી હાલ દસ વર્ષ ઉપર એટલે લગભગ વિ૦ સંવત્ ૧૯૭૧ ની સાલમાં નવી બંધાવી છે; તેમ છતાં હાલ પૂર્વના દેરાસરેાનો આરસપહાણ અવશેષ રહેલો જોવામાં આવે છે. મસ્જીદનો હોલ સારો રમણીય છે.

કબરસ્તાનમાં મસ્જીદ—મીયાં સૈયદભાઇ રહીમભાઇ કાગદીએ વિક્રમ સંવત્ ૧૯૬૨ માં આ મસ્જીદ બંધાવી છે. અલીફા રહેમાનશાહ કાદરીની કબ્રમસ્જીદ પાસે લીંબડીની નીચે છે, તે હા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફીજ ફકીર હતા. તેમણે વિ૦ સંવત્ ૧૯૫૪ ના ફાગણ શુદિ પુનમના રોજ દેહ ત્યાગ કર્યો હતો.

ફૈજુદ્દીન મીયાનું રોઝું—કબ્રસ્તાનની પાસે આંબલી પાસે કાજી ફૈજુદ્દીન વહીઉદ્દીનનો રોઝો છે. વિક્રમ સંવત ૧૯૭૬ માં તે રોઝો એક વરસમાં પૂરો કરવામાં આવ્યો છે* ફૈજુદ્દીન મીયાં ગરીબોને દાન કરતા અને તેમણે કુરાનનો સારો અભ્યાસ કર્યો હતો. હિન્દુઓની સાથે સારી રીતે હળી મળી રહેતા હતા. હિંદુ

* વિજાપુર મુસલમાન કોમમાં ફૈજોદ્દીનમીયાં પ્રતિષ્ઠિત ગૃહસ્થ અને ગરીબોને આશ્રય આપનાર હતા. વિ. સં. ૧૯૭૩ માં તેમણે દેહ ત્યાગ કર્યો. તેમના મૃતક શરીરને માન આપવા સારૂ હિંદુઓએ પણ મુસલમાનોની સાથે ભાગ લીધો હતો. તેમણે ખાનગીમાં મુસલમાન ગરીબ વર્ગને તથા કેટલાક ગરીબ હિંદુઓને એકંદર દશ પનર હજાર રૂપીયાનું દાન કર્યું હશે. હિંદુ કોમમાં અને મુસલમાન કોમમાં સંપ જાળવવામાં તે એક્કા હતા. સૈયદ કાજુમિયાંની પેઠે તે સંત સાધુ ફકીરના ભકત હતા. અમારી પાસે તે ઘણી વખત આવતા અને સદુપદેશ શ્રવણ કરીને આચારમાં મૂકતા હતા. જૈન કોમમાં શેઠ મગનલાલ કંકુચંદ દાતાર અને જીવોના પ્રતિપાલ હતા; તેમજ હિંદુ કોમમાં બારોટ ત્રિકમલાલ વાધજી હતા. બારોટ ત્રિકમલાલ વાધજીએ પણ અનેક ગરીબ બ્રાહ્મણ વગેરેને મદત કરી કરી હતી. શેઠ મગનલાલ કંકુચંદે વિ. સં. ૧૯૫૬ આદિથી પડતા દુષ્કાલોમાં ગરીબ લોકોને ઘણી મદદ કરી હતી તથા પાંજરાપોળને હજારો રૂપેયાની મદત કરી હતી તથા કરાવી હતી. ફિન્નેદ્દીનમિયાંએ દેહત્યાગ કર્યો ત્યારે મુસલમાનો પૈકી કેટલાક આગેવાનો અમારી પાસે તેમની પાછળ પાખી પળાવવા આવ્યા હતા, તેમણે પાખી પળાવવા માટે રૂપીયા મહાજનને આપવા માંડયા હતા, પણ અમોએ સદુપદેશ આપીને રૂપીયા વિના પાખી પળાવી હતી. ત્યારથી મુસલમાન અને જૈન હિંદુ કોમમાં સંપ વધતો જાય છે. મુસલમાનોની કોમમાં કાજુમિયાં સાધુ ફકીરોના ભકત છે, વહોરા કોમમાં વૈદ્ય તરીકે પ્રસિદ્ધ પામેલા ફકીર મહમદ વહોરા છે. તે ગરીબોની દવા પઇસા લીધા વિના કરે છે. અમારી પાસે ઘણી વખત તે આવે છે. તેમની નીતિ સારી છે. હિંદુઓની સાથે મિત્રભાવ રાખે છે. ગરીબ લોકોને દવા વગેરેથી સહાય કરે છે. જૈન કોમમાં જૈન યુવક ભોગીલાલ મગનલાલ હતા તે દાતાર હતા. તેણે દુષ્કાળના વખતમાં ગરીબોને સારી મદદ કરી હતી. બ્રાહ્મણ કોમમાં શેઠ લલુભાઇ ગિરધરે વિ. સં. ૧૯૭૪માં દુષ્કાળ પડવાનો સંભવ હતો તે વખતે સારી મદદ કરી હતી. હિંદુ અને મુસલમાન કોમમાં ગરીબોના સહાયક દયાવંત લોકો પ્રગટો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુસલમાનના સંપ માટે સારો ભાગ લેતા, તે મરણ પામ્યા ત્યારે મહાજને પાખી પાળી હતી. મુસલમાનોએ પાંજરાંપોળમાં રૂપીયા આપવા મંડયા હતા, પણ મહાજને તેમની મોટાઈની ખાતર લીધા નહોતા, અમોએ તેમના ગુણથી આકર્ષાઈને પાખી પાળવા ખાસ ઉપદેશ કર્યો હતો

વિજાપુરમાં આવનાર મુસલમાનો—પાટણથી બાવા હુઝ ફકીરના શિષ્ય દાદા ફકીર મહમદ સાહેબ પ્રથમ આવ્યા. વિજળદેવ રાજા તે વખતે વિજાપુરમાં રાજ્ય કરતો હતો. તે મુસલમાનોને સતાવતો હતો તેને ઉપદેશ આપવાના નિમિતે આવ્યા હતા. તે વખતે પાટણની ગાદીએ કરણ ઘેલો રાજા રાજ્ય કરતો હતો. પાટણ જીત્યું તે વખતે અલફખાન સરદારે વિજાપુર જીત્યું. વિક્રમ સંવત્ ૧૩૫૬ માં અલ્લાઉદ્દીનના સેનાપતિ અલફખાન હતા. અકબર બાદશાહના વજીર ટોડરમલે જૂના વિજાપુરની પાસે વસેલા નવા વિજાપુર કે જેમાં મુસલમાનોએજ વાસ કર્યો હતો તેના બજારને સુધાર્યું. મુસલમાનની દુકાનો કરતાં વાણીયાની દુકાનો તે વખતે થોડી હતી. જૂના વિજાપુરની અડોઅડ નવું વિજાપુર વસ્યુ હતું. જૂનું વિજાપુરના જેમ જેમ ભાંગતું ગયું તેમ તેમ જૂના વિજાપુર વાસીઓથી નવું વિજાપુર વધવા લાગ્યું.

જાનીયા મસ્જીદ—ફકીર મહમદ સાહેબના ભાણેજ મગ્દુમ અને જહાનીયા એ બે પીર સાહેબ હતા. મક્કામાં હજ કરવા માટે તે બન્ને ફકીર મહમદ સાહેબની સાથે ગયા હતા. જહાનીયા પીર સાહેબ જ્યાં વસતા હતા ત્યાં તેમના નામથી જાહાનીયા મસ્જીદ બાંધવામાં આવી. તે મસ્જીદ જૂની થવાથી હાલમાં સંવત્ ૧૯૭૧ માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. મસ્જીદની જગા વિશાળ છે. તે મસ્જીદની પાસે પહેલાં હાડીઓની વસ્તી આશરે સવાસો ઘરની હતી. જાનીયા પીરનાં ચેલાને કોઈએ લોટની ચપટી ન આપી અને તેથી તેમણે શ્રાપ આપ્યો. તેથી ત્યાં ઢેઢવાડો થયો; એમ દંતકથા ચાલે છે. માદન ખેતરમાં ચાન સૈયદની કબ્ર છે. વિજાપુરમાં પહેલી માદનવાળી કબ્ર થઈ હતી. માદનમાં પહેલાં મસ્જીદ હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૈયદ અતાઉલ્લાની ત્યાં કબ્ર હતી તેની પાસે મસ્જીદ હતી. માદણનું બેતર મુલ્તાને સૈયદને આપ્યું હતું. સર્વના પહેલાં વિજાપુરના મુસલમાનોમાં સૈયદ આવ્યા હતા. પહેલાં વીજાપુરમાં પાંજરાનાં હજાર ઘર હતાં અને વહોરાનાં સાતસો ઘર હતાં.

બીબી જસમાનો રોઝો—તે રોઝાની જગ્યાએ પહેલાં હિન્દુ મંદિર હતું એમ કહેવાય છે, પણ તે વાત સત્ય હોય એમ અમને પુરાવાથી લાગતું નથી. (મુસલમાનો તરફથી એ વાત કહેવામાં આવે છે પણ હિન્દુઓ તરફથી તેવું કહેવામાં આવતું નથી) જસમા બીબીને જ્યાં દાટવામાં આવી ત્યાં રોઝો બનાવવામાં આવ્યો. પાટણના સેનાપતિ જફરખાને હિન્દુ મંદિરો તોડીને તેના પત્થરો, મસ્જીદો બાંધવાના ઉપયોગમાં લીધા અને બીબી જસમાના રોઝામાં કીંમતી પત્થરો દાટવામાં આવ્યા હોય એમ કહેવામાં આવે છે. ત્યાં પહેલાં ધનનો ખજાનો દાટવામાં આવ્યો હતો એમ કહેવાય છે. રોઝાની આસપાસ ઈંટોનો કોટ છે તે પડી ગયો છે. રોઝાની કબ્ર પાસે જૈન દેરાસરનો આરસનો એક શંખવટ્ટો છે.

કસ્બાતી, યાને સૈયદની મસ્જીદ—વિક્રમ સંવત્ ૧૫૩૦ લગભગની અગર તે પછીની આ મસ્જીદ હોય એમ લાગે છે. મસ્જીદ સાથે કસ્બાતીનો ચોરો છે. કસ્બાતીનું જોર પહેલાં વિજાપુરમાં ઘણું હતું. આ મસ્જીદ સૈયદની અગર કસ્બાતી કહેવાય છે. જાનીયા મસ્જીદ પછી આ મસ્જીદ બંધાવી હોય એમ લાગે છે. હાલમાં આ મસ્જીદ જીર્ણ થઇ ગઇ છે.

કાજીની મસ્જીદ—ચૌટામાં વિદ્યાશાળા પાસે દક્ષિણે કાજીની મસ્જીદ છે તે પહેલાં જીર્ણ હતી, હાલ સુધારવામાં આવી છે. તેમાં મુસલમાન અને વોરાઓ નિમાજ પઢે છે. તેની પાસે કાજીવાડો છે ત્યાં પહેલાં ગામના કાજી રહેતા હતા.

વોરાવાડમાં જુમ્મામસ્જીદ—વોરાવાડમાં જુમ્મા મસ્જીદ છે અને ત્યાં શુક્રવારે ગામના તથા આજુબાજુના મુસલમાનો નિમાજ પઢવા આવે છે. મસ્જીદ સ્વચ્છ અને વિશાળ છે. ચૌટાની વચ્ચોવચ્ચ આ મસ્જીદ છે. તે મોટામાં મોટી મસ્જીદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કસાઈના ચોરાની મસ્જીદ—દોશીવાડાથી સ્ટેશન તરફ જતાં કસાઈવાડાના ચોરાની મસ્જીદ આવે છે. મકાન મોટું છે. પાસે એક લીંબડો છે. મસ્જીદનું મકાન જૂનું છે. વિજાપુરમાં કસાઈના ચોરે એક તાજીયો થાય છે, તથા એક મુમનવાડામાં તાજીયો થાય છે. મુમનવાડામાં પાંત્રીસ વરસથી તાજીયો થાય છે. કસ્બાતી ચોરે તાજીયો થાય છે. પહેલાં એક તાજીયો સરકારના ખરચથી કરવામાં આવતો હતો તે હવે બંધ થયો છે. પીંજરાની મસ્જીદ પાસે ઘાંચીના ઘર પાસે એક કબરસ્તાન છે. શાહેર મંડીના મકાન પાસે ઓરડીમાં એક અહમદ સૈયદ અને એક ઇલમુદ્દીન સૈયદની કબર છે. મકરાણી દરવાજા પાસે ત્રણ કબર છે. તેમાં એક ગંઝપીરની છે અને બીજી ગેબનશાહની છે. દેવરામ કાશીની હવેલીમાં ગુલમહ મદમીયાં અને બીજા જાનમહમદમીયાંની કબર છે. મેણાવાડ પાસે શેખુ સૈયદ પીરની કબર છે અને આગળ જતાં રામપરાને રસ્તે અબુવલ શાહ પીરની કબર છે. લાડોલના માર્ગે હવાડા પાસે પાંચ પીરની કબર છે. ગવાડાના માર્ગે જતાં ટેકરાપર બાલાપીરની કબર છે અને બીજી મીરાં દાતારની કબર છે. અલુસા ગામ જતાં વચમાં બાવા દરાજની કબર છે. રણાસણના માર્ગે વચમાં મોટી મકતુ સાહેબની કબર છે. મોટા કબરસ્તાનમાં દાદા ફકીર મહમદ સાહેબની કબર છે તે પ્રાચીન કબર છે. માદનાના ખેતરથી દક્ષિણે જે કબર છે તે અંગારશાહની કબર છે. વેરાવાડના નાકે મોટી પરબડી પાસે કબર છે તે ગેબનશાહની કબર છે. નાની વેરાવાડમાં મસ્તાનની કબર છે તે ઉપર રોઝો સંવત ૧૯૬૮ ની સાલમાં બંધાવવામાં આવ્યો છે. મસ્તાન પણ ૧૯૬૮ની સાલમાં મરણ પામ્યા હતા. સૈયદની મસ્જીદમાં મારૂફ મીયાંની કબર છે. જાજનવાડામાં કબર છે. છાપરીયામાં મીરજાન સૈયદની કબર છે. મુમનવાડામાં ઉલલસર પીરની કબર છે. કાજીની મસ્જીદ સોળસોની સાલમાં બની હતી. દાદા ફકીરમહમદના ગુરૂ સૈયદ હુદ સાહેબ હતા. તેમણે પાટણથી દાદા ફકીર મહમદ સાહેબને અહીં મોકલ્યા.

જુના વિજાપુરમાં વિજલદેવ રાજાએ મુસલમાનોને વસવા દીધા નહોતા. તેથી તેઓ વિજાપુરના કોટની પાસે આથમણી દિશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ વાસ કર્યો. દાદા ફકીર મહમદ સાહેબના પહેલાં વિજાપુરમાં એક સૈકા લગભગમાં મુસલમાનની વસ્તિ થઇ હોય એમ અનુમાન થાય છે. ઇ. સ. ૧૨૯૭ માં અલાઉદ્દીન બાદશાહે કરણઘેલાને હરાવી ગુજરાત લીધું તે પહેલાં સિદ્ધરાજના અને કુમારપાળના વખતમાં મુસલમાનો પાટણ અને ખંભાત વિગેરે સ્થળે વસવા લાગ્યા હતા. એથી તે પછી કુમારપાળ પછી બીજા રાજાઓના વખતમાં વિજાપુરમાં તેઓ વસ્યા હોય એમ અનુમાન થાય છે.

મુસલમાન કોમ અને મુસલમાન ધર્મ—અરબસ્તાનમાં મહમદ પેગંબર સાહેબે મુસલમાન ધર્મનો-દીનધર્મનો પ્રચાર કરવા માંડ્યો. સાતમા સૈકા પછી ચાર પાંચ સૈકામાં તો એશિયાના મોટા ભાગમાં તે ધર્મ ફેલાયો અને આફ્રિકામાં ફેલાઇ ગયો, તથા યુરોપમાં સ્પેન સુધી મુસલમાનીધર્મ વ્યાપ્ત થવા લાગ્યો. મુસલમાની ધર્મમાં અનેક પેગંબરો થઇ ગયા છે, તેમાં છેલ્લા પયગંબર મહમદ પયગંબર સાહેબ છે, તેમના વખતમાં તેમની મારફત અલ્લા તરફથી કુરાન શરીફ ઉતર્યું એમ માનવામાં આવે છે. કુરાનની ટીકાના અનેક ગ્રન્થો થયા છે. અરબસ્તાનમાં મહમદ પેગંબર સાહેબ જન્મ્યા તે વખતે ત્યાં આર્યોનો મૂર્તિપૂજક ધર્મ હતો. જૈનોની તેમ વૈદિક આર્યોની ત્યાં દેવમૂર્તિયો હતી, " અલ્લા-ખુદા, પરમેશ્વર-નિરંજન નિરાકાર અનંત નૂરમય એક છે અને તેણે જગત્ બનાવ્યું છે. તે પોતાની ભક્તિ કરનારાઓને જહન્નત (સ્વર્ગ) આપે છે અને એક દિવસ કયામતનો દિવસ આવશે ત્યારે દુનિયા જગત્ બળી ભસ્મ થઇ જશે અને તે દિવસે ખુદા અલ્લા, સર્વ મનુષ્યોને પાછા ઉભા કરશે અને દરેક મનુષ્ય વગેરેનો ન્યાય કરી તે કરણીના અનુસારે તેઓને જહન્નતમાં અને દોઝખમાં નાંખશે. માટે અલ્લાખુદાની ભકિત કરવી અને શયતાનના વશમાં ન આવવું. નમાઝ પઢવી. રોજાં રાખવાં, ફકીરો વગેરેને ખાવા પીવા આપવું, ઇત્યાદિ તેમની માન્યતા છે. "પરમેશ્વર-અલ્લાનો આકાર નથી માટે અલ્લાની મૂર્તિ બનાવવી નહીં." મૂર્તિમાં પરમેશ્વર પેસતો નથી એવી તે ધર્મની માન્યતા છે તેથી તેઓ મૂર્તિને માનતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્ય વગેરેનો પુનર્જન્મ નથી. ચોરાશી લક્ષજીવયોનિની માન્યતાને તેઓ સ્વીકારતા નથી. મક્કાને કાશી જેવું પવિત્ર તીર્થ ગણે છે. તેઓ ગમે તે ધર્મના ફકીરોને માને છે અને તેઓને અન્ન વસ્ત્ર આપે છે. એક અલ્લાને તેઓ ઇશ્વર માને છે, વૈદિક હિંદુઓની પેઠે વર્ણના ચાર વિભાગ અને સ્પર્શ્યાસ્પર્શ્યની માન્યતાને તેઓ સ્વીકારતા નથી. કુરાનને ન માનનારાને તેઓ કાફર માને છે અને મૂર્તિયોને ભાંગી નાંખવામાં પાપ દોષ માનતા નથી, તેથી અરબસ્તાન મક્કા વગેરેમાંથી મૂર્તિયોનો તેમણે નાશ કરી દીધો. તેમનામાં ધર્મનું જનૂન તથા આક્રીન વિશેષ હોય છે તેથી હિંદુઓ વગેરેની સાથે યુદ્ધ કરવામાં તેઓની કોમ એકદમ એક થઈ જાય છે. "ધર્મને માટે જે મરે તે શહીદ થાય છે અને તેને અવશ્ય જહન્નત–સ્વર્ગ મળે છે." એમ તેઓ માને છે. ભૂંડ વિના તેઓ બકરી, ગાય, ઉંટ વગેરેની કુરબાની કરે છે. શ્રાદ્ધની ક્રિયાને તેઓ માનતા નથી. તેઓ પોતાનાં સગાં વ્હાલાંની કબ્રો પાસે બેસીને કુરાનનો કેટલોક ભાગ વાંચીને મરેલાઓ માટે ખુદાની પાસે દુવા માગે છે અને મરેલાંઓના ગુન્હાઓ માફ કરાવવા ખુદાને પ્રાર્થના કરે છે. અરબસ્તાનમાંથી મુસલમાનો હિંદમાં ધીમે ધીમે વ્યાપાર વગેરે નિમિત્તે આવવા લાગ્યા. ઇરાનને જીતી તેઓએ પારસી લોકોને મુસલમાની ધર્મમાં લીધા અને જે પારસીઓએ મુસલમાની ધર્મ ન સ્વીકાર્યો, તેઓ હિંદમાં સુરત જલ્લામાં સંજાણમાં આવી વસ્યા. સર્વવર્ણના મનુષ્યો ભેદભાવ વિના મુસલમાન બની શકે છે, અને એક ગરીબ પણ બાદશાહની કન્યા પરણી શકે છે, એટલા સુધીતેમાં એકાત્મબંધુભાવ સ્વીકાર્યો છે, તેથી મુસલમાનોમાં એકસંપી છે, અને એક લોહીનો ધર્મપ્રેમ રહે છે. ધર્માન્ધ જુસ્સાથી તેઓમાં કોમીસંપ જે વર્તે છે તેમાં હવે કંઇક વિચાર પરિવર્તન થવા લાગ્યું છે. હિંદુસ્થાનપર મુસલમાનોનું પહેલું આક્રમણ ઇ. સ. ૬૬૪ માં થયું. તે વખતે મુસલમાનો મુલતાનથી પાછા ફર્યા. બીજું આક્રમણ ઈ. સ. ૭૧૧ માં થયું તે વખતે તેમણે સિંધુ દેશપર પોતાની સત્તા સ્થાપી; પરંતુ થોડા વખત પછીથી રજપુતોએ તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાછા હાંકી કાઢ્યા. ત્યારબાદ એક હજારની સાલમાં મહમદગિઝનીએ આક્રમણ (ચઢાઈ) કર્યું, તેણે સૌરાષ્ટ્રમાંનું પ્રભાસપાટણનું સોમનાથ મહાદેવનું મંદિર લૂટ્યું તે પાછો ગયો. ઈ. સ. ૧૧૯૩ માં દિલ્હીના પ્રદેશમાં મુસલમાનોની સત્તા સ્થાપિત થઈ. તથા ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાતમાં–પાટણમાં અલ્લાઉદ્દીનની સત્તા સ્થાપિત થઈ. ઈ. સ. ૧૩૧૫ લગભગમાં દક્ષિણમાં અને ચૌદમા સૈકામાં બંગાલા વગેરે પર મુસલમાન બાદશાહોની સત્તા સ્થાપિત થઈ. ઈ. સ. ૧૮૫૭ માં હિંદની બાદશાહત તેઓના હાથમાંથી ગઈ અને નિઝામ, પાલણપુર, ભોપાલ, રાધનપુર, જૂનાગઢ વગેરે કેટલાંક સંસ્થાનો તેઓની સત્તામાં રહ્યાં. ઈ. સ. ૧૮૫૭ માં હિંદમાં બ્રિટીશ શહેનશાહતની સ્થાપના થઈ અને મુસલમાનોની બાદશાહી નષ્ટ થઈ. મુસલમાનોમાં શીયા અને સુન્ની બે પંથ છે. તેમાં પેટા પંથો સેંકડો છે પણ સર્વે કુરાન શરીફને પાક માને છે. અરબસ્તાન વગેરેમાંથી મુસલમાનો પચ્ચાસ સાઠ લાખ આવ્યા હતા. તેઓએ આર્ય હિંદુઓને સત્તા વગેરેનાં બળે કરી વટલાવ્યા અને હાલ તેઓ સાત કરોડની સંખ્યાવાળા થયા. તેઓ મસજીદો, રોજા બનાવે છે. મહોરમના તાજીયાઓને બનાવે છે. તેઓમાં બંધુભાવ, સંપ, આકીન વગેરે ગુણો મુખ્યપણે વર્તે છે. વિજાપુરમાં મુસલમાનો તેરમા સૈકામાં આવ્યા મુસલમાનો મોટા ભાગે સિપાઇનો ધંધો કરે છે. વ્હોરાઓ વ્યાપાર કરે છે. મુસલમાનો પણ વ્યાપાર કરવા લાગ્યા છે. તેઓ બને છે ત્યાં સુધી હિંદુઓની સાથે સલાહ શાંતિથી વર્તે છે. વિજાપુરમાં વિ. સં. ૧૮૨૧ માં દામાજીરાવ ગાયકવાડે હિંદુમરાઠી રાજ્યની સ્થાપના કરી. હિંદુઓ પણ મુસલમાનોની સાથે સલાહ સંપથી વર્તે છે. વિ. સં. ૧૮૨૦ માં દામાજીરાવ ગાયકવાડે વીસનગરના બાબી પર ચઢાઈ કરી તેને કાઢી મૂક્યો, તેની પાસે સમી, રાધનપુર અને પાટણ નજીકનાં સાડા ત્રણ ગામ રહેવા દીધાં. ઈ. સ. ૧૭૬૦ માં મરાઠી રાજ્યસત્તા પૂર્ણ કલાએ પહોંચી, તેથી મુસલમાનોનું જોર કમી થયું. તે બ્રિટીશ રાજ્યની પ્રજા તરીકે થયા.

મુસલમાનોમાં એક બીજાનું બાવામાં કોઇ અભડાઇ જતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. સુન્નતની ક્રિયા પછી પકકો મુસલ્માન થાય છે અને તેની સાથે મુસલ્માન ધર્મ પ્રમાણે મુસલ્માનો કન્યા પરણાવી શકે છે. મુસલ્માનોમાં ધાર્મિક, વ્યાવહારિક કાવ્યના અનેક ગ્રન્થો છે. તેઓમાં સૈયદની જાતિ બ્રાહ્મણ જેવી ઉંચી ગણાય છે.

વૈદિક પૌરાણુક હિંદુઓ અને વૈદિક પૌરાણિક હિંદુ ધર્મ.

હિંદુસ્થાન અર્થાત્ આર્ય ભારત દેશમાં જે ધર્મોને જે મહાત્માઓએ તીર્થંકરોએ અને ઋષિઓએ સ્થાપન કર્યા તે હિંદુ ધર્મો ગણાય છે. ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અને અથર્વ વેદ એ ચાર વેદો છે, તે પર શતપથ, બ્રાહ્મણભાગ, કલ્પ વગેરેની ઋષિઓએ-બ્રાહ્મણોએ રચના કરી. ભરત, અંગિરા, વાયુ બ્રહ્મા વગેરે ઋષિઓએ ચાર વેદની રચના કરી. શતપથ આરણ્યક, આશ્વાલયન વગેરેને બ્રાહ્મણોએ રચ્યા. કેટલાકો વેદોને પૌરૂષેય અર્થાત્ ઋષિઓએ બનાવેલા માને છે અને જૈમિની ભટ્ટ વગેરે કહે છે કે વેદોનો કોઈ રચનાર ઈશ્વર નથી. વેદો અનાદિ કાલના છે. જૈમિની વગેરે વેદના કર્મ કાંડ ભાગને માને છે તે કર્મકાંડ ભાગ યજ્ઞાદિ કર્મવાળો હોવાથી તેને પૂર્વમિમાંસા કહે છે, ઉત્તર મિમાંસામાં જ્ઞાનકાંડની મુખ્ય માન્યતા છે ઉપનિષદો વેદાંત ગ્રન્થોને ઉત્તર મિમાંસામાં ગણવામાં આવે છે. વેદ પછી શતપથ કલ્પસૂત્રો નિઘંટુની રચના થઈ, ત્યારબાદ ઉપનિષદોની રચના થઈ. સ્મૃતિયો, પુરાણો પાછળથી રચાયાં. સનાતન હિંદુઓ બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર, નવગ્રહ, દશદિક્પાલ, દેવીઓ, દેવો, સ્વર્ગ, નરક, શ્રાદ્ધ પુનર્જન્મ, વૈકુંઠ, મૂર્તિપૂજા-કર્મવાદ, અવતારવાદ, ચાર વર્ણ વિભાગ, સ્પર્શાસ્પર્શી, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, ગૃહસ્થધર્મ, ત્યાગ, ધર્મ, ચાર આશ્રમ વગેરેને સ્વીકારે છે, ચાર વેદો, દશ અઠ્ઠાવીશ એકસો આઠ ઉપનિષદો, સ્મૃતિયો, પુરાણો મૂર્તિપૂજા, શ્રાદ્ધ વગેરેને માને છે તે સનાતન વૈદિકશ્રૌતસ્માર્ત હિંદુઓ ગણાય છે.

સનાતન હિંદુધર્મના ત્રણ ભેદ છે. વૈદિક પૌરાણિક હિંદુધર્મ ૨ જૈનધર્મ ૩ બૌદ્ધધર્મ એ ત્રણની ઉત્પત્તિ હિંદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થએલી છે અને એ ત્રણ ધર્મના પ્રકાશક તથા પાલક આર્ય સનાતન હિંદુઓ છે. વેદો, દશ ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતાપર જે પોતાના મતની ટીકા કરી તેને સિદ્ધ કરે તેને સમ્પ્રદાય કહે છે, **શંકરાચાર્યે** બ્રહ્મસૂત્ર, દશ ઉપનિષદો અને બ્રહ્મસૂત્રપર ટીકા કરી કેવલાદ્વૈતસિદ્ધાન્તની સ્થાપના વિક્રમના આઠમાં સૈકામાં કરી છે. શંકરાચાર્યનાં સિદ્ધાંતમાં કેવલ એક બ્રહ્મજ સત્ય છે, એમ સ્વીકાર્યું છે. વિશ્વાદિરૂપ માયા અસત્ છે. જગત્નો કર્તા કોઈ ઈશ્વર નથી, તે વિવર્તવાદને માને છે. બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર વગેરે દેવો જગત્ના કર્તા ઔપચારિકવિવર્તવાદદૃષ્ટિએ છે, અર્થાત્ વસ્તુતઃ જગત્ નથી અને જગત્નો કર્તા ઈશ્વર નથી. તે છતાં ઔપચારિક વિવર્તવાદદૃષ્ટિએ વ્યવહારમાં સર્વે સત્ય છે એમ માની સર્વ શાસ્ત્રો સ્વર્ગ નરકાદિને વ્યવહારે સત્ય જણાવ્યાં છે. શંકરાચાર્ય પછી **રામાનુજ** આચાર્ય બારમા સૈકામાં થયા. તેમણે **બ્રહ્મસૂત્ર ગીતાપર** અને ઉપનિષદોપર ટીકા કરી. રામાનુજસંપ્રદાય વિશિષ્ટાદ્વૈત તરીકે પ્રવર્તાવ્યો. શંકરાચાર્યે જગત્, જીવો, માયાને અસત્ માની હતી, તેનો રામાનુજે સત્ તરીકે સ્વીકાર કર્યો. રામાનુજનો વૈષ્ણવસંપ્રદાય ધર્મ કહેવાય છે, તે જગત્કર્તા ઈશ્વરને માને છે, અનંત જીવોને સત્ માને છે. માયા સત્ છે. કર્મ સત્ છે. સ્વર્ગ નરક પૃથ્વી સર્વે સત્ છે. જીવોનો અને માયાનો ઉપરી ઈશ્વર છે. ઈશ્વરમાંથી સત્ અંશો જે પ્રગટે છે તે જીવો છે અને ઈશ્વરમાંથી જે અસત્ અંશો નીકળે છે તે પંચભૂત, માયા કર્મ વગેરે અસત્ છે. ઈશ્વરમાંથી સર્વકાલે જગત્, માયા, જીવો નીકળે છે અને મહાપ્રલયમાં તે પાછા ઈશ્વરમાં લીન થઈ જાય છે. પુનઃ તે પ્રગટે છે ને પુનઃ તે ઈશ્વરમાં લીન થઈ જાય છે. ઈશ્વરની ભક્તિ કરે છે તેને સ્વર્ગ મળે છે અને પાપ–અધર્મ કરે છે તેને નરક મળે છે. ઇત્યાદિ માન્યતાઓને તેઓ સિદ્ધાંતતરીકે સ્વીકારે છે. તેઓ મુખ્ય દેવો તરીકે વિષ્ણુ–હરિ–રામને માને છે. રામાનુજમાંથી **રામાનંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપ્રદાય નીકળ્યો છે. વિ. સં. પન્નરમા સૈકા લગભગમાં ત્રીજો **વલ્લભાચાર્ય**નો શુદ્ધાદ્વૈત માન્યતાવાળો સંપ્રદાય નીકળ્યો છે. તેમાં જગત્, જીવો, જડ પદાર્થો આદિ સર્વ છે, તે શુદ્ધ બ્રહ્મરૂપ છે. ઈશ્વર તેજ જગત્ છે. ઈશ્વર તેજ જીવો છે, ઈશ્વર તેજ કર્મ માયા છે અને જગત્ જીવો જડ પદાર્થો સર્વે હરિ અર્થાત્ ઈશ્વર રૂપ છે એમ સ્વીકારે છે. હરિરેવ જગજ્જગદેવ હરિર્હરિતો જગતો નહિ ભિન્નતનુ રિતિયસ્ય મતિઃ પરમાર્થગતિઃસનરો ભવસાગર મુદ્ધરતિ ॥ એ પ્રમાણે માન્યતા છે. વલ્લભાચાર્યના આચાર્યો ગોસાંઇ **ગોસ્વામી** ગણાય છે, તે ઘર માંડી રહે છે. કૃષ્ણ–વાસુદેવ–હરિ તેજ જગતના કર્તા હર્તા અને વારંવાર અવતાર લેનાર છે એમ તે માને છે. શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય, નિંબાર્ક વગેરે ઈશ્વર વારંવાર ભક્તોના રક્ષણાર્થે અવતાર ધારણ કરે છે એમ માને છે. વૈષ્ણવ સંપ્રદાયવાળા વિષ્ણુનેજ માને છે શંકરાચાર્ય સંપ્રદાયવાળા બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર દેવીઓ વગેરે સર્વને બ્રહ્મના રૂપક તરીકે માને છે. નૈયાયિક દર્શન, સાંખ્ય દર્શન, વૈશેષિક દર્શન, ઉત્તર મિમાંસા અર્થાત્ વેદાંતદર્શન, પાતંજલદર્શન, બૌદ્ધ દર્શન અને જૈનદર્શન એ પ્રમાણે ષટ્ દર્શન અને આઠદર્શન છે. તેમાંથી વૈદિક હિંદુઓ, બૌદ્ધ અને જૈન દર્શન વિનાનાં ષટ્ દર્શનને માને છે. સનાતન હિંદુઓ સાંખ્ય દર્શનને માને છે. સાંખ્યો જગત્કર્ત્તાતરીકે પ્રકૃતિને માને છે, અને ઈશ્વરને જગત્કર્ત્તા તરીકે માનતા નથી, એમ કપિલઋષિ પ્રતિપાદન કરે છે. પૂર્વમિંમાસા અર્થાત્ પૂર્વકાલીન વૈદિક દર્શન મતવાળાઓ જગત્નો કર્ત્તા ઈશ્વર છે એમ માનતા નથી, તેમજ ઈશ્વર છે એમ પણ માનતા નથી. અનાદિ કાળથી સનાતન વેદો છે. વેદોનો રચનાર ઈશ્વર નથી. વેદોના મંત્ર પ્રમાણે યજ્ઞાદિક કર્મો કરવાં જોઇએ અને તેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે એમ તે દર્શન સ્વીકારે છે. નૈયાયિક અને વૈશેષિક દર્શનમાં જગત્નો કર્ત્તા ઈશ્વર છે એમ પ્રતિપાદન કર્યું છે. વેદાન્તદર્શનમાં દશ ઉપનિષદો વગેરે ઉપનિષદોનું તત્ત્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન છે. શંકરાચાર્ય, રામાનુજ આચાર્ય, વલ્લભાચાર્ય, નિંબાર્કાચાર્ય અને દયાનંદી આર્યસમાજીઓ, વગેરે આચાર્યો પરસ્પર ભિન્ન ભિન્ન તત્ત્વ માન્યતાઓને માને છે અને દશ ઉપનિષદ્ વગેરેની શ્રુતિયોના તથા બ્રહ્મસૂત્રના તેમજ ગીતાના શ્લોકોના પોતાની માન્યતા પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ ભિન્ન ભિન્ન અર્થ કરે છે, તેથી કયો અર્થ તત્ત્વ સત્ય છે અને કયા આચાર્યે સત્ય અર્થ કર્યો ? તેના નિશ્ચય માટે પરસ્પર આચાર્યો વિદ્વાનો વિવાદો કરી થાકી જાય છે અને એક નિશ્ચય પર આવી શકતા નથી અને પોતપોતાની માન્યતાને પુષ્ટ કરે છે. એ પ્રમાણે અનેક શતકોથી ચાલ્યા કરે છે. પૌરાણિક દેવદેવીઓને સનાતની સર્વસંપ્રદાયવાળાઓ માને છે, પૂજે છે. વલ્લભાચાર્યના સંપ્રદાયીઓ ભાગવત પુરાણને મુખ્ય માને છે, રામાનુજસંપ્રદાયમાંથી ઓગણીસમા સૈકામાં ગુજરાત અમદાવાદમાં સ્વામીનારાયણ પંથ નીકળેલ છે તે રામાનુજ સંપ્રદાયની માન્યતા તથા તેઓના આચાર તથા તેઓનાં માનેલા પુરાણો વગેરેને કબૂલ કરે છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો તથા ગરોડાઓ યજ્ઞોપવીતને (જનોઈને) પહેરે છે. ગંગા વગેરે નદીઓને તીર્થ માને છે, પીંપળાને પૂજે છે, યજ્ઞને કરે છે. હાલના યજ્ઞોમાં બકરા વગેરેનો હોમ પ્રાયઃ ઘણાખરા દેશોમાં થતો નથી. બંગાલમાં ચૈતન્યસ્વામી પંથ, લીંગાયતગ, રાધાસંપ્રદાય, શાકતપંથ, વામમાર્ગ તથા હિંદુ કબીર વગેરેનો હિંદુ ધર્મમાં સમાવેશ થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર પ્રકારે હિંદુઓ છે. શીખોનો પણ હિંદુઓમાં સમાવેશ થાય છે. હિંદુઓમાં મુખ્ય ચાર વર્ણ છે, પણ હાલ હિંદુસ્થાનમાં ચારે વર્ણમાં સેંકડો ઉપભેદો પડેલા છે, શંકરાચાર્ય, રામાનુજ, રામાનંદ, ઉદાસીન વગેરે સંપ્રદાયના સર્વે ભાવન લાખ સાધુ બાવા સંન્યાસીઓ છે. ગુરખા વગેરે જાતિયોનો હિંદુધર્મમાં સમાવેશ થાય છે. બ્રાહ્મણોમાં ઘણી જાતિયો છે. ગુજરાત, માળવા, સૌરાષ્ટ્ર, કચ્છ અને મારવાડના બ્રાહ્મણો માંસ દારૂને વાપરતા નથી, બંગાલમાં વિહાર, મિથિલા, દક્ષિણ, તેલંગ, સિંધ વગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રેમાં ઘણાખરા બ્રાહ્મણો અજ્ઞાનપણે માંસ દારૂ વાપરે છે. વિલાયત યુરોપમાં જઈ આવેલા કેટલાક બ્રાહ્મણોમાં દારૂ માંસ વાપરવાનો સડો પેસવા લાગ્યો છે. શ્રીમાન્ ગાંધીજીની અહિંસાત્મક હિલચાલથી દારૂ વાપરવાની ઘણા લોકે પ્રતિજ્ઞા કરી છે. કેટલાક લોકોએ માંસ ત્યજ્યું છે. પણ તે હિલચાલ મંદ પડતી જાય છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, મારવાડ, માળવા, મેવાડ વગેરેના બ્રાહ્મણો દારૂ માંસ વાપરવાથી બંગાલાદિ બ્રાહ્મણો કરતાં કરોડ ગણા પવિત્ર છે. તેમાંના ઘણા ખરા ડુંગલી અને લસણ પણ વાપરતા નથી, તેથી ગુજરાતી મારવાડી વગેરે બ્રાહ્મણો છે તે બંગાલાદિના માંસાહારી બ્રાહ્મણોના હાથનું રાંધેલું ખાતા નથી, દેવીભક્ત વામમાર્ગી શાક્ત બ્રાહ્મણો, મિથિલા વગેરેના રહેવાસીઓ દેવીની આગળ બકરાં મારી ખાય છે. દક્ષિણમાં પ્રભુ બ્રાહ્મણોમાં પણ દારૂ માંસ વાપરવાનો સડો પેઠેલો છે. ક્ષત્રિયોનાં ઘણી જાતિયો થઈ છે, તેમાંથી જેઓ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મરૂધર, મેવાડ, માળવા કે જ્યાં જૈન સાધુઓ બ્રાહ્મણો અને શ્રાવક મહાજન–વૈષ્ણુવ વગેરેના સંબંધમાં આવે છે તે ભાગ મોટા પ્રમાણમાં માંસ દારૂથી દૂર રહે છે. ગોસાંઇ વૈષ્ણુવો અને સ્વામીનારાયણ સંપ્રદાયવાળા તો બિલકુલ દારૂ માંસથી દૂર રહે છે. વણિગ્ વગેરે વૈશ્યો તથા કણબીઓ, પાટીદારો, લુવાર, સુતાર–કડીયા–દરજી બારોટ–તપોધન વગેરે કોમો દારૂ અને માંસથી દૂર રહે છે. દારૂ માંસના પરિહારની અપેક્ષાએ કહીએ તો ગુજરાત વગેરેનો એકેક બ્રાહ્મણ જૈન, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ પ્રભુનો પવિત્ર પુત્ર છે અને તે દારૂ માંસાદિ ભક્ષક ખ્રીસ્તિ કરતાં તે અપેક્ષાએ કરોડ ગણો પવિત્ર છે. કારણ કે જન્મથીજ તેઓ દારૂ માંસથી દૂર રહે છે તો હિંદના મુનિ ફકીર સંન્યાસી ઋષિનું જીવન તો પૂર્વોક્ત ખ્રીસ્તિ કરતાં અબ્જો ઘણું પવિત્ર હોય તેમાં કંઇ આશ્ચર્ય નથી. હિંદુઓ ગાયને ઇશ્વર જેવી પવિત્ર માને છે અને તેનું માંસ કદાપિ વાપરતા નથી. મુસલમાનો સુવરનું માંસ વાપરતા નથી. ખ્રીસ્તિયો ગાયનું અને સુવર વગેરે સર્વ પશુઓનું માંસ વાપરે છે. ગુજરાત વગેરેના ઢેડામાં પણ ઘણાખરા દારૂ માંસથી દૂર રહેવા લાગ્યા છે. વિ. સં. ૧૯૩૦ લગભગમાં સ્વામી દયાનંદ સરસ્વતીજીએ આર્ય સમાજની સ્થાપના કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આર્ય સમાજીઓ મૂર્તિને માનતા નથી, તથા તેઓ ઈશ્વર અવતાર ગ્રહણ કરે છે એમ માનતા નથી. વેદોમાં મૂર્તિ પૂજા નથી તથા શ્રાદ્ધ કરવાનું કથ્યું નથી એમ તેઓ માને છે. તેઓ ગુણકર્મથી જાતિ માને છે પણ જન્મથી ગુણકર્મ વિના જાતિ માનતા નથી. આર્ય સમાજીઓ સ્વર્ગ અને નરકના સ્થાનને માનતા નથી, તથા શ્રાદ્ધને માનતા નથી. તેઓ વિધવા વિવાહને સ્વીકારે છે. તેઓ ચાર વેદની મૂલ શ્રુતિયોને માને છે પણ ચાર વેદો ઉપરની ટીકાઓ, શતપથ. ગોપથ, બ્રાહ્મણ, કલ્પસૂત્ર વગેરે કે જે તેઓની માન્યતાથી વિરૂદ્ધ છે તેઓને તે સ્વીકારતા નથી. ફકત તેમાંથી તેઓ પોતાની માન્યતાઓને જે સંમત છે તેટલું સ્વીકારે છે. આર્ય મુનિએ ષટ્ દર્શન, ગીતા, બ્રહ્મસૂત્ર અને ઋગ્વેદ પર આર્યસમાજની દૃષ્ટિના અનુસારે ટીકા કરીને તેઓને સ્વદૃષ્ટિએ આર્યસમાજમાં ગ્રાહ્ય બનાવ્યાં છે. આર્યસમાજ એક પરમેશ્વરને માને છે અને તેણે જગત્ રચ્યું છે એમ માને છે.

અનાદિકાલથી જગત્ અને ઈશ્વર તથા અનંતજીવો છે. જીવોને બનાવનાર ઈશ્વર નથી, જીવો અને ઈશ્વર અનાદિ છે. જીવોને લાગેલાં કર્મ પણ અનાદિકાલથી પ્રવાહની અપેક્ષાએ છે એમ માને છે. જીવોને શુભાશુભ કર્માનુસારે ઈશ્વર ફલ આપે છે, તથા જીવો અમુક કાલ સુધી મુક્તિમાં રહીને પાછા આવે છે. મુક્તિનું સ્પષ્ટ સ્થાન જણાવ્યું નથી. ગુણકર્માનુસારે ચારે વર્ણને માને તેઓ છે. સ્પર્શાસ્પર્શીને માનતા નથી, તથા શૂદ્ર વગેરેનું બનાવેલું ભોજન ખાવામાં બાધ માનતા નથી. તેઓ નિયોગને સ્વીકારે છે. બ્રહ્મસમાજની પેઠે તેઓ સંસાર સુધારકો છે. તેઓનો મુખ્ય ઉદ્દેશ હિન્દુઓને મુસલમાન તથા ખ્રીસ્તિ થતા અટકાવવાનો છે અને મુસલમાનો, ખ્રિસ્તી વગેરેની શુદ્ધિ કરી પાછા તેઓને આર્યધર્મમાં લાવવા, એજ તેઓનું કર્તવ્ય છે. દેશ–રાજ્યની પ્રવૃત્તિમાં તેઓ અગ્રગણ્ય ભાગ લે છે. તેઓએ મુસલમાન અને ખ્રીસ્તિયોને શુદ્ધ કરીને પુનઃ આર્યહિંદુ બનાવ્યા છે. શ્રદ્ધાનંદ સ્વામી વગેરેની મુખ્ય પ્રવૃત્તિ તે છે. ગુરૂકુલો સ્થાપવામાં અને વીશ વર્ષ સુધી બાળકોને બ્રહ્મચારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બનાવી શક્ત પ્રજા બનાવવામાં તેઓની કાળજી ભરી પ્રવૃત્તિ વિશેષ છે. તેઓના પ્રયાસથી હિંદુઓ મુસલમાન તથા ખ્રીસ્તિ થતા અટકયા છે. પચ્ચીસ વર્ષ પૂર્વે આર્યસમાજમાં ધર્મનો જે જુસ્સો હતો તેટલો હાલમાં નથી તોપણ તેઓ પુરૂષાર્થ કરે છે. સનાતનીઓની સાથે મૂર્તિપૂજા, શ્રાદ્ધ, વિધવાવિવાહ વગેરે બાબતો માટે તેઓ શાસ્ત્રાર્થ કરવા સદા તત્પર રહે છે. હાલ ગાંધીજીની પ્રવૃત્તિ બાદ તેઓએ હિંદુઓનું સંગઠન કરવા સનાતનીઓની સાથે રહી પ્રવૃત્તિ કરવા માંડી છે. અનેક ધર્મવાળા હિંદુઓ, મુખ્યતયા વેદશ્રુતિ, ઉપનિષદોને સ્વીકારે છે, જૈન ધર્મશાસ્ત્રોની દૃષ્ટિએ તે અગણિત વર્ષ ઉપરાંતના બનેલા છે. નવમા સુવિધિનાથ અને શીતલનાથ તીર્થંકરના કાળ વચ્ચે તે વેદોની ઉત્પતિ થઈ છે એમ જૈનો માને છે. સનાતની વૈદિકો દશ હજાર વર્ષ અથવા દશ હજાર વર્ષ પૂર્વે વેદો રચાયા, એમ માને છે. યુરોપીયન પંડિતો છેવટમાં છેવટ પાંચ હજાર વર્ષની પૂર્વે વેદો થયા એમ માનતા નથી. જૈનો પૂર્વે ભરતના રચેલા વેદોને માનતા હતા, અને પાછળથી તેમાં અસત્યનું મિશ્રણ થયું એમ માને છે. પશુ આદિની હિંસા કરવાનું જેમાં લખ્યું છે તેવા યજ્ઞોને પરમેશ્વર કહેતાજ નથી એમ જૈનો માને છે. હિંદુઓ આશરે ત્રેવીશ કરોડ છે. તેઓમાં હવે કંઈ ધર્મ જુસ્સાની ચળવળ વધી છે છતાં તેઓ મુસલમાન અને ખ્રીસ્તિયોની પેઠે પૂર્ણ ચળવળ કરવામાં હજી પાછળ છે. ચારે વર્ણ વિભાગથી તેઓએ સ્વરાજ્ય આજ સુધી કર્યું છે અને કરવાને લાયક છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર, માળવા, મારવાડ, મેવાડ વગેરે દેશોના વૈદિક હિંદુઓપર જૈન ધર્મની ઘણી અસર થઈ છે.

વિજાપુરમાં અઢારે વર્ણના હિંદુઓ છે. બ્રાહ્મણોમાં પંડિત ગિરિજાશંકર હાલ વિદ્વાન્ છે. શાસ્ત્રી રવિદત્ત તથા મગનલાલ પુરાણી તથા શાસ્ત્રી સદારામ વગેરે ચાર પાંચ વિદ્વાનો છે. મેવાડી બ્રાહ્મણોની વસ્તી વિશેષ છે. વિજાપુરમાં શુકલ બ્રાહ્મણોનાં ઘર થોડાં છે. બ્રાહ્મણોનાં બસે ત્રણુસેના આશરે ઘર છે. બારોટોનાં ત્રણુસેંના આશરે ઘર છે. વૈષ્ણવ નાગર વણિકોનાં પાંચ ઘર છે. સોનીઓનાં ઘર પંદરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલીશ વર્ષ પર પચાસ હતાં, હાલ પન્નર વીશ ઘર છે. કંસારાનાં ઘર ઘણાં ઘટી ગયાં છે. કણબીઓ ઘણા ખરા પરાં વસાવીને પરાઓમાં ગયા છે. ભાવસોર, મણિપુર, ગોવિંદપરૂ, આનંદપરૂ ઇત્યાદિ પરાં વિજાપુરમાં ગણાય છે. વિજાપુરમાં હિંદુઓની સંખ્યા વિશેષ છે અને તેઓની અપેક્ષાએ મુસલમાનોની વસતી ત્રીજા ભાગ કરતાં કંઈક ન્યૂન છે; છતાં શક્તિ બળ તોફાન વગેરેમાં બન્ને કોમનું સમતોલપણું છે. હિંદુઓ અને મુસલમાનો ક્વચિત્ કેટલાક અપવાદો સિવાય સંપીને રહે છે અને એક દેશની પ્રજાની માફક પરસ્પર વર્તી શકે છે.

વિજાપુર તાલુકાના પ્રદેશને બારમા તેરમા સૈકાથી દંડાવ્ય કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે પાટણના સોલંકી રાજાઓ, વાઘેલા નૃપ વગેરેને વિજાપુર પ્રદેશના ભિન્ન ઠાકોરો અમુક ઉચ્ચક દંડ ભરતા હતા અને પોતે સ્વતંત્ર રહેતા હતા. મહુડી વગેરે ઠાકોરી ગામો હાલ પણ દંડ તરીકે સરકારને આંકડો ભરે છે. ચાર પાંચ વર્ષે રાજાનું સૈન્ય કર ઉઘરાવવા આવતું હતું ત્યારે લડાઈ થતી. છેવટે કર તરીકેનો દંડ આ પ્રદેશના ઠાકોરો તરફથી રાજાઓ લેતા હતા, તેથી દંડાવ્ય પ્રદેશ તરીકે દેશ પ્રસિદ્ધ થયો હતો અને તે પોતાની સ્વતંત્રતા મોટા ભાગે જાળવી રહ્યો હતો. બાદશાહોના વખતમાં પણ કર–દંડ વસુલ કરતાં ઘણી લડાઈઓ થતી હતી. વિ. સં. ૧૯૫૩ માં પણ પિલવાઈમાં સામાન્ય બાબતમાં ગાયકવાડની સાથે રજપુતોએ રણસંગ્રામનો આરંભ કર્યો હતો. મેવાડા બ્રાહ્મણો મેવાડમાંથી આવ્યા છે. ઔદિચ્ય બ્રાહ્મણો, ગંગા જમનાના કાંઠાથી ઉત્તર દિશામાંથી આવ્યા છે. વિજાપુરમાં પૂર્વે નાગર બ્રાહ્મણોનાં બસે ઘર હતાં તે અહીંથી અન્ય ગામોમાં ગયા. નાગરબ્રાહ્મણો અત્રત્ય બ્રાહ્મણોમાં સર્વથી પ્રાચીન કાલના ગુજરાતના રહેવાશી છે. વાઘેલાના રાજ્ય કાલથી તેઓ રાજ્યદ્વારી કાર્યમાં આગેવાનીભર્યો ભાગ લે છે અને પ્રસંગે કલમ, કડછી અને બરછીનો ઉપયોગ કરે છે. તેઓ બને ત્યાંસુધી ભીખ માગતા નથી. હાલમાં નાગર કોમમાં ગાયકવાડી રાજ્યમાં રા. રા. દિવાન મનુભાઇ છે. તે નાગરોના હિતમાં ઘણું લક્ષ્ય રાખે છે. પ્રાચીન વિજાપુરના હિંદુઓની વંશપરંપરાના સંતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ વિજાપુરમાં હાલ વસે છે એવો નિયમ નથી. કેટલાક ગયા અને કેટલાક નવા પણ આવ્યા છે. હિંદુઓની અને તેમાં પણ વૈષ્ણવોની ભક્તિ વખણાય છે.

જૈનો અને જૈનધર્મ.

વિજાપુરમાં જૈન મહાજન વણિકોનાં ચારસે પાંચસે ઘર છે. વિજાપુરમાં જૈન મહાજનનું જોર છે. વિજાપુર વસ્યું ત્યારથી જૈનોની વસતિ છે. જૈનો વ્યાપારી સાહુકાર છે. ગાયકવાડ સરકાર તથા દિવાન આવે છે, ત્યારે મહાજનની પેઢી છાબડી તે લે છે અને પશ્ચાત ઠાકોરોની લે છે. વૈદિક હિંદુઓ અને જૈનો, બ્રાહ્મણો, બારોટો વગેરે મહાજનમાં ગણાય છે અને તે ગામના સાર્વજનિક શુભકાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લે છે. વીજાપુરમાં વીશાઓસવાળ, વીશા-શ્રીમાલી, દશાશ્રીમાલી અને દશાપોરવાડ એ ચાર જાતના વણિકો જૈનધર્મી છે. વીશાઓસવાળ અને વીશાશ્રીમાલીની વસતિ તથા બળ સમાન છે, છતાં કેટલીક બાબતોમાં ઓશવાળો જાહેરમાં વિશેષ ભાગ લે છે. વિજાપુરના ઓશવાળોનું હાલના ગોળ બંધાયા પહેલાં ઘણું જોર હતું. તે રાજ્યાદિક પ્રકરણોમાં આગેવાની ભર્યો ભાગ લેતા હતા, અને રજપુતોની પેઠે યુદ્ધ કરવામાં પણ અડગ હતા. દોશી સંજ્ઞાવાળા ઓશવાળો ઘણા જબરા છે. તેઓ ઇડર જીલ્લાના મુડેટીના ઠાકોરોની બેતાલીશમી પેઢીએ એક બાપના પુત્ર તરીકે છે, તેથી તેઓમાં ક્ષત્રિય જુસ્સો વિશેષ રહે છે. શતવર્ષ પૂર્વના ઓશવાળ જૈનો ક્ષત્રિયોની પેઠે યુદ્ધ કરતા હતા અને રાજાઓનું પ્રધાનપણું આસ કરતા હતા. હાલમાં પણ ઉદેપુર, જોધપુર વગેરે મેવાડ મારવાડના જૈનો ક્ષત્રિયોની પેઠે શસ્ત્રો ધારણ કરે છે, અને રાજ્ય કારોબારમાં ભાગ લે છે. વડનગર, ખેરાળુ તથા આજુબા-જુના ગામોના ઓશવાળોમાં તે ઓશવાળના શેઠ તરીકે ગણાતા હતા, પણ ગામડાના ઓશવાળો પર તેમણે શેઠાઇનો જુલ્મ કર્યો તેથી કેટલાક ગામડાના ઓશવાળો જૂદા પડી ગયા. વિજાપુરના ઓશવાળો અમદાવાદના નગરશેઠીયાઓને ત્યાં કન્યાઓ આપતા હતા તેથી અમદાવાદના ઘણાખરા ઓશવાળ જૈનો, વિજાપુરના ભાણેજો જ હતા. શેઠ દલપતભાઇ ભગુભાઈનું કુટુંબ અમદાવાદના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસિદ્ધ પ્રતિષ્ઠિત નગરશેઠનું કુટુંબ ગણાય છે, તેમની સાથે વિજાપુરના શેઠ. જનાશા પિતાંબરની બેન ગંગા બેનનું લગ્ન કરવામાં આવ્યું છે. શેઠ દલપતભાઈના પુત્ર લાલભાઈ દલપતભાઈ, મણીભાઇ તથા જગાભાઈશેઠ છે. વિજાપુરમાં પહેલાં અફીણનો વ્યાપાર ધમધોકાર ચાલતો હતો. ઓસવાળોમાં દરેક કાર્યમાં આગેવાની લેવાનો ઉત્સાહ, ખીરજ, સાહસ અને અબીકણ વૃત્તિ મુખ્ય છે. જ્યાં ત્યાં તે પોતાનો માર્ગ કરી પેશી શકે છે. જૈન ધર્મમાં તેઓ ચુસ્ત છે.

ઓશવાળ જૈન ક્ષત્રિયતાનું દૃષ્ટાંત.

ઇડર જીલ્લામાં લિંબી ગામના ઠાકરડાના દીકરાએ વિજાપુરના દોશી થોભણ દોશી કે જે ઘોડાપર બેસીને જતા હતા તેને ભાલોડું માર્યું, અને તે થોભણ દોશીની આંખમાં વાગ્યું. તેથી વિજાપુરના દોશીઓ શસ્ત્ર સજી ઘોડા પર ચઢ્યા અને વિજાપુરના મુસલમાનોને મહુડી વિગેરેના ઠાકરડાઓને લેઈ લિંબી ગામની સાથે યુદ્ધ કર્યું અને લિંબી ગામ કૂટી બાળી ગધેડે હળ ફેરવ્યું. આ ઉપરથી તેઓ ક્ષત્રિયવંશીનાં ક્ષાત્રકર્મોને પ્રસંગે કરવાની શકિતવાળા છે એમ જણાઈ આવે છે. અમદાવાદના નગર શેઠીયાના કુટુંબીઓ શિસોદીયા વંશના છે. તે પ્રમાણે વિજાપુરના ઓશવાળો પણ ક્ષત્રિયવંશી છે. ઓસવાળોની વસતિ ઘટતી જાય છે, તેથી તેઓએ ચેતવું જોઇએ. વીશા શ્રીમાલિ વણિકો પણ મૂલ જાતિએ પરમાર ચાવડા ચોહાણ વગેરે ક્ષત્રિય જાતના છે. તેઓ દીર્ઘદૃષ્ટિવાળા હોય છે અને વિચાર કરીને દરેક કાર્ય કરે છે. તેમના રીવાજોને તે ચુસ્તપણે વળગી રહે છે. ધર્મમાં ઘણા ચુસ્ત હોય છે. શાહુકારીમાં તે પ્રસિદ્ધ છે. વ્યાપાર વગેરેમાં પ્રમાણિકતાને વળગી રહી પ્રવૃત્તિ કરે છે. ઓશવાળ વણિકોમાં અહીં નાતના પાંચ શેઠ છે અને વીશા શ્રીમાલીની જાતિમાં તથા વિજાપુર શ્રીમાલીની સત્તાવીશના ગોળ તરીકે શેઠ કચરાભાઈ ધહેલાભાઈ તથા શેઠ મનસુખ લલ્લુભાઈ એ બે શેઠ છે. ઓશવાળના ગોળમાં વિજાપુર, વેડા, પીલવાઇ તથા રીદરોલ એ ચાર ગામ છે. વિ સં. ૧૯૦૭ લગભગમાં વીશા શ્રીમાલીનો ગોળ બંધાયો છે અને ઓશવાળોનો ગોળ પાછળથી બંધાયો છે. વિજાપુર વિશા શ્રીમાળીના સત્તાવીશ ગામોના ગોળના ઘણા વણિક શ્રાવકો પુના વગેરે જીલ્લામાં ગયા છે અને ત્યાં તેઓએ બીજો સત્તાવીશનો ગોળ બાંધ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. દશા શ્રીમાલી વણિકો છે તે વીશા શ્રીમાલીવણિકો જ હતા. તથા દશા પોરવાડો છે તે અસલ વીશાપોરવાડો હતા. વસ્તુપાલ રાસ ગ્રન્થમાં લખ્યા પ્રમાણે તેઓ પાટણમાં દશા તરીકે થયા. તેની હકીકત નીચે પ્રમાણે છે. વસ્તુપાલ પ્રધાને તથા તેજપાલે પોતાનાં મા-બાપની પાછળ પાટણમાં જ્ઞાતિ જમાડવા માંડી તેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરેમાં રહેનારી સર્વચોરાશી વણિક જાતિને નોતરી. તે વખતે પાટણની નગરશેઠાઇ વીશા શ્રીમાલીને ત્યાં હતી, નગરશેઠની રજા વિના નાત થતી નહોતી. નગરશેઠ મરી ગયા હતા અને તેનો પુત્ર નહાનો હતો, તેથી નાત જમાડવાની રજા લેવામાં તેને બોલાવ્યો નહીં તેથી નગર શેઠાણીને બોહું લાગ્યું. તેણે પોતાના પુત્રને કહ્યું કે તું નાત લેગી કર અને મારા પુનર્લગ્નની રજા માગ ! ! નાત જ્યારે એમ કહે કે વિધવાનું લગ્ન નહીં થાય ત્યારે તું કહેજે કે વસ્તુપાળ અને તેજપાળ વિધવાના-પુનર્વિવાહિતના છોકરા છે, તો તેઓને તમો નાત જમાડવાની કેમ રજા આપો છો ? એ પ્રમાણે નાતને લેગી કરી નગરશેઠના પુત્રે કહ્યું તેથી નાતમાં બે પક્ષ પડ્યા. જે વીશાશ્રીમાળીઓ તથા વીશા-પોરવાડો, વસ્તુપાળના પક્ષમાં રહ્યા તે દશાશ્રીમાળી તથા દશાપોરવાડ તથા દશાઓશવાળ ગણાયા. વસ્તુપાળ અને તેજપાળના વંશજ નાતિલાઓ દશાપોરવાડોછે. વેરાવાસણમાં રહેનારા દેશાઇઓ દશાપોરવાડ છે, તેમાંથી કેટલાક વૈષ્ણુવધર્મ પાળે છે અને કેટલાક જૈનધર્મ પાળે છે. દશાશ્રીમાળી કોટડિયા તથા શેઠ મગનલાલ કંકુચંદ વગેરે છે તે પક્કા જૈનો છે. દશા વિશા શ્રીમાલી વણિકો છે તે સુંધ-પુર, આગલોડ વગેરે કાંઠાની સત્તાવીશના ગોળમાં છે. દશાપોરવાડો નેટાણા, સોજા, ઉવારસદ, લીંબોદરા, જોરણજ, ઉનાવા વગેરે ગામો-ના ગોળમાં છે. દશાપોરવાડોના ગોળમાં જૈનધર્મી અને વૈષ્ણુવધર્મી પોરવાડો છે. ઓશવાળોની તથા વિશાશ્રીમાલીઓની ઉત્પત્તિ મારવાડ પ્રદેશમાં છે. ભિન્નમાલ વગેરેમાંથી વિશાશ્રીમાળીઓ થયા અને ઓશિયા નગરી વગેરેમાંથી ઓસવાળો થયા. લાડ, દશાઓશવાળ, નિમા વાણિયા, કપોલ, પલ્લીવાલ, વીશા શ્રીશ્રીમાલ, કણબી, ભાવ-સાર વગેરે જૈનધર્મ પાળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનધર્મ—વિશ્વધર્મ.

જૈનધર્મ આ જગત્માં અનાદિકાલથી છે. જૈનો જગત્ને અનાદિકાળનું માને છે. પરમેશ્વર પરમાત્માઓને અનાદિકાળથી માને છે. એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને કર્મ સહિત સંસારીજીવો માને છે. અનાદિકાળથી જીવો છે અને તેઓની સાથે અષ્ટકર્મ લાગ્યાં છે એમ માને છે. જીવોને પુણ્યયોગે સુખ થાય છે અને પાપયોગે દુઃખ થાય છે. પુણ્ય એ શુભ કર્મ છે અને પાપ એ અશુભકર્મ છે. અત્યંત અશુભકર્મથી નરકમાં જવાય છે અને અત્યંત શુભ કર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. પુણ્ય સહિત અલ્પપાપથી મનુષ્યની ગતિ પ્રાપ્ત થાય છે. કપટ વગેરેથી તિર્યંચની ગતિ પ્રાપ્ત થાય છે. મનુષ્યની ગતિમાં આત્માની પૂર્ણ શુદ્ધિ થવાથી મોક્ષ મળે છે એમ માને છે, ગૃહસ્થધર્મ અને ત્યાગી સાધુધર્મ એમ ધર્મના બે ભેદ છે. જેઓ દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ધારણ કરે છે પણ વિરતિપણું અંગીકાર કરી શકતા નથી; સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માઓનાં તત્ત્વોની શ્રદ્ધા કરે છે, પણ વ્રત પ્રત્યાખ્યાન કરી શકતા નથી તે ચોથા ગુણસ્થાનકવાળા અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક વર્તિ ગૃહસ્થ જૈનો છે. ચોથા ગુણસ્થાનકમાં સમ્યગ્-દૃષ્ટિ એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણના મનુષ્યો વર્તે છે. જેઓ સત્યદેવ ગુરૂધર્મની શ્રદ્ધા ધારણ કરે છે તથા મિથ્યા-ત્વદૃષ્ટિનો ત્યાગ કરે છે, સર્વજ્ઞ તીર્થંકરોનાં ઉપદેશેલ આગમોને સત્ય માની તેની શ્રદ્ધા ધારણ કરી ગૃહસ્થશ્રાવકધર્મનાં બારવ્રત વા બારવ્રત પૈકી ગમે તેટલાં વ્રતને ધારણ કરે છે એવા બ્રાહ્મણો ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો વગેરે દેશવિરતિપંચમ ગુણસ્થાનકવર્તિ ગૃહસ્થ જૈનો કહેવાય છે. ચોથા ગુણસ્થાનવાળા અને પાંચમા ગુણસ્થાનકને ધારણ કરનારા ચેટકરાજા. સંપ્રતિરાજા, ખારવેલ-રાજા, કુમારપાળ રાજા, વસ્તુપાળ, તેજપાળ વગેરેને ધર્મયુદ્ધ કરવાં પડયાં હતાં. દેશભૂમિ, રાજ્ય, કુટુંબ, ધન, જૈનસંઘ તીર્થાદિની રક્ષા માટે ધર્મયુદ્ધો કરવાનો ચારે વર્ણને અધિકાર છે. બિંબિસાર યાને શ્રેણિકરાજા, ઉદાયન રાજા, કોણિક યાને અજાત શત્રુરાજાઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા અન્ય ગૃહસ્થોએ જૈનધર્મ અંગીકાર કરીને ગૃહસ્થાવાસમાં ધર્મયુદ્ધો કર્યાં હતાં. ગૃહસ્થજૈનો, દેશ અર્થાત્ અંશથકી બાર વ્રતોને અંગીકાર કરે છે. જેઓ ત્યાગીનાં પંચમહાવ્રત ગ્રહીને કંચન કામિની વગેરેનો ત્યાગ કરે છે તેઓને ત્યાગી મુનિઓ સાધુઓ કહેવામાં આવે છે. તેઓ સર્વ વિરતિ મુનિ કહેવાય છે મુનિયોના ઉપરીને આચાર્ય કહે છે. ત્યાગીધર્મ ગ્રહણ કરનારી સ્ત્રીને સાધ્વી, શ્રમણી–આર્યા કહેવામાં આવે છે અને તેની ઉપરી સાધ્વીને પ્રવર્તિની કહેવામાં આવે છે. જે સાધુઓને અને સાધ્વીઓને આગમો વગેરે ભણાવે છે તે ઉપાધ્યાય કહેવાય છે. પંડિત સાધુઓને પન્ન્યાસ કહે છે. જૈનધર્મ માનનારી ગૃહસ્થ સ્ત્રીવર્ગને શ્રાવિકા સંઘ તરીકે કહેવામાંઆવે છે. જૈન ગૃહસ્થો શ્રાવકસંઘ તરીકે કહેવાય છે, સાધુઓને સાધુસંઘ અને સાધ્વીવર્ગને સાધ્વીસંઘ એમ ચતુર્વિધસંઘ કહેવાય છે. ચતુર્વિધસંઘને તીર્થ કહે છે અને એવા તીર્થનો ઉચ્છેદ થવાનો સમય આવતાં જે કેવલજ્ઞાની અર્હતો, સંઘરૂપ તીર્થને સ્થાપે છે તે તીર્થંકરો કહેવાય છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીના છ છ આરા હોય છે. જે આરાઓમાં આયુષ્ય, બળ, બુદ્ધિ, વર્ણ ગંધાદિ શરીરાદિકની વૃદ્ધિ થાય છે તેને ઉત્સર્પિણી કહે છે. ઉત્સર્પિણીના છ આરા હોય છે અને તેનો કાળ દશ કોડાકોડિ સાગરોપમનો છે. અવસર્પિણી કાલમાં વર્ણ, ગંધ, રસ વગેરેની પડતી, તથા ધર્મ, બુદ્ધિ, જ્ઞાન, શરીર, આયુષ્ય, બળ, શક્તિ અનુક્રમે ઘટતી જાયછે. દરેક અવસર્પિણીના ત્રીજા આરાના છેડે અને ચોથા આરામાં ચોવીશ તીર્થંકરો થાય છે, પાંચમાઆરા અને છઠ્ઠા આરામાં તીર્થંકર થતા નથી. અવસર્પિણીનો દશ કોડાકોડી સાગરોપમ કાળ અને ઉત્સર્પિણીનો દસ કોડાકોડિ સાગરોપમ કાળ એમ વીશકોડાકોડી સાગરોપમે એક કાલચક્ર થાય છે, એવાં અનંત કાલચક્રોથી એક પુદ્ગલપરાવર્ત થાય છે. ભૂતકાલમાં એવા અનંત પુદ્ગલ પરાવર્ત થયા અને ભવિષ્યમાં અનંત પુદ્ગલ પરાવર્ત થશે. હાલનો કાલ તે અવસર્પિણીકાલ છે. તેમાં ચોવીશ તીર્થંકરો થઈ ગયા. તે પૂર્વે ઉત્સર્પિણીના છ આરાના ચક્રમાં ચોવીશ તીર્થંકરો થયા. આ અવસર્પિણી કાલમાં સાત કુલકર અર્થાત્ સાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુ થયા. ત્રીજા આરાના છેડે શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ કાશ્યપવંશી પ્રથમતીર્થંકર થયા. તેમણે ગૃહસ્થાવાસમાં પ્રજાને બહોંતેર કળા તથા ચોસઠકળાનું શિક્ષણ આપ્યું. તેમના પુત્ર શત થયા. તેમના પુત્ર ભરત ચક્રી થયા, તેમણે આર્યાવર્તનું રાજ્ય કર્યું માટે તે ભારતદેશ કહેવાય છે. તેમના પુત્ર બાહુબલીએ અફ્ગાનીસ્તાન, ઇરાન, તુર્કસ્તાન વગેરે દેશોનું રાજ્ય કર્યું. તેમણે તેમની પુત્રી બ્રાહ્મીને બ્રાહ્મી લીપી વગેરે અઢાર લિપિયેાનું જ્ઞાન આપ્યું. તેમણે દીક્ષા લીધા પૂર્વે પેાતાના પુત્રેાને ભિન્ન ભિન્ન દેશેાનાં રાજ્ય આપ્યાં. તેમના પૈાત્ર આનર્તે ગુજરાતપર રાજ્ય કર્યું તેથી તે આનર્ત દેશ કહેવાય છે. શ્રી ઋષભદેવે ત્યાગધર્મની દીક્ષા અંગીકાર કરી, અને વનમાં જ્યાં ત્યાં ધ્યાનસ્થ રહી અયેાધ્યા પાસે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવેાએ અને દેવીઓએ સમવસરણની રચના કરી. ઋષભદેવે સમવસરણમાં બેસી ઉપદેશ દીધેા અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી વિશ્વેાદ્ધાર કર્યેા, તેમના પુત્ર ભરતરાજાએ ચાર વેદેાની રચના કરી. તેણે છ ખંડપર રાજ્ય કર્યું. ભરતના નામથી આર્યદેશ છે તે ભારત દેશ કહેવાય છે. શ્રી ઋષભદેવ ભગવાન્ પછી બીજા તીર્થંકર શ્રી અજિતનાથ થયા. તેમના વખતમાં બીજા સગરચક્રવર્તી થયા. સગરચક્રવર્તિના પુત્ર જહ્નુએ ગંગાને દરિયા તરફ્વાળી તે માટે ગંગા જાન્હવીના નામે પ્રસિદ્ધ થઇ. ત્રીજા તીર્થંકર સંભવનાથ પશ્ચાત્ અનુક્રમે ૪ અભિનંદન, ૫ સુમતિનાથ ૬ પદ્મપ્રભુ ૭ સુપાર્શ્વનાથ, ૮ ચંદ્રપ્રભુ ૯ સુવિધિનાથ, ૧૦ શીતલનાથ, ૧૧ શ્રેયાંસનાથ, ૧૨ વાસુપૂજ્ય ૧૩ વિમલનાથ ૧૪ અનંતનાથ, ૧૫ ધર્મનાથ, ૧૬ શાંતિનાથ, ૧૭ કુન્થુનાથ ૧૮ અરનાથ, ૧૯ મલ્લિનાથ ૨૦ મુનિ સુવ્રત, ૨૧ નમિનાથ, ૨૨ નેમિનાથ ૨૩ પાર્શ્વનાથ અને ૨૪ ચેાવીશમા તીર્થંકર વર્ધમાન શ્રી મહાવીરદેવ, થયા. શાંતિનાથ, કુંથુનાથ, અને અરનાથ એ ત્રણ તીર્થંકરેાએ ષટ્ ખંડના ચક્રવર્તી થયા બાદ દીક્ષા અંગીકાર કરી કેવળ જ્ઞાન પામી તીર્થંકર થયા. વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતના કાલમાં શ્રી રામચંદ્ર અને રાવણ થયા. બાવીશમા તીર્થંકર યદુકુલનંદનકર શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેમિનાથ તીર્થંકરના કાલમાં પાંચ પાડવો અને કૌરવો તથા મથુરા તથા દ્વારિકામાં શ્રીકૃષ્ણ થયા. શ્રી નેમિનાથ પશ્ચાત્ ચોરાશી હજાર વર્ષે શ્રી ચોવીશમા તીર્થંકર મહાવીર થયા. ભાગવતમાં કથેલા શ્રી કૃષ્ણ કે જે ગોપીઓના સ્વામી હતા તે તો પાંચ હજાર વર્ષ ઉપર થયા, તેથી જૈનોના કૃષ્ણ અને ભાગવતવૈષ્ણવ કૃષ્ણ ભિન્ન હોય એમ સમજાય છે. ચોવીશ તીર્થંકરોના કાલમાં બાર ચક્રવર્તિઓ થયા. ૧૧ અગિયાર રૂદ્ર, નવ નારદ, નવ વાસુદેવ અને નવ પ્રતિવાસુ દેવ અને નવ બળદેવ થયા. (ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તિ, નવ વાસુદેવ, નવ બળદેવ, નવ પ્રતિવાસુદેવ એ ત્રેસઠ શલાકાપુરૂષો કહેવાય છે) આજ સુધી અનેક તીર્થંકરો થઇ ગયા. ત્રેવીશ તીર્થંકરો બિહાર કાશી વગેરેમાં થયા. બાવીશમા શ્રી નેમિનાથ સૌરાષ્ટ્ર દેશ દ્વારિકાપુરીમાં થયા. તે શૌરીપુરીમાં (મથુરામાં) જન્મ્યા હતા. તે યદુવંશી હતા. તેમણે ભારત દેશમાં જૈનધર્મ પ્રસરાવ્યો, તેમની અને શ્રીપાર્શ્વનાથની વચ્ચે અનેક ધાર્મિકપરિવર્તનો થયાં અને જલ પ્રલયો થયા તેથી પૃથ્વી અને દરિયાઓમાં ફેરફાર થઈ ગયો. ત્રેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ થયા, તે કાશીના રાજા અશ્વસેન અને રાણી વામાદેવીના પુત્ર હતા. તેમનું શતવર્ષનું આયુષ્ય હતું. રાજાની પુત્રી પ્રભાવતી સાથે તે પરણ્યા. પશ્ચાત્ ત્યાગી થયા અને ધ્યાનરથ રહ્યા, તેમણે કેવલજ્ઞાન પામ્યા બાદ જૈન ધર્મ પ્રકાશ્યો અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પાર્શ્વનાથ અને શ્રીમહાવીરપ્રભુ વચ્ચે અઢીસેં વર્ષનું આંતરૂ છે. ચોવીશમા તીર્થંકર શ્રી ક્ષત્રિયકુંડનગરમાં થયા. વિહાર મગધદેશમાં વૈશાલીનગરી પાસે ક્ષત્રિયકુંડનગર આવેલું છે, તેમના પિતા સિદ્ધાર્થ રાજા હતા અને તેમની માતા ત્રિશલા રાણી હતી. જન્મ થકી તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, એ ત્રણ જ્ઞાન વાળા હતા. યુવાવસ્થામાં સિન્ધુસૌવીર દેશની સમરવીર રાજાની પુત્રી યશોદા સાથે લગ્ન કર્યું. તેમને એક પુત્રી પ્રિયદર્શના નામની થઈ તે જમાલી નામના રાજપુત્રની સાથે પરણાવી. શ્રીમહાવીર ભગવાનનાં માત પિતા (પ્રભુના જન્મથી) અઠ્ઠાવીશ વર્ષે મરણ પામી સ્વર્ગ લોકમાં ગયાં, ત્યારે તેમણે મોટાભાઇ નંદિવર્ધનને પુછી ત્યાગી દીક્ષા લેવા ઇચ્છા જણાવી પરંતુ મોટાભાઇના આગ્રહથી બે વર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી ગૃહસ્થાવાસમાં રહ્યા. સાંવત્સરિકદાન દેઇને તેમણે ત્રીશમા વર્ષે દીક્ષા અંગીકાર કરી. કાર્તિક વદિ દશમે દીક્ષા લીધા પછી તેમણે બાર વર્ષ પર્યંત ધ્યાન ધર્યું અને મનુષ્યો વગેરે તરફથી થતા ઉપસર્ગ પરિષહોને સમભાવે સહન કર્યા. બેંતાલીશમા વર્ષે ઋજુવાલિકા નદીના તીરે શ્યામાક કુટુંબીના ક્ષેત્રમાં સાલવૃક્ષ નીચે બે ઉપવાસ કરી શુકલધ્યાન ધર્યું તેથી તેમના શુદ્ધાત્મામાં કેવલજ્ઞાન પ્રગટયું તેથી તે લોકાલોક સર્વરૂપી તથા અરૂપી પદાર્થો–તત્ત્વોને સાક્ષાત્ દેખવા લાગ્યા.

પ્રભુ કેવલજ્ઞાન પામ્યા કે તુર્ત સમવસરણની રચના થઈ. તેમના સમવસરણમાં આર્યાવર્તમાં વેદાદિક વિદ્યામાં પારંગત મહાવાદી અગિયાર ગૌતમ (ઈન્દ્રભૂતિ) અગ્નિભૂતિ, વાયુભૂતિ વગેરે આચાર્યબ્રાહ્મણો આવ્યા. તેઓ સંપૂર્ણ ભારતમાં પ્રસિદ્ધ હતા. તેઓની શંકાઓને ભગવાન્ શ્રીમહાવીરદેવે વેદોની શ્રુતિયોને સાપેક્ષપણે સમજાવી દૂર કરી અને અગિયારે એ, શ્રીમહાવીર દેવ પાસે દીક્ષા અંગીકાર કરી. મહાવીર પ્રભુએ ગૌતમાદિ અગિયાર બ્રાહ્મણોને ગણધર સ્થાપ્યા. ન્યાયશાસ્ત્રના રચનાર ગૌતમ ઋષિ તથા અન્ય ગોતમ ઋષિથી પ્રભુના ગણધર ગૌતમઋષિ જૂદા હતા. પરમાત્મા મહાવીર દેવે જૈન ધર્મનો પ્રકાશ કર્યો અને ચતુર્વિધ સંઘને સ્થાપી દુનિયામાં તીર્થ પ્રવર્તાવ્યું. તેમણે ચૌદ હજાર સાધુઓ કર્યા અને છત્રીશ હજાર સાધ્વીઓ કરા. તેમણે એક લાખને ઓગણસાઠ હજાર બારવ્રતધારી શ્રાવકો બનાવ્યા અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈનો તો કરોડોની સંખ્યામાં બનાવ્યા. તેમણે ત્રણ લાખ અઢાર હજાર બાર વ્રતધારી શ્રાવિકાઓ બનાવી. અગિયાર ગણધરોએ તથા તે ગણધરોના સાધુઓએ કરોડોની સંખ્યામાં શ્રાવકો અને શ્રાવિકાઓ બનાવી. પ્રભુ મહાવીર દેવે આખા હિંદુસ્થાનનાં સર્વ નગરો, પુરો, ગામોમાં ફરી–વિહાર કરી કરોડો મનુષ્યોને ધર્મી બનાવ્યા અને યજ્ઞોમાં હોમાતાં પશુઓને બચાવ્યાં. પશુહિંસાવાળા યજ્ઞોને પાપયજ્ઞો તરીકે જણાવ્યા. હિંદુસ્થાનના શ્રેણિક, ઉદયન, ઉદાયી, ચંડપ્રદ્યોત, ચેટક વગેરે રાજાઓએ પ્રભુનો બોધ સ્વીકાર્યો અને મહાવીર દેવના ભક્ત બન્યા. પ્રભુ મહાવીર દેવના સમકાલીન ગૌતમબુદ્ધ થયા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કપિલવસ્તુ નગરના શુદ્ધોદન રાજાના પુત્ર હતા. તેમની માતા માયાદેવી હતી. તેમની સ્ત્રી યશોધરા હતી. રાહુલ પુત્ર હતો, તેમણે વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી અને તેમણે બૌદ્ધધર્મની સ્થાપના કરી. બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મ જુદો છે, બન્ને ધર્મમાં કેટલીક યમાદિક બાબતો મળતી આવે છે તેથી જૈનધર્મ અને બૌદ્ધધર્મ એક ગણાતો નથી. ગૌતમ બુદ્ધે પણ પશુ હિંસામય યજ્ઞોનો નિષેધ કર્યો. શ્રી મહાવીરદેવે કેવલજ્ઞાનથી સત્ય તત્ત્વોનો પ્રકાશ કર્યો અને હિંદુસ્તાનમાં અહિંસા, સત્ય, અસત્ય, બ્રહ્મચર્ય વગેરેનો પ્રકાશ કર્યો. ગૃહસ્થ ધર્મથી અને ત્યાગ ધર્મથી આત્માની પૂર્ણ શુદ્ધિ કરવાના યોગોનો પ્રકાશ કર્યો. પ્રભુએ જ્ઞાન, દર્શન, ચારિત્રનું સ્વરૂપ સમજાવ્યું. આત્મજ્ઞાનનો વિશ્વમાં પ્રકાશ કર્યો. પ્રભુ મહાવીરદેવ આષાઢ સુદિ છઠ્ઠે માતાની કુખમાં આવ્યા અને ચૈત્ર સુદિ તેરસની મધ્ય રાત્રીએ જન્મ્યા. પ્રભુ મહાવીર ભગવાને કેવલજ્ઞાન પામીને ત્રીશ વર્ષ સુધી ભારતદેશમાં સર્વ લોકોને ધર્મનો ઉપદેશ દીધો. શુદ્ર ચંડાલ જાતિને પણ ત્યાગ દશાનો અધિકાર જણાવીને ત્યાગી બનાવ્યા. ભારતદેશમાં દયા, સત્ય, સ્તેય, બ્રહ્મચર્ય, અધ્યાત્મજ્ઞાન, યોગજ્ઞાન પ્રગટ કર્યું અને ભારત લોકોનાં હૃદયોને દયાથી ભરી દીધાં. ત્યાગી મહાત્માઓને બનાવી હિંદુસ્તાનથી બાહ્યના દેશોમાં જૈન ધર્મનો પ્રચાર કર્યો. તેમણે કેવલજ્ઞાનથી સત્ય શ્રુતજ્ઞાનનો પ્રકાશ કર્યો કે જેથી મનુષ્યો, મિથ્યા અજ્ઞાનમય શાસ્ત્રોના શ્રુતજ્ઞાનથી બચી આત્માની પૂર્ણ શુદ્ધિ કરી મોક્ષ પામી શકે. સર્વજ્ઞ વીતરાગ મહાવીર પરમાત્માએ તત્ત્વજ્ઞાનનો પ્રકાશ કર્યો. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ જીવાસ્તિકાય, ૫ પુદ્ગલાસ્તિકાય, ૬ કાલ. એ ષડ્દ્રવ્ય અને તેના ગુણપર્યાયનું સ્વરૂપ પ્રકાશ્યું. ૧ જીવતત્ત્વ, ૨ અજીવતત્ત્વ, ૩ પુણ્યતત્ત્વ, ૪ પાપતત્ત્વ, ૫ આસ્રવતત્ત્વ, ૬ સંવરતત્ત્વ, ૭ નિર્જરાતત્ત્વ, ૮ બંધતત્ત્વ, ૯ મોક્ષતત્ત્વ એ નવતત્ત્વનો પ્રકાશ કર્યો. હેય, જ્ઞેય અને ઉપાદેયનું સ્વરૂપ બતાવ્યું. જગતમાં ષડ્દ્રવ્યમાંના દરેક પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું સ્વરૂપ દર્શાવ્યું. શ્રાવકના બારવ્રતનું તથા સાધુના પંચમહાવ્રતનું સ્વરૂપ જણાવ્યું. ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદન, ૩ મિશ્ર ૪ સમ્યગ્દૃષ્ટિ, ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશવિરતિ, ૬ સર્વવિરતિ, ૭ અપ્રમત્ત, ૮ અપૂર્વકરણ, ૯ અનિવૃત્તિકરણ, ૧૦ સૂક્ષ્મસંપરાય, ૧૧ ઉપશાંતમોહ, ૧૨ ક્ષીણમોહ, ૧૩ સયોગીકેવલી, ૧૪ અયોગીકેવલી એ ચતુર્દશ ગુણસ્થાનકનું સ્વરૂપ દર્શાવ્યું, તથા નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાતનય અને તેના અનેક ભેદોનું સ્વરૂપ દર્શાવ્યું. સોળ સંસ્કારનું સ્વરૂપ દર્શાવ્યું. **૧ સ્યાત્અસ્તિ, ૨ સ્યાન્નાસ્તિ, ૩ સ્યાત્ અસ્તિનાસ્તિ, ૪ સ્યાદ્ અવક્તવ્ય, ૫ સ્યાદ્અસ્તિ અવક્તવ્ય, ૬ સ્યાન્નાસ્તિ અવક્તવ્ય, ૭ સ્યાત્ અસ્તિનાસ્તિયુગપદ્ અવક્તવ્ય** એ સપ્તભંગીના જ્ઞાનનો પ્રકાશ કર્યો. કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ, અને ઉદ્યમ એ પાંચ કારણથી દરેક કાર્યની સિદ્ધિ થાય છે એવા જ્ઞાનનો પ્રકાશ કર્યો. ચૌદ રાજલોકનો પ્રકાશ કર્યો, બાર દેવલોકના જ્ઞાનનો પ્રકાશ કર્યો. પાંચ અનુત્તર વિમાનનું સ્વરૂપ દર્શાવ્યું. ભુવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવોનું અને દેવીઓનું સ્વરૂપ પ્રકાશ્યું. સાતનરકોનું સ્વરૂપ દર્શાવ્યું. મનુષ્ય લોકનું સ્વરૂપ દર્શાવ્યું. આત્માઓ અનંતા છે અને તેઓની સાથે અનાદિ કાલથી અષ્ટ પ્રકારનાં કર્મ લાગ્યાં છે એમ દર્શાવ્યું.

૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામકર્મ, ૭ ગોત્ર અને ૮ અંતરાય, એ આઠકર્મનું સ્વરૂપ જણાવ્યું અને અષ્ટકર્મથી રહિત થએલ આત્મા તેજ પરમાત્મા થાય છે એમ સત્યજ્ઞાન પ્રકાશ્યું. પ્રભુ મહાવીર દેવે અગિયાર ગણધરોને તત્ત્વજ્ઞાનનો તથા મોક્ષમાર્ગનો બોધ કર્યો. તે અગિયાર ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી. અગિયાર અંગોને રચ્યાં. તથા તેઓએ ચૌદ પૂર્વની રચના કરી. પશ્ચાત્ બાર ઉપાંગો, છ છેદશાસ્ત્ર, બે મૂલશાસ્ત્ર આગમની રચના થઈ. ભગવાન્ના શિષ્યોએ દશપયન્નાની રચના કરી. ગણધરોએ દૃષ્ટિવાદની રચના કરી. પશ્ચાત્ સ્થવિર આચાર્યોએ ઉપાંગો વગેરેની રચના કરી. ચોરાશી આગમ તથા પિસ્તાલીશ આગમો તથા અન્ય સ્થવિર આચાર્યો વગેરે કૃત જે શાસ્ત્રો છે તે સર્વમાં પ્રભુ મહાવીરદેવનું જ્ઞાન ભર્યું છે. હાલ પિસ્તાલીશ આગમ વિદ્યમાન છે. તથા હજારો ધર્મગ્રન્થ–શાસ્ત્રો વિદ્યમાન છે. પ્રભુ મહાવીરદેવે સત્ય શ્રુતજ્ઞાનનો પ્રકાશ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચતુર્વિધ સંઘરૂપ તીર્થની સ્થાપના કરી. તેમણે છેવટનું થોડું આયુષ્ય બાકી જાણીને છેવટે ત્રણ દિવસ સુધી (પાવાપુરીમાં અઢાર દેશના રાજાઓનો ગણ મળ્યો હતો તેમની આગળ) અખંડ પ્રવાહે ઉપદેશ દીધો; તેમાંના નવ રાજા લેચ્છવી જાતિના હતા ને નવ મલ્લકી જાતિના ક્ષત્રિય રાજા હતા. છેવટની સભામાં લાખો મનુષ્યો ભગવાનના શરીરની અંતાવસ્થા જાણીને ભેગાં થયાં હતાં. ભગવાને પાપનું અને પુણ્યનું સ્વરૂપ જણાવ્યું અને આત્માની મુક્તિના ઉપાયો જણાવ્યા. આશો વદિ અમાવાસ્યાની એકપ્રહર રાત્રી અવશેષ રહી ત્યારે પ્રભુએ શરીરનો ત્યાગ કર્યો અને તે સિદ્ધસ્થાનમાં સિદ્ધ બુદ્ધ પરમાત્મા તરીકે સાદિ અનંતમા ભાંગે વિરાજમાન થયા. પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની શાળામાં પ્રભુએ તેમના ભક્ત હસ્તિપાલનૃપની ભક્તિથી છેલ્લું ચોમાસું કર્યું હતું. ભાવજ્ઞાન પ્રકાશમય પ્રભુના વિરહથી અઢાર રાજાઓએ દિવાઓ પ્રકટાવીને દ્રવ્યોદ્યોત કર્યો. ભારતનો જ્ઞાનસૂર્ય અસ્ત થવાથી ભારતમાં ઘેરઘેર શોક થયો. દેવ દેવી મનુષ્યોએ તેમનો નિર્વાણ મહોત્સવ કર્યો. પાવાપુરીમાં તેમના શરીરની અંતક્રિયા થઇ. હાલ ત્યાં એક મંદિર છે અને તે તળાવ વચ્ચે છે. પ્રભુ મહાવીરના નિર્વાણથી નંદિવર્ધનને ઘણો શોક થયો. પ્રભુની બેન સુદર્શનાએ નંદિવર્ધનને પોતાના ઘેર તેડી શોક નિવાર્યો ત્યારથી ભાઇબીજ થઇ. પ્રભુ નિર્વાણ પામ્યા તે દિવસથી દિવાળીનું પર્વ શરૂ થયું, અને તેમના મરણના દિવસ પછીથી બેસતું વર્ષ શરૂ થયું. વીરસંવત્ હાલ પણ વિક્રમસંવત્ની સાથે કાયમ રહ્યો. પ્રભુ મહાવીર દેવે રાગદ્વેષાદિ મોહ શત્રુઓને જીત્યા, બાર વર્ષ સુધી ધ્યાનસમાધિ ધરીને કેવલજ્ઞાન પ્રકટાવ્યું અને ત્રીશ અતિશય તથા વાણીના પાંત્રીશ ગુણવડે યુકત થઇને વિશ્વોદ્ધાર કર્યો. જૈન ધર્મ અને મહાસંઘને પ્રગટાવીને પોતાની પાછળના વિશ્વલોકોનું કલ્યાણ કર્યું. આત્માની પૂર્ણ શુદ્ધિ કરવાના જ્ઞાન દર્શન ચારિત્ર માર્ગોને જણાવી મોક્ષનો માર્ગ ખુલ્લો કર્યો. સાત નયોની સાપેક્ષ દૃષ્ટિ જણાવીને વિશ્વમાં પ્રગટેલાં સર્વ દર્શનોનો કદાગ્રહ–મિથ્યાત્વવાદ દૂર કર્યો. પ્રભુ મહાવીરની પશ્ચાત્ હાલ જૈન કોમ શ્વેતાંબર અને દિગંબર એવા બે પક્ષમાં વ્હેંચાઇ ગઇ છે. શ્વેતાંબર અને દિગં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બર એ બે પક્ષમાં બીજા અવાંતર પક્ષોનો અંતર્ભાવ થાય છે. શ્વેતાંબરો અગિયાર અંગ, બાર ઉપાંગ, દશ પયન્ના, છ છેદશાસ્ત્ર અને બે મૂલ ગ્રંથ તથા ષડાવશ્યક સૂત્ર તથા સ્થવિરોનાં કરેલા પ્રકરણો વગેરેને માને છે. દિગંબરો મૂલ આગમોને માનતા નથી. તેઓ કુંદકુંદાચાર્યાદિ પૂર્વાચાર્યોના ગ્રંથોને માને છે. શ્વેતાંબરો, સ્ત્રીને મુકિત માને છે અને દિગંબરો સ્ત્રીને મુકિત મળતી નથી એમ માને છે. તથા શ્વેતાંબરો કથે છે કે આ કાળમાં સાધુઓ અને સાધ્વીઓ પ્રવર્તે છે. દિગંબરો બિલકુલ નાગા સાધુ હોય તો તેને સાધુ માને છે, તથા દેવની મૂર્તિને લિંગ સહિત માને છે. શ્વેતાંબરો લિંગસહિત મૂર્તિને માનતા નથી, વસ્ત્રાદિ યોગ્ય ઉપાધિવાળા આ કાલમાં સાધુઓ અને સાધ્વીઓ વર્તી શકે છે. આ કાલમાં ઉપાધિસહિત સ્થવિરકલ્પી મુનિયો વર્તે છે અને જિન કલ્પી મુનિવર્ગ હાલ હોઈ શકે નહિ એમ જૈન શ્વેતાંબર પક્ષની માન્યતા છે, તેથી શ્વેતાંબર કોમમાં સાધુઓ અને સાધ્વીઓ વર્તે છે. દિગંબરોને સાધુઓની અને સાધ્વીઓની આવશ્યકતા લાગે છે પણ તેમનો એવો પક્ષ હોવાથી ક્ષુલ્લક બ્રહ્મચારી ભટ્ટારક વગેરેની વ્યવસ્થા કરીને તેમને જૈન ધર્મ પ્રચારકનું કાર્ય સાધવું પડે છે. દિગંબરમાં તેરાપંથી અને વીશાપંથી એવા બે પક્ષ છે. શ્વેતાંબરમાં સનાતન મૂર્તિપૂજક જૈન અને વિ. સં. ૧૫૩૦-૩૨ માં ઢુંઢીયા પંથ નીકળેલ કે જેને હાલમાં પન્નર વર્ષથી સ્થાનકવાસી પન્થ કહેવામાં આવે છે તેવા બે પક્ષ છે. સ્થાનકવાસીઓ મૂર્તિને-પ્રતિમાને માનતા નથી. શ્વેતાંબર અને દિગંબર બંને કોમ મૂર્તિને માને છે. સામાન્ય મતભેદ સિવાય તે બંને કોમને સર્વજ્ઞ મહાવીરનાં પ્રકાશેલાં ષડદ્રવ્ય, નવતત્ત્વ, નય, ભંગ, નિક્ષેપ, વગેરે તત્ત્વજ્ઞાન અને આત્મજ્ઞાનની તત્ત્વજ્ઞાન શ્રેણિ એક સરખી રીતે માન્ય છે. બંને કોમમાં આચાર મત ભેદ કંઇ કંઇ બાબતોમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે છે.

શ્વેતાંબર કોમની અને દિગંબર કોમની વસતિ સર્વ મળીને બારલાખ પાંત્રીશ હજારના આશરે છે, શ્રી મહાવીર દેવ અને અશોક, ખારવેલ, સંપ્રતિ રાજાના સમયમાં જૈનોની સંખ્યા વીશકરોડ લગભગની હતી. હિંદુસ્થાન તથા અફગાનીસ્થાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્બસ્થાન, આસામ વગેરે અન્ય દેશોમાં પણ જૈન ધર્મ ફેલાવાથી જૈનોની સંખ્યા વધી હતી. અશોક પહેલો બૌદ્ધ હતો. પણ પાછળથી તે જૈન થયો હતો. ચંદ્રગુપ્ત રાજા જૈન હતો, શંકરાચાર્યની પૂર્વે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ધ એ ચાર વર્ણોમાં જૈન ધર્મ પ્રવર્તતો હતો. તેથી વિ. સં. પાંચમા, છઠ્ઠા, સાતમા સૈકા સુધી દશકરોડ લગભગ જૈનોની સંખ્યા હતી. ગુજરાતની ગાદી સ્થાપનાર વનરાજ ચાવડો શ્રી શીલગુણ સૂરિનો શિષ્ય હતો, તે જૈન ધર્મ માનતો હતો અને શૈવ ધર્મને પણ માન આપતો હતો. તે વખતમાં ગ્વાલીયર તરફના દેશમાં આમરાજા જૈન ધર્મી હતો. તેના વખતમાં જૈનોની સંખ્યા પાંચ સાત કરોડ સુધીની હતી. કુમારપાળ રાજા જૈનધર્મી રાજા થયો. કુમારપાલના ગુરૂ શ્રી હેમચંદ્રાચાર્ય હતા. તેમના વખતમાં જૈનોની સંખ્યા પાંચકરોડ આશરે હતી. તે વખતે પણ થોડા ઘણા પ્રમાણમાં ચારેવર્ણો જૈનધર્મ પાળતી હતી. કુમારપાલ રાજાએ જૈન બ્રાહ્મણોને ભોજક તરીકે વ્યવસ્થાપિત કર્યા. કુમારપાળ રાજા પછી વસ્તુપાળ અને તેજપાલ ગુજરાતના પ્રધાનો થયા. તેમના વખતમાં જૈનોની સંખ્યા ચારકરોડની હતી. તે વખતે પણ શ્વેતાંબર અને દિગંબર જૈનોનું જોર પુષ્કળ હતું. જૈનો ક્ષત્રિય ધર્મ પ્રમાણે યુદ્ધાદિક પ્રવૃત્તિ કરતા. વસ્તુપાલ અને તેજપાલ પછીના કાલમાં તથા રામાનુજ આચાર્ય તથા વલ્લભાચાર્ય પછી તેઓના ઉપદેશથી અને વૈષ્ણવ રાજાઓના જોરથી જૈનોની સંખ્યા ઘટવા લાગી અને જૈન વણિકોને રામાનુજે તથા વલ્લભાચાર્યે વૈષ્ણવ બનાવવા માંડયા, શ્રી હીરવિજયસૂરિના વખતમાં શ્રી અકબરબાદશાહના સમયમાં જૈનોની સંખ્યા એકરોડના આશરે ગણાતી હતી. પશ્ચાત્ ત્રણસે વર્ષમાં ઘટતાં ઘટતાં વિ. સં. ૧૯૦૧ લગભગમાં જૈનોની સંખ્યા વીશલાખ ગણાવા લાગી. પશ્ચાત્ પન્નરલાખ, પશ્ચાત તેરલાખ અને વિ. સં. ૧૯૮૦ સુધીમાં જૈનોની સંખ્યા બારલાખ પાંત્રીશહજાર ગણાય છે, જૈનોની સંખ્યા ઘટવાનાં અનેક કારણો છે. પ્રથમ તો તેઓએ સ્વધર્મમાં ઘણા ખરા વૈદિક પૌરાણિક હિંદુઓના રીવાજ દાખલ કર્યા તથા સાધુઓની સંખ્યા ઘટવા લાગી; તેમજ, હિંદુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સન્યાસીઓ ધર્માચાર્યોની પેઠે જૈન સાધુઓને ધર્મ પ્રચારાર્થે ફરવાની સગવડ બંધ થઇ.

જૈનોની સંખ્યા વધવાનાં કારણોનો ઉપયોગ થતો બંધ થયો. જૈનવણિકકોમ સિવાયની અન્ય કોમોને જૈન ન બનાવવાની વ્યવસ્થા ઘટી ગઇ. મુસલમાનો જેમ ગમે તેને મુસલમાન કરી શકે છે અને પોતાની સંખ્યા વધારે છે, તેવો જૈનોનો પૂર્વે માર્ગ હતો તે જૈનોએ બંધ કર્યો, તથા જૈન કોમ વ્યાપારી હોવાથી બીકણ, નામર્દ બનવા લાગી અને પોતાનું ધર્મઝનૂન ભૂલવા લાગી, તે અન્ય કોમોના આક્રમણથી પોતાની જાત ઉપર ઉભી રહી જીવી શકે એવી સ્થિતિના જ્ઞાનથી અજ્ઞાન બનવા લાગી. બ્રાહ્મણોએ સમય સમયના લોકની પ્રકૃતિને અનુસરી ગ્રન્થો રચ્યા, તથા આચારો ગોઠવ્યા અને રાજાઓના અનુકુલવર્તી તેઓને પોતાના ધર્મના વિચાર વાતાવરણમાં સ્થિર કર્યા, બ્રાહ્મણોએ તરવારની વખતે તરવાર ઉપાડી, રાંધવાની વખતે રસોઇયા બન્યા. અજ્ઞાન કાલમાં પુરાણો રચી પુરાણોનાં દેવદેવીઓ પ્રગટ કરી તેવડે તેમણે ધર્મ ચલાવ્યો. તેઓ સમયને માન આપીને આપત્કાલે આપદ્ ધર્મ પ્રમાણે વર્તે છે અને વર્તશે. જોકે તેઓએ પણ મુસલમાની રાજ્યમાં પોતાની ઘણીખરી વસતિ ખોઇ છે. ભૂલેચૂકે કોઇ મુસલમાન જો હિંદુના મુખમાં થુંકે તો પછી તે હિંદુ પ્રાયશ્ચિત્ત કરે તોપણ તેને પાછા હિંદુધર્મમાં લેતા નહોતા. હવે હિંદુઓએ પોતાનો ભૂલ જોઇ છે અને વટલાઈ ગએલા તથા અન્યધર્મમાં ગએલા હિંદુઓને પાછા પ્રાયશ્ચિત્ત કરાવી હિંદુધર્મમાં દાખલ કરવા માંડ્યા છે. મદન મોહન માળવીઆ, સ્વામી શ્રદ્ધાનંદ તથા શંકરાચાર્યો તથા વૈષ્ણવાચાર્યો જાગ્યા છે. તેઓના જેટલા પણ જૈનહિંદુઓ વણિક હોવાથી તે જાગી શકયા નથી. હિંદુઓ કે જે બ્રાહ્મણ વણિકો વગેરે છે તેઓનું જૈનો અનુકરણ કરે છે અને જૈન સાધુઓ તો આ બાબતમાં બિલકુલ અજ્ઞ જેવા છે. તેઓ તો ધર્મની ક્રિયા કરે છે પણ ક્રિયા મતભેદે પરસ્પર મતભેદવાળા સાધુઓની સાથે ઐકયપ્રેમથી વાત કરવામાં પણ સમકિતને ઠેકાણે મિથ્યાત્વ આવી જાય એમ માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ હવે કેટલાક મુનિયો, આચાર્યો તથા જૈન ગૃહસ્થો વર્તમાન પરિસ્થિતિને જાણી ગયા છે. **જૈનશાસ્ત્રોને જૈનકોમમાં પ્રત્યેક વ્યક્તિ જાણશે ત્યારે જૈનોનું બળ વધશે.** જૈનો વર્તમાનમાં આપત્કાલીન સ્થિતિમાં છે પણ તેઓ ફક્ત ખાવું પીવું જીવવું અને કુલાચારે ધર્મની કેટલીક પ્રવૃત્તિ કરવી એટલું જ સમજી શકે છે, તેથી તેઓમાં ધર્મ ઝનૂન અને ધર્મ પ્રગતિની ચળવળ ઘણી ઓછી રહે છે. કેટલાક જૈનો ઇંગ્રેજી કેળવણી લે છે પણ ધર્મનું પૂર્ણજ્ઞાન ન હોવાથી ધર્મની બાબતમાં નાસ્તિક જેવા બને છે. મુસલમાનો એક હિંદુ વગેરેને મુસલમાન કરવા મરી પડે છે તેવું જૈન કોમમાં ધર્માભિમાન નથી. હિંદુઓના ચારે વર્ણના આચાર પાળવાના બહોળા વિચાર છે. જૈનોમાં તો જે રાત્રે ન ખાય અને કંદમૂળ ત્યાગ કરે તેજ જૈન બની શકે તથા ખેતી વગેરે બીજા ધંધા છોડી દે તોજ જૈન બની શકે એવી હાલના જૈનવણિકોના બહોળા ભાગની માન્યતા છે ! ! પણ જૈન શાસ્ત્રોમાં તો ચારે વર્ણો પોતાના ગુણકર્મ પ્રમાણે વર્તતી જૈન બની શકે એવી વિશાળ દૃષ્ટિ છે તેને જૈનકોમ ભૂલવા લાગી છે. જૈન સાધુઓ જેટલા દુનિયામાં અન્યધર્મના સાધુઓ પવિત્ર નથી એમ કટ્ટા આર્યસમાજી લાલા લજપતરાય કે જે સ્વરચિત 'ભારતકા ઇતિહાસ' માં જણાવે છે. જૈનધર્મની વિશ્વમાં ઘણી જરૂર છે. ચિત્રમય જગત્ નામના ગુજરાતી માસિકમાં એક ફ્રેંચવિદ્વાન્ જણાવે છે કે વિશ્વમાં વિદ્યમાન સર્વધર્મોમાં કોઇ ધર્મને પહેલી બુરશી આપીએ તો પ્રથમ જૈનધર્મને પહેલી બુરશી આપવી જોઇએ. મહાત્મા ગાંધીજી અમને અમદાવાદમાં સાબરમતીની પેલીપાર દેશાઇ વ્રજલાલ બારીસ્ટરના બંગલામાં મળ્યા હતા. અમારો તેમણે પગે લાગીને સત્કાર કર્યો હતો. અમારી સાથે તેમણે કેટલીક જૈનધર્મ સંબંધી વાતચિત કરી તેથી તેમને જૈનધર્મના વિચારો અને આચારોપર રૂચિ થઇ અને જૈન ધર્મની પ્રસંશા કરી હતી, તથા તેમણે કહ્યું હતું કે યુરોપ વગેરે સર્વ ખંડમાં જૈન ધર્મનો પ્રચાર થાય તો વિશ્વમાં દયાદિ સદ્ગુણો ખીલે અને વિશ્વમાં શાન્તિ પ્રવર્તે. તેમણે રાજકીય બાબતની ચળવળમાં જૈનધર્મની અહિંસાની માન્યતાને આગળ કરી, તથા તેમણે જૈનસાધુઓની ઘણી પ્રસંશા કરી હતી. લોકમાન્ય તિલકે વડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરાની જૈનકોન્ફરન્સમાં ભાષણ આપતી વખતે જણાવ્યું હતું કે "વેદ ધર્મ જેટલો જૈનધર્મ પ્રાચીન છે અને જૈનધર્મના બળથી વૈદિક હિંસાનો નાશ થયો છે" એમ મુક્તકંઠે ભાષણ કર્યું હતું. અનાદિકાળથી જૈનધર્મ જગત્માં વર્ત્યા કરે છે. જર્મન તથા ઇટાલીયન વિદ્વાનો હવે જણાવે છે કે "બુદ્ધધર્મ" થી જૈનધર્મ જુદો છે અને બુદ્ધ પૂર્વે ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથે પ્રસરાવ્યો હતો; તેની પૂર્વે જૈનધર્મ હતો. મૂળ ચાર વેદમાંના દેવો અને પૌરાણિકકાલના દેવો જુદા પડે છે. મૂલ ચારવેદની શ્રુતિયોમાં રામ કૃષ્ણ વગેરે દશ અવતારની વ્યાખ્યા નથી. અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિએ વેદોની શ્રુતિયોમાં આવેલો **અગ્નિ** તે જ્ઞાન છે. જલ તે **શાન્તિ** છે, વાયુ તે **ધ્યાન** છે. આત્મા તે આકાશ છે. પૃથ્વી તે **ક્ષમા** છે. સંયમ તે યમ છે. પાંચ ઇન્દ્રિય. મન, વાણી, કાયા, બલ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય અને મન તે અગિયાર રૂદ્રો છે, વિષ્ણુ તે સૂર્ય છે અને તે આત્માના અર્થમાં વપરાયેલ છે. ઇત્યાદિ બાબતોને અમોએ **ઈશાવાસ્યોપનિષદ્**ના વિવેચનમાં સ્પષ્ટ જણાવી છે. જૈનસ્યાદ્વાદ દૃષ્ટિએ વેદોના સમ્યગ્ અર્થ કોઈ ગીતાર્થ કરે તો તે વેદોનો અર્થ સ્યાદ્વાદ દૃષ્ટિએ ગ્રાહ્ય-માન્ય થાય ખરો.

બ્રહ્મસૂત્રમાં **નૈકસ્મિન્** એ સૂત્રવડે વ્યાસે જૈનધર્મનું ખંડન કર્યું છે એમ રામાનુજ વગેરે આચાર્યો ટીકામાં જણાવે છે પણ તે તેઓની ભૂલ છે, કારણકે રામાનુજે એક ઇશ્વરમાં સત્ અંશરૂપ જીવોઅને અસત્ અંશરૂપ જડપદાર્થો-ભૂતો બન્ને સાથે **રહે છે** એમ સ્વીકાર્યું છે તો ઉલટો તે સૂત્રવડે તેમનાજ મતમાં વિરોધ આવે છે, તેમજ શંકરાચાર્ય પોતે એક બ્રહ્મને સત્ માને છે અને તે બ્રહ્મમાંથી અસત્ માયા પ્રગટી તો બ્રહ્મમાં સત્ અસત્ બન્ને **રહેવાથી નૈકસ્મિન્** સૂત્રવડે તેમની માન્યતામાં વિરોધ આવે છે. વેદાદિક મૂળ પ્રાચીન શાસ્ત્રોમાં કોઇ ઠેકાણે જૈનધર્મનું તથા જૈન તત્ત્વોનું ખંડન કરેલું જણાતું નથી. પ્રાચીન પુરાણોમાં મહાભારતમાં પણ જૈનધર્મનું તથા જૈનતત્ત્વજ્ઞાનનું ખંડન કરવામાં આવ્યું નથી. પાછળથી છઠ્ઠા સાતમા સૈકાથી જૈનતત્ત્વોનું ખંડન કરવાના પ્રયાસો કરેલા જોવામાં આવે છે. કેટલાક શંકરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાર્યની પાછળ તેમનું જીવનચરિત્ર લખનાર જણાવે છે કે શંકરાચાર્યે જૈનતત્ત્વજ્ઞાનનું ખંડન કર્યું; પણ અમોએ તેમણે ખંડન તરીકે દર્શાવેલો ભાગ વાંચ્યો તેથી તો એમ માલુમ પડયું કે શ્રી શંકરાચાર્યે જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરેલો નહોતો (આત્મતત્ત્વ દર્શન નામનું પુસ્તક રચીને તેમાં અમોએ તે બાબત દર્શાવી છે) ચાર વેદ અને દશ ઉપનિષદોપર વિવેચન કરીને સમર્થ જૈનાચાર્યો ચાર વેદો અને દશ ઉપનિષદોને જૈન ધર્મના તત્ત્વજ્ઞાનવાળાં છે એમ સાત નયોની અપેક્ષાએ જણાવી શકે તેમ છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે આચાર્યોએ પરસ્પરની તત્ત્વ સંબંધીની માન્યતા ભિન્નભિન્ન હોવા છતાં તેઓએ પોતાની માન્યતા અનુકુલ શ્રુતિયોના અર્થ કરીને પોતાની કરી દીધી છે. પ્રભુ સર્વજ્ઞ મહાવીરદેવે જેમ ગૌતમાદિક ગણધરોને શ્રુતિયોનો સમ્યગ્ અર્થ જણાવ્યો, તેમ જૈનાચાર્યો વેદોની શ્રુતિયોનો જૈનતત્ત્વાનુકુલ અર્થ કરી વેદાદિકને જૈન તત્ત્વજ્ઞાનના પોષક–પ્રરૂપક માને અને એવો અર્થ કરી પ્રવર્તે તો તેઓને તે સ્યાદ્વાદદૃષ્ટિની અપેક્ષાએ જૈનોની વૃદ્ધિમાં ઉપયોગી થઇ પડે તેમ છે. ઇશાવાસ્યોપનિષદ્પર અમોએ સ્યાદ્વાદદૃષ્ટિએ ટીકા કરી છે, તે સ્યાદ્વાદદૃષ્ટિથી ગીતાર્થ જૈનો અને સુજ્ઞ બ્રાહ્મણો વાંચશે તો તેઓ જૈન હિંદુ ધર્મ અને વૈદિક હિંદુ ધર્મના પુલ જેવી છે એમ સ્યાદ્વાદદૃષ્ટિનો અનુભવ કરી શકશે. વૈદિક પૌરાણિક હિંદુઓના ધર્મગ્રન્થોથી જૈનધર્મના ગ્રન્થો–શાસ્ત્રો વિશેષ છે. બૌદ્ધ ધર્મથી બીજા નંબરે આખી દુનિયામાં જૈન ધર્મના ગ્રન્થો છે. જૈન શાસ્ત્રોમાં સર્વ દર્શનોના તત્ત્વજ્ઞાનનો મુકાબલો કરવામાં આવ્યો છે. બુદ્ધિવાદમાં જૈનતત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો પ્રબળ ગંભીર અકાટ્ય અખંડય છે. દિગંબરનાં અને શ્વેતાંબરનાં તત્ત્વજ્ઞાનનાં તથા ન્યાયનાં શાસ્ત્રો ખાસ વાંચવાં જોઇએ અને પશ્ચાત્ જૈન તત્ત્વજ્ઞાન સંબંધી અભિપ્રાય જાહેર કરવો જોઇએ.

અહિંસા પરમો ધર્મ " એ જૈન ધર્મનો મુદ્રાલેખ છે. જૈન તત્ત્વજ્ઞાનનું કર્મનું સ્વરૂપ ખાસ જાણવું જોઇએ. જૈનશાસ્ત્રોમાં કર્મની મહત્તા જેટલી છે તેટલીજ જગત્ કર્તૃત્વ ઇશ્વરવાદમાં ઇશ્વરની મહત્તા વર્ણવી છે. જૈનો કહે છે કે સંસારમાં ચોરાશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરાવનાર કર્મ છે, ત્યારે જગત્કર્તા ઈશ્વરવાદીઓ કહે છે કે સંસારમાં પરિભ્રમણ કરાવનાર ઈશ્વર છે. કર્મમાં સુખ દુઃખ આપવાની શક્તિ અને એક ભવમાંથી બીજા ભવમાં લેઈ જવાની શક્તિ છે. કર્મનો કર્ત્તા તથા કર્મનો હર્ત્તા આત્મા છે. જ્યાંસુધી રાગદ્વેષરૂપ ભાવકર્મ છે, ત્યાં સુધી જન્મ મરણ છે. જેઓ સર્વથા રાગદ્વેષનો ક્ષય કરીને વીતરાગ થયા છે તેઓને જન્મ–ભવ કરવા પડતા નથી. જ્યાંસુધી રાગદ્વેષરૂપ ભાવ કર્મ છે ત્યાં સુધી આઠકર્મ કાયમ રહે છે. યાવત્ રાગ દ્વેષ છે ત્યાં સુધી મોહ છે અને મોહમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનો સમાવેશ થાય છે. મોહ પ્રકૃતિ જીતીને આત્મા તે શુદ્ધાત્મા–પરમાત્મા થાય છે. શ્રી શંકરાચાર્ય પણ કહે છે કે જીવ તે શિવ થાય છે, ત્યારે જૈનો કહે છે કે **अप्पा सो परमप्पा. आत्मा सः परमात्मा** આત્મા તેજ પરમાત્મા, અર્થાત્ જીવ તે સિદ્ધ–પરમાત્મા થાય છે. શંકરાચાર્ય સંસારનું મૂળ માયા કહે છે, અને માયા અસત્ અર્થાત્ જડ છે, તે આત્મા નથી અને સંસારચક્રનું મૂળ માયાથી છે, એમ પંચદશી તથા બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ગીતાની ટીકામાં જણાવે છે. તેઓ માયા ઉપર સંસારનો ભાર મૂકે છે. જૈનાચાર્યો જેને કર્મ કહે છે તેને શંકરાચાર્ય માયા કહે છે. શંકરાચાર્ય વસ્તુતઃ જગત્નો કર્ત્તા ઈશ્વર છે એમ માનતા નથી. તેમજ જૈનાચાર્યો પણ જગત્નો કર્તા ઈશ્વર માનતા નથી. પંચદશી વગે રેમાં શંકરાચાર્યે જગત્નો કર્તા ઈશ્વર નથી એમ સ્પષ્ટ દર્શાવ્યું છે. પરંતુ તે વિવર્તવાદની દૃષ્ટિએ ઔપચારિકપણે કર્ત્તાને માને છે એ પ્રમાણે તો જૈનો કર્મ સહિત આત્માને તથા સર્વ જીવોના સમૂહને વૈરાટ્ ઈશ્વર ગણીને તેને ઔપચારિક દૃષ્ટિએ દેહાદિક રૂપ જગત્ના કર્તા તરીકે સ્વીકારે છે. રામાનુજ આચાર્ય જીવોને સત્ માને છે. જૈનો પણ જીવોને સત્ તરીકે માને છે. શંકરાચાર્ય અને રામાનુજ આચાર્ય બન્ને ત્યાગીઓના ત્યાગધર્મને અને ગૃહસ્થધર્મને સ્વીકારે છે. તે પ્રમાણે જૈનો પણ ત્યાગધર્મ તથા ગૃહસ્થ ધર્મને સ્વીકારે છે. વૈદિક પૌરાણિક હિંદુઓ સોળ સંસ્કાર તથા ચાર વર્ણને ગુણ કર્માનુસારે સ્વીકારે છે. જૈનો પણ જૈન વૈદિક મંત્ર પ્રમાણે સોળ સંસ્કાર અને ચાર વર્ણને ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્માનુસારે સ્વીકારે છે. વૈદિકપૌરાણિક હિંદુઓ યજ્ઞોપવિતને સ્વીકારે છે. જૈનો પણ જૈન વેદમંત્ર વિધિ પ્રમાણે યજ્ઞોપવિત (જિનોપવીત) ને સ્વીકારે છે. વૈદિક હિંદુઓ અને જૈન આચાર્ય હિંદુઓ બન્ને આર્ય દેશના અને આર્ય ધર્મના એક માબાપના પુત્ર છે.

સનાતનવૈદિક પૌરાણિક હિંદુઓનું વૈકુંઠ અને જૈનોએ માનેલાં બાર દેવલોક બન્ને મળતાં આવે છે. આર્યસમાજીઓ કથે છે કે જીવો મુક્તિમાંથી પાછા આવે છે. જૈનો જેને દેવલોક કહે છે તેવીજ આર્યસમાજીની મુકિત છે, તેમાંથી જીવો પાછા આવે છે. વૈદિક આર્યસમાજીઓ શ્રાદ્ધને માનતા નથી, અર્થાત્ મરેલાંની પાછળ શ્રાદ્ધ કરવામાં આવે છે તે મરેલાઓને મળતું નથી. જૈનો પણ એમ માને છે કે મરેલાંઓને માટે શ્રાદ્ધ કરવાથી મૃતપિતૃઓને તૃપ્તિ થતી નથી. વૈદિક આર્યસમાજીઓએ વેદોમાં હિંસામય યજ્ઞ કહ્યો નથી. જેમાં પશુઓની હિંસાનો યજ્ઞ કહ્યો છે તે માંસાહારી પંડિતોએ ઉમેર્યો છે; તે ક્ષેપક–અસત્ય છે એમ માને છે. જૈનો તે માટે અહિંસામય વીતરાગ શ્રી મહાવીરદેવનાં ધર્મ શાસ્ત્રોને સ્વીકારે છે અને વીતરાગ મહાવીર કથિત દયાદિ ધર્માચારો અને દયાના વિચારો કે જે જે અન્ય શાસ્ત્રોમાં જેટલા જેટલા પ્રમાણમાં છે તેટલા ભાગને સાપેક્ષ માનેછે અને હિંસાદિ પાપકર્મોના આચારોતથા વિચારોવાળા ભાગને,–પુસ્તકને માનતા નથી અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી તેને મિથ્યા પ્રવૃત્તિ કહે છે, જૈનશાસ્ત્રો જણાવે છે કે રાગદ્વેષાદિ મોહનીય કર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, એ ચાર ઘાતિકર્મનો જ્ઞાનધ્યાનસમાધિથી ક્ષય થતાં સર્વવિશ્વનું સંપૂર્ણ પ્રકાશક એવું કેવલજ્ઞાન પ્રગટે છે, તેથી કેવલજ્ઞાની તીર્થંકર મહાવીર આદિ સર્વજ્ઞો આ વિશ્વમાં પ્રગટે છે. તેઓ વીતરાગ હોવાથી તથા સર્વજ્ઞ હોવાથી સર્વથા સત્યધર્મનો પ્રકાશ કરે છે અને તેજ જૈનધર્મ છે. સર્વજ્ઞ કેવલીઓનો ઉપદેશ તે સત્ય જ્ઞાનમયવેદ છે. જ્યારે જ્યારે દુનિયામાંથી સત્ય ધર્મશાસ્ત્રોમાં અસત્યનું મિશ્રણ થાય છે ત્યારે એવા સર્વજ્ઞ તીર્થંકરો પ્રગટે છે તે પુનઃ સત્યધર્મનો પ્રકાશ કરે છે. તેઓનાં વચન તે પ્રત્યક્ષ જ્ઞાનથી ભરેલાં હોવાથી તે આગમ–સિદ્ધાંત તરીકે હોવાથી જૈનોને તે વેદો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપ થાય છે અને તેથી તેના પૂર્વ સમયની ભાષાલિપિ ગ્રન્થો વગેરેની પણ ઉપયોગિતા રહેતી નથી. વર્તમાનમાં જે ભાષા હોય છે અને જેથી પંડિતો બાલો વગેરે સમજી શકે છે તે ભાષામાં સર્વજ્ઞ તીર્થંકર ઉપદેશ આપે છે. સર્વજ્ઞ વીતરાગ શ્રી મહાવીરપ્રભુએ કેવલજ્ઞાન પ્રગટાવ્યું, અને તેથી સર્વે જાણ્યું અને સર્વ દેખ્યું તે પ્રમાણે ઉપદેશ દીધો. તેથી તેઓનાં વચનો તે વેદો–આગમો સિદ્ધાંતરૂપ થયાં છે. જ્યારે તેઓની વાણીરૂપ શ્રુતજ્ઞાન ટળી જશે એટલે તે પછી ઉત્સર્પિણીના ત્રીજા આરાના છેડે પહેલા પદ્મનાભ (કે જે શ્રેણિકબિંબીસારરાજા હતા તે) તીર્થંકર તરીકે થશે. જૈમિની આદિ વૈદિક ઋષિયો કહે છે કે સર્વથા રાગદ્વેષ નહીં ટળવાથી મનુષ્ય સર્વજ્ઞ થઈ શકતો નથી. માટે વેદો પ્રમાણે વર્તવું જોઇએ. ભરત, અંગિરા, વાયુ વગેરેના હૃદયમાં પરમેશ્વરે સત્યજ્ઞાન પ્રકાશ્યું અને તેમણે વેદો રચ્યા. જૈનો કહે છે કે જ્યારે ભરત, વાયુ, અંગિરાના હૃદય શુદ્ધ થયાં ત્યારે સત્ય વેદો અર્થાત્ સત્યજ્ઞાનનો પ્રકાશ થયો, તો ઋષભાદિક ચોવીશ તીર્થંકરોએ જ્ઞાનધ્યાન સમાધિયોગ આદર્યો, સર્વરાગ દ્વેષાદિક દોષોનો નાશ કર્યો તેથી તેમના શુદ્ધ આત્મામાં વિશ્વનું જ્ઞાન અર્થાત્ સંપૂર્ણ કેવલજ્ઞાન પ્રગટયું, અને તેઓનાં વચનો તે વેદશ્રુતિયો રૂપે અર્થાત્ આગમો રૂપે થયાં તે જૈનશાસ્ત્રો છે, એમ માનવામાં યુક્તિ અનુભવની સમાનતા છે. સર્વજ્ઞ વીતરાગ વચનો તેજ આપ્તવાક્યો છે એમ જૈનો સ્વીકારે છે. જૈનશાસ્ત્રોમાં જૈનતત્ત્વોને અનેકતર્કબુદ્ધિથી સંગત કરીને તેઓની સિદ્ધ કરવામાં આવી છે.

જૈન શાસ્ત્રો–અસંખ્ય સૂર્યચંદ્ર ગ્રહ નક્ષત્રોને માને છે, તેમાં નવગ્રહને મુખ્ય માને છે. સનાતનવૈદિક હિંદુઓ, નવગ્રહને જ માને છે. જૈનો અઠ્યાસી ગ્રહ માને છે. સૂર્યચંદ્ર અસંખ્ય છે એમ જૈનો માને છે તેને હાલનું અમેરિકા વગેરેનું ખગોળશાસ્ત્ર પુષ્ટિ આપે છે. સનાતન વૈદિકો, આત્માને નિત્ય માને છે ત્યારે બૌદ્ધો આત્માને અનિત્ય માને છે. જૈનો શરીરની અપેક્ષાએ આત્માને અનિત્ય માને છે અને આત્માની અપેક્ષાએ આત્માને નિત્ય માને છે. જૈનો અનંત આત્માઓ–જીવો માને છે. નૈયાયિક વૈદિકો, વૈશેષિકો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંખ્યો, આત્માઓને અનંત માને છે. આર્યસમાજીઓ અનંત આત્માઓ છે અને પ્રતિશરીર ભિન્ન ભિન્ન છે એમ માને છે. રામાનુજીઓ અનંત આત્માઓને માને છે અને શંકરાચાર્ય એક આત્માને માને છે. મુસલમાનો અને ખ્રીસ્તિયો તથા બૌદ્ધો, અનંત-જીવોને માને છે. જ્યારે રામાનુજ, વલ્લભાચાર્ય, આર્યસમાજીઓ, બૌદ્ધો, ખ્રીસ્તિયો, મુસલમાનો અને જૈનો પૃથ્વી વગેરે પંચભૂત, સાગર પૃથ્વી વગેરેને સત્ માને છે ત્યારે શંકરાચાર્ય પૃથ્વી વગેરેને અસત્ માને છે. જૈનો અને વૈદિકહિંદુઓ આત્માને અરૂપી અમૂર્ત માને છે. જૈનો સિદ્ધ પરમેશ્વરને નિરાકાર માને છે. શંકરાચાર્ય તથા નૈયાયિકો આત્માને નિરાકાર માને છે. મુસલમાનો પ્રભુને નિરાકાર માને છે અને રામાનુજ તથા વલ્લભાચાર્યવાળા પરમેશ્વરને સાકાર માને છે. શંકરાચાર્ય તથા જૈનો, મુક્તિ પામેલો આત્મા પાછો આવતો નથી એમ માને છે, ત્યારે આર્યસમાજીઓ વૈષ્ણવો મુક્તિ અર્થાત્ મુક્તિ વૈકુંઠમાંથી જીવ પાછો આવે છે એમ માને છે. એ રીતે દર્શનધર્મોની ભિન્નભિન્ન માન્યતા છે. "દુનિયાના સર્વલોકોની દેવગુરૂ ધર્મ સંબંધી એક માન્યતા કદિ થઈ નથી અને ભવિષ્યમાં થનાર નથી. સનાતન હિંદુઓ પ્રલયને માને છે અને મહાપ્રલયને એવો માને છે કે ચૌદ બ્રહ્માંડ ત્રણ લોક-સૂર્ય-ચંદ્ર પૃથ્વીસાગર વગેરેનો તથા જીવોનો એક વખત સર્વથા નાશ થઈ જાય છે. તેમાંનું કંઈપણ સ્થૂલ રહેતું નથી. તે સર્વે ઈશ્વરમાં સૂક્ષ્મરૂપે સમાઈ જાય છે તે મહાપ્રલય છે. પાછું ઈશ્વરમાંથી અવ્યક્ત એવું જગત્ ધીમે ધીમે સ્થૂલ પ્રગટી દેખાય છે એવા રૂપે અસંખ્ય અનંત વર્ષે પ્રગટે છે તે સર્ગ છે. ઈશ્વર પોતાની ઇચ્છાથી મહાપ્રલય તથા સર્ગ કરે છે.

જૈન શાસ્ત્રો જણાવે છે કે ચૌદ રાજલોક, ત્રણલોક આ દેખાતી પૃથ્વી, સાગરચંદ્ર સૂર્યવાળી સૃષ્ટિનો સર્વથા નાશ થતો નથી. અનાદિકાલથી અનંતકાલ પર્યંત આ જગત્ વર્તે છે, તેનો મૂલ દ્રવ્યરૂપે સર્વથા નાશ થતો નથી અને સર્વ વસ્તુઓ ઈશ્વરમાં લીન થઈ જતી નથી. જગત્ના સર્વ પદાર્થોમાં પર્યાયોનો ઉત્પાદ વ્યય થયા કરે છે તેથી સર્વ જગત્ પર્યાયદૃષ્ટિ પરિવર્તન અર્થાત્ ફેર-ફારને પામે છે પણ મૂલરૂપે તેનો નાશ થતો નથી, તેથી મનુષ્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાતિ વગેરે પ્રાણીઓ, પૃથ્વી, સાગર, સૂર્ય, ચંદ્રનો મૂલરૂપે કદિ નાશ થયો નથી, અને થવાનો નથી. પરમાત્મા છે તે રાગદ્વેષરહિત છે. રાગદ્વેષરહિત એવા પરમેશ્વરને સર્વ દુનિયાનો સર્વથા નાશ કરવાની ઇચ્છા પૂર્વે થઇ નથી અને અનંતકાલ પર્યંત ભવિષ્યમાં થવાની નથી. મૂલચાર વેદોની શ્રુતિયોમાં જગત્નો મહાપ્રલય થવાની વ્યાખ્યા નથી તથા કોઇ શ્રુતિમાંથી એવો અર્થ નીકળતો નથી. આર્યસમાજીઓ પણ મહાપ્રલયને સ્વીકારતા નથી, કારણ કે મૂલ વેદોમાં મહા પ્રલયની વ્યાખ્યા નથી. સામાન્ય જળપ્રલયો વગેરે તો થયા કરે છે અને એવા પ્રલયોને તો જૈનશાસ્ત્રો પણ સ્વીકારે છે. ભગવદ્ગીતાના તેરમા અધ્યાયમાં તથા ઉપનિષદોમાં જગત્ને તથા ઇશ્વરને અનાદિ જણાવ્યું છે. જેથી કોઇ પુરૂષની અર્થાત્ ઇશ્વરની અનાદિ સિદ્ધિ થઇ તેથી મહાપ્રલય અને તેની પછી જગત્ ઉત્પત્તિ થઇ એવો અર્થ નીકળી શકે નહીં. ભગવદ્ગીતાના તેરમા અધ્યાયમાં પુરૂષ અર્થાત્ પરમેશ્વર અને પ્રકૃતિ અર્થાત્ જગત્ને અનાદિ– (કોઇથી ન ઉત્પન્ન થએલ) જણાવ્યું છે. ખ્રીસ્તિયો પવિત્ર બાઇબલના આધારે કથે છે કે જગત્ને બન્યાં સાત હજાર વર્ષ થયાં છે અને ઇશ્વરે છ દિવસમાં જગત્ રચ્યું. આવી તેમની વાર્તા હવે ભૂસ્તર શાસ્ત્રીઓને ઠંડા પ્રહરની ગપ જેવો લાગે છે. ભૂસ્તર શાસ્ત્રીઓ કહે છે કે પૃથ્વીનું ઉપરનું પડ બંધાતાં કરોડો વર્ષ થયાં છે તો જગત્ની તો વાતજ શી કહેવી ? ! અલબત્ત જગત્ અનાદિ છે અને પૃથ્વીના પડ ઉપર પડ બંધાય છે તે ઉપર જલ ફરી વળે છે, પાછું પડ બંધાય છે. શ્રી ઋષભદેવજીના વખતમાં પૃથ્વીપર જે પડ હતું તેના ઉપર ઘણાં પડો થયાં છે એમ અનુમાનથી કહી શકાય તેમ છે. જ્યાં જલ હતું ત્યાં પૃથ્વી થઇ છે અને જ્યાં પૃથ્વી હતી ત્યાં દરિયા થયા છે. ખાડાને ઠેકાણે ટેકરા થયા છે. અનંત ઉત્સર્પિણીઓનાં અને અનંતી અવસર્પિણીઓના અનંત આરાઓમાં આ પૃથ્વીપર અસંખ્ય જલપ્રલય આદિથી અસંખ્ય ફેરફારો થયા છે અને થશે, એમ જૈનશાસ્ત્રો જણાવે છે.

આર્યજૈનો શ્રી ઋષભદેવ ભગવાન્ના વખતથી ભારતમાં વાસ કરતા આવ્યા છે. તે અન્ય ખંડમાંથી આવેલી પ્રજા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈદિક સનાતન આર્યહિંદુઓ અને આર્ય જૈન હિંદુઓ ખરેખર આર્ય માબાપોનાં સંતાનો છે અને તેઓના ધર્મો છે તે ભારતમાં પ્રગટેલા ધર્મો છે એમ જૈન શાસ્ત્રોના આધારે જણાય છે. ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર દેવ સર્વજ્ઞ હતા, તેમણે ઋષભાદિક તીર્થંકરોનાં ચરિત્રો કહ્યા છે. તેમણે જે ઈતિહાસ કહ્યો છે તેવોજ કેવલજ્ઞાનથી શ્રી પાર્શ્વનાથે કહ્યો છે અને તેવોજ શ્રી નેમિનાથે પણ કેવલજ્ઞાનથી કહ્યો છે. સર્વ તીર્થંકરો કેવલજ્ઞાનીઓ હોવાથી તેઓ એક સરખું સત્ય જાણી શકે છે. જે શ્રી ઋષભદેવે જાણ્યું તે બાકીના ત્રેવીશ તીર્થંકરોએ જાણ્યું. જે ત્રેવીશ તીર્થંકરોએ જાણ્યું તે કેવલજ્ઞાનથી શ્રી મહાવીર દેવે જાણ્યું, તેથી સર્વજ્ઞ મહાવીરને પ્રાચીન વેદાદિક શાસ્ત્રનો આધાર લેવાની જરૂર રહેજ નહી. કારણ કે જે સર્વજ્ઞ હોય છે તેને પુસ્તકોની મદદ લેવાની જરૂર પડતી નથી. તેમણે જે તત્ત્વજ્ઞાન અને જૈન ધર્મ પ્રકાશ્યો છે તે તેમની પૂર્વે અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓમાં થએલા સર્વજ્ઞ તીર્થંકરોએ પ્રકાશ્યો હતો; તેથી તીર્થંકરોના પ્રવાહની અપેક્ષાએ જૈનધર્મ તથા તત્ત્વજ્ઞાન અનાદિ છે; અને એક તીર્થંકરના શાસનની અપેક્ષાએ તેનાથી તીર્થ પ્રગટે છે તે અપેક્ષાએ આદ્ય છે.

હિંદના રાજકીય ચળવળના નેતા લાલા લજપતરાય સ્વકૃત "ભારતકા ઇતિહાસ" માં લખે છે કે જૈનો માને છે કે "તેમનો ધર્મ શ્રીપાર્શ્વનાથથી નીકળ્યો અને તેમની પાછળ થનાર મહાવીરે તેમાં સુધારો વધારો કર્યો" લાલા લજપતરાયને જૈનધર્મના ઈતિહાસનું જ્ઞાન નથી. જૈનો, પાર્શ્વનાથથી જૈન ધર્મ પ્રગટયો એમ માનતા નથી. કોઇ અજ્ઞાન જૈનની સાથે તેમને વાતચિત થઇ હશે અને તે ઉપરથી તેમણે એમ લખ્યું હશે, પણ એવું તેમનું લખવું જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ છે. કારણ કે આ અવસર્પિણી કાલમાં શ્રી ઋષભદેવથી જૈન ધર્મ પ્રગટયો તેને અસંખ્ય કાલ થયો. શ્રી પાર્શ્વનાથ જેવા સર્વજ્ઞ કેવલજ્ઞાની હતા તેવા ચોવીશમા તીર્થંકર મહાવીર દેવ થયા, તેથી તેમણે જૈનધર્મમાં સુધારો કર્યો નથી પણ તેમણે કેવલજ્ઞાનથી જૈન તત્ત્વનો–જૈનધર્મનો વિશેષ પ્રકાશ કર્યો. લાલાજી કહે છે કે— જૈનોથી ભારતની પડતી થઇ, પણ લાલાજીએ એ ફક્ત ઈર્ષ્યાથી જૈનોને હલકા પાડવા લખ્યું છે. જૈનોથી ભારતની ઉન્નતિ થઇ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને થવાની છે. લાલાજીને શું દયા ગમતી નથી ? શું હિંસા ગમે છે ? ધર્મયુદ્ધની તો જૈનોએ મના કરી નથી. આજુ બાજુનું તેમનું વાતાવરણ હિંસાના વિચારકોનું હોય તેવા એમ તેમણે અનુમાન કરી લખ્યું છે. લાલાજી લખે છે કે " જૈનો મનુષ્યો પ્રતિ નિર્દય હોયછે" લાલાજીનું આવું લખાણ પણ મિથ્ય – અસત્ છે. જૈન શેઠીયા જગડુશા વગેરેએ દુષ્કાલો વગેરે પ્રસંગોમાં ભૂખ્યાં મનુષ્યોની જેટલી દયા કરી છે તેટલી ઇતિહાસના પૃષ્ઠે અન્યોની દેખવામાં આવતી નથી. જૈનો, ગરીબ, લૂલાં, લંગડાં, અનાથ, મનુષ્યો પશુઓ પંખીઓ વગેરેની જેટલી દયા કરે છે તેટલી તેઓની સંખ્યા પ્રમાણમાં અન્યોએ કરી નથી. લાલાજીના પિતા ઢુંઢીયા હતા તેથી તેમની વૃત્તિને તે જૈનસમાજ પર ઘટાવે છે તે યોગ્ય નથી. વિ. સં. ૧૯૬૩ માં અમદાવાદમાં અમે હતા, તે વખતે સુરત કોંગ્રેસમાં જવા લાલાજી નીકળ્યા હતા તે અમદાવાદમાં ઠર્યા હતા. શેઠ લલ્લુભાઈ રાયજીની સાથે તે અમારાં દર્શન કરવા ચારસેં મનુષ્યો સહિત આવ્યા હતા તેમને અમોએ મનુષ્યોનું કલ્યાણ કરવાનો સદુપદેશ આપ્યો હતો. તેમણે છેવટે જૈનોની ઉદારતા તથા અહિંસાનાં વખાણ કર્યાં હતાં. તથા તેમણે કહ્યું હતું કે " આપના જેવા સાધુઓથી હિંદનો ઉદ્ધાર થવાનો છે. " જૈન શાસ્ત્રોમાં મનુષ્યોના દયા કરવાનું જણાવ્યું છે. પશુ પંખી કરતાં મનુષ્યોની દયા કરવામાં અનંતગણું વિશેષ ફલ છે એમ જૈનશાસ્ત્રો પોકાર કરીને કહે છે. જૈનોની ગળથુથીમાં સર્વ જીવોની દયા કરવાનું વાતાવરણ હોય છે જ. જૈનોની અહિંસા માટે સર્વ લોકો એકમત જાહેર કરે છે. *લાલા લજપતરાય અને એક ગામડાનો જૈન બન્નેની મનુષ્યો પ્રતિની દયાની પરીક્ષા કોઇ લે તો તેમાંથી જૈનજ પ્રથમ નંબરે આવશે. કોઇપણ જૈન રાજાના વખતમાં ભારતનું રાજ્ય અન્ય દેશીના હાથમાં ગયું નથી. કારણ કે તે ધર્મયુદ્ધથી પાછા પડતા નથી અને સદા સાવચેત રહે છે. શ્રીમાન્ સયાજીરાવ ગાયકવાડના કડી પ્રાંતના સુબા રા. રા. ગોવિંદજી માઇ હાથીભાઇ કૃત ગુજરાતના

---

*જૈનધર્મ અને લાલાલજપતરાય નામનું પુસ્તક અમોએ રચ્યું છે, તેમાં લાલાજીના જૈન ધર્મસંબંધી સાત આક્ષેપોને વિસ્તારથી પ્રત્યુત્તર આપ્યો છે માટે વિશેષ ખુલાસા માટે જીજ્ઞાસુઓએ તે છપાયલો ગ્રન્થ વાંચવો (૧૯૮૧ મૃ. ય. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાચીન ઇતિહાસમાં તેઓ લખે છે કે, "ગુજરાતની પડતી જૈનોથી થઇ" પણ તે મિથ્યા છે. જૈનોએ ગુજરાતના ચડતીમાં જેટલો ભાગ આપ્યો છે તેટલો અન્યોએ તેઓની સંખ્યાના પ્રમાણમાં આપ્યો જ નથી. ગાંધીજી અહિંસાત્મક અસહકારવાદી છે. તેમણે અહિંસાની દૃષ્ટિએ હિંદમાં જેટલું દયાબળ પ્રગટાવ્યું છે તેટલું અન્ય હિંદીએ પ્રગટાવ્યું નથી. રા. રા. ગોવિંદજીભાઇ એમ જાણતા હશે કે જૈનો ધર્મયુદ્ધની મનાઇ કરનારા છે. પણ જાણવું કે કુમારપાલ, વસ્તુપાલ, તેજપાલ જેવા અનેક જૈનધર્મ પાળનારાઓએ ધર્મયુદ્ધો કર્યાં છે અને તેઓએ ગુજરાતનું શૌર્ય દેખાડયું છે. શ્રી મહાવીરદેવના મામા ચેટકરાજાએ બાર વર્ષ સુધી યુદ્ધ કર્યું હતું. તે બારવ્રતધારી શ્રાવક હતા; તો જૈન શાસ્ત્રોના આધારે ચાલનારા જૈનો, કઈ વખત યુદ્ધથી પાછા હટ્યા છે? તે ઇતિહાસથી જણાવો તો ખરા! આમ્રદેવ ઉદયન વગેરેએ ગુજરાતનું રાજ્ય સ્થિર રાખવામાં લડાઇથી પાછું પગલું ભર્યું નહોતું. ઇતિહાસ વાંચો અને ક્ષત્રિયોનાં ચરિત્રો વાંચો અને અમારી સાથે ખુલાસો કરશો તો અમો સારી રીતે સમાધાન કરી શકીશું. હાલના વૈષ્ણવ વ્યાપારી વણિકોના જેવા જૈન વ્યાપારી વણિકોના વિચારોને દેખી. રા. રા. ગોવિંદજીભાઇ તથા લાલા લજપતરાય, જૈનોથી ભારત-ગુજરાતની પડતી થયાની કલ્પના કરે તે બિલકુલ અયોગ્ય-અસ્થાને છે. હાલના પરદેશી સરકારના ગુલામ બનેલા રજપુતોને દેખી પૂર્વના રજપુતો વિષે તેવી કલ્પના કરવી તે જેમ અયોગ્ય છે તેમ જૈન વણિકોની કલ્પનાથી પૂર્વના જૈનોપર દેશ રાજ્યની પડતીના હેતુભૂતનું આળ મૂકવું તે જૈનશાસ્ત્રોને અને જૈનોને ઉતારી પાડવા જેવું છે. ચાહે તે ધર્મનો વ્યાપારીવર્ગ, યુરોપ એશિયામાં હોય પણ તે યુદ્ધના વિચારોમાં મન્દ હોય તેથી શાસ્ત્રોને દોષ લાગી શકે નહીં. અમો લાલાજી અને રા. રા. ગોવિંદજીભાઇને પુછીએ છીએ કે જર્મનીમાં ક્યાં જૈનો હતા? તુર્કસ્તાન હિંસક હતું તે કેમ નબળું પડયું? રોમનો કેમ નબળા પડ્યા? ચીન કેમ નબળું પડયું? તે તો સર્પને પણ ખાઇ જાય છે. માટે લાલાજી વગેરેએ વિચારવું જોઇએ કે હિંદુ રાજાઓમાં અને હિંદુઓમાં નબળાઇ વધી, તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિલ્હીના બાદશાહોનું રાજ્ય ગયું તે કંઈ જૈનોના વિચારથી નહીં, પણ તેઓનામાં કુસંપ, ફૂટ, અવ્યવસ્થા, મોજશોખ, અન્યાય, જૂલ્મ, ધર્માંધતા વગેરે દુર્ગુણ દોષોજ કારણીભૂત હતા. ગુજરાતનું રાજ્ય કરણઘેલાના વખતમાં માધવરાવ નાગરબ્રાહ્મણદિવાનની ફૂટથી અને કરણઘેલાની વ્યભિચારવૃત્તિથી તથા ગુજરાતીઓના ઐકયના અભાવે ગયું. તેમાં કંઈ જૈનોની કસૂર નહોતી." જૈનોથી ગુજરાતની પડતી થઈ, કારણ કે તે "દયા માનનારા હતા" એમ કહી જૈનોને હલકા પાડવા પ્રયત્ન કરવો તે વ્યાજબી નથી. હિંદુઓ રાજ્યાદિક કારણે ધર્મયુદ્ધોને માને છે અને શું જૈનો તેવા પ્રસંગે ધર્મ-યુદ્ધને નથી માનતા? જૈન શાસ્ત્રો તો ગૃહસ્થ જૈનોને હિંદુઓની પેઠે ધર્મયુદ્ધમાં ચરિતાનુવાદ દૃષ્ટિએ દૃષ્ટાંતરૂપ છે તો નાહક જૈનોને હલકા પાડવા તે અયોગ્ય છે. ગુજરાતની રાજ્યગાદીના સ્થાપનારા જૈનો છે. તત્કાલે જૈન વણિકો જો રાજ્યગાદીના પ્રધાનપદે હોત તો ગુજરા-તનું રાજ્ય જાત નહિ. ધોળકામાં રાજ્ય સ્થપાવનાર તથા ધર્મયુદ્ધ કરનાર મંત્રી વસ્તુપાલ અને તેજપાલ હતા. તે ઘણા બહાદૂર હતા. રા. રા. ગોવિંદજીભાઈ જ્યારે કડી પ્રાંતમાં સુબા હતા, ત્યારે તે અમારાં દર્શન કરવા મ્હેસાણામાં આવ્યા હતા, તે વખતે તેમણે ધર્મસંબંધી અનેક પ્રશ્નો પુછયા હતા, તેથી. તેમને સંતોષ થયો હતો, અને તેમણે ત્યાગી વર્ગની આવશ્યકતા સ્વીકારી હતી. તેમણે લાયબ્રેરી વગેરે કેળવણીના પ્રચારકાર્યમાં કડી પ્રાંતમાં સારી સહાય આપી હતી અને નિરભિમાન વૃત્તિથી લોકોમાં ભેળાતા હતા, તથા માતા–દેવીઓની આગળ પાડા, બકરાં આદિ મરાતાં હતાં તે હુકમ કાઢી બંધ કરાવ્યાં હતાં. તે લાડોલમાં તથા વડોદરામાં દર્શનાર્થે આવ્યા હતા. અમારી સાથે તેમને પ્રેમ વર્તે છે; તેમણે કડી પ્રાંત વગેરે ચાર પ્રાંત સર્વ સં-ગ્રહ પુસ્તક લખ્યાં છે. તેમણે કડી પ્રાંત સર્વ સંગ્રહ પત્ર ૧૫૩ માં નીચે પ્રમાણે જૈનશાસ્ત્રો વાંચ્યા વિના લખ્યું છે કે "જૈનધર્મ બુદ્ધધર્મની પહેલાં સુમારે બસેં વર્ષપર પાર્શ્વનાથ મહાત્માએ સ્થાપન કર્યો હતો. ઇ. સ. પૂર્વે ૫૯૯ માં પટણા પાસે વંથલી ગામમાં મહા-વીર નામનો ક્ષત્રિયકુમાર જન્મ્યો હતો." જૈન ઇતિહાસના અભ્યાસ વિના રા. રા. ગોવિંદજીભાઈ, જેમ લાલાજીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લખી માર્યું તેમ લખ્યું છે. જૈનધર્મના આદ્ય સ્થાપક શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થંકર હતા, અને પાર્શ્વનાથ તો ત્રેવીશમા તીર્થંકર હતા. પાર્શ્વનાથે જૈનધર્મની સ્થાપના કરી હતી, પણ આદ્ય જૈનધર્મના સ્થાપક તરીકે તે નહોતા, તથા મહાવીર વર્ધમાન પ્રભુ પટણા પાસે વંથલી ગામમાં જન્મ્યા નહોતા પણ તે ક્ષત્રિયકુંડ નગરમાં જન્મ્યા હતા. ઈતિહાસ લખનારાઓએ ઐતિહાસિક જ્ઞાન લીધા પછી જ કોઈ ધર્મને અન્યાય ન થાય તેવી રીતે ઈતિહાસ લખવો જોઈએ. રા રા ગોવિંદજીભાઇ લખે છે કે "સ્ત્રીને મોક્ષ ન મળી શકે એમ શ્વેતાંબરી માને છે પણ દિગંબરીની માન્યતા એથી ઉલટી છે!" તે એ પ્રમાણે લખે છે તે શ્વેતાંબર તથા દિગંબર શાસ્ત્રોથી વિરૂદ્ધ છે, કારણ કે શ્વેતાંબર શાસ્ત્રો, સ્ત્રીને મોક્ષ મળે છે એમ માને છે અને દિગંબરો સ્ત્રીની મુક્તિ માનતા નથી. તેઓ લખે છે કે " ઢુંઢીયાના દેરામાં મૂર્તિ બિલકુલ હોતી નથી. " પણ રા. સાહેબે જરા સૂક્ષ્મ તપાસ કરી હોત તો ઢુંઢીયા જૈનો, દેરાસર કરાવતા નથી અને માનતા નથી એમ માલુમ પડત. વળી પત્ર ૧૫૪ માં જીવદયા સંબંધી લખતાં સુબાજી લખે છે કે "કેટલા ધાર્મિક જૈનો માંકડ વગેરેને પોષણ મળે એટલા માટે અમુક રકમ આપી માંકડવાળા ખાટલામાં પાસુ નફેરવે તેવી શરતે કોઇ માણસને સુવાડે છે!!" કેટલું અસત્ય !!! સુબાજી આવું જે લખે છે તે જૈનશાસ્ત્રોથી અને જૈનોની માન્યતાથી તથા પ્રવૃત્તિથી બિલકુલ વિરૂદ્ધ અને અસત્ય છે, ગમે તેવો ગૃહસ્થ જૈન તથા ત્યાગી જૈન એવી ગાંડી, અસત્ય કલ્પિત દયાને માન આપી શકેજ નહીં. રા રા સુબાજી સાથે તત્સંબંધી પત્રવ્યવહાર થયો હતો. તેમણે પોતાની ભૂલ કબૂલ કરી બીજી આવૃત્તિમાં ઉપરની બાબત કાઢી નાખવા કહ્યું હતું. તેથી અમો ગોવિંદજીભાઇને ધન્યવાદ આપીએ છીએ. કડી પ્રાંતમાં તે પ્રથમ નંબરના સુબા હતા. જર્મન વગેરે દેશના યુરોપિયન વિદ્વાનોએ પહેલાં બૌદ્ધધર્મની શાખા તરીકે જૈનધર્મને જણાવ્યો હતો પણ હવે પ્રોફેસર હર્મન. જેકોબી, ડૉ. સ્વાલી વગેરેએ સ્પષ્ટ જણાવ્યું છે કે 'જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ બન્ને ભિન્ન તથા ભિન્નભિન્ન તત્ત્વોની માન્યતાવાળા સ્વતંત્ર ધર્મ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈદિક ધર્મ થી પણ જૈનધર્મ ભિન્ન અને સ્વતંત્રધર્મ છે, મારી બાલ્યાવસ્થામાં મ્હને જૈન સાધુઓનો પરિચય થયો હતો અને તેઓપર મારી શ્રદ્ધા બેઠી હતી. અમારા પિતાજી શિવધર્મી હતા અને માતાજી વૈષ્ણવ હતાં, મારી વિદ્યાર્થી તરીકેની બાલ્યાવસ્થામાં કેટલાકોએ કહ્યું હતું કે જૈનસાધુઓ ઝાડે જાય છે ત્યારે વિષ્ટા ફેંદે છે તથા તે જલથી ગુદાનું પ્રક્ષાલન કરતા નથી ! અમોએ એ બાબતની તપાસ કરી તો માલુમ પડયું કે સાધુઓ વિષ્ટા ફેંદતા નથી તેમજ તરપણીમાં ભરેલા જલથી ગુદાનું પ્રક્ષાલન કરે છે. આ ઉપરથી તે વખતેજ મારી ખાત્રી થઇ કે મનુષ્યો ધર્મભેદે એકબીજાની જૂઠી– અસત્ય વાતો ઉડાવવામાં બાકી રાખતા નથી, તથા શરમાતા નથી. મ્હને બાલ્યાવસ્થામાં કેટલાક બ્રાહ્મણ માસ્તરોએ કહ્યું હતું કે,–જ્યારે બારવર્ષનો દુકાળ પડયો ત્યારે ગૌતમઋષિએ દરરોજ જવ વાવી, લણીને ચોરાશી હજાર ઋષિયોને જીવાડયા. બાર દુકાળી ગયા પછી ઋષિયોએ ગૌતમઋષિને હલકો પાડવા એક ગાય બનાવી અને ગૌતમઋષિના ખેતરમાં મૂકી. ગૌતમ ઋષિએ ગાયને એક શળી મારી, તેથી ગાય મરી ગઇ ! આથી ગૌતમઋષિને ગાયની હત્યા ચોંટી તેથી તેમણે જૈનધર્મ સ્થાપન કરી ઋષિયોને અડાવ્યા. તેમની આ વાત કલ્પિત છે. મેં હિંદુધર્મનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં પણ તેમાંથી આ વાત નીકળી શકી નથી. આવી બાબતોને કેટલાક બ્રાહ્મણ વિદ્વાનો કદાપિ પુરાણોમાં ઉમેરે તોપણ તે ગપ્પાં તરીકે માની શકાય. અન્ય ધર્મને હલકો અસત્ય પાડવાની આતો કલ્પના જ છે. કેટલાકો કહે છે કે–**हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जैनमन्दिरम्. न वदेत् यावनीभाषां, प्राणकण्ठगतैरपि ॥** હાથી મારમાર કરતો સ્હામો આવે અને સામું જૈન મંદિર આવે તો મરી જવું પણ જૈન મંદિરમાં ન જવું. તથા ઉર્દુ, ઇંગ્લીશ, ફારશી વગેરે યાવની ભાષાને કંઠમાં પ્રાણ આવે છતે પણ બોલવી નહીં–તેમનો આ શ્લોક મ્હને ઈર્ષ્યા–દ્વેષ–તિરસ્કારથી ભરેલો લાગ્યો પણ એમાં કંઈ સત્ય લાગ્યું નહીં. મારો સ્વભાવ સત્યશોધક હોવાથી જાતે તપાસ કરતાં અને મધ્યસ્થ બુદ્ધિથી સત્યનો વિચાર કરતાં જણાઇ આવ્યું કે એવી કાલ્પનિક બાબતોમાં કંઇપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય નથી અને સત્યની શોધ કરવામાં વિશેષ પ્રવૃત્તિ કરી. એક બ્રાહ્મણ માસ્તરે મ્હને કહ્યું હતું કે પાટણમાં હેમચંદ્રાચાર્યને અને જૈનોને શ્રી શંકરાચાર્યે જલમાં ડૂબાડી દીધા તેથી ત્યાં લાખા ખાડ થઈ, એવી તેમની વાત સાંભળી મનમાં વિચાર થયો કે આખા પાટણમાં જલનો દરિયો આવે અને તેમાં પાટણના સર્વ હિંદુઓ ન ડૂબી જાય, અને જૈનોજ ડૂબી જાય એ સસલાના સિંગડા જેવી જૂઠી વાત છે, એવી વાતોને સત્ય બુદ્ધિથી તોળતાં મ્હને જરાપણ સત્ય લાગ્યું નહિ. પરસ્પર ધર્મના આચાર્યો પોતપોતાનું મહત્ત્વ વધારવા એવાં ગપ્પાં માર્યા કરે છે, અને એવી સર્વ ધર્મમાં પોતપોતાની બડાઇની અને ગપ્પાંની વાતો ભરેલી હોય છે તેથી પરીક્ષકો એવી વાતો ઉપર કંઈ લક્ષ આપતા નથી. તેથી એવી વાતોમાં સત્યતત્ત્વ ન માનીને ધર્મનાં તત્ત્વોનો ઉંડો અભ્યાસ કરવા માંડયો, એટલું પ્રસંગોપાત્ત અત્ર જણાવ્યું છે.

હિંદ વગેરે દેશના ઇતિહાસ લખનારાઓએ ચારે તરફથી સત્ય હકીકત મેળવવા ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. હાલમાં વડોદરા ગાયકવાડી ગુજરાતી શાળાઓમાં પ્રાણલાલ ટી. મુન્શીકૃત હિંદનો ઇતિહાસ ચાલે છે. તેમાં પૃષ્ટ ૨૯ માં શ્રી મહાવીરદેવ સંબંધી ઇતિહાસ લખતાં પ્રાણલાલ, જૈન તીર્થંકરના ચરિતને અજ્ઞાનથી વા તિરસ્કારથી નીચે પ્રમાણે લખે છે.

"આ સાધુ ઇ. સ. પૂર્વે સુમારે ૫૨૮ માં થઇ ગયો. તે વખતે મગધદેશમાં બિંબિસાર (શ્રેણિક) રાજા રાજ્ય કરતો હતો. જૈન સાધુ મહાવીર, બિંબીસારની રાણીનો સગો થતો હતો, મહાવીરનું મૂળ નામ વર્ધમાન હતું, અને તે વૈશાલીના એક અમીરનું બાલક હતું. પરંતુ તેણે પોતાના અમીરપદથી કંટાળી પાર્શ્વનાથના પંથના સાધુઓમાં પ્રવેશ કર્યો. એ પંથના નિયમોથી પણ અસંતોષ થવાથી પોતાની ચાલીશ વર્ષની ઉમરે ધર્મ સુધારક બનીને તેણે નવો પંથ કાઢ્યો અને પછી ત્રીશ વર્ષ સુધી મગધ અને દક્ષિણ વિહારના જુદા જુદા ભાગોમાં પોતાનો મત પ્રવર્તાવ્યો–તે પંથ જૈનધર્મ ગણાય છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રા. પ્રાણલાલ ટી. મુન્શીએ જૈનધર્મનાં શાસ્ત્રોમાંથી એક પણ ઐતિહાસિક પુસ્તક વાંચ્યું હોય એમ લાગતું નથી. તેમજ તીર્થંકર અને જૈન સાધુઓમાં શો તફાવત છે તે પણ જાણી શકતા નથી. તો જૈનધર્મના છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુ સંબંધી શું લખી શકે ? મહાવીર પ્રભુ માટે ટુંકારાથી ગમે તેમ લખવું તે એક ભાષાશાસ્ત્રી માટે જરા શરમાવનારા ગણાય. આંધળો જેમ હાથીની પરીક્ષા કરે તેવું તેમનું પુરાવા વગરનું લખાણ છે. મહાવીર સાધુ નહોતા પણ તે તીર્થંકર દેવ હતા. તે વૈશાલીના અમીરનું બાળક નહોતું પણ ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાના મહાવીર પુત્ર હતા. પ્રભુ મહાવીર દેવે જ્ઞાન વૈરાગ્યથી દીક્ષા અંગીકાર કરી હતી પણ કંટાળીને નહિ. તેમજ તે તીર્થંકર હોવાથી તેમણે પોતાની મેળે ચારિત્ર દીક્ષા અંગીકાર કરી હતી પણ પાર્શ્વનાથના સાધુઓપાસે દીક્ષા ગ્રહી નહોતી અને તેઓમાં ભળ્યા નહોતા. જે તીર્થંકર જે કાલે થાય છે તેમાં પૂર્વે થએલ તીર્થંકરના સાધુઓ ભળે છે. તેથી મહાવીરદેવના શાસનમાં શ્રી પાર્શ્વનાથના તે વખતના સાધુઓ ભળ્યા. શ્રી મહાવીર પ્રભુ કેવળજ્ઞાની થયા હતા. તીર્થંકર કેવળજ્ઞાની સર્વજ્ઞ બની તીર્થની સ્થાપના કરે છે. એ કંઈ સાધુ નહોતા પણ તીર્થંકર હતા તેથી તેમણે ધર્મમાં સુધારો કર્યો નહોતો. (સામાન્ય સાધુ સુધારો કરી શકે છે) પણ મહાવીર પ્રભુ તો સર્વજ્ઞ હતા અને જૈનધર્મ શ્રુત જ્ઞાન સંઘતીર્થ સ્થાપવા માટે તીર્થંકર થયા હતા તેથી તેમણે જૈન ધર્મ અને ચતુર્વિધ સંઘને સ્થાપન કર્યો. તેમણે હિંદના ઘણા દેશોમાં વિહાર કર્યો હતો. કલ્પસૂત્ર વગેરે જૈનશાસ્ત્રોમાંથી તેમનું જીવન ચરિત્ર વાંચીને ઇતિહાસ લખ્યો હોત તો તેમનું લખાણ અસત્ય થાત નહિ. વડોદરા વગેરે દેશી રાજ્યોને અને ૬ ટીશ રાજ્યના કેળવણી ખાતાને જૈનસંઘે જણાવવું જોઈએ કે જૈનધર્મ સંબંધી હકીકતોવાળાં પુસ્તકો શાળાઓમાં દાખલ કરતાં પૂર્વે જૈનવિદ્વાનોને બતાવી પરીક્ષા કરાવી દાખલ કરવાં કે જેથી કોઇના ધર્મને અન્યાય ન આપી શકાય અને કોઈ ધર્મવાળાની લાગણી ન દુઃખાય. " भारतका धार्मिक इतिहास " ગ્રન્થ હિંદીભાષામાં વેથરનિવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. પંડિત શિવશંકર મિશ્રે લખ્યો છે. તેમાં પત્ર ૧૨૦માં જૈનધર્મ સંબંધી વિચાર લખતાં તે સ્વધર્માભિમાન અન્ધશ્રદ્ધાથી જૈનધર્મને અન્યાય આપી શકયો નથી—તોપણ જૈન શાસ્ત્રોનું અવલોકન કર્યા સિવાય તેણે કેટલીક ગપ્પ વાત લખી છે. તે લખે છે કે "यह धर्म अति प्राचीन वेदकालहीमें स्थापित हुवा हो एसा प्रतीत होता है." પંડિતજીને ખબર નથી કે હાલના જે વેદો છે તે તો જૈનશાસ્ત્રની દૃષ્ટિએ તીર્થંકર નવમા સુવિધિનાથ પછીથી રચાયા છે,તે પહેલાં ભરત-ચક્રવર્તીએ ચાર વેદો રચ્યા હતા, તેનું વર્ણન શ્રી વિજયાનંદસૂરિ કૃત તત્ત્વ નિર્ણય પ્રાસાદમાંથી જોઇ લેવું. પંડિત શિવશંકર લખે છે કે " પટના નગરમાં કોકવેંક રાજાએ દીક્ષા ગ્રહી ત્યાગી બની જૈન ધર્મ ચલાવ્યો" પરંતુ આ લખાણમાં પંડિતજીની અજ્ઞાનતા છે. કારણકે શ્વેતાંબર શાસ્ત્રોમાં અગર દિગંબર શાસ્ત્રોમાં કોંકવેકે જૈનધર્મ પ્રકાશિત કર્યો એવી વાત આવતીજ નથી. શ્રીમહાવીર પ્રભુનો ભકત શ્રાવકકોણિકરાજા થયો તે અજાતશત્રુ કહેવાય છે. તે જૈનધર્મ પાળતો હતો પણ જૈનધર્મના છેલ્લા પ્રકાશક તો શ્રી મહાવીરપ્રભુ અરિહંત દેવ હતા. તેણે લખ્યું છે કે 'અરિહંતને જૈનધર્મ ચલાવ્યા" પણ તે જાણતો નથી કે અરિહંત તે કંઇ તીર્થંકરનું નામ નથી, પણ અરિહંત તે તીર્થંકરનું ઉંચામાં ઉંચુ વિશેષણ છે અરિહંત વિશેષણને તેણે પુરૂષ માની જૈનધર્મનો પ્રકાશ તેણે કર્યો એવું લખ્યું છે. તેથી તે જૈનધર્મના પ્રકાશક ચોવીશ તીર્થંકર તેજ અરિહંત વિશેષણવાળા છે એટલું પણ ન સમજી શકયો. તેથી જૈનધર્મનું સત્ય સ્વરૂપ જાણી શકયોજ નહિ એમ કહેવું યથાયોગ્ય છે. તે લખે છે કે ઇ.સ. પૂર્વે ૧૫૬૭માં અરિહંત નિર્વાણ પામ્યા અને એના બાદ એકવીસ તીર્થંકર થયા." આ પ્રમાણે તેણે લખ્યું છે તે મિથ્યા છે. ઇ.સ. પૂર્વે ૧૫૬૭ માંઅરિહંત નામનો કોઇ થયો નથી. શ્રી પાર્શ્વનાથ તીર્થંકર ત્રેવીશમા થયા. તે તો ઇ. સ. પૂર્વે સાતસે વર્ષ પર થયા અને તે પહેલાં શ્રી નેમિનાથ તીર્થંકર થયા તે તો લગભગ ચોરાશી હજાર વર્ષ ઉપર થયા તેથી શિવશંકર પંડિતે કોઇ ગ્રન્થ જોયા વિના અને સાક્ષી આપ્યા વિના આધાર યાને પ્રમાણ વિના ગપ્પ મારી છે તે બિલકુલ અપ્રમાણિક-જૂઠ છે. તે લખે છે કે—" શ્રી મહાવીર દેવે ઓંકારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંત્ર કાયમ રાખ્યો અને તેને મળતો નવકાર મંત્ર પ્રસિદ્ધ કર્યો.” આ તેનું લખવું અસત્ય છે. જૈન ભરતરાજાના વેદોમાં ઓંકાર મંત્ર છે અને આ અવસર્પિણીમાં શ્રી ઋષભદેવથી ઓંકારમંત્ર પ્રગટયો છે એમ તેણે જાણવું જોઇએ. જૈન તીર્થંકરો સર્વજ્ઞ હતા તેથી તેઓએ અન્ય દર્શનીગ્રંથોમાંથી ઓંકારમંત્ર લીધો નથી. શિવશંકર લખે છે કે “ મહાવીરે ચંચલવિવાદી ગોશાળાને પોતાના પક્ષમાં લીધો અને તેની મારફત જૈનધર્મનો પ્રચાર કરાવ્યો.” ઇત્યાદિ લખવું શિવશંકરનું અસત્ય કપોલ કલ્પિત છે, કારણકે ગોશાલક તો શ્રી મહાવીર પ્રભુનો પ્રાતપક્ષી હતો. વાંચો ભગવતી સૂત્રમાં ગોશાલક શતકમાં ગોશાલાનો મત. પંડત શિવશંકર કહે છે કે “ દિગંબર સાધુ બુદ્ધને માને છે અને અરિહંતને માનતા નથી ” આ લખવું બધું જૂઠું છે, શ્વેતાંબર અને દિગંબર સાધુઓ તથા ગૃહસ્થ જૈનો ચોવીશ તીર્થંકરને અરિહંત માને છે અને બૌદ્ધ લોકો બુદ્ધને માને છે. સામાન્ય વિદ્વાનો પણ આ બાબત જાણે છે કે જેને પંડિત શિવશંકર જાણતા નથી! અથવા જાણી જોઇ અસત્ય લખી પોતાના આત્માનો દ્રોહ કરે છે. તે લખે છે કે “શ્વેતાંબર દિગંબરના સાતસેં ભેદ છે” પણ તે તેનું લખવું અસત્ય છે. સાતનયના સાતસેં ભેદ થાય છે પણ જૈન ધર્મના સાતસેં ભેદ નથી. તે લખે છે કે “બ્રાહ્મણધર્મ પર જૈનધર્મનો સારો પ્રભાવ પડયો, અને તેથી તેઓએ વિષ્ણુના ચોવીશ અવતાર માની મૂર્તિ પૂજા શરૂ કીધી. ” પંડિત શિવશંકરે ભારતકા ધાર્મિક ઇતિહાસમાં વિચિત્રરૂપે ઢુંઢક વા તેરાપંથી સાધુની છબી પઢાવી તેને આદિનાથ તીર્થંકરનું નામ આપ્યું છે. તેથી તે આદિનાથની સત્ય મૂર્તિથી અજ્ઞાત છે, એમ વાચકો સહેલાઇથી જાણી શકશે. આવી રીતે અન્ય ધર્મી બીજા અનેક ઇતિહાસકારોએ જૈનધર્મ સંબંધી સ્વરૂપ લખતાં અનેક ભૂલો કરી છે, તેઓની ભૂલોનો ઉત્તર પણ ઉપર મુજબ જાણવો. આર્યસમાજના નેતા સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીએ જૈન તત્ત્વો વગેરેનું બરાબર સ્વરૂપ જાણ્યું નહોતું તેથી તેણે ‘સત્યાર્થ પ્રકાશ’ ગ્રન્થના આરમા ઉલ્લાસમાં જૈનોનાં શાસ્ત્રોનું મંતવ્ય ખંડન કરતાં અનેક ભૂલો કરી છે, અને તેમણે કરેલા ખંડનનો ઉત્તર શ્રીમદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મારામજી વગેરે મહાવિદ્વાનોએ અજ્ઞાન 'તિમિર ભાસ્કર, 'હયાનંદ મુખ ચપેટિકા' વગેરે ગ્રન્થો રચીને તેમાં પ્રત્યુત્તર આપ્યો છે. વિશેષ જિજ્ઞાસુઓએ તે ગ્રન્થો વાંચી જોવા.

જૈનોએ, જૈન ગીતાર્થ અને ઐતિહાસિકસાક્ષરસૂરિયો વગેરે શ્રદ્ધાળુજૈનોએ લખેલો ઇતિહાસ પ્રમાણિક માનવો, પણ વૈદિક આદિ અન્ય દર્શન ધર્મીઓએ લખેલો જૈન ધર્મનો ઇતિહાસ વા જૈનધર્મ સંબંધી તેઓએ દર્શાવેલા વિચારોને માન્ય ન કરવા. કારણકે આ કાળમાં રાગદ્વેષથી ભરેલા દરેક ધર્મના વિદ્વાનો પ્રાયઃ અન્ય ધર્મના ઇતિહાસને ગમે તે રીતે જૂઠો કલ્પિત ઠરાવી પોતાના ધર્મની સર્વે ઐતિહાસિક વગેરે બાબતોને સત્ય ઠરાવવા પ્રયત્ન કરે છે. તેથી અન્યધર્મી–પક્ષપાતી વિદ્વાનો પાસેથી પોતાનાં તત્ત્વોને તથા ઇતિહાસની ખરી હકીકત જાણવા શ્રદ્ધા રાખવી તે વ્યર્થ છે.

વૈદિક પૌરાણિક હિન્દુ ઇતિહાસકારોએ "જૈનો અને બૌદ્ધના લીધે હિંદનું રાજ્ય ગયું તથા હિંદની પડતી થઈ" એવું લખવામાં લાલા લજપતરાય વગેરેએ બાકી રાખ્યું નથી. તેઓ સ્વધર્માન્ધ હોવાથી જૈનોને હલકા પાડવા તથા જૈન ધર્મ પરથી જૈનોની શ્રદ્ધા ઉઠાડવા અસત્ય પ્રયત્ન કર્યો છે. જૈનોથી અને બૌદ્ધોથી હિંદની ઉન્નતિ થઈ છે. જૈનોએ ભારત આર્યદેશને આર્યદેશ તરીકે હજુ સુધી રાખ્યો છે અને જૈનોના પ્રતાપે યજ્ઞાદિક હિંસાઓ ટળી છે અને વૈષ્ણવો વગેરે, જૈનોના જેવા દયાળુ બન્યા છે અને તેથી હિંદમાં શાંતિ વર્તી છે. જૈનો અને જૈનધર્મ જો ભારતમાં અસ્તિત્વ ન ધરાવતો હોત તો આજે હિંદ, યુરોપ જેવું હિંસક તથા માંસ દારૂથી વ્યાપ્ત થઈ જાત અને જાપાન વગેરે બૌદ્ધો જેમ યુરોપી નહીં છતાં યુરોપીયન જેવા બની ગયા છે તેવું હિંદ થઇ જાત. લાલા લજપતરાય વગેરેએ વિચારવું જોઈએ કે યુરોપમાં જૈનધર્મ અને જૈનો નહીં હોવાથી ત્યાં હિંસાયુદ્ધ ઘણાં થાય છે; અને ત્યાં મહાભારતના યુદ્ધ પછીની દશા જેવી દશા થવા લાગી છે. શસ્ત્ર વિના ત્યાં ભય છે, એવી યુરોપીયદશા જેવી હિંદની દશા થાત. માટે શ્રીયુત ગાંધીજી વગેરે અહિંસામય રાજકીય વાતાવરણ પ્રગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટાંવકા જૈનોની દયાને મુખ્યસ્થાન આપી રાજકીય ચળવળ કરે છે અને આખું હિંદ તે માર્ગે વહેવા લાગ્યું છે. જૈનોની અને જૈન ધર્મની જગત્‌ની શાંતિ માટે ઘણી આવશ્યકતા છે. કનૈયાલાલ માણેકલાલ મુન્શી, (ઘનશ્યામ,) તથા નારાયણ વસનજી ઠક્કુર વગેરે એ નોવેલો કલ્પનામય લખીને તેમાં તેઓ જૈનોની અને જૈનધર્મની હલકાઈ પાડવા પ્રયત્ન કરે છે, પણ તેથી કંઇ જૈનો પર તેની ખરાબ અસર થવાની નથી, પણ ઉલટું તેઓ જૈન કોમની પોતાના પર અરૂચિ તિરસ્કાર વૃત્તિ વહોરી લે છે. તેથી કંઇ તેમના ધર્મની ચઢતી થવાની નથી. હજારો હિન્દુઓ દરવર્ષે મુસલમાનો તથા ખ્રીસ્તિઓ બને છે, તે તરફ ન દેખતાં જૈનો પર નકામી ટીકા કરીને તેઓ કશું ઉકાળવાના નથી. આર્ય સનાતન જૈન હિંદુઓ અને વૈદિક પૌરાણિક સનાતન હિંદુઓ કે જે બન્ને આર્યદેશી એક માબાપનાં સંતાન તથા ઘણા નિકટના સંબંધી તથા અન્ય ધર્મો કરતાં ધર્મમાં ઘણા નિકટ સંબંધી છે, તેઓએ એક બીજાની સામે સલાહસંપ, પ્રેમ, એકય રહે તેવી રીતે વર્તીને બન્નેના બળને એકત્ર કરી તેનો સદુપયોગ કરવો જોઇએ. જૈનો સંખ્યામાં હિંદુ વૈદિકોની અપેક્ષાએ અલ્પ છે, પણ તેઓની સાથે સલાહસંપથી વર્ત્યા વિના તેઓવડે રાજકીય પ્રગતિ થવાની નથી. શરીરના સર્વ અંગોના એકયે જેમ જીવી શકાય છે તેમ જૈનોની સાથે સલાહ એકય પ્રેમથી હિંદની પ્રગતિ થશે. જૈનોની સાડાબાર લાખની સંખ્યા છે. દિગંબર જૈનો કરતાં શ્વેતાંબર જૈનો સંખ્યામાં વિશેષ છે. શિલાદિત્ય રાજાના વખતમાં જૈનોએ બૌદ્ધોને વાદવિવાદમાં હરાવ્યા તથા કાન્યકુબ્જ દેશના હર્ષવર્ધન રાજાના સમયમાં જૈનોએ બૌદ્ધોને શાસ્ત્રાર્થમાં હરાવ્યા. જૈન કોમમાં અનેક મહાસમર્થ આચાર્યો થઇ ગયા છે તથા અનેક જૈન રાજાઓ તથા જૈન મંત્રીઓ થઇ ગયા છે. જૈનો ઈશ્વરવાદી છે, તથા સ્વર્ગ, નરક, આત્મા, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, પુનર્જન્મ, માનતા હોવાથી આસ્તિક છે. કપિલ, સાંખ્ય, બૌદ્ધ, વેદના કર્મકાંડવાદી, કુમારિલ ભટ્ટ વગેરે તથા શંકરાચાર્ય ઇશ્વરને જગત્‌કર્તા તરીકે માનતા નથી, પણ ઇશ્વરને તટસ્થ સાક્ષીભૂત તરીકે કબૂલ કરે છે, તેમ જૈનો ઇશ્વરને માને છે, પણ તે જગત્‌ રચવાની રાગદ્વેષની ઉપાધિમાં ઇશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતોનથી એમ જૈનો માને છે. જૈનોની હિંદના સર્વ દેશોમાં વસતિ છે. દક્ષિણ, કર્ણાટક, તૈલંગ, મધ્યપ્રાંત, બિહાર, બંગાળ, પંજાબ, સિંધ, કચ્છ, રજપુતાના, મેવાડ, મારવાડ, કાઠિયાવાડ, ગુજરાત વગેરે સર્વદેશોમાં તથા બ્રહ્મદેશમાં, આફ્રિકા, ઇંગ્લાંડ, ફ્રાન્સ, અમેરિકા વગેરેમાં જૈનો વસવા લાગ્યા છે.

શ્રી મહાવીર પ્રભુના વખતમાં તથા તે પછીથી સાતમા આઠમા શતક સુધી ચારે વર્ણો જૈનધર્મ પાળતી હતી. શંકરાચાર્ય તથા કુમારિલ ભટ્ટ વગેરેના પ્રયત્નથી તથા જૈનકોમમાં બ્રાહ્મણોની આજીવિકા નહીં ચાલવાથી તેઓ વૈદિક પૌરાણિક ધર્માવલંબી થયા. તથા સત્ય ધર્માચાર વિચારોમાં જૈનધર્મ સખ્ત કડક હોવાથી કેટલાક રાજાઓને ક્ષત્રિયો આદિને પોતાની પ્રકૃતિના અનુસાર શીકાર માંસ દારૂ વગેરેમાં પૌરાણિક શાસ્ત્રો પસંદ પડ્યાં. તેથી તેઓ પૌરાણિક હિંદુ ધર્મ તરફ રૂચિવાળા થયા. તે બે કારણોથી જૈનધર્મને તથા જૈનોની સંખ્યાને નુકશાન પહોંચ્યું. સનાતન વૈદિક પૌરાણિક બ્રાહ્મણોની આજીવિકા ધર્મ ઉપર હોવાથી તેઓએ ચારે વર્ણના લોકોને અનેક યુક્તિયોથી પોતાના ધર્મમાં રાખ્યા. શીકાર કરવો, માંસ ખાવું, દારૂ પાન કરવું એ તો ક્ષત્રિયનો ધર્મ છે, એમ તેઓ કહેવા લાગ્યા. તેથી રાજાઓને સ્વપ્રકૃતિ અનુસારે તે ધર્મ રૂચ્યો; કારણકે તેમાં પોતાની મરજી અનુકૂલ ખાવાપીવાના વર્તનમાં છૂટ મળી. લડાઇ–યુદ્ધોમાં પણ તેઓને મરજી પ્રમાણે છૂટ લેવામાં વાંધો ન પડ્યો તથા બ્રાહ્મણ વિના ક્ષત્રિયો વગેરે દેવી આગળ બકરા પાડા વગેરેનો વધ કરી તે ખાઈ શકે એવી છૂટછાટથી તેઓને તેઓના સ્વભાવ પ્રમાણે તે દેવો, ધર્મ તથા તે ગુરૂઓ રૂચ્યા અને બ્રાહ્મણોની પણ આજીવિકા ચાલી તેથી વૈદિક પૌરાણિક હિંદુ ધર્મીઓની સંખ્યા વધતી ગઇ અને જૈનોની સંખ્યા ઘટતી ગઇ. જૈનોમાં ત્યાગી સાધુઓ ધર્મગુરૂ તરીકે પોતાની ત્યાગદશામાં મશગુલ રહ્યા. તેઓએ જૈનોની સંખ્યા ઘટે છે તે તરફ બ્રાહ્મણોની પેઠે કશું લક્ષ આપ્યું નહીં તથા કોમના સર્વ ત્યાગીઓએ સંઘ મેળવી જૈનોની સંખ્યા ઘટે છે તેની વૃદ્ધિ કરવા કશા ઉપાયો લીધા નહીં. ગૃહસ્થ જૈનોએ પણ સંઘ લેગો કરી તે સંબંધી કંઈ ઉપાયો યોજ્યા નહીં; કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ગૃહસ્થો મોટા ભાગે જૈનશાસ્ત્રોના જ્ઞાતાઓ બનતા નથી તથા જૈનો વ્યાપારી ખાનદાન વૈભવભોગી હોવાથી આ બાબતથી બીલકુલ અજાણ રહ્યા, તથા તેઓ કુલાચારે ગાડરીઆ પ્રવાહે જૈનધર્મને પાળવા લાગ્યા, તથા તેઓને જૈન સંખ્યાવૃદ્ધિનો ઉપદેશ પણ યથાયોગ્ય મળ્યો નહીં. સાધુઓ તથા આચાર્યો ત્યાગ અને ક્રિયાકાંડ કરવામાંજ પોતાનું ધ્યેય માનવા લાગ્યા, તથા તેઓએ જાહેર ઉપદેશ દેવાના માર્ગો તરફ દુર્લક્ષ કર્યું. વૈદિક પૌરાણિક હિંદુઓને રાજાઓ તરફથી સારી મદદ મળી. આર્ય સનાતનજૈન હિંદુઓને રાજ્યાશ્રય મળતો બંધ થયો. શંકરાચાર્ય તથા કુમારિલભટ્ટ વગેરેએ રાજ્યાશ્રય ધારીને હિંદમાં વસતા બૌદ્ધોને મારી નંખાવ્યા. દક્ષિણ મહુરામાં કેટલાક જૈનોને તથા સહસ્ર જૈનાચાર્યોને મારી નંખાવ્યા. તરવારની ધારથી તેઓએ જૈનોને તથા બૌદ્ધોને મારી હઠાવવા તથા પોતાનો ધર્મ વધારવા પ્રયત્ન કર્યો તેથી છેવટે મુસલમાનો હિંદ ઉપર ચઢી આવ્યા અને તેઓએ તરવાર-શસ્ત્રબળવડે હિંદુઓને હટલાવીને મુસલમાનો કર્યા. મૂળ મુસલમાનો પચાસ સાઠ લાખ હતા, એમ મદનમોહન માળવિયા કહે છે. પાછળથી મુસલમાનોએ છ સાત કરોડ હિંદુઓને મુસલમાન બનાવ્યા. મુસલમાનો એક હિંદુને મુસલમાન બનાવવામાં સ્વર્ગના રાજ્યની પ્રાપ્તિ માને છે. જૈનોએ જોર જુલમ અન્યાય અને શાસ્ત્રોના બળથી આજસુધી એક પણ અન્યધર્મી મનુષ્યને જૈન બનાવવા પ્રયત્ન કર્યો હોય એવું ઐતિહાસિક દૃષ્ટિએ જણાતું નથી. જૈનોએ આજ સુધી જૈન મંદિરો બંધાવવામાં વિશેષ લક્ષ દીધું છે. હિંદમાં જૈનોનાં લગભગ આશરે છત્રીહજાર મંદિરો છે. જ્યાં જૈનો વસે છે ત્યાં પરબડી, પાંજરાપોળો કરે છે. ઉપાશ્રય તથા દેરાસર બંધાવે છે. ઘણાખરા જૈનો, જૈન ઐતિહાસિક બાબતોથી અજ્ઞાન રહે છે. મુસલમાનોનું આફ્રીન વખણાય છે. વૈષ્ણવોની ભક્તિ વખણાય છે અને જૈનોની દયા વખણાય છે. હાલમાં કેટલાક લોકોની એવી કિંવદન્તી છે કે, અમેરીકાનો નાશ થાય તો વિશ્વમાંથી સ્વતંત્રતા જાય. ઇંગ્લાંડનો નાશ થાય તો દુનિયામાંથી રાજ્ય કપટકલા-મુત્સદ્દીપણું જાય. જાપાનનો નાશ થાય તો દુનિયામાંથી મોજશોખ જાય. એશિયાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાશ થાય તો આર્યપણું જાય. હિંદનો નાશ થાય તો દુનિયામાંથી અધ્યાત્મજ્ઞાનનો નાશ થાય. ખ્રીસ્તિધર્મનો નાશ થાય તો પશુ-પંખી વગેરે પ્રાણીઓ બચે. કારણ કે ખ્રીસ્તિઓ એમ માને છે કે પરમેશ્વરે મનુષ્યોના ખાવા માટે પશુઓ, પંખીઓ જલચરોને બનાવ્યાં છે. જો મુસલમાન ધર્મનો નાશ થાય તો દુનિયામાંથી આકીન જાય. જો હિંદુધર્મનો નાશ થાય તો બહુ દેવદેવીઓ તથા અધ્યાત્મજ્ઞાનનો નાશ થાય. બૌદ્ધધર્મનો નાશ થાય તો બુદ્ધિવાદનો નાશ થાય. તથા જૈનધર્મ અને જૈનોનો નાશ થાય તો દુનિયામાંથી સત્ય, દયાનો અહિંસાનો નાશ થાય. દુનિયામાં હાલ છત્રીહજાર મત-પંથ છે, જૈનોમાં શ્રીભદ્રબાહુ, હરિભદ્રસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, મલ્લવાદી, સિદ્ધસેન દિવાકર, ઉપાધ્યાયજી સમંતભદ્રસૂરિ, અકલંક, નિકલંક, કુંદકુંદાચાર્ય વગેરે અનેક આચાર્યો થઈ ગયા છે. તેઓએ સર્વ વિષયના અનેક ગ્રન્થો લખ્યા છે, જૈનોનાં તીર્થો સિદ્ધાચલ, ગિરનાર, તારંગા, આબુ, રાણકપુર, સમ્મેતશિખર, પાવાપુરી, શ્રવણ બેલ્ગુલ, રાજગૃહી વિગેરે અનેક છે. હિમાલયમાં પણ જૈન તીર્થ છે. કાબુલમાં જૈનો વસે છે. હિંદની ચારે દિશાએ જૈન તીર્થો છે. જૈનો વ્યાપારી, ધનાઢ્ય, શ્રીમંતો, ચતુર, કલાદક્ષ ગણાય છે. હાલમાં સર્વ ધર્મવાળાઓની ચળવળ દેખીને જૈનો પણ જાગ્રત્ થયા છે. જૈન કોન્ફરન્સો ભરાય છે, પણ તેમાં જૈનોની સંખ્યા વૃદ્ધિ માટે તથા શ્વેતાંબર દિગંબરફોમના તીર્થના કજીયા માંહોમાંહે પતાવવા તે સંબંધી કશું ખાસ જાણવા લાયક લક્ષ અપાતું નથી, તેથી તીર્થોના ઝગડામાં જૈનોના લાખો રૂપૈયા બરબાદ થાય છે. જૈન ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિમાં દિગંબરો જેટલું ધર્માભિમાન શ્વેતાંબરો લક્ષપૂર્વક રાખતા નથી. દરેક જૈને એક વર્ષમાં બે ત્રણ તીર્થોની યાત્રા કરવી તથા દરરોજ એક જૈન પુસ્તકનો કેટલોક ભાગ વાંચી જવો તથા દરરોજ ગુરૂનો બોધ સાંભળવો. દરરોજ ગુરૂદર્શન તથા વ્યાખ્યાનનો લાભ ન મળે તો વર્ષમાં ચાર પાંચ વખત જ્યાં આચાર્યો સાધુઓ હોય ત્યાં ગુરૂદર્શનાર્થે જવું અને જૈનધર્મનું વ્યાખ્યાન વગેરેથી સ્વરૂપ સમજવું. જૈન ધર્મની શ્રદ્ધા ધારણ કરવી અને અન્યધર્મીઓના ધર્મની નિંદા ન કરવી. અન્ય હિંદુઓ વગેરે ધર્મની ચઢતી કરવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં જે જે ઉપાયો ગ્રહણ કરે તે પ્રમાણે પોતે જૈનોએ પણ ધર્મ વૃદ્ધિના ઉપાયો ગ્રહણ કરવા. જો એ પ્રમાણે જૈનો સમય વિચારી કર્મયોગી થઇ વર્તશે, તો દુનિયામાં જૈનોનું અસ્તિત્વ સંરક્ષી શકશે, અને અન્ય ધર્મીઓના આક્રમણ–હુમલા વગેરેથી બચી શકશે.

જૈનોએ જૈનોમાં બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યાદિક ચારે વર્ણના ગુણ કર્મોને પ્રગટાવી સ્વાશ્રયી બની જીવવા ખાસ લક્ષ્ય દેવું. ઉંઘતી કોમ મરે છે અને જાગતી કોમ જીવે છે. જૈનોએ દુનિયામાં સર્વ જાતની ધર્મી કોમો સામે ટકી જીવી રહેવાનું સર્વ પ્રકારનું બળ પ્રાપ્ત કરવું. પ્રસંગ પડયે અન્ય કોમો જો સ્વકોમનો બહિષ્કાર–અસહકાર કરે તો તે વખતે જૈનોએ સ્વાશ્રયી રહેવાની સામગ્રીઓ પહેલાંથી પ્રાપ્ત કરવી અને અન્ય કોમોના આશ્રય વિના પણ જીવી શકાય તથા જૈનધર્મને પાળી શકાય એવી આત્મબળકળની શક્તિયોવડે યુક્ત રહેવું અને આપત્કાલે આપત્કાલીન ધર્મથી જીવીને જૈન તરીકે રહેવું. જૈનોએ બાલલગ્ન તથા વૃદ્ધલગ્ન ન કરવાં તથા કરાવવાં નહિ. કસરત, હવા, જલ, પ્રકાશ, અન્નવસ્ત્રથી શરીરનું આરોગ્ય જાળવવું. મોટી કોમો નાની કોમોને ગળી જાય નહીં એવું જ્ઞાન કરી સાવધ રહેવું. દેશ રાજ્ય ધન કીર્તિ અને પ્રાણનો નાશ થાય તો પણ જૈનધર્મથી ભ્રષ્ટ ન થવું. અર્થાત્ જૈનધર્મની આગળ સર્વ વસ્તુઓને તુચ્છ સમજવી. સર્વ પ્રકારની કલાઓનું શિક્ષણ લેવું. મહાજન મહાસંઘનું બળ જાળવી રાખવું. કોઇથી ડરવું નહીં. સર્વ બાબતમાં સુજ્ઞ રહેવું. જૈનશાસ્ત્રોમાં શ્રાવકને સવા વસાની દયા કહી છે, માટે જૈન કોમ–સંઘ ધર્મનો નાશ થાય એવી શાસ્ત્ર વિરૂદ્ધ અતિદયાથી દૂર રહેવું. આત્માનું અને કર્મનું સ્વરૂપ જાણવું; પણ ભાવિમાં હશે તે થશે અથવા કર્મમાં લખ્યું હશે તેમ થશે. એવું એકાંત હઠવાદથી માની પુરૂષાર્થને–ઉદ્યમને ન મૂકવો. એ પ્રમાણે અમારી જૈનકોમને ગુરૂની ફરજ તરીકેની હિત-શિક્ષા આપી છે, માટે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવનારા જૈનો મારી શિક્ષા સત્ય સમજી તે પ્રમાણે વર્તશે તો તેઓની પડતી થશે નહીં અને હવેથી તે પ્રમાણે વર્તતાં બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામશે. અમારી શિક્ષા પ્રમાણે વર્તો એમ ઇચ્છું છું. અંધતા, અતિદયા અને અશક્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થી જૈનોએ દૂર રહેવું. એ પ્રમાણે શિક્ષાથી વર્તતાં જૈનકોમની ઉન્નતિ છે.

જૈન કોમ ગાયો વગેરે પશુઓનું અને પંખીઓનું રક્ષણ કરે છે. સનાતન આર્ય જૈનકોમની પેઠે આર્યવૈદિક પૌરાણિક હિંદુ કોમ પણ ગાયને પવિત્ર માની તેનું રક્ષણ કરે છે. પૂર્વે વિજાપુર વગેરે શહેરો, નગરો, પુરો, અને ગામોમાં ઘણી ગાયો હતી. ઘણી ગોચર ભૂમિયો હતી. હવે ગાયો ઘટવા લાગી છે, તથા ગોચર ભૂમિઓ ભાંગીને ખેતર કરવામાં આવે છે, તથા ગાયો પાળનારા રબારી લોકોને ઉત્તેજન આપવામાં આવતું નથી. પૂર્વે આર્ય રાજાઓ પોતાના રાજ્યમાં ગૌમાતાનું રક્ષણ કરતા હતા. હવે તો ઘણાખરા હિંદુરાજાના સ્ટેટોમાં કસાઈખાનામાં ગાયોની કતલ કરવામાં આવે છે. (વિજાપુરમાં મુસલમાનોના ઘરોમાં હાલ જેટલી ગાયો છે તેટલી બ્રાહ્મણ વણિક વગેરેના ઘેરે ગાયો નથી.) ગામડાઓમાં તથા શહેરોમાં ઉચ્ચ હિંદુઓ કે જે લક્ષ્મીમંતો છે, તેઓના ઘરોમાં ગાયો રાખવામાં આવતી નથી. ખ્રીસ્તિયો બાયબલમાં લખ્યા પ્રમાણે ગાયમાં આત્મા નથી એમ માનીને ગાયોને મારી ખાવામાં પાપ સમજતા નથી. તેઓ તથા બ્રિટીશ સરકારમાં ગાયોને કાપી નાખવાથી ગાયો કે જે ભારતનું ધન છે તે ખૂટી જાય છે. વૈદિક પૌરાણિક હિંદુઓએ તથા આર્ય જૈન હિંદુઓએ ગાયો વગેરે પશુઓના રક્ષણ–પાલન માટે ખાસ પુરૂષાર્થ કરવો જોઈએ. ગુજરાત વગેરે દેશોમાં પહેલાં દેવીઓની આગળ બકરા--પાડા વિગેરેનો ભોગ ચઢાવવામાં આવતો હતો. હવે તે પ્રથા બંધ થવા લાગી છે. આરાસુરી અંબિકામાતામાં પહેલાં આસો સુદિ આઠમે પાડાઓ તથા બકરાઓનો ભોગ આપવામાં આવતો હતો, પણ આ સાલમાં દાંતાના રાણાએ પાડા બકરાનો વધ બંધ કરાવ્યો છે, તેથી દાંતાના રાજાને ધન્યવાદ ઘટે છે. વિજાપુર તાલુકામાં દેવીઓ આગળ પાડા–બકરાનો વધ થતો હતો, તે શેઠ મગનલાલ કંકુચંદના તથા અમારા પ્રયાસથી બંધ થયો છે. વિજાપુરના મુસલમાનો પણ પશુઓ ઉપર અને પંખીઓ પર દયાની લાગણી પૂર્વે કરતાં વિશેષ દર્શાવે છે. વિજાપુરમાં જૈન હિંદુઓ, વૈષ્ણવ હિંદુઓ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુસલમાનો પરસ્પર મિત્રભાવથી વર્તે છે અને એકબીજાના હિતને માટે પરસ્પરના શુભમાં પ્રસંગે ભાગ લે છે.

ધનવંત જૈનો ગરીબોને મદદ કરે છે, દુષ્કાલના વખતમાં ગરીબ મનુષ્યોનું તથા પશુઓનું રક્ષણ કરવા પ્રયત્ન કરે છે. બારોટોમાં જે લક્ષ્મીદાર છે એવા બારોટ ત્રિકમજી વાઘજી વગેરે તથા બ્રાહ્મણ કોમમાં લલ્લુભાઇ ગિરધર વગેરે ગરીબોને ખાનગીમાં તથા જાહેરમાં મદદ કરે છે અને જ્યાંસુધી હિંદુઓ તથા મુસલમાનો, બને છે ત્યાં સુલેહ સંપ રાખીને વર્તે છે. વિજાપુરના લોકો વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણીમાં અન્ય શહેરોના કરતાં ઘણા પાછળ છે. મુસલમાનોની અપેક્ષાએ જૈન હિંદુઓ તથા વૈષ્ણવ હિંદુઓ નબળા છે. વિ. સં ૧૯૭૮ માં વિજાપુરમાં મીરખાં–ધાડ પાડે છે, તે આવે છે એવી વાત ખરા બપોરે સાંભળતાં જૈનોએ તથા વૈષ્ણવોએ દુકાનો બંધ કરી દીધી તથા કેટલાક વાણિયા ઢેઢવાડામાં તથા ખેતરોમાં નાસી ગયા, તથા કેટલાક વહોરવાડમાં પેસી ગયા હતા તેથી તે કોમે હવે બીકણ–નબળાઇપણાનો ત્યાગ કરી ક્ષાત્રતેજ ધારણ કરતાં શિખવું. જો તે ક્ષાત્રતેજકર્મ પ્રાપ્ત નહીં કરશે તો અન્ય પ્રબલ લોકોના બળથી ચગદાઈ દુર્બલ દાસ પ્રજા બની જશે. માટે તેણે પોતાના પર આવતાં સર્વ આક્રમણોને જીતવાનું બળ પ્રાપ્ત કરવું જોઇએ. બળથી જીતે તે જૈન છે. નિર્બલને જૈન થવાનો અધિકાર નથી. મુસલમાનો પોતાનો બચાવ સારી રીતે કરી શકે છે. સરખા બળવાળાઓનું સામ્ય થાય છે, માટે હિંદુ કોમે તથા જૈન કોમે "બળવાન્ બનવું જોઈએ" વિજાપુરના વહોરા વર્ગમાં ઘણો સંપ છે, તેવો સંપ હિંદુ જૈનોએ ધારણ કરવો જોઈએ. પરસ્પર એક બીજી કોમપર અન્યાય જૂલ્મ ન કરતાં પરસ્પર સુલેહ જળવાઇ રહે એવી રીતે બન્ને કોમના આગેવાનોએ વર્તવું જોઇએ. સામાન્ય મતભેદોના કલેશોને સહન કરવા, પણ તેથી લડી મરવું ન જોઈએ. વિજાપુરમાં ખ્રીસ્તિ ઉપદેશકોનો વિ. સં. ૧૯૭૯ થી પગપેસારો થવા લાગ્યો છે. બ્રાહ્મણ વગેરેએ ચેતીને ઢેડાઓ વગેરે ખ્રીસ્તિ ન થાય તેવો સામો ઉપદેશ દેવો જોઈએ. હિંસકખ્રીસ્તિ કરતાં એકેક દયાવંત જૈન, હિંદુ લાખ ઘણો પવિત્ર છે માટે ગરીબ અજ્ઞાનોને ખ્રીસ્તિ થતાં પૂર્વે બ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાવવા જોઇએ. મુસદ્દમાનોએ પણ મુસદ્દમાનો ખ્રીસ્તિ ન થાય તે માટે સાવચેત રહેવું જોઇએ. વિજાપુરના લોકોનું ધાર્મિક પ્રકરણ એ પ્રમાણે લખ્યું છે તેમાં કંઈ ભૂલચૂક થઈ હોય તો સજ્જનો ક્ષમા કરશે અને સુધારવા સૂચના આપશે.

(વિજાપુર બ્રાહ્મણ વર્ગમાં જૈન સંસ્કૃત પાઠશાલાના સ્થાપન પ્રસંગે આપેલ ભાષણ.)

વિ. સં. ૧૯૮૦ ના માગશર સુદિ છઠે વિજાપુરના ગૃહસ્થ બ્રાહ્મણ મગનલાલ કૃષ્ણારામે એક વૈદિકહિંદુ સંસ્કૃત પાઠશાલાના સ્થાપન પ્રસંગે અમને આમંત્રણની વિજ્ઞપ્તિ કરી. માગશર સુદિ સાતમે વેરાવાસણમાં તેમની વિજ્ઞપ્તિથી તે સભામાં જવાનું થયું. વિજાપુર તાલુકાના વહીવટદાર રમણલાલ વસંતરામ તથા મુન્સફ મણિલાલ દોલતરામ તથા અવલ કારકુન દેશાઈ ડાહ્યાભાઇ નથુભાઈ વગેરે અમલદારો તથા મહાજનના આગેવાનો તથા સભ્ય ગૃહસ્થો તથા પાંચસે બ્રાહ્મણો વગેરે થઈ દોઢ હજાર મનુષ્યો હતા. તે પ્રસંગે નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતું. બ્રાહ્મણોએ આજ સુધી સંસ્કૃતભાષા રૂપ ગંગા નદીનું રક્ષણ કર્યું છે, તેમજ જૈનોએ સંસ્કૃત ભાષામાં હજારો ગ્રન્થો લખી સંસ્કૃત ભાષાના સાહિત્યની પુષ્ટિ કરી છે. વિજાપુરમાં વિદ્યાનંદસૂરિએ વિદ્યાનંદ વ્યાકરણ રચ્યું છે. જૈનોમાં ૧ સિદ્ધહેમ. ૨ શાકટાયન, ૩ જૈનેન્દ્ર, ૪ બુદ્ધિસાગર, ૫ વિદ્યાનંદ વગેરે વ્યાકરણો હાલ વિદ્યમાન છે. બ્રાહ્મ ગ્રંથિ હિન્દુઓમાં પાણિનિ, સારસ્વત વગેરે વ્યાકરણ પ્રસિદ્ધ છે. બ્રાહ્મણોએ જૈનોએ અને બૌદ્ધોએ સંસ્કૃતભાષામાં અનેક ગ્રન્થો લખ્યા છે. સંસ્કૃત પાઠશાલાની વિજાપુરમાં ઘણી જરૂર છે. ગુજરાતના બ્રાહ્મણોમાં સંસ્કૃતભાષાની સારી રીતે ખીલવણી થવાની જરૂર છે. વિજાપુર સંસ્કૃત પાઠશાલા જે આ સ્થાપવામાં આવી છે તેમાં વ્યાકરણ તથા ન્યાયની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને અમો ઉપદેશ દ્વારા ઇનામ અપાવીશું. સેંકડો પેઢીઓથી જે ગુજરાતી બ્રાહ્મણો દારૂમાંસ વગેરે અભક્ષ્ય અપેયપદાર્થોથી ભ્રષ્ટ થયા નથી અને સાત્વિક ભોજન થી જીવે છે. તથા યમનિયમાદિકથી સાત્વિક વૃત્તિવાળા છે એવા એકેક બ્રાહ્મણની તોલે હજારો ખ્રિસ્તીઓ પણ આવી શકે નહીં. દારૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંસાદિક અભક્ષ્ય પદાર્થથી મુક્ત એવો જૈન છે તે દારૂ તથા માંસ વાપરનાર હિંસક એવા ખ્રીસ્તીથી લાખ કરોડ ગણે દરજ્જે ઉત્તમ છે. વિજાપુરના બ્રાહ્મણો ઘણાખરા વ્યાપાર વગેરેમાં જોડાયા છે. શેઠ લલ્લુભાઇ ગિરધર, વિઠ્ઠલભાઈ રણછોડ તથા મગનલાલ કૃષ્ણારામ. પુરૂષોત્તમ લલ્લુભાઇ વગેરે લક્ષાધિપતિ બ્રાહ્મણો છે. શ્રીયુત મગનલાલ કૃષ્ણારામે સંસ્કૃત પાઠશાલા સ્થાપીને અઢીહજાર રૂપૈયા તેમાં આપ્યા છે પણ તેમાં દશ પન્નર હજાર રૂપૈયા આપવાની જરૂર છે. તેમજ અન્ય ધનવંત બ્રાહ્મણોએ પણ તેમાં હજારો રૂપૈયા આપવા જોઈએ અને બ્રાહ્મણ વિદ્યાર્થિયોને સ્કોલરશીપો આપી ભણાવવા જોઈએ. વિદ્યાજ્ઞાન સાત્વિક ગુણકર્મથી જે બ્રાહ્મણ છે તે ઉત્તમ બ્રાહ્મણ ગણાય છે. બ્રાહ્મણના ગુણકર્મથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે પણ લક્ષ્મીથી તથા રાજ્યસત્તાથી બ્રાહ્મણપણું પ્રાપ્ત થતું નથી. પંડિત-જ્ઞાનીઓજ બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરી શકે છે. વિજાપુરમાં કેટલાક બ્રાહ્મણો કન્યાવિક્રય કરે છે તે બંધ થવો જોઈએ, તેમજ બાલલગ્ન તથા વૃદ્ધલગ્ન બંધ થવાં જોઇએ. વિજાપુરમાં ગિરિજાશંકર, મગનલાલ જાની, રવિશંકર, સદારામ, શિવશંકર વગેરે પંડિતો છે પણ તે અલ્પ સંખ્યા પ્રમાણમાં છે. જૈન ધર્મ પ્રવર્તાવવામાં ગૌતમાદિક ગણધરો વિગેરે હિંદુ બ્રાહ્મણોએ મોટો ભોગ આપ્યો છે. વિદ્વાન્ બ્રાહ્મણો ભારતના ઉદ્ધારમાં આગેવાનો થશે.

હિંદુધર્મના પ્રવર્તકો બ્રાહ્મણો છે, તેથી બ્રાહ્મણોએ સત્ય હિંદુધર્મને ટકાવી રાખવો જોઇએ. જ્ઞાની પંડિત બ્રાહ્મણોજ ખરા બ્રાહ્મણો છે. આત્મજ્ઞાનીઓ બ્રાહ્મણત્વને પામે છે. હિંદુધર્મના ત્રણ ભેદ છે, વૈદિકપૌરાણિકહિંદુધર્મ, બૌદ્ધ હિન્દુધર્મ અને જૈન હિન્દુધર્મ. હિન્દુસ્થાનમાં જે ધર્મો ઉત્પન્ન થયા છે તે તે ધર્મ પાળનારાઓ હિન્દુધર્મિઓ કહેવાય છે. જૈનોમાં સંસ્કૃત ભાષાનો જીવતો પ્રચાર થવો જોઈએ. જૈન હિન્દુધર્મ અને વૈદિક પૌરાણિક હિન્દુધર્મને બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો પાળે છે, જૈન હિન્દુઓ અને વૈદિક પૌરાણિક હિન્દુઓ એકજ માબાપનાં સંતાન-આર્યો છે. ફક્ત ધર્મભેદે તેઓનો ભેદ છે, પણ વર્ણજાતિ તરીકે ભેદ નથી. બ્રાહ્મણો અને જૈનો ધર્મમાં તથા આર્યત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીતિમાં ઠેઠ નજીકના સંબંધી છે. હિંદુ, જૈન, ક્રીસ્તિ અને મુસલમાન ગમે તે ધર્મવાળાનો મુખ્ય ઉદ્દેશ પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો છે. રાગદ્વેષનો ત્યાગ કરવાથી અને સમભાવ સમકિત યોગની પ્રાપ્તિ કર્યાથી હિંદુ જૈન મુસલમાન વગેરે સર્વ ધર્મવાળાની મુકિત અવશ્ય થાય છે. મને જૈન હિંદુ મુસલમાન વગેરે સર્વ ધર્મવાળાઓ પર એક સરખો આત્મસમભાવ વર્તે છે. ધર્મભેદે વિચાર ભેદોમાં અને આચાર ભેદોમાં જે કંઈ સત્યહોય તે અપેક્ષાએ ગ્રહણ કરવું પણ ધર્મમતભેદે ભિન્ન ધર્મિઓ પર દ્વેષ ન ધારવો જોઇએ. વિજાપુરમાં હિંદુઓમાં મુસલમાનોમાં ધર્મસંબંધી ઝઘડા થયા નથી અને ભવિષ્યમાં ન થાય એમ ઇચ્છું છું. આત્મજ્ઞાનાભિમુખ થવાનેમાટે સંસ્કૃત ભાષામાં રચાયેલાં આત્મજ્ઞાનનાં શાસ્ત્રો વાંચવાને માટે સંસ્કૃત ભાષાની ઉપયોગિતા છે અને આ પાઠશાળાના સ્થાપનમાટે ભાઈ મગનલાલ કૃષ્ણારામને ધન્યવાદ ઘટે છે. ભાષા તો વિદ્યાજ્ઞાનનું વાહન છે, તે દ્વારા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને રજોગુણની અને તમોગુણની વૃત્તિયોને ટાળીને સાત્વિક વૃત્તિયોથી તથા સાત્વિકાચારોથી યુક્ત થઇ પરમાત્મપદ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરવો એજ સર્વ ધર્મવાળા મનુષ્યો નું ખાસ આદર્શ–ધ્યેય છે, તે ભૂલાતાં પ્રભુ ભૂલાય છે અને ભૂલથી શુદ્ધિ થતી નથી. દુર્ગુણ–દુરાચાર ટાળીને સદ્‌ગુણ સદાચાર પ્રાપ્ત કરવાથી સર્વ મનુષ્યોની ગમે તે ધર્મમાં વ્યવહારે રહ્યા છતાં સમકિતયોગે આત્મોન્નતિ થાય છે. આત્માની શુદ્ધિ કર્યા વિના મુક્તિ થતી નથી માટે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરીને આત્મજ્ઞાનના માર્ગે વળવું જોઇએ કે જેથી અનેક પ્રકારના મિથ્યાત્વાદિ દોષોનો નાશ થાય. પૂર્વના ઋષિમુનિયોના પગલે ચાલી આત્માની શકિતયોને ખીલવવી જોઇએ. વિદ્યાજ્ઞાનથી બ્રાહ્મણ શોભે છે. ક્ષાત્ર ગુણકર્મથી ક્ષત્રિય શોભે છે. ત્યાગ વૈરાગ્યજ્ઞાનથી સાધુ શોભે છે. તમોગુણી રજોગુણી ઉન્નતિ કરતાં સાત્વિક ઉન્નતિ અનંતગુણી ઉત્તમ છે અને મોક્ષ આપનારી છે. સર્વના ભલામાં પોતાનું ભલું થાય છે. સર્વ લોકોના શ્રેય માટે કલ્યાણવૃત્તિ પ્રવૃત્તિ ધારવી જોઇએ. મેં અનેકવાર જાહેરભાષણો આપીને વિજાપુરના સર્વ લોકોને આત્મોન્નતિનો માર્ગ દર્શાવ્યો છે. જન્મભૂમિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવા આજસુધી કરી છે અને કરીશ. હિંદુમુસલમાન સર્વ લોકોના ભલામાં મારી એક સરખી ભાવના તથા પ્રવૃત્તિ છે.

મારો જૈનધર્મ છે અને જૈનધર્મી સાધુ છું. જૈનધર્મના તત્ત્વજ્ઞાન થી આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અન્યધર્મીઓ સાથે મૈત્રી–પ્રેમભાવથી વર્તું છું. પ્રભુ મહાવીરદેવની આજ્ઞા પ્રમાણે જ્યારે સમકિત પૂર્વક સમ ભાવ આવશે ત્યારે બુદ્ધ, હિંદુ, મુસલમાન, ખ્રીસ્તિ, વૈષ્ણુવ અને જૈને વગેરે સર્વ ધર્મવાળાઓની મુકિત થશે. સર્વ ધર્મમાંથી સાત નયોની સાપેક્ષાએ સત્ય ખેંચું છું. સાત નયોની સાપેક્ષાએ દુનિયાના સર્વ ધર્મશાસ્ત્રોમાં જે જે સત્ય છે તેને સાપેક્ષાએ સત્ય માનુ છું તેથી સર્વધર્મને જૈન ધર્મીગો તરીકે સાત નયનોની અપેક્ષાએ સ્વીકારીને સર્વધર્મીઓસાથે આત્મભાવથી વર્તું છું. કોઇપણ અન્યધર્મપર તથા અન્ય ધર્મીઓપર દ્વેષ થતો નથી. સર્વ ધર્મી-ઓના ત્યાગી સાધુઓ વગેરેના સહવાસમાં–પરિચયમાં આવું છું અને તેઓ મારા પરિચયમાં આવે છે અને આત્મજ્ઞાનથી અને પ્રભુધ્યાન ભક્તિથી આત્માનંદરસમાં રસિક થાઉ છું. સમકિતસહ સમ ભાવની પ્રાપ્તિ અર્થાત્ રાગદ્વેષનો ક્ષય થતાં જૈનો હિંદુઓ તથા અન્ય ખ્રીસ્તિ, બૌદ્ધ વગેરે સર્વ ધર્મવાળાઓ મુક્તિ પામી શકે છે એવી મારી સાપેક્ષનયયુક્ત માન્યતા છે. ધર્મયુદ્ધથી શસ્ત્ર વગેરેથી હિંસા કરીને કોઇપણ ધર્મવાળાઓ પોતાના ધર્મીઓની સંખ્યામાં વૃદ્ધિ કરવા ચાહે તો તે પરમેશ્વરની આજ્ઞા વિરૂદ્ધ છે એમ માનું છું. ધર્મયુદ્ધ હિંસા કરીને અન્યોને સ્વધર્મી બનાવવા એ પરમેશ્વરના સત્ય બહાર છે તથા તે મોહ છે. કોઇપણ ધર્મવાળાપર પોતાનું બળ ખોટી રીતે બજમાવી તેઓની સ્વતંત્રતાનો નાશ કરવો તે પાપ છે. શસ્ત્રની અણીએ તથા પ્રાણ લેવા વગેરેનો ભય બતાવી કોઇને પણ પોતાનો ધર્મ કબૂલ કરાવવો તે અધર્મ છે. દરેક ધર્મમાં જે જે સદ્‌ગુણો તથા સત્ય હોય તે ગ્રહણ કરવું જોઇએ. પરસ્પર ભિન્ન ધર્મની વિરૂદ્ધ માન્યતાએ કલેશ ન કરવો તથા અન્ય મતોના વિચારો અને આચારો કે જે પોતાના ધર્મથી વિરૂદ્ધ હોય તેથી તેઓપર ઇર્ષ્યા, વૈર અને હિંસાબુદ્ધિ ન ધારવી અને અન્ય મત સહિષ્ણુતા બુદ્ધિ ધારણ કરવી. મુસલમાનો અને હિંદુઓ વગેરેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક ગુણાનુરાગી ભક્તો મેં જોયા છે. તેઓમાંના પણ ઘણા મારા પર ઘણો પ્રેમ ધારણ કરે છે અને તેઓ પર હું આત્મભાવ ધારૂં છું. દરેક ધર્મોમાં જે જે અસત્ય જણાય છે તેને હું માનતો નથી. દરેક ધર્મવાળાઓ આત્માની શુદ્ધિ કરવી અને મન વચનને કાયાથી પાપ ન કરવું એમ ઓઘે માને છે. પરસ્પર દરેક ધર્મના જે જે વિચારો આચારો મળતા આવે તે તે અંશે તે તે ધર્મવાળાની સાથે સહકારી થઈ વર્તવું અને મોહશયતાન અર્થાત્ માયા કે જેને કર્મ પ્રકૃતિ કહેવામાં આવે છે તેની સાથે અસહકાર કરવો. અન્ય સર્વ ધર્મવાળાઓને સ્વાત્મ સમાન માનવા અને ધર્મભેદે થતાં ધર્મયુદ્ધો કે જેના ગર્ભમાં અધર્મ હોય છે તેઓને પ્રગટતાં વારવાં. પરમેશ્વરનો પ્રતિનિધિ પવિત્ર મનુષ્ય છે, માટે દરેક ધર્મવાળા હિંદુ મુસલમાનો જૈનો વગેરેને પવિત્ર કરવા અને તેઓની અપવિત્રતાઈથી તેઓનો નાશ ન કરવો પણ તેઓમાં રહેલા દુર્ગુણોનો નાશ કરવા બોધ દેવો, શુદ્ધાત્મા તેજ અરિહંત, રામ, હરિ, અલ્લા, પ્રભુ, મહાવીર, બુદ્ધ, આદિનામે અપેક્ષાએ છે. નામ અનેક છે પણ પરમાત્મા ઓઘે સત્તાએ એક છે એમ જાણવું. સર્વ ધર્મોમાં સત્તાએ ગુપ્ત આત્મજ્ઞાન રહેલું હોય છે તેની શોધ કરી શુદ્ધ બ્રહ્મપદ પ્રાપ્ત કરવું. નામરૂપનો મોહ છંડવો. પ્રભુમાં લયલીન થવું અને પવિત્ર થવું એજ મારૂ સત્ય મંતવ્ય છે. મિથ્યાત્વ મોહના નાશ પૂર્વક મનને વશ કરવાથી અને રાગદ્વેષનો ક્ષય કરવાથી હિંદુ-મુસલમાન, જૈન વગેરે ગમે તે હોય તોપણ તેનો સમભાવે મોક્ષ થાય છે એજ સત્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

परिशिष्ट—

જમીનનો દસ્તાવેજ.

(૧) શ્રીમંત મહારાજ સેના ખાસ ખેલ સમશેર બહાદુર પ્રગણે વીજાપુર હવાલે રાજેશ્રી બલવંતરાવ કાશી વી. સથવારા ગોવા વળદ બહેચર બને માધુ સાબે વડનગરા હાલ કસબે વીજાપુર જત કેટલાંએક વરસ થયાં દીવાનખાનાના દરવાજાથી દખણાદી મોરા જમીન પડતર હતી તે ઉપર શ્રી હજુર જાહેર થયું તે શ્રી વઢાદરેથી સંવત ૧૮૫૬ની સાલ મધ્યે શ્રીમંત મહારાજનો હુકમ સાદર થયો છે જે જમીન પડતર છે તે મધે નવી આબાદી કરો. તે ઉપર રાજેશ્રી બલવંતરાવ કાશી કેટલીએક જમીન બારોટ વહાલા મોહકમ તથા બારોટ ઘેલા મોટા તથા રહેમતસા ફકીર તથા જાફરસા ફકીર એ આસામીઓને ઘેર હતી, તેની કીંમતના રૂપીયા પોતાના ઘર થકી આપીને એ જમીન પડતર વેચાતી લીધી અને નવું પરૂં આબાદ કર્યું. તે મધેથી એક ઘર જેટલી જમીન પડતર તમોને આપી છે. તેની હદ-ખુંટનો સુમાર ભરતાં ઓતર દખણ પહોળી ગજ ૬ અંકે છ, ઉગમણી આથમણી લાંબી ગજ ૯ અંકે નવ ગજ સુતારીયાં જમલે ગજ ૫૪ અંકે ગજ ચોપન તેની કીંમતના રૂા, ૧૨૧ અંકે સવા બાર પુરા ઘર એકના ઉઘડા કરીને વેચાતી એ જમીન આપી. તે ઉપર તમો તમારી પદરના રૂપીયા ખરચીને ઇમારત કરજો. તેની હદ ખુંટના વિગત. કરો. ૧ ઓતરદિશા સથવારા અમીચંદ જીવાનો સીહારો છે. બીજો કરો ૧ દખણાદી મોરા જમીન પડતર છે તે મધે પડે છે. પછીત આથમણી દેશે કસબે વિજાપુરના મહાજનની જમીન પડતર છે તે મધે પડે છે. વચ્ચે નવાલી ગજ બે સુતારીયા છે.તે આ ઘર મજકુરની તથા કસબે મજકુરના મહાજનની સીહારી છે. પછી તે બારી છે. નેવાંનું પાણી બેણી કોરા પડે છે. બારણું ઉગમણી મોટા રાજમારગ મધે પડે છે. બારણા ઉપર બારી છે. નેવાંનું પાણી રાજમારગ મધે પડે છે. તે જમીન તમો તમારી ભોગવજો. એ ઘરની તમો તમારે મન ગમે તેવી ઇમારત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરજો. તેની હદ ખુંટ સમેત ઉપર લખી પ્રમાણે, જમીન પડતર નવ-નીધ ચૌદ રતન સમેત સાકપાણી માટે જાવો ચંદર સુર્ય કર–તપે ત્યાં સુધી રાજીખુશીથી આબાદી કરવા કાજે રૂપિયા ઉપર લખ્યા પ્રમાણે લઈને વેચાતી આપી છે. અભરામ નંદાવે આપી છે. એ જમીન મધે ઇમારત ઉભી કરજો, તે માલ તમારો છે તે ઘર તમો અડાંણે મુકો કે વેચો, તે તમોને કોઇ મુંઝામણ થાશે નહિ. એ જમીન-ને કોઈવાર સગીર વારસ આવી વળગે તો હરકત હેલો કરે નહિ. ઉપર લખ્યા પ્રમાણે એ જમીન આપી છે. તે તમારે ઇમારત કરજો. વિ૦ સંવત ૧૮૯૨ના ચૈત્ર સુદિ. ૨. રાજેશ્રી દેવરાવ કાશીએ આપ્યું છે અને રૂપીયા રાજેશ્રી દેવરાવ કાશીએ લીધા છે.

* * *

વિ૦ સંવત ૧૮૯૨ ના વરખે ચૈત્ર સુદ ૨ દને સથવારા ગોવા વળદ બહેચર બને માધુ સાખે વડનગરા લી. રાજેશ્રી દેવરાજ કાશી હરનારાયણ વાંચવા. જત ઘર ૧) શ્રી નવાપરા મધેનું જમીન ઉધડી ઉત્તર દખ્ખણ ગજ ૬ ગજ છ. ઉગમણે આથમણે ગજ ૬ ગજ નવ એણી રીતે ઘર ૧) જમીન હદ ખુંટ સુદ્ધાંત નવાલી ગજ ૨ ની મહાજની સીહારી છે. હદખુંટની વિગત કરો ૧) ઓતર દેસે સથવારા અમીચંદ જીવાનો સીહારો છે. બીજે કરો ૧) દક્ષિણ દેશે અમારી પડતર જમીન છે તે મધે પડે છે. પછીત આથમણી દેશે છે. પછીતે બારી છે તથા નવાલી ગજ ૨ ની તે કસ્બે વિજાપુરના મહાજનની જમીન છે, તેની તથા અમારી સીહારી છે. ઉગમણી મેા બારણું રાજમારગ મધે પડે છે. બારણા ઉપર બારી છે તથા બાળના પાણીનેા રસ્તો એણીકોરા છે. એણી રીતે ઘર ૧ ની જમીન પડતર હદ ખુંટ સમેત તમોને અભરામ નંદાવે વેચાથી આપ્યું. તેની કીંમતના રૂા. ૧૨ા અંકે સવાબાર પુરા નાણું સક્કાઈ રોકડું લઈને અભરામ નંદાવે વેચાથી આપ્યું. તે તમો તમારે મન ગમે તેવી ઇમારત કરજો. એ લખું સહી છે. નીમે રૂપીયા છેા ને આના બે થકી બમણા લેઇને આપ્યું છે. તે તમારી નજર મધે આવે એવી ઇમારત કરજો તે સહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાયકવાડ સરકારનાહાકેમો-અને ઇજારદારો.

યાદી પ્રગણે વિજાપુરના મહાલ ઉપર ગાયકવાડ સરકારથી કુમાવીસદાર—હાકેમ આવ્યા. તેની તપસીલ સં. ૧૮૫૫ થી

૧ સંવત ૧૮૫૫ મોદી વીરચંદ ફૂલચંદ.

૪ સંવત ૧૮૫૬ થી લગાઅત સંવત ૧૮૫૯ સુધી રાજેશ્રી બલવંતરાવ કાશી વરસ ૪ વરસ ૧ રૂા. ૧૨૦૦૦૦ ના મગતો (ઇજારો.)

૧૩ સંવત ૧૮૬૦ થી અંગ્રેજ સરકારને ઘેર ગયો તે સંવત ૧૮૭૨ ની સાલ સુધી વરસ ૧૩ તેની વીગત.

૪ સં. ૧૮૬૦ થી સં. ૧૮૬૩ સુધી વર્ષ ૪ રાજેશ્રી બલવંતરાવ કાશી, અંગ્રેજ સરકાર પાસેથી ઇજારે રાખ્યો. મગતો વરસ ૧ રૂ. ૧૪૦૦૦૦

૪ સંવત ૧૮૬૪ થી તે સં. ૧૮૬૭ સુધી અંગ્રેજ સરકાર ખાનગી રાખ્યું વર્ષ ૪.

૫ સંવત ૧૮૬૮ થી ૧૮૭૨ સુધી વરસ ૫ અંગ્રેજ સરકાર પાસેથી ઇજારે દેવરાવ કાશી લાવ્યા.

સંવત ૧૮૭૩ ની સાલમાં શ્રીમંત ગાયકવાડને પાછા સુપ્યા અને મોબદલે બીજા માહાલ અંગ્રેજ સરકારે લીધા કપડવણ જ વિગેરે.

૧ સંવત ૧૮૭૩ ની સાલ મધે ખાનગી માહાલ શ્રી ગાયકવાડ સરકારે રાખ્યો. જમી ઉપર રાજેશ્રી દેવરાવ કાશી.

૨ સંવત ૧૮૭૪ તથા સં. ૧૮૭૫ રાજેશ્રી દેવરાવ કાશી ઇજારે રાખ્યા વરસ ૨

૩ સંવત ૧૮૭૬ થી સંવત ૧૮૭૮ સુધી રાજેશ્રી આના દામોદર મહાલ રાખીને ઇજારે આપ્યો તેની વીગત.

૧ સંવત ૧૮૭૬ જમાદાર આરૂભાઇ ઇજારે.

૧ સંવત ૧૮૭૭ રાજેશ્રી દેવરાવ કાશી ઇજારે રાખ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ સંવત ૧૮૭૮ જમાદાર આરૂભાઇ ઇજારે રાખ્યું.

૬ સંવત ૧૮૭૯ થી તે સં ૧૮૮૪ સાલ સુધી વરસ ૬ દેવરાવ કાશી તેની વીગત.

૪ સંવત ૧૮૭૯ થી તે ૧૮૮૨ સુધી વરસ ૪ ઇજારા માફક ભર્યા.

૨ સંવત ૧૮૮૩ થી તે સં. ૧૮૮૪ વરસ બે કાચો હીસાબ સરકારને આપ્યો. સબબ જે સંવત ૧૮૮૩ થી તે સં. ૧૮૮૯ સુધી વરસ ૭ નો બંદોબસ્ત ઇજારાનો કર્યો હતો. તેવામાં રાજેશ્રી વિઠુબા દિવાનજીને સરકારથી બિગાડ થયો એટલે કાચો હિસાબ લીધામાં આવ્યો.

૧ સંવત ૧૮૮૫ ની સાલ મધે રાજેશ્રી રામરાવ આનાજીના નામનો ઇજારાનો મકતો કરીને બારોટ દામોદર મોહબત સંગ ઇજારે લાવ્યા.

૨ સંવત ૧૮૮૬ ની સાલમાં જપ્તી ઉપર ફડનીસનો કારકુન આવ્યો હતો ત્યારપછી જમાબંધીના આંકડા વખત બાપુ દેસાઇ આવ્યા, ત્યારપછી ચૈતર માસ મધે અંગ્રેજ સરકારે કબજે માહાલ કર્યો ને રાજેશ્રી વિઠુબા દિવાનજીને સુપાં તે સંવત ૧૮૮૭ તથા ૮૮ ચૈત્ર વૈશાખ સુધી રહું, કુમાસદાર રાજેશ્રી રાવસાહેબ દેવરાજ તથા રાજેશ્રી દાજી વીઠ્ઠલ. બાંનગી.

૧ સં. ૧૮૮૮ સાલ જપ્તી ઉપર રાજેશ્રી ભગવંત રઘનાથ ઉર્ફે આલા ગોરપડા ગાયકવાડ સરકારને સુપાણા તેમના થકા. માહાલ બાનગી.

૨ સંવત ૧૮૮૯ તથા સં. ૧૮૯૦ વરસ ૨ રાજેશ્રી તાતુપ બલાર માહાલ બાંનગી કુમાસદારી ઉપર તોતુપનો જમાઇ રાજેશ્રી દાદા પાંડુરંગ.

સંવત ૧૮૯૧ થી જમાદાર હમીદમીંયા બીન અમીરસાહેબ ઇજારે, તેમના મુગતાની વીગત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૧૦૦૦ સં. ૧૮૯૧ ૧૫૧૦૦૦ સં. ૧૮૯૩
૧૪૬૦૦૦ સં. ૧૮૯૨ ૧૫૫૦૦૦ સં. ૧૮૯૪
સં. ૧૮૯૫

તેમની તરફથી કુમાસદારી ઉપર જમાદાર સોભા આવ્યા તથા આગળ કારભારી નરોતમ તે નરોતમની બદલ મેતા ગીરધર રામજી આવ્યા. ત્યારપછી જમાદાર સોભા મૃત્યુ પામ્યા એટલે સંવત ૧૮૯૪ ની સાલમાં તેમના દીકરા મીંયા આચારભાઈ આવ્યા. સં.૧૮૯૫ ની સાલની ચુકવતી કારભારી સ્વરૂપરામ આવ્યા. ચોવીસા નાગર અને ગીરધર રામજી ગયા અને આચારભાઇ ગયા અને જમાદાર હાજી આવ્યા.

૧ સંવત ૧૮૯૬ ની સાલ મધે પારી. ભાઈચંદ સેવકરામ શા માહાળ ખાનગી રાખી આવ્યા.

૧ સંવત ૧૮૯૭ ની સાલમાં માહાલ ખાનગી રાખી રાજેશ્રી ગણેશ પંથતાતા આવ્યા.

ઔરંગજેબના સમયનું વિજાપુર.

[દીલ્હી તખ્તપર ઔરંગજેબ બાદશાહ હતા, તે વખતે વીજાપુર તાલુકાનાં કેટલાં ગામો હતાં તેની યાદી]

૧ ગોઠવા	૧૦ મગરોડા
૨ કમાણા	૧૧ બદલપુર
૩ લાછડી	૧૨ ચલોટા
૪ સવાલા	૧૩ અલીઆસણકાજી
૫ ખરવડા	૧૪ છોગાળા ઘાઘરેટ
૬ કુવાસણા	૧૫ પેપળદર
૭ ડઢીઆળ	૧૬ રંગપુર
૮ સુસી	૧૭ માલવું
૯ સદુથળા	૧૮ કમાલપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯ ગુદરાણુ
૨૦ હાજીપુર
૨૧ કુદેડા
૨૨ સુંદરપુર
૨૩ તેસાવા
૨૪ દેરીઉ
૨૫ ગઢડા
૨૬ માંકરોડા (સોજા, તળેછે)
૨૭ મુવાડા
૨૮ પેંડારડા
૨૯ ગોદમા
૩૦ પેઢામલી
૩૧ વરસોડા
૩૨ માણુસા
૩૩ વલાસણુ
૩૪ મોરાદપુર
૩૫ રહેમતપુર
૩૬ ખાનપુર
૩૭ સોમસણુ
૩૮ અંગોરીમા
૩૯ દુગાવ
૪૦ હેતવા
૪૧ ચાંગોદ
૪૨ કોલવડા
૪૩ માથલી ઉર્ફે ગુંછલી
૪૪ મલાવ
૪૫ મોરવાડ
૪૬ ભાલક
૪૭ કલભા ઉર્ફે રાજપુર
૪૮ મહુડી
૪૯ વીહાર
૫૦ ઉમખળ
૫૧ તાતોસણુ
૫૨ જંત્રાલ
૫૩ ઇયાસર
૫૪ રંગપુર મહેવાશી
૫૫ રણુશીપુર
૫૬ વેડા તલપદવાંટો
૫૭ લોદરા
૫૮ મંડાલીખરોડ
૫૯ કડા
૬૦ મંડાલીવીહાર
૬૧ કુવાદરા
૬૨ ખરોડ
૬૩ રાલીસણુા
૬૪ ચડાસણુ
૬૫ ત્રાંસવાડ
૬૬ કોટ, રામપુર કોટ ઉર્ફે એડીયાદ રામપુર ઉર્ફે એસુની
૬૭ ઇબરામપુર
૬૮ વેરાવાસણુ
૬૯ દગાવાડીયા
૭૦ રીદરોલ
૭૧ ગુંજાતળ પદવાંટો
૭૨ સુરખા
૭૩ કેલીસણુા
૭૪ લાડોલ
૭૫ અલીઆસણુ મેઘા
૭૬ કીયાદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭૭ આગલોડ (૧) મોટાવાસ
(૨) નાનાવાસ
૭૮ ધાંટુ
૭૯ પીલવાઈ
૮૦ ટીટોદણ
૮૧ કુઆરડા
૮૨ પાલડીગુંજા
૮૩ ધુનાડ
૮૪ વડાસણ
૮૫ પાલડી રાઠોડ
૮૬ દેવડા
૮૭ પાલડીવ્યાસ
૮૮ લાકરોડા
૮૯ ગેશીતા
૯૦ ઉંઢાઈ
૯૧ બીલીયા
૯૨ બામણવા
૯૩ ખડાત
૯૪ અંબાસણ
૯૫ અનોડીયા
૯૬ સોજા
૯૭ ગવાડા
૯૮ પામોલ
૯૯ શોભાસણ
૧૦૦ કુકરવાડા
૧૦૧ માલોસણ
૧૦૨ ખલુંસા
૧૦૩ કોટડી
૧૦૪ પોરડા
૧૦૫ ગણેશપુર
૧૦૬ દેણુપ
૧૦૭ કાંસા
૧૦૮ સરદારપુર ઉર્ફે કૃતેગડ
૧૦૯ શંઘપુર
૧૧૦ પુંધરા
૧૧૧ રણાસણ
૧૧૨ કસબેવાંટા
૧૧૩ કસબેહાયમા.

સંવત ૧૭૩૨ ની સાલમાં દીલ્હીની ગાદી ઉપર આલમગીર પાદશાહ હતા, તેઓ વોહરા હસનમહમદ ઊપર મહેરબાન થઇને તેને વીસનગર બાવીશી કરી આપી, તે વખતે પ્રગણે વીજાપુરનાં ગામ દસ પ્રગણે વીસલનગર તાલુકે આવ્યાં તેની વીગતઃ—

૧ ગોઠવા
૧ કુવાસણા
૧ લાછડી
૧ ડઢીઆળ
૧ કમાણા
૧ સુસી
૧ સવાળા
૧ સદુથળા
૧ ખરવડા
૧ મતારોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શીવાય નીચેનાં ૪ ગામ સંવત ૧૮૪૩ માં વીસનગર પ્રગણામાં ગયાં છે.

૧ બદરપુર ૨ થલોટા ૩ બલીઆસણુકાજી
૪ છોગાળ, ઘાઘરેટ

અને તે પછી વીસનગરમાં બીજા ગામો ગયાં તે—

૧ ભાલક
૧ ઇબ્રાસર
૧ ગુંજા
૧ બલીઆસણુમેધા
૧ કીયાદર
૧ દેણુપ
૧ કાંસા

બેરાળુમાં ગામો ગયાં તે—

૧ પીપળદર
૧ રંગપુર
૧ માલવું (વિરાન બીડતળે)
૧ ત્રાંસવાડ
૧ શોભાસણુ

સંવત ૧૮૮૮ માં ગામોની યાદી તે વખતે વેચાં (રા ?) ન હતાં તેની યાદી.

૩ લાડોલ તળે
૧ મોરાદપુર
૧ રહેમતપુર
૧ બાનપુર
૧ સોમસણુ નજીક બરવડા
૧ દુગાંવ નજીક પુંધરા
૧ હેતવા નજીક કમાંણા
૧ બેંગોરીયા નજીક જંત્રાળ

હાલ મહીકાંઠામાં છે તે.

૧ માણુસા
૧ વલાસણા
૧ તેછાવા
૧ વરસોડા
૧ ગોદમા
૧ દેરીબા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીજાપુર તાલુકામાં કેટલાંક ગામો કડી તાલુકાનાં આ પછી આવેલાં છે, અને કેટલાંક નવાં પરા પણ થયેલાં છે.

ગાયકવાડી રાજ્યના રાજ્યકર્તાઓની વંશાવલી.

૧	દામાજીરાવ	
૨	પીલાજીરાવ	ઇ. સ. ૧૭૨૪–૧૭૩૨
૩	દામાજીરાવ	૧૭૩૨–૧૭૬૮
૪	સયાજીરાવ	૧૭૬૮–૧૭૭૮
૫	ફત્તેસિંહરાવ	૧૭૭૮–૧૭૯૩
૬	ગોવિંદરાવ.	૧૭૯૩–૧૮૦૦
૭	આનંદરાવ.	૧૮૦૦–૧૮૧૯
૮	સયાજીરાવ બીજા.	૧૮૧૯–૧૮૪૭
૯	ગણપતરાવ.	૧૮૪૭–૧૮૫૬
૧૦	ખંડેરાવ.	૧૮૫૬–૧૮૭૦
૧૧	મલ્હારરાવ.	૧૮૭૦–૧૮૭૫
૧૨	સયાજીરાવ ત્રીજા	૧૮૭૫–૧૯૨૪ ચાલુ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ.

પંચાસરમાં ચાવડાનું રાજ્ય--વલ્લભીપુરનો નાશ થયા પછી ચાવડા ક્ષત્રિયો પંચાસરમાં આવ્યા. સોરઠકાંઠે દેવપટ્ટનમાં ચાવડા રહેતા હતા.

ઇ. ૧૨૩૦ માં રત્નમાળાનો કર્તા જણાવે છે કે ઇ. સ. ૬૬૧ માં પંચાસરમાં જયશિખરી રાજ્ય કરતો હતો.

પ્રબન્ધચિંતામણિમાં મેરૂતુંગ વિ. ૮૦૨ માં વનરાજનો રાજ્યાભિષેક જણાવે છે પરંતુ તે વિચારશ્રેણિમાં પાટણ સ્થાપન કર્યાની સાલ વિ. સં ૮૨૧ ના વૈશાખ વદિ ૨ જણાવે છે.

પાટણમાં ગણપતિની મૂર્તિપર વિ. ૮૦૨ ની સાલ લખી છે પણ તે તે વખતના આંકડા નથી એમ વિદ્વાનો કહે છે.

વનરાજે વર્ષ ૬૦ રાજ્ય કર્યું. ૧૦૯ વર્ષે મરણ પામ્યો.

*ચાવડાવંશ ઇ. સ. ૭૮૦થી ૯૬૧ સુધી ચાલ્યો.

યોગરાજ	ઇ. ૮૦૬ થી ૮૪૧	ચામુંડ	ઇ. ૮૮૦–૯૦૮
ક્ષેમરાજ	ઇ. ૮૪૧–૮૮૦	વાઘડ	ઇ. ૯૦૮–૯૩૭

(રાહડ) જન્મ અને રાજ્યાભિષેક ઇ. ૭૬૫ મરણ ઇ. ૭૮૦

ભુવડ ઇ. ૯૩૭–૯૬૧

સોલંકી વંશ. ઇ. ૯૬૧ થી ૧૨૪૨

મૂળરાજ	ઇ. ૯૪૨–૯૯૭	સિદ્ધરાજ	૧૦૯૪–૧૧૪૩
ચામુંડ	૯૯૭–૧૦૧૦	કુમારપાલ	૧૧૪૩–૧૧૭૪

---

* કેટલાક ઇતિહાસોમાં નીચે પ્રમાણે ચાવડાવંશની વંશાવળી છે.

૧ વનરાજ	ઇ સ. ૭૪૬–૮૦૬	વનરાજ	૭૬૫–૭૮૦
૨ યોગરાજ	૮૦૬–૮૪૨	યોગરાજ	૮૦૬–૮૪૨
૩ ક્ષેમરાજ	૮૪૨–૮૬૬	રત્નાદિત્ય	૮૪૨–૮૪૬
૪ ભુવડ	૮૬૬–૮૯૫	વૈરિસિંહ	૮૪૬–૮૫૬
૫ વૈરિસિંહ	૮૯૫–૯૨૦	ક્ષેમરાજ	૮૫૬–૮૮૯
૬ રત્નાદિત્ય	૯૨૦–૯૩૫	ભુવડ	૮૮૯–૯૦૮
૭ સામંતસિંહ (વાઘડ)	૯૩૫–૯૪૨	સામંતસિંહ (વાઘડ)	૯૦૮–૯૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વલ્લભસેન	૧૦૧૦–૧૦૧૦	અજપાળ	૧૧૭૪–૧૧૭૭
દુર્લભરાજ	૧૦૧૦–૧૦૨૨	મૂળરાજ બીજો	૧૧૭૭–૧૧૭૯
ભીમ પેહેલો	૧૦૨૨–૧૦૬૪–૭૨	ભીમ બીજો	૧૧૭૯–૧૨૪૧–૪૨
કરણ	૧૦૬૪–૧૦૯૪		

વાઘેલ વંશ. ઈ. ૧૨૧૯ થી ૧૩૦૪

કુમારપાલની માસીના પુત્ર અર્ણોરાજથી વાઘેલ વંશ ઉત્પન્ન થયો. કુમારપાળે અર્ણોરાજને વ્યાઘ્રપલ્લી ગામ ઈનામમાં આપ્યું હતું. તેથી ગામના નામે વાઘેલ વંશ થયો.

અર્ણોરાજ	ઈ. ૧૧૭૦–૧૨૦૦	વીરધવળ	ઈ. ૧૨૩૩–૧૨૩૮
લવણપ્રસાદ	ઈ. ૧૨૦૯–૧૨૩૩		

ણહિલ પાટણમાં રાજ્ય.

વીસલદેવ	ઈ. ૧૨૪૩–૧૨૬૧ મહારાજાધિરાજ બીરૂદ
અર્જુનદેવ	ઈ. ૧૨૬૧–૧૨૭૪
સારંગદેવ	૧૨૭૪–૧૨૯૬
કરણદેવ	૧૨૯૬–૧૩૦૪

(૨)

ઈ. ૧૨૯૭ થી ૧૭૫૮ સુધી ગુજરાતપર મુસલમાની રાજ્ય રહ્યું દિલ્હીના મોગલ બાદશાહના સુબા મોમીનખાનને હરાવીને મરાઠાઓએ તેની પાસેથી અમદાવાદ લીધું.

ઈ. ૧૨૯૭ થી ૧૪૦૩ સુધી દિલ્હીના બીલજી તથા તઘલખ બાદશાહોનો ગુજરાતપર અમલ ચાલ્યો.

ઈ. ૧૪૦૩ થી ૧૫૭૩ સુધી ગુજરાતપર અમદાવાદના સુલતાનોનો અમલ ચાલ્યો.

ઈ. ૧૫૭૩ થી ૧૭૬૦ સુધી ગુજરાતપર દિલ્હીના મોગલ બાદશાહોનો અમલ ચાલ્યો. ગુજરાતપર સાડીચારસો વર્ષ સુધી મુસલમાની રાજ્ય રહ્યું.

વિ. સં. ૧૭૯૬ થી ૧૮૦૦ લગભગમાં દામાજીએ ગામ માણસાનો ઘેરો તોડી ઠાકોરને હરાવી માણસાને કૂટી બાળ્યું

ઈ. ૧૭૪૧ માં ડભોડ ગામ બાળ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિલ્હીના બાદશાહો—(ગુજરાતપર)

૧ અલ્લાઉદ્દીન ઈ. ૧૨૯૫–૧૩૧૭
૨ મુબારકખીલજી ઈ. ૧૩૧૭–૧૩૨૦
૩ ગ્યાસુદ્દીન તઘલખ ૧૩૨૦–૧૩૨૫
૪ મહમદ તઘલખ ૧૩૨૫–૧૩૫૧
૫ ફિરોજ તઘલખ ૧૩૫૧–૧૩૮૮
૬ ગ્યાસુદ્દીનતઘલખ બીજો. ૧૩૮૮–૧૩૮૯
૭ અબુબેકર ૧૩૮૯
૮ નાસિરૂદ્દીનમહમદ ૧૩૮૯–૧૩૯૩
૯ સિકંદર ૧૩૯૩
૧૦ મહમૂદતઘલખ બીજો ૧૩૯૩–૧૪૧૨

અમદાવાદના સુલ્તાન—૧૪૦૩–૧૫૭૩

૧ મહમ્મદશાહ ૧ લો ઈ. સ. ૧૪૦૩–૧૪૦૭
૨ મુઝફરશાહ ૧૪૦૭–૧૪૧૧
૩ અહમદશાહ ૧ લો. ૧૪૧૧–૧૪૪૧
(ઈ. ૧૪૧૩ માં અહમદશાહે અમદાવાદ વસાવ્યું.)
૪ મહમ્મદશાહ બીજો ૧૪૪૧–૧૪૫૨
૫ સુલ્તાન કુતુબુદ્દીનશાહ ૧૪૫૨–૧૪૫૯
૬ દાઉદશાહ ૧૪૫૯–૧૪૫૯
૭ મહમૂદબેગડો ૧૪૫૯–૧૫૧૩
૮ મુજફરશાહ. ૨ બીજો ૧૫૧૩–૧૫૨૬
૯ સિકંદરશાહ ૧૫૨૬–૧૫૨૬
૧૦ મહમૂદશાહ બીજો ૧૫૨૬
૧૧ બહાદરશાહ ૧૫૨૬–૧૫૩૬
૧૨ મહમ્મદશાહ ૩ જો. (આસીરી) ૧૫૩૬–૧૫૩૬
૧૩ મહમૂદશાહ ૩ જો. ૧૫૩૬–૧૫૫૪
૧૪ અહમદશાહ ૨ જો. ૧૫૫૪–૧૫૬૧
૧૫ મુઝફરશાહ ૩ જો. ૧૫૬૧–૧૫૭૩

ગુજરાતપર રાજ્યકર્તા મોગલ બાદશાહો.

૧ અકબર ૧૫૭૩–૧૬૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ જહાંગીર ૧૬૦૫–૧૬૨૭
૩ શાહજહાન ૧૬૨૭–૧૬૫૮
૪ ઔરંગઝેબ (આલમગીર) ૧૬૫૮–૧૭૦૭
૫ બાહાદુરશાહ ૧ લો ૧૭૦૭–૧૭૧૨
૬ જહાંનદારશાહ ૧૭૧૨–૧૭૧૩
૭ ફરૂકશીઅર ૧૭૧૩–૧૭૧૯
૮ રફીઆઉદ્દરજાત ૧૭૧૯
૯ રફીઆઉદ્દદૌલા. ૧૭૧૯
૧૦ મહમ્મદશાહ, ૧૭૧૯–૧૭૪૮
૧૧ અહમદશાહ ૧૭૪૮ ૧૭૫૪
૧૨ આલમગીર બીજો, ૧૭૫૪ ૧૭૫૯

દીલ્હીના ખીલજી તથા તઘલખ બાદશાહોના વખતમાં ગુજરાતના સુબાઓ.

૧ બાદશાહ અલ્લાઉદ્દીન. ૧૨૯૫ ૧૩૧૫
- સુબા. અલફખાન ૧૨૯૭–૧૩૧૫
- અદ્દખાન ( )
- અલફખાન ઈ. સ. ૧૨૯૯ માં મરી ગયો હતા અને અદ્દખાન ૧૩૧૫માં મર્યો.

૨ મુબારક ખીલજી ૧૩૧૭ ૧૩૨૦
- ઐનુલ્મુલ્ક મુલતાની ૧૩૧૮
- ઝફરખાન.
- હિસ્સામુદ્દીન
- મલિકવાજીહુદ્દીન
- માલકખુશરૂ

૩ ગ્યાસુદ્દીન તઘલખ ૧૩૨૦ ૧૩૨૫
- તાજુલ્મુલ્ક ૧૩૨૦

૪ મહમદ તઘલખ ૧૩૨૫–૧૩૫૧
- મલિક મુકિબલ.
- અહમદ અયાજ ખાનજહા
- મલિક મુાકબલ
- નિજામુલ્મુલ્ક.

૫ ફિરોજ તઘલખ ૧૩૫૧–૧૩૮૮
- ઝફરખાન ૧૩૭૧
- દરિયાખાન ૧૩૭૩
- શમશુદ્દીન દમઘાની ૧૩૭૬
- ફર્હતુલ્મુલ્કરાસ્તીખાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬ ગ્યાસુદ્દીન તઘલખ બીજો. ૧૩૮૯
૭ અબુબેકર ૧૩૮૯
૮ નાસિરૂદ્દીન મહમ્મદ ૧૩૮૯ ૧૩૯૩
૯ સિકંદર ૧૩૯૩
૧૦ મહમદ તઘલખ. ૧૩૯૩ ૧૪૧૨

} જફરખાન ઇ. સ. ૧૩૯૧–૧૪૦૩

દીલ્હીના મોગલ બાદશાહો અને તેઓના ગુજરાત પર નીમેલા સુબાઓ.

અકબર ૧૫૭૩–૧૬૦૫

૧ મીરઝા અાઝીઝ કોકલતાશ. ૧૫૭૩–૧૫૭૫
૨ મીરઝાખાન ૧૫૭૫–૧૫૭૭
૩ શહાબુદ્દીન ૧૫૭૭–૧૫૮૩
૪ ઇતિમાદખાન ૧૫૮૩–૮૪
૫ મીરઝા અબદુલ રહીમખાન ૧૫૮૭–૮૭
૬ ઇસ્માઇલ કુલીખાન ૧૫૮૭
૭ મીરઝા અાઝીઝ કોકલતાશ ૧૫૮૮-૧૫૯૨
૮ સુલતાન મુરાદબક્ષ ૧૫૯૨–૧૬૦૦
૯ મીરઝા અાઝીઝ કોકતલાશ.

જહાંગીર બાદશાહ ૧૬૦૫–૧૬૨૭

૧૦ કાલિજખાન ૧૬૦૬
૧૧ સૈયદ મૂર્તજાખાન બુખારી ૧૬૦૬–૧૬૦૯
૧૨ મીરઝા અાઝીઝ કોકતલાશ ૧૬૦૯–૧૬૧૧
૧૩ અબદુલ્લાખાન પ્રીરોજજંગ ૧૬૧૧–૧૬૧૬
૧૪ મુકરબખાન. ૧૬૧૬
૧૫ શાહજાદો શાહજહાન ૧૬૧૮–૧૬૨૨
૧૬ સુલ્તાન દાવરબક્ષ ૧૬૨૨–૧૬૧૪
૧૭ સૈફખાન ૧૬૨૪ ૧૬૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ શાહજહાન
૧૬૨૭–૧૬૫૮

૧૮ શેરખાન તુઅર ૧૬૨૭–૧૬૩૨
૧૯ ઇસ્લામખાન ૧૬૩૨
૨૦ બાકરખાન ૧૬૩૨
૨૧ સિયાહદરખાન ૧૬૩૩
૨૨ સૈફખાન ૧૬૩૩–૧૬૩૫
૨૩ આઝમખાન ૧૬૩૫ ૧૬૪૨
૨૪ મીરઝા ઇસારતખાન ૧૬૪૨ ૧૬૪૪
૨૫ શાહજાદો ઔરંગઝેબ ૧૬૪૪ ૧૬૪૬
૨૬ શૈસ્તખાન ૧૬૪૬ ૧૬૪૮
૨૭ શાહજાદા મહમદદારા શોકો ૧૬૪૮ ૧૬૫૨
૨૮ શૈસ્તખાન ૧૬૫૨ ૧૬૫૪
૨૯ શાહજાદો મુરાદબક્ષ ૧૬૫૪ ૧૬૫૭
૩૦ કાસમખાન ૧૬૫૭ ૧૬૫૯

૪ ઔરંગઝેબ
૧૬૫૮ ૧૭૦૭

૩૧ શાહ નવાઝખાન સફાની ૧૬૫૯
૩૨ જસવંતસિંહ ૧૬૫૯ ૧૬૬૨
૩૩ મહાબતખાન ૧૬૬૨ ૧૬૬૮
૩૪ ખાનજહાન ૧૬૬૮ ૧૬૭૧
૩૫ મહારાજા જશવંતસિંહ ૧૬૭૧–૧૬૭૪
૩૬ મહમ્મદ અમીનખાન ૧૬૭૪ ૧૬૮૩
૩૭ મુખત્યારખાન ૧૬૮૩ ૧૬૮૪
૩૮ સુજાતખાન (કારતલબખાન) ૧૬૮૪ ૧૭૦૩
૩૯ શાહજાદો મહમ્મદ આઝમ ૧૭૦૩ ૧૭૦૫
૪૦ ઇમ્સાહીમખાન ૧૭૦૫
૪૧ શાહજાદો મહમ્મદ મિઝારબખ્ત ૧૭૦૫
૪૨ ઇમ્સાહીમખાન ૧૭૦૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ બહાદુરશાહ ૧લો. ૧૭૦૭ ૧૭૧૨

૪૩ ગાઝીઉદ્દીન ૧૭૦૮ ૧૭૧૦

૬ જહાનદારશાહ- ૧૭૧૨ ૧૭૧૩

૪૪ આસિફ્‌ઉદ્દદૌલા ૧૭૧૨–૧૭૧૩

૭ ફ્રૂખશિયર ૧૭૧૩–૧૭૧૯

૪૫ શાહમત ખાન ૧૭૧૩
૪૬ દાઉદખાન પન્ની ૧૭૧૪–૧૭૧૫
૪૭ મહારાજા અજીતસિંહ ૧૭૧૫–૧૭૧૬
૪૮ સમસામુદ્દૌલાખાન દૌરાન સરતજંગબહાદુર ૧૭૧૬–૧૭૧૯

૮–૯–૧૦ રફિયા ઉદ્દરજાત રફિયાઉદ્દદૌલા મહમ્મદશાહ બાદશાહ ઇ. ૧૭૧૯ ૧૭૪૮

૪૯ મહારાજા અજીતસિંહ ૧૭૧૯–૧૭૨૧
૫૦ હૈદરકુલીખાન ૧૭૨૧ ૧૭૨૨
૫૧ નિઝામઉલ્મુલ્ક. ૧૭૨૨
૫૨ સર બુલંદખાન ૧૭૨૩ ૧૭૩૦
૫૩ મહારાજા અભેસિંગ ૧૭૩૦ ૧૭૩૩
૫૪ મોમીનખાન. ૧૭૩૭ ૧૭૪૩
૫૫ ફ્રિદાઉદ્દીનખાન ૧૭૪૩
૫૬ અબદુલ આઝીઝખાન
૫૭ મુફ્‌તખીરખાન. ૧૭૪૩ ૧૭૪૪
૫૮ ફ્રકરૂદ્દૌલા ૧૭૪૪ ૧૭૪૮
૫૯ જવાનમર્દખાન મોમીનખાન
૬૦ મહારાજા વખતસિંગ ૧૭૪૮

૧૧ અહમદશાહ. ૧૭૪૮--૧૭૫૪

૧૨ બાદશાહ આલમગીર ૧૭૫૪–૧૭૫૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિલ્હીની ગાદી પર થએલા મુહમ્મદાન બાદશાહોની વંશાવલી.

બાદશાહોનાં નામ.	કઈ સાલમાં ગાદીએ આવ્યો.	મરણની સાલ.
મહમદઘોરી	૧૧૮૬	૧૨૦૬
ગુલામવંશ		
કુતુબુદ્દીન	૧૨૦૬	૧૨૧૦
અલ્તમસ	૧૨૧૦	૧૨૩૬
રજીયાબેગમ	૧૨૩૬	૧૨૩૯
બે નાના બાદશાહો	૧૨૩૯	૧૨૪૬
નાઝીરૂદ્દીન	૧૨૪૬	૧૨૬૬
બલબન	૧૨૬૬	૧૨૮૭
કેકુબાદ	૧૨૮૭	૧૨૯૦
ખીલજીવંશ		
જલાલુદ્દીન	૧૨૯૦	૧૨૯૫
અલાઉદ્દીન	૧૨૯૫	૧૩૧૫
મુબારક	૧૩૧૫	૧૩૨૦
તઘલખવંશ		
ગ્યાસુદ્દીન	૧૩૨૦	૧૩૨૫
મહમદ	૧૩૨૫	૧૩૫૧
ફીરોજશાહ	૧૩૫૧	૧૩૮૮
(નાના બાદશાહો)	૧૩૮૮	૧૩૯૪
મહમદ	૧૩૯૪	૧૪૧૨
સૈયદવંશ		
ખીજરખાં અને	૧૪૧૨	૧૪૨૧
(બીજા ત્રણ બાદશાહો)		
મુબારક	૧૪૨૧	૧૪૩૩
મહમદ	૧૪૩૩	૧૪૪૩
અલાઉદ્દીન	૧૪૪૩	૧૪૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોદીવંશ

બહીલોલખાન	૧૪૫૦	૧૪૮૮
સિકંદર	૧૪૮૮	૧૫૧૭
ઇબ્રાહીમ	૧૫૧૭	૧૫૨૬

મોગલવંશ

બાબર	૧૫૨૬	૧૫૩૦
હુમાયુ	૧૫૩૦	૧૫૫૫
અકબર	૧૫૫૬	૧૬૦૫
જહાંગીર	૧૬૦૫	૧૬૨૭
શાહજહાન	૧૬૨૭	૧૬૫૮
ઔરંગજેબ	૧૬૫૮	૧૭૦૭

(છેલ્લા મોગલ બાદશાહો)

બહાદુરશાહ	૧૭૦૭	૧૭૧૨
જહાંદારશાહ	૧૭૧૨	૧૭૧૩
ફરૂકશીઅર	૧૭૧૩	૧૭૧૯
મહમદશાહ	૧૭૧૯	૧૭૪૮

(મોગલાઇ રાજ્યનો અંત)

મહમદશાહ આલમગીર બીજો શાહઆલમ બીજો અકબર બીજો મહંમદ બહાદુરશાહ	૧૭૪૮	૧૮૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોગલાઇ રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	સાલ.
બાબરનો જન્મ	ઇ. સ. ૧૪૮૨
મોગલાઇ રાજ્યના સ્થાપના	ઇ. સ. ૧૫૨૬
ફત્તેપુર સીક્રીની લડાઇ	ઇ. સ. ૧૫૨૭
બાબરનું મરણ	ઇ. સ. ૧૫૩૦
બકસરની લડાઇ	ઇ. સ. ૧૫૩૯
કનોજની લડાઇ	ઇ. સ. ૧૫૪૦
અકબરનો જન્મ	ઇ. સ. ૧૫૪૨
સરહદની લડાઇ	ઇ. સ. ૧૫૫૫
પાણીપતની બીજી લડાઇ	ઇ. સ. ૧૫૫૬
ખુશરૂનું મરણ	ઇ. સ. ૧૬૨૧
શાહજહાંની દક્ષિણપર સ્વારી	ઇ. સ. ૧૬૨૦
સર ટોમસ રો'નું હિંદમાં આવવું	ઇ. સ. ૧૬૧૫
ઔરંગજેબની દક્ષિણપર સ્વારી	ઇ. સ. ૧૬૮૩
વિજાપુર ખાલસા થવું	ઇ. સ. ૧૬૮૬
ગોવળકોંડા ખાલસા થવું	ઇ. સ. ૧૬૮૭
ઔરંગજેબનું મરણ	ઇ. સ. ૧૭૦૭
શીખલોકોનો બળવો	ઇ. સ. ૧૭૧૦
નિજામ રાજ્યની સ્થાપના	ઇ. સ. ૧૭૨૦
નાદીરશાહની સ્વારી	ઇ. સ. ૧૭૩૯
છેલ્લા મોગલ બાદશાહનો નાશ	ઇ. સ. ૧૮૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરાઠી રાજ્યની ક્રમવાર વંશાવલી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરાઠી રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	સાલ.
મહાન્ શિવાજીનો જન્મ.	ઇ. સ. ૧૬૨૭
શિવાજીનું પહેલીવાર સુરત લુંટવું.	ઇ. સ. ૧૬૬૪
શિવાજીનું બીજીવાર સુરત લુંટવું.	ઇ. સ. ૧૬૭૪
શિવાજીને રાજ્યાભિષેક.	ઇ. સ. ૧૬૭૪
શિવાજીની કર્ણાટક ઉપર સ્વારી.	ઇ. સ. ૧૬૭૬
શિવાજીનું મરણ.	ઇ. સ. ૧૬૮૦
સંભાજીના દિકરા શિવાજીને કેદ.	ઇ. સ. ૧૬૮૯
સતારામાં મરાઠી રાજ્યની સ્થાપના.	ઇ. સ. ૧૬૯૮
શાહુનું ગાદીએ આવવું	ઇ. સ. ૧૭૦૮
કોલ્હાપુરની ગાદીની સ્થાપના.	ઇ. સ. ૧૭૦૮
શાહુનુ મરણ.	ઇ. સ. ૧૭૪૮
સતારાની ગાદીનો અંત.	ઇ. સ. ૧૮૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેશ્વાના વંશજોની ક્રમવાર વંશાવલી.



પેશ્વાના રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	સાલ
પેશ્વાની ગાદીની પુનામાં સ્થાપના.	ઇ. સ. ૧૭૫૧
ઉદ્‌ગીરની લડાઇ.	ઇ. સ. ૧૭૬૦
પાણીપતની ત્રીજી લડાઇ.	ઇ. સ. ૧૭૬૧
સાલબાઇની સંધી.	ઇ. સ. ૧૭૮૨
ખરડાની લડાઇ.	ઇ. સ. ૧૭૯૫
પુનાની લડાઇ.	ઇ. સ. ૧૮૦૧
વસાઇની સંધી.	ઇ. સ. ૧૮૦૨
પેશ્વાઇનો અંત.	ઇ. સ. ૧૮૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારત ઐતિહાસિક ઉપયોગી પ્રકીર્ણક.

સાલવાર ઉપયોગી યાદી.

હિંદુસ્થાન પર મુસલમાનોનું પહેલું આક્રમણ ઇ. સ. ૬૬૪ માં થયું તે વખતે મુસલમાનો મુલતાનથી પાછા ફર્યા.

બીજું આક્રમણ ઇ. સ. ૭૧૧ માં થયું. તે વખતે તેમણે સિન્ધુ દેશ પર પોતાની સત્તા સ્થાપી; પરંતુ થોડા સમય પછી રજપુતોએ તેઓને પાછા હાંકી કાઢ્યા.

ત્યારબાદ મહમદગીઝનીએ આક્રમણ કર્યું અને સૌરાષ્ટ્રમાંનું પ્રભાસપાટણનું સોમનાથનું મંદિર લુંટયું. તે પાછો ગયો ઇ. સ. ૧૦૨૪

ઇ. સ. ૧૧૯૩ માં દિલ્હીના પ્રદેશમાં મુસલમાનોની સત્તા સ્થાપિત થઈ.

ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાત પર દિલ્હીના બાદશાહોની સત્તા જામી.

ઇ. સ. ૧૧૭૮ માં ગુજરાત પર શાહબુદ્દીન ઘોરીએ ચઢાઇ કરી તેમાં ભીમદેવે ઘોરીને હરાવ્યો. ઘોરીના સરદાર કુતુબુદ્દીને સ્વારી કરી તેમાં ભીમ હાર્યો.

ઇ. સ. ૧૨૯૭ માં અલ્લાઉદ્દીને ગુજરાતનું રાજ્ય લીધું

ઇ. સ. ૩૪૦ માં ગુપ્ત વંશના સેનાપતિ ભટ્ટાર્કે વલ્લભીપુર વસાવ્યું.

ઇ. સ. ૭૪૬ થી ૯૪૨ સુધી ગુજરાત પર ચાવડાનું રાજ્ય રહ્યું.

ઇ. સ. ૯૯૭ માં ચામુંડ ગાદીએ બેઠો.

ઇ. ૧૩૦૪ માં કરણ વાઘેલો મરણ પામ્યો.

આઠમી સદીની આખરે પારસીઓ હિંદમાં આવ્યા. સંજાણમાં જાદવ રાણાના આશ્રયે રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ. સ. ૧૧૪૨ માં નવસારીમાં કેટલાક પારસીઓ આવી રહ્યા.

શંદેરમાં કુમારપાળ અને સંપ્રતિ રાજાએ કરાવેલાં દેરાસર હતાં. મુસલમાનોના વખતમાં તે નષ્ટ થયાં અને તેની મસ્જીદો થઇ.

શંદેર, કામરેજ મોટાં શહેર હતાં.

ઇ. સ. ૧૪૧૫ માં અહમદશાહે અમદાવાદ વસાવ્યું.

મહમદ બેગડાએ જૂનાગઢ અને પાવાગઢ એ બે ગઢ લીધા અને દ્વારકાના મંદિરનો નાશ કર્યો.

ઇ. સ. પૂર્વે ત્રીજા ચોથા સૈકામાં કાઠીઆવાડ ગુજરાતમાં મૌર્યવંશના રાજાઓનું રાજ્ય હતું.

અશોક તરફથી નિમાએલો સુબો ગુજરાત પર તથા સૌરાષ્ટ્ર પર રાજ્ય કરતો હતો (જુનાગઢમાં રહીને.)

અશોક પછી સૌરાષ્ટ્ર ગુજરાત ગ્રીક બાક્ટ્રીયન રાજાઓના તાબામાં આવ્યું. એ રાજાઓનું સો વર્ષ રાજ્ય ચાલ્યું.

પછીથી ઈંડોપાર્થિઅન વંશનું રાજ્ય થયું. એ વંશના રાજાઓ ગુજરાત પર સુબા મોકલતા તે ક્ષત્રપ કહેવાતા. પાછળથી તેઓ સ્વતંત્ર રાજાઓ થયા, તેમની રાજધાની માળવામાં હતી. ત્રીજા ક્ષત્રપ રાજા રૂદ્રદામનો એક અમલદાર ગુજરાત અને સૌરાષ્ટ્રનો સુબો હતો.

ક્ષત્રપો પછી ગુપ્ત વંશના રાજાઓ થયા. તેમની રાજધાની કનોજમાં હતી. ઇ. સ. ૨૫૭ માં ગુપ્ત વંશના ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે ગુજરાત બાદ સૌરાષ્ટ સર કર્યું.

ઇ. સ. ૬૪૦ થી ઇ. સ. ૬૧૪ સુધી ગુજરાત પર વલ્લભી રાજાઓનો અમલ રહ્યો.

ઇ. સ. ૪૫૪ માં ગુજરાતમાં આનંદપુર (વડનગર) માં ધ્રુવસેન નામનો રાજા રાજ્ય કરતો હતો (ઇ. સ. ૫૭૦ માં)

વલ્લભીપુરનો છેલ્લો રાજા શિલાદિત્ય હતો. તેના પર સિથિઅન લોકોએ ચઢાઇ કરી તેનું રાજ્ય લીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ. સ. ૬૯૬ માં પંચાસરમાં જયશિખરી રાજા હતો.

વિ. સં. ૮૦૨ માં ચૈત્ર વદિ બીજે વનરાજે શ્રી શિલગુણસૂરિના ઉપદેશાનુસાર પાટણ વસાવ્યું.

ઇ. સ. ૮૪૬ માં વનરાજ મરણ પામ્યો. તેનો પુત્ર યોગરાજ તે પછી ક્ષેમરાજ, ભુવડ, વૈરીસિંહ, રત્નાદિત્ય અને છેલ્લો સામંતસિંહ ચાવડો થયો.

ઇ. સ. ૯૬૧ માં સોલંકી મૂળરાજ પાટણની ગાદીએ બેઠો. ઇ. સ. ૯૪૨ માં મૂળરાજ મરણ પામ્યો. તેનો પુત્ર ચામુંડ ગાદીએ બેઠો. તેના વખતમાં મહમદ ગીઝનીએ સોમનાથ પર ચઢાઈ કરી. ચામુંડના વારસ વલ્લભસેન અને ભીમસેન તેની સામે લડ્યા. ગીઝનીએ સોમનાથનું દહેરૂં તોડયું.

ભીમદેવના પર અજમેરના રાજા વિશલદેવ ચહુઆણે સ્વારી કરી. ભીમ હાર્યો વિશલદેવે વિસલનગર વસાવ્યું.

અમદાવાદના સુલ્તાન અહમદશાહના સમયમાં વરસોજીએ તથા જેતોજીએ અહમદશાહને પજવ્યો. તેથી બાદશાહે વરસોજીને ૨૫૦ ગામ કલોલ સાથે આપ્યાં તથા જેતાજીને સાણંદનાં ૨૫૦ ગામ આપ્યાં.

મહમદ બેગડાના વખતમાં કલોલના ઠાકોર વીરસિંહ વાઘેલાની સ્ત્રી રૂડારાણીએ પાંચ લાખ ટકા ખરચીને અડાણજ ગામની પાસે વાવ બંધાવી.

ઇ. સ. ૧૩૯૬ માં જફરખાન ગુજરાતનો સુલ્તાન થયો.

ઇ. સ. ૧૪૮૩ માં મહમદ બેગડાએ પાવાગઢ લીધું

ઇ. સ. ૧૫૩૧ માં મહમદ બેગડાએ માળવા જીત્યો.

ઇ. સ. ૧૫૩૪ માં હુમાયુએ ચાંપાનેર લીધું.

ઇ. સ. ૧૫૭૩ માં અકબરે ગુજરાત લીધું.

ઇ. સ. ૧૭૩૦ માં જોધપુરના રાજા અભયસિંહ સુબાએ પેશ્વા પાસેથી અમદાવાદ કબજે લીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ. સ. ૧૭૩૪ માં પિલાજીરાવના મરણ પછી અભયસિંહે વડોદરા સરેખાનબાબીને આપ્યું હતું, તે દામાજીરાવે પાછું લીધું.

નવાબ આનબીબી પાસેથી મરાઠાઓએ અમદાવાદ લીધું. તેનો એક ભાગ રાઘોબા દાદાએ પોતાની પાસે રાખ્યો અને બીજો ગાયકવાડને સોંપ્યો. ગાયકવાડની હવેલી કહેવાય છે, ત્યાં ગાયકવાડનું લશ્કર રહેતું હતું. બાબીએ અમદાવાદનો કબજો સોંપ્યો તેના બદલામાં બાબીને પાટણ, વડનગર, વિજાપુર, રાધનપુર અને બીજાં કેટલાંક પરગણાં આપવામાં આવ્યાં. ઇ. સ. ૧૭૫૭.

ઇ. સ. ૧૭૬૦ મરેઠી સત્તા પૂર્ણકલાએ પહોંચી હતી. મરેઠાઓએ અહમદશાહ દુરાનીએ મુકેલા સુબાને હરાવી પંજાબ સર કર્યું. પેશ્વા, મરાઠા અને દુરાનીનું પાણીપતના મૈદાનમાં યુદ્ધ થયું. તેમાં મરાઠા હાર્યા.

ઇ. સ. ૧૭૬૧ માં દુરાનીના જીત થઈ.

ઇ. સ. ૧૭૬૩ થી ૧૭૬૬ સુધી દામાજીરાવ ગાયકવાડે બાબી સાથે લડાઈ ચાલુ રાખી વિસનગર, વડનગર, ખેરાળુ, વિજાપુર પરગણાં જીતી લીધાં.

૧૭૬૨ માં બાલાજી પેશ્વા મરણ પામ્યો.

૧૭૬૮ માં દામાજીરાવ પાટણમાં મરણ પામ્યો.

ઇ. સ. ૧૭૬૮ થી ૧૭૯૩ સયાજીરાવે રાજ્ય કર્યું.

ઇ. સ. ૧૭૭૨ માં માધવરાવ પેશ્વાનો કાળ થયો, અને નારાયણરાવ ગાદીએ બેઠો.

કરણરાજાએ મોઢેરાનું દેવળ બંધાવ્યું. તથા તેણે કરણાવતી નગરી વસાવી તથા કરણસાગર તળાવ બંધાવ્યું.

કરણની રાણી મીનળદેવીએ વીરમગામનું મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ બંધાવ્યું.

વિશલદેવના મંત્રી વસ્તુપાળે ડભોઇનો કિલ્લો બંધાવ્યો.

ઇ. સ. ૧૪૦૩ થી ૧૫૭૩ સુધી અમદાવાદના સુલ્તાનોનું ગુજરાતપર રાજ્ય રહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(સૌરાષ્ટ્ર ઇતિહાસ પ્રકીર્ણ.)

સૌરાષ્ટ્રમાં પૂર્વે શ્રીકૃષ્ણનું રાજ્ય હતું, દ્વારિકામાં કૃષ્ણ પછી તેમના પ્રપૌત્ર વજ્રનાભ ગાદીએ બેઠા. વજ્રનાભ પછી શતવીર.

ઈ. સ. બીજા સૈકામાં કાળાઓના તાબે ઓખામંડળ દ્વારિકા ગયું.

સીરીયાના યોદ્ધા સક્કર બેલીમે ઓખામંડળ તાબે કર્યું

પ્રાચીન દ્વારિકા દરિયામાં ડૂબી ગઈ હતી.

હાલનું ગોરિંજા તે પહેલાં ગીજની કહેવાતું. ત્યાં બેલિમે રાજધાની કરી. દ્વારિકાથી અગ્નિકોણ તરફ છ માઇલપર ગોરિંજા ગામ છે.

બેલીમને મેહેમ ગુડુકા નામના સિરિયાના યોદ્ધાએ હરાવી તેને કાઢી મુકયો.

કાળાઓએ ત્રીજીવાર ઓખામંડળ લીધું.

ઈ. સ. છઠ્ઠા સૈકામાં ચાવડા રજપુતો સૌરાષ્ટ્રપર સત્તા ધરાવતા હતા.

ચાવડ અખેરાજજીએ ઓખામંડળ લીધું, પછી ભુવડરાય તે પછી તેનો પુત્ર જયસેન થયો.

જયસેને ચાવડાપાદર નામે ગામ વસાવ્યું, તેનાં ખંડેર હાલ મૂલવાસરગામની પડોશમાં દેખાય છે.

જયસેન પછી જગદેવ થયો, તે પછી તેનો પુત્ર મંગળજી થયો. પછી તત્પુત્ર દયાળદેવ, તત્પુત્ર જગદેવ, જગદેવને બે પુત્ર કનકસેન અને અનંતસેન થયા.

કનકસેને કનકાપુરી (હાલનું વસઇ) વસાવ્યું.

કનકસેને જૈન દેરાસરો ઘણાં બંધાવ્યાં હતાં, તેનાં ખંડેર હાલ વસઇની બહાર ઘણાં દેખવામાં આવે છે.

અનન્તદેવે પોતાના ભાઈથી છુટા પડી દ્વારિકામાં રાજ્ય કર્યું.

અનંતદેવપર પરમાર વાહેરો છેલ્લા રજપુતોએ હલ્લો કરી તેના પ્રાણ લીધા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરમા સૈકાના મધ્ય ભાગમાં વેરાવળજી તથા વિજયજી રાઠોડે, હેરોળો તથા ચાવડાઓ વચ્ચે યુદ્ધ થતું હતું, તેનો લાભ લઈ બન્નેને મારી હઠાવી પોતાના કબજામાં રાજ્ય કર્યું, તેમણે વાઘેલ અટક રાખી.

વેરાવળજી પછી વિક્રમસિંહ ગાદીએ બેઠો.

વિક્રમસિંહ પછી નવ રાણાઓ થયા. વિક્રમસિંહ પછી દશમી પેઢીએ સાંગણજી થયો. સાંગણજી પછી ભીમજી થયો.

મહમદ બેગડાએ ભીમજીને હરાવી ખંડિયો બનાવ્યો.

ગુજરાત અર્વાચીન રાજ્ય પ્રકરણ,

ઈ. સ. ૧૪૦૩ દિલ્હીના બાદશાહ તઘલખથી સ્વતંત્ર થઈને જાફરખાન સરદારે પુત્રના નામે સ્વતંત્ર ગુજરાતની પાદશાહી સ્થાપન કરી. તથા થોડા વખતમાં પુત્ર મરણ પામવાથી જાફરખાન પોતે મુજફરશાહ સુલ્તાન બન્યો.

ઈ. સ. ૧૪૧૫ ત્રીજા સુલ્તાન અહમદશાહે અમદાવાદ વસાવ્યું. જાફરખાને, મુજફરશાહે, અહમદશાહે તથા મહમદ બેગડાએ ઘણા હિંદુઓને મુસલમાન બનાવ્યા.

ઈ. સ. ૧૫૭૩ માં અકબરે ગુજરાત જીતી લીધું.

ઈ. સ. ૧૬૬૪ માં શિવાજીએ સુરત લુટયું, ૧૬૮૦ માં શિવાજી મરણ પામ્યો.

ઈ. સ. ૧૭૦૫ થી ૧૭૫૭ સુધીમાં દિલ્હીની રાજ્યસત્તા નબળી પડી ગઈ.

ઇ. સ. ૧૭૩૦ માં પિલાજીરાવે બાબી પાસેથી વડોદરા જીતીને વડોદરામાં ગાયકવાડી રાજ્યની સ્થાપના કરી.

ઇ. સ. ૧૭૩૧ માં જોધપુરના અભયસિંહની બાદશાહે ગુજરાતના સુબા તરીકે નિમણુક કરી અને તેણે ઇ. સ. ૧૭૩૨ માં પીલાજીરાવને દગાથી મરાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ. સ. ૧૭૪૦ ગુજરાતનો સુબો ફકીર ઉદવલ્લા થયો.

દામાજીરાવ ગાયકવાડે ફકીર ઉદવલ્લાને નમાવી રાજ્ય વધાર્યું, તે પછી કમાલુદ્દીન બાબીએ અમદાવાદનો કબ્જો લીધો હતો, તેને પેશ્વાએ તથા ગાયકવાડે સપડાવીને પાટણ, વીસનગર અને વિજાપુર તેના કબજામાં રાખી ત્યાંથી વિદાય કર્યો.

વિ. સં. ૧૮૨૦ (અને ૧૭૬૩–૧૭૬૪) માં દામાજીએ વીસનગરમાં રહેનાર બાબીપર ચઢાઇ કરી અને વિસનગર, વિજાપુર લીધાં, અને બાબીને કાઢી મૂકીને તેના તાબે સમી, રાધનપુર તથા પાટણ નજીકનાં સાડાત્રણ ગામ ફક્ત રહેવા દીધાં.

ઇ. સ. ૧૮૦૨ માં કડીના મલ્હારાવે બંડ કરી વિજાપુરનો કિલ્લો કબ્જે કર્યો હતો, પછી મલ્હારરાવ હાર્યાથી ગાયકવાડના કબ્જે થયો.

ઇ. સ. ૧૭૫૩ માં મુસલ્માન સત્તાને સ્થાને મરાઠાની રાજ્ય સત્તા જામી.

ઇ. સ. ૧૭૦૪ માં બાબીના વંશી જાફરખાને પોતાની બુદ્ધિથી રાધનપુર, સમી, મુજપુર અને તરવાડાનો તાબો મેળવ્યો હતો, તે પાટણનો મદદનીશ હાકેમ હતો અને તે અગીયાર વર્ષ પછી (વિજાપુર) નો હાકેમ થયો હતો.

ઇ. સ. ૧૭૫૭ માં મરાઠાઓએ અમદાવાદનો કબજો લીધો અને કમાલુદ્દીનખાનને મરાઠાઓએ રાધનપુર, મુજપુર, પાટણ, વડનગર, વિસનગર, વિજાપુર પરગણાં જૂદાં કાઢી આપ્યાં.

પરદેશી લોકની સ્વારીઓ.

૧. સેમિરામિસ ૨. સેસોસ્ત્રિસ. ૩. દરવેશ ગુસ્તાસ્પ ૪. સિકંદર ૫. સેલ્યુકસ ૬. મેધાસ્થિનિસ. ૭. બાકુત્રિયાનાગ્રીક. ૮. શકકે સિથિયનલોક સેમિરામિસ. યુધિષ્ઠિરના વંશજોના સમયમાં આસિરિઆ દેશની સેમિરામિસ નામે રાણીએ આ દેશ ઉપર સ્વારી કરી હોય એમ જણાય છે. પંજાબનો રાજા તેની સામો થયો, તેથી સોમરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિસનું સૈન્ય ભયભીત થઈ નાશી ગયું. આ સ્વારી સુમારે ૧૮૦૦ વરસ ઉપર થઈ હતી.

સેસોસ્ત્રિસ–મિસરદેશનો સેસોસ્ત્રિસ રાજા પણ આ દેશ ઉપર ચઢી આવ્યો હતો. તે વખતે ભરતખંડમાં મગધમાં સંહદેવના વંશજ રાજા બળવાન હતા. સેસોસ્ત્રિસની સ્વારીની કંઈ પણ નિશાની આ દેશમાં રહી નથી.

દરવેશ ગુસ્તાસ્પ–મગધના તક્ષક રાજાઓના સમયમાં દરવેશ ગુસ્તાસ્પ નામે ઈરાનના પારસી રાજાએ પંજાબ ઉપર ચઢાઇ કરીને કેટલોક ભાગ જીતી લીધો. તે પુષ્કળ સોનું લઈ ગયો. એ દરવેશે ગ્રીસ દેશ ઉપર સ્વારી કરી ત્યારે એની સાથે ભરતખંડી સિપાઈઓ હતા, તે ઉપરથી આ દેશ ઉપરની સ્વારીની વાતને ટેકો મળે છે. બીજા રાજાઓની સ્વારીઓ કરતાં વધારે ઐતિહાસિક સ્વારી સિકંદરની હતી. એ રાજા ગ્રીસ દેશમાં રાજ્ય કરતો હતો. એણે ઈરાનનું પારસી રાજ્ય જીતીને ઇ. સ. ૩૨૭ માં પંજાબ ઉપર સ્વારી કરી. ઝેલમ નદી સુધી એની સામે કોઇ થયું નહિ. ઝેલમની પૂર્વ દિશામાં દિલ્લી સુધી પૌરવ નામે ક્ષત્રી રાજા રાજ્ય કરતો હતો તે પોતાની સેના લઇ સિકંદર સામો યુદ્ધ કરવાને ઉલ્લો, પૌરવ અને તેની સેના બહુ બહાદુરીથી લડી, પણ તેના બે પુત્રો લડાઈમાં પડ્યા ને પોતે કેદ પકડાયો, તેથી સિકંદર જય પામ્યો. પૌરવનું પરાક્રમ જોઈ સિકંદરે તેને માન આપી તેનું રાજ્ય પાછું સોંપ્યું. મગધ દેશમાં આ વખતે નંદ રાજા રાજ્ય કરતો હતો. તેનો અનોરસ પુત્ર ચંદ્રગુપ્ત નાસીને પૌરવને આશ્રયે આવ્યો હતો. તેણે મગધ દેશ જીતી લેવાની સિકંદરને સલાહ આપી. સિકંદરને પણ એવી ઇચ્છા થઇ. પરંતુ તેનું સૈન્ય પોતાના મુલકથી ઘણે દૂર આવ્યું હતું. તથા પૌરવના પરાક્રમથી ડરી ગયું હતું તેથી તેમણે આગળ જવાની ના પાડી; તેમજ ભરતખંડમાં જો એકજ હાર થાય તો આખું ગ્રીક સૈન્ય નાશ પામે એમ હતું. તેથી સિકંદર પાછો ફર્યો. તે સતલજનદી ઓળંગી મુલતાન ગયો. ત્યાં પણ ભરતખંડના આર્યો સાથે તેને લડવું પડયું. સિકંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં પાર્થેા પણ તે જીતી શ્યેા. પછી તે હેરાતાદ (પાતાળનગર) આવ્યેા ને તે જીત્યું. ત્યાંથી પેાતે બલુચિસ્તાન ને ઈરાનને માર્ગે બાબીલેાન ગયેા. એ મહાન્ બાદશાહ ઈ૦ ૩૨૩ માં મરણ પામ્યેા. તે અપુત્ર હેાવાથી તેનું રાજ્ય તેના સરદારેાએ વહેંચી લીધું.

સેલ્યુકસ—સેલ્યુકસનિકેટરના રાજ્યની શરૂઆતના વર્ષ રાજ્યનેા બંદેાબસ્ત કરવામાં ગયા પછી તે આ દેશ ઉપર ચઢી આવ્યેા. પણ ચંદ્રગુપ્ત આગળ ફાંફાં ના ચાલવાથી બંને વચ્ચે સલાહ થઈ. તેથી સેલ્યુકસે પેાતાની કુંવરી ચંદ્રગુપ્તને દીધી અને સિકંદરે જીતેલેા સર્વે મુલક આપ્યેા. (મેધાસ્થિનિસ) સેલ્યુકસે ચંદ્રગુપ્તના દરબારમાં મેધાસ્થિનિસ નામે એક એલચી રાખ્યેા હતેા. તે પાટલીપુત્રમાં રહેતેા હતેા. એ ગ્રીક એલચીએ આ દેશના આર્યોની રીતભાત વિદ્યાકળા ને સદ્ગુણેાનું વર્ણન કર્યું છે. તેમાં એણે આ દેશના આર્ય લેાકેાનાં બહુ વખાણ કર્યાં છે. બાક્ટ્રિયાના ગ્રીક (બાકત્રિયા) બલુસિકંદરે જીતી લીધું હતું. ત્યાંના રાજાઓએ ભરતખંડ ઉપર સ્વારીઓ કરી પંજાબનેા કેટલેાક ભાગ જીત્યેા હતેા, પણ બસેં વરસમાં એ રાજ્ય નબળું થઈ પડી ભાંગ્યું.

શક કે સિથિયનલેાકે બલખનું રાજ્ય તાર્તર જાતના શક લેાકે ડુબાવ્યું, એ શક લેાકેા પ્રથમ એશિઆમાં રહેતા હતા, તેમણે ભરતખંડની વાયવ્ય કેાણમાં એક જબરૂં રાજ્ય સ્થાપ્યું, ને સિંધને ગુજરાત સુધીનેા મુલક જીતી લીધેા. કાઠીયાવાડની કાઠીપ્રજા એ શકજાત હેાય એવું અનુમાન થાય છે. શક લેાકેાનેા બળવાન રાજા કનિસ્કનામે થયેા. એના તાબામાં કાશ્મિર, પંજાબ, સિંધ, ગુજરાત, કાબુલ, પાર્કંદને નેાકાન સુધીનેા મુલક હતેા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भारतके प्राचीन राजवंशके ऐतिहासिक पुस्तकमेंसे.

क्षत्रप.	शक-संवत्.	विक्रम-संवत्.	ईसवी-सन्.
यशोदामा प्रथम	१६०	२९५	२३८
विजयसेन ...	१६०	२९५	२३८
विश्वसिंह ...	१९९,२००,२०१	३३४,३३५,३३६	२७७,२७८,२७९
भर्तृदामा ...	२०१ २०४	३३६-३३९	२७९,२८२...
विश्वसेन.....	२१६,२२६	३५१-३६१	२९४,३०४
(रुद्रसिंह द्वितीयका वंश)			
रुद्रसिंह द्वितीय	२२७-२३१	३६२-३७० ?	३०५-३१३
यशोदामा द्वितीय.	२३९-२५४	३७४-३८९	३१७-३३२
(————)			
(————)			

महाक्षत्रप.	शक-संवत्.	विक्रम-संवत्.	ईसवी-सन्.
यशोदामा प्रथम	१६१	२९६	२३९
विजयसेन	१६२-१७२	२९७-३०७	२४०-२५०
दामजदश्रीतृतीय	१७२,१७३ १७६	३०७,३०८,३११	२५०,२५१,२५४
रुद्रसेन द्वितीय	१७८-६९६	३१३-३३१	२५६-२७४
विश्वसिंह			
भर्तृदामा.....	२××,२११,२१७	३३९-३४६-३५२	२८२-२८९-२९५
(रुद्रसिंह द्वितीय का वंश)			
(————)			
स्वामी रुद्रदामा द्वितीय			
स्वामी रुद्रसेन तृतीय	२७०-३००	४०५-४३५	३४८-३७८
स्वामी सिंहसेन			
स्वामी रुद्रसेन चतुर्थ	३०४-३०×	४३९-४४१	३८२-३८४
(————)			
स्वामी सत्यसिंह			
स्वामी रुद्रसिंह तृतीय	३१०या ३१×	४४५ या ४४×	३८८ या ३८×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

क्षत्रप और महाक्षत्रप होनेके वर्ष ।

क्षत्रप.	शक-संवत्.	विक्रम-संवत्.	ईसवी-सन्.
(क्षहरात वंश)			
भूमक			
नहपान	४२,(४१,४५)	१७७(१७६,१८०	१२०,११९,१२३
(चष्टन-वंश)			
चष्टन			
जयदामा			
दामजदश्री प्रथम			
सत्य दामा			
रुद्रसिंह प्रथम			
(प्रथमवार)	१०२-१०३	२३७-२३८	१८०-१८१
रुद्रसिंह प्रथम			
(द्वितीय वार)	११०-११२	२४५-२४७	१८८-१९०
रुद्रसेन प्रथम	१२१-१२२	२५६-२५७?	१९९-२००
पृथ्वीसेन	१४४	२७९	२२२
दामजदश्री द्वितीय	१५४-१५५	२८९-२९०	२३२-२३३
वीर दामा	१५६-१६०	२९१-२९५	२३४-२३८

महा क्षत्रप.	शक संवत्.	विक्रम-संवत्.	ईसवी-सन्.
(क्षहरात वंश)			
नहपान	४६	१८१	१२४
(चष्टन वंश)			
चष्टन			
रुद्रदामा प्रथम	७२	२०७	१५०
दामजदश्री प्रथम			
जीव दामा (प्रथमवार)	१ (००)	२३५	१७८
रुद्रसिंह प्रथम (प्र.वार)	१०३-११०	२३८-२४५	१८१-१८८
रुद्रसिंहप्रथम(द्वि.वार)	११३-११८-११९	२४८-२५३-२५४	१९१-१९६-१९७
जीवदामा (द्वि. वार)	११९-१२०	२५४-२५५	१९७-१९८
रुद्रसेन प्रथम	१२२-१४४	२५७-२७९	२००-२२२
संघदामा	१४४-१४५	२७९-२८०	२२२-२२३
दामसेन	१४५-१५८	२८०-२९३	२२३-२३६
ईश्वर दत्त	राज्य वर्ष १-२		

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पश्चिमी क्षत्रपोंका वंश-वृक्ष। (२४३)



नोट—जिन नामोंके आगे १ से २२ तकके अङ्क लिखे है वे महाक्षत्रप हुवेथे। और जो केवल क्षत्रप ही रहेये उनके नामके आगे कुछ नहिं लिखा है। परन्तु जो न तो महाक्षत्रप ही हुए और न क्षत्रप ही उनके आगे तारेका * चिह्न लगा दिया गया है। (पृष्ट २६)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सौराष्ट्रनो बीजो राजवंश.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सेनवंशियोंका वंशवृक्ष ।



(पृष्ट २२४

For Private And Personal Use Only

मालवेके परमारोंकी वंशावली।

नं.	नाम.	परस्परका सम्बन्ध.	ज्ञात समय.	समकालीन राजा.
१	उपेन्द्र (कृष्णराज)	परमार वंशमें		
२	वैरीसिंह, प्रथम	नं. १ का पुत्र		
३	सीयक, प्रथम	नं. २ का पुत्र		
४	वाक्पतिराज प्रथम	नं. ३ का पुत्र		
५	वैरिसिंह द्वितीय (वज्रट)	नं. ४ का पुत्र		
६	सीयक, द्वितीय (श्रीहर्ष)	नं. ५ का पुत्र	वि. सं. १०२६	राठोड खोट्टिगदेव वि. सं. १८२८ चौलुक्य तैलप, दुसरा
७	वाक्पतिराज द्वितीय (मुञ्ज)	नं. ६ का पुत्र	वि. सं. १०६१,१०३३,१०५०	चेदिका राजा हैहय युवराज.
८	सिन्धुराज (सिन्धुल)	नं. ७ का पुत्र		
९	भोज प्रथम	नं. ८ का पुत्र	वि. सं. १०७८,१०९६	कलचुरी-गाङ्गपदेव और कर्णदेव; चौलुक्य भीमदेव प्रथम, जयासह दूसरा और सोमेश्वर प्रथम चहुआनवीर्य राम कोकल्ल चेदीका (ई. स. १०४२ के कर्ण चेदीकेदान पत्रसे)
१०	जयसिंह प्रथम	नं. ९ का उत्तरांधिकारी	वि. सं. १११२	कलचुरी-कर्ण; चौलुक्य-भीम.
११	उदयादित्य	नं. ९ का कुटुम्बी	वि. सं, १११६,११३७,११४१	कलचुरी-कर्ण, चौहान-दुर्लभ तीसरा चौलुक्य-सोमेश्वर और विक्रमादित्य छठा; चौलुक्य-भीम और कर्ण: गुहिल विजयसिंह.

For Private And Personal Use Only
Shri Mahavir Jain Aradhana Kendra
www.kobatirth.org
Acharya Shri Kailassagarsuri Gyanmandir

१२	लक्ष्मदेव	नं. ११ का पुत्र	वि. सं. ११६१ लक्ष्मदेव के समयका नरवर्म देवकाले.	कलचुरी–यशः कर्णदेव.
१३	नरवर्म देव	नं. १२ का भाई	वि. सं. ११६१,११६४	चौलुक्य–जयसिंह (सिद्धराज)
१४	यशोवर्म देव	नं. १३ का पुत्र	वि. सं. ११९१,११९२	चौलुक्य–जयसिंह (सिद्धराज)
१५	जयवर्मा प्रथम	नं. १४ का पुत्र		
१६	लक्ष्मीवर्मा	नं. १५ का भाई	वि. सं. १२००·	चौलुक्य–कुमारपाळ.
१७	हरिश्चंद्र	नं. १६ का पुत्र	वि. सं. १२३५,१२३६	चौलुक्य–अजयपाल.
१८	उदयवर्मा	नं. १७ का पुत्र	वि. सं. १२५६	
(१५)	अजयवर्मा	नं. १५ का भाई		
(१६)	विन्ध्यवर्मा	(१५) का पुत्र		
(१७)	सुभटवर्मा	नं. (१६) का पुत्र		चौलुक्य–भीम बीजो; यादव सिंघण.
(१८)	अर्जुनवर्मा	नं. (१७) का पुत्र	वि. सं. १२६७,१२७०,१२७२	जयसिंह. (गुजरात)
१९	देवपाल देव	नं. १८ का भाई	वि. १२७५, १२८२, १२८५, १२८६,१२८९,१२९२	शम्सुद्दीन अल्तमस
२०	जयसिंह, द्वितीय (जयतुंगी देव)	नं. १९ का पुत्र	वि. सं. १३००,१३१२	
२१	जयवर्मा, द्वितीय	नं. २० का भाई	वि. सं. १३१४,१३१७	
२२	जयसिंह, तृतीय	नं.२१का उत्तराधिकारी	वि. सं. १३२६	
२३	भोज, द्वितीय	नं.२२का उत्तराधिकारी		चहुआन–हम्मीर वि. सं. १३४५
२४	जयसिंह चतुर्थ	नं.२३का उत्तराधिकारी	वि. सं. १३६६	

For Private And Personal Use Only
Shri Mahavir Jain Aradhana Kendra
www.kobatirth.org
Acharya Shri Kailassagarsuri Gyanmandir

आबुके परमारोंकी वंशावली।

नम्बर	नाम.	परस्परका सम्बन्ध.	ज्ञात समय.	समकालीन राजा और उनके ज्ञात समय.
	धूमराज	मूल पुरुष		
१	सिन्धुराज	धूमराजके वंशमें		
२	उत्पलराजा	नं. १ का पुत्र		
३	आरण्यराज	नं. २ का पुत्र		
४	कृष्णराज	नं. ३ का पुत्र	.....	सोलङ्की मूलराज १०३० से १०५१ राष्ट्रकूट धवल वि. सं. १०५३
५	धरणीवराह	नं. ४ का पुत्र		
६	महिपाल (देवराज)	नं. ५ का पुत्र	वि. सं. १०५६	
७	धन्धुक	नं. ६ का पुत्र	.....	विग्रहराज, चौलुक्य भीमदेव वि० सं० १०७८ से
८	पूर्णपाल	नं. ७ का पुत्र	वि. सं. १०६६ और ११०२ के दो लेख.	११२० परमार भोज प्रथम वि. सं. १०७८, १०८७,१०९९
९	कृष्णराज दुसरा	नं. ८ का पुत्र	वि. सं. १११७-११२३	चाहमान बाल प्रसाद
१०	ध्रुवभट	नं. ९ का वंशज		
११	रामदेव	नं. १० का वंशज		
१२	विक्रमसिंह	नं: ११ का भाई		चौलुक्य कुमारपाल

For Private And Personal Use Only
Shri Mahavir Jain Aradhana Kendra
www.kobatirth.org
Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१३	यशोधवल	नं. ११ का पुत्र	वि. सं. १२०२	चौलुक्य कुमारपाल मालवेला राजा बल्लाल
१४	धारावर्ष	नं. १३ का पुत्र	वि. सं. १२२०, १२३७, १२४६	चौलुक्य भीमदेव; कुतुबुद्दीन ऐबक; सामन्तसिंह गोहिल
१५	सोमसिंह	नं. १४ का पुत्र	वि. सं. १२६५, १२७६	
१६	इच्छराज तौंसरा	नं. १५ का पुत्र	वि. सं. १२८७ के दो लेख १२९०	
१७	प्रतापसिंह	× × ×	वि. सं. १३४४	वैरकर्ण (जैत्रसिंह—गोहिल)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मालवेके परमारोंका वंश—वृक्ष ।

१ उपेन्द्र (कृष्णराज)
२ वैरीसिंह प्रथम
३ सीयक प्रथम
४ वाक्पतिराज प्रथम (वागडकी शाखा)

५ वैरीसिंह दूसरा (वज्रट)
६ सीयक, दूसरा (हर्ष)
७ वाक्पतिराज, दुसरा (मुञ्ज)
८ सिन्धुराज
९ भोज, प्रथम
१० जयसिंह प्रथम
११ उदयादित्य
१२ लक्ष्मदेव
१३ नरवर्मदेव
१४ यशोवर्मदेव
१६ जयवर्मा, प्रथम
(१५) अजयवर्मा
(१६) विन्ध्यवर्मा
(१७) सुभटवर्मा
(१८) अर्जुनवर्मा
२० जयसिंह, दुसरा (जयतुगीदेव)

१ डम्बरसिंह
२ कङ्कदेव
३ चण्डप
४ सत्यराज
५ मण्डनदेव
६ चामुण्डराज वि. सं. ११५७
७ विजयराज वि. सं. ११६६
१६ महाकुमार लक्ष्मीवर्मा
१७ हरिश्चन्द्रवर्मा
१८ उदयवर्मा
१९ देवपालदेव
२१ जयवर्मा दूसरा
२२ जयसिंह तीसरा
२३ भोज, दुसरा
२४ जयसिंह चौथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आबूके परमारोंका वंश-वृक्ष।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पालवंशियोंका वंशवृक्ष ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सांभर और अजमेरके चौहानों का वंशवृक्ष ।

१ वाहमान
२ वासुदेव
३ सामंतराज
४ जयराज
५ विग्रहराज (प्रथम)

६ चन्द्रराज (प्रथम) ७ गोपेन्द्रराज
८ दुर्लभ (प्रथम)
९ गूवक (प्रथम)
१० चन्द्रराज (द्वितीय)
११ गूवक (द्वितीय)
१२ चन्दनराज
१३ वाक्पतिराज (प्रथम)

१४ सिंहराज | लक्ष्मणराज (नाडोलकी शाखाका मुल पुरुष) | वत्सराज

१५ विग्रहराज (द्वितीय) १६ दुर्लभराय (द्वितीय) १७ गोविंदराज
१८ वाक्पतिराज (द्वितीय)
१९ वीर्यराम २० वाप्पुण्डराज

२१ दुर्लभराज (तृतीय) २२ विसलदेव (विग्रहराज) (तृतीय)
२३ पृथ्वीराज (प्रथम)
२४ अजयदेव
२५ अर्णोराज

२६ जगदेव २७ विग्रहराज (चतुर्थ) ३० सोमेश्वर
२९ पृथ्वीराज (द्वितीय) २८ अमरगांगेय ३१ पृथ्वीराज (तृतीय) ३२ हरिराज

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

रणथंभोरके चौहानोंका वंशवृक्ष ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાંડારકર કૃત દક્ષિણના પૂર્વસમયના ઇતિહાસમાંથી દક્ષિણાપથમાં આવેલા પૂર્વકાલના નામના દેશો વગેરેનું ઐતિહાસિક પ્રકરણ.

૧ ઋચિક, મહિષક (વિદર્ભ ?) દંડકારણ્યને હાલનો મહારાષ્ટ્રદેશ કહેવામાં આવે છે–પાંડ્યદેશ દ્રવિડ–ઉદ્ર કરેલ દેવગિરિ દૌલતાબાદ)

પંચવટી (હાલનું નાસિક) અથવા ગોવર્ધન.

પાણિનિ વ્યાકરણમાં દક્ષિણના દેશોનાં નામો આવતા નથી. નર્મદાના કિનારાપર આવેલી માહીષ્મતીનગરી મહિષકદેશની રાજધાની હતી.

કાત્યાયનના વાર્તિકમાં નાસિકીયપુર આવે છે.

કાંચીપુર (કાંજીવરમ) કેરલ એટલે મલબાર.

ઇ. સ. પૂર્વેના સાતમા શતકના આરંભ પછી આર્યો દખણમાં પેઠા.

હોા(હા')પીની પાસે કિષ્કિંધા આવેલું હોવું જોઇએ.

પુરાણો પ્રમાણે વિંધ્યાદ્રિપાસે કિષ્કિંધા દેશ છે.

ઉત્કલ (આ સમયનો ગંજમ)

પ્રાચીન સમયમાં ભીલસાની પાસેના દેશને દશાર્ણ કહેતા હતા; કારણકે તેની રાજધાની વિદિશા હતી તેજ વેત્રવતી છે (ભીલસા).

મહાભારતથી રામાયણ પ્રાચીન પુસ્તક છે. પતંજલિ પોતાના ગ્રંથોમાં વાસુદેવ અર્જુન યુધિષ્ટિર વિષે લખેલું છે; પરંતુ તેમાં રામ દશરથ સંબંધી કંઇ લખ્યું નથી.

અપરાન્તદેશને ઉત્તર કોંકણ કહે છે. તેની રાજધાની શુર્પારક (સોપારા) હતી.

પ્રતિસ્થાન (પેઠણ)

સુગંધવતી (બેલગામ જીલ્લામાં આવેલ સૌદત્તી.

ભોજ લોકો વિદર્ભ અથવા વરાડ દેશમાં તથા અન્યભાગોમાં શાસન કરતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાષ્ટ્રિક લોકો પોતાને મહારાષ્ટ્રી કહેવરાવવા લાગ્યા.

ચીનાઇ મુસાફર હુવેાનસંગે ચૌલુક્યેાના દેશને મહાલેાક કહ્યો છે. (મહારાષ્ટ્ર છે) ચંદ્રગુપ્તના તાબામાં રાષ્ટ્રિકો, ભોજો, પેટેનીકો–ચોલો–પાંડ્યો નહેાતા. શુંગવંશના પુષ્પમિત્રે તથા તેના પુત્ર અગ્નિમિત્રે ભીલસામાં રાજ્ય કર્યું હતું.

ધનકટક નગરના મહારાજા તરીકે પુલુમાયીને વર્ણવ્યેા છે. મદ્રાસજીલ્લામાં ગંતુર જીલ્લાનું ધરણીકોટ તે ધનકટક હોવું જોઇએ. ગૌતમીપુત્રે શાતકર્ણીએ શકયવન પલ્હવ લોકોનેા નાશ કર્યો હતેા.

ઇ. સ. પૂર્વે ૩૨૦ માં ચંદ્રગુપ્તે મૌર્યવંશ સ્થાપ્યેા. તે વંશે વર્ષ રાજ્ય કર્યું. પછીથી પુષ્પમિત્રે શુંગવંશ સ્થાપી તેણે ૧૧૨ વર્ષ રાજ કર્યું. પછી કણ્વવંશ આવ્યેા તેણે ૪૫ વર્ષ રાજ્ય કર્યું. પછીથી આંધ્રભૃત્યેા થયા.

કાઠિયાવાડની માફક મહારાષ્ટ્રપર ક્ષત્રપ વંશની સત્તા ત્રણસેં વર્ષ સુધી રહી.

ગૌતમી પુત્ર અને નહપાનના સમય વચ્ચેનેા અંતર આશરે ૨૦૦ બસેં વર્ષનેા છે.

પુલુમાયીએ ઇ. સ. ૧૩૦ માં રાજ્ય કરવા માંડયું.

મહારાષ્ટ્રપર નહપાને રાજ્ય કર્યું. તેની રાજધાનીનું શહેર જુન્નાર હતું.

શાતવાહન અથવા આંધ્રભૃત્યની એક શાખાએ કનારામાં રાજ્ય કર્યું

પુલુમાયીની રાજધાની પૈઠણ (પ્રતિસ્થાન)માં હતી.

ધરણીકોટની પાસે પ્રાચીન અમરાવતી આવેલું છે.

પુલુમાયી તેજ શાલિવાહન હોવેા જોઇએ.

ભરૂચ પ્રાચીન શહેર છે. ટગારા પ્રાચીન નગર હતું. તે પૈઠણથી પૂર્વમાં દશ દિવસની મુસાફરીના છેટે હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલનું સુપારા–સોપાલા તેજ સોપારકનગર હતું. જૈનોનાં અને બૌદ્ધોનાં ત્યાં ઘણાં મંદિરો હતાં.

હાલનું કલ્યાણ તે પ્રાચીન નગર છે.

મંડગોર તે હાલનું માંડાદ હોવું જોઇએ.

(હાલનું વનવાસ) વૈજયન્તી પ્રાચીન નગર હતું. જયંતિપુર પ્રાચીન હતું.

(જુનાર તે જીર્ણનગર છે) તે નહપાનની રાજધાની હતું. મામલાહાર પ્રદેશમાં વાલુરક નગર હતું. હાલનો માવળનો પ્રદેશ તે મામલાહાર પ્રદેશ છે.

દક્ષિણમાં કર્ણાટક એટલે હાલનું કરાડ પ્રાચીન નગર હતું. કોલ્હાપુર પ્રાચીન છે, બારહુટ પ્રાચીન નગર હતું.

ઇ. સ. ૨૯૨ના સમયમાં શિવદત્ત–વીરસેન વગેરે આભીરવંશના રાજાઓ સત્તાપર આવેલા હોવા જોઇએ. વાયુપુરાણ પ્રમાણે આભીર રાજાઓ ૬૭ સડસઠ વર્ષ રાજ્યસત્તા પર રહ્યા.

પુલકેશીએ વાતાપીપુરમાં કલાદગી જીલ્લામાં આવેલું બાદામીમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું.

નલ નામના વંશના રાજાઓને કીર્તિવર્માએ તાબે કર્યા, તે વખતે તે રાજાઓ દક્ષિણમાં હતા. એહિલ્લી પ્રાચીન નગર હતું. વનવાસીમાં કદંબવંશના રાજાઓ હતા. ચેદીદેશપર કલચુરીવંશના રાજાઓ રાજ્ય કરતા હતા. તેઓની રાજ્યધાની ત્રિપુર એટલે જબલપુર પાસે આવેલું (તેવુર) હતી. રેવતી (રેડી) જૂનું નગર હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડોકટર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર કૃત.

દક્ષિણના પૂર્વસમયના ઈતિહાસમાંથી પ્રકીર્ણ.

દક્ષિણાપથ.

કૃષ્ણરાજ.

શાતકર્ણી.

ક્ષહરાટ નહપાન અને તેનો જમાઇ ઉશવદત્ત.

ગૌતમીપુત્ર શાતકર્ણી.

વાસિષ્ઠીપુત્ર પુલુમાયી.

ગૌતમીપુત્ર શ્રીયજ્ઞ શાતકર્ણી

મઢરીપુત્ર શકસેન.

મહારાષ્ટ્રમાં.

સાતવાહન વંશના રાજાઓની તારીખ.

	ઇ. સ.	ઇ. સ.
પુલુમાયી.	૧૩૦	૧૫૪
યજ્ઞશ્રી.	૧૫૪	૧૭૨
મઢરીપુત્ર.	૧૭૧	૧૮૦ ગાદીએ હતો.

તૈલંગણમાં.

	ઇ. સ.	ઇ. સ
પુલુમાયી.	૧૫૪	૧૫૮
શિવશ્રી.	૧૫૮	૧૬૫
શિવસ્કંદ.	૧૬૫	૧૭૨
યજ્ઞશ્રી.	૧૭૨	૨૦૨
વિજય.	૨૦૨	૨૦૮
ચંદ્રશ્રી.	૧૯૮	૨૧૧
પુલોમાવી.	૨૧૧	૨૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દક્ષિણમાં
પ્રથમ ચાલુક્યવંશની વંશાવલી.

(૧) જયસિંહ
(૨) રણરાગ
(૩) પુલકેશી ૧ સત્યાશ્રયશ્રી પુલકેશી વલ્લભ.

૪ કીર્તિવર્મા ૧	૫ મંગલીશ
શકે ૪૮૯–૫૧૩	શકે ૫૧૩–૫૩૨
ઇ. સ. ૫૬૭–૫૯૧	ઇ. સ. ૫૯૧–૬૧૦

(૬) પુલકેશી (૨) સત્યાશ્રય પૃથ્વીવલ્લભ	વિષ્ણુવર્ધન પૂર્વ તરફનો ચાલુક્ય વંશ સ્થાપનાર	જયસિંહ

રાજ્યારંભ શકે ૫૩૨
ઇ. સ.—૬૧૦
શકે——૫૫૬
ઇ. સ.—૬૩૪ રાજ્યપર હતો
ઇ. સ. ૬૩૯ હ્વેનસંગે જોયો હતો

ચંદ્રાદિત્ય	(૭) વિક્રમાદિત્ય	આદિત્યવર્મા	જયસિંહવર્મા

શકે—૬૦૨
ઇ. સ.—૬૮૦
રાજ્ય પૂરું થયું

(૮) વિનયાદિત્ય શકે ૬૦૨–૬૧૯
ઇ. સ. ૬૮૦–૬૯૭
(૯) વિજયાદિત્ય શકે ૬૧૯–૬૫૫
ઇ. સ. ૬૯૭–૭૪૩
(૧૦) વિક્રમાદિત્ય (૨) શકે ૬૫૫–૬૬૯
ઇ. સ. ૭૨૩–૭૪૭
(૧૧) કીર્તિવર્મા (૨) શકે ૬૬૯
ઇ. ૭૪૭

શકે ૬૭૫ ઇ. સ. ૭૫૩ માં પૂર્વે દંતિદુર્ગે તેની સર્વોપરી સત્તાનો નાશ કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દક્ષિણમાં

રાષ્ટ્રકૂટના રાજાઓની વંશાવલી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાછળના સમયના ચાલુક્ય વંશના રાજાઓ.



પાછળના સમયના ચાલુક્ય વંશી રાજાઓની વંશાવલિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૬) સોમેશ્વર. (૨)
ભુવનૈકમલ્લ
શકે ૯૯૧–૯૯૮
ઇ. સ. ૧૦૬૯–૧૦૭૬

(૭) વિક્રમાદિત્ય
ત્રિભુવનમલ્લ
(શકે. ૯૯૮ થી ૧૦૪૮
ઇ સ.૧૦૭૬–૧૧૨૬

જયસિંહ

(૮) સોમેશ્વર. (૩)
ભુલોકમલ્લ
શકે. ૧૦૪૮ થી ૧૦૬૦
ઇ. સ. ૧૧૨૬–૧૧૩૮

(૯) જગદેકમલ્લ.
શકે ૧૦૬૦ થી ૧૦૭૨
ઇ. સ. ૧૧૩૮–૧૧૫૦

૧૦ તૈલપ (૨)
નુર્મદીનેલ
ત્રૈલોક્યમલ્લ (૨)
(શકે ૧૦૭૨ થી ૧૦૮૭
ઇ. સ. ૧૧૫૦–૧૧૬૫

(૧૧) સોમેશ્વર (૪)
(શકે. ૧૧૦૪ થી ૧૧૧૧)
(ઇ. સ. ૧૧૮૨ થી ૧૧૮૯)

ચાલુક્યવંશીયોનું
કલ્યાણ નગરમાં રાજ્ય હતું.

કલચુરી વંશના રાજાઓએ દક્ષિણમાં રાજ્ય કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દક્ષિણમાં પ્રથમ યાદવોની અથવા સેઉણદેશના યાદવોની વંશાવલિ.

દ્રઢ પ્રહાર
|
સેઉણચંદ્ર. ૧
|
ધાદીયપ્પા. ૧
|
ભિલ્લમ.
|
રાજગી અથવા શ્રીરાજ.
|
વાડુગી અથવા વાડીગ.
|
ધાદીયપ્પા. ૨
|
ભિલ્લમ. ૨
|
વેસુગી. ૧
|
અર્જુન
|
ભિલ્લમ ૩
|
વાડુગી. ૨
|
વેસુગી. ૨
|
ભિલ્લમ. ૪
|
સેઉણચંદ ૨ શાકે ૯૯૧ ઇ. સ. ૧૦૬૯
|
પરમ
|
સિંહ
|
મલ્લુગી.
|
અમરગાંગેય. | ભિલ્લમ–૫ અમરમલ્લગી.
| |
ગોવિંદરાજ. | અલ્લાળ
| |
| શાકે ૧૧૧૩
| ઇ. સ. ૧૧૯૧ માં
| મરણ પામ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(દક્ષિણમાં) દેવગિરિના યાદવો.

૧ ભિલ્લમ. શાકે. ૧૧૦૯ માં દેવગિરિનગર સ્થાપ્યું અને રાજધાની કરી.

૨ જૈત્રપાલ. શાકે ૧૧૧૩ માં ગાદીએ બેઠો.

૩ સિંઘણ. શાકે. ૧૧૩૨ માં ગાદીએ આવ્યો. ગુજરાત પર ચઢાઇ કરી.

૪ કૃષ્ણ. (પ્રાકૃત નામ) કન્હાર. સિંઘણનો પુત્ર જૈત્રપાલ તેનાં પહેલાં ગુજરી ગયો હતો તેથી તેનો પાત્ર ગાદીએ બેઠો. શાકે. ૧૧૬૯ માં ગાદીએ બેઠો. ઇ. સ. ૧૨૪૭ રાજ્યપ્રારંભ.

૫ મહાદેવ. શાકે ૧૧૮૨ માં ગાદીએ આવ્યો. ઇ. સ. ૧૨૬૦ માં ગાદીએ આવ્યો.

૬ રામચંદ્ર અથવા રામદેવ. શાકે ૧૧૯૩ માં ગાદીએ આવ્યો. ઇ. સ. ૧૨૭૧ તેના વખતમાં જ્ઞાનેશ્વર હિંદુ સાધુ થયા. વિ. સં. ૧૩૨૭

૭ શંકર. શાકે ૧૨૩૧–૩૪ ઇ. સ. ૧૩૦૯–૧૩૧૨

૮ હરપાળ. ઇ. સ. ૧૩૧૮ માં મરાયો.

ઇ. સ. ૧૨૯૪ માં અલ્લાઉદ્દીને દક્ષિણમાં પ્રવેશ કર્યો. તેણે હિંદુ રાજા પાસેથી ખંડણી લીધી.

ઇ. સ. ૧૩૦૯ માં મલિકકાફુરને તૈલંગણ તાબે કરવા મોકલ્યો. તેણે દેવગિરિ રાજ્ય જીતી લીધું.

દક્ષિણમાં કોલ્હાપુરના શિલાહાર રાજાઓની વંશાવલિ.

જતીંગ. ૧

નાથીમ્મ.

ચંદ્રરાજ.

જતીંગ. ૨

ગોમ્મ. ગુવલ. કીર્તિરાજ. ચંદ્રાદિત્ય.

મારસિંહ. શાકે ૯૮૦ ઇ. સ. ૧૦૫૮.

ગુવલ ૨. ભોજ. ૧ અલ્લાળ. ગંડરાદિત્ય. ઇ. સ. ૧૧૧૬–૧૧૧૮–૧૧૩૬

વિજ્યાર્ક. શાકે ૧૦૬૫–૧૦૭૩ ઇ. સ. ૧૧૪૩–૧૧૫૧

ભોજ. શાકે ૧૧૦૧–૧૧૦૯–૧૧૧૨ ૧૧૧૩–૧૧૧૪–૧૧૨૭

ઇ. સ. ૧૧૭૯–૧૧૮૭–૧૧૯૦–૧૧૯૧–૧૧૯૨–૧૨૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દક્ષિણદેશ ભાંડારકરકૃતમાંથી પ્રકીર્ણ.

વાયુપુરાણ.		મત્સ્યપુરાણ.		શિવપુરાણ.	
નામ.	વર્ષ કેટલાં રાજ્ય કર્યું	નામ.	વર્ષ કેટલાં રાજ્ય કર્યું	નામ.	નામ.
સિંધુક	૨૩	સીસુક	૨૩	શિપ્રક	નામ નથી વૃષલ અથવા શૂદ્રક વર્ણ-વ્યા છે.
કૃષ્ણ	૧૦	કૃષ્ણ	૧૮	કૃષ્ણ	કૃષ્ણ
		મલ્લકર્ણી	૧૦-૧૮	શ્રીશાતકર્ણી	શાંતકર્ણ
		પૂર્ણોત્સંગ	૧૮	પૂર્ણોત્સંગ	પાર્ણમાસ
		સ્કંધસ્તંભી	૧૮	.	
શાતકર્ણી	૫૬	શાતકર્ણી	૫૬	શાતકર્ણી	લંબોદર
		લંબોદર	૧૮	લંબોદર	
અપિલવ	૧૨	અપીટક	૧૨	પીલક	હીત્રીલક
		મેઘસ્વાતિ	૧૮	મેઘસ્વાતી	મેઘસ્વાતી
		સ્વાતિ	૧૮		
		સુંદરસ્વાતી	૭		
		મૃગેન્દ્રસ્વાતી	૩		
		કર્ણ	૦		
		કુંતલસ્વાતી	૮		
		સ્વાતિકર્ણ	૧		
પતિમાવી	૨૪	પુલોમાવી	૩૬	પનુમત	અતમાન
નેમિકૃષ્ણ	૨૫	ગૌરિકૃષ્ણ અથવા નૌરિકૃષ્ણ	૨૫	અરિષ્ટકર્મન્	અનિષ્ટકર્મન્
હાલ	૧	હાલ	૫	હાલ	
સપ્તક અથવા મંડલક	૫	મંડુલક	૫	પટ્ટલક	તલક
પુરીકશણ	૨૧	પુરીન્દ્રસેન	૦	વિષ્ણુપુરાણ-માં પ્રવલ્લિસેન	ભાગવતમાં પુરીશભીરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાતકર્ણી	૧	સુંદરસ્વાતીકર્ણ	૧	સુંદર	સુનંદન
ચકોરશાતકર્ણી	૦॥	ચકોરસ્વાતીકર્ણ	૦॥	ચકોર	ચકોર
શિવસ્વાતી	૨૮	શિવસ્વાતી	૨૮	શિવસ્વાતી	શિવસ્વાતી

વાયુપુરાણ.		મત્સ્યપુરાણ.		વિષ્ણુપુરાણ.	ભાગવત-પુરાણ.
નામ	કુલ વર્ષ	નામ	વર્ષ.	નામ	નામ
ગાતમીપુત્ર	૨૧	ગૌતમીપુત્ર પુલોમત શિવશ્રી શિવસ્કંધ	૨૧ ૨૮ ૭ ૭	ગૌતમીપુત્ર પુલીમત્ શિવશ્રી શિવસ્કંદ	ગૌતમીપુત્ર પુરીમાન્ મેદશિરસ્ શિવસ્કંદ
યજ્ઞશ્રી શાત-કર્ણી	૨૯	યજ્ઞશ્રી શાતકર્ણી	૨૯ ૯ ૨૦	યજ્ઞશ્રી	યજ્ઞશ્રી
વિજય	૬	વિજય	૬	વિજય	વિજય
ચંડશ્રીશાતકર્ણી	૩	ચંડશ્રી શાતકર્ણી	૧૦	ચંડશ્રી	ચંદ્રવિશ
પુલોમાવી	૭	પુલોમવિન્	૭	પુલોમાર્ચિસ્	પુલોમષિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાંડારકર કૃત દક્ષિણના પૂર્વ સમયના ઇતિહાસમાંથી પ્રકીર્ણ.

કાત્યાયન—મૌર્યના પૂર્વે નંદો થયા તત્સમયકાલીન કાત્યાયન હતો.

કાત્યાયન અને પતંજલિ બન્ને વચ્ચેનું અંતર આશરે બસો વર્ષનું હોવું જોઇએ. કાનડી. તૈલંગી-તામીલ ભાષાઓ છે તે સંસ્કૃત ભાષામાંથી થઈ નથી.

(પાણિનિ સમય—) ઇ. સ. પૂર્વના સાતમા શતકના આરંભમાં પાણિનિ થયો હોવો જોઇએ.

પુરાણોમાં સર્વથી પ્રાચીન વાયુ પુરાણ છે. પછી મત્સ્ય પુરાણ વિષ્ણુ પુરાણ તેના પછીના સર્વથી છેલ્લા સમયનું ભાગવત પુરાણ છે.

હાલના મૈસુરની આજુબાજુના દેશને ચેરાદેશ કહેવામાં આવતો હતો. તેના પર ગાંગવંશનો રાજા રાજ્ય કરતો હતો. મલબાર દેશમાં અલુપજાતિનો રાજા રાજ્ય કરતો હતો.

પશ્ચિમ સમુદ્રપર પુરીનગરી હતી.

ઉત્તર કૃષ્ણા અને ગોદાવરી નદીની વચ્ચેનો પ્રદેશ વેંગી પ્રદેશ કહેવાતો હતો.

ધંજતપુરીથી બારગાઉપર બાલેગ્રામ જુનું હતું તે હાલનું બેલગામ તહોળા છે. કાંચી અથવા કાંજી વરમમાં પલ્લવરાજા રાજ્ય કરતા હતા.

પલ્લવ, કાલંબ, કેરલ હૈહય; વીલ, માલવ, ચોલ-પાંડય જાતિના રાજાઓ ચૌલુક્યરાજાઓના વખતમાં હતા.

તુડાકદેશ દક્ષિણમાં ચૌલુક્યોના શત્રુ પલ્લવરાજાઓની રાજધાની પાસે હતો—સામનગઢ જૂનું નગર હતું. (કોલ્હાપુર પાસે હતું)

ચૌલુક્યરાજાઓના વખતમાં જૈનધર્મની સારી જાહોજલાલી હતી. જૈનાચાર્યોના ચૌલુક્યરાજાઓ ભક્ત હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાષ્ટ્રકૂટ વંશની રાજધાની મયુરખંડી થયું હતું. અમોઘ વર્ષ રાજાના સમયમાં માન્યખેટ ઘણી સારી સ્થિતિમાં હતું. નિઝામના રાજ્યમાં આવેલું માલખેડ ગામ તેજ માન્યખેટ છે.

અમોઘ વર્ષ રાજા જિનસેન આચાર્યનો ભક્ત શ્રાવક હતો.

અકાલવર્ષના રાજ્યકાલમાં પૃથ્વીરામ રાજાએ શકે ૭૯૭ માં સૌનદત્તીમાં જૈન મંદિર બંધાવ્યું હતું.

ખારે પાટણ જૂનું પાટણ હતું. ખર્ડા જૂનું ગામ હતું.

ચાલુક્ય રાજાઓના સમયમાં જૈનધર્મે જાહોજલાલી ભોગવી હતી તેવી રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના સમયમાં ભોગવી. અમોઘ વર્ષ જૈનધર્મને માનતો હતો.

દક્ષિણમાં વિજયનગર પ્રાચીન છે.

રાષ્ટ્રકૂટ વંશના રાજા ગોવિંદે એક દિગંબર ભટ્ટારકને એક મંદિર માટે ગામ ભેટ આપ્યું.

આદ્યશંકરાચાર્ય શકે ૭૧૦ અને ૭૪૨ વચ્ચે થઇ ગયા.

દ્રવિડને દ્રમિલ દેશ કહેવામાં આવતો હતો.

ચેદીને દાહલ દેશ કહે છે.

આહવમલ્લ ઉર્ફે સોમેશ્વરે કલ્યાણ નગર સ્થાપ્યું.

ગૌડદેશને બંગાળા કહે છે–કામરૂપ એટલે આસામ ગાંગ કુંડ નામનું જૂનું નગર હતું, તેમ ચક્રકોટ પ્રાચીન હતું.

કર્હાટકમાં શિલાહાર વંશના રાજાઓએ રાજ્ય કર્યું હતું

મૈસુરમાં આવેલા હાલે બાડમાં યાદવવંશની હયશલ નામની શાખાએ રાજ્ય કર્યું હતું.

ગડક જૂનું ગામ છે. (દક્ષિણના વિક્રમાદિત્યરાજાએ દક્ષિણમાં વિક્રમપુર વસાવ્યું. શકે ૧૦૪૮ આશરે) ત્રૈલોક્યમલ્લ શકે ૧૦૭૨ માં ગાદીએ આવ્યો. તેના વખતમાં વિજ્જલ કલચુરી જાતિનો સેના પતિ હતો તેણે પોતાના સ્વામી તૈલપનો નાશ કર્યો અને પોતે વિજ્જલ રાજા થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજ્જલ રાજાના સમયમાં કેકટેય વંશનો બ્રોલ રાજા હતો તેણે તૈલપ સાથે યુદ્ધ કર્યું હતું. તૈલપે અન્નીગિરિમાં રાજધાની કરી હતી.

વિજ્જલરાજાએ શાકે ૧૦૭૯ થી ૧૦૮૪ સુધી સર્વોપરી રાજ્ય કર્યું અને સર્વોપરિરાજાનું પદ ધારણ કર્યું હતું. અન્નીગિરિમાંથી નાસીને તૈલપે વનવાસીમાં રાજધાની કરી. વિજ્જલના ભયથી તે નાઠો. વિજ્જલ લિંગાયત પંથી હતો તેનો ઘાત થયો અને સોમેશ્વરે શાકે ૧૧૦૪ માં પરંપરાગત રાજ્યનો મોટો ભાગ જીતી લીધો શાકે ૧૧૦૬ માં કલ્યુરીનો નાશ થયો અને ચૌલુકયો ગાદી પર આવ્યા.

હૈહયવંશના રાજાઓને કલ્યુરી કહેવામાં આવતા હતા. કલ્યાણમાં કલચુરીઓની એક શાખાએ રાજ્ય કર્યું હતું. કલંજર એ પ્રાચીન નગર હતું. તેમાં રહેનારા હૈહયવંશી રાજાઓનો કલચુરી વંશ થયો.

બસાવા વગેરે લિંગાયતોએ જૈનોની સામે ઘણી દુશ્મનાવટ કરીને જૈનોની પડતી કરવા પ્રયત્ન કર્યો.

વિજ્જલનું મરણ શાકે ૧૦૯૦ માં થયું તેના પુત્ર સોવીદેવે શાકે ૧૧૦૦ સુધી રાજ્ય કર્યું. પછી તેનો ભાઇ સંકમ ગાદી પર આવ્યો.

કોલ્હાપુરમાં શિલિહાર રાજાએ શાકે ૧૦૩૨ માં એક તળાવ બંધાવ્યું.

દેવગિરિના સેઉણ ચંદ્ર રાજાએ જૈન મંદિરને શાકે ૧૦૬૩ માં દાન કર્યું હતું.

દક્ષિણ મહારાષ્ટ્રને કુંતલ દેશ કહેવામાં આવતો હતો.

પનહાલામાં સિલિહાર વંશના ભોજનું રાજ્ય શાકે ૧૧૩૫ લગભગમાં હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષત્રપ રાજાઓનો અમલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩ વીરદામા

૧૭ રૂદ્રસેન ૨ જો
રાજા મહાક્ષત્રપ
(ઇ. સ. ૨૫૬–૨૭૨)

૧૮ રૂદ્રસિંહ
રાજા ક્ષત્રપ
(ઇ. સ. ૨૭૨–૨૭૮)

૧૯ ભર્તૃદામા
રાજા ક્ષત્રપ અને મહાક્ષત્રપ
(ઇ. સ. ૨૭૮–૨૯૪)

૨૦ વિશ્વસિંહ
રાજા ક્ષત્રપ
(ઇ. સ. ૨૯૪–૩૦૦)

૨૧ રૂદ્રસિંહ બીજો (જીવદામાનો પુત્ર)
રાજા ક્ષત્રપ
(ઇ. સ. ૩૦૮–૩૦૯–૩૧૮)

૨૨ યશદામા ૨ જો
રાજા ક્ષત્રપ
(ઇ. સ. ૩૧૮)

૨૩ દામસિરિ
રાજા મહાક્ષત્રપ
(ઇ. સ. ૩૨૦)

૨૪ સ્વામી રૂદ્રસેન ૩ જો રાજા મહાક્ષત્રપ
સ્વામી રૂદ્રદામાનો પુત્ર રાજા મહાક્ષત્રપ
(ઇ. સ. ૩૪૮–૩૬૬–૩૭૬)

૨૫ સ્વામી રૂદ્રસેન ચોથો રાજા મહાક્ષત્રપ
સ્વામી સત્યસેનનો પુત્ર
(ઇ. સ. ૩૭૮–૩૮૮)

૨૬ સ્વામી સિંહસેન રાજા મહાક્ષત્રપ
સ્વામી રૂદ્રસેન (૨૫) ની બેનનો પુત્ર
રાજા મહાક્ષત્રપ
સ્કન્ધ
ઇશ્વરદત્ત (ઇ. સ. ૨૩૦–૨૫૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુપ્ત.

ગુપ્ત સં. ૧-૧૨—(?) ઇ. સ. ૩૧૯-૩૩૨ (?)

વાવ્ય પ્રાંતમાં નાનો રાજા.

|

ઘટોત્કચ્છ.

|

ગુપ્ત સ. ૧૨-૨૯ (?) ઇ. સ. ૩૩૨-૩૪૯ (?)

વાવ્ય પ્રાંતમાં નાનો રાજા

|

ચંદ્રગુપ્ત ૧ પહેલો.

ગુપ્ત સં ૨૯-૪૯-(?) ઇ. સ. ૩૪૯-૩૬૯ (?)

વાવ્ય પ્રાંતમાં મહારાજા.

|

સમુદ્રગુપ્ત.

ગુપ્ત સં ૫૦-૭૫ (?) (—) ઇ. સ. ૩૭૦-૩૯૫(?)

વાવ્ય પ્રાંતમાં મહારાજાધીરાજ

|

ચંદ્રગુપ્ત બીજો. ૨

ગુપ્ત સં. ૭૦-૯૬ ઇ. સ. ૩૯૬-૪૧૫

મહારાજાધિરાજ ગુપ્ત સં ૮૦-(ઇ. સ. ૪૦૦) માં માળવા જીત્યો-

અને ગુપ્ત સં. ૯૦-(ઇ. સ. (૪૧૦) માં ગુજરાત દેશ જીત્યો.

|

કુમારગુપ્ત.

ગુપ્ત સં. ૯૭-૧૩૩ ઇ. સ. ૪૧૬-૪૫૩

ગુજરાત અને કાઠિયાવાડ પર રાજ્ય કર્યું.

|

|

સ્કંદગુપ્ત.

ગુપ્ત સં. ૧૩૩-૧૪૯ ઇ. સ. ૪૫૪-૪૭૦

ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છ પર રાજ્ય કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૌર્યવંશ–વિહારદેશ.

પાટલીપુત્ર (પટણા)

મૌર્યવંશ સ્થાપક

૧ (ચંદ્રગુપ્ત)

ઇ. પૂર્વે. ૩૧૯ (સાલમાં ગુજરાતપર અમલ હોય એમ લાગે છે.)

|

૨ બિંદુસાર.

|

૩ અશોક. (ઇ. પૂ. ૨૫૦

અશોક તરફથી ગુજરાત સૌરાષ્ટ્રપર તુંશસ્પ અમલદાર હતો.

|

કુણાલ

|

સંપ્રતિ ૨૫૦–૨૮૦

ઇ. પૂર્વે ૧૯૭ માં) સંપ્રતિનું રાજ્ય પૂર્ણ થયું.

મગ–કનોજ–સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, પંજાબ, સિંધ પર રાજ્ય કર્યું

ઇ. પૂર્વે ૩૨૦ સિકંદરે હિંદપર સ્વારી કરી.

ગુજરાત કચ્છ સૌરાષ્ટ્ર પર બાકટ્રિયન ગ્રીકોની સ્વારીઓ થઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વલ્લભીવંશ વૃક્ષ.

(ઇ. સ. ૫૦૯–૭૬૬)

ભટ્ટાર્ક.
ઇ. સ. ૫૦૯–(ગુ. ૧૯૦ ?)

ધરસેન ૧ લો | દ્રોણસિંહ | ધ્રુવસેન ૧લો ઇ. સ. ૫૨૬ ગુ. ૨૦૭ | ધરપટ્ટ | ગુહસેન ઇ. સ. ૫૫૯, ૫૬૫, ૫૬૭ ગુ. ૨૪૦–૨૪૬–૨૪૮ | ધરસેન બીજો ઇ. સ. ૫૭૧–૫૮૮–૫૯૯ ગુ. ૨૫૨–૨૬૯–૨૭૦

શિલાદિત્ય ૧ લો (ધર્માદિત્ય) ઇ.સ. ૬૦૫–૬૦૯ (ગુ.૨૮૬-૨૯૦) | ધરાદિત્ય ૧ પહેલો

ધરસેન ૩ ત્રીજો | ધ્રુવસેન ૨ જો (બાલાદિત્ય) ઇ.સ. ૬૨૯ (ગુ.૩૧૦)

દેરભટ

શિલાદિત્ય ૨ જો | ધરાદિત્ય બીજો | ધ્રુવસેન ત્રીજો

ધર્માદિત્ય બીજો ઇ. સ.૬૫૬-૬૫૧ ગુ. ૩૩૭-૩૩૨ | ધરસેન ૪ થો ઇ.સ.૬૪૫-૬૪૯ ગુ.સં. ૩૨૬-૩૩૦

શિલાદિત્ય ૩ જો ઇ. સ. ૬૭૧ ગુ. સં. ૩૫૨

શિલાદિત્ય ૪ થો ઇ. ૬૯૧-૬૯૮ ગુ. સં. ૩૭૨-૩૭૯

શિલાદિત્ય પાંચમો ઈ. સ. ૭૨૨ (ગુ. સં. ૪૦૩)

શિલાદિત્ય છઠ્ઠો ઇ. સ. ૭૬૦ (ગુ. સં. ૪૪૧)

શિલાદિત્ય સાતમા ઇ. સ. ૭૬૬ (ગુ. સ. ૪૪૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલુક્ય રાજાઓનો અમલ.

ઈ. સ. ૬૩૪–૭૪૦

ચાલુક્ય વંશવૃક્ષ.

પુલકેશિવલ્લભસત્યાશ્રય.

હર્ષવર્ધનને જીતનાર (ઈ. સ. ૬૧૯–૬૪૦)

દક્ષિણમાં રાજ્ય કરતી શાખા
વિક્રમાદિત્યસત્યાશ્રય
(ઈ. સ. ૬૬૯–૬૮૦)

વિનયાદિત્ય

ગુજરાતમાં રાજ્ય કરતી શાખા
જયસિંહવર્માશ્રયાશ્રય
(ઈ. સ. ૬૬૯–૬૯૧)

(નવસારી)
શિલાદિત્યાશ્રય
યુવરાજ
(ઈ. સ. ૬૬૯–૬૯૧)

(નવસારી)
મંગલરાજ
(ઈ. સ. ૭૩૧)

(ખેડા)
બુદ્ધવર્મા

(નાસિક)
નાગવર્ધન
(ઈ.સ.૭૧૩)

(નવસારી)
પુલકેશિ
જનાશ્રય
(ઈ. સ. ૭૩૮–૩૯

વિજયરાજ
ગુ. ૩૯૪

બુદ્ધવર્માના પુત્ર વિજયરાજનું ખેડામાંથી મળી આવ્યું છે તે વિજયપુર (વિજાપુર) થી આપેલું છે, તેમાં જંબુસરના બ્રાહ્મણોને દાન આપ્યાની બાબત છે. ઈ. સ. ૭૩૧

તામ્રલેખો ઉપરથી ગુર્જર રાજાઓનું રાજ્યવંશવૃક્ષ.

૧ દદ્ર પહેલો ઈ. સ. ૫૮૦
જયભટ્ટ પહેલો ઈ. સ. ૬૦૫
દદ્ર બીજો ઈ. સ. ૬૩૩
જયભટ્ટ બીજો ઈ. સ. ૬૫૫
દદ્ર ત્રીજો ઈ. સ. ૬૮૦
જયભટ્ટ ત્રીજો ઈ. સ. ૭૦૬–૭૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાષ્ટ્રકૂટ રાજાઓ.

(ઈ. સ. ૭૪૩–૯૭૪)

(દક્ષિણમાં માન્યખેટ માલખેડ)

માનાક
દેવરાજ
ભવિષ્ય
અભિમન્યુ

૧ દંતિવર્મા (આશરે ઈ. સ. ૩૬૦
૨ ઇન્દ્ર ૧ લો–આશરે ઇ. ૬૫૫
૩ગોવિંદ ૧ લો–આશરે ઇ. સ. ૬૮૦
કક્કલ અથવા કર્ક પહેલો–આશરે ઇ. સ. ૭૦૫

૫ ઇન્દ્ર બીજો
આશરે ઇ. સ. ૭૩૦

ધ્રુવ
ગોવિંદ

કૃષ્ણ
આ. ઇ. સ. ૭૬૫

૬ દંતિદુર્ગ–(દંતિવર્મા)
શક ૬૭૫ ઇ. સ. ૭૫૩

કક્ક બીજો
શક ૬૬૯ સ. ૭૪૭

૮ ગોવિંદ બીજો આશરે ઇ. સ. ૭૮૦

૯ ધારાવર્ષ (ધ્રુવ)
આશરે ઇ. સ. ૭૯૫ નિરૂપમ ઘોર.

૧૦ ગોવિંદ ત્રીજો પ્રભૂતવર્ષ
વલ્લભનરેન્દ્ર, જગતુંગ, પૃથ્વીવલ્લભ.
શક ૭૨૫-૭૨૮–૭૨૯
(ઇ. સ. ૮૦૩–૮૦૬–૮૦૭)

૧૧ અમોઘવર્ષ.
સર્વદુર્લભ, શ્રી વલ્લભ, લક્ષ્મીવલ્લભ
વલ્લભરકંધ (શક ૭૭૩–૭૯૯)
ઇ. સ. ૮૫૧–૮૭૭

અકાળવર્ષ
કૃષ્ણ બીજો કનર
આશરે ઇ. ૮૮૦–૯૧૧

જગત્તુંગ
(ગાદીએ બેઠો નથી.)

૧ ઇન્દ્ર
(ગુજરાતની શાખા સ્થાપનાર)

કર્ક
ઇ. સ. ૮૧૨–૧૬–૨૧

ગોવિંદ
ઇ. ૮૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૈત્રક-મિહિર-મ્હેર.

પોરબંદરના મેર જાતના રાણા છે.

ઇ. સ. ૫૦૯—૫૨૦ મેર લોકોએ કાઠિયાવાડ પર રાજ્ય થયેલું હોવું જોઈએ.

કાઠિયાવાડના ઉત્તર પ્રદેશ ભૂમલીમાં જૈકદેવ નામનો મોટો સ્વતંત્ર પ્રખ્યાત મિહિર રાજા જૈકદેવ થયો. ઇ. સ. ૭૩૮માં હયાત હતો.

ઇ. સ. ૮૬૭ નું રાષ્ટ્ર કૂટ ધ્રુવનું તામ્રપત્ર નીકળ્યું છે તેની પર એક બળવાન્ મિહિર રાજાએ ચઢાઈ કરી હતી. મિહિરોએ ધૂમલી વસાવ્યું ભૂમલીના જેઠવાઓની ઘણી દંત કથાઓ છે.

જાચિકના તામ્ર લેખમાં મકરનું ચિહ્ન છે. જાચિકનો તામ્રલેખ વિ. સં. ૫૮૫ ની સાલનો છે.

ધોળકેથી ખંભુકા જવાના રસ્તાપર હડદાલા ગામ છે ત્યાંથી નીકળેલા તામ્રપટમાં ઇ. સ. ૯૧૭માં વઢવાણમાં ધરણી વરાહ નામનો ચાપવંશનો રાજા રાજ્ય કરતો હતો. તે મહીપાલનો ખંડીઓ રાજા હતો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only